Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૧ ● જાન્યુઆરી, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2001
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## આપણાં શસ્ત્રાગારોમાં આગ

તાજેતરમાં જબલપુર પાસે ખેમારિયા ખાતે શસ્ત્રોનું ઉત્પાદન કરતાં લશ્કરી કારખાનામાં ભયંકર વિસ્ફોટ થયો છે. ભારતનાં શસ્ત્રાગારોમાં અને શસ્ત્રોનું ઉત્પાદન કરનારાં કારખાનાંઓમાં છેલ્લા કેટલાક સમયથી થોડા થોડા વખતના અંતરે ભિન્ન ભિન્ન સ્થળે ભયંકર વિસ્ફોટ થતા રહ્યા છે. આવી આગોમાં કરોડો રૂપિયાનો શસ્ત્રસરંજામ બળીને ભસ્મ થયો છે અને કેટલાક સૈનિકોનાં તથા નાગરિકોનાં મૃત્યુ થયાં છે. દરેક વખતે ઉચ્ચસ્તરીય તપાસના આદેશ અપાયા છે.

લશ્કરી તપાસ (કોર્ટ ઓફ ઇન્કવાયરી)ની પદ્ધતિ જુદી હોય છે. તપાસના અહેવાલમાં શું શું જણાવવામાં આવ્યું હોય છે તેની કેટલીય વિગતો જાહેરમાં મૂકી નથી શકાતી. લશ્કરી વ્યૂહાત્મક દૃષ્ટિએ એમ કરવું જરૂરી છે. શોર્ટ સરકિટને કારણે આગ લાગી અથવા અતિશય ગરમીને કારણે સ્ફોટક પદાર્થો સળગી ઊઠ્યા ઇત્યાદિ કારણો અપાય છે, પણ એ જ સાચાં છે એમ તરત માની ન શકાય.

ભારતીય શસ્ત્રાગારોમાં ઉપરાઉપરી આગ લાગતી રહી છે એ ઘટનાને સામાન્ય ગણવી ન જોઇએ. સરકારે આ બાબતમાં ગંભીરપણે સચિંત થવાની જરૂર છે. આવી ઘટનાને બે સરખામણીથી વિચારવી જોઇએ. એક તે છેલ્લાં દસ પંદર વર્ષમાં દુનિયાના કેટલા દેશોમાં એનાં લશ્કરી શસ્ત્રાગારોમાં આગ લાગી છે ? બીજું તે આઝાદી પહેલાનાં બ્રિટીશ રાજ્યમાં પચાસ વર્ષમાં ભારતીય લશ્કરી શસ્ત્રગારોમાં કુલ કેટલી આગ લાગી હતી ? બંનેનો જવાબ જો નકારાત્મક હોય અથવા નહિવત્ હોય તો છેલ્લાં એક વર્ષમાં લાગેલી આટલી બધી આગો આકસ્મિક નથી પણ ભાંગફોડનું પરિણામ જ છે એવું અનુમાન સ્પષ્ટ અને વ્યાજબી ગણાય.

જો આ ભાંગફોડનું કૃત્ય હોય તો લશ્કરના બીજા વિભાગોમાં આગ ન લાગતાં શસ્ત્રાગારોમાં જ કેમ લાગે છે ? એનો અર્થ એ થયો કે આ ભાંગફોડ માત્ર આર્થિક નુકસાન પહોંચાડવા માટે કે ગભરાટ ફેલાવવા માટે નહિ, પણ દેશને લશ્કરી દૃષ્ટિએ નિર્બળ બનાવવા માટે જ છે. યુદ્ધને વખતે જો મોરચે લડતા સૈન્યને પૂરતા પ્રમાણમાં દારૂગોળો ન મળે તો વિજય પરાજયમાં ફેરવાઈ જાય. હાલ તો થોડા થોડા દિવસોના અંતરે ભયંકર આગ લાગે છે, પરંતુ આગ લગાડનારા યુદ્ધ દરમિયાન બરાબર કટોકટીના વખતે જ એક સાથે દસપંદર શસ્ત્રાગારમાં આગ નહિ લગાડે એની ખાતરી શી ? પોખરાન, ઉધમપુર, મહુ વગેરે મોટાં લશ્કરી કેન્દ્રોમાં આગ લાગી ત્યારે તપાસનો આદેશ અપાયો હતો. તો તેનાં અહેવાલના આધારે તે પછી સાવચેતીનાં પગલાં જો બરાબર લેવાયાં હોય તો વધુ આગ કેમ લાગે ? આ પ્રશ્ન ઘણો જ ગંભીર છે.

વસ્તુત: લશ્કરી શસ્ત્રાગારમાં આગ લાગે એ જ નવાઈ કહેવાય. મેં ચાલીસ વર્ષ પહેલાં લશ્કરી કેન્દ્રોમાં રહીને લશ્કરી તાલીમ લીધેલી છે અને જાતે જોયું છે કે આગની બાબતમાં લશ્કરમાં અતિશય કડક નિયમો હોય છે અને એવી પૂરેપૂરી તકેદારી સાથે સાવચેતીનાં પગલાં એટલાં બધાં લેવાય છે કે આકસ્મિક આગ ક્યારેય પણ લાગી શકે નહિ. તેને બદલે વખતોવખત આગ લાગે છે એનો અર્થ એ થયો કે લશ્કરમાં જ ક્યાંક વિદ્રોહી તત્ત્વ છે. લશ્કરમાં બહારના માણસો ઘૂસી જઇને આગ લગાડે એ વાત હાસ્યાસ્પદ ગણાય, કારણ કે લશ્કરના પ્રતિબંધિત વિસ્તારોમાં ઓળખપત્ર વગર કોઈ દાખલ થઈ શકે નહિ. સ્થળે સ્થળે ઓળખપત્રની ચકાસણી થાય છે. બહારના માણસો ઘૂસી જાય એવું એકાદ વખત કદાચ બને, પણ વખતોવખત ન બને.

આનો અર્થ એ થાય છે કે આગ લગાડનાર અંદરની જ કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓ હોવી જોઇએ. જો એક જ દેશદ્રોહી વ્યક્તિ લશ્કરમાં જોડાઇને આગ લગાડતી હોય તો તેને પકડવાનું અઘરું નથી. લશ્કરમાં સૈનિકોની, ઓફિસરોની થોડા થોડા વખતે ફેરબદલી-ટ્રાન્સફર, પોસ્ટિંગ ઇત્યાદિ કરવાનું કાર્ય સતત ચાલતું જ રહે છે. દરેક આગ વખતે, તથા આગળ પાછળના દિવસોમાં કોણ કોણ ક્યાં ક્યાં ડ્યૂટી ઉપર હતું એની યાદી ચકાસવામાં આવે તો એવી વ્યક્તિનું નામ પકડાઈ જવું જોઇએ, પરંતુ જે રીતે આટલા લાંબા વખતથી આગની ઘટનાઓ બનતી રહે છે એ ઉપરથી અનુમાન થાય છે કે ભાંગફોડનું આ કાવતરું એકલદોકલ વ્યક્તિનું નથી, પણ આની પાછળ મોટું ષડયંત્ર કામ કરી રહ્યું હોવું જોઇએ. એમ પણ બને કે આમાં માત્ર સામાન્ય સૈનિકો કે ઓફિસરો જ સંડોવાયેલા ન હોય પણ કર્નલ, બ્રિગેડિયર કે મેજર જનરલ જેવા, ઘણી ઊંચી રેન્ક ધરાવતા ઓફિસરો પણ સંડોવાયા હોય. આથી સરકાર અને આપણું સંરક્ષણ ખાતું આ વાતને જો સામાન્ય ગણી કાઢશે તો તે એક ભયંકર ભૂલ પુરવાર થશે.

આપણા શસ્ત્રાગારોમાં ઉપરાઉપરી આગ લાગે છે એનો અર્થ એ થયો કે આપણું લશ્કરી ગુપ્તચર તંત્ર જોઇએ તેટલું કાર્યક્ષમ નથી. કારગિલ યુદ્ધ વખતે આ ફરિયાદ ઊઠી હતી.

ઉચ્ચ રેન્કના ઓફિસરો જો સંડોવાયા હોય તો સંરક્ષણ ખાતાએ જાસૂસી જાળ વધુ ફેલાવવાની જરૂર છે. આતંકવાદી અલ કાયદા, લશ્કરે તોઇબા, જૈશે મહમ્મદ જેવાં સંગઠનો ભારતમાં વસતા પોતાના માણસોને ધર્મને નામે કે ધનની લાલચે ભારતીય સેનામાં ભરતી કરાવીને આવાં કાર્યો કરાવવાને શક્તિમાન છે. ભારતમાં લોકશાહી હોવાથી સર્વ ધર્મના, સર્વ કોમના માણસો લશ્કરમાં જોડાઇ શકે છે. લોકશાહીમાં એવાં દેશદ્રોહી તત્ત્વોને ગુપ્તચર સંસ્થા જ સારી રીતે પકડી શકે. એટલે વર્તમાન સમયમાં આપણી લશ્કરી અને નાગરિક એમ બંને ગુપ્તચર સંસ્થાને વધુ સવિસ્તર, સક્રિય અને સક્ષમ બનાવવાની આવશ્યકતા છે. કાબેલ માણસોની એમાં ભરતીનું પ્રમાણ વધારવું જોઇએ. ભાંગફોડના નુકસાનના આંકડા કરતાં ભરતીનું આવું ખર્ચ સરવાળે વધુ વ્યાજબી લેખાશે.

વળી સંરક્ષણ ખાતાએ એ પણ તકેદારી રાખવાની જરૂર છે કે ખુદ આપણા ગુપ્તચર તંત્રમાં તો દેશદ્રોહી તત્ત્વ ઘૂસી નથી ગયું ને ? કેટલાક દેશોમાં એના ગુપ્તચર તંત્રની હિલચાલ પર ગુપ્ત રીતે નજર રાખ્યા કરે એવું બીજું ગુપ્તચર તંત્ર હોય છે. સોવિયેટ યુનિયનમાં, રશિયામાં કોઈ પણ સ્થળે ફરજ ઉપર એક જ માણસ ન હોય, પણ બે, ત્રણ કે ચાર સાથે હોય કે જેઓ પોતાનું કામ કરવા ઉપરાંત એકબીજા ઉપર નજર રાખે.

આપણા શસ્ત્રાગારોમાં વારંવાર લાગતી આગની ઘટનાઓ અંગે સરકારે સવેળા જાગ્રત થવું જોઇએ અને જલદ પગલાં લેવાં જોઇએ. યોદ્ધો ગમે તેવો સશક્ત હોય પણ રણમોરચે લડવા જતી વખતે જ જો તે અપંગ થઈ જાય તો એનો પરાજય નિશ્ચિત છે.

□ રમણલાલ ચી. શાહ

# દસમો ગ્રહ પરિગ્રહ

□ રમણલાલ ચી. શાહ

'અપરિગ્રહ' શબ્દ જૈનોમાં જેટલો પ્રયોજાય છે તેટલો અન્યત્ર પ્રયોજાતો નથી. એનું મુખ્ય કારણ તે જૈન ધર્મમાં સાધુભગવંતોનાં પાંચ મહાવ્રતોમાંનું પાંચમું મહાવ્રત તે 'અપરિગ્રહ' છે તથા ગૃહસ્થો માટેનાં પાંચ અણુવ્રતમાં પાંચમું અણુવ્રત તે 'પરિગ્રહ-પરિમાણ' છે. દુનિયાના અન્ય ધર્મોમાં પણ અકિંચનત્વ, સાદાઈ વગેરે ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ખ્રિસ્તી ધર્મમાં સાદાઈના અર્થમાં 'poverty' નું વ્રત લેવાય છે. આમ છતાં જૈન ધર્મમાં મુનિ મહારાજોનાં પાદવિહાર, ગોચરી વગેરેમાં અપરિગ્રહનું વ્રત જે રીતે સવિશેષ નજરે પડે છે તેવું બીજે નથી. એમાં પણ દિગંબર મુનિઓ જે પ્રકારનું જીવન જીવે છે તેની તોલે તો અન્ય ધર્મનું કંઈ જ ન આવે. આધુનિક વિકસિત વૈજ્ઞાનિક યુગમાં પણ આદિ માનવ જેવું પ્રાકૃતિક છતાં સુસંસ્કૃત ભવ્ય આધ્યાત્મિક જીવન જીવવું એ તો એક અજાયબી જ ગણાય.

પરિગ્રહ અર્થાત્ પરિ+ગ્રહ શબ્દમાં 'પરિ' નો અર્થ થાય છે ચારે બાજુથી અથવા સારી રીતે અને ગ્રહનો અર્થ થાય છે પકડેલું. માણસે ધનધાન્ય, માલમિલકત વગેરેને સારી રીતે પકડી રાખ્યાં છે અથવા ધનધાન્ય, માલમિલકત વગેરેએ માણસને સારી રીતે પકડી રાખ્યો છે અથવા જકડી રાખ્યો છે એમ અર્થ કરી શકાય. જેનું પરિગ્રહણ થાય તે પરિગ્રહ. જે કોઈ ચીજવસ્તુ ઉપર પોતાપણાનો, માલિકીનો, સ્વકીયતાનો ભાવ થાય તે પરિગ્રહ કહેવાય.

જૈન ધર્મ કહે છે કે સુખી થવું હોય તો પરિગ્રહ ઓછો કરો, ઓછો કરતા જ રહો. જો આંતરિક સુખ અનુભવી, મુક્તિના સુખ સુધી પહોંચવું હોય તો સ્થૂલ અને સૂક્ષ્મ એમ બંન્ને પ્રકારના મમત્વનો ત્યાગ કરીને અપરિગ્રહી બનો.

આખી દુનિયા જ્યારે સુખસગવડનાં સાધનો વધારવા તરફ વધી રહી છે ત્યારે પરિગ્રહ ઓછો કરવાની કે બિલકુલ ન રાખવાની ભલામણ કરવી એ શું અસંગત નથી? રહેવાની, ખાવાપીવાની, ન્હાવાધોવાની, હરવાફરવાની, શાળાકૉલેજોની, હોસ્પિટલોની, મનોરંજનનાં સાધનો અને સ્થળોની કેટલી બધી સુવિધા ઉત્તરોત્તર વધતી જાય છે! માનવજાત આ પ્રમાણે જે કરે છે તે શું ખોટું કરે છે? આવા આવા પ્રશ્નો થવા સ્વાભાવિક છે.

આ પ્રશ્નોના ઉત્તર જુદી જુદી અપેક્ષાએ વિચારવાના રહે છે. જે લોકો પૂર્વજન્મ કે પુનર્જન્મમાં માનતા નથી અથવા આત્મા જેવા તત્ત્વમાં જ માનતા નથી અને પોતાને મળેલા જીવનને માત્ર ઐહિક દૃષ્ટિથી કષ્ટરહિત તથા સુવિધાવાળું અને ઈન્દ્રિયાર્થ સુખભોગવાળું બનાવવામાં માને છે તેવા લોકોને તો પરિગ્રહમાં સુખ છે એવી માન્યતા જ સાચી અને યોગ્ય લાગવાની.

કેવળ સામાજિક અને સાંસારિક દૃષ્ટિથી શારીરિક કષ્ટ વિનાના સગવડતાભર્યા જીવનનો વિચાર કરનારાઓનો અભિગમ પણ જુદો રહેવાનો. પરંતુ ધાર્મિક અને નૈતિક દૃષ્ટિથી વિચારનારાઓનું દૃષ્ટિબિંદુ તેનાથી થોડું અલગ રહેવાનું અને જેઓએ સંસારના સ્વરૂપનું, જડ અને ચેતનના ભેદનું, જીવની જન્મજન્માંતરની પરંપરાનું અર્થાત્ સંસાર પરિભ્રમણનું અને જીવના અંતિમ લક્ષ્ય મોક્ષપ્રાપ્તિનું શ્રદ્ધાપૂર્વક ચિંતનમનન અને અનુભાવન કર્યું છે તેઓનું પરિગ્રહ વિશેનું દૃષ્ટિબિંદુ તદ્દન અનોખું રહેવાનું. જૈન ધર્મે અપરિગ્રહ તથા પરિગ્રહ પરિમાણ ઉપર જે ભાર મૂક્યો છે તે આ અધ્યાત્મિક દૃષ્ટિએ જ છે. અલબત્ત એથી વૈયક્તિક અને સામુદાયિક સ્તરે, સામાજિક દૃષ્ટિએ પણ લાભ તો રહેલો જ છે.

સામાજિક દૃષ્ટિએ વિચારીએ તો પરિગ્રહની વૃદ્ધિથી જો સમાજમાં આર્થિક અસમાનતા Economic Disparity આવે તો પ્રજાનો એક વર્ગ અમનચમન કરતો રહે અને બીજો વર્ગ કચડાતો, શોષાતો રહે. જે વર્ગનું શોષણ થાય તે વર્ગની પ્રતિક્રિયા થયા વગર ન રહે. જ્યાં આર્થિક ભેદભાવ હોય ત્યાં સામાજિક ભેદભાવ આવ્યા વગર ન રહે. આર્થિક તનાવને કારણે વર્ગવિગ્રહ થાય. Social discrimination may lead to social conflict. વળી ધનસંપત્તિ એ એક પ્રકારની શક્તિ છે. તે બીજાને દબાવવામાં, દબડાવવામાં, શોષણ કરવામાં, પરાધીન બનાવવામાં વપરાયા વગર રહેતી નથી. આર્થિક સત્તા રાજદ્વારી સત્તાને ખેંચી લાવે છે. એક વ્યક્તિ, પ્રજાનો એક વર્ગ, એક સમાજ કે એક રાષ્ટ્ર આર્થિક રીતે અત્યંત સબળ બનતાં નિર્બળ ઉપર વર્ચસ્વ જમાવવાનો પ્રયાસ કરે છે. Economic power brings political domination. આમ વધતા જતા પરિગ્રહના અનર્થો અને અનર્થોની પરંપરાને મર્યાદા રહેતી નથી. પરિગ્રહનાં દૂષણો અને ભયસ્થાનો તરત નજરે પડે એવાં ન હોય તો પણ જેઓ દૂરગામી અને ગહનવ્યાપક ચિંતન કરે છે તેઓને તો એ તરત સમજાય એમ છે. એટલે જ જૈન ધર્મે પરિગ્રહનાં અનિષ્ટ સામાજિક પરિબળોને પારખીને અને તેથી પણ વિશેષ તો આત્મનું અહિત કરવાની તેની લાક્ષણિકતાને સમજીને પરિગ્રહ-પરિમાણના અને અપરિગ્રહના વ્રતની ભલામણ કરી છે. એની પાછળ સ્વાનુભવપૂર્વકનું ઊંડું આત્મચિંતન રહેલું છે. જો પરિગ્રહમાં જ સઘળું સુખ રહ્યું હોય તો તીર્થંકર પરમાત્માના જીવ એવા ક્ષત્રિય રાજવીઓએ, છ ખંડના ધણી એવા ચક્રવર્તીઓએ રાજપાટ છોડીને દીક્ષા ધારણ ન કરી હોત. ભૂતકાળમાં અને વર્તમાન કાળમાં કેટલાયે શ્રીમંત માણસોએ ગૃહત્યાગ કરી મુનિપણું સ્વીકાર્યું છે. ભૌતિક સમૃદ્ધિનો પણ માણસને થાક લાગે છે. અને આત્મિક સુખની વાત સમજાતાં કે તેવો અનુભવ થતાં પરિગ્રહની અનિત્યતા અને નિરર્થકતા પ્રતીત થાય છે. એટલા માટે જૈન ધર્મમાં પરિગ્રહની વિચારણા બહુ સૂક્ષ્મ અને ગહન દૃષ્ટિથી કરવામાં આવી છે. પરિગ્રહની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવી છે.

પ્રશ્ન વ્યાકરણની ટીકામાં કહ્યું છે : परिगृह्यात इति परिग्रहः। (જેનુ પરિગ્રહણ એટલે સ્વીકાર કરવામાં આવે છે તે પરિગ્રહ.)

'તત્ત્વાર્થસૂત્ર'માં કહ્યું છે : मूर्च्छा परिग्रहः। (મૂર્ચ્છા એ પરિગ્રહ છે)

'સ્વાર્થસિદ્ધિ' માં કહ્યું છે : लोभकषायोदयाद्विषयेषु संगः परिग्रहः। (લોભ કષાયના ઉદયથી વિષયોનો સંગ થાય તેને પરિગ્રહ કહેવામાં આવે છે.)

'સ્વાર્થસિદ્ધિ'માં વળી કહ્યું છે : ममेदं बुध्धिलक्षणः परिग्रहः। ('આ મારું છે' એવું જ્યાં બુદ્ધિલક્ષણ હોય ત્યાં તે પરિગ્રહ છે.)

'સમયસાર'ની 'આત્મખ્યાતિ' ટીકામાં કહ્યું છે : इच्छा परिग्रहः। (ઈચ્છા એ જ પરિગ્રહ છે.)

આ વ્યાખ્યાઓ પરથી જોઈ શકાશે કે જૈન ધર્મમાં 'પરિગ્રહ'ના સ્થૂલ સ્વરૂપની અને સૂક્ષ્મ સ્વરૂપની વિગતે વિચારણા કરવામાં આવી છે.

પરિગ્રહના પ્રકારો જુદી જુદી અપેક્ષાએ જે જુદા જુદા બતાવવામાં

આવ્યા છે એમાં સ્થૂલ અને સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર થયો છે. પરિગ્રહના મુખ્ય બે પ્રકાર કહ્યા છે. (૧) બાહ્ય પરિગ્રહ અથવા સ્થૂલ પરિગ્રહ અને (૨) આભ્યંતર પરિગ્રહ અથવા સૂક્ષ્મ પરિગ્રહ.

બાહ્ય પરિગ્રહ મુખ્ય નવ પ્રકારના બતાવવામાં આવે છે: (૧) ધન—રોકડ નાણું તથા તે પ્રકારની વસ્તુઓ, (૨) ધાન્ય—અનાજ, (૩) ક્ષેત્ર—જમીન, ખેતર વગેરે, (૪) વાસ્તુ—ઘર, દુકાન ઈત્યાદિ માટે મકાનો, વગેરે, (૫) સુવર્ણ—સોનું, (૬) રજત—રૂપું, (૭) કુપ્ય—સોનાચાંદી સિવાયની ધાતુઓ તથા પદાર્થો અને તેમાંથી બનાવેલાં વાસણ, રાચરચીલું, ઉપકરણો વગેરે, (૮) દ્વિપદ—બે પગવાળાં પક્ષીઓ, દાસદાસીઓ વગેરે (અથવા બે પૈડાવાળા વાહનો વગેરે) અને (૯) ચતુષ્પદ—ચાર પગવાળાં પાળેલાં પશુઓ-ગાય, બળદ, ભેંસ, બકરી વગેરે અથવા ચાર પૈડાવાળાં વાહનો.

આમ બાહ્ય પરિગ્રહનું વર્ગીકરણ આ મુખ્ય નવ પ્રકારમાં કરવામાં આવ્યું છે. સાદી સમજ માટે આ વર્ગીકરણ છે. એમાં એકાદ બે પ્રકાર ભેગા પણ કરી શકાય અને એમાં બીજા ઉમેરી પણ શકાય. બદલાતી જતી જીવનશૈલી અનુસાર એમાં વધઘટ કરી શકાય.

આભ્યંતર અથવા સૂક્ષ્મ પરિગ્રહ ચૌદ પ્રકારના છે. ચાર કષાય અને નવ નોકષાય એમ તેર પ્રકાર અને એમાં સાથે મિથ્યાત્વ ઉમેરાતાં ચૌદ પ્રકારના આભ્યંતર પરિગ્રહ આ પ્રમાણે દર્શાવવામાં આવે છે: (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા, (૪) લોભ, (૫) હાસ્ય, (૬) રતિ, (૭) અરતિ, (૮) ભય, (૯) શોક, (૧૦) જુગુપ્સા, (૧૧) સ્ત્રીવેદ, (૧૨) પુરુષવેદ, (૧૩) નપુંસક વેદ અને (૧૪) મિથ્યાત્વ.

બાહ્ય પરિગ્રહ કરતાં આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવાનું કઠિન છે. નિર્ધન માણસ પાસે કશું જ ન હોય છતાં ધનવાન બનવાની અને ચીજવસ્તુઓનું સુખ ભોગવવાની વાસના એનામાં તીવ્ર હોઈ શકે છે. એટલે જ ચીજવસ્તુઓ નહિ પણ એને ભોગવવાની ઈચ્છા, એ ગમવાનો ભાવ, એના પ્રત્યેની આસક્તિ એ મૂર્ચ્છારૂપ છે અને એ જ વસ્તુતઃ પરિગ્રહ છે. અલબત્ત, ભોગોપભોગની સામગ્રી વચ્ચે રહેવું અને મૂર્ચ્છા ન હોવી એવું તો દીર્ઘ સાધના વગર શક્ય નથી. બીજી બાજુ બાહ્ય ત્યાગ બધો જ કર્યો હોય છતાં મનમાં વાસના હોય તો ત્યાં મૂર્ચ્છા છે જ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે કે માત્ર કાંચળી ઉતારી નાખવાથી સાપ નિર્વિષ થતો નથી.

ભગવતી સૂત્રમાં પરિગ્રહના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે:

तिविहे परिग्गहे पण्णत्ते, तं जहा
कम्म परिग्गहे, सरीर परिग्गहे,
बाहिर भंडमत्त-परिग्गहे ।

(પરિગ્રહના ત્રણ પ્રકાર કહ્યા છે, જેમ કે (૧) કર્મ-પરિગ્રહ, (૨) શરીર-પરિગ્રહ અને બાહ્ય ભંડમાત્ર એટલે કે વાસણ વગેરે બાહ્ય ઉપકરણો, સાધનો ઈત્યાદિરૂપી પરિગ્રહ)

પરિગ્રહને ગ્રહ તરીકે, દસમા ગ્રહ તરીકે ઓળખાવવામાં આવે છે. આ ગ્રહ એવો છે કે જેને લાગુ પડે છે તેને પીડે છે. હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં કહ્યું છે:

तपःश्रुतपरीवारां शमसाम्राज्यसंपदम्।
परिग्रह-ग्रहग्रस्तास्त्यजेयुर्योगिनोऽपि हि॥

(પરિગ્રહરૂપી ગ્રહથી જ્યારે યોગીજનો ગ્રસ્ત થાય છે ત્યારે તેઓ તપ, શ્રુત ઈત્યાદિના પરિવારરૂપી શમસામ્રાજ્યની લક્ષ્મીનો પણ ત્યાગ કરી દે છે.)

એક વખત મોટા મોટા મહાત્માઓ પણ પરિગ્રહમાં જ્યારે આસક્ત થાય છે ત્યારે તેઓ એમાં ધીમે ધીમે એવા લપેટાતા જાય છે કે વખત જતાં તેઓને પોતાનાં તપ-ત્યાગ તથા જ્ઞાન-ધ્યાનની ઉપાસનામાં પણ રસ રહેતો નથી. પરિગ્રહ માટે તેઓ તે બધું છોડવા તૈયાર થઈ જાય છે. પરિગ્રહની આસક્તિ માણસને મોહાંધ અથવા મૂઢ બનાવી દેવાની શક્તિ ધરાવે છે. એવી આસક્તિનો પ્રતિકાર કરવા માટે ભારે મનોબળની અપેક્ષા રહે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'જ્ઞાનસાર'ના અષ્ટકમાં કહ્યું છે:

न परावर्तते राशेर्वक्रतां जातु नोज्झति।
परिग्रह ग्रह कोऽयं विडम्बित जगत्त्रयः॥

(જે રાશિથી પાછો ફરતો નથી, વક્રતાનો ત્યાગ કરતો નથી અને જેણે ત્રણ જગતની વિડંબના કરી છે એવો આ પરિગ્રહ તે કેવો ગ્રહ છે?)

બધા ગ્રહો આકાશમાં એક રાશિમાંથી બીજી રાશિમાં સંક્રમણ કરે છે, પરંતુ પરિગ્રહરૂપી ગ્રહ તો રાશિમાંથી બહાર નીકળી શકતો નથી. અહીં 'રાશિ' શબ્દમાં શ્લેષ રહેલો છે. આકાશની રાશિ ઉપરાંત રાશિ એટલે ધનસંપત્તિની રાશિ. વળી બીજા ગ્રહો માર્ગી અર્થાત સરળ ગતિવાળા થાય છે, પરંતુ પરિગ્રહ હંમેશાં વક્રદૃષ્ટિવાળો હોય છે. તે ત્રણ જગતને પીડા કરે છે.

આકાશમાં ગ્રહ નવ છે: (૧) સૂર્ય, (૨) ચંદ્ર, (૩) મંગળ, (૪) બુધ, (૫) ગુરુ, (૬) શુક્ર, (૭) શનિ, (૮) રાહુ અને (૯) કેતુ. એટલે પરિગ્રહને એક ગ્રહ તરીકે ઓળખાવવો હોય તો તેને દસમું સ્થાન આપવું પડે. એટલે જ 'દસમો ગ્રહ તે પરિગ્રહ' એમ કહેવાય છે. (સંસ્કૃતમાં जामाता दसमो ग्रहः। જમાઈ દસમો ગ્રહ છે એમ જમાઈ માટે પણ કહેવાયું છે) સર્વ ગ્રહોમાં પરિગ્રહ નામના ગ્રહની ગતિ વાંકી અને વિચિત્ર હોય છે.

પરિગ્રહથી દ્વેષનો ઉદ્ભવ થાય છે, ધીરજનો અંત આવે છે. તે ક્ષમાને બદલે અસહિષ્ણુતા જન્માવે છે. એનાથી અહંકાર પેદા થાય છે, શુભ ધ્યાન હણાય છે અને વ્યગ્રતાને અવકાશ મળે છે. આમ પરિગ્રહ એટલે પાપનું નિવાસસ્થાન. ડાહ્યા માણસ માટે તો પરિગ્રહ ગ્રહની જેમ ક્લેશ અને નાશનું મોટું નિમિત્ત બને છે. કહ્યું છે:

प्राज्ञस्यापि परिग्रहो ग्रह इव क्लेशाय नाशाय च।

વર્તમાન સમયમાં ભોગોપભોગની અનેક પ્રકારની ચીજવસ્તુઓનું ઉત્પાદન સતત થતું રહે છે. Consummerism અર્થાત ઉપભોક્તાવાદ એટલે કે લોકોને જાતજાતની ચીજવસ્તુઓ વાપરતા કરી દેવા એ સાંપ્રત જીવનરીતિનું એક મહત્વનું અંગ બની ગયું છે. પરંતુ પરિગ્રહ વધારનાર માણસોને તેની જાળવણીમાં, સંરક્ષણમાં જીવનનો કેટલો બધો કીમતી સમય આપવો પડે છે તે તો અનુભવે વધુ સમજાય એવી વાત છે. સારી નવીનકોર વસ્તુ ઘરમાં રાખી મૂકી હોય તો અલ્પ કાળમાં જ તે જૂના જેવી થઈ જાય છે. ઘરવખરીમાં જીવાત થાય છે. ઉધઈ, વાંદા વગેરે થાય છે. તે માટેની સાફસૂફીમાં, રંગરોગાનમાં ઠીક ઠીક સમય આપવો પડે છે. નવું સરસ મકાન બાંધ્યું હોય અને પાંચસાત વરસ તે ખોલ્યું ન હોય તો તરત રહેવા જેવું રહેતું નથી. સાફસૂફી કરવી જ પડે છે. એમાં સૂક્ષ્મ જીવહિંસા રહેલી જ છે. વળી વપરાયા વગર નવી વસ્તુ બગડી જતાં ફેંકી દેવાનો પ્રસંગ આવે છે ત્યારે જીવ બળે છે અને મનના

અધ્યવસાયો બગડે છે એ તો વળી વધારામાં. સમજુ માણસ જો વખતોવખત પોતાની ઘરસામગ્રીનું પુનરાવલોકન કરીને એમાંથી યથોચિત વિસર્જન કરતો રહે, શક્ય હોય તો દાનમાં આપતો રહે તો એથી પાપને બદલે પુણ્યનું ભાથું બંધાય અને એથી જીવનનો બચેલો અમૂલ્ય સમય ધર્મ-ધ્યાનાદિ માટે ઉપયોગમાં લઈ શકાય છે. વ્રતધારી સાધુભગવંતોને પોતાને માટે કેટલો બધો સમય મળે છે એનો વિચાર કરીને એમાંથી પોતાના પરિગ્રહના વિસર્જન વિશે આપણે પાઠ મેળવવો જોઈએ. સંપત્તિ તાત્ત્વિક દૃષ્ટિએ તો વિપત્તિ જ છે. તે પતનનું નિમિત્ત બને છે. વધુ પડતી સંપત્તિમાંથી જન્મતી સમસ્યાઓને કારણે કેટલાયને આપઘાત કરવો પડે છે, કેટલાયને જેલમાં જવું પડે છે, કેટલાયને હૃદયરોગની બીમારીને કારણે મૃત્યુને શરણે જવું પડે છે, તો કેટલાય અસ્થિર મગજના કે ગાંડા જેવા થઈ જાય છે. કેટલાંયે કુટુંબોમાં કુસંપ વેરઝેરનાં બી વવાય છે. એટલા માટે માણસે પોતાની સંપત્તિમાંથી વખતોવખત સુપાત્રે દાન આપી વિસર્જન કરતા રહેવું જોઈએ. આ કાર્યને શાસ્ત્રમાં 'શાન્તિકવિધિ' કહેવામાં આવે છે. ગૃહસ્થોના જીવનમાં આ 'શાન્તિકવિધિ' વણાઈ જવી જોઈએ.

માણસે સ્થૂલ પરિગ્રહ ન વધારવો જોઈએ, એટલું જ નહિ, પરિગ્રહ વધારવાની વૃત્તિ પણ ન રાખવી જોઈએ. પરિગ્રહની વૃદ્ધિ માટેની અભિલાષા પણ દોષરૂપ છે. પોતાની પાસે ધનસંપત્તિ ઓછાં હોય અને તે વધુ મળે એવાં સ્વપ્ન માણસ સેવે તથા એ ભોગવવા માટેના મનોરથ સેવે એ પણ એક પ્રકારની મૂર્ચ્છા જ છે. એવી મૂર્ચ્છા પણ બીજાની સાથે વેર બંધાવે છે.

માણસ પોતાની પ્રાથમિક જરૂરિયાતથી વધુ સંપત્તિ રાખે તો તેથી ઘણી સમસ્યાઓ ઉદ્‌ભવે છે. કયારેક તો માણસ જાણે બીજા માટે જ પરિગ્રહ વધારતો હોય એવું બને છે. એક કવિએ એક રાજાને કહ્યું હતું, 'હે રાજન! તારે આટલો બધો પરિગ્રહ હોવા છતાં, જાતજાતનાં વસ્ત્રો, રાણીઓ, ભોજન, હોવા છતાં એકી સમયે માત્ર બે ત્રણ વસ્ત્ર, એક શય્યા, એક આસન, એક રાણી, પેટ ભરાય એટલું અન્ન-ફક્ત આટલું જ તારું છે. બાકીનું બીજાના માટે છે.'

અસંતોષ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, અવિશ્વાસ, આરંભ (હિંસા) ઈત્યાદિ પરિગ્રહનાં ફળ છે. તે દુઃખનું કારણ બને છે. પરિગ્રહની તૃષ્ણા જાગે છે ત્યારે માણસ વિવેકશક્તિ ગુમાવી દે છે. નિર્ધન પંડિતો ધનની લાલસા માટે નીચ માણસોની અતિશયોક્તિભરી પ્રશંસા કરતાં અચકાતા નથી.

જ્યાં અતિધન છે ત્યાં ભોગવિલાસ આવે છે. જૂગાર, મદિરા, પરસ્ત્રીગમન ઈત્યાદિ પ્રકારનાં વ્યસનો આવે છે, કારણ કે પૈસે પહોંચાય છે. પરંતુ એ જ વ્યસનો માણસોને આ જીવનમાં અધોગતિમાં લઈ જાય છે અને ભવાન્તરમાં દુર્ગતિમાં લઈ જાય છે.

પોતાનો વિવિધ પ્રકારનો પરિગ્રહ અંતિમ કોટિ સુધી વધારવાનો પ્રયાસ છતાં માણસ સુખી ન થાય એનાં દૃષ્ટાંત આપતાં 'યોગશાસ્ત્ર'માં હેમચંદ્રાચાર્યે કહ્યું છે :

तृप्तो न पुत्रैः सगरः, कुचिकर्णो न गोधनैः ।
न धान्यैस्तिलक श्रेष्ठी, न नन्द कनकोत्करैः ॥

સગર ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણી હતી. એમને પુત્રો થતા જ ગયા, છતાં એથી સગર ચક્રવર્તીને સંતોષ થયો નહોતો. સાઠ હજાર દીકરાઓ થયા, પરંતુ એ બધા ગંગાની નહેર ખોદવા ગયા ત્યારે નાગરાજાએ તેઓને બાળીને ભસ્મીભૂત કરી નાખ્યા. પોતાની હયાતીમાં જ પોતાના બધા પુત્રોના મૃત્યુના સમાચાર સાંભળવાનો વખત સાગર ચક્રવતીને આવ્યો હતો. કુચીકર્ણ નામના માણસ પાસે એક લાખ કરતાં વધુ ગાયો હતી, પણ એ ગાયોની વ્યવસ્થાની ચિંતામાં અને એ ગાયોનું દૂધ, દહીં, માખણ, ઘી વગેરે ખા ખા કરવામાં કુચીકર્ણ હૃદયરોગથી મૃત્યુ પામ્યો હતો. તિલક નામનો શ્રેષ્ઠી શિયાળામાં સસ્તા ભાવે અનાજ લઈ ઉનાળામાં મોંઘા ભાવે વેચતો. ઠેર ઠેર એના કોઠારો હતા. એક વખત દુકાળ પડશે એવી આગાહી સાંભળી એણે ઘણું અનાજ ભરી લીધું. પરંતુ તે વર્ષે દુકાળને બદલે અતિવૃષ્ટિ થતાં એના બધા કોઠારોમાં પાણી ભરાઈ ગયું અને અનાજ સડી ગયું. એથી તિલક શ્રેષ્ઠી ગાંડા જેવો થઈ ગયો હતો. નંદ રાજાને સોનું એકઠું કરવાની ઘેલછા લાગી હતી. નાનો ડુંગર થાય એટલું સોનું એણે ભેગું કર્યું, પણ પછી રાત-દિવસ એની સાચવણીની, સંરક્ષણની ચિંતામાં જ એનું હૃદય બંધ પડી ગયું હતું.

એટલે પરિગ્રહની બાબતમાં સંતોષ મોટું ધન બને છે. અતિ લોભી માણસનું મગજ ભમવા લાગે છે. अतिलोभाभिभूतस्य चक्रं भमति मस्तके । જે માણસનો નવ્વાણુના ચક્કરમાં પગ પડે છે તેની મતિ ઠેકાણે રહેતી નથી. કેટલાક તો મૃત્યુના મહેમાન બની જાય છે. એટલે જ હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે પરિગ્રહમાં ત્રસરેણુ જેટલો પણ ગુણ નથી અને દોષો પર્વત જેટલા છે. એટલે જ ધન્ના, શાલિભદ્ર, જંબૂકુમાર જેવા ધનાઢયો અઢળક ધન-સંપત્તિ છોડીને સંયમના માર્ગે ચાલી નીકળ્યા હતા.

ભગવાન મહાવીરે કહ્યું છે : परिग्गहनिविट्ठाणं वेरं तेसिं पवड्ढई । (સૂત્રકૃતાંગસૂત્ર). જે માણસ પરિગ્રહ વધારે છે તે પોતાના તરફ બીજાઓનું વેર વધારે છે. સ્થૂલ પરિગ્રહ એટલે ધનસંપત્તિ વગેરે. તે ચોરાઈ જવાનો, લૂંટાઈ જવાનો, બગડી જવાનો, ખોવાઈ જવાનો ભય તેની સાથે સંકળાયેલો રહે છે. એ માટે સાવચેતીનાં પગલાં લેવાં પડે છે. એથી બીજાના મનમાં શંકા, અવિશ્વાસ, ઈર્ષ્યા, દ્વેષ, અપ્રીતિ વગેરે પ્રકારના ભાવો જન્મે છે. એમાંથી વેરવિરોધ અને ઝઘડા થાય છે. સમાજના એક વર્ગને ખાવાને પૂરતું ન મળતું હોય અને બીજા વર્ગનો એંઠવાડ કચરામાં ઠલવાતો હોય ત્યારે અસમાનતામાંથી દ્વેષભાવ અને વેર જન્મવાની શક્યતા રહે છે. એટલે જ પરિગ્રહ વધારનારી વ્યક્તિ પોતે જ પોતાના તરફ પોતાના પરિગ્રહ દ્વારા બીજાના વેરનું નિમિત્ત બને છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો સ્થૂલ પરિગ્રહરૂપી પુદ્‌ગલનું ચૈતન્ય સાથેનું વેર તો અનાદિકાળથી ચાલ્યું આવે છે. એટલે જે જીવ પુદ્‌ગલમાં આસક્ત બને છે તે પોતાનું જ અહિત કરે છે. ઇચ્છા, આસક્તિ, વાસના, અભિલાષા ઇત્યાદિ આત્માના શત્રુઓ છે. એટલે જે જીવ સૂક્ષ્મ પરિગ્રહનો ત્યાગ નથી કરી શકતો તે પોતાના આત્મા સાથે જ વેર બાંધે છે.

પરિગ્રહના સ્થૂલથી સૂક્ષ્મ સુધીના ચાર મુખ્ય પ્રકારો 'ક' અક્ષરથી શરૂ થતા બતાવવામાં આવે છે. એ આ પ્રમાણે છે : કંચન, કામિની, કાયા અને કષાય. આ ચારે અનુક્રમે લેવાનાં છે. કંચન એટલે સોનું અર્થાત્ ઝવેરાત. વિશાળ અર્થમાં ધનસંપત્તિ, માલમિલકત, ચીજ વસ્તુઓ વગેરે. કામિની એટલે પત્ની. વિશાળ અર્થમાં પત્ની, પુત્રાદિનો પરિવાર, અન્ય સ્વજનો, સંબંધીઓ વગેરે. કાયા એટલે પોતાનું શરીર અને કષાય એટલે મનમાં ઊઠતા ક્રોધાદિ ભાવો તથા અશુભ અધ્યવસાયો. આ ચારેમાં ધનસંપત્તિ છોડવાં સહેલાં છે, પણ સ્વજનો વગેરેને છોડવાં એટલાં સહેલાં નથી. અન્ય અપેક્ષાએ પુત્રપરિવારનો ત્યાગ સહેલો છે

પણ પોતાની કાયાની મમતા છોડવી દુષ્કર છે. સમર્થ માણસો કાયાના લાલનપાલનથી પર થઈ શકે છે, એની મમતા છોડી શકે છે, પણ મનમાં ચાલતા વાસનાના વિકારોને, એષણાઓને, ક્રોધાદિ કષાયોને ત્યજી શકતા નથી. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો ચિત્તમાં ઉદ્‌ભવતા ક્રોધાદિ કષાયો એ પણ એક પ્રકારનો આભ્યંતર પરિગ્રહ છે. એમાંથી પણ સાધકે મુક્ત થવાનું છે. આમ કંચન, કામિની, કાયા અને કષાય એ ચારે સ્થૂલથી સૂક્ષ્મ સુધીના સર્વ પરિગ્રહો ત્યજીને પરિગ્રહમુક્ત, અપરિગ્રહી બનવાનું છે. તેમ ન થાય ત્યાં સુધી પરિગ્રહનું પરિમાણ કરવું, એની પાકી મર્યાદા બાંધી લેવી બહુ જરૂરી છે.

હેમચંદ્રાચાર્યે કહ્યું છે :

असंतोषमविश्वासमारम्भं दु:खकारणम् ।
मत्वा मूर्च्छाफलं कुर्यात् परिग्रहनियन्त्रणम् ॥

(પરિગ્રહ અસંતોષ, અવિશ્વાસ અને આરંભ ઇત્યાદિ દુ:ખનાં કારણરૂપ છે તથા મૂર્ચ્છાનું ફળ છે એમ સમજીને એના ઉપર નિયંત્રણ કરવું જોઇએ એટલે કે પરિગ્રહનું પરિમાણ કરવું જોઇએ.)

પરિગ્રહ માટેની તૃષ્ણાનો કોઈ અંત નથી. નવી સુંદર આકર્ષક વસ્તુ જોતાં માણસને તે મેળવવાનું અને વાપરવાનું મન થાય છે. પરંતુ મનુષ્યે પોતાની આવી વૃત્તિને સંયમમાં રાખવાની જરૂર છે. એ એના જ હિતમાં છે. જે માણસ 'અસંવિભાગી' છે એટલે કે પોતાનામાંથી બીજાને કશું આપતો નથી તથા જે 'અપ્રમાણભોગી' છે એટલે કે મર્યાદા બહારનો ભોગવટો કરે છે તેની સદ્‌ગતિ નથી. આથી જ જૈન ધર્મમાં પરિગ્રહની મર્યાદાનાં પચ્ચખ્ખાણ લેવામાં આવે છે. કહ્યું છે :

संसारमूलमारम्भास्तेषां हेतु परिग्रह: ।
तस्मादुपासक: कुर्यात् अल्पमल्पं परिग्रहम् ॥

સંસારનું મૂળ આરંભ છે. આરંભનું મૂળ પરિગ્રહ છે. માટે ઉપાસકે અલ્પમાં અલ્પ પરિગ્રહ રાખવો જોઇએ. પરિગ્રહ પરિમાણવ્રતનું જો બરાબર પાલન ન થાય તો દોષ લાગે છે. આ વ્રતમાં મુખ્ય નવ પ્રકારના પરિગ્રહ બતાવવામાં આવ્યા છે : ધન, ધાન્ય, ક્ષેત્ર, વસ્તુ, રૂપું, સુવર્ણ, અન્ય ધાતુ, દ્વિપદ અને ચતુષ્પદ, આ દરેક માટે જે મર્યાદા બાંધી હોય તે મર્યાદા જાણતાં-અજાણતાં લોપવી તે અતિચાર છે. [આ નવ પ્રકારના વિકલ્પે પાંચ પ્રકાર આ પ્રમાણે બતાવવામાં આવે છે. (૧) ધન-ધાન્ય, (૨) સોનુ ચાંદી, (૩) ક્ષેત્ર-વાસ્તુ, (૪) દ્વિપ-ચતુષ્પદ અને (૫) કુપ્ય-એમ પાંચ પ્રકાર ગણીને એના પાંચ પ્રકારના અતિચાર પણ બતાવવામાં આવે છે.]

પરિગ્રહ પરિમાણવ્રતના પાંચ અતિચાર આ રીતે પણ બતાવવામાં આવે છે : (૧) પ્રયોજન કરતાં વધારે વાહનો (પશુ જોડીને ચલાવાતાં કે યંત્રથી ચાલતાં વાહનો) રાખવાં, (૨) જરૂર કરતાં વધુ ચીજવસ્તુઓનો સંગ્રહ કરવો, (૩) બીજાનો વૈભવ જોઈ આશ્ચર્ય, ઈર્ષ્યા, ખેદ ઇત્યાદિ કરવાં, (૪) બહુ લોભ કરવો અને (૫) નોકરચાકર પાસે વધુ શ્રમ કરાવી શોષણ કરવું અથવા ઠરાવેલા ભાવ કરતાં વધુ પડાવી લેવું કે ઓછું આપવું. આ પ્રકારના પાંચ અતિચારમાં મનની અંદર પડેલી પરિગ્રહવૃત્તિ કે પરિગ્રહ પ્રત્યેની આસક્તિની વિશેષ વિચારણા કરવામાં આવી છે અને તેના પ્રતિક્રમણ માટે ભલામણ કરવામાં આવી છે. 'વંદિત્તુ' સૂત્રમાં કહ્યું છે :

धणधन्नखित्तवत्थु रूप्प सुवन्नेअ कुविअ परिमाणे ।
दुपये चउपयम्मि पडिक्कमे देसिअं सव्वं ॥

'ધન, ધાન્ય, ક્ષેત્ર (ભૂમિ) વાસ્તુ (ઘર વગેરે), રૂપું, સુવર્ણ, કુપ્ય (કાંસુ-તાંબુ વગેરે ધાતુ), દ્વિપદ (મનુષ્ય, પક્ષી વગેરે), ચતુષ્પદ (પ્રાણી ગાય, ભેંસ, બકરી, બળદ), એમ પોતાના પરિગ્રહ-પરિમાણને વિશે જે કંઈ અતિચાર લાગ્યા હોય તેનું પ્રતિક્રમણ કરું છું.'

પરિગ્રહ-પરિમાણનું વ્રત શ્રાવકે લેવું જોઇએ. પરંતુ અનુભવી ગૃહસ્થો અને સાધુ ભગવંતો કહે છે કે શ્રાવકે પોતાની જરૂરિયાત અને જવાબદારીનો અને ભવિષ્યમાં વધતા જતા ખર્ચનો પરિપક્વ વિચાર કરીને પછી જ પરિગ્રહની મર્યાદાનું વ્રત લેવું જોઇએ. પોતે બાંધેલી મર્યાદા કરતાં માણસે વધુ ન કમાવું જોઇએ અને કમાણી થવાની જ હોય તો તે ધર્માર્થે વાપરવી જોઇએ એવી સમજણથી કેટલાક માણસો પરિગ્રહ પરિમાણનું વ્રત લે છે ખરા, પણ પછી વેપારધંધો છોડી શકતા નથી અને મર્યાદા કરતાં વધારે આવક થાય છે ત્યારે તે સ્વજનોના નામે ચડાવી દે છે, પણ વસ્તુત: તે પોતાની જ હોય છે અને એના ઉપર તેઓ સત્તા ભોગવતા રહે છે. કેટલાક બીજાના નામથી વેપાર કરી એ પ્રકારે મેળવેલી આવકને સાધનસંપત્તિમાં પરિવર્તિત કરી પોતે જ ભોગવતા રહે છે. આ એક પ્રકારનો માયાચાર છે, દોષ છે. અન્ય પક્ષે કેટલાક પોતાની આવક અને સંપત્તિની મર્યાદા બાંધી દીધા પછી અચાનક થયેલા નુકસાનને કારણે, અણધાર્યા મોટા ખર્ચને કારણે કે વધતી જતી મોંઘવારીને કારણે જીવનનિર્વાહ બરાબર ન થતાં પોતે લીધેલું વ્રત તોડે છે, એમાંથી છટકબારી કે અપવાદ શોધે છે અથવા વ્રત માટે વારંવાર અફસોસ કરતા રહે છે. એટલા માટે જ પરિગ્રહ પરિમાણનું વ્રત શ્રાવકે, સ્વજનોની, અનુભવીઓની સલાહ લઈને ટૂંકા કે લાંબા ગાળાની સમયમર્યાદા અનુસાર એવી રીતે લેવું જોઇએ કે જેથી વ્રતભંગનો કે સૂક્ષ્મ દોષનો પણ અવકાશ ન રહે અને ઉમંગભેર વ્રત પાળી શકાય. અલબત્ત, માણસે વ્રતભંગની બીકે વ્રત લેતાં અટકવું ન જોઇએ.

કોઈ માણસ વર્ષે પચ્ચીસ હજાર રૂપિયા પણ કમાતો ન હોય અને તે પરિગ્રહ-પરિમાણનાં એવાં પચખ્ખાણ લે કે પોતે વર્ષે પાંચ લાખથી વધારે ન કમાવા. તો આવું પચખ્ખાણ શું મજાક જેવું હાસ્યાસ્પદ ન લાગે ? અલબત્ત, એ માટે એમ કહેવાયું છે કે માણસે પોતાની શક્તિ અને સંજોગોનુસાર ઔચિત્યપૂર્ણ પચખ્ખાણ લેવું જોઇએ. પરંતુ કોઈ અવાસ્તવિક લાગે એવી મર્યાદા રાખવા ઇચ્છતો હોય તો ભલે રાખે. શાસ્ત્રકારો કહે છે કે મર્યાદા ન રાખવા કરતાં મર્યાદા રાખવી એ ઉત્તમ છે. એથી ઇચ્છાનું પરિમાણ થશે, ઇચ્છા સંયમમાં રહેશે, પોતાના પચખ્ખાણ માટે સભાનતા રહેશે અને તે કરતાં વધુ મેળવવાની ઇચ્છા રહેશે નહિ.

શ્રાવકની અગિયાર પ્રતિમાઓમાં નવમી પ્રતિમા તે પરિગ્રહત્યાગ પ્રતિમા છે. પૂર્વેની આઠ પ્રતિમા ધારણ કરનાર શ્રાવકે પરિગ્રહનું પરિમાણ કર્યું હોય છે એટલે કે એની મર્યાદા બાંધી લીધી હોય છે. એમાં એ પોતાની બાંધેલી મર્યાદા પ્રમાણે ધન, સોનું, રૂપું વગેરે રાખી શકે છે. હવે આ નવમી પરિગ્રહત્યાગ પ્રતિમામાં તે શ્રાવક સોનું રૂપું કે અન્ય પ્રકારની ધનસંપત્તિ રાખી શકતો નથી. આ પ્રતિમા ધારણ કરનાર શ્રાવક વસ્ત્રરૂપી બાહ્ય પરિગ્રહ ધારણ કરી શકે છે, પરંતુ વસ્ત્રમાં પણ એને મમતા હોવી ન જોઇએ.

ધનસંપત્તિને પરિગ્રહ તરીકે ઓળખાવવામાં આવે તે યોગ્ય છે, પણ ધાર્મિક ઉપકરણો રાખવામાં શો વાંધો છે ? પરંતુ શાસ્ત્રકારો કહે છે કે એમાં પણ વિવેક જાળવવો જોઇએ અને એની મર્યાદા બાંધી શકાય છે.

સાધુમહારાજને સંબોધીને 'અધ્યાત્મકલ્પદ્રુમ'માં કહ્યું છે :

परिग्रहं चेद्व्यजहा गृहादेस्तत्किं नु धर्मोपकृतिच्छलात्तम् ।
करोषि शय्योपधिपुस्तकादेर्गरोऽपि नामान्तरतोपि हंता ॥

(ઘર વગેરે પરિગ્રહને ત્યજી દીધા છે, તો પછી ધર્મનાં ઉપકરણના બહાને શય્યા, ઉપધિ, પુસ્તક વગેરેનો પરિગ્રહ તું શા માટે કરે છે? વિષનું નામાન્તર કરવા છતાં પણ તે મારી નાખે છે.)

આમ, 'અધ્યાત્મકલ્પદ્રુપ'માં સાધુભગવંતોને કહ્યું છે કે ધર્મના ઉપકરણો વધારવાની લાલસામાંથી તેઓએ મુક્ત થવું જોઈએ. ભોગોપભોગનો સાંસારિક ચીજવસ્તુઓનો સાધુ મહાત્માઓએ ત્યાગ કર્યો હોય છે, પરંતુ પછી સારામાં સારી મોંઘામાં મોંઘી નવકારવાળી, ફોટાઓ, ગ્રંથો, કામળી, ઉપકરણો, સારામાં સારા ચશ્માં, ઈત્યાદિ ચીજવસ્તુઓમાં મન લપટાય છે. તેવી વસ્તુઓ વહોરાવનારા ગૃહસ્થો મળી જ આવે છે. આમ, સાધુ મહાત્માઓએ પોતાના ચિત્તને તપાસતા રહેવું જોઈએ કે મોંઘી આકર્ષક વસ્તુઓ તરફ પોતાનું ચિત્ત આકર્ષાતું તો નથી ને? બિનજરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ તો થતો નથી ને? જો એમ થતું હોય તો એવા સાધુ મહાત્માઓએ જાગૃત થઈ જવું જોઇએ. એટલે જ 'અધ્યાત્મકલ્પદ્રુમ'માં સરસ દૃષ્ટાંત આપ્યું છે કે નાવની અંદર સોનું હદ બહાર ભર્યું હોય તો પણ નાવ એથી ડૂબી જ જાય છે. સોનું કિંમતી હોય એથી નાવને ન ડૂબાડે એવું નથી. મતલબ કે ધાર્મિક ઉપકરણોનો પરિગ્રહ પણ મહાત્માઓની સાધનાને ખંડિત કરી શકે છે.

આત્મામાં જ્યારે લોભાદિ કષાય ઉદ્ભવે છે ત્યારે બાહ્ય પદાર્થો ગ્રહણ કરવાની ઈચ્છા થાય છે. એટલે પરિગ્રહ મેળવવા, રાખવા વગેરેમાં ઈચ્છા મહત્ત્વનું કાર્ય કરે છે. માણસ જો આકિંચન્યની ભાવના ભાવે તથા 'મારું કશું નથી અને હું કોઈનો નથી', એ પ્રકારનું ચિંતન તથા ભાવન કરે તો પરિગ્રહ માટેની તેની ઈચ્છા ક્રમે ક્રમે વધુ સંયમિત થતી જાય.

દ્રવ્યપરિગ્રહ ભાવપરિગ્રહનું કારણ છે અને ભાવપરિગ્રહ આત્માની અશુદ્ધિનું કારણ છે. એટલે આત્મશુદ્ધિ માટે દ્રવ્યપરિગ્રહનો ત્યાગ અર્થાત્ અપરિગ્રહનું વ્રત અનિવાર્ય છે. એટલા માટે જ ભગવાન મહાવીરે સાધુ ભગવંતોનાં પાંચ મહાવ્રતમાં અપરિગ્રહને પણ સ્થાન આપ્યું છે. 'સમયસાર'માં કુંદકુંદાચાર્યે કહ્યું છે :

अपरिग्गहो अणिच्छो भणिदो । (અનિચ્છા જ અપરિગ્રહ કહેવાય છે.) હેમચંદ્રાચાર્યે 'ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત્ર'માં કહ્યું છે : सर्वभावेषु मूर्च्छायास्त्यागः स्यादपरिग्रहः । (સર્વ ભાવોમાંથી-પદાર્થોમાંથી મૂર્ચ્છા એટલે આસક્તિનો ત્યાગ કરવો એ અપરિગ્રહ છે.)

અપરિગ્રહ મહાવ્રતના પાલન માટે સાધુ ભગવંતોએ પાંચ ભાવના ભાવવી જોઈએ. એ પાંચ ભાવના તે પાંચ ઈન્દ્રિયના વિષયો છે. શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ એ પાંચના વિષયોમાં સાધુ ભગવંતોને ન રાગ થવો જોઈએ કે ન દ્વેષ થવો જોઈએ.

પાતંજલ યોગસૂત્રમાં અહિંસા, સત્ય વગેરે વ્રતનું ઉત્કૃષ્ટપણે પાલન કરનારને કેવા લાભ થાય છે, તેમનામાં કેવી કેવી શક્તિ-સિદ્ધિ પ્રગટ થાય છે તે બતાવ્યું છે, જેમ કે જેમના જીવનમાં અહિંસા પ્રતિષ્ઠિત થઈ ગઈ હોય તેમની સંનિધિમાં સ્વયમેવ વેરનો ત્યાગ થઈ જાય છે. એવી રીતે અપરિગ્રહ વ્રત માટે કહ્યું છે કે अपरिग्रहस्थैर्ये जन्मकथंता संबोधः। એટલે કે જે વ્યક્તિના જીવનમાં અપરિગ્રહની ભાવના ઉત્કૃષ્ટ રીતે સ્થિર થઈ ગઈ હોય એ વ્યક્તિને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. અર્થાત્ જાતિસ્મરણજ્ઞાન થાય છે. અપરિગ્રહ વ્રતના ઉત્કૃષ્ટ પાલનથી પ્રગટ થતી આ એક વિશિષ્ટ લબ્ધિ છે.

આત્મામાં ઉદ્ભવતા રાગાદિ ભાવો, ક્રોધાદિ કષાયોને જો આભ્યંતર પરિગ્રહ ગણવામાં આવે તો પછી આત્માના જ્ઞાનાદિ ગુણોને પણ આભ્યંતર પરિગ્રહ તરીકે ન ગણાવી શકાય? આવો કોઈને પ્રશ્ન થાય તો તેના ઉત્તરમાં શાસ્ત્રકારો કહે છે કે આત્મામાં રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો તે પરિગ્રહ નથી, કારણ કે એમાં મોહનો અભાવ છે. જ્યાં પ્રમાદ ન હોય ત્યાં મોહ ન હોય, જ્યાં મોહ ન હોય ત્યાં મૂર્ચ્છા ન હોય અને જ્યાં મૂર્ચ્છા ન હોય ત્યાં પરિગ્રહ ન હોય. વસ્તુતઃ પ્રમાદ એજ પરિગ્રહ છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'જ્ઞાનસાર'માં કહ્યું છે :

यस्तकत्या तृणवद् बाह्यामान्तरं व परिग्रहम् ।
उदास्ते तत्पदाम्भोजं पर्युपास्यते जगतत्रयी ॥

જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહને તૃણની જેમ ત્યજી દઈને ઉદાસીન રહે છે અર્થાત્ સમતાભાવ ધારણ કરે છે તેના ચરણરૂપી કમળની પર્યુપાસના ત્રણ જગત કરે છે.

આમ, પરિગ્રહરૂપી દસમા ગ્રહને જે તિલાંજલિ આપે છે એ જ વ્યક્તિ સાધનાના ઉચ્ચ પંથે પ્રગતિ કરવા માટે અધિકારી બને છે. પ્રાચીન લોકકથામાં પોતાના ઘરે પાછા ન જનાર, મહેમાન થઈને પડયા રહેનાર જમાઈને- દસમા ગ્રહને જેમ હથેળીના અર્ધચન્દ્ર પ્રકારથી એટલે કે બોચીથી પકડીને ઘરની બહાર હાંકી કાઢવામાં આવે છે તેમ પરિગ્રહરૂપી દસમા ગ્રહને બોચીથી પકડીને જીવનરૂપી ઘરની બહાર કાઢવાની જરૂર છે, કારણ કે આપણાં જીવનમાંથી આ ગ્રહ પણ સહેલાઈથી નીકળી જાય એવો નથી.

❖❖❖

## સ્વ. જે. આર. શાહ

સૂરતના વતની, જૈન સમાજના સુપ્રસિધ્ધ અગ્રણી શ્રી જયંતીલાલ રતનચંદ શાહનું ૮૯ વર્ષની વયે મુંબઈમાં અવસાન થયું છે. સ્વ. જે. આર. શાહ આપણા સંઘના પેટ્રન હતા. સંઘની સમિતિમાં નિમંત્રિત સભ્ય તરીકે એમણે સેવા આપી હતી. આપણી 'રમકડાં ઘર'ની પ્રવૃત્તિનું ઉદ્ઘાટન એમના હસ્તે થયું હતું. તેમની સામાજિક અને વ્યાવસાયિક કારકિર્દી તેજસ્વી હતી. તેઓ લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના સ્નાતક હતા અને ભારતમાં આવી ઈન્કમટેક્ષ ઓફિસર તરીકે કેટલાંક વર્ષ કાર્ય કર્યા પછી એ જ વ્યવસાયમાં તેમણે સલાહકાર તરીકે કાર્ય કર્યું હતું. શ્રી મહાવીર જૈન વિદ્યાલયને મંત્રી તરીકે એમની સેવા ઘણાં વર્ષ સુધી મળતી રહી હતી. આત્માનંદ જૈન સભા, શ્રાવિકાશ્રમ ઈત્યાદિ ઘણી સંસ્થાઓને તેમની સેવાનો અમૂલ્ય લાભ મળ્યો હતો. સૂરતની મહાવીર હોસ્પિટલ અને મહાવીર કાર્ડિયાક હોસ્પિટલ એ બંને એમનાં સર્જન છે. વિવિધ એવોર્ડથી વિભૂષિત સૌમ્ય, મિલનસાર, ઉદાર અને સેવાભાવી પ્રકૃતિ ધરાવનાર સ્વ. જે. આર. શાહના પુણ્યાત્માને શ્રધ્ધાંજલિ અર્પીએ છીએ.

□ તંત્રી

# નિગોદથી નિર્વાણની સ્વરૂપ-પ્રગટીકરણની પ્રક્રિયા

☐ શ્રી ગિરીશભાઈ તારાચંદ મહેતા

ગુણસ્થાનક એ જીવાત્માના મનોયોગની વિધવિધ અવસ્થાનું કષાયક્ષય કે મોહનાશ સાપેક્ષ શૃંખલાબદ્ધ વિશ્લેષણ છે, જે વર્ણવવા સર્વજ્ઞ સિવાય કોઈ સમર્થ ન હોઈ શકે.

ત્રિકરણ: અનાદિથી અનંતા જીવો નિગોદની અવ્યવહાર રાશિમાં અંધકારમાં, નિદ્રાવસ્થામાં, મૂઢાવસ્થામાં અર્થાત્ જડવત્ દશામાં સબડી રહ્યા છે. જે જીવો ક્યારેય અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવવાના નથી, એટલે કે અંધકારમાંથી પ્રકાશમાં આવવાના જ નથી, તેવાં જીવો જેમને 'જાતિભવ્ય' કહેવાય છે, એમને બાદ કરીને, જે જીવનો કાળનો પરિપાક થયો છે એવો જીવ તથાપ્રકારની ભવિતવ્યતાએ કરીને, કોઈ એક જીવ સિદ્ધ થતાં, એ સિદ્ધની સિદ્ધકૃપાથી અવ્યવહાર રાશિના અંધકારમાંથી બહાર નીકળી વ્યવહારરાશિના પ્રકાશમાં આવે છે.

વ્યવહારરાશિમાં આવ્યા બાદ સંસારચક્રમાં-ભવસાગરમાં અથડાતો, કૂટાતો, ભમતો, ભટકતો, ફેરફૂદડી ફરતો ફરતો ઘુણાક્ષર ન્યાય અથવા નદીગોળઘોળ ન્યાયે અનાભોગપણે 'યથાપ્રવૃત્તકરણ' કરીને એટલે કે પ્રયત્ન વિના શુભ અધ્યવસાય અર્થાત્ પરિણામે (ભાવ-કરણ) કરીને, અનાદિની કર્મસ્થિતિમાં ઘટાડો કરીને, આયુષ્યકર્મ સિવાયનાં બાકીના કર્મોની સ્થિતિ કોટાકોટી સાગરોપમથી ઘટાડી અંત:કોટાકોટી સાગરોપમની કર્મસ્થિતિ કરી, લઘુકર્મી-હળુકર્મી બની, કર્મજનિત નિબિડ રાગદ્વેષની દુર્ભેદ્ય ગ્રંથિની સમીપ-ગ્રંથિદેશે અનાયાસે જ જીવ પહોંચી જાય છે. અહીં સુધી તો અભવ્યજીવો કે જેઓ ક્યારેય ગ્રંથિભેદ કરી શકનાર નથી, દુર્ભવ્યજીવો કે જેમના કાળનો પરિપાક થયો નથી અને ગ્રંથિદેશેથી ગ્રંથિભેદ કર્યા વિના પાછા ફરી જનાર છે, અને ભવ્યજીવો કે જેમને ગ્રંથિભેદની સંભાવના છે, જેમના કાળનો પરિપાક થયેલ છે અર્થાત્ ચરમાવર્ત એટલે કે ભવભ્રમણના છેવટના ચરમ વલય-વર્તુળ-આવર્તમાં પ્રવેશેલ છે, તે સર્વે વિકાસ કરે છે. ગ્રંથિદેશે આવ્યા સિવાય દ્રવ્યથી પણ ધર્મસાધના પ્રાપ્ત થતી નથી. અભવ્ય જીવો જે ક્યારેય ગ્રંથિભેદ કરી શકનાર નથી, તેઓ પણ નવગ્રૈવેયકના દેવલોક પર્યંતનો પુણ્યકર્મબંધ ગ્રંથિદેશે આવીને દ્રવ્યચારિત્ર પાલનાના બળે જ બાંધી શકે છે.

જેનું ભવભ્રમણ હવે એક પુદ્‌ગલપરાવર્તકાળ જેટલું જ બાકી રહેલ છે, એવાં ચરમાવર્તમાં પ્રવેશેલ ભવ્ય જીવો પણ ગ્રંથિદેશે આવી ગ્રંથિભેદ કરે જ એવો નિયમ નથી. યથાપ્રવૃત્તકરણ કરી કર્મસ્થિતિ અંત:કોટાકોટી સાગરોપમ સુધી ઘટાડી દીધા બાદ પણ તે ભવ્યાત્મા અપૂર્વકરણ કરી ગ્રંથિભેદ કર્યા વિના પાછો ફરી જઈ પુન: પૂર્વવત્ કોટાકોટી સાગરોપમથી અધિક કર્મસ્થિતિ કરે છે. એમ ફરી ફરી કર્મસ્થિતિમાં હાનિવૃદ્ધિ થયાં કરે છે. એમ કરતાં કરતાં આખાય ભવચક્રમાં-નિગોદથી નિર્વાણ સુધીના કાળમાં જીવને જ્યારે મોહનીયકર્મની ઉત્કૃષ્ટ કર્મસ્થિતિબંધ ૭૦ કોટાકોટી સાગરોપમ માત્ર બે જ વાર બાંધવાની હોય એવી દ્વિર્બંધક, એક જ વાર બાંધવાની હોય એવી સકૃતબંધક અને પુન: ક્યારેય એવી ઉત્કૃષ્ટ કર્મસ્થિતિ બંધાવાની નથી એવી અપુનર્બંધક અવસ્થાને પ્રાપ્ત કરે છે. આવાં અપુનર્બંધક આત્માઓનું લક્ષણ-ઓળખ એ છે કે (૧) તેઓ તીવ્રપણે રાગદ્વેષ કરી પાપ કરતાં નથી. (૨) પાપમય અને તેથી દુ:ખમય એવાં સંસારનું બહુમાન કરતાં નથી. (૩) યથાયોગ્ય-ઉચિત સઘળું કરે છે. મહામહોપાધ્યાયજીએ અપુનર્બંધકની અનુમોદના કરતાં એની ઓળખ આપી છે કે...

પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવ-રાગ રે
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદના લાગ રે. ચેતન! જ્ઞાન અજવાળીએ...

ચરમાવર્તકાળમાં પ્રવેશેલ સર્વ જીવો ભવ્યાત્મા હોય છે અને તેઓ શુકલપાક્ષિક કહેવાય છે. એમાંય અપુનર્બંધક આત્માઓ 'આદિધાર્મિક' કહેવાય છે, જે ધર્મપ્રદાનને યોગ્ય આત્માઓ છે. આત્મિકસુખની ઝાંખીનો પ્રારંભ અહીંથી થાય છે. અપુનર્બંધક આત્માની ઓળખરૂપ ઉપર્યુક્ત ત્રણ ગુણોનો વિસ્તાર તે માર્ગાનુસારીના ૩૫ ગુણો છે અને જેમ જેમ વિકાસ થતો જાય છે તેમ તેમ તેને ઉત્તરોત્તર માર્ગાભિમુખ-માર્ગાનુસારી પદોથી સંબોધવામાં આવે છે. અન્યદર્શની આવા આત્માઓને બોધિસત્ત્વ, શિષ્ટ આદિથી સંબોધે છે. આવાં જ જીવોને વિવક્ષિત પહેલું મિથ્યાત્વ ગુણસ્થાનક કહેલ છે. બાકી તો પુદ્‌ગલાભિનંદી કે ભવાભિનંદી જીવો તીવ્ર રાગદ્વેષથી દેહાત્મકબુદ્ધિની વિપરીતતાએ મિથ્યાત્વમોહનીયના ગાઢ અંધકારમાં સબડતા હોય છે, જે બહુ બહુ તો યથાપ્રવૃત્તકરણ કરી ગ્રંથિદેશે આવી પાછા ફરી જાય છે.

ચરમાવર્તકાળમાં પ્રવેશેલ ભવ્યાત્મા જ્યારે અપૂર્વકરણ કરવા પૂર્વેનું છેવટનું યથાપ્રવૃત્તકરણ કરે છે તેને 'ચરમયથાપ્રવૃત્તકરણ' કહેવાય છે. આ ચરમયથાપ્રવૃત્તકરણ કર્યા બાદ પણ જો ભવ્યાત્મા અપૂર્વકરણ કર્યા વિના પાછો ફરે છે તો તે ભવ્યાત્મા જ્યારે અપૂર્વકરણ કરવા પૂર્વેના અંતર્મુહૂર્તમાં ફરી જે સ્વપુરુષાર્થપૂર્વકનું યથાપ્રવૃત્તકરણ કરે છે તેને 'શુદ્ધ યથાપ્રવૃત્તકરણ' કહેવાય છે. યથાપ્રવૃત્તકરણનો કાળ અંતર્મુહૂર્તનો હોય છે.

અપૂર્વકરણ કરવા પૂર્વે જે ચરમયથાપ્રવૃત્તકરણ કરવામાં આવે છે તેનો કાળ અંતર્મુહૂર્તનો હોય છે. અંતર્મુહૂર્ત એટલે ૯ સમયથી લઈ ૪૮ મિનિટ ન્યૂન એક સમય સુધીનો કોઇપણ એક કાળખંડ. ચરમયથાપ્રવૃત્તકરણના અનુસંધાનમાં પૂર્વે-પહેલાં ક્યારેય નહિ કર્યા હોય એવાં પાંચ અપૂર્વકરણ એટલે કે અધ્યવસાય કરી સાધક આત્મા અપૂર્વ વાનાં કરે છે તેને 'અપૂર્વકરણ' કહેવાય છે. એ પાંચ અપૂર્વકરણના નામ છે...

(૧) અપૂર્વ સ્થિતિઘાત (૨) અપૂર્વ રસઘાત (૩) અપૂર્વ ગુણશ્રેણિ (૪) અપૂર્વ ગુણસંક્રમ અને (૫) અપૂર્વ સ્થિતિબંધ.

(૧) અપૂર્વસ્થિતિઘાત:- આ અપૂર્વકરણના એક મુહૂર્તના વીર્યોલ્લાસથી ઉપરની અંતિમ સ્થિતિના નિશ્ચિત ખંડમાંથી કર્મસ્કન્ધોને પ્રતિસમયે અસંખ્ય ગુણાની વૃદ્ધિ સાથે ઉપાડે છે અને તે કર્મદલિકોને કાં તો ઉપરની સ્થિતિમાં રહેલાં કે કાં તો નીચેની સ્થિતિમાં રહેલાં કર્મદલિકોમાં ભેળવી દઇને તે નિશ્ચિત ભાગની સ્થિતિને-કાળખંડને કર્મરહિત બનાવે છે માટે તેટલી કર્મસ્થિતિનો ઘાત થયો કહેવાય છે. અપૂર્વકરણના એક અંતર્મુહૂર્તમાં આવા હજારો સ્થિતિઘાત થાય છે. યથાપ્રવૃત્તકરણમાં કર્મસ્થિતિ જે અંત:કોટાકોટિ સાગરોપમની કરી મૂકી હતી તે અપૂર્વકરણમાં સંખ્યાતમા ભાગ જેટલી કર્મની કાળસ્થિતિ કરવામાં આવે છે તેને 'અપૂર્વસ્થિતિઘાત' કહેવાય છે.

(૨) અપૂર્વ રસઘાત:-અહીં અપૂર્વ રસઘાતના અપૂર્વકરણમાં અશુભ

કર્મોમાં રહેલાં ઉગ્રરસનો ઘાત થાય છે. અર્થાત્ રસબંધને મંદ બનાવી દેવામાં આવે છે.

(૩) અપૂર્વ ગુણશ્રેણિ:-અહીં ગુણ એટલે અસંખ્ય ગુણાકાર અને શ્રેણિ એટલે કર્મદલિકોની નિશ્ચિત ક્રમે રચના અર્થાત્ Series જેમકે અંકોને એના ઉત્તરોત્તર વર્ગ (Square) કરી ક્રમબદ્ધ શ્રેણિમાં ગોઠવવામાં આવે છે. ૨, ૪, ૧૬, ૨૫૬, ૬૫૫૩૬...ઉપર જે સ્થિતિઘાત જણાવ્યો ત્યાં પ્રતિસમય ઉપરની સ્થિતિમાંથી જે કર્મદલિકો નીચે ઉતારે તેને ઉદય સમયથી માંડીને અંતર્મુહૂર્ત સુધીનાં સ્થિતિસ્થાનોમાં અસંખ્ય ગુણના ક્રમથી કર્મદલિકોને ક્રમબદ્ધ ગોઠવવાની રચનાને ગુણશ્રેણિ કહે છે.

(૪) અપૂર્વ ગુણસંક્રમ:-અપૂર્વકરણની આ પ્રક્રિયામાં અસંખ્યાત ગુણ-અસંખ્યાત ગુણ ચડતા ક્રમે અશુભ કર્મદલિકોનું નવાં બંધાઈ રહેલા શુભ કર્મોમાં સંક્રમણ Transformation કરે અર્થાત્ અશુભને શુભમાં ફેરવી નાંખે. સામાન્યત: બંધાતા શુભકર્મમાં પૂર્વબદ્ધ અશુભકર્મના (સજાતીય) અમુક અંશોનું અને બંધાતા અશુભ કર્મમાં પૂર્વબદ્ધ સજાતીય શુભ કર્મોના અમુક અંશોનું સંક્રમણ ચાલુ જ હોય છે, પરંતુ અહીં સંક્રમ પામતો અંશ પ્રતિસમય અસંખ્ય ગુણ બનતો જાય છે તેથી તેને ગુણ સંક્રમ કહે છે. સંક્રમ થતાં કર્મનો આત્માથી વિયોગ થતો નથી, પણ તે કર્મ અન્ય કર્મની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ રૂપે પરિણત થાય છે. અર્થાત્ સામાન્ય કર્મરૂપે સત્તા નાશ પામતી નથી, પણ વિશેષકર્મરૂપે સત્તા નાશ પામે છે. કર્મનિર્જરા વડે કર્મની સામાન્ય સત્તાનો નાશ થાય છે અને સંક્રમ વડે વિશેષસત્તાનો નાશ થાય છે. અર્થાત્ સંક્રમથી સત્તા બદલાય છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ પૂર્વે કરાતા અપૂર્વકરણમાં સમ્યક્ત્વ ન હોવાથી ગુણસંક્રમ નામક અપૂર્વકરણ હોતું નથી. પરંતુ ક્ષપક કે ઉપશમ શ્રેણિના મંડાણ પૂર્વે આઠમા ગુણસ્થાનકે કરાતું અપૂર્વકરણ ચારિત્રમોહનીયકર્મ સંબંધિત હોય છે ત્યાં ગુણસંક્રમની અપૂર્વતા હોય છે.

(૫) અપૂર્વ સ્થિતિબંધ:-અપૂર્વકરણના કાળખંડમાં સંકલેશ ઓછો અને વિશુદ્ધિ વધુ અને વધુ હોવાથી પૂર્વની તુલનાએ નવિન બંધાતાં કર્મની કાળસ્થિતિ ઓછી અને ઓછી હોય છે. એ જ પ્રમાણે બંધાતા શુભકર્મનો રસબંધ તીવ્ર હોય છે અને અશુભ કર્મનો રસબંધ મંદ હોય છે.

અપૂર્વકરણ સમયે શુભ અધ્યવસાય પ્રતિસમય ચડતી માત્રામાં હોય છે. અપૂર્વકરણરૂપ પરમ વિશુદ્ધિ વડે રાગદ્વેષની તીવ્ર રસરૂપ ગ્રંથિને ભેદી નાંખવાનું અપૂર્વ પરાક્રમ થાય છે. ગ્રંથિભેદ થતાં સત્તાગત મિથ્યાત્વમોહનીયકર્મનો તીવ્ર રસ એકદમ મંદ પડી જતાં આગળની ગુણારોહણની પ્રક્રિયા સરળ થઈ પડે છે. આ વીર્યોલ્લાસવાળું અપૂર્વકરણ અંતર્મુહૂર્તકાળ સુધી ચાલે છે.

અપૂર્વકરણ પછી સાધક આત્મા 'અનિવૃત્તિકરણ'ના એક અંતર્મુહૂર્તના કાળમાં પ્રવેશ કરે છે. આ દરમિયાનમાં પણ અપૂર્વ-સ્થિતિઘાતાદિની પ્રક્રિયા ચાલુ જ રહે છે અને અધ્યવસાયો ઉત્તરોત્તર ચઢતે રંગે તેમ ચઢતે પરિણામે હોય છે. આખીય પ્રક્રિયા ચઢતી શ્રેણિની હોય છે. વળી એક જ સાથે એક જ સમયે અનિવૃત્તિકરણની ગુણારોહણ પ્રક્રિયામાં પ્રવેશેલા સર્વ સાધક આત્માના અધ્યવસાયો એક જ સરખા સમકક્ષ હોય છે. એક બીજી અપેક્ષાએ અનિવૃત્તિકરણનું એવું અર્થઘટન પણ થાય છે કે ઉપશમ સમ્યક્ત્વભાવ પ્રગટ કર્યા વિના પાછા ફરવું જ નહિ, એટલે કે એ મેળવ્યા સિવાય નિવૃત્તિ લેવી જ નહિ, જંપીને બેસવું જ નહિ, મચી પડવું અને પ્રવૃત્તિ કરતાં જ રહેવું.

અનિવૃત્તિકરણનો અંતર્મુહૂર્તનો કાળ સમાપ્ત થવા પૂર્વે સંખ્યાતમા કાળનો ભાગ બાકી રહે ત્યારે એક આંતરિક અંતરકરણ કરવાની ક્રિયાનો પ્રારંભ થાય છે, જેમાં ઉદીરણા અને આગાલની ક્રિયા થતી હોય છે. આગાલક્રિયાથી એવા કાળખંડનું નિર્માણ થાય છે, કે જે કાળખંડ મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકના ઉદય વિનાનો હોય, જેના પ્રારંભે ઉપશમ સમ્યક્ત્વ પ્રગટ થાય. આ અંતરકરણની ક્રિયા દ્વારા નજીકના કાળમાં ઉદયમાં આવનાર મિથ્યાત્વમોહનીયકર્મ દલિકોને, ક્યાં તો પહેલેથી જ ઉદયમાં લાવી આત્મ પ્રદેશોથી ખેરવી નાંખે છે અથવા તો એ કાળખંડમાં કર્મદલિકોની સ્થિતિમાં ફેરફાર કરી પૂર્વની કે ઉત્તરની સ્થિતિવાળા કર્મમાં નાંખી, ચાલુ વર્તમાન મિથ્યાત્વમોહનીય કર્મ ઉદયકાળ અને નજીકના ભવિષ્યમાંના મિથ્યાત્વમોહનીયકર્મ ઉદયકાળ વચ્ચે આંતરું પાડે છે, અર્થાત્ ગાબડું પાડે છે, કે જે આંતરાના કાળમાં એકપણ મિથ્યાત્વમોહનીયકર્મદલિક ઉદયમાં નહિ આવે. ઉદાહરણ તરીકે બપોરે ૩ થી ૪ કલાકના એક કલાકનો સમયગાળો કર્મચારીએ પોતાના અંગત કામ માટે મોકળો રાખવો છે, તો તે એવી ગોઠવણ કરે છે કે ૩ થી ૪ના કાળખંડનું કાર્ય ૩ વાગ્યા પહેલાં થઈ શકતું હોય, તે ૩ પહેલાં જ કરી લે છે અથવા તો ૪ વાગ્યા પછી કરવા માટે મુલતવી રાખે છે.

આમ કર્મદલિકોની આઘાપાછા કરવાની આગાલક્રિયાથી નિર્માણ થયેલ કાળખંડમાં એક પણ મિથ્યાત્વમોહનીય કર્મદલિક ઉદયમાં આવતો નથી તે કાળખંડ ઉપશમ સમ્યક્ત્વભાવ સ્પર્શનાનો કાળ હોય છે. જેમ દાવાનળ ઉખરભૂમિને પ્રાપ્ત કરી શાંત થાય છે તેવી આ સ્થિતિ હોય છે.

અત્રે ઉપશમ સમ્યક્ત્વભાવના પ્રગટીકરણથી તેના બળે ઉપશમ સમ્યક્ત્વના કાર્યરૂપ મિથ્યાત્વમોહનીયકર્મદલિકોના અનુભાગને ત્રણ વિભાગમાં વિભાજી નાંખે છે. એ વિભાગીકરણ કરેલાં કર્મદલિકોનાં ત્રણ પુંજ બનાવે છે, જે અનુક્રમે શુદ્ધ (સમ્યક્ત્વ મોહનીય), શુદ્ધાશુદ્ધ (મિશ્ર) કે અર્ધશુદ્ધ, અને અશુદ્ધ (મિથ્યાત્વ) હોય છે. આ એક પ્રકારનું Assortment વર્ગીકરણ હોય છે.

હવે પ્રગટ થયેલ ઉપશમ સમ્યક્ત્વનો કાળ જ્યારે જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલિકાનો (૧ આવલિકા=અસંખ્ય સમય) બાકી રહે છે ત્યારે પૂર્વોક્ત વિભાજિત કરેલ ત્રણેય પુંજોમાંથી કેટલાંક દલિકોને છેલ્લી આવલિકાના સ્થિતિસ્થાનોમાં ગોઠવે છે. સાધકાત્મા જ્યારે છેલ્લી આવલિકામાં પ્રવેશ કરે છે ત્યારે તે સમયના સાધકના અધ્યવસાય અનુસાર, ત્રણ પ્રકારના પુંજમાંથી કોઇપણ એક પ્રકારના પુંજમાં રહેલ દલિકો વિપાકોદયમાં આવે છે અને શેષ રહેલાં બે પ્રકારના પુંજોના દલિકો એ વિપાકોદયમાં આવેલ પુંજના દલિકોની જે પ્રકૃતિ હોય તે પ્રકૃતિમાં સંક્રમી જાય છે અને પ્રદેશોદયથી ભોગવઇ જાય છે. પરિણામે છેલ્લી અંતિમ આવલિકામાં પ્રવેશેલ સાધકાત્માને જો સમ્યક્ત્વ મોહનીયકર્મના શુદ્ધ કર્મદલિકોનો ઉદય હોય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વભાવની પ્રાપ્તિ થાય છે અને ચોથા ગુણસ્થાનકે ટકી રહે છે પરંતુ ઉપશમને બદલે 'ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ અવિરતિ' ગુણસ્થાનક કહેવાય છે. જો મિશ્ર મોહનીયકર્મના અર્ધશુદ્ધ દલિકો ઉદયમાં આવે તો ચોથા ઉપશમ સમ્યક્ત્વ અવિરતિ ગુણસ્થાનકેથી હેઠો ઊતરી ત્રીજા મિશ્રમોહનીય ગુણસ્થાનકને પામે છે, કે જ્યાંથી અંતર્મુહૂર્તકાળમાં જીવ પુન: ચોથા ગુણસ્થાનકે આરોહણ કરે છે અથવા તો પહેલાં મિથ્યાત્વ ગુણસ્થાનકે પાછો ફરે છે. એના બદલે જો મિથ્યાત્વ મોહનીયકર્મના

અશુદ્ધ દલિકો ઉદયમાં આવે તો સાધક સીધો જ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે પાછો ફરે છે. પ્રાપ્ત ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જઘન્યથી એક અંતર્મૂહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમ જેટલા દીર્ઘકાળ સુધી ટકી રહે છે.

અંતિમ આવલિકામાં પ્રવેશ સાથે શુદ્ધ કર્મદલિકોના ઉદયથી ક્ષાયોપશમિક સમકિત પ્રાપ્ત થાય છે. ઉપર જણાવ્યા મુજબ શેષ બાકી રહેલ અર્ધશુદ્ધ અને અશુદ્ધ કર્મદલિકો ક્રમે કરીને અશુદ્ધ અર્ધશુદ્ધમાં અને પછી બધાં અર્ધશુદ્ધ કર્મદલિક શુદ્ધ કર્મદલિકમાં સંક્રમી જાય છે. બધાં જ કર્મદલિકો શુદ્ધમાં સંક્રમી જતાં એ શુદ્ધ કર્મદલિકોનો છેવટનો જથ્થો ઉદયમાં વેદાતો હોય તે સમયે સત્તામાં ઉપશાન્ત ભાવે ત્રણેયમાંથી એકે ય પુંજનો એકેય કર્મદલિક રહેલ હોતો નથી અને માત્ર શુદ્ધ પુંજના છેવટના જથ્થાને માત્ર ઉદય દ્વારા વેદવાનું અને વેદીને ક્ષય કરવાનું જ કામ ચાલતું હોવાથી એ સ્થિતિને 'વેદક સમ્યક્ત્વ' કહેવાય છે. આ વેદક સમ્યક્ત્વ માત્ર એક સમય પૂરતું હોય છે.

આમ ગ્રંથિદેશે પહોંચાડનારું કરણ તે યથાપ્રવૃત્તકરણ. ગ્રંથિભેદ કરાવનાર કરણ તે અપૂર્વકરણ અને ઉપશમ સમ્યક્ત્વભાવની સ્પર્શના કરાવનાર કરણ તે અનિવૃત્તિકરણ-અંતરકરણ. ત્રણેનો કાળ એક એક અંતમૂર્હૂર્ત.

ચરમયથાપ્રવૃત્તિકરણ એટલે પ્રવૃત્તિ. અપૂર્વકરણ એટલે પરાક્રમ, અનિવૃત્તિકરણ એટલે જય, અંતરકરણથી સમ્યગ્દર્શનની સ્પર્શના તે આનંદ અને સમ્યક્ત્વનું પ્રાગટ્ય એટલે મુક્તિ સાથેનું જોડાણ-Connection.

મિથ્યાત્વ મોહનીયકર્મનો બંધ અને સત્તા હોય છે તેમ ઉદય પણ હોય છે. જ્યારે મિશ્રમોહનીય કે સમ્યક્ત્વમોહનીયનો બંધ નથી હોતો પણ સત્તા અને ઉદય હોય છે.

ચોથું અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક એ તેરમા સયોગી કેવળી ગુણસ્થાનકનો પાયો છે. સાચી સાધકતા-ધાર્મિકતાની શરૂઆત જ સમ્યક્ત્વભાવ પ્રાપ્તિથી છે. શુદ્ધ આત્મભાવનો પાયો સમ્યગ્દર્શન-દર્શનાચાર છે.

મિથ્યાત્વ મોહનીયનો ઉદય એટલે સાધ્ય સાથે છૂટાછેડા.

ક્ષાયોપશમિક સમકિત એટલે સાધ્ય સાથે છેડાછેડી.

અને

ક્ષાયિક સમકિત એટલે સાધ્ય સાથે સાયુજ્યતા (અભેદતા).

ઉપશમ સમકિત મોહને દબાવે છે, ક્ષયોપશમ સમિકત મોહને સુધારે છે, જ્યારે ક્ષાયિક સમકિત મોહને મારે છે-ખતમ કરે છે. ક્ષયોપાશમ એ પુરુષતંત્ર છે જ્યારે ક્ષાયિકતા એ વસ્તુતંત્ર છે. વળી ક્ષયોપશમ એ આશિંક ભાવ છે જ્યારે ક્ષાયિક એ પૂર્ણ ભાવ છે.

'તત્ત્વજ્ઞાન તરંગિણી'માં જણાવ્યા મુજબ...

નિજ સ્વભાવજ્ઞાનમાં કેવલ ઉપયોગે તન્મયાકાર સહજ સ્વભાવે નિર્વિકલ્પપણે આત્મા પરિણમે તે 'કેવલજ્ઞાન' છે.

તથારૂપ પ્રતીતિપણે પરિણમે તે સમ્યકત્વ છે. નિરંતર તે પ્રતીતિ વર્ત્યા કરે તે 'ક્ષાયિક સમ્યક્ત્વ' કહીએ છીએ. તે પ્રતીતિને સત્તાગત આવરણ ઉદય આવ્યાં નથી ત્યાં સુધી 'ઉપશમ સમ્યક્ત્વ' કહીએ છીએ. આત્માને આવરણ ઉદય આવે ત્યારે તે પ્રતીતિથી પડી જાય છે. તેને 'સાસ્વાદન સમ્યક્ત્વ' કહીએ છીએ. અત્યંત પ્રતીતિ થવાના યોગમાં સત્તાગત અલ્પ પુદ્ગલનું વેદવું જ્યાં રહ્યું છે તેને 'વેદક સમ્યક્ત્વ' કહીએ છીએ.

(૧) પહેલું મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક :-મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયથી જેની દૃષ્ટિ વિપરીત થયેલી હોય છે અને જે વિનાશી પદાર્થમાં અવિનાશિતાની બુદ્ધિ કરી વિનાશી-અસત્-મિથ્યા પદાર્થને વળગે છે તે મિથ્યાદૃષ્ટિ છે. દેહ જે વિનાશી છે તે દેહમાં 'હું' બુદ્ધિ કરી, આત્મા જે 'હું'-'સ્વયં' છે તે આત્માને ભૂલી જઈ 'આત્મા છે કે નહિ ?' એવો પ્રશ્ન પૂછતો ફરે છે અને આત્મા હશે કે નહિ એવી દ્વિધામાં વિનાશી દેહને સર્વસ્વ માની દેહને કેન્દ્રમાં રાખી દેહની આળપંપાળ કરનાર સંશયાત્મા મિથ્યાત્મા છે. તે બહિર્દૃષ્ટિ બહિરાત્મા છે. એ મિથ્યાદૃષ્ટિ છે, જેમ મદ્યપાન કરનાર મનુષ્ય મદ્યની અસરમાં સારાસારનો વિવેક ભૂલી અહિતાચરણ કરે છે, તેમ મિથ્યાત્વ મોહનીયકર્મના ઉદયમાં જીવ આત્માના હિતાહિતનો વિવેક ભૂલી, હેય ઉપાદેયનો વિવેક વિસારી આત્માના અહિતાચરણમાં પ્રવૃત્ત હોય છે.

જીવ અનાદિનો અનંતકાળથી મિથ્યાત્વમોહનીયકર્મના ઉદયવાળો પહેલાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકે જ છે. જાતિભવ્ય જીવોને સામગ્રી કે તક મળવાની નથી, તેથી તેઓ આ ગુણસ્થાનકેથી આગળ વિકાસ સાધનાર નથી, માટે એમને અનાદિ અનંતકાળ મિથ્યાદૃષ્ટિ થઇને જ જીવવાનું છે. દુર્ભવ્ય જીવોને હજુ કાળનો પરિપાક થયો નથી માટે આ ગુણસ્થાનકેથી આગળ વિકાસ સાધવાને એમને હજુ અવકાશ છે, અર્થાત્ દીર્ઘકાળ સુધી રાહ જોવી પડે એમ છે. અભવ્યજીવોને આ મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકથી ઉપરના ગુણસ્થાનકે વિકાસ સાધવાની તક અને સામગ્રી મળવા છતાં અપૂર્વકરણ કરી ગ્રંથિભેદી દૃષ્ટિ પરિવર્તન કરી શકનાર નથી, માટે તેઓ અનાદિ અનંતકાળ મિથ્યાદૃષ્ટિ રહી સંસાર-પરિભ્રમણ કર્યા કરવાના છે. જ્યારે ભવ્યજીવો સામગ્રી અને તક મળતાં મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિમાં પરિવર્તિત કરી, દેહ અને આત્માનું ભેદજ્ઞાન કરી દેહમાં રહી દેહાતીત થઈ, યોગમાં રહી ઉપયોગને સ્થિર કરીને યોગ સ્થિર કરી યોગાતીત થઈ અદેહી બની શકનાર છે, તેથી તેમને માટે પહેલું મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનક અનાદિ સાન્ત છે.

સર્વ જીવોને અક્ષરનો-અનંતમો ભાગ હંમેશા ઉઘાડો હોય છે અને ગાઢ મિથ્યાત્વનો ઉદય હોવા છતાં જીવ, જીવ મટી અજીવ-જડ-પુદ્ગલ થઈ જતો નથી, જાત્યાંતર-દ્રવ્યાંતર થતું નથી તેટલા જ્ઞાનાદિગુણની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિને ગુણસ્થાનક કહેલ છે. બાકી સાધનાની અપેક્ષાએ સાધનાગુણનો પ્રારંભ અપુનર્બંધક અવસ્થાથી થાય છે. જ્યારે સાધનાનો પ્રારંભ સમ્યક્ત્વ પ્રાપ્તિથી થાય છે.

બીજું સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિગુણસ્થાનક :- આ ગુણસ્થાનક પડતાંનું ગુણસ્થાનક છે. જે સાધક કર્મદલિકોને દબાવીને-ઉપશમાવીને વિકાસ સાધે છે, એનું અવશ્ય પતન થાય છે. અનંતાનુબંધી કષાયનો ઉદય થાય છે ત્યારે કે પછી અન્યથા ઔપશમિક સમ્યક્ત્વી સાધકાત્માનું પતન થતાં અનંતાનુબંધી કષાયના ઉદયથી મિથ્યાત્વાભિમુખ હોવાથી જ્યાં સુધી દૂષિત સમ્યક્ત્વનો અનુભવ-વેદન કરે છે, તેને સાસ્વાદન સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક કહે છે. ક્ષીરાદિ વાનગીનું ભોજન કર્યા બાદ વમન થતાં, જે દૂષિત રસાસ્વાદનું અનુભવન થાય છે તેના જેવું ઉપરના ગુણસ્થાનકેથી પતન પામનારા સાધકનું આ ગુણસ્થાને સમ્યક્ત્વનું દૂષિત રસાસ્વાદન હોય છે. ઉપશમભાવનું સમ્યક્ત્વ આખાય ભવચક્રમાં-નિગોદથી નિર્વાણ સુધીમાં ઉત્કૃષ્ટથી પાંચ જ વાર હોય છે, તેથી પતન પણ પાંચ વાર હોય છે. એટલે આ બીજા સાસ્વાદન ગુણસ્થાનકની સ્પર્શના પણ ભવચક્રમાં

પાંચ જ વાર હોય છે. આ ગુણસ્થાનકનો કાળ માત્ર ૧ સમયથી ૬ આવલિકાનો હોય છે.

(૩) ત્રીજું મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક :-ત્રિકરણમાં અનિવૃત્તિકરણની અંતરકરણની ક્રિયામાં અર્થાત્ ઉપશમ સમ્યક્ત્વની છેલ્લી અવલિકામાં શુદ્ધ, અર્ધશુદ્ધ અને અશુદ્ધ કર્મદલિકોના ત્રણ પુંજમાંથી જ્યારે અર્ધશુદ્ધ પુંજનો ઉદય થાય છે, ત્યારે જિનપ્રરૂપિત તત્ત્વોને વિષે એકાન્તરૂચિરૂપ શ્રદ્ધાન કે એકાન્ત અરૂચિરૂપ અશ્રદ્ધાન હોતું નથી, પણ મિશ્ર પરિણામ હોય છે, તેને મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે. આ ગુણસ્થાનક ગુણારોહણ અને ગુણાવરોહણ (પતન) અર્થાત્ પહેલાં ગુણસ્થાનકથી ચોથા ગુણસ્થાનકે ચડતાં અને ચોથા ગુણસ્થાનકથી પહેલે ગુણસ્થાનકે પડતાં એમ ઉભય વેળા હોય છે. આ ગુણસ્થાનકનો કાળ અંતર્મુહૂર્તનો હોય છે, જેના અંતે શુદ્ધ પરિણામ થાય તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, પણ જો અશુદ્ધ પરિણામ થાય તો મિથ્યાદર્શનને પામે છે. આ ગુણસ્થાનકે જન્મમરણ ન થાય અને આયુષ્યનો બંધ પડે નહિ.

(૪) ચોથું અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક :- જેની મિથ્યાદૃષ્ટિ પરિવર્તિત થઈ સમ્યગ્ બની છે, પણ પાપવ્યાપારથી નિવૃત્તિરૂપ વિરતિ એટલે કે ચારિત્ર સર્વથી કે દેશથી (આંશિક) સ્વીકારેલ નથી, છતાં પોતાના પાપકર્મની નિંદા કરતો, જીવાદિ નવ તત્ત્વનો બોધ અને શ્રદ્ધા થયાં છે અને જેનો મોહ ચલિત થયો છે એવો સાધકાત્મા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. આ ગુણઠાણુ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક કહેવાય છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી જ જ્ઞાન, દર્શન, ચારિત્ર સમ્યગ્ બને છે કે જે સર્વજ્ઞત્વ અને સિદ્ધત્વના પ્રાગટ્યનું મૂળ છે. સ્વરૂપસાધનાના ચૌદ સોપાનમાં સમ્યક્ત્વપ્રાપ્તિ એ ચોથું સોપાન છે, પરંતુ સાધનાનો સાચો આરંભ આ ગુણઠાણેથી જ છે. કારણ કે સમ્યક્ત્વ પ્રાપ્તિથી વિપર્યાસમુક્ત થવાય છે અર્થાત્ દૃષ્ટિમાંની વિપરીતતા-વિપર્યાસ નીકળી જઈ દૃષ્ટિ સમ્યગ્ બને છે તેથી દર્શન યથાર્થ થાય છે. આત્મામાં આત્મબુદ્ધિ-સ્વબુદ્ધિ થાય છે અને દેહમાં પરબુદ્ધિ થાય છે. 'હું કોણ?'નો જવાબ મળે છે અર્થાત્ સાચો 'હું' સમજાય છે, એટલે કે આત્મજ્ઞાન થવા સાથે આત્મભાન થાય છે. હેય, જ્ઞેય, ઉપાદેયનો વિવેક આવે છે. વિવેકહીન જીવન વિવેકવંત બને છે. ભ્રમ ભાંગે છે, ભ્રાંતિ દૂર થાય છે, તત્ત્વનું યથાર્થ દર્શન-ભાન-જ્ઞાન થાય છે. અંધકાર હઠે છે, પહો ફાટે છે અને કાંઈક મોંસૂઝણું થાય તેવો દૃષ્ટિઉઘાડ થાય છે.

આ સમકિતિ સાધક આત્માએ કર્મવશ વિરતિનો સ્વીકાર નથી કર્યો હોતો, પણ ઈચ્છા તો વિરતિની પ્રાપ્તિની જ હોય છે કેમકે વિરતિથી જ મુક્તિ એવી એને દઢ પ્રતીતિ હોય છે. વળી પ્રાપ્ત સમ્યક્ત્વની રક્ષા, વૃદ્ધિ અને શુદ્ધિ પણ વિરતિથી જ છે એવી માન્યતા હોય છે. આ સાધકાત્મા સાધનાના આ સોપાને વિરતિનો અસ્વીકાર હોવાથી સંસારમાં હોય છે પણ સંસાર એનામાં નથી હોતો. એ પરાણે સંસારમાં રહેતો હોય છે. સંસાર એને દાઝતો હોય છે. એ કાયપાતી હોઈ શકે છે પણ કયારેક ચિત્તપાતી થતો નથી. આત્મા જેવો છે તેવો સમકિત જોતો હોય છે, જાણતો હોય છે અને એવો બનવા ચાહતો હોય છે.

વિરતિના સ્વરૂપના યથાર્થ જ્ઞાન, વિરતિના સ્વીકાર અને વિરતિના પાલન એ ત્રણ પદને અનુલક્ષીને શાસ્ત્રકાર મહર્ષિઓએ આઠ ભાંગા બતાડેલ છે.

૧. વિરતિનું જ્ઞાન નથી, સ્વીકાર નથી અને પાલન પણ નથી એ સઘળાં જીવો મિથ્યાત્વી છે. ૨. એ મિથ્યાત્વી જીવોમાંથી જે વિરતિના યથાર્થ જ્ઞાન વિના કે વિરતિ સ્વીકાર્યા વિના વિરતિની પાલના કરે છે તે અજ્ઞાન તપસ્વીઓ છે-તાપસ છે. ૩. વળી જે મિથ્યાત્વી જીવો વિરતિના યથાર્થ જ્ઞાન કે યથાર્થ પાલન કર્યા વિના પ્રતિજ્ઞાપૂર્વક વિરતિનો સ્વીકાર કરનારા છે તે પાસત્થા આદિ કુસાધુઓ છે. ૪. જે જીવો વિરતિના યથાર્થ જ્ઞાન સિવાય પ્રતિજ્ઞાપૂર્વક વિરતિ સ્વીકારી યથાર્થ પાલના કરે છે, તે અગીતાર્થ મુનિ છે. ૫. જેને વિરતિનું યથાર્થ જ્ઞાન છે, પરંતુ વિરતિનો સ્વીકાર કરી વિરતિની પાલના કરવા અસમર્થ છે તે શ્રેણિકાદિ જેવાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ છે જે આ ચોથા ગુણ ઠાણાના જીવો છે. ૬. જ્યારે જે જીવોને વિરતિનું યથાર્થ જ્ઞાન છે, વિરતિની યથાર્થ પાલના, વિરતિનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કર્યા વિના કરે છે તે અનુત્તરવિમાનવાસી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ દેવ છે. ૭. વિરતિનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર તો કરે છે પરંતુ વિરતિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોવા છતાં યથાર્થ પાલના કરી શકતા નથી પણ વિરતિની યર્થાથ પાલનાના પક્ષપાતી છે, તે સંવિગ્ન પાક્ષિક મુનિ છે. ૮. જે વિરતિનું યથાર્થ સ્વરૂપ જાણી તેનો પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી વિરતિનું યથાર્થ પાલન કરનારા છે તે પાંચમે કે છઠ્ઠે ગુણસ્થાનકે રહેલ દેશવિરતિ કે સર્વવિરતિ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ હોય છે.

આ ચોથા ગુણઠાણે રહેલ સમ્યગ્દૃષ્ટિ સાધકાત્માના સમ્યક્ત્વના ત્રણ પ્રકાર હોય છે.

(૧) ઔપશમિક સમ્યક્ત્વ :- આ પ્રકારના સમ્યક્ત્વમાં મિથ્યાત્વમોહનીયકર્મના દલિકોનો ઉદય હોતો નથી. બધાંય મિથ્યાત્વમોહનીયકર્મદલિકોને દબાવી રાખવામાં આવે છે અને ઉદયમાં આવવા દેવાતા નથી. અર્થાત્ દોષ દબાવી રાખી ગુણવિકાસ સધાતો હોય છે, પરંતુ એમાં પતન અવશ્ય થાય છે.

(૨) ક્ષયોપશમિક સમ્યક્ત્વ :- આ પ્રકારના સમ્યક્ત્વમાં ઉદયમાં આવેલ મિથ્યાત્વમોહનીયકર્મદલિકોનો પ્રદેશોદયથી ક્ષય હોય છે અને ઉદયમાં નહિ આવેલ કર્મદલિકોનો ઉપશમ હોય છે. આમ ક્ષય અને ઉપશમ ઉભય હોવાથી ક્ષાયોપશમિક કહેવાય છે. જાડી ભાષામાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વને દોષયુક્ત ગુણ કહી શકાય કેમકે સત્તામાં દોષ રહેલ છે. જ્યારે ઔપશમિક સમ્યક્ત્વને દોષ સહિત ગુણ કહી શકાય, જ્યાં સત્તામાં દોષ છે જે પ્રદેશોદયથી પણ ઉદયમાં નથી અને ક્ષાયિકને દોષરહિત ગુણ કહેવાય જ્યાં દોષ સત્તામાં પણ નથી અને ઉદયમાં પણ નથી.

(૩) ક્ષાયિક સમ્યક્ત્વ:- મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય, સમકિત મોહનીયના સઘળાંય કર્મદલિકો અને અનંતાનુબંધીરસના ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયના સઘળાંય કર્મદલિકોનો સર્વથા ક્ષય-નાશ કરી અર્થાત્ દર્શન સપ્તકના ક્ષયથી પ્રાપ્ત થતો સ્વાભાવિક તત્ત્વરુચિરૂપ આત્મપરિણામ ક્ષાયિક સમ્યક્ત્વ કહેવાય છે. એ દોષરહિત ગુણની પ્રાપ્તિ છે કે જે ક્યારેય ફરી દોષરૂપ થનાર નથી; તે ગુણ સાથેની અભેદતા છે. ક્ષાયિક સમ્યક્ત્વ ભવચક્રમાં એક જ વાર પ્રાપ્ત થાય છે અને તે અનંતકાળ (ત્રિકાળ-કાયમ) ટકે છે તેથી તે સાદિ-અનંત ભાંગે કહેવાય છે. જ્યારે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ભવચક્રમાં અસંખ્ય વાર આવે અને અસંખ્ય વાર ચાલી જાય તે સંભવિત છે. એક જ ભવમાં પણ બેથી નવ હજાર વાર આવે અને જાય એવું સંભવિત છે.

કેટલાંક સાધકો 'નિસર્ગથી' એટલે બાહ્ય નિમિત્તોને પામ્યા વિના

આંતરિક આત્મબળથી કુદરતી જ સત્યદર્શન-સમ્યગ્દર્શનને પામે છે જ્યારે કેટલાંક સાધકો 'અધિગમથી' એટલે દેવગુરુના નિમિત્તને પામીને ગ્રંથિભેદ કરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

સમ્યદર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ જે આત્મપરિણામ છે તે જ નિશ્ચયદૃષ્ટિથી સમ્યક્ત્વ છે અને તે ૭મા ગુણઠાણે જ હોય છે, કારણ કે તે જ સ્વરૂપદાયક-સિદ્ધત્વદાયક સમ્યક્ત્વ છે. નિશ્ચયનય પરંપર કારણને કારણ નથી માનતો, પણ અનંતરકારણને જ કારણ માને છે જે કાર્યોત્પાદક છે.

ઔપશમિક સમ્યક્ત્વ ૪ થી ૧૧ ગુણસ્થાનક સુધી, ક્ષાયિક સમ્યક્ત્વ ૪ થી ૧૪ ગુણસ્થાનક સુધી, વેદક સમ્યક્ત્વ ક્ષાયિકની પ્રાપ્તિ પૂર્વે ૪ થી ૭ સુધી અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ૪ થી ૭ ગુણસ્થાનક સુધી હોય છે.

પાંચમું દેશવિરતિ ગુણસ્થાનક :- ચોથા સમ્યગ્દૃષ્ટિ અવિરતિ ગુણઠાણે દૃષ્ટિ પરિવર્તન તો થયેલ છે પણ જીવન પરિવર્તન થયેલ નથી હોતું. એ ગુણઠાણે અનંતાનુબંધી પ્રકારના તીવ્ર દીર્ઘકાલીન કષાય તો ઉદયમાં નથી હોતાં પણ અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન પ્રકારના કષાય તો ઉદયમાં હોય છે. પરંતુ દૃષ્ટિ સુધરતાં અર્થાત્ વૃત્તિ પલટાતાં, પ્રવૃત્તિમાં પણ પલટો આવે છે, કેમકે પ્રવૃત્તિનું મૂળ વૃત્તિ છે અને વૃત્તિનું દૃશ્યસ્વરૂપ પ્રવૃત્તિ છે. મિથ્યાત્વી હતો ત્યારે દુરાચારી, અનાચારી કે પછી લૌકિક સદાચારી વૈભવી વિલાસી જીવન જીવતો હતો. પરંતુ દૃષ્ટિ પરિવર્તન થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિએ ભવનિર્વેદ જાગે છે અને મુક્તિનું લક્ષ બંધાય છે જે આચરણ સુધારે છે. વૈરાગ્યભાવ યુક્ત લોકોત્તર સદાચારી ધર્મમય જીવન જીવતો થાય છે અને મોહને રમવાના રમકડાં પરિગ્રહની મર્યાદા બાંધે છે. યમ, નિયમ, વ્રત, પચ્ચખ્ખાણ સ્વીકારી ચોથા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકેથી પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકે આરોહણ કરે છે. આ ગુણઠાણે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની પ્રકારના કષાય તો ઉદયમાં નથી હોતા, પણ પ્રત્યાખ્યાની અને સંજ્વલન કષાય તો હજી ઊભા જ હોય છે.

આ ગુણઠાણે પાપવ્યાપારનો સર્વથા ત્યાગ નથી હોતો પણ અંશત: ત્યાગ હોવાથી તે દેશવિરતિ ગુણસ્થાનક કહેવાય છે. અહીં માંગ તો હોય છે જ, પણ માંગમાં મર્યાદા હોય છે અને વિવેક હોય છે. બારવ્રતમાંથી કોઇપણ એક વ્રતથી લઈ બારેય વ્રત ગ્રહણ કરનારા સાધકાત્મા હોય છે. કેટલાંક આગળની વિકાસની ભૂમિકાએ પહોંચેલ સાધકાત્મા અનુમતિ સિવાય સર્વ પાપવ્યાપારનો ત્યાગ કરતાં હોય છે. આ અનુમતિના ત્રણ પ્રકાર છે.

૧. અન્યના પાપકાર્યને જે વખાણે છે અને અન્ય દ્વારા પાપસેવનથી પ્રાપ્ત થયેલ સામગ્રી જે ભોગવે છે તેને 'પ્રતિસેવનાનુમતિ'નો દોષ લાગતો હોય છે.

૨. સંબંધીના પાપાદિ કાર્યોને સાંભળે છે અને નિષેધ નહિ કરતાં સંમત પણ થાય છે તેને 'પ્રતિશ્રવણાનુમતિ'નો દોષ લાગતો હોય છે.

૩. નિકટના સ્વજનના પાપાદિનાં કાર્યોને જે સાંભળતો પણ નથી, વખાણતો પણ નથી છતાંય માત્ર સાથે રહેવારૂપ તે સ્વજન ઉપરનું મમત્વ તો હોય છે એને 'પ્રતિસંવાસાનુમતિ'નો દોષ લાગતો હોય છે.

જે દેશવિરતિધર સંવાસાનુમતિ સિવાયના સર્વ સાવદ્ય (પાપ) વ્યાપારનો ત્યાગ કરે છે તે 'ઉત્કૃષ્ટ દેશવિરતિધર શ્રાવક' કહેવાય છે. આગળ વધી જે સંવાસાનુમતિનો પણ ત્યાગ કરે છે તે 'યતિ' કહેવાય છે.

આ ગુણસ્થાનક મનુષ્યો અને તિર્યંચોને જ હોય છે. સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યો જિનપ્રતિમા અને જિનમુનિના આકારના બીજા મત્સ્યોને જોઇને જાતિસ્મરણ જ્ઞાન થયેથી સમ્યક્ત્વ તથા દેશવિરતિનો મનથી સ્વીકાર કરે છે, તેથી તેઓને પણ દેશવિરતિનો સંભવ છે. પ્રભુબોધિત ચંડકોશિયાનું દૃષ્ટાંત આપણી પાસે મોજૂદ છે.

દેશવિરતિધર શ્રુતિ, વિવેક અને ધર્મક્રિયા યુક્ત હોવાથી શ્રાવક કહેવાય છે અને તે શ્રમણોપાસક હોય છે.

૬. છઠ્ઠું પ્રમત્ત સંયત ગુણસ્થાનક :- પાંચમા દેશવિરતિ ગુણઠાણે શ્રમણોપાસક શ્રાવક જીવન જીવતાં જીવતાં વીર્યોલ્લાસમાં વૃદ્ધિ થતાં, નિર્વેદ અને સંવેગનાં પરિણામ તીવ્ર થતાં, પરિવાર, સ્વજન, સંબંધી, સંપત્તિ આદિનો પરિગ્રહ, ઇત્યાદિ સર્વનો સર્વથા પરિત્યાગ કરી, સાવદ્ય વ્યાપાર એટલે કે હિંસાદિ પાપ વ્યાપારનો સર્વથા પરિત્યાગ કરી સર્વવિરતિધર્મ એટલે કે નિરાશ્રવધર્મ અંગીકાર કરી, પ્રતિજ્ઞાપૂર્વક ભાગવતી પ્રવજ્યા સ્વીકારી 'પ્રમત્ત સંયત ગુણસ્થાનક' નામના છઠ્ઠા ગુણઠાણે પદારોપણ કરે છે, કે જ્યાં સંજ્વલન કષાય ચતુષ્ટયના ઉદય નિમિત્તની જ સરાગ અવસ્થા હોય છે. આ જૈનશાસનના ભિક્ષુક એવા શ્રમણનું નિરવદ્ય, નિષ્પાપ, નિરારંભી, નિષ્પરિગ્રહી, નિરાલંબી, નિરુપદ્રવી, નિર્દોષ, નિર્મળ સાધુજીવન છે. એ સાચું, સાદું, સાધન અને સાધ્યથી યુક્ત સાધનામય સાધકજીવન છે તેથી જ સાધુજીવન છે. અહીં સાધક સંવેગી આત્માનો સંવેગ રંગશાળામાં પ્રવેશ છે. આ પ્રેમ અને કરુણા-જનિત ષડકાયરક્ષાપૂર્વકનું, જયણાયુક્ત, પંચ મહાવ્રતના સ્વીકાર સહિત પંચાચારની પાલનાપૂર્વકનું, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિયુક્ત, અર્હમ્ અને સિદ્ધમ્‌ના લક્ષપૂર્વકનું, રત્નત્રયીની આરાધના સહિત વીતરાગ બનવા માટેનું નવવાડપૂર્વકનું બ્રહ્મચારી વૈરાગી સાધુજીવન એ જ છઠ્ઠા ગુણઠાણાની પ્રમત સંયત અવસ્થા છે. પ્રમત એટલા માટે કહેલ છે કે આ ગુણઠાણે તીવ્ર સંજ્વલન કષાયના ઉદય નિમિત્ત કાંઈક પ્રમાદસહિત હોય છે તેથી પ્રમત્ત સંયત કહેવાય છે.

સર્વવિરતિભાવમાં પાંચ પ્રકારના ચારિત્ર્ય હોય છે, જે સામાયિક, છેદોપસ્થાનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર્ય તરીકે ઓળખાય છે. પ્રથમ ત્રણ ચારિત્ર આ છઠ્ઠા ગુણઠાણે હોય છે. પરિહારવિશુદ્ધિ ચારિત્ર પણ આ ગુણઠાણે પ્રાપ્ત થાય છે, પરંતુ તે વિશિષ્ટ દેશ, કાલ, સંઘયણ તથા શ્રુતાદિ સાપેક્ષ હોવાથી ક્યારેક જ હોય છે. તેથી આ ગુણઠાણે પ્રથમ બે ચારિત્ર જ હોય છે. સૂક્ષ્મસંપરાય ચારિત્ર દશમા ગુણઠાણે જ હોય છે, જ્યારે વીતરાગભાવનું યથાખ્યાત પ્રકારનું ચારિત્ર અગિયારથી ચૌદમા ગુણઠાણે જ હોય છે.

આ ગુણઠાણે પૂર્વેના પાંચમા દેશવિરતિ ગુણઠાણાની અપેક્ષાએ વિશુદ્ધિનો પ્રકર્ષ (વધારો) અને અશુદ્ધિનો અપકર્ષ (ઘટાડો) હોય છે. પરંતુ ઉત્તરના સાતમા અપ્રમત સંયત ગુણઠાણાની અપેક્ષાએ વિશુદ્ધિ અનંતગુણ હીન હોય છે અને અશુદ્ધિ અનંતગુણ વધુ હોય છે.

આજ ગુણઠાણે લબ્ધિવંત ચૌદપૂર્વધર આહારક લબ્ધિનો ઉપયોગ કરે છે.

આ ગુણઠાણાનું સાધુજીવન એટલે સાધનાને અનુકૂળ સાધન જેને અનુરૂપ સાધક જીવન જીવાય તો સાધ્યથી તદ્રૂપ થવાય અર્થાત્ વીતરાગ બનાય. (ક્રમશ:)

□ સંકલન : સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી

# જયપ્રકાશ નારાયણના રાજકીય વિચારો

□ ડૉ. ધર્મેન્દ્રસિંહ ડી. ઝાલા

જયપ્રકાશ નારાયણ (૧૯૦૨ થી ૧૯૭૯) આધુનિક ભારતના અગ્રિમ હરોળના સમાજવાદી ચિંતક, સર્વોદયી કાર્યકર, ભારતની સ્વાતંત્ર્ય લડતના લડવૈયા અને સંપૂર્ણ ક્રાન્તિના પ્રણેતા હતા. અભ્યાસકાળ દરમ્યાન હોંશિયાર વિદ્યાર્થી. ૧૮ વર્ષની ઉંમરે અસહકારના આંદોલનમાં જોડાયા. ૧૯૨૨માં અમેરિકા ગયા અને સાત વર્ષના વસવાટ દરમ્યાન કારખાનાંઓ, હૉટલો, ખેતીવાડીમાં કાર્ય કરીને પોતાનું શિક્ષણખર્ચ પૂર્ણ કરી બી.એ.ની પદ્વી મેળવી. અભ્યાસકાળ દરમ્યાન તેમણે માર્કસવાદી-સામ્યવાદી સાહિત્યનું અધ્યયન કર્યું અને સામ્યવાદી વિચારોની અસર હેઠળ આવ્યા. ૧૯૨૯માં એક સામ્યવાદી-માર્ક્સવાદી તરીકે ભારત પરત આવ્યા. ગાંધીજી અને નહેરુ સાથે પરિચય થયો અને કોંગ્રેસમાં જોડાયા. ત્યારબાદ આચાર્ય નરેન્દ્રદેવનો પરિચય થતાં બધાએ ભેગા મળીને સમાજવાદી પક્ષની ૧૯૩૫માં સ્થાપના કરી અને પક્ષના મહામંત્રી બન્યા. લગભગ ૧૯૫૪ થી સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થયા અને સંપૂર્ણપણે સર્વોદયી કાર્યક્રમમાં જોડાયા અને સમગ્ર જીવન સર્વોદય આંદોલનમાં પસાર કર્યું. કટોકટી દરમ્યાન ફરી પ્રવૃત્ત થયા. ૧૯૭૪માં જનતંત્ર સમાજની સ્થાપના કરી.

જયપ્રકાશ નારાયણના રાજકીય જીવનને ચાર ભાગમાં મૂકી શકાય. સામ્યવાદી કાર્યકર અને માર્ક્સવાદી ચિંતક, કોંગ્રેસી જયપ્રકાશ, સમાજવાદી જયપ્રકાશ અને છેવટે લોકશાહીના રખેવાળ તરીકે જયપ્રકાશ. તેમના સમાજવાદી વિચારો પોતાના પુસ્તક 'Why Socialism ?' માં રજૂ કર્યા છે. સમાજવાદી વિચારધારા કે ખ્યાલ એ તેમના માટે વ્યક્તિગત આચરણની બાબત ન હતી, પરંતુ સામાજિક સંગઠનની એક પ્રણાલિકા હતી. તેમના મતાનુસાર સમાજવાદી વ્યવસાય એટલે એવી સ્થિતિનું નિર્માણ કે જેમાં વિવિધ પ્રકારની અસમાનતાઓનો નાશ કરવામાં આવે અને એવા પ્રકારની સ્થિતિ ઊભી થાય કે જેમાં સમાજના વધુમાં વધુ લોકો સુખચેનથી જીવી શકે. જયપ્રકાશજી સામાજિક તેમજ આર્થિક ક્ષેત્રે ધડમૂળથી પરિવર્તનની વાત કરે છે. કોઈ એક-બે ક્ષેત્રે નહીં પણ તમામ ક્ષેત્રે આમૂલ પરિવર્તનમાં માને છે. આ પ્રકારનું પરિવર્તન એ જ તેમનો 'સંપૂર્ણ ક્રાન્તિ'નો ખ્યાલ, એ તેમનો સર્વાંગી કે બહુપરિમાણીય પરિવર્તનનો તેમનો કાર્યક્રમ કે યોજના હતી. કોઈ એકાદ ક્ષેત્રે પરિવર્તન-ક્રાન્તિ થાય, ત્યારબાદ બીજા ક્ષેત્રે, ત્યાર પછી ત્રીજા ક્ષેત્રે પરિવર્તન થાય એમ નહીં, પરંતુ તેઓ સંપૂર્ણ પરિવર્તન-સંપૂર્ણ ક્રાન્તિ-આમૂલાગ્ર પરિવર્તનમાં વિશ્વાસ ધરાવે છે. તેઓ આજીવન આ માટે પ્રયત્નશીલ રહ્યા હતા તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. જયપ્રકાશ નારાયણે દર્શાવેલ આ સંપૂર્ણ ફેરફાર કે પરિવર્તન એટલે જ 'સંપૂર્ણ ક્રાન્તિ'. તેમણે એમ પણ જણાવ્યું કે 'સાચો સમાજવાદ ત્યારે જ સ્થાપી શકાય કે જ્યારે આ સંપૂર્ણ ક્રાન્તિની પ્રક્રિયા પરિપૂર્ણ થાય.' આમ માત્ર રાજકીય કે આર્થિક જ નહીં પરંતુ તમામ ક્ષેત્રો, સામાજિક, આર્થિક, રાજકીય, નૈતિક, સાંસ્કૃતિક, માનસિક, શૈક્ષણિક વગેરે સમાજજીવનના, જાહેર જીવનના તમામ ક્ષેત્રોમાં પરિવર્તન એ જ સંપૂર્ણ ક્રાન્તિ. તેમની સમાજવાદી વિચારધારામાં આ સંપૂર્ણ ક્રાન્તિનો ખ્યાલ એક આગવી ભાત પાડતો ખ્યાલ છે. એટલું જ નહીં પરંતુ આધુનિક ભારતીય રાજકીય ચિંતન-પ્રણાલિઓમાં આ એક ઉમદા ભેટ છે.

જયપ્રકાશજીના મતાનુસાર સમાજવાદ એ આર્થિક અને સામાજિક પુનર્નિર્માણનો સિદ્ધાંત છે. સમાજવાદનો હેતુ સમાજનો સમન્વિત વિકાસ કરવાનો છે. સમાજમાં જે તીવ્ર અસમાનતા જોવા મળે છે તેની પાછળ ઉત્પાદનનાં સાધનો પણ થોડા લોકોનું વર્ચસ્વ કારણભૂત છે. જો દરેક વ્યક્તિને ઉત્પાદનનાં સાધનો પર ઉપલબ્ધ થાય તો ગરીબાઈ અને આર્થિક અસમાનતા દૂર થઈ શકે. તેઓ ઉત્પાદનનાં સાધનોના સામાજીકરણ પર ભાર મૂકે છે અને જો એમ થાય ત્યારે જ સમન્વિત અને સંતુલિત સમાજ ઊભો થઈ શકે એવું તેઓ માને છે. ભારત જેવા દેશમાં બેંકો, વાહનવ્યવહારનાં સાધનો અને વ્યાપાર પર ધીમે ધીમે રાજકીય નિયંત્રણને પ્રોત્સાહન આપવું જોઇએ અને સમાજવાદી વિચારધારા ભારતીય સંસ્કૃતિને તો ખૂબ જ અનુરૂપ છે. આથી ભારતીય સંસ્કૃતિના મૂલ્યોની પૂરેપૂરી જાળવણી કરીને સમાજવાદ સ્થાપી શકાય. ભારતમાં હિંસા, શોષણ વગેરેને સ્થાન નથી. સહકાર, સમન્વય, ભ્રાતૃભાવ વગેરે ભાવનાઓને પહેલેથી જ માન અને સ્થાન આપવામાં આવ્યું છે. સુખદુ:ખમાં ભાગીદાર બનવાની ભાવના દેશમાં પહેલેથી જ પડેલી છે. પ્રાચીન ભારતની ગ્રામીણ વ્યવસ્થા મોટે ભાગે સમાજવાદી વ્યવસ્થાને અનુરૂપ જ હતી. સંયુક્ત કુટુંબ પ્રથામાં પણ સમાજવાદી ભાવનાની ઉદાર અને પવિત્ર પ્રણાલિકાઓ પડેલી છે. આ તમામ બાબતોને જયપ્રકાશજી સામાજિક નિર્માણ અને સંગઠનની એક પદ્ધતિ તરીકે રજૂ કરે છે.

તેમની દૃષ્ટિએ સમાજવાદનો ઉદ્દેશ દેશમાં સંપૂર્ણ આર્થિક અને સામાજિક જીવનનું પુન: સંગઠન કરવાનો છે અને તે દ્વારા વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની અસમાનતાને દૂર કરવાનો છે. બીજી રીતે કહીએ તો સમાજવાદનો હેતુ અન્યાયકારી અસમાનતાને દૂર કરવાનો છે. સૌના વ્યક્તિત્વનો વિકાસ થાય એ માટે પ્રયત્ન કરવો તથા સર્વ લોકો ઉત્પાદન-કાર્યમાં ભાગીદાર બને, ખાનગી મિલકતનો સંગ્રહ ન કરે તેવા પ્રકારની વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. આથી જ સામાજિક અન્યાય અને અસમાનતાને રોકવા માટે વ્યક્તિગત સંપત્તિ પર અંકુશ હોવો જરૂરી છે. આમ આર્થિક સમાનતા એ જયપ્રકાશ નારાયણના સમાજવાદી ચિંતનનો પાયો છે, મૂળ આધાર છે. તેમના જણાવ્યા મુજબ એવા પ્રકારની સમાજવાદી વ્યવસ્થાનું નિર્માણ થવું જોઇએ જેમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી વ્યક્તિગત નહીં પરંતુ સામૂહિક હોય, ઉત્પાદન અને ઉપભોગ પણ સામૂહિક ઢબે થાય. દેશમાં સમાજવાદી સમાજરચનાની સ્થાપના માટે તેમણે જે કાર્યક્રમ આપ્યો તેમાં દેશના આર્થિક જીવનના વિકાસ પર રાજ્યનું નિયંત્રણ, મુખ્ય ઉદ્યોગોનું સામાજિકરણ, વિદેશી વ્યાપાર ફક્ત રાજ્યના હસ્તક, શોષક વર્ગને દૂર કરવો, ખેતીનું ખેડૂતો વચ્ચે નવેસરથી વિતરણ કરવું, સામૂહિક ખેતીને રાજ્ય દ્વારા પ્રોત્સાહન અપાવવું-આપવું, ખેડૂતો અને મજૂરોના દેવાની માફી બક્ષવી, વ્યવસાયને આધારે પુખ્તવય મતાધિકાર આપવો, સમાજમાં કોઈ પણ જાતના ભેદભાવો ન રાખવા વગેરે બાબતો-મુદ્દાઓ પર ભાર મૂકયો. આ પ્રકારના ધ્યેયોને પાર પાડવામાં રશિયામાં જે પ્રગતિ થઈ હતી તેનાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. પરંતુ બળ/હિંસા દ્વારા રશિયામાં જે કાંઈ થઈ રહ્યું હતું તેના તેઓ વિરોધી હતા. આ બધા હેતુઓને લોકશાહી માર્ગે ધીમે ધીમે, અહિંસક માર્ગે પ્રાપ્ત કરવાના મતના તેઓ હતા. આમ તેઓ માર્ક્સવાદી વિચારોની અસર હેઠળ હોવા છતાં પણ ભારતના સંદર્ભમાં તેમણે સમાજવાદી સમાજરચનાનું ચિત્ર દોરી આપ્યું છે. તેઓ માત્ર સિદ્ધાંતવાદી ન હતા પરંતુ વ્યવહારુ વિચારક પણ હતા. તેમના આ વિચારોની પ્રશંસા કરતાં ગાંધીજીએ પણ કહ્યું હતું કે 'જયપ્રકાશ એક સાધારણ કાર્યકર ન હતા અને તેઓ સમાજવાદી વિચાર પરના એક અધિકારી

વક્તા હતા, ગાંધીજીના મતાનુસાર પશ્ચિમી સમાજવાદ સંબંધે જે વાતો જયપ્રકાશ જાણતા ન હતા તે વાત ત્યારે બીજું કોઇ પણ જાણતું ન હતું. આમ સમાજવાદના સંબંધે તેમના વિચારો માર્ક્સવાદી હતા પણ સાધનોની દૃષ્ટિએ તેઓ સંપૂર્ણપણે ગાંધીવાદી-સર્વોદયવાદી હતા. તેમને એ વાતમાં પણ સંપૂર્ણ શ્રદ્ધા હતી કે લોકશાહી શાસનવ્યવસ્થા સિવાય સમાજવાદની કલ્પના કરી શકાય તેમ નથી.

જયપ્રકાશ નારાયણને રાજનીતિ કે રાજકારણ પ્રત્યે કોઈ વિરોધ કે છોછ નહોતો પણ તેઓ એમ ચોક્કસપણે માનતા હતા કે રાજનીતિ કદાપિ સત્તાલક્ષી હોવી જોઇએ નહીં. કદાચ આ ખ્યાલમાંથી જ તેમનો 'પક્ષવિહીન લોકશાહી'નો વિચાર ઊભો થયો જણાય છે. આજે આપણે જોઇએ છીએ તેમ દરેક રાજકીય પક્ષનું ધ્યેય માત્ર સત્તાલક્ષી રહ્યું છે. જાણે કે સત્તા મેળવવી એ જ જાણે કે તેમનું અંતિમ લક્ષ્ય ન હોય ! જયપ્રકાશજી સત્તાના રાજકારણમાં નહીં પણ લોકરાજકારણમાં શ્રદ્ધા ધરાવતા હતા. આથી જ તેઓએ એક વખત જણાવેલ કે 'ભારતમાં લોકશાહીનો અર્થ એવો કરું છું કે લોકો છે પણ તેમની પાસે વાસ્તવિક અર્થમાં સત્તા નથી.' તેઓ લોકનીતિ, જનતાની રાજનીતિ, લોકભાગીદારી વિગેરેમાં માને છે. ભારતમાં સાચા અર્થમાં, લોકોનું રાજ્ય કેમ સ્થપાય એ તેમની સતત મૂંઝવણ અને મથામણ રહી હતી. જયપ્રકાશજીનાં વાક્યોને મૂકીને જ આ બાબતને વધુ સારી રીતે સમજી શકાય. તેઓએ આ સંબંધે એક વાર જણાવેલ કે 'આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, પરંપરાગત રાજનીતિ લોકજીવનને અમુક અંશે અસર કરે જ છે. તે અસર બની શકે એટલી સમાજ માટે તંદુરસ્તીભરી રહે તેની ચિંતા અને ચિંતન પરંપરાગત રાજનીતિની બહાર રહીને પણ કરવું જ રહ્યું.' ભારતની લોકશાહી વ્યવસ્થા અંગે તેમણે ઉંડું ચિંતન કર્યું હતું. આજે જ્યારે લોકશાહી વ્યવસ્થામાં, જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર, સગાંવાદ, લાંચરૂશ્વત, માફિયાગીરી, દાદાગીરી, ધાકધમકી, પ્રત્યક્ષ-પરોક્ષ દબાણ વગેરે પરિબળોની ચોમેર બોલબાલા છે તેવા સંજોગોમાં-સમયમાં તેમના વિચારો ઘણા પ્રસ્તુત બને છે. તેઓ વર્તમાન લોકશાહી વ્યવસ્થાને ધડમૂળથી બદલવા માગતા નથી પણ વર્તમાન લોકશાહી વ્યવસ્થા-માળખું કઈ રીતે તેના સાચા અર્થમાં મજબૂત બને તે તરફ તેમણે ધ્યાન આપ્યું છે. વર્તમાન લોકશાહી વ્યવસ્થા સામે જે વિવિધ પડકારો ઊભા થયા છે તેનો કઈ રીતે સામનો કરવો તે તરફ તેઓ વિચારે છે અને તે દ્વારા વર્તમાન લોકશાહી વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે હાકલ કરે છે. કટોકટી દરમ્યાન તેઓ પણ કેટલા સક્રિયા બન્યા હતા તે આપણે સૌ સારી રીતે જાણીએ છીએ. ૧૯૫૪ થી તેમણે સક્રિય રાજકારણમાંથી સંન્યાસ લીધો હતો તે છેક ૧૯૭૪માં કટોકટીના સમય દરમ્યાન ફરી પ્રવૃત્ત થાય છે અને એક મોટા લોકઆંદોલનની નેતાગારી તેઓ લે છે તે બધો ઇતિહાસ સારી રીતે જાણીતો છે.

જયપ્રકાશ નારાયણ સહિત ઘણા વિદ્વાનો, ચિંતકો, રાજનીતિજ્ઞો, રાજ્યશાસ્ત્રીઓ વગેરેએ આપણા દેશની લોકશાહી વ્યવસ્થા અંગે વિચારો રજૂ કર્યા છે. પ્રા. રજની કોઠારી સાહેબે તો ભારતીય લોકશાહી અને રાજકારણને એક અલગ રીતે જ જોવાનો સુંદર પ્રયાસ કર્યો છે. વર્તમાન સમયમાં વડોદરામાં શ્રી રાવજીભાઈ પટેલ જેઓ રાવજી મોટા તરીકે જાણીતા છે તેમણે પણ ઘણા તીવ્ર અને કડક અવલોકન આ સંબંધે કર્યા છે. પરંતુ જયપ્રકાશજીએ લોકશાહી શાસન પદ્ધતિ એ માત્ર શાસન પદ્ધતિ ન રહેતાં કેવી રીતે જીવન જીવવાની પદ્ધતિ-વ્યવસ્થા બને ('Democracy as a Way of Life') તે માટે ચિંતન કર્યું છે. ખાસ કરીને કટોકટીના સમયગાળા બાદ તેમણે આ બાબતને કેન્દ્રમાં રાખેલી હતી. ભારતમાં લોકશાહીવ્યવસ્થા મજબૂત બને તે માટે તેમણે કેટલાક ઉપાયો સૂચવ્યા છે. જેવા કે બંધારણમાં જરૂરી સુધારાઓ થવા ઘટે, નાગરિક સ્વાતંત્ર્ય (Civil Liberty)નું જતન થાય. મિલકતના અધિકારને મૂળભૂત હક્ક ગણાવો ન જોઇએ, કેન્દ્ર-રાજ્યો વચ્ચેના સંબંધો સ્થિર બને, ચૂંટાયેલા પ્રતિનિધિઓ પછી તે ગમે તે ક્ષેત્રે હોય તેના પર અંકુશ-નિયંત્રણની વ્યવસ્થા હોય, લોકખ્યાલ, પક્ષપલ્ટા પર પ્રતિબંધ, ચૂંટણી પ્રથામાં જરૂરી ફેરફારો વગેરે દર્શાવ્યા છે. જો કે તેમણે તો 'પક્ષવિહીન લોકશાહી'નો ખ્યાલ રજૂ કર્યો છે પરંતુ વાસ્તવમાં હાલ એ શક્ય બની શકે તેમ નથી. આ ખ્યાલ રજૂ કરવા પાછળ તેમના ઉપર ગાંધીજી-વિનોબાના વિચારોની અસર પડેલી સ્પષ્ટપણે જણાય છે. તેઓ 'પક્ષવિહીન લોકશાહી'ના ચુસ્ત સમર્થક છે. વર્તમાન સમયની પક્ષવ્યવસ્થામાં ઘણા બધા ગેરફાયદાઓ-દોષો છે, જેવા કે મતદાન પ્રથા, બોગસ વોટીંગ, મતની ખરીદી, જ્ઞાતિનું ચૂંટણીઓમાં મહત્ત્વ, ધાકધમકી, દબાણ, ચૂંટણી લડવામાં થતો નાણાંનો અતિરેક વગેરે. ઉપરાંત લોકશાહીમાં ઘણી વખત બહુમતી સાચા અર્થમાં બહુમતી હોતી નથી. રાષ્ટ્રીય હિત-પ્રજાકીય હિત-જનહિતની ઉપેક્ષા થાય છે અને પોતાનું હિત કે પક્ષના હિતને જ કેન્દ્રમાં રાખવામાં આવે છે. એનાથી રાષ્ટ્રીય એકતાને પણ ફટકો પડે છે. તેઓ જણાવે છે કે જો 'પક્ષવિહીન લોકશાહી' અસ્તિત્વમાં આવી શકે નહીં તો એવા પ્રકારની વ્યવસ્થા કે માળખું ઊભું થવું જોઇએ કે જેમાં લોકો તંત્રમાં સાચા અર્થમાં સહભાગીદાર બની શકે. (People's Participation or Participatory Democracy). આમ જયપ્રકાશજી લોકભાગીદારી, લોકસંમતિ, લોકનીતિ, લોકઅવાજ પર ભાર મૂકે છે. ઉપરાંત તેઓ જણાવે છે કે 'સાચી લોકશાહી ત્યાં જ સંભવી શકે કે જ્યાં રાજકીય અને આર્થિક સત્તાનું ખરેખરા અર્થમાં વિકેન્દ્રીકરણ થયેલું હોય.' આથી જ તેઓ પંચાયતીરાજ વ્યવસ્થાને આવકારે છે. તેઓ લોકશાહી સમાજવાદમાં શ્રદ્ધા ધરાવે છે તેથી જણાવે છે કે ભારતમાં સમાજવાદ સ્થાપવા માટે અન્ય દેશોની માફક દમન કે કાયદાઓનો ઉપયોગ કરવાને બદલે શાંતિ, સહકાર, સમજાવટ અને હૃદય પરિવર્તન જેવા કાર્યક્રમો પ્રયોજવા જોઈએ. તેમણે સર્વોદયની ગાંધીવાદી પ્રણાલિકાઓને પોતાના વિચાર મુજબના સમાજવાદમાં સાકાર પામતી નિહાળી હતી. આ સંબંધે તેમણે યોગ્ય જ કહ્યું હતું કે 'ભારત જેવા વિશાળ અને ખેતીવાડી પ્રધાન દેશમાં સર્વોદયી યોજનાઓનો મોટા પાયા પર ફેલાવો કરવામાં આવે તો ચોક્કસપણે દેશ સમાજવાદી ધ્યેયોને સિદ્ધ કરી શકે.' આ માટે તેમણે રાજનીતિ-રાજકારણને સ્થાને લોકનીતિ-લોકકારણ તથા સરકારી સેવકોના સ્થાને લોકસેવકોનો ખ્યાલ વહેતો મૂક્યો. તેમના આ પ્રકારના વિચારોને લીધે જ તે પોતે પણ 'લોકનાયક'-'જનનાયક'નું બિરૂદ પામ્યા હતા તે પણ અત્રે નોંધવું જરૂરી થઈ પડશે. તેમને એ વાતમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી કે સર્વોદયવાદ-ગાંધીવાદ દ્વારા જ 'પક્ષવિહીન લોકશાહી સમાજવ્યવસ્થા' ઊભી કરી શકાય.

ભારતની પરિસ્થિતિને કેન્દ્રમાં રાખીને તેમણે એક એવી મહેચ્છા વ્યક્ત કરેલી હતી કે એક એવી સામાજિક અને રાજકીય વ્યવસ્થા સ્થપાય જે વ્યવસ્થાની અંતર્ગત સમાજવાદી સિદ્ધાંતો પર આધારિત એક વિકેન્દ્રિત રાજકીય તથા આર્થિક વ્યવસ્થાની સ્થાપના થઈ શકે અને આવા પ્રકારની વ્યવસ્થામાં વ્યક્તિ માત્ર રાજ્ય કે સમાજનું અંગ નહીં બનતાં વ્યવસ્થાના એક અગત્યના ભાગ તરીકે ભૂમિકા ભજવે, એટલે કે આ પ્રકારની વ્યવસ્થામાં વ્યક્તિ એક સક્રિય ભાગીદાર તરીકેની ભૂમિકા ભજવે. આવી વ્યવસ્થા ત્યારે જ ફળીભૂત થાય જ્યારે દરેક વ્યક્તિ પોતે સામેલ થાય અને પોતપોતાની ભૂમિકા ભજવે. જો કે જયપ્રકાશજીએ ભારતમાં લોકશાહી મજબૂત અને સુદૃઢ બને તે માટે કેટલાક પ્રયાસો પણ કર્યા. ખાસ કરીને જનતંત્ર સમાજ, લોકશાહીના

સંગોપન માટે યુવાશક્તિ, નાગરિક સ્વાતંત્ર્ય સંગઠન વગેરેની પાછળ આ ભાવ રહેલો જોવા મળે છે. તેમણે લોકસમિતિની રચના કરવા જણાવ્યું તેની પાછળનું મુખ્ય કારણ લોકશાહીની રક્ષા કરવાનું જ છે. આવી રચાયેલી લોકસમિતિ એ માત્ર સમાજના દરેક ક્ષેત્રે પરિવર્તન લાવવામાં ભાગીદાર નહીં બને બલકે સમાજના દરેક ક્ષેત્રે પરિવર્તન લાવવામાં મદદરૂપ બનશે અને લોકશાહી સમાજ-નવરચનામાં આ લોકસમિતિઓ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે તેમ તેઓ ચોક્કસ માનતા હતા. લોકસમિતિ રાજકારણમાં, જાહેર જીવનને કલુષિત કરતાં વાતાવરણને અટકાવી શકે, ચૂંટણીઓમાં ભાગ લઈને પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી શકે, વહીવટીતંત્રને અને સ્વચ્છ, તંદુરસ્ત અને પારદર્શક બનાવી શકે, સરકાર પર વિવિધ રીતે અંકુશ નિયંત્રણો મૂકી શકે. જયપ્રકાશજીને એ બાબતમાં સંપૂર્ણ વિશ્વાસ હતો કે જ્યાં સુધી લોકોમાં નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક ગુણોનો સરખો વિકાસ થશે નહીં ત્યાં સુધી ઈચ્છિત ધ્યેયો પાર પાડી શકાશે નહીં. ગાંધીજીની માફક જયપ્રકાશજી પણ માને છે કે નાગરિક સત્ય અને અહિંસામાં શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવતો હોય ત્યારે જ લોકશાહી તંત્રવ્યવસ્થા સફળ અને સુચારુ રીતે ચાલી શકે. રાજ્ય કે વ્યક્તિના ત્રાસ અને દમનનો અહિંસક માર્ગે પ્રતિકાર કરવાની નાગરિકમાં શક્તિ હોવી જોઈએ. ચંબલના ખૂંખાર અને ત્રાસ ફેલાવતા ડાકુઓને આત્મસમર્પણ જયપ્રકાશે સમજાવટ અને સહકારથી કરાવ્યું. આ એક તેમનું અમૂલ્ય પ્રદાન છે. નાગરિકોમાં પરસ્પર સહકારની ભાવના પ્રવર્તતી હોય એ પણ એટલું જ જરૂરી છે. બીજા લોકોના વિચારોને સાંભળવાની, સમજવાની અને સહન કરવાની શક્તિ હોવી જરૂરી છે. જો કે જયપ્રકાશ નારાયણ પોતે જણાવે છે કે આ તમામ ગુણો નાગરિક ધરાવી શકે કે કેમ એ પણ એક મોટો પ્રશ્ન છે, છતાં બને એટલા વધુ ગુણો નાગરિક પોતાના જીવન અને વ્યવહારમાં ઉતારે તો લોકશાહી તંત્રવ્યવસ્થા સફળ રીતે કાર્ય કરી શકે. આમ જયપ્રકાશજી એ માત્ર આદર્શવાદી વિચારક નહીં પણ વાસ્તવવાદી વિચારક પણ છે. તેઓશ્રીની જન્મશતાબ્દીનું આ વર્ષ ઉજવાઈ રહ્યું છે તે પ્રસંગે તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પુ છું.

❖❖❖

# મૃત્યુ મહારાજવીની મહેર

## ❑ પૂ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ

પ્રાચીન કાળમાં એક એવો રિવાજ હતો કે, જેલની સજા પામેલો કોઈ અપરાધી, જો રાજાને પ્રસન્ન કરીને, રાજકૃપા પામી શકવામાં સફળતા પામી શકતો, તો રાજાને વિનવીને પોતાના શિરે ફટકારાયેલી આજીવન-કેદ જેવી સજામાંથી એ મુક્તિ મેળવી શકતો! ન્યાય-ક્ષેત્રમાં રાજાનો હસ્તક્ષેપ વર્જ્ય હોવા છતાં રાજાનો આ એક અધિકાર અબાધિત રહેતો, જેની રૂએ રાજા કોઈ કેદીને કેદમુક્ત કરવા સ્વતંત્ર રહી શકતો! આજે પણ લગભગ આને મળતો જ અધિકાર રાષ્ટ્ર-પ્રમુખની પાસે હોય છે. એથી રાષ્ટ્રપતિ પણ ધારે તો કોઇને ફાંસીની સજામાંથી મુક્તિ આપી શકે છે.

જે મૃત્યુનું નામ પડતાં જ આપણે થરથર ધ્રૂજી ઊઠીએ છીએ, એ મૃત્યુમાં યમરાજ નહિ, મિત્રરાજ કે મહારાજનું દર્શન મેળવવું હોય, તો એક સુભાષિતનો સંદેશ સાવધાન-કાન રાખીને સાંભળવો જ રહ્યો. એ સુભાષિત કહે છે:

ગર્ભથી માંડીને જ બિચારો આ આત્મા કાયાની કેદમાં પુરાયેલો છે. આ કેદમાંથી આત્માને મુક્તિ અપાવવાનો એક માત્ર અધિકાર મૃત્યુ નામના મહારાજા જ ધરાવે છે.

આત્મા એ સર્વોત્કૃષ્ટ ચીજ છે. આનાથી ચડિયાતી કોઈ ચીજ મળવી અશક્ય છે. કોઈ મોટા કારખાનામાં જે મહત્ત્વ વીજળીનું હોય છે, એથી કંઈ ગણું વધુ મહત્ત્વ કાયાના આ કારખાનામાં આત્માનું છે. આંખોને જોવાની શક્તિ બક્ષનાર, કાનને સાંભળવાની તાકાત આપનાર, નાકને સૂંઘવાનું સામર્થ્ય દેનાર, જીભને ખાવા-ગાવાની તાકાતનું દાન કરનાર, અને ચામડીને સ્પર્શ-શક્તિનું વિતરણ કરનાર સર્વશક્તિમાન જો કોઈ તત્ત્વ હોય તો તે આત્મા છે. જીવલેણ રોગોથી ભરપૂર શરીર પણ જો કીડાથી અને બદબૂથી ખદબદી ન ઊઠતું હોય, તો તે પ્રભાવ દેહની ભીતરમાં રાજ્ય કરનારા આત્માનો છે. એથી જ આત્માની વિદાય માત્રથી જ યૌવનથી છલબલતો દેહ પણ થોડી જ વારમાં ગંધાતી ગટર જેવો અદર્શનીય બની જતો આપણે જોઇ શકીએ છીએ.

આત્માની આટલી મહાશક્તિની ઝાંખી મેળવી લીધા બાદ હવે વિચારવા જેવી ચીજ એ જ છે કે, આવી મહાશક્તિને પણ વસવાટ માટે કર્મયોગે કેવું ગંધાતું અને ત્રણ સાંધે ત્યાં તેર તૂટે એવું તકલાદી દેહ નામનું રહેઠાણ મળતું રહ્યું છે ! આ રહેઠાણનો વિચાર કરતાં ગંભીર-ગમગીન બની જવાય અને ઝૂંપડીમાં દિવસો વિતાવનાર કોઈ ચક્રવર્તી કે દેવેન્દ્રનું કલ્પના-ચિત્ર નજર સમક્ષ તરવરી ઊઠે, તો નવાઈ ન ગણાય. દેહ નામના આવા ગંદા-ગોબરા રહેઠાણમાંથી ચક્રવર્તી જેવા આત્માને સદાને માટે મુક્તિ અપાવવી હોય, તો મહા-સમાધિ મૃત્યુ નામના મહારાજાધિરાજની કૃપાને પાત્ર બનવું જ રહ્યું, પણ આ તો દૂરની શક્યતા થઇ. બાકી ગર્ભથી માંડીને આપણો આત્મા દેહને પાંજરે પુરાયો છે, એને આંશિક મુક્ત કરીને વધુ સુંદર દેહનો પલટો અપાવવા ય મૃત્યુ નામના મહારાજવીની કૃપા મેળવ્યા વિના ચાલે એમ જ નથી.

એક કલ્પના-દર્શન મેળવીએ કે, નવજાત શિશુ, બાળપણ, યૌવનાવસ્થા, પ્રૌઢાવસ્થા વગેરેના કપરાં અને સીધાં ચઢાણો ચઢતો ચઢતો જ્યારે ૭૦/૮૦ની વય વટાવી જાય છે, ત્યારે એનો દેહ કેવો જર્જરિત થઈ જાય છે! ત્યારે પાંચે ય ઇન્દ્રિયો પાંગળી બની બેસે છે, સૌંદર્યની એક અખંડ વસંત પ્રચંડ પાનખરમાં પલટાઇ જાય છે. અને જોતાંની સાથે જ આંખ જ્યાં ચોંટી જતી હતી, એવા એ દેહ પર નજર કરવાનું ય મન નથી થતું! ખંડેર જેવા હાલહવાલ પામેલા આવા દેહમાંથી આત્માએ જો મુક્ત બનીને નવા રળિયામણા દેહાવાસમાં નવો વસવાટ મેળવવો હોય, તો આ અવસરે એક મૃત્યુ-રાજ જ મદદગાર બની શકે એમ છે. એટલે આત્માને મુક્તિ અને અમરતા અપાવી શકે એવું મૃત્યુ તો આપણા માટે એક મહામિત્ર જેવું ઉપકારી-તત્ત્વ છે.

આજ સુધી આપણે મૃત્યુને યમરાજ તરીકેના ભીષણ-ભયંકર સ્વરૂપમાં જ જોતા-કલ્પતા આવ્યા છીએ, પણ આપણું આ દર્શન એક ભ્રમ છે. ભવભ્રમણના ફેરા સતત ચાલુ રાખનારા આ ભ્રમમાંથી ઊગરી જઇને, મૃત્યુને એક મિત્ર તરીકે કે મહારાજવી તરીકે વધાવવાની દૃષ્ટિ પામવી હોય, તો સુભાષિતના આ સંદેશને સાનમાં સમજીને અને કાનમાં કોતરીને, પ્રાણમાં પ્રતિષ્ઠિત કરવો જ રહ્યો! ❖❖❖

# આચાર્ય શ્રી વલ્લભસૂરિકૃત બારમાસા

□ ડૉ. કવિન શાહ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઋતુકાવ્યના પ્રકાર તરીકે બારમાસી અથવા બારમાસા કાવ્યપ્રકારની જૈન કૃતિઓ મોટે ભાગે નેમિનાથ ભગવાન અને સ્થૂલિભદ્ર વિશેની ઉપલબ્ધ થાય છે. તેમાં મુખ્યત્વે રાજુલ અને કોશાના વિરહનું ભાવવાહી રસિક નિરૂપણ થયું છે. બારમાસી કાવ્યપ્રકાર માત્ર વિરહની વેદના વ્યક્ત કરવા પૂરતો મર્યાદિત રહ્યો નથી, પણ જૈન-વૈષ્ણવ ધર્મના પ્રસાર રૂપે તેમજ સામાજિક સમસ્યાઓના સંદર્ભમાં પણ આવાં કાવ્યો રચાયાં છે. જ્ઞાની કવિ અખાએ 'જ્ઞાનમાસ'ની રચના કરી છે. તેમાં શ્લેષાત્મક અભિવ્યક્તિ કરીને પ્રચલિત બારમાસનો ઉલ્લેખ કર્યો છે.

કારતકે કાંતલકે ચેતે નહીં માનવી, માગશિર સુખ હશે ગુરુદેવથી
પોષ તું તુજને માહાબ્રહ્મ રસ વડે, માહા જન જાણે રે હાણ નિત્ય હોયે'.

કવિ દામોદર, દયાળ, પ્રીતમદાસ, બાપુ સાહેબ, ભોજા ભગત વગેરેની બારમાસની કૃતિઓ ઉપલબ્ધ થાય છે, તેમાં પણ જ્ઞાનમાર્ગના વિચારોનું નિરૂપણ મહત્ત્વનું છે.

કવિ દામોદરની ચૈત્ર માસથી શરૂ થતી કૃતિનું ઉદાહરણ જોઇએ :

'ચૈતરમાસ ચિત્ત નિર્મળ થયું મારું રે, શાસ્ત્ર સદ્‌ગુરુનું વચન લાગે સારું રે
વિવેક વૈરાગ્યની વાત મુજને ભાવે રે, સદ્‌ગુરુ ઉપર સ્નેહ, મુજને આવે રે'

ચારણી બારમાસીમાં ઋતુપરિવર્તનના સંદર્ભમાં વિરહભાવનાને મસ્ત વાણીમાં લલકારી શકાય તેવી કૃતિ પ્રાપ્ત થાય છે. લોકગીતોમાં બારમાસનો સંદર્ભ મળી આવે છે. કવિ નર્મદની 'ગરીબોના બારમાસ' રચનામાં સુધારક વિચારોનું નિરૂપણ કરે છે.

બારમાસી કાવ્યપ્રકારની ઉપરોક્ત વિગતોને આધારે વિચારીએ તો તેમાં સમયના સંદર્ભમાં પરિવર્તન થતું જોવા મળે છે. તેના દ્વારા સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક વિચારધારાનો પ્રભાવ પડેલો જોઈ શકાય છે. અર્વાચીન કાળમાં આવી રચનાઓ ભાગ્યે જ જોવા મળે છે. અખાના બારમાસમાં જે જ્ઞાનચર્ચાનો ઉલ્લેખ થયો છે તે દૃષ્ટિએ બારમાસમાં ઋતુ અને વિરહવર્ણન પછી ધર્મતત્ત્વના વિષયને સ્થાન પ્રાપ્ત થયું છે. અર્વાચીન જૈન સાહિત્યની, કવિ વલ્લભસૂરિની બારમાસા કૃતિનો પરિચય આ દૃષ્ટિએ અહીં આપવામાં આવ્યો છે.

બારમાસી કાવ્ય ઋતુવર્ણન સાથે સંબંધ ધરાવે છે. તેમાં પ્રકૃતિ અને પ્રણયભાવનાનું મૂર્તિમંત આલેખન કરવામાં આવે છે. પરિણામે આ કાવ્યમાં ભાવસ્થિતિ હૃદયસ્પર્શી હોય છે.

અર્વાચીન જૈન સાહિત્યમાં ગીતો, સ્તવનો, પદ, પદ્યાનુવાદ જેવી રચનાઓ મળે છે. પણ ઋતુકાવ્યને અનુસરતી રચનાઓ નહીંવત્ છે. આચાર્યશ્રી વલ્લભસૂરિની કાવ્યસૃષ્ટિ વૈવિધ્યપૂર્ણ છે. તેમાં એમની બારમાસી કાવ્યરચના વિશેષ નોંધપાત્ર છે.

સામાન્ય રીતે બારમાસી-બારમાસામાં પ્રકૃતિ અને પ્રણયની વિગતોનો ઉલ્લેખ થતો હોય છે. આ કવિએ એવો કોઈ સંદર્ભ દર્શાવ્યો નથી. કવિ ધર્મતત્ત્વની વિગતોનો બારમાસમાં સમાવેશ કરે છે. પ્રત્યેક માસમાં કયા પ્રકારના ધર્મની આરાધના કરવી જોઇએ તેની ઉપદેશાત્મક અભિવ્યક્તિ કરી છે. કવિએ બે વિભાગમાં કાવ્યરચના કરી છે. પ્રથમ વિભાગમાં કાવ્ય પંક્તિઓ અને બીજા વિભાગમાં દુહો છે. ચૈત્રથી આરંભ કરીને ફાગણ માસના અનુક્રમનું અનુસરણ કવિએ કર્યું છે.

કાવ્યના પ્રારંભમાં જ ઉપદેશાત્મક વાણીનો પરિચય-થાય છે.

'ચતુર નર કર લે ધરમ પ્યારા, રત્નચિંતામણિ સમા અમૂલ્ય, યહ દેહ મનુષ્ય ધારા.'

માનવજન્મના મૂલ્યનો ઉલ્લેખ કર્યા પછી કવિ જણાવે છે કે-

ચૈત ચેતન કર લે પ્યાલા, છોડ સકલ જંજાલ
જ્ઞાન અમૃત રસ પી પ્યાલા, જ્ઞાન ભવ ભવ મેં સુખ દાઈ
પ્રથમ જ્ઞાન અરૂ બાદ કહે કિરિયા શુભ જિન રાઈ
ક્રિયા બિન જ્ઞાન કે દુ:ખ દાઈ.
દોહા-જ્ઞાન ક્રિયા રસ્તા કહાં મુક્તિપુરી કા સાર
ઈકિ લૂલો ઈક આંધણો, પાવે નહીં ભવપાર
ક્રિયા ઔર જ્ઞાન દો સુખકાર.

આ માસનો સાર એક જ વાક્યમાં જોઇએ તો 'ज्ञान क्रियाभ्यां मोक्षः' છે.

વૈશાખ માસ માટે પંચમહાવ્રતધારી ગુરુ મળ્યાનો અપૂર્વ આનંદ વ્યક્ત કર્યો છે.

જેઠ માસની સખત ગરમીમાં તપ-જપ દ્વારા વાસના પર વિજય મેળવવાનો વિચાર એમણે પ્રગટ કર્યો છે. કવિના શબ્દો છે:

જેઠમે જોગ પલે સારા મદન કદન કો યર લગાલે
દૃઢ આસન પ્યારા, બાહિર સે સૂરજ કી ગરમી
અંદર તપ-જપ આગ જલા દે પાપપુંજ ધરમી
હોય શુદ્ધ નિષ્કેવલ કર્મી.

અષાઢ માસ માટે 'શુચિ' શબ્દપ્રયોગ કરીને એમણે આત્માને પવિત્ર કરવાનો ઉપદેશ આપ્યો છે.

દયા, દાન, તપ, ક્ષમા, શીલ ગુણ કો દિલ મેં ધર લે'.

શ્રાવણ માસમાં શીલધર્મના પાલનની માહિતી સતી સ્ત્રીઓનાં દૃષ્ટાંત દ્વારા આપી છે. કવિના શબ્દોમાં જ આ વિગત જોઇએ તો-

સાવન સીતા સતી દમયંતી, મૃગાવતી સિરિદેવી
અંજના સુલસા ગુણવંતી ચંદનબાળા નંદ મોહે

ભાદરવા માસમાં મનુષ્યના મનનો ભ્રમ ભાંગી ગયો અને ધર્મારાધનાનું ફળ જણાવ્યું છે. વળી સાત વ્યસનનો ત્યાગ કરવાનો બોધ આપ્યો છે.

આસો માસ અતિ દુ:ખદાયક છે એમ માનીને અશરણ ભાવના-મૃત્યુનો ઉલ્લેખ કર્યો છે.

કારતક માસમાં મૃત્યુ-કાળ નજીક છે. ક્યારે મૃત્યુ થશે તેની ખબર નથી. આયુષ્ય ચંચળ છે એવા વિચારો પ્રગટ થયા છે.

માગશર માસમાં મુનિ ભગવંતનું શરણ સ્વીકારીને મનની સ્થિરતા કરવાનો વિચાર રહેલો છે. પોષ માસમાં ચાર કષાયનો ત્યાગ કરવાનું સૂચન છે.

માઘ માસમાં વસંતના પ્રાદુર્ભાવથી મદનની પીડાનો ઉલ્લેખ કરીને
ઓઢ લો શીલ કવચ ભારી ક્ષમા ખડ્ગ સંતોષ ઢાલ
તપ જપ કર લો વારી, નહિ આવે અનંગ લારી.

કવિએ અહીં રૂપકાત્મક અભિવ્યક્તિ કરીને કાવ્યકલાનું સૌન્દર્ય પ્રગટ કર્યું છે.

ફાગણ માસમાં કવિ કહે છે કે 'ફૂલી આતમ વારી'. આ રૂપક પણ મનોહર છે. કવિના શબ્દો છે:

ગએ મોહ મહા ચોર છોર આતમ ગુણગણ ક્યારી
રાગ અરૂ દ્વેષ, મિટે સારા ન રહે મહા અજ્ઞાન અનંતા
કેવલ ઉજવારા કરમ ઘાતી ક્ષય હો ચારા.

બારમાસા કાવ્યનો સારગર્ભિત વિચાર તરીકે મહાપુણ્યયોગે પ્રાપ્ત થયેલા માનવજન્મની સાર્થકતા કરવા માટે ધર્મમાર્ગમાં પુરુષાર્થ કરવાનો બોધ પ્રાપ્ત થાય છે.

કવિએ 'બારમાસ'નું અનુસરણ કર્યું છે, પણ તેમાં પ્રકૃતિ કે પ્રણયની રસિકતાને બદલે ધર્મરસિકતાને કેન્દ્રમાં રાખી છે.

બારમાસની સાથે આત્મસ્વરૂપના અનુસંધાનમાં શ્રી વલ્લભસૂરિએ ધર્મવિષયક

કલ્પનાઓ કરીને વિચારો વ્યક્ત કર્યા છે. એમની રૂપક-યોજનામાં કવિત્વશક્તિની સાથે એમની અભિનવ કલ્પનાશક્તિનો પરિચય થાય છે. કવિ શ્રી વલ્લભસૂરિની બારહ-માસા નામની બીજી એક કૃતિમાં જૈન દર્શનના વિચારોનું નિરૂપણ થયું છે. આરંભની પંક્તિમાં જ કવિએ તત્ત્વજ્ઞાનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે :

'ચેત ચેતન જ્ઞાન અરૂપા, તું તો આપ હી આતમ ભૂપા'

કવિએ બારમાસનો ક્રમ વૈશાખથી પ્રારંભ કરીને ચૈત્રનો દર્શાવ્યો છે.

વૈશાખ વિસારન દેવા, કર દ્રવ્ય ભાવ સે સેવા
સેવા પ્રભુ અમૃત મેવા, મુગતિ ગઢ લેવા
હે જી ચારો ગતિ મેં મનુષ્યગતિ પરધાન. ।। ૧ ।।
પોષ પોષ ન ઇંદ્રિય પ્યારા, મન વશ કર બલ હોય ભારા;
મહા મોહ મદન જપ હારા, તે હોવે નિસ્તારા. ।। ૧૦ ।।
માઘ મન, વચ, કાયા સાધો, જ્ઞાન દરશ ચરિત આરાધો
શુભ ધ્યાન સે કેવલ સાધો, તે શિવ સુખ લાધો. ।। ૧૧ ।।
ફગન ફેર ન જગમેં આના, સિદ્ધ બુદ્ધ અટલ જગ ગાના
અવ્યાબાધ સુખ કા પાના, તે અચર કહાના. ।। ૧૨ ।।

કવિએ બારમાસ દ્વારા આત્મા સ્વસ્વરૂપને પામે તેવી આધ્યાત્મિક વિચારધારાને તેમાં સ્થાન આપ્યું છે. કવિએ વર્ણાનુપ્રાસના પ્રયોગથી કાવ્યનો લય સિદ્ધ કર્યો છે.

અર્વાચીન જૈન સાહિત્યની બારમાસની ઉપરોક્ત બે કૃતિઓ જ્ઞાન અને ભક્તિમાર્ગની મધ્યકાલીન પરંપરાને અનુસરે છે. ❖❖❖

# કિશોર-સ્મૃતિ

**□ ડૉ. રણજિત પટેલ (અનામી)**

(૧) જીવન સ્મૃતિમાં કવિવર રવિન્દ્રનાથે, તેઓ જ્યારે નોર્મલ સ્કૂલમાં ભણતા હતા ત્યારે સમૂહમાં ગવડાવાતા એક ગીતનો ઉલ્લેખ કર્યો છે. સ્મૃતિમાંથી તેમણે કેવળ એક જ પંક્તિ ટાંકી છે.

'કલોકી પુલોકી સિંગિલ મેલાલિંગ મેલાલિંગ મેલાલિંગ'

તે કાળે તો તેમને તેના અર્થની કશી જ ખબર નહોતી, પણ મોટપણે તેમણે એ પંક્તિને, શક્ય એટલા શુદ્ધ સ્વરૂપે આ રીતે મૂકી છે:-

'Full of glee, Singing merrily, merrily, merrily.'

હું અગિયાર વર્ષનો હતો ને ગુજરાતી કુમાર શાળામાં ભણતો હતો ત્યાં સુધીમાં આવા ત્રણ ચાર પ્રસંગો આવેલા જેના અર્થની અસ્પષ્ટતા હોવા છતાં પણ એક પ્રકારનો આનંદ આવતો હતો. દા. ત. હું ગુજરાતી ત્રીજા ધોરણમાં ભણતો હતો ત્યારે મારી સાથે ભણતા બે મુસ્લિમ કિશોરો મારા મિત્રો હતા. અમારા ગામમાં તે કાળે મુસ્લિમોની-મીર અને વહોરાઓની-ઠીક ઠીક વસતી હતી. કો'ક ધાર્મિક પ્રસંગે બધા ભેગા થઇને ટાળે વળીને તેઓ ગોળ ગોળ ફરતા જાય ને જોર શોરથી ડાબે જમણે હાથે જોરથી ઘા કરતાં કરતાં બોલતા જાય:

'હાપસોઈ જાપસોઈ, હાપસોઈ જાપસોઈ'...

કોણ જાણે એમનેય તે કાળે ઊંચે સાદે બોલાતી એ પંક્તિના અર્થની ખબર નહીં હોય.મારા કાકા શિક્ષક હતા...તેમને મેં પૂછ્યું તો તેમણે કહ્યું કે કરબલાના ધર્મયુદ્ધમાં શહીદી વહોરનાર હુસેન ને હસનની યાદમાં તેઓ આ પંક્તિ ભ્રષ્ટરીતે બોલતા હતા. સાચી પંક્તિ છે; 'યા હુસેન, યા હુસેન.'

(૨) અમારા ગામ-ડભોડા (જિ. ગાંધીનગર)ના હનુમાનજી ખૂબ પ્રખ્યાત. બાધા કરવા લોકો ઠેઠ મુંબઈથી આવે. જન્માષ્ટમી ને કાળીચૌદશને દિવસે મેળાની ઠઠ જામે. હૈયે હૈયુ દળાય એવી ભીડ. એ મેળામાં સમાજના અઢારે વર્ણના લોક આવે પણ એમાં ઠાકોરભાઇઓની સંખ્યા ઝાઝી હોય; છોગાં મૂકેલા સાફા બાંધી, ગળે રંગીન રૂમાલ વીંટાળી, કાનમાં ડમરો ખોસી, નાચતા-કૂદતા...તાલે કરતાલ બજાવતા ઢોલ-ઢબૂકે ગાતા જાય:-

'હે ! રાધા ને કાન બે ઝાલર બૂકે, બે ઝાલર બૂકે'...

મારા મોટાભાઇને મેં સહજપણે પૂછ્યું: 'આ લોકો કૂદી કૂદીને શું ગાય છે ? એનો શો અર્થ ? તો કહે:-

'રાધાને કાને બે ઝાલર ઝબૂકે છે'...તેને સ્થાને ભ્રષ્ટ રીતે એ લોકો ગાય છે:-

'રાદા અને કા'ન બંને ઝાલર બૂકે છે'...

પરંતુ બૂકે છે એટલે મૂઠિયે મૂઠિયે મુખમાં ઠાંસે છે ! એવો અર્થ થાય.

(૩) મારાં ફોઈ સંધ્યા ટાણે એમની સમવયસ્ક ગોઠણો સાથે ભાત ભાતની રમતો રમે. એકાદ ભેરુ ખૂટે તો એમાં મને સામેલ કરી દે. બે પક્ષ પડે ને પાંચ પાંચ ગોઠણો એકબીજાના ગળે ખભે હાથ ભીડી, ગાતાં ગાતાં આગળ વધી, બીજા પક્ષને પૂછતાં જાય:

'તમે કેટલા ભૈ કુંવારા રાજ', અચકો મચકો કારેલી ?

સામો પક્ષ પણ એ જ અદાથી આગળ વધી જવાબમાં ગાય :-

'અમો ચાર ભૈ કુંવારા રાજ, અચકો મચકો કારેલી',

'તમને કિયાં તે ગોરી ગમશે રાજ ! અચકો મચકો કારેલી.'

'અમને લક્ષ્મીવહુ ગોરાં ગમશે રાજ, અચકો મચકો કારેલી.'

અને આમ ગીત ને રમત આગળ વધતી જાય પણ મને 'કારેલી'નો અર્થ ન સમજાય.' મારા શિક્ષક-કાકાને પૂછ્યું તો કહે...

'આટલો બધો અચકો મચકો કાં કરે છે અલી ? આમ 'કાં કરે અલી'નું 'કારેલી' થઈ ગયું !

(૪) બીજા વિશ્વયુદ્ધનો પ્રસંગ હતો. (સને ૧૯૩૯ થી ૧૯૪૫). અમારા સમાજમાં લગ્ન-ટાણે મેં આ ગીત અનેકવાર સાંભળેલું;-

'ડંકો વાગ્યો ને લશ્કર ઊપડ્યું, ઝરમરિયા ઝાલા.'

મને 'ઝરમરિયા ઝાલા' રજમાત્ર સમજાય નહીં. મારા મોટાભાઇને પૂછ્યું તો તર્ક કરીને કહે: 'હિટલરે દ્વિતીય વિશ્વયુદ્ધ છેડવામાં મોટો ભાગ ભજવેલો. જેમ લગ્નગીતોમાં 'અગનગાડી આવી આ રેલગાડી આવી' તેમજ જર્મન લશ્કર પણ આવ્યું.' હે જર્મનવાલા'નું ઝરમરિયા ઝાલા' થઈ ગયું હોય !

(૫) છ-સાત દાયકા પૂર્વે, અમારા ગામમાં, કોઇના મૃત્યુ પ્રસંગે રડવા કૂટવાનો મોટો મહિમા. ખમતીધર લોકો તો મીરાણીઓને બોલાવીને મરનારનું માતમ ગવડાવે. રડતાં રડતાં સ્ત્રીઓ ચૌટે ચૌટે એકઠી મળી, વર્તુળાકારે ગોઠવાઈ જઈ, કૂદી કૂદીને છાતી કૂટતી જાય ને બે હાથ લાંબા કરી, છાતી તરફ વાળી દઈ, જોરથી પછાડી પ્રલંબ કરુણ રાગે ગાય:-

'હાયે ચેહરિયા હાયે હાયે ! અને પછી 'હાય ! હાય ! હાય ! હાય !' કરતી કૂદતી જાય ને છાતી કૂટતી જાય. મને આ 'ચેહરિયા' શબ્દનો અર્થ સમજાય નહીં. હજી સુધી સમજાયો નથી. બે તર્ક રજૂ કરું છું. શબ ચેહ કહેતાં ચિતા તરફ જાય છે...અગ્નિ સંસ્કાર કાજે...એટલે એને 'ચેહરિયા' કહેતાં હશે ? અથવા 'યમગૃહિયા'નું 'ચેહરિયા' થઈ ગયું હશે ? મૃત્યુના દેવતા યમરાજ તરફ જીવ ગતિ કરી રહ્યો છે તે 'યમગૃહિયા' ? કે કેસરીવર્ણાઅગ્નિને અંકે મૂકાયેલા શબને માટે 'ચેહરિયા' શબ્દ-પ્રયોગ થયો હશે ? ન-જાને. ❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૨ ● ફેબ્રુઆરી, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2001

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## तित्थयरसमो सूरी–આચાર્યપદનો આદર્શ

અનાદિ સિદ્ધ, શાશ્વત એવા નવકાર મંત્રમાં આપણે અરિહંત ભગવાન અને સિદ્ધ પરમાત્મા પછી 'નમો આયરિયાણં' બોલી આચાર્ય ભગવંતોને નમસ્કાર કરીએ છીએ. સિદ્ધશિલા ઉપર બિરાજમાન અશરીરી સિદ્ધ પરમાત્માઓ સર્વને માટે હંમેશાં નજરે પ્રત્યક્ષ ન જોઈ શકાય એવા, પરોક્ષ જ રહેવાના. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી આપણે માટે અરિહંત ભગવાન પણ પરોક્ષ જ છે, કારણ કે તીર્થંકરોનું વિચરણ સર્વ ક્ષેત્રે, સર્વ કાળે નિરંતર હોતું નથી. એટલે આપણે માટે તો પંચ પરમેષ્ઠિમાંથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ જ પ્રત્યક્ષ રહેવાના. એ ત્રણમાં સર્વોચ્ચ પદે આચાર્ય ભગવંત છે.

જિનશાસનમાં આચાર્યપદનો મહિમા ઘણો મોટો છે. તીર્થંકર, પરમાત્માના વિરહકાળમાં, એમની અનુપસ્થિતિમાં શાસનની ધુરા વહન કરે છે આચાર્ય ભગવંતો. આવો વિરહકાળ અવસર્પિણીમાં ઉત્તરોત્તર ઓછો થતો જાય છે, પરંતુ પહેલા ઋષભદેવ અને બીજા અજિતનાથ વચ્ચેનો કે એ પછીના તીર્થંકરો વચ્ચેના આંતરાના કાળનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સમજાય છે કે અહો, આચાર્ય ભગવંતોએ પાટપરંપરા ચલાવીને જિનશાસનની રક્ષાનું કાર્ય ક્ષેત્ર અને કાળની દૃષ્ટિએ કેટલું ભગીરથ કર્યું છે ! એટલે જ આચાર્ય ભગવંતોએ તીર્થંકર પરમાત્માના પ્રતિનિધિ તરીકે તેમની આજ્ઞા અનુસાર કાર્ય કરવાનું હોવાથી તેઓને તીર્થંકર સમાન ગણવામાં આવે છે. એટલે જ 'ગચ્છાચાર પ્રકીર્ણક'માં કહ્યું છે : तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेई । જેઓ જિનમાર્ગને-જિનમતને સમ્યક્ પ્રકારે પ્રકાશિત કરે છે એવા સૂરિ એટલે કે આચાર્ય ભગવંત તીર્થંકર પરમાત્મા સમાન છે. આમ આચાર્ય ભગવંતને તીર્થંકર જેવા ગણવામાં આવ્યા છે. એમાં આચાર્ય પદનો સર્વોચ્ચ આદર્શ બતાવવામાં આવ્યો છે. શ્રી રત્નશેખરસૂરિ મહારાજે 'સિરિસિરિવાલ કહા' (શ્રી શ્રીપાલ કથા)માં કહ્યું છે :

अत्थमिए जिणसूरे केवलि चंदे वि जे पईवुव्व ।
पयडंति इह पयत्थे ते आयरिए नमंसामि ॥

જિનેશ્વર ભગવાનરૂપી સૂર્ય અને કેવળજ્ઞાનીરૂપી ચંદ્ર જ્યારે આથમી જાય છે ત્યારે જે દીપકની જેમ પ્રકાશે છે તે આચાર્ય ભગવંતને નમસ્કાર કરું છું. 'શ્રીપાલરાસ'માં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

અત્થમિયે જિનસૂરજ કેવળ, ચંદે જે જગદીવો;
ભુવન પદારથ પ્રકટન-પટુ તે, આચારજ ચિરંજીવો.

સૂર્ય આથમી જાય અને ચંદ્ર પણ આકાશમાં ન હોય એવા અંધકારમાં દીવો પ્રકાશ પાથરે છે એથી આપણે ક્યાંય ભટકાઈ પડતા નથી. તેવી રીતે તીર્થંકર ભગવાનરૂપી સૂર્ય નથી અને કેવળજ્ઞાનીઓ રૂપી ચંદ્ર નથી ત્યારે મોક્ષમાર્ગમાં દીવો બનીને પ્રકાશ પાથરનાર તે આચાર્ય ભગવંતો છે. તેઓ જ જિનશાસનને અવિચ્છિન્ન ટકાવી રાખે છે. એટલે તેમનો ઉપકાર જેવો તેવો નથી. સૂર્ય અને ચંદ્ર એક એક છે, પરંતુ દીવા અનેક હોઈ શકે છે, વળી એક દીવામાંથી બીજા અનેક દીવા પ્રગટી શકે છે. એટલે આચાર્ય માટે દીવાની ઉપમા યથાયોગ્ય જ છે. કહ્યું છે :

जह दीवा दीवसयं पइप्पई सो अ दिप्पई दीवो ।
दीवसमा आयरिया दिप्पंति परं च दीवंति ॥

જેમ એક દીવો સેંકડો દીવાને પ્રદીપ્ત કરે છે અને સ્વયં પ્રદીપ્ત રહે છે તેમ દીવા જેવા આચાર્ય ભગવંતો પોતે ઝળહળે છે અને બીજાને પણ પ્રકાશિત કરે છે. એટલા માટે આચાર્ય ભગવંતો જૈન શાસનના જ્યોતિર્ધર છે. અરિહંત ભગવંતો શાસનના નાયક છે. ચતુર્વિધ સંઘની સ્થાપના તેઓ કરે છે અને દેશના આપે છે. એમના ગણધર ભગવંતો એ દેશનાને દ્વાદશાંગીમાં ગૂંથી લે છે, પણ પછી અરિહંત ભગવાનના વિરહકાળમાં એમની આજ્ઞા મુજબ શાસનનું સુકાન આચાર્ય ભગવંતો જ સંભાળે છે.

જૈન શાસનમાં તીર્થંકર પરમાત્માની અનુપસ્થિતિમાં આચાર્યની પદવી ઊંચામાં ઊંચી છે. એટલે શાસનની ધુરા વહન કરનાર આચાર્યની પસંદગીનું ધોરણ પણ ઊંચામાં ઊંચું હોવું ઘટે. માત્ર ઉંમરમાં મોટા હોય તેથી કે માત્ર દીક્ષાપર્યાયમાં મોટા હોય તેથી આચાર્યપદને પાત્ર નથી બની શકાતું. આચાર્યપદ માટેની યોગ્યતાનાં ધોરણો બહુ ઊંચા અને કડક રાખવામાં આવ્યાં છે. અલબત્ત, દેશકાળ અનુસાર એમાં ન્યૂનાધિકતા જોવા મળે છે, તો પણ આદર્શ તો ઊંચામાં ઊંચો હોવો ઘટે છે. એટલે જ શ્રી પદ્મવિજય મહારાજે કહ્યું છે કે

'શુદ્ધ પ્રરૂપક ગુણ થકી જે જિણવર સમ ભાખ્યા રે.'

'આચાર્ય' શબ્દની વ્યાખ્યા વિવિધ રીતે આપવામાં આવી છે અને આચાર્યનાં લક્ષણો પણ જુદી જુદી રીતે દર્શાવવામાં આવ્યાં છે. નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિએ આચાર્યનાં લક્ષણો માટે પૂર્વાચાર્યનું નીચે પ્રમાણે અવતરણ ટાંક્યું છે :

पंचविहं आचारं आयरमाणा तहा प्रभासंता ।
आयारं दंसंता आयरिया तेण वुच्चंति ॥

આચાર્ય પંચવિધ આચારને આચરનારા તથા તેને પ્રકાશનારા તથા તે આચારોને દર્શાવનારા (ઉપદેશ આપનારા) હોવાથી તેઓ આચાર્ય કહેવાય છે.

'આચાર્ય' શબ્દની વ્યાખ્યા નીચે પ્રમાણે પણ કરવામાં આવે છે :

आ मर्यादया चरन्तीति आचार्या: ।

જેઓ મર્યાદાપૂર્વક વિચરે છે તે આચાર્ય.

x x x

आचारेण वा चरन्तीति आचार्या: ।

જેઓ આચારના નિયમાનુસાર વિચરે છે તે આચાર્ય

x x x

पंचस्वाचारेषु ये वर्तन्ते पराश्च वर्तयन्ति ते आचार्या: ।

પંચાચારનું જેઓ પોતે પાલન કરે છે અને બીજા પાસે કરાવે છે તે આચાર્ય.

x x x

आचारा: यत्र रूचिरा: आगमा शिवसंगमा: ।

आयोपाया गतापाया आचार्य तं विदुर्बुधा: ॥

જ્યાં આચાર સુંદર છે, આગમો શિવ (મોક્ષ)નો સંગ કરાવી આપનાર છે, આય (લાભ)ના ઉપાયો છે અને અપાયો (નુકસાન) ચાલ્યા ગયા છે તેમને પંડિતો 'આચાર્ય' કહે છે.

x x x

आचारो ज्ञानाचारादि पंचधा आ-मर्यादया वा

चारो विहार आचारस्तत्र स्वयं करणात्

प्रभावणात् प्रभाषणात्

प्रदर्शनाच्चेत्याचार्या: ।

જ્ઞાનાચાર વગેરે પાંચ પ્રકારના આચારનું તથા ચાર એટલે વિહારરૂપી આચારનું જેઓ સ્વયં પાલન કરે છે અને કરાવે છે તથા તે વિશે ઉપદેશ આપે છે તે આચાર્ય.

x x x

आचर्यते सेव्यते कल्याणकामैरित्याचार्य: ।

કલ્યાણની કામના કરવાવાળા દ્વારા જેમની સેવા થાય છે તે આચાર્ય.

x x x

ભગવતી સૂત્રની ટીકામાં કહ્યું છે :

आ इषद् अपरिपूर्णा: चारा: हेरिका ये ते आचारा: चार कल्पा इत्यर्थ:। युक्तायुक्त विभागनिपुणा: विनेया: अतस्तेषु साधवो यथावच्छास्त्रार्थोपदेशकतया इत्याचार्या:।

આચાર્ય ભગવંતનું સ્વરૂપ આપણા શાસ્ત્રગ્રંથોમાં વિગતે વર્ણવાયું છે. મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે અઢાર હજાર શીલાંગના ધારક અને છત્રીસ પ્રકારના આચારોનું અહોરાત્ર પાલન કરવામાં જેઓ અપ્રમત્ત રહે છે તે આચાર્ય છે. સર્વ જીવોનું હિત આચરે તે આચાર્ય. જેઓ જીવોની રક્ષા કરે અને આરંભ-સમારંભ કરે નહિ, કરાવે નહિ તથા તેની અનુમોદના કરે નહિ તે આચાર્ય. જેઓ પોતાના મનને કલુષિત કરે નહિ તે આચાર્ય.

આવશ્યકસૂત્રમાં, 'પંચિંદિયસૂત્ર'માં આચાર્ય મહારાજના ૩૬ ગુણોનો સ્પષ્ટ નિર્દેશ છે. એને અનુસરીને શ્રી રત્નશેખરસૂરિએ છત્રીસ છત્રીસી કેવી રીતે થાય તે દર્શાવ્યું છે.

શ્રી અભયદેવસૂરિ મહારાજે જણાવ્યું છે કે જેઓ સુલક્ષણોથી યુક્ત હોય, સૂત્ર અને અર્થ સહિત જિનપ્રવચનના જાણકાર હોય અને શિષ્યોને તે સમજાવી શકનાર હોય, ગચ્છના આધારસ્તંભ હોય અને ગચ્છની નાની નાની પ્રકીર્ણ જવાબદારીઓ (જે શિષ્યોએ ઉપાડી લેવાની હોય છે)થી મુક્ત હોય તેવા આચાર્ય હોવા જોઇએ.

વળી અભયદેવસૂરિએ 'આચાર' શબ્દમાં રહેલા 'ચાર' શબ્દનો અર્થ 'ચાર પુરુષ' એટલે કે જાસૂસ એવો અર્થ કરીને કહ્યું છે કે જૈન શાસનની રક્ષા માટે જાસૂસો રૂપી સાધુઓને જે નિયંત્રિત રાખે તે આચાર્ય. જેમ જાસૂસો યોગ્યાયોગ્યનું વિભાજન કરવામાં નિપુણ હોય છે તેમ સાધુઓરૂપી જાસૂસો પણ સંયમના પાલનાર્થે યોગ્યાયોગ્યનું વિભાજન કરવામાં નિપુણ હોય છે. આવા શિષ્યોને જે ઉપદેશ આપે, એકત્રિત-નિયંત્રિત રાખે તે આચાર્ય.

શ્રી ભદ્રબાહુસ્વામીએ 'નમસ્કાર નિર્યુક્તિ'માં કહ્યું છે કે જ્ઞાનાચારાદિ પંચાચારનું પાલન કરનાર અને કરાવનાર આચાર્ય ભાવ-આચારથી પણ યુક્ત હોવાથી ભાવાચાર્ય પણ હોય છે.

आयारो नाणाई तस्सायरणा पमासणाओ वा ।

जे ते भावायरिया भावायारोवउत्ता य ॥

શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'સંબોધ પ્રકરણ'માં આચાર્યના સ્વરૂપનું બહુ વિસ્તારથી નિરૂપણ કર્યું છે. તેમણે જણાવ્યું છે કે આચાર્ય ભગવંત આર્ય દેશ, ઉત્તમ કુળ અને ઉત્તમ જાતિમાં જન્મેલા, જિતેન્દ્રિય, તેજસ્વી અને દૃઢ સંઘયણવાળા, અપ્રમત્ત, ધૈર્યવંત, નિર્લોભી, નિ:સ્પૃહી વિકથાત્યાગી, પ્રભાવક, અમાયાવી, સ્થિર આગમ પરિપાટીવાળા, પંચાચારના પાલનમાં રત, વિશુદ્ધ દૃઢ બ્રહ્મચર્ય પાળનાર, નિર્ભય, નિરહંકારી, કુશલ, નિ:શલ્ય; અપ્રતિબદ્ધવિહારી, આદેય વચનવાળા, દેશનાલબ્ધિવાળા, સભામાં ક્ષોભ ન પામે તેવા, નિદ્રા પર વિજય મેળવનાર, દેશકાળના જાણનાર, તરત ઉત્તર આપનાર પ્રત્યુત્પન્નમતિવાળા, જુદા જુદા દેશોની ભાષાના જાણકાર, સ્વ-પર શાસ્ત્રના જ્ઞાતા, હેતુ, નય, ઉપનય ઇત્યાદિના પ્રતિપાદનમાં પ્રવીણ, શિષ્યોને ભણાવવામાં કુશળ, શિષ્ય સમુદાયનું વાત્સલ્યપૂર્વક સુયોગ્ય નેતૃત્વ સંભાળનાર, અસંકલિષ્ટ ચિત્તવાળા, ગંભીર પ્રસન્ન મુખમુદ્રાવાળા, મધ્યસ્થ ભાવવાળા, સમતાના ધારક, સન્માર્ગ-ઉન્માર્ગ-દોષાદિના જ્ઞાતા, નિર્દોષ ગોચરીવાળા, શાસ્ત્રોક્ત વિહાર કરવાવાળા, ઇત્યાદિ સેંકડો ગુણોના ભંડાર જેવા હોવા જોઇએ. શ્રી હરિભદ્રસૂરિએ આચાર્ય મહારાજની તુલના તીર્થંકર ભગવાન સાથે નવ પ્રકારે કરી છે અને કહ્યું છે કે આચાર્ય મહારાજ 'તીર્થંકરતુલ્ય' છે.

શ્રી ઉદ્દ્યોતનસૂરિએ પોતાના પ્રાકૃત 'કુવલયમાળા' ગ્રંથમાં આચાર્ય ભગવંતની સ્તુતિ કરતાં કહ્યું છે કે જો આચાર્યો ન હોત તો આગમોનો સાર કે રહસ્ય કોણ જાણી શકત ? બુદ્ધિરૂપી ઘીથી સિંચાયેલી આગમજ્યોતને ધારણ કરનાર આચાર્યો ન હોત તો શું થાત ? નિર્મળ ચંદ્રરૂપી આચાર્યો ભવ્ય જીવરૂપી કુમુદોને વિકસાવે છે. ચારિત્રરૂપી કિરણો વડે તેઓ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. સૂર્ય જેવા સૂરિદેવ ન હોય તો જગતના જીવો મિથ્યાત્વના અંધકારમાં અટવાતા હોત. આચાર્ય મહારાજ સૂર્ય સમાન ઉદ્યોત કરનાર, કલ્પવૃક્ષની જેમ ફળ આપનાર, ચિંતામણિ રત્નની જેમ સુખ આપનાર જંગમ તીર્થરૂપ છે.

'નિશીથભાષ્ય'માં કહ્યું છે કે रागदोसविमुक्को सीयघरसमो य आयरियो।

રાગદ્વેષથી રહિત આચાર્ય 'શીતગૃહ' સમાન છે. શીતગૃહ એટલે બધી ઋતુમાં જ્યાં એકસરખું સુખદ, અનુકૂળ વાતાવરણ હોય (પ્રાચીન સમયમાં મોટા રાજાઓ, ચક્રવર્તીઓ આવા ભવનની રચના કરાવતા.) એટલે આચાર્ય મહારાજ અનુકૂળ કે પ્રતિકૂળ એવી સર્વ પ્રકારની પરિસ્થિતિમાં સમતાના ધારક હોવાથી સદાસર્વદા પ્રસન્ન હોય છે.

દિગંબર આમ્નાયના 'ધવલા' વગેરે ગ્રંથોમાં आयरिओ एरिसो होइ એમ કહીને આચાર્યનાં જે લક્ષણો બતાવ્યાં છે તે પ્રમાણે પ્રવચનરૂપી સમુદ્રના જળની મધ્યમાં સ્નાન કરવાથી અર્થાત્ પરમાત્માના પરિપૂર્ણ અભ્યાસથી અને અનુભવથી જેમની બુદ્ધિ નિર્મળ થઈ ગઈ છે, જેઓ નિર્દોષ રીતિથી છ આવશ્યકનું પાલન કરે છે, જેઓ મેરુની સમાન નિષ્કંપ છે, જેઓ શૂરવીર છે, જેઓ સિંહની જેમ નિર્ભય છે, જેઓ વર્ય એટલે કે શ્રેષ્ઠ છે, જેઓ દેશ, કુળ, જાતિથી શુદ્ધ છે, જેઓ સૌમ્યમૂર્તિ છે તથા અંતરંગ અને બહિરંગ પરિગ્રહથી રહિત છે, જેઓ આકાશની જેમ નિર્લેપ છે, એવા આચાર્યને પંચ પરમેષ્ઠિમાં સ્થાન છે. જેઓ સંઘને સંગ્રહ (અર્થાત્ દીક્ષા) અને નિગ્રહ (અર્થાત્ શિક્ષા એટલે પ્રાયશ્ચિત્તાદિ) દેવામાં કુશળ છે, જેઓ સૂત્ર અને એના અર્થમાં વિશારદ છે, જેમની કીર્તિ સર્વત્ર ફેલાઈ રહી છે, જેઓ સારણ અર્થાત્ આચરણ અને વારણ અર્થાત્ નિષેધ તથા સાધન અર્થાત્ વ્રતોની રક્ષા કરવાવાળી ક્રિયાઓમાં નિરંતર ઉદ્યમશીલ છે એમને પરમેષ્ઠિ તરીકે ઓળખવા જોઇએ. જેઓ ચૌદ વિદ્યાસ્થાનોમાં પ્રવીણ હોય, અગિયાર અંગ (વિશેષત: આચારાંગ)ને ધારણ કરનાર હોય, સ્વસમય અને પરસમયમાં પારંગત હોય, મેરુની જેમ નિશ્ચલ હોય, પૃથ્વીની જેમ સહિષ્ણુ હોય, સમુદ્રની જેમ દોષોને બહાર ફેંકી દેનાર હોય, સપ્ત પ્રકારના ભયથી રહિત હોય, જેઓ પંચાચારના પાલનમાં અને પળાવવામાં સમર્થ હોય તેઓ આચાર્ય કહેવાય.

પ્રવચનસારમાં કુંદકુંદાચાર્યે કહ્યું છે :

दंसणणाणप्पहाणे वीरियचारित्तवरतवायारे ।
अप्पं परं च जुंजई सो आयरिओ मुणीएओ ॥

[જે દર્શન અને જ્ઞાનથી પ્રધાન એટલે કે શ્રેષ્ઠ છે, જે ઉત્તમ વીર્ય, ચારિત્ર અને તપથી યુક્ત છે તથા જે સ્વ અને પરને સન્માર્ગમાં જોડે છે તે આચાર્ય મુનિઓ દ્વારા આરાધના કરવાને યોગ્ય છે.]

જેઓ આચાર્ય હોય તેઓ ઉપાધ્યાય અને સાધુ તો હોય જ કારણ કે સાધુપણામાં જેઓ ઉપાધ્યાય પદને યોગ્ય હોય તેને જ ઉપાધ્યાય બનાવવામાં આવે છે અને ઉપાધ્યાયના પદ પછી જેમનામાં આચાર્યના પદની યોગ્યતા હોય તેઓને જ આચાર્યની પદવી આપવામાં આવે છે. જેઓ યોગોદ્વહન કરવા પૂર્વક નિશ્ચિત આગમગ્રંથોનું સૂત્રથી અને અર્થથી વિધિપૂર્વક અધ્યયન કરે છે તેઓને જ આચાર્યનું પદ આપવામાં આવે છે. આ ઉપરાંત એ પદ માટે બીજી ઘણી યોગ્યતા પ્રાપ્ત કરવાની રહે છે.

'આચાર્ય' શબ્દ 'આચાર' શબ્દ પરથી આવ્યો છે. પરંતુ આચાર્યનું કર્તવ્ય બેવડું છે. જેઓ આચારનું સ્વયં પાલન કરે છે અને શિષ્યાદિ પાસે આચારનું પાલન કરાવે તે આચાર્ય. તેઓ સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા વડે પોતાના શિષ્યોને ચારિત્રપાલનમાં, મોક્ષમાર્ગમાં દૃઢ રાખે છે. શ્રી રત્નશેખરસૂરિએ 'સિરિસિરિવાલકહા'માં કહ્યું છે :

जे सारण वारण चोयणाहिं पडिचोयणाहिं निच्चंपि ।
सारंति नियंगच्छं ते आयरिये नमंसामि ॥

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

જે દિયે સારણ, વારણ, ચોયણ, પડિચોયણ વળી જનને;
પટધારી ગચ્છથંભ આચારજ, તે માન્યા મુનિ મનને.

સારણા એટલે સ્મારણા. સ્મરણ શબ્દ પરથી સ્મારણા થાય છે. એનો અર્થ થાય છે યાદ કરાવવું. આચાર્ય ભગવંત પોતાના શિષ્યોના આચારપાલન ઉપર એવી બારીકાઇથી ધ્યાન રાખે છે કે પંચ મહાવ્રતના પાલનમાં, સમિતિ-ગુપ્તિના પાલનમાં, આવશ્યક ક્રિયાઓમાં, દિવસ-રાતની સામાચારીમાં ક્યાંક વિસ્મરણ થઈ જતું હોય તો યાદ કરાવે. આ યાદ કરાવવાની ક્રિયા તે સારણા. આચાર્ય મહારાજનું એ કર્તવ્ય છે. 'હશે', 'ચાલશે', 'કંઈ વાંધો નહિ'-એવું વલણ આચાર્ય મહારાજનું ન હોય.

વારણા એટલે વારવું અથવા અટકાવવું. આચાર્ય મહારાજ પોતાના શિષ્યોથી કંઈ દોષ થવાનો હોય તો તે અટકાવે. શિષ્યો આચારપાલનમાં ઉતાવળ કરતા હોય, તે અવિધિએ કરતા હોય, અકલ્પ્ય કરણી કરતા હોય, સાવદ્યયોગમાં પ્રવર્તતા હોય, ઉત્સૂત્ર પરૂપણા કરતા હોય, પ્રમાદ સેવતા હોય, ઉન્માર્ગે જતા હોય, મન, વચન કે કાયાથી અનુચિત, અતિચારયુક્ત આચરણ કરતા હોય તો તેને અટકાવે. પોતાના આશ્રિત શિષ્યો ઉપર બરાબર દેખરેખ રાખી તેમને પડતા બચાવવા તે આચાર્ય મહારાજનું કર્તવ્ય છે.

ચોયણા એટલે પ્રેરણા. આચાર્ય મહારાજ પોતાના શિષ્યોને અતિચારયુક્ત આચરણ કરતાં અટકાવે એટલું જ નહિ, સાધુતાના આદર્શ તરફ પ્રગતિ કરવા માટે પ્રેરણા આપે, પ્રોત્સાહન આપે. જરૂર પડે પોતાના આચરણથી બોધ આપે. કોઈથી તપશ્ચર્યા ન થતી હોય, કોઈથી પરીષહ સહન ન થતા હોય, કોઈને પ્રભુભક્તિમાં રસ ન પડતો હોય, કોઈને બીજાની વૈયાવચ્ચ ન ગમતી હોય તો તેને મધુર વાણીથી, મહાન પૂર્વાચાર્યોનાં અને અન્યનાં એવાં પ્રેરક દૃષ્ટાન્તો આપીને પ્રેરણા કરે તથા પ્રોત્સાહિત કરે.

પડિચોયણા એટલે પ્રતિચોરણા અર્થાત્ વારંવાર પ્રેરણા કરવી. કેટલીક વાર એક વખત કહેવાથી કાર્ય ન થાય તો ફરીથી કહેવાની જરૂર પડે. ક્યારેક એક કરતાં વધુ વખત શિષ્યોને જાગૃત અને પ્રોત્સાહિત કરવાની જરૂર પડે. કેટલાક શિષ્યોમાં ગૃહસ્થ જીવનના સંસ્કાર એટલા પ્રબળ હોય છે કે વ્રતપાલનમાં મંદતા આવી જાય છે. આચાર્ય મહારાજ આ જે કંઈ કરે તે કઠોરતાથી કે કટુતાથી નહિ, પણ મધુરતાથી અને વાત્સલ્યભાવથી કરે છે. એથી શિષ્યને પોતાના આત્મકલ્યાણના માર્ગ પર સ્થિર રહેવાનું ગમે છે.

આચાર્ય, ઉપાધ્યાય, સાધુ ઈત્યાદિ માટે વિવિધ પ્રકારનાં રૂપક શાસ્ત્રગ્રંથોમાં પ્રયોજાયાં છે. ધર્મશાસનરૂપી સામ્રાજ્યમાં આચાર્ય ભગવંતોને રાજા અથવા સમ્રાટ, ઉપાધ્યાયને દીવાન, સાધુને સુભટ તરીકે અને શ્રાવક શ્રાવિકાને પ્રજાજન તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ શાસનમાં શ્રુતરૂપી ધનભંડાર દ્વારા પ્રજાનો કારભાર ચાલે છે. આ રીતે સૂરિરૂપી રાજા જિનશાસન રૂપી સામ્રાજ્ય ચલાવે છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ નવપદ પૂજાની ઢાળમાં લખ્યું છે:

નમું સૂરિ રાજા, સદા તત્ત્વ તાજા;
જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા.

આચાર્ય મહારાજ માટે 'ભાવવૈદ્ય'નું રૂપક પણ પ્રયોજાયું છે. તેઓ સંસારના જીવો જે કર્મજનિત દુ:ખરૂપી રોગોથી પીડિત છે તેઓને

પથ્યાપથ્ય સમજાવીને તત્ત્વજ્ઞાનરૂપી ઔષધ આપી સ્વસ્થ, નિરામય બનાવે છે. આચાર્ય ભગવંતને નાવિક તરીકે ઓળખાવવામાં આવે છે કારણ કે તેઓ જીવોને ડૂબતા બચાવે છે અને સંસારરૂપી સમુદ્રમાં પાર ઊતરવાનો ઉપાય બતાવે છે.

નવકાર મંત્રમાં આપણે અરિહંત ભગવાન અને સિદ્ધ પરમાત્મા પછી આચાર્ય ભગવંતને નમસ્કાર કરીએ છીએ. નવકાર મંત્રમાં અરિહંત અને સિદ્ધ દેવતત્ત્વ સ્વરૂપે છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુતત્ત્વ સ્વરૂપે છે. એમાં પણ મુખ્ય ગુરુ તે આચાર્ય ભગવંત. જિન શાસનમાં ગુરુનો મહિમા અપાર છે, કારણ કે ગુરુ વિના જ્ઞાન નથી અને ગુરુ વિના મુક્તિ નથી. ગુરુ માટે શ્વેતામ્બર સંપ્રદાયમાં 'પંચિદિય' સૂત્ર સુપ્રસિદ્ધ છે. એમાં આચાર્ય ભગવંત-ગુરુ ભગવંતના ૩૬ ગુણ દર્શાવવામાં આવ્યા છે:

પંચિદિય સંવરણો, તહ નવવિહ બંભચેરગુત્તિધરો,
ચઉવિહ કસાયમુક્કો, ઈહ અટ્ઠારસગુણેહિં સંજુત્તો;
પંચ મહાવ્વયજુત્તો, પંચ વિહાયારપાલણ સમત્થો,
પંચ સમિઈતિગુત્તો, છત્તીસગુણો ગુરુ મજ્ઝ.

આ છત્રીસ ગુણ આ પ્રમાણે છે: પાંચ ઈન્દ્રિયોને જીતવાવાળા (૫ ગુણ); નવવિધ એટલે નવ વાડસહિત બ્રહ્મચર્યનું પાલન કરનાર (૯ ગુણ), ચાર કષાયથી મુક્ત (૪ ગુણ), પાંચ મહાવ્રતથી યુક્ત (૫ ગુણ), પાંચ પ્રકારના આચારનું પાલન કરનાર (૫ ગુણ), પાંચ સમિતિથી યુક્ત (૫ ગુણ) અને ત્રણ ગુપ્તિથી યુક્ત (૩ ગુણ)-એમ આચાર્યના ૩૬ ગુણ બતાવવામાં આવે છે.

આચાર્ય ભગવંતના છત્રીસ ગુણ બીજી રીતે પણ બતાવવામાં આવે છે:

पडिरूवाइ चउदस खंतीमाइ य दसविहो धम्मो ।
बारस य भावणाओ सूरिगुण हुंति छत्तीसं ॥

ચૌદ પ્રકારના પ્રતિરૂપ વગેરે, ક્ષમાદિ દશવિધ ધર્મ અને બાર ભાવના એ પ્રમાણે આચાર્યના છત્રીસ ગુણ થાય છે. આચાર્ય ભગવંતના આ છત્તીસ ગુણ માટે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'પંચ પરમેષ્ઠિ ગીતા'માં લખ્યું છે :

ચઉદ પડિરૂવ પમુહા ઉદાર, ખંતિ પમુહા વિશદ દસ પ્રકાર;
બાર ગુણ ભાવનાના અનેરા, પદ છત્તીસ ગુણ સૂરિ કેરા.

વળી તેમણે નવ પદની પૂજામાં લખ્યું છે :

વર છત્તીસ ગુણે કરી સોહે, યુગપ્રધાન જન મોહે;
જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે રે.

આમાં ચૌદ પ્રતિરૂપાદિ ગુણ આ પ્રમાણે છે: (૧) પ્રતિરૂપ (અસાધારણ વ્યક્તિત્વ), (૨) તેજસ્વી, (૩) યુગપ્રધાનાગમ, (૪) મધુરવાક્ય, (૫) ગંભીર, (૬) ધૈર્યવાન, (૭) ઉપદેશતત્પર, (૮) અપરિશ્રાવી-સાંભળેલું નહિ ભૂલનાર, (૯) સૌમ્ય, (૧૦) સંગ્રહશીલ, (૧૧) અભિગ્રહમતિવાળા, (૧૨) અવિકથાકર, (૧૩) અચપળ અને (૧૪) પ્રશાન્ત હૃદયવાળા.

ક્ષમાદિ દસ ધર્મ આ પ્રમાણે છે: (૧) ક્ષમા, (૨) આર્જવ, (૩) માર્દવ, (૪) અલોભ, (૫) તપ, (૬) સંયમ, (૭) સત્ય, (૮) શૌચ, (૯) અકિંચનત્વ, (૧૦) બ્રહ્મચર્ય.

બાર ભાવના આ પ્રમાણે છે: (૧) અનિત્ય, (૨) અશરણ, (૩) સંસાર, (૪) એકત્વ, (૫) અન્યત્વ, (૬) અશુચિ, (૭) આશ્રવ, (૮) સંવર, (૯) નિર્જરા, (૧૦) લોકસ્વરૂપ, (૧૧) બોધિદુર્લભ, (૧૨) ધર્મભાવના. નવપદની ઓળીના આરાધનામાં ત્રીજે દિવસે આચાર્યપદની આરાધના કરવાની હોય છે. આચાર્યનો રંગ પીળો હોવાથી જે કેટલાક એક ધાનની વાનગી વાપરે છે તેઓ તે દિવસે પીળા રંગના ધાન-ચણા વગેરેનું આયંબિલ કરે છે.

આચાર્ય ભગવંતના આ પ્રતિરૂપાદિ ૩૬ ગુણમાંથી તેમનો એક એક ગુણ યાદ કરતાં જઈ નીચેનો દુહો ૩૬ વાર બોલતા જઈ ૩૬ વાર ખમાસમણાં દેવામાં આવે છે.

ધ્યાતા આચારજ ભલા, મહામંત્ર શુભ ધ્યાની રે;
પંચ પ્રસ્થાને આતમા, આચારજ હોય પ્રાણી રે.

'દશાશ્રુતસ્કંધ'માં અને અન્ય ગ્રંથોમાં આચાર્યના ૩૬ ગુણોમાં આઠ પ્રકારની સંપદા અને તે પ્રત્યેકના ચાર ચાર ભેદ એમ ૩૨ ગુણ તથા ચાર પ્રકારનો વિનય એમ મળીને ૩૬ ગુણ બતાવવામાં આવ્યા છે. એમાં આચાર્ય મહારાજનું વ્યક્તિત્વ કેવું હોવું જોઇએ તેનો સરસ સવિગત પરિચય મળી રહે છે. 'દશાશ્રુતસ્કંધ'માં લખ્યું છે:

अट्ठविहा गणिसंपया पण्णत्ता, तं जहा-

(१) आयारसंपया, (२) सुयसंपया, (३) सरीरसंपया, (४) वयणसंपया, (५) वायणसंपया, (६) मइसंपया, (७) पओगसंपया (८) संगहपइन्नासंपया.

ગણિસંપદા અથવા આચાર્યસંપદા આઠ પ્રકારની છે: (૧) આચારસંપદા, (૨) શ્રુતસંપદા, (૩) શરીરસંપદા, (૪) વચનસંપદા, (૫) વાચનાસંપદા, (૬) મતિસંપદા, (૭) પ્રયોગસંપદા અને (૮) સંગ્રહપરિજ્ઞાસંપદા.

૧. આચારસંપદા-પરમાત્માના શાસનમાં આચારનું મહત્ત્વ ઘણું બધું છે. તપ, ત્યાગ, સંયમ ઇત્યાદિથી જ ધર્મના ક્ષેત્રે વ્યક્તિનો પ્રભાવ પડે છે. જે ગુરુ આચારસંપન્ન હોય તેને જ જો આચાર્ય પદ સોંપવામાં આવે તો તે પોતાના આશ્રિત ઉપાધ્યાય, સાધુ વગેરેનો સમુદાય આચારસંપન્ન બનાવે. આચારસંપદાના ચાર મુખ્ય ભેદ છે: (૧) આચાર્ય પોતે સંયમમાં દૃઢ હોય અને નિત્ય અપ્રમત્ત હોય, (૨) આચાર્ય પોતે ગર્વ કે અહંકારથી રહિત હોય. પોતાના તપસ્વીપણાનો, જ્ઞાનનો, બહુશ્રુતતાનો, ઊંચી જાતિનો, સુંદર મુખમુદ્રાનો, યશકીર્તિનો, વિશાલ શિષ્યસમુદાય કે ભક્તવર્ગનો આચાર્યને મદ ન થવો જોઇએ, (૩) આચાર્ય અપ્રતિબદ્ધવિહારી હોવા જોઇએ. તેમને ક્ષેત્ર, કાળ વગેરેનું કોઈ બંધન ન હોવું જોઇએ. અમુક વ્યક્તિ સાથે ફાવે અને અમુક સાથે નહિ એવું પણ ન હોવું જોઇએ. તેઓ અનુકૂળતા કે પ્રતિકૂળતાથી પર હોવા જોઇએ. તેઓ પરાધીન ન હોય. તેઓ રાગદ્વેષથી મુક્ત હોય, (૪) આચાર્ય મહારાજ નિભૃત સ્વભાવવાળા એટલે પુખ્ત, ગંભીર, અને પ્રસન્ન સ્વભાવના હોવા જોઇએ. તેઓ ચંચળ નહિ પણ પરિપક્વ અને ઉદાસીન એટલે સમતાવાળા હોવા જોઇએ.

૨. શ્રુતસંપદા-આચાર્ય જ્ઞાનવાન જોઇએ. તેઓ સમુદાયના, સંઘના અગ્રેસર છે. તેઓ ગચ્છના નાયક કે ગચ્છાધિપતિના સ્થાને હોય છે. તેઓ જો શાસ્ત્રના જાણકાર ન હોય, બીજાની શંકાઓનું સમાધાન ન કરાવી શકે તો નાયક તરીકે તે તેમની ત્રુટિ ગણાય. આચાર્યમાં શ્રુતસંપદા ચાર પ્રકારની હોવી જોઇએ. (૧) બહુશ્રુતપણું હોવું જોઇએ. તેઓ આગમાદિ લોકોત્તર શાસ્ત્રોમાં જેમ પ્રવીણ હોવા જોઇએ તેમ શિલ્પાદિ લૌકિક શાસ્ત્રોના પણ જાણકાર હોવા જોઇએ. જૂના વખતમાં આચાર્યને બાર વર્ષ જુદા જુદા પ્રદેશમાં વિચરવારૂપ દેશાટન કરાવતા કે જેથી

લોકજીવન, રીતરિવાજો ઇત્યાદિના પણ તેઓ જાણકાર બને. (૨) પરિજિનશ્રુતપણું-એટલે શ્રુત એમનામાં ઉપસ્થિત હોવું જોઇએ. તેઓ જે શાસ્ત્રો ભણ્યા હોય તે ભૂલવાં ન જોઇએ. ઘણું વાંચ્યું હોય પણ પ્રસંગે જો યાદ ન આવે તો તે શા કામનું ? (૩) વિચિત્રશ્રુતપણું એટલે આગમશાસ્ત્રોના જાણકાર ઉપરાંત બીજા અનેક વિષયોના અર્થાત્ સ્વસમય અને પરસમયના તેઓ જાણકાર હોવા જોઇએ. (૪) ઘોષવિશુદ્ધિ એટલે આચાર્ય મહારાજનો અવાજ સ્પષ્ટ હોવો જોઇએ અને એમના ઉચ્ચારો વિશુદ્ધ હોવા જોઇએ.

૩. શરીરસંપદા-આચાર્ય શરીરસંપદાયુક્ત હોવા જોઇએ. તેમના શરીરનો પ્રભાવ પડવો જોઇએ. તેઓ અતિ સ્થૂલ, અતિ ઊંચા કે સાવ ઠીંગણા ન હોવા જોઇએ. (અલબત્ત તેમાં વિશિષ્ટ અપવાદ હોઈ શકે) શરીરની દૃષ્ટિએ તેમનામાં ચાર લક્ષણ હોવાં જોઇએ-(૧) તેમનું શરીર તેમને લજ્જા ઉપજાવે એવું ન હોવું જોઇએ. તેઓ હાથે ઠૂંઠા હોય, પગે લંગડા હોય, કાણા કે આંધળા હોય, શરીરે કોઢિયા હોય તો પોતાના શરીરથી પોતે જ લજ્જા પામે, (૨) આચાર્ય મહારાજ પરિપૂર્ણ ઈન્દ્રિયોવાળા હોવા જોઇએ, તેઓ બહેરા, તોતડા, મંદ બુદ્ધિવાળા ન હોવા જોઇએ, (૩) આચાર્યનું શરીર સંઘયણ મજબૂત હોવું જોઇએ. વારંવાર ભૂખ્યા થઈ જતા હોય, વારંવાર શૌચાદિ માટે જવું પડતું હોય, થાકી જતા હોય, ઘડીએ, ઘડીએ માંદા પડી જતા હોય, સતત ઔષધોપચાર કરવા પડતા હોય, કાયમ વૈયાવચ્ચ કરાવવી પડતી હોય એવા આચાર્ય સમુદાય કે ગચ્છના નાયક તરીકે ન શોભે. (આચાર્યની પદવી મળ્યા પછી આવું કંઈ થાય તે વાત અલગ છે.)

૪. વચનસંપદા-આચાર્ય મહારાજની વાણીમાં એવા એવા ગુણો હોવા જોઇએ કે તેઓ વ્યાખ્યાન આપતા હોય, કોઈ વિધિવિધાન કરાવતા હોય કે અન્ય સાધુઓ કે ગૃહસ્થો સાથે વાર્તાલાપ કરતા હોય ત્યારે એમનાં વચન માટે કોઈ ટીકા ન થવી જોઇએ, એટલું જ નહિ એની પ્રશંસા થવી જોઇએ. એ માટે ચાર મહત્ત્વનાં લક્ષણ આ પ્રમાણે બતાવવામાં આવે છે. (૧) એમનું વચન આદેય હોવું જોઇએ એટલે કે ગ્રહણ કરવાનું મન થાય એવું હોવું જોઇએ. આચાર્યનું કર્તવ્ય અન્યને ધર્મ પમાડવાનું છે. એમનું વચન એમના આશ્રિત સાધુસાધ્વીમાં જ જો ગ્રાહ્ય કે સ્વીકારવા યોગ્ય ન થાય તો અન્ય લોકોમાં ક્યાંથી થાય ? માટે આચાર્ય મહારાજનું વચન આદેય હોવું જોઇએ. (૨) આચાર્યની વાણીમાં મધુરતા હોવી જોઇએ. સાચી અપ્રિય લાગે એવી વાત પણ પ્રિય રીતે કહેતાં આવડવું જોઇએ. અંતરમાં સર્વ જીવો માટે વાત્સલ્યભાવ હોય તો વાણીમાં મધુરતા આવ્યા વગર રહે નહિ. (૩) આચાર્ય મહારાજની વાણી રાગદ્વેષ-અનિશ્રિત હોવી જોઇએ. એટલે કે રાગદ્વેષના આશ્રય વગરની હોવી જોઈએ. આચાર્ય ઉચ્ચ સ્થાને બિરાજતા હોવાથી કેટલીયે વાર એવા નિર્ણયો લેવાના આવે કે જે કદાચ કોઈ વ્યક્તિ કે જૂથને ન ગમે. પણ તેવે વખતે તેમણે પક્ષાપક્ષીથી દોરવાયા વગર તટસ્થ, ન્યાયયુક્ત, રાગદ્વેષરહિત નિર્ણય લેવો જોઇએ. (૪) આચાર્ય મહારાજની વાણી અસંદિગ્ધ વચનવાળી, શંકારહિત વચનવાળી હોવી જોઇએ. એમની વાણીથી બીજા ભ્રમમાં ન પડવા જોઇએ અથવા બીજાને ભ્રમમાં પાડવાના હેતુથી એવી ગોળ ગોળ વાત ન કરવી જોઇએ.

૫. વાચનાસંપદા-આચાર્ય મહારાજ પોતાના શિષ્યસમુદાયને વાચના આપવામાં કુશળ અને સમર્થ હોવા જોઇએ. આ વાચનાસંપદાનાં ચાર લક્ષણો છે. (૧) વિધિઉદ્દેશ-વિધિપૂર્વક વાચના આપે. વિધિ ભિન્નભિન્ન પ્રકારની છે. શિષ્યોની યોગ્યતા અનુસાર વિધિ અપનાવવી જોઇએ. જે શિષ્યો આગળનું ભણતા જાય અને પાછળનું ભૂલતા જાય તેમને યોગ્ય રીતે ભણાવે. ઉત્સર્ગ અને અપવાદની વાત શિષ્યની યોગ્યતા જોઇને કરવી જોઇએ. પાત્રની યોગ્યાયોગ્યતા જોઇને યોગ્ય કાળે યોગ્ય શાસ્ત્રોનું અધ્યયન કરાવવું જોઇએ. (૨) સમુદ્દેશ-એટલે જે અધ્યયન કરાવ્યું હોય તેમાં શિષ્યો બરાબર સ્થિર થયા છે કે નહિ તે ચકાસતા રહેવું જોઇએ. (૩) વાચના વારંવાર આપવી-આચાર્ય મહારાજે વાચના આપવામાં પ્રમાદ ન કરવો જોઇએ. શિષ્યની યોગ્યતા અનુસાર વાચના વખતોવખત આપતા રહેવું જોઇએ. (૪) ગહન અર્થ સમજાવે-શિષ્યોની યોગ્યતા અનુસાર નય પ્રમાણે, નિક્ષેપથી નિર્યુક્તિ સહિત અર્થના ઊંડાણમાં લઈ જાય. તેઓ સામાન્ય અર્થ સમજવાવાળાને તે પ્રમાણે સમજાવે અને યોગ્ય અધિકારી વર્ગને તલસ્પર્શી અભ્યાસ કરાવે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષાનો ક્રમ જાળવીને શિષ્યોને પદાર્થનું રહસ્ય સમજાવવું જોઇએ. શિષ્યોનું શાસ્ત્રજ્ઞાન વૃદ્ધિ પામતું રહેવું જોઇએ. વાચના વખતે વંદનવ્યવહાર પણ બરાબર સચવાવો જોઇએ.

૬. મતિસંપદા-આચાર્ય મહારાજ બુદ્ધિમાન હોવા જોઇએ. સામી વ્યક્તિ અડધું વાક્ય બોલે ત્યાં એનો અર્થ અને કહેવા પાછળનો આશય તરત સમજી જાય. તેઓ આગળ પાછળની ઘણી વાતો જાણતા હોય, તેમને યાદ પણ હોય અને પ્રસંગાનુસાર એનું કથન કરતાં પણ તેમને આવડવું જોઇએ. મતિજ્ઞાનના પ્રકારો અવગ્રહ, ઈહા, અપાય અને ધારણાના ગુણ તેમનામાં હોવા જોઇએ. એમની મેધા અત્યંત તેજસ્વી હોવી જોઇએ. એમનું ચિંતન એટલું વ્યાપક અને સૂક્ષ્મ હોવું જોઇએ કે ગમે ત્યારે કોઈપણ વિષયમાં તેઓ તરત યથાર્થ જવાબ આપી શકે એવા હોવા જોઇએ.

૭. પ્રયોગસંપદા-પ્રયોગ એટલે પ્રવર્તવું. એના આત્મા, પુરુષ, ક્ષેત્ર અને વસ્તુ એમ ચાર પ્રકાર છે. આચાર્ય મહારાજ અવસરજ્ઞ હોવા જોઇએ. તેઓ ચર્ચા વિચારણા કે વાદવિવાદ કરતા હોય ત્યારે પોતાની બુદ્ધિશક્તિ, સભાજનોની કક્ષા, માન્યતા ઇત્યાદિ, તથા વાદ કરનાર વ્યક્તિની યોગ્યતા, ક્ષેત્ર વગેરે વિશે પણ જાણકાર હોવા જોઇએ.

૮. સંગ્રહપરિજ્ઞાસંપદા-આચાર્ય મહારાજ વ્યવહારદક્ષ પણ હોવા જોઇએ. પોતાના શિષ્ય સમુદાયની વ્યવસ્થા, જરૂરિયાતો ઈત્યાદિની દૃષ્ટિએ ક્યારે ક્યારે કઈ કઈ વસ્તુનો, પોતાનાં વ્રતોની મર્યાદામાં રહીને ઔચિત્યપૂર્વક સંગ્રહ કરવો તેના તેઓ જાણકાર હોવા જોઇએ. એમાં ચાર મુખ્ય મુદ્દા છે ; (૧) બહુજનયોગ્ય ક્ષેત્રનો વિચાર કરે એટલે કે વિશાળ શિષ્યપરિવાર સાથે તેઓ વિહાર કરતા હોય ત્યારે એ બધાને માટે આવાસ, ગોચરી, અભ્યાસ, ધ્યાન, વ્યાખ્યાન, વંદનાર્થે લોકોની અવરજવર ઈત્યાદિની કેવી અનુકૂળતા છે તે વિચારી લે. નાનાં ક્ષેત્રોને બોજો ન પડે અને મોટાં ક્ષેત્રો વંચિત ન રહી જાય, તથા લાભાલાભ બરાબર છે કે કેમ તે વિશે વિચાર કરી લેવો જોઇએ. (૨) વસ્ત્ર-પાત્ર ઇત્યાદિ આવશ્યકતા અનુસાર ગ્રહણ કરે. (૩) આવશ્યક ઉપકરણોનો પણ અગાઉથી વિચાર કરી લેવો જોઇએ. (૪) યથા ગુરુપૂજા કરે એટલે કે દીક્ષાગુરુ, વિદ્યાગુરુ, રત્નાધિક વગેરેની યથાવિધિ પૂજા કરે, આદરબહુમાન કરાવે.

આચાર્ય મહારાજમાં આ આઠ સંપદા ઉપરાંત ચાર પ્રકારનો વિનય હોવો જોઇએ: (૧) આચાર વિનય-એટલે સ્વયં સંયમનું પાલન કરે અને શિષ્યો પાસે કરાવે. જેઓ સંયમ સારી રીતે પાળતા હોય તેમની અનુમોદના

કરે. તપવિનય એટલે આચાર્ય મહારાજ પોતે તપ કરે અને શિષ્યો પાસે તપ કરાવે, તપ માટે પ્રોત્સાહિત કરે અને તપની અનુમોદના કરે. ગણવિહરણ એટલે પોતાના ગણમાં, સમુદાયમાં રહેલા બાલ, વૃદ્ધ, રોગી સાધુઓની ઉચિત વ્યવસ્થા કરાવે; સારણા-વારણાદિ દ્વારા ગણને સુરક્ષિત રાખે. શિષ્યોને સંયમ, તપ, ગોચરી, વિહાર વગેરે વિશે યોગ્ય શિખામણ આપી તૈયાર કરે.

૨. શ્રુતવિનય-આચાર્ય શિષ્યોને સૂત્ર ભણાવે અથવા ભણવાની વ્યવસ્થા કરાવે; સૂત્રોના અર્થ, ઊંડા રહસ્ય નય-નિક્ષેપથી સમજાવે, શિષ્યને માટે જે હિતકર હોય તેવા ગ્રંથો તેને આપે અને ભણાવે, અને નિ:શેષ વાચના આપે એટલે કે ગ્રંથનું અધ્યયન અધવચ્ચેથી ન છોડી દેતાં પૂર્ણ કરાવે.

૩. વિશેષણવિનય-આચાર્ય પોતે મિથ્યાદૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ બનાવે, એ માટે ઉપદેશ અને પ્રેરણા આપે, સમ્યગ્દૃષ્ટિ જીવને સાધુપણા સુધી પહોંચાડે, અસ્થિરને સ્થિર કરે, અને જે સ્થિર હોય એમનામાં અતિચારના દોષ ન લાગે તથા તેઓ સંયમમાં વૃદ્ધિ પામે એ માટે પ્રયત્નશીલ રહે.

૪. દોષનિર્ઘાનતા વિનય-આ વિનય એટલે દોષોને દૂર કરવા અને ગુણોને પ્રગટાવવા. આચાર્ય મહારાજ ક્રોધી સ્વભાવવાળાના ક્રોધને દૂર કરાવે, તેઓ માન-માયા વગેરે કષાયોને પણ દૂર કરાવે; શિષ્યોની શંકા-કુશંકા દૂર કરે અને તેઓને જો બીજાના મતમાં જવા માટે આકાંક્ષા થાય ત્યારે તેવું વાત્સલ્યપૂર્વક સમાધાન કરાવી તેને સ્થિર કરે અને તેની શ્રદ્ધા વધે, વૈરાગ્ય વધે એ માટે ઉપાયો યોજે. વળી આચાર્ય પોતે પોતાની જાતનું અવલોકન કરતા રહે અને પોતાનામાં સ્થૂલ કે સૂક્ષ્મ દોષો રહેલા જણાય તો તે દૂર કરવાનો પુરુષાર્થ કરે.

આમ આઠ સંપદાના બત્રીસ પ્રકાર તથા ચાર પ્રકારનો વિનય એમ મળીને ૩૬ ગુણ આચાર્યના ગણાવવામાં આવે છે.

નવકારમંત્રમાં પંચ પરમેષ્ઠીના કુલ ૧૦૮ ગુણ ગણાવવામાં આવે છે એમાં આચાર્ય ભગવંતના છત્રીસ ગુણ બતાવવામાં આવ્યા છે. આ છત્રીસનો આંકડો જ મુખ્ય છે. પરંતુ આ છત્રીસ ગુણ તે કયા કયા એનો જ્યારે વિચાર થાય છે ત્યારે જુદી જુદી રીતે છત્રીસ ગુણ ગણાવવામાં આવે છે. એ રીતે છત્રીસ પ્રકારની છત્રીસી બતાવવામાં આવે છે. એ બધા ગુણોની ગણતરી કરીએ તો ૩૬x૩૬ એટલે ૧૨૯૬ ગુણ આચાર્ય મહારાજના થાય. શ્રી પદ્મવિજય મહારાજે લખ્યું છે:

શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, જે જિનવર સમ ભાખ્યા રે;
છત્રીશ છત્રીશી ગુણે, શોભિત સમયમાં દાખ્યા રે.

શ્રી લક્ષ્મીસૂરિ મહારાજે વીસ સ્થાનકની પૂજામાં આચાર્ય પદનો મહિમા ગાતાં કહ્યું છે:

બારસે છન્નું ગુણે ગુણવંતા, સોહમ જંબૂ મહંતા;
આયરિયા દીઠે તે દીઠા, સ્વરૂપ સમાધિ ઉલ્લસંતા

આમ પૂર્વાચાર્યોએ છત્રીસ છત્રીસી બતાવી છે. 'ગુરુગુણ-ષટ્ત્રિંશિતત્રિંશિકા' નામના ગ્રંથમાં આ છત્રીસ છત્રીસી કેવી રીતે થાય તે બતાવવામાં આવ્યું છે. શ્રી ભુવનભાનુસૂરિએ 'નવપદ વાચના' નામના પોતાના ગ્રંથમાં આ છત્રીસ છત્રીસી નીચે પ્રમાણે આપી છે. (એમાં સંક્ષેપ ખાતર માત્ર નામોલ્લેખ કર્યો છે એટલે જે ગુણ હોય તે ગ્રહણ કરવાના હોય અને દોષથી મુક્ત થવાનું હોય.)

(૧) ૪ દેશના, ૪ કથા, ૪ ધર્મ, ૪ ભાવના, ૪ સ્મારણાદિ, ૪ આર્તધ્યાન, ૪ રૌદ્રધ્યાન, ૪ ધર્મધ્યાન, ૪ શુક્લધ્યાન.

(૨) ૫ સમ્યક્ત્વ, ૫ ચરિત્ર, ૫ મહાવ્રત, ૫ વ્યવહાર, ૫ આચાર, ૫ સમિતિ, ૫ સ્વાધ્યાય, ૧ સંવેગ.

(૩) ૫ પ્રમાદ, ૫ આશ્રવ, ૫ નિદ્રા, ૫ કુભાવના, ૫ ઈન્દ્રિયો, ૫ વિષયો, ૬ જીવનિકાય.

(૪) ૬ લેશ્યા, ૬ આવશ્યક, ૬ દ્રવ્ય, ૬ દર્શન, ૬ ભાષા, ૬ વચનદોષ.

(૫) ૭ ભય, ૭ પિંડેષણા, ૭ પાનેષણા, ૭ સુખ, ૮ મદ.

(૬) ૮ જ્ઞાનાચાર, ૮ દર્શનાચાર, ૮ ચારિત્રાચાર, ૮ ગુણ, ૪ બુદ્ધિ.

(૭) ૮ કર્મ, ૮ અષ્ટાંગયોગ, ૮ યોગદૃષ્ટિ, ૮ મહાસિદ્ધિ, ૪ અનુયોગ.

(૮) ૯ તત્ત્વ, ૯ બ્રહ્મચર્ય, ૯ નિયાણાં, ૯ કલ્પ.

(૯) ૧૦ અસંવરત્યાગ, ૧૦ સંકલેશત્યાગ, ૧૦ ઉપઘાત, ૬ હાસ્યાદિ.

(૧૦) ૧૦ સમાધિસ્થાન, ૧૦ સામાચારી, ૧૬ કષાયત્યાગ

(૧૧) ૧૦ પ્રતિસેવના, ૧૦ શોધિદોષ, ૪ વિનયસમાધિ, ૪ શ્રુતસમાધિ, ૪ તપસમાધિ, ૪ આચારસમાધિ.

(૧૨) ૧૦ વૈયાવચ્ચ, ૧૦ વિનય, ૧૦ ક્ષમાદિધર્મ, ૬ અકલ્પનીયાદિ પરિહાર.

(૧૩) ૧૨ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ રુચિ, ૨ શિક્ષા.

(૧૪) ૧૧ શ્રાવક પ્રતિમા, ૧૨ વ્રત ઉપદેશક, ૧૩ ક્રિયાસ્થાન ઉપદેશક.

(૧૫) ૧૨ ઉપયોગ, ૧૪ ઉપકરણધર, ૧૦ પ્રાયશ્ચિત્તદાતા.

(૧૬) ૧૨ તપ, ૧૨ ભિક્ષુપ્રતિમા, ૧૨ ભાવના.

(૧૭) ૧૪ ગુણસ્થાનકમાં નિપુણ, ૮ સૂક્ષ્મોપદેશી, ૧૪ પ્રતિરૂપાદિ ગુણયુક્તતા.

(૧૮) ૧૫ યોગ ઉપદેશક, ૩ ગારવ, ૩ શલ્ય, ૧૫ સંજ્ઞા.

(૧૯) ૧૬ ઉદ્‌ગમ દોષો, ૧૬ ઉપાદાન દોષો, ૪ અભિગ્રહ.

(૨૦) ૧૬ વચનવિધિજ્ઞ, ૧૭ સંયમ, ૩ વિરાધના.

(૨૧) ૧૮ નરદીક્ષાદોષ પરિહાર, ૧૮ પાપસ્થાનક.

(૨૨) ૧૮ શીલાંગસહસ્રધારક, ૧૮ બ્રહ્મભેદ.

(૨૩) ૧૯ કાયોત્સર્ગ, ૧૭ મરણપ્રકાર પ્રકટન.

(૨૪) ૨૦ અસમાધિસ્થાનત્યાગ, ૧૦ એષણાદોષ ત્યાગ, ૫ ગ્રાસેષણા દોષ ત્યાગ, ૧ મિથ્યાત્વ.

(૨૫) ૨૧ સબલસ્થાનત્યાગ, ૧૫ શિક્ષાશીલ.

(૨૬) ૨૨ પરિષહ, ૧૪ આભ્યંતરગ્રંથી.

(૨૭) ૫ વેદિકાદોષત્યાગ, ૬ આરભટાદિદોષ ત્યાગ, ૧૫ પ્રતિલેખના.

(૨૮) ૨૭ અણગારગુણ, ૯ કોટિવિશુદ્ધિ

(૨૯) ૨૮ લબ્ધિ, ૮ પ્રભાવક

(૩૦) ૨૯ પાપશ્રુતવર્જન, ૭ શોધિગુણ.

(૩૧) ૩૦ મહામોહ બંધસ્થાન વર્જન, ૬ અંતરંગારિવર્જન.

(૩૨) ૩૧ સિદ્ધગુણોનું અનુકીર્તન, ૫ જ્ઞાનનું અનુકીર્તન.

(૩૩) ૩૨ જીવરક્ષક, ૪ ઉપસર્ગ વિજેતા.

(૩૪) ૩૨ દોષરહિત વંદનાના અધિકારી, ૪ વિકથારહિત.

(૩૫) ૩૩ અશાતનાવર્જી, ૩ વીર્યાચાર.

(૩૬) ૩૨ પ્રકારની ગણિસંપદા, ૪ વિનય.

આમ, આચાર્યના છત્રીસ ગુણ જુદી જુદી રીતે ગણાવવામાં આવે છે. એ આચાર્યના પદનો મહિમા અને ગૌરવ બતાવે છે.

આચાર્યના વિવિધ દૃષ્ટિકોણથી વિવિધ પ્રકાર બતાવવામાં આવ્યા છે. ઉ. ત. આચાર્યના ગૃહસ્થાચાર્ય, પ્રતિષ્ઠાચાર્ય, બાલાચાર્ય, નિર્યાપકાચાર્ય, એલાચાર્ય એવા પાંચ પ્રકારો બતાવવામાં આવે છે. તે દરેકની યોગ્યતા, તેમની જવાબદારી અને તેમનું કાર્ય ઈત્યાદિ શાસ્ત્રગ્રંથોમાં દર્શાવવામાં આવ્યાં છે.

રાજપ્રશ્નીયસૂત્રમાં આચાર્ય ત્રણ પ્રકારના બતાવ્યા છે. કલાચાર્ય, શિલ્પાચાર્ય અને ધર્માચાર્ય.

સાધુઓમાં આચાર્યનું પદ સર્વોચ્ચ હોવા છતાં તે પદ માનકષાયનું મોટું નિમિત્ત બની શકે છે. એમાંથી જ આચારમાં કેટલીક ત્રુટિઓ આવે છે; ક્યારેક ઉત્સૂત્ર-પરૂપણા થઈ જાય છે. સ્વયં આચારપાલનમાં અને આચારપાલન કરાવવામાં ન્યૂનાધિકતાનો સંભવ રહે છે. એટલે જ શાસ્ત્રકારોએ આચાર્યના ભિન્નભિન્ન પ્રકારો બતાવ્યા છે.

સ્થાનાંગસૂત્રમાં ચાર પ્રકારના આચાર્યઓ કહ્યા છે: (૧) આંબાના મધુર ફળ જેવા, (૨) દ્રાક્ષના મધુર ફળ જેવા, (૩) ખીરના મધુર ફળ જેવા અને (૪) શેરડી જેવા.

આચાર્ય મહારાજ અને એમના શિષ્યપરિવારની પ્રત્યેકની ન્યૂનાધિક ગુણવત્તાને લક્ષમાં રાખી એક બાજુ શોભાયમાન સાલ વૃક્ષ અને બીજી બાજુ તુચ્છ એવું એરંડાનું વૃક્ષ એ બેની ઉપમા સાથે 'સ્થાનાંગસૂત્ર'માં નીચે મુજબ ચાર પ્રકારના આચાર્ય કહ્યા છે, જેમ કે-(૧) આચાર્ય સાલવૃક્ષ જેવા એટલે કે ઉત્તમ શ્રુતાદિ ગુણોથી યુક્ત શ્રેષ્ઠ છે અને એમનો શિષ્યપરિવાર પણ સાલ વૃક્ષ જેવો જ શ્રેષ્ઠ છે. (૨) આચાર્ય સાલવૃક્ષ જેવા છે અને એમનો શિષ્ય પરિવાર એરંડાના વૃક્ષ જેવો શ્રુતાદિ ગુણો વિનાનો છે. (૩) આચાર્ય પોતે એરંડાના વૃક્ષ જેવા છે, પરંતુ એમનો શિષ્ય પરિવાર સાલવૃક્ષ જેવો છે અને (૪) આચાર્ય પોતે એરંડાના વૃક્ષ જેવા છે અને એમનો શિષ્ય પરિવાર પણ એરંડાના વૃક્ષ જેવો શુષ્ક અને તુચ્છ છે.

'સ્થાનાંગસૂત્ર'માં વળી બીજી એક રીતે ઉપમા આપીને આચાર્યના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે જેમકે-(૧) સોળાગ એટલે ચંડાલના કરંડ એટલે ટોપલા અથવા પાત્ર જેવા, (૨) વેશ્યાના ટોપલા જેવા, (૩) ગાથાપતિ અર્થાત ગૃહપતિના ટોપલા જેવા અને (૪) રાજાના ટોપલા જેવા.

બધા આચાર્યો એકસરખા નથી હોતા. કેટલાક તો શાસનનું રક્ષણ કરવાને બદલે શાસનનું અહિત કરે છે. તેઓ તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે. એટલે જ ગચ્છાચાર પ્રકીર્ણમાં અને 'સંબોધ પ્રકરણ'માં એમને સત્પુરુષ નહિ પણ કાપુરુષ કહ્યા છે: आण अइक्कमंतो सो कापुरिसो, न सतुरिसो ।

આચાર્યપદનું આટલું બધું ગૌરવ હોવા છતાં જે જે આચાર્ય ભગવંતો પોતાનો અંતિમ કાળ નજીક જાણીને સંથારો-સંલેખના લે છે તેઓ સંઘ સમક્ષ જાહેરમાં અથવા અંગત રીતે પોતાના આચાર્યપદનો ત્યાગ કરે છે. તેઓ વિશુદ્ધ આત્મભાવમાં હોવાથી જિનશાસનની-લોકવ્યવહારની દૃષ્ટિએ અપાયેલા પદથી પર થઈ ગયા હોય છે. કેટલાક મહાત્માઓ પોતાના ઉત્તરાધિકારીને પોતાના સમુદાયની ધુરા વેળાસર સોંપવા માટે પોતાની હયાતીમાં જ આચાર્યપદનો ત્યાગ કરે છે.

આચાર્યના પદ ઉપર ઉપાધ્યાયાદિને જ્યારે આરૂઢ કરવામાં આવે છે ત્યારે એ દૃશ્ય નિહાળવા જેવું હોય છે. જૈન શાસનમાં આચાર્યની પદવીનો મહિમા કેટલો બધો છે તે ત્યારે જોવા મળે છે. જ્યારે નૂતન આચાર્યની પદવી આપવામાં આવે છે અને આચાર્યનું નામાભિધાન જાહેર થાય છે ત્યારે નૂતન આચાર્યને પાટ પર બેસાડી, એમના ગુરૂ મહારાજ નીચે ઊતરી, ખમાસમણાં દઈ આચાર્ય બનેલા પોતાના ચેલાને વંદન કરે છે. એમાં વ્યક્તિ નહિ પણ પદનો મહિમા છે. ગુરુ મહારાજ પોતાના શિષ્યને વિધિપૂર્વક વંદન કરે એવી જિનશાસનની પ્રણાલિકા અજોડ છે. અન્ય કોઈ ધર્મમાં આવી પ્રણાલિકા નથી.

આથી જ શ્રી રત્નશેખરસૂરિએ કહ્યું છે :

जे माय तायबांधवपमुहेहिंतोऽवि इत्थ जीवाणं ।
साहंति हिअं कज्जं ते आयरिये नमंसामि ॥

[જે જીવોનું માતા, પિતા તથા ભાઈ વગેરેથી અધિક હિતકાર્ય કરે છે તે આચાર્યોને હું નમસ્કાર કરું છું.]

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ આચાર્ય પદની પૂજામાં અંતે આ જ ભાવના ભાવી છે તે આપણે ભાવવી જોઇએ:

ન તં સુહં દેઈ પિયા ન માયા,
જં દિંતિ જીવાણ સૂરીસ-પાયા;
તમ્હા હુ તે ચેવ સયા ભજેહ,
જં મુખ્ખ સુખ્ખાઈ લહુ લહેહ.

આચાર્ય ભગવંતના ચરણમાં જે સુખ મળે છે તેવું સુખ તો માતાપિતા પણ આપી શકતા નથી. એટલે તે ચરણની હંમેશાં સેવા કરો, જેથી મોક્ષસુખ જલ્દી મળે.

શ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી આવશ્યકસૂત્રમાં અંતર્ગત 'નમસ્કાર નિર્યુક્તિ'માં આવા આચાર્ય ભગવંતને નમસ્કાર કરવાનો મહિમા દર્શાવતાં લખ્યું છે :

आयरियनमुक्कारो जीवं मोएइ भवसहस्साओ ।
भावेण कीरमाणो होइ पुणो बोहिलाभाए ॥

[આચાર્યને કરેલો નમસ્કાર જો તે ભાવથી કરવામાં આવ્યો હોય તો તે હજારો ભવથી છોડાવે છે અને તે નમસ્કાર વળી અંતે બોધિલાભ-સમ્યક્ત્વને આપનારો થાય છે.]

आयरियनमुक्कारो धन्नाण भवक्खयं कुणंताणं ।
हिअयं अणुम्मुयंतो विसुत्तियावारओ होइ ॥

[ભવનો ક્ષય કરવા ઈચ્છતા જે ધન્ય માણસો પોતાના હૃદયમાં આચાર્યને નમસ્કાર કરવાનું છોડતા નથી તેમના દુર્ધ્યાનનું નિવારણ તે અવશ્ય કરે જ છે.]

आयरियनमुक्कारो एवं खलु वण्णिओ महत्थु त्ति ।
जो मरणम्मि उवग्गे अभिक्खणं कीरए बहुसो ॥

[આ રીતે આચાર્યને કરેલો નમસ્કાર મહાન અર્થવાળો અને મરણ નજીકમાં હોય ત્યારે તે નિરંતર અને બહુ વાર કરવામાં આવે છે.]

आयरियनमुक्कारो सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं तइअं होइ मंगलं ॥

[આચાર્યને કરેલો નમસ્કાર બધાંયે પાપોનો નાશ કરનારો અને બધાં મંગલોમાં આ ત્રીજું મંગલ (પહેલું અરિહંત અને બીજું સિદ્ધ) છે.]

□ રમણલાલ ચી. શાહ

# કેટલુંક ચિંતન

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

## પર્યાવરણની પરાકાષ્ઠા

કવિવર કાલિદાસ ભારતવર્ષના રાષ્ટ્રીય કવિ છે. એમણે એમનાં નાટકો ને કાવ્યોમાં ભારતવર્ષની તપોવન-સંસ્કૃતિને મૂર્તિમંત કરી છે તે વિશ્વ સાહિત્યમાં પણ અજોડ છે. પર્યાવરણની પરાકાષ્ઠા દર્શાવતો, 'શકુંતલ' નાટકમાંનો એમનો એક અદ્ભુત શ્લોક જોઈએ. શકુંતલા સાસરે જાય છે ત્યારે તપોવનનાં નિકટવર્તી તરુઓને ઉદ્દેશીને તાત કાશ્યપ કહે છે :

'પહેલી જે જળ ના પીએ, નવ તમે પીધેલું હો ત્યાં સુધી'
વ્હાલાં આભરણો, ન તોય ચૂંટતી સ્નેહે કરી પલ્લવો,
બેસે પહેલી જ વાર ફૂલ તમને ને જે ગણે ઉત્સવ
તે આ જાય શકુંતલા પતિગૃહે, આપો અનુજ્ઞા સહુ.'

તપોવનની હરિણી સમી શકુંતલાનો નિયમ હતો કે જ્યાં સુધી તરુઓને જલસિંચન ન થાય ત્યાં સુધી પોતાને ગમે તેવી તૃષા લાગી હોય તો પણ જલ ન પીવાય. વળી તે આભરણો-આભૂષણોની શોખીન હતી, પણ તરુવરો પ્રત્યે એને એવી માતૃ-મમતા હતી કે એ મમતા-સ્નેહને કારણે એ પલ્લવોને તોડતી નહીં. દીકરી પ્રથમ વાર માસિક ધર્મમાં આવે ને માતા કંસાર રાંધી ઉત્સવ મનાવે તેમ શકુંતલા કોઈ છોડ કે વેલને પ્રથમ વાર ફૂલ ફૂટે ત્યારે તે ઉત્સવ મનાવતી. તમારામાંની જ એક વલ્લરી જેવી શકુંતલા આજે પતિગૃહે પ્રયાણ કરી રહી છે ત્યારે હે તપોવનના તરુઓ! એને જવાની અનુજ્ઞા આપો અને એનું મંગલ ઈચ્છો.

'शान्तानुकूलपवनश्च शिवश्च पन्थाः ।'
'શાન્તાનુકૂલે પવને શિવ પંથ હોજો.'

પ્રકૃતિમાં માનવભાવોનું આરોપણ કરી કવિ સમગ્ર પ્રકૃતિના પ્રતિનિધિ જેવી પરભૃતા કોયલ દ્વારા એ અનુજ્ઞા આપે છે :

'પરભૃત-કલનાદ એમણે
કીધ નિજના પ્રતિ ઉત્તરે શકે.'

આ એક જ શ્લોકમાં માનવ અને પ્રકૃતિનો કેવો તો અવિભાજ્ય-નખ-માંસ સમોવડો સંબંધ નિરૂપાયો છે ! પ્રકૃતિ જડ નથી પણ ચેતનનેય સ્તન્યપાન કરાવતી એ ધાત્રી છે. પ્રકૃતિનું સૂક્ષ્મ પાલન-પોષણ, સંગોપન, સંવર્ધન અને ઉભયપદી અદ્વૈત નિરૂપતો આ એક શ્લોક માત્ર પર્યાવરણની તકેદારીની પરાકાષ્ઠા નથી સૂચવતો ? બે હજાર વર્ષો પૂર્વે લખાયેલો આ શ્લોક આજના સંદર્ભમાં પણ કેટલો બધો ઉદ્બોધક ને યથાર્થ છે ? ધરતી પરનું એકાદ તુચ્છ તરણું તૂટતાં પણ આકાશનો તારક હલી જાય એવી ઋતતત્ત્વ પરત્વેની અતંદ્રજાગ્રતિ ક્યારે આવશે ?

## કાર્યક્ષમતાની પારાશીશી

દિવાળીની રજાઓમાં મારો ન્હાનો દૌહિત્ર વડોદરા આવેલો. એણે મને એક 'જોક' સંભળાવી. કહે : 'ચાર દેશોના પોલિસોની કાર્યક્ષમતાની પરીક્ષા લેવાની હતી. એ ચાર દેશો તે અમેરિકા, રૂસ, ઈઝરાયેલ અને ભારત. પરીક્ષકો આ ચાર દેશોના પોલિસોને એક ગાઢ જંગલમાં લઈ ગયા. જંગલમાંથી એમણે એક વાંદરો પકડ્યો અને ચારેય પોલિસોના દેખતાં વાંદરાને જંગલમાં દૂર દૂર ભગાડી મૂક્યો. પછી અમેરિકાના પોલિસને કહ્યું કે તમો એ વાંદરાને પકડી લાવો તો અમેરિકન પોલિસ એ વાંદરાને એક કલાકમાં પકડી લાવ્યો. ફરી એ વાંદરાને છોડી મૂક્યો તો રૂસની પોલિસે એને પોણા કલાકમાં પકડી આણ્યો. ત્રીજીવાર વાંદરાને છોડી મૂક્યો તો ઈઝરાયેલની પોલિસ એને અર્ધા કલાકમાં પકડી લાવી. છેલ્લો વારો આવ્યો ભારતની પોલિસનો. ભારતીય પોલિસ તો દૂર દૂર જંગમાં ભમ્યા કરે પણ વાંદરો મળે નહીં, એક કલાક...બે કલાક...ત્રણ કલાક...ચાર કલાક...પાંચ કલાક પસાર થઈ ગયા પણ ભારતનો પોલિસ પાછો ફર્યો નહીં એટલે પેલા પરીક્ષકો જંગલમાં તપાસ કરવા ગયા તો ત્યાં એમણે શું જોયું ? પેલો ભારતીય પોલિસ એક શિયાળને ઝાડની શાખાએ ઊંધું લટકાવી ફટકારતો હતો. ફટકારતાં ફટકારતાં જોરથી બોલતો હતો, 'સાચું બોલ ! તું વાંદરો છે, શિયાળ નથી. જો સાચું બોલીશ તો છોડી દઈશ' બાકી મારી મારીને મહેમદાવાદ બતાવીશ. લુચ્ચા ! હું તારા તરકટને પિછાણું છું, હું કંઈ અમેરિકા, રૂસ ને ઈઝરાયલની પોલિસ જેવો ભલોભોળો નથી કે તારી માયાજાળમાં ફસાઈ જાઉં ! હું તો છું ભારતીય પોલિસ.' આખરે માર સહન ન થતાં જાનવરોમાં ચતુરમાં ચતુર એવા શિયાળે કહ્યું, 'ભાઈ સાબ મને છોડો, હું વાંદરો જ છું.'

આપણે ત્યાં 'પંચતંત્ર' ને ઈસપની પ્રાણી વિષયક અનેક બોધ-કથાઓ લોકપ્રિય છે. એક નિબંધ લખવો સહેલો છે પણ એકાદ બાળકથા કે પ્રાણીકથા લખવી અઘરી છે. ઉપર્યુક્ત કથા ભલે એકાદ ટૂચકો હોય કે 'તુક્કો' હોય કે બેઘડીની મોજ હોય પણ ભિન્ન ભિન્ન દેશોની પોલિસની કાર્યક્ષમતાની પારાશીશીરૂપ છે. આપણે ત્યાં વ્યક્તિ કસૂરવાર હોય કે ન હોય પણ તેની સાથે ચતુરાઈથી માનવીય અભિગમથી કામ પાડવાને બદલે 'થર્ડ ડિગ્રી ટ્રીટમેન્ટ'થી કામ લેવામાં આવે છે. બુદ્ધિની મર્યાદા એમાં અભિપ્રેત છે. રાષ્ટ્રીય ચારિત્ર્યનો મુદ્દો પણ એમાં ગર્ભિત છે. આપણી કેળવણીનું સ્તર પણ કેટલું નીચું છે તેનો પણ અહીં પરોક્ષરૂપે નિર્દેશ છે. તાડન-ભીતિને કારણે ગુનાની કૃતક કબૂલાત કરવી, કરાવવી અને માનવીય અભિગમથી 'હ્યુમન બિહેરિયમ' દ્વારા નિર્દોષતા કે ગુનાહિત માનસને છતાં કરવાં એમાં સાચી દક્ષતા ને કાર્યક્ષમતાની માત્રા ને મહત્તા જોવા મળે છે. આપણા પોલિસતંત્ર માટે તો હાથે કંકણ, ત્યાં આરસીની શી જરૂર ? એવો ઘાટ છે. ❖❖❖

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે, શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરીના આર્થિક સહયોગથી સ્વ. જ્યોત્સના ભૂપેન્દ્ર જવેરીના સ્મરણાર્થે ચિખોદરાની આંખની હૉસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન રવિવાર, તા. ૨૭મી જાન્યુઆરી ૨૦૦૨ના રોજ આણંદ જિલ્લામાં બાંધણી મુકામે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના કેટલાક પદાધિકારીઓ અને સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

નેત્રયજ્ઞ પછી પંચમહાલ જિલ્લામાં સંખેડા-બહાદરપુર પાસે આવેલી કૃષિ વિદ્યાપીઠ અને લોકવિદ્યાલય 'મંગલ ભારતી'ની મુલાકાત તથા લક્ષ્મણી તીર્થની યાત્રાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. ડૉ. રમણીકલાલ દોશી (દોશીકાકા) પણ સાથે પધાર્યા હતા.

□ મંત્રીઓ

# મંથન (હાજીપુર)માં નામકરણ અને ભંડોળ અર્પણવિધિનો કાર્યક્રમ

□ મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી છેલ્લાં સોળ વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન લોકસેવા-માનવસેવાનું કામ કરતી કોઈ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રોતાઓને દાન માટે અપીલ કરીને તે સંસ્થા માટે ફંડ એકઠું કરવામાં આવે છે. એ માટે કાર્યકર્તાઓ પહેલાં તે સંસ્થાની મુલાકાત લે છે.

આ વર્ષે કાર્યવાહક સમિતિના કેટલાક સભ્યોએ કલોલ-હાજીપુરમાં આવેલી 'મંથન' નામની સંસ્થાની બે વખત મુલાકાત લીધી હતી. અને સંસ્થાની વિસ્તૃત માહિતી મેળવી હતી તથા અપંગ અને મંદબુદ્ધિવાળી બાળાઓનો વસવાટ નજરે જોઇને એ સંસ્થાને સહાય કરવાનો નિર્ણય કર્યો હતો. સંસ્થાના સર્જક અને સૂત્રધાર શ્રી નિરુબહેન રાવલ તથા સહકાર્યકર શ્રી ગિરીશભાઈ પટેલના કાર્યથી સૌ અત્યંત પ્રભાવિત થયા હતા.

આ વર્ષે પર્યુષણ પર્વ દરમિયાન 'મંથન' માટે રૂપિયા એકવીસ લાખથી વધુ રકમ એકત્ર થઈ હતી.

સંઘે એકત્રિત કરેલું ભંડોળ અર્પણ કરવાનો કાર્યક્રમ હાજીપુર મુકામે તા. ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૦૨ના રવિવારે ગુજરાતના રાજ્યપાલ મહામહિમ શ્રી સુંદરસિંહજી ભંડારીના વરદ્ હસ્તે યોજવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો, દાતાઓ અને શુભેચ્છકો સહિત કુલ ૪૫ જેટલાં ભાઈ/બહેનો મુંબઈથી અમદાવાદ જવા ગુજરાત મેલમાં રવિવાર તા. ૫મી જાન્યુઆરી, ૨૦૦૨ના રાતના ૯.૫૦ કલાકે રવાના થઈ અમદાવાદ સ્ટેશને સવારે પહોંચ્યાં હતાં. ત્યાંથી બસમાં કલોલ પાસેના યાત્રાધામ શેરીસા જવા રવાના થયા હતા. શેરીસા પહોંચી, સ્નાનાદિ અને પૂજન વગેરે પતાવીને અમે સૌ હાજીપુર ૧૦.૦૦ કલાકે પહોંચી ગયાં હતાં.

મંથન-હાજીપુર પહોંચતાં શ્રી નિરુબહેન રાવલ તથા શ્રી ગિરીશભાઈ પટેલે અમારા બધાનું સ્વાગત કર્યું હતું. દરમિયાન રાજ્યપાલ શ્રી સુંદરસિંહજી ભંડારી પધાર્યા હતા. સંસ્થા તરફથી એમનું ખૂબ જ ભભકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાજ્યપાલ શ્રી સુંદરસિંહજી ભંડારીએ સંકુલમાં વિવિધ વિભાગનું નિરીક્ષણ કર્યું. મંદબુદ્ધિની બાળાઓના વિભાગ માટે 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-માનું ઘર' નામકરણવિધિ રાજ્યપાલ શ્રી સુંદરસિંહજી ભંડારીના શુભ હસ્તે કરવામાં આવી હતી.

ત્યાર પછી સભામંડપમાં કાર્યક્રમની શરૂઆત સંકુલની અપંગ, વિકલાંગ તથા મંદબુદ્ધિની બાળાઓ તરફથી સ્વાગત ગીત, દાંડિયા રાસ, ગરબા વગેરે વિવિધ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. છેલ્લે એમના તરફથી એક સૈનિક લડાઈમાં જાય તે પહેલાં પોતાનાં સ્વજનોની વિદાય લે છે તે વિશેની હૃદયસ્પર્શી નાટિકા રજૂ કરવામાં આવી હતી. તે જોઇને બધાંના મન ભરાઈ ગયાં હતાં. રાજ્યપાલશ્રી પણ ભાવવિભોર થયા હતા.

સાંસ્કૃતિક કાર્યક્રમ પછી શ્રી નિરૂબહેન રાવલ તથા શ્રી ગિરીશભાઈ પટેલ અને ઈતર સહકાર્યકરો તરફથી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ, વર્તમાન પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીઓ તથા કોષાધ્યક્ષનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષ તરીકે પધારેલા ચિખોદરાના સેવાભાવી ડૉ. શ્રી રમણીકલાલ દોશી (દોશી કાકા)નું સન્માન મા. રાજ્યપાલ શ્રી સુંદરસિંહજી ભંડારીએ શાલ ઓઢાડીને કર્યું હતું.

રાજ્યપાલ શ્રી સુંદરસિંહજી ભંડારીએ ત્યાર પછી શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ-ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન રમણલાલ શાહનું તથા પ્રમુખ-શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ઉપપ્રમુખ-શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ, મંત્રીઓ-નિરુબહેન શાહ, ડૉ. ધનવંત શાહ, કોષાધ્યક્ષ-શ્રી ભૂપેન્દ્ર જવેરી તથા સંઘના મેનેજર શ્રી મથુરાદાસ ટાંકનું સન્માન કર્યું હતું.

આ સન્માન વિધિ પછી ડૉ. રમણીકલાલ દોશી (દોશીકાકા), શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ-ડૉ. રમણલાલ ચી. શાહ, વર્તમાન પ્રમુખ-શ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ઉપપ્રમુખ-શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ, મંત્રીઓ-શ્રીમતી નિરુબહેન શાહ, ડૉ. ધનવંત શાહ, પ્રો. તારાબહેન ર. શાહ, કોષાધ્યક્ષ-શ્રી ભૂપેન્દ્ર જવેરી, તથા અતિથિ વિશેષ તરીકે પધારેલાં શ્રી અનિલભાઈ શેઠ તથા ડૉ. પ્રીતિબહેન શાહ વગેરેનાં પ્રાસંગિક વક્તવ્યો રજૂ થયાં હતાં.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રમુખ તથા મંચ ઉપર હાજર રહેલા સૌ તરફથી રાજ્યપાલના સાંનિધ્યમાં રૂપિયા એકવીસ લાખનો ચેક શ્રી નિરુબહેન રાવલ તથા શ્રી ગિરીશભાઈ પટેલને અર્પણ કરવામાં આવ્યો. રાજ્યપાલ શ્રી સુંદરસિંહજી ભંડારીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ખૂબ જ ઉમદા કામ કર્યું છે. તેઓએ કહ્યું કે જે સંસ્થા-'મંથન'ને મદદ કરવાનું નક્કી કર્યું તે ખરેખર યોગ્ય સંસ્થા છે. સંકુલની દરેક બાળાઓનું ખમીર, શ્રદ્ધા વગેરે જોઇને એમ લાગ્યું છે કે તેમને જીવવામાં જરાયે ઊણપ વર્તાતી નથી એમ તેમણે બતાવી આપ્યું. અપંગ-મંદબુદ્ધિની હોવા છતાં તેઓ પોતાના જીવનને હર્યુંભર્યું અને પ્રફુલ્લિત રાખે છે. દાતાઓ જો આવી સંસ્થાને મદદ કરે તો તેમના નિભાવખર્ચમાં તકલીફ ન પડે.'

મંથન તરફથી આરસની બીજી એક તક્તિ સંકુલમાં દાખલ થઈએ ત્યાં મૂકવામાં આવી છે જેમાં સંઘ તરફથી રૂા. ૨૧,૦૦,૦૦૦/- અર્પણ કર્યા તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પ્રણાલિકા છે કે સહાય કરતી વખતે કોઈ પૂર્વ શરત કરવામાં આવતી નથી પણ મંથનનાં શ્રી નિરુબહેન રાવલ તથા શ્રી ગિરીશભાઈ પટેલનો ખૂબ આગ્રહ હતો કે સંઘના નામની તખ્તી મૂકવી છે. તે મુજબ 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ-માનું ઘર' અને રૂા. ૨૧,૦૦,૦૦૦/-ની એમ બે તખ્તી સંકુલમાં મૂકવામાં આવી છે. મંથનની બાળાઓના સારા નસીબે સંઘ સારો ફાળો એકત્રિત કરી શક્યું. 'મંથન'નો આ કાર્યક્રમ યાદગાર અને સુવર્ણ અક્ષરે લખાશે.

બપોરના ભોજનાદિ ક્રિયાઓ પતાવી અમે મંથન સંકુલમાંથી બપોરના ૩.૦૦ કલાકે રવાના થયાં. સંકુલની બાળાઓએ વિદાય ગીત ગાઈને બધાંને લાગણીવશ કર્યા હતાં. 'મંથન' સંસ્થાના કાર્યકર્તાઓએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના હોદ્દેદારો તથા પ્રવાસમાં સાથે આવેલા સૌને શ્રીફળ, અગરબત્તી વગેરેની ભેટ આપી, બીજીવાર આવવાનું આમંત્રણ આપી વિદાયગીરી આપી હતી.

'મંથન'ના કાર્યક્રમ પછી સાંજે મહુડી તીર્થની યાત્રા કરીને રાત્રે મુંબઈ માટે સૌ પાછા ફર્યા હતા.

આ રીતે 'મંથન'નો કાર્યક્રમ યાદગાર બની ગયો હતો.

❖❖❖

# અહિંસા-પાલનની પ્રથમ અને ચરમ કક્ષા

**☐ પૂ. શ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ**

અહિંસા-પાલનની પ્રથમ કક્ષા કઈ અને ચરમ કક્ષા કઈ? ધર્મની બારાખડી શીખી રહેલો દયાનું પાલન કઈ રીતે કરે, અને આ બારાખડી શીખીને ધીમે ધીમે જ્ઞાનનું ચરમ-શિખર સર કરી રહેલો દયાની આરાધના કઈ રીતે કરે? આ બે કક્ષામાં ભેદ તો રહેવાનો જ! એનું દિગ્દર્શન મેળવવાનો પ્રયાસ એક સુભાષિતના માધ્યમે કરીએ. સુભાષિત ચરમ કક્ષાની અહિંસા-સાધનાનું સ્વરૂપ દર્શાવતાં કહે છે કે, જેમ મને મારા પ્રાણપ્રિય છે, એમ સર્વ જીવોને પોતાના પ્રાણ પ્રિય છે.આ જાતની આત્મોપમ દૃષ્ટિથી સાધુઓ જીવદયાનું આચરણ કરતા હોય છે.

અહિંસાપાલનની આ રીત ચરમકક્ષાની થઈ, તો પ્રથમ કક્ષાની અહિંસા-પાલનની રીત એ હોઇ શકે કે, સામા જીવને દુ:ખ ન થાય, એ માટે એના પ્રાણની રક્ષા કરવી! સ્વની જેમ સર્વને સમજવા, અને એથી સ્વની રક્ષા કરવા સર્વની રક્ષા કરવી, આ અહિંસા સાધવાની ચરમકક્ષા ગણાય, તો સ્વ અને સર્વની સરખામણી વિના માત્ર સામાને દુ:ખથી બચાવવા ખાતર જ અહિંસાનું પાલન કરવું, આ પ્રથમ કક્ષાની અહિંસા-સાધના થઈ! ઉપર-ઉપરથી કોઈ વિશિષ્ટ ભેદ જણાતો ન હોવા છતાં આ બે જાતની સાધનામાં આભ-ગાભ જેવો જે ભેદ છુપાયો છે, એને પ્રકાશમાં લાવવા જરા ઊંડા ઉતરીને આ વિષયને વિચારીએ:

એક દર્દી બીમાર છે, રોગોથી એ કણસી રહ્યો છે. એનું દુ:ખ દૂર કરવા ડૉક્ટર પ્રયાસ કરે છે. દર્દીનું દર્દ જો કે ડૉક્ટરના જિગર પર તો કોઈ જખમ જગવી શકતું નથી, છતાં એનામાં સામાના દુ:ખને દૂર કરવાની ભાવના જરૂર રહી છે. માટે જ એ દવા કરી રહ્યો છે. પ્રથમ કક્ષાની અહિંસા-સાધના એક અપેક્ષાએ આ ડૉક્ટરની પ્રવૃત્તિ સાથે સરખાવી શકાય.

હવે આગળ વધીએ : આ જ દર્દીનું દુ:ખ દૂર કરવા એ પતિ હોય તો એની પત્ની, દીકરો હોય તો એની માતા અને મિત્ર હોય તો એનો જિગરી મિત્ર પણ પ્રયાસ કરે છે. આ પ્રયાસમાં અને ડૉક્ટરના પ્રયાસમાં ઘણું અંતર હોય છે. ડૉક્ટર દર્દીની વેદનાને વેદના રૂપે જ નિહાળે છે, જ્યારે દર્દીની વેદનાને પત્ની, મા અને મિત્ર પોતાની જ વેદના ગણીને, એ વેદનાથી જાતને મુક્ત કરવા, દર્દીના દુ:ખને દૂર હટાવવા અંતરની લાગણીપૂર્વક મથે છે. પ્રથમ રીતમાં દર્દી અને ડૉક્ટર: આ બે જુદાં અસ્તિત્વ છે, બીજી રીતમાં દર્દી અને એના સગાં વચ્ચે જાણે અભેદ જોવા મળે છે અને આ કારણે ડૉક્ટરના હાથ કરતાં એ સગાઓના હાથમાં વધુ હૂંફ, વધુ વાત્સલ્ય અને વધુ પ્રેમભાવના નીતરતી હોય છે.

આ જ વાત હવે અહિંસા-પાલનની સાથે સરખાવીએ; સામાન્ય માનવી અથવા તો પ્રાથમિક કક્ષાનો અહિંસાનો આરાધક સામા જીવના દુ:ખથી દુ:ખિત થઇને એને બચાવવા મથે છે, સામાનું દુ:ખ એને સામાનું જ દુ:ખ લાગે છે, એથી એની આરાધનામાં પ્રાથમિક કક્ષાના પ્રેમ-વાત્સલ્ય જ જોવા મળે છે. આ જ આરાધના જ્યારે આગળ ને આગળ વધે છે, ત્યારે આવા ભેદનો છેદ ઊડી જાય છે એને એ જ આરાધના આત્મોપમ બને છે.

આરાધક જ્યારે સર્વ જીવો પ્રત્યે આત્મોપમ દૃષ્ટિ ધરાવતો બની જાય છે, ત્યારે એના હૈયામાં માતા, ભાઈ, પતિ અને પિતા કરતાંય કંઈ ગણું વધારે વાત્સલ્ય છલકાય છે અને સામા જીવને પોતાના ગણવાની વિશ્વ-વાત્સલ્ય દૃષ્ટિનું ઉદ્ઘાટન થાય છે. એથી ઘા સામા પર થાય, તો ય એ ઘાના જખમ એના પર ઊઠે છે. ચાબૂક સામા પર ફટકારાય, તો ય સોળ એના પોતાના બરડામાં ઊઠે છે. ટૂંકમાં, સામાનું દુ:ખ ક્યારેક સામી વ્યક્તિ કરતાં પણ એને વધુ વેદના વિહ્વળ બનાવી જાય છે. અને પોતાની આ વિચિત્ર-વિલક્ષણ વેદનાને સમાવવા જ એ સામાનાં દુ:ખ દૂર કરવા મથે છે. આ આત્મોપમ-દૃષ્ટાની અહિંસા-આરાધના થઈ.

આવો આરાધક નાના-મોટા કોઈપણ જીવને દુ:ખી જુએ કે એનું પોતાનું કાળજું કપાઈ જાય છે, અને કપાતા આ કાળજાને ઠારવા જ એ સામા જીવની સારસંભાળ લે છે. એનું હૈયું આટલું બધું ફૂલકોમળ હોવા છતાં પાછી એની વિચિત્ર-વિશેષતા તો એ હોય છે, કે જાત પરના દુ:ખને સહર્ષ સહી લેવા એ વજ્ર જેવા કઠોર કાળજાનો ધારક હોય છે. આમ 'વજ્રદપિ કઠોરાણિ અને મૃદુનિ કુસુમાદપિ'ની ઉક્તિ આત્મોપમ રીતે અહિંસાની આરાધના કરનારના જીવનમાં સાચા અર્થમાં ચરિતાર્થ થતી જોવા મળે છે. ❖❖❖

# ડૉ. જમશેદ પી. પીઠાવાલાનું સન્માન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના ઉપક્રમે વીસ વર્ષથી દર રવિવારે સેવા આપનાર હાડકાંના દર્દોના નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા અને એમના સ્ટાફના સભ્યોના સન્માનનો કાર્યક્રમ રવિવાર તા. ૧૩-૧-૨૦૦૨ના રોજ સંઘના કાર્યાલયમાં યોજવામાં આવ્યો હતો.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘમાં ડૉ. જમશેદ પી. પીઠાવાલા છેલ્લા વીસ વરસથી હાડકાંના દર્દીઓ માટે દર રવિવારે નિયમિતપણે સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ કલાક સુધી સંઘના કાર્યાલયમાં નિ:શુલ્ક સેવા આપે છે. વીસ વર્ષનો રેકર્ડ છે કે આ સેવા કોઈપણ રવિવારે હજુ સુધી બંધ રાખવામાં આવી નથી. તહેવાર હોય તો પણ બંધ રાખવામાં આવતી નથી. પછી ભલે એ તહેવાર પારસી પટેટીનો કેમ ન હોય !

ડૉ. પીઠાવાલાની સાથે કામ કરતાં એમના સ્ટાફના માણસો પણ એટલા જ સેવાભાવી, વિનયશીલ અને મિલનસાર સ્વભાવના છે. તેઓ નિ:સ્વાર્થપણે બધાંને ખૂબ જ સારી રીતે માલીશ અને બીજી ટ્રીટમેન્ટ બતાવીને હસતાં મોઢે સારા કરે છે. ડૉ. જમશેદ પીઠાવાલાએ એવા દર્દીઓને સાજા કર્યા છે જેઓના ઓપરેશનની તારીખ નક્કી કરવામાં આવી હોય પણ પછી ઓપરેશન કરાવવું ન પડ્યું હોય. એવા એક ભાઈ આ સન્માન સમારંભમાં હાજર હતા. ડૉ. પીઠાવાલાએ એવા અનેક દર્દીઓને ઓપરેશનમાંથી બચાવ્યા છે.

સંઘના મંત્રી ડૉ. ધનવંત તિલકરાય શાહએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ડૉ. પીઠાવાલા સંઘ સાથે કેવી રીતે જોડાયા તેની વિગતવાર વાત રજૂ કરવામાં આવી. એમની સેવાને બિરદાવવા માટે સંઘના પ્રમુખશ્રી રસિકલાલ લહેરચંદ શાહ, ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ, મંત્રી-શ્રીમતી નિરુબહેન શાહે પ્રાસંગિક વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

ત્યાર પછી ડૉ. પીઠાવાલાનું સન્માન આકર્ષક સ્મૃતિચિહ્ન આપીને અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું. તદુપરાંત એમના સ્ટાફના સભ્યોનું તથા વ્યવસ્થા માટે માનદ્ સેવા આપનાર શ્રીમતી જયાબહેન વીરાનું સન્માન શ્રી ભૂપેન્દ્રભાઈ જવેરી તથા અન્ય પદાધિકારીઓ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું અને દરેકને સુંદર ભેટ આપવામાં આવી હતી.

ડૉ. જમશેદ પીઠાવાલાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે 'શ્રી મુંબઈ જૈન યુવક સંઘે મને સેવા કરવા માટે જે પ્લેટફોર્મ તૈયાર કરી આપ્યું તે માટે હું હમેશાં તેમનો ઋણી રહીશ. સેવા કરવા ઘણાં તૈયાર હોય છે પણ સેવા કરવાનો મોકો કે વ્યવસ્થા ન હોય તો સેવા કેમ થાય?' ડૉ. પીઠાવાલાએ સંઘના બધા હોદ્દેદારોનો તથા ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહનો ભાવવિભોર થઈ હર્ષાયુ સાથે ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

અંતમાં આભારવિધિ અને અલ્પાહાર પછી કાર્યક્રમ પૂરો થયો હતો.

અમને જણાવતાં આનંદ થાય છે કે ડૉ. પીઠાવાલાએ હવે પોતાના સુપુત્ર રયોમંદને પણ હાડકાંની સારવાર માટે તૈયાર કર્યો છે. ☐ **મંત્રીઓ**

# નિગોદથી નિર્વાણની સ્વરૂપ-પ્રગટીકરણની પ્રક્રિયા

□ શ્રી ગિરીશભાઈ તારાચંદ મહેતા

(અનુસંધાન ગતાંકથી સંપૂર્ણ)

**(૭) સાતમું અપ્રમત્ત સંયત ગુણસ્થાનક** : છઠ્ઠા ગુણઠાણે સ્થિત થયેલ પ્રમત્ત સર્વવિરતિધર સાધક પોતાના ઉપયોગને વધુ અને વધુ આત્મકેન્દ્રિત કરે છે, સતત સાવધાની, ઉપયોગયુક્તતા, અપ્રમત્તતા, જાગરૂક્તા કેળવે છે, ત્યારે સ્વરૂપ-સંવેદનાને સ્પર્શવારૂપ સાતમા અપ્રમત સંયત ગુણસ્થાનકની સ્પર્શના કરે છે અને છઠ્ઠા ગુણઠાણે પાછો ફરે છે. એમ વારંવાર કરે છે, જેમ સમતલ રહેલ હીંચકો કે લોલક પોતાની ભ્રમણ રેખામાં ટોચે જઈને મૂળ સ્થિતિમાં પરત આવે છે. બેય ગુણસ્થાનકે દેશોનપૂર્વ ક્રોડ વર્ષ સુધી આવનજાવન ચાલુ રહે તો પણ આ સાતમા ગુણઠાણાની સ્પર્શનાનો કુલ મળીને કાળ એક મોટું અંતર્મુહૂર્ત થાય. આ ગુણઠાણે વિશિષ્ટ તપ અને ધર્મધ્યાનાદિના યોગથી કર્મનો ક્ષય થતાં અપૂર્વ વિશુદ્ધિ થાય છે, જેનાં પરિણામ સ્વરૂપ મન:પર્યવજ્ઞાનાદિ ઋદ્ધિઓ નિષ્પન્ન થાય છે. આ સાતમું ગુણઠાણું શ્રેણિના મંડાણ માટે યથાપ્રવૃત્તકરણરૂપ છે.

**(૮) આઠમું અપૂર્વકરણ-નિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક** : છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે ગુણઠાણે આકર્ષ (આવ-જા) કરતાં સાતમા ગુણઠાણાની સ્પર્શનાનો કાળ વધતાં અને તથા પ્રકારની વિશુદ્ધિ થતાં શ્રેણિના મંડાણ સ્વરૂપ આઠમા અપૂર્વકરણ ગુણઠાણે કે જેને નિવૃત્તિબાદર સંપરાય તરીકે પણ ઓળખવામાં આવે છે એ ગુણઠાણે પદારોપણ કરે છે.

અહીં આ ગુણઠાણે જીવ ક્યારેય ભવચક્રમાં કર્યા નહિ હોય એવાં પાંચ અપૂર્વ અધ્યવસાય-કરણ કરવા દ્વારા અપૂર્વસ્થિતિઘાત, અપૂર્વરસઘાત, અપૂર્વગુણશ્રેણિ, અપૂર્વ ગુણસંક્રમ અને અપૂર્વસ્થિતિબંધથી અપૂર્વ કર્મક્ષય કરે છે.

સમ્યક્ત્વપ્રાપ્તિ પૂર્વે ચોથા ગુણઠાણે આરોહણ કરતી વેળાએ જે ત્રિકરણમાંનું અપૂર્વકરણ કરેલ હતું તે દર્શનમોહનીયકર્મ સંબંધિત હતું. જ્યારે અહીં જે કરવામાં આવે છે તે ચારિત્રમોહનીયકર્મ સંબંધિત શ્રેણિના મંડાણ માટે કરવામાં આવતું અપૂર્વકરણ છે અને તે ગુણસ્થાનરૂપ છે.

આ અપૂર્વકરણ ક્ષપક અને ઉપશમક એમ બે પ્રકારે છે. જો કે ક્ષપણા કે ઉપશમનાનો કાર્યારંભ તો હવે પછીના નવમા ગુણસ્થાનકેથી થનાર છે. આઠમું ગુણઠાણુ તો શ્રેણિની પૂર્વ તૈયારીરૂપ છે. શ્રેણિના મંડાણનો પાયો અહીં રચાય છે તેથી જ કારણમાં કાર્યનો આરોપ કરી આ ગુણઠાણાને પણ શ્રેણિના ગુણઠાણારૂપ લેખવામાં આવે છે. અહીં જ સામર્થ્યયોગ હોય છે કે જે સામર્થ્યયોગથી શ્રેણિરૂપ તપાચારનું સેવન થાય છે જેમાં નિકાચિત કર્મોની પણ નિર્જરા થાય છે.

દર્શનમોહનીયકર્મના ક્ષયોપશમ પૂર્વે જેમ ત્રિકરણ છે તેમ અહીં ચારિત્રમોહનીયકર્મના ક્ષય કે ઉપશમરૂપ વીતરાગભાવના યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ પૂર્વે ગુણસ્થાનકરૂપ ત્રિકરણ છે. સાતમું ગુણઠાણું યથાપ્રવૃત્તકરણ છે, જ્યારે આઠમું ગુણસ્થાનક અપૂર્વકરણ છે, તો નવમું ગુણઠાણું અનિવૃત્તિકરણ છે. દશમું ગુણઠાણું તો નવમા ગુમઠાણાના વિશિષ્ટ ભાગરૂપ છે, જ્યાં શેષ સૂક્ષ્મ સંજ્વલન પ્રકારના લોભકષાયનો ક્ષય છે. ઉપશમશ્રેણિના પરિપાકરૂપ અગિયારમું ગુણઠાણું છે અને ક્ષપકશ્રેણિના પરિપાકરૂપ બારમું ગુણઠાણું છે. બારમા ગુણઠાણાનું ફળ તેરમું ગુણઠાણું છે જ્યારે મુક્તાવસ્થા અર્થાત્ સ્થિરાવસ્થા સિદ્ધાવસ્થાની પ્રાપ્તિની તૈયારીરૂપ ચૌદમું ગુણઠાણું છે.

આ ગુણસ્થાનક પૂર્વે મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિમાંથી દર્શન સપ્તકથી ઓળખાતી દર્શનમોહનીયકર્મની ત્રણ પ્રકૃતિ તે મિથ્યાત્ત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય તેમજ અનંતાનુબંધી કષાયની ચાર એમ સાત પ્રકૃતિનો ઉપશમ કે ક્ષય થયા પછી જ મોહનીયકર્મની એટલે કે ચારિત્રમોહનીયકર્મની શેષ એકવીસ પ્રકૃતિનો ઉપશમ કરવારૂપ ઉપશમશ્રેણિ કે ક્ષીણ કરવારૂપ ક્ષપકશ્રેણિનાં મંડાણ થાય છે અને નવમા ગુણઠાણાથી ઉપશમ કે ક્ષપકશ્રેણિનો આરંભ થાય છે.

જે સાધકાત્મા મોહનીકર્મની ૨૧ પ્રકૃતિને દબાવતો દબાવતો-શમાવતો આગળ વધે છે તે ઉપશમશ્રેણિએ ચઢે છે, જ્યારે જે સાધકાત્મા તે ૨૧ પ્રકૃતિઓનો ક્ષય-નાશ કરતો કરતો વિકાસ સાધે છે તે ક્ષપકશ્રેણિએ આરૂઢ થાય છે અને નવમા અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનકે આરોહણ કરે છે, જ્યાં એકીસાથે એક સમયે શ્રેણિએ આરૂઢ થનારા સાધકાત્માઓના અધ્યવસાય એક સરખા સમાન હોવાથી જ તે ગુણઠાણાને અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક કહેવાય છે. એથી વિપરીત આ આઠમા ગુણઠાણે એક સાથે એક સમયે પ્રવેશેલ સાધકાત્માઓના અધ્યવસાયમાં તરતમતા હોય છે કેમ કે પરસ્પર ષટસ્થાનકને પ્રાપ્ત થયેલ હોય છે, તેથી જ તેને નિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક કહે છે.

કર્મક્ષય કરી શ્રેણિએ આગળ વધનાર સાધકાત્મા ક્ષપક કહેવાય છે જ્યારે ઉપશમ-શમન કરી શ્રેણિએ આઘળ વધનાર સાધકાત્મા ઉપશમક કહેવાય છે.

અશુદ્ધિનો નાશ કરીને વિકાસ સાધનાર સાધકાત્મા વિશુદ્ધ થઈને શુદ્ધાત્મા રૂપે બહાર આવી સ્વરૂપને પ્રગટ કરી સ્વરૂપને વેદનારો બને છે. જ્યારે અશુદ્ધિનું શમન કરી આગળ વધનાર અશુદ્ધિના શમનકાળ પૂરતું અલ્પકાલીન પ્રશમસ્વરૂપ-પ્રશાંત સ્વરૂપનું વેદન જરૂર કરે છે પણ ઉપશાંત થયેલ અશુદ્ધિ ઉપરનું દબાણ હઠતાં ઉછાળો મારી સપાટી ઉપર એટલે કે વિપાકોદયમાં આવતાં ઉપશમકનું પતન અવશ્ય થાય છે. ક્ષપક સ્વરૂપને સ્પર્શે છે, સ્વરૂપને વેદે છે અને સ્વરૂપસ્થ થાય છે જ્યારે ઉપશમક સ્વરૂપને સ્પર્શે છે સ્વરૂપને વેદે છે પણ પાછો પડે છે. આ અપેક્ષાએ જ પ્રથમ જેને કોઈપણ ભોગે મેળવવાની વાત કરી છે એવાં સમ્યક્ત્વ મોહનીયને પરિહરવાની વાત મુહપત્તીના ૫૦ બોલમાં કરી છે, કેમકે ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ જ સાધનાની ફલશ્રુતિ છે.

**(૯) નવમું અનિવૃત્તિ બાદર સંપરાય ગુણસ્થાનક** : બાદર કહેતાં સ્થૂલ અને સંપરાય કહેતાં કષાયનું ઉપશમન કે ક્ષય આ ગુણઠાણે થાય છે. સંજ્વલનના ચાર કષાયોનું શમન કે ક્ષય કરતી વખતે અશ્વકર્ણકરણાદ્ધાદિ ત્રણ વિશિષ્ટ પ્રયાસો કરે છે અને તે માટે કષાયોના સ્થૂલ અને સૂક્ષ્મ વિભાગો કરે છે. નવમા ગુણઠાણા સુધીમાં ક્રોધ, માન, માયાના સ્થૂલ અને સૂક્ષ્મ ટુકડા ઉપશમાવી કે ખપાવી દે છે. આ ગુણઠાણે સાધકાત્મા સંજ્વલનલોભ સિવાયની ૨૦ પ્રકૃત્તિનો સર્વથા ક્ષય કે ઉપશમ કરે છે અને સંજ્વલનલોભને કિટ્ટીરૂપ કરે છે.

પ્રતિસમય ઉત્તરોત્તર અનંતગુણ વિશુદ્ધ અધ્યવસાય સ્થાનકો હોય

છે અને અંતર્મુહૂર્તના જેટલો સમયો હોય તેટલા તેના અધ્યવસાય સ્થાનકો હોય છે. એક સાથે એક સમયે પ્રવેશ કરનારા સર્વ સાધકાત્માના અધ્યવસાયો એક સરખા સમાન હોવાથી આ ગુણઠાણાને અનિવૃત્તિ કહે છે. આ ગુણઠાણું અનિવૃત્તિકરણ છે.

શુક્લધ્યાનના પ્રથમ બે પાયા એટલે કે 'પૃથક્ત્વવિતર્ક સપ્રવિચાર' અને 'એકત્વવિતર્ક અપ્રવિચારના' ધ્યાનનો પ્રારંભ શ્રેણિના મંડાણથી આઠમા ગુણઠાણાથી થાય છે, જે ધ્યાનના બળે કષાય ઉપશમન કે કષાયક્ષય થાય છે, તેમજ ઘાતિકર્મોનો સર્વથા ક્ષય થાય છે. શુકલ ધ્યાનના આ પ્રથમ બે પાયાથી ઉપયોગ સ્થિરત્વની પ્રાપ્તિ થાય છે.

**(૧૦) દશમું સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક** : આ ગુણઠાણે શેષ રહેલ સંજ્વલન લોભ કષાયના સૂક્ષ્મ કિટ્ટીરૂપ (અત્યંત બારીક-અત્યંત હીન) કરી દીધેલ અંશોને ઉપશમક સાધકાત્મા ઉપશમાવી દે છે અને ક્ષપક સાધકાત્મા ક્ષય કરે છે. સૂક્ષ્મ લોભકષાયના ઉદયને અનુલક્ષીને આ ગુણઠાણું નવમા ગુણઠાણાનો વિસ્તાર કે વિશિષ્ટ ભાગરૂપ લેખાવી શકાય. આ દશમા ગુણઠાણાથી ઉપશમક અને ક્ષપક સાધકાત્માના રસ્તા ફંટાઈ જાય છે. એક ફાંટો ઉપશમશ્રેણિના ઉપશમકનો છે જે દશમાથી અગિયારમા ઉપશાન્તકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકે પદારોપણ કરે છે અને ત્યાંથી મુકામે એટલે કે મોક્ષે પહોંચ્યા સિવાય પાછો ફરી જાય છે. જ્યારે બીજો ફાંટો ક્ષપકશ્રેણિના ક્ષપકનો છે, જે દશમા ગુણઠાણેથી સીધો બારમે થઈ તેરમે પહોંચી નિર્વાણ સમયે ચૌદમાને સ્પર્શીને મુકામે એટલે કે મુક્ત થઈ લોકાગ્રશિખરે મુક્તિધામમાં સિદ્ધશિલાએ પહોંચી જાય છે.

**(૧૧) ઉપશાન્તકષાય-વીતરાગ-છદ્મસ્થ ગુણસ્થાનક** : જે ઉપશમક સાધકાત્માએ ઉપશમશ્રેણિનાં મંડાણ કર્યા છે, તે ઉપશમશ્રેણિના ફળસ્વરૂપ ઉપશાન્તકષાય-વીતરાગ-છદ્મસ્થ ગુણસ્થાનકે ગુણારોહણ કરે છે.

કષાય સર્વથા ઉપશાન્ત થયેલ હોવાથી ઉપશાન્ત કહેવાય છે, જે આ ગુણઠાણાને બારમા ક્ષીણકષાય ગુણઠાણાથી જુદું પાડતું વ્યાવર્તક વિશેષણ છે. વળી કષાય સર્વથા ઉપશાન્ત હોવાથી રાગરહિત અવસ્થા છે એટલે વીતરાગ કહેલ છે અને વીતરાગ હોવા છતાં જ્ઞાનાવરણીયાદિ કર્મના ઉદયે કરીને કેવલિ હજુ થયેલ નથી માટે છદ્મસ્થનું વિશેષણ લગાડેલ છે.

આ સોપાને રહેલ સાધકાત્મા વીતરાગ હોવાના કારણે પ્રાય: પરમાત્મા સ્વરૂપ છે. આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તનો કાળ હોય છે. આ ગુણઠાણેથી બે રીતે પતન થાય છે. ક્યાં તો આયુષ્યકાળ પૂરો થયે ભવક્ષયથી-આયુષ્યક્ષયથી કે પછી ગુણઠાણાનો અંતર્મુહૂર્તનો કાળ પૂરો થયેથી પતન થાય છે. આયુષ્યકાળ પૂરો થયેથી આ ગુણઠાણે દેહ છોડનાર સાધકાત્મા અનુત્તર વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે અને અગિયારમા ગુણઠાણેથી ચોથા અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણઠાણે આવે છે. પરંતુ જો ગુણસ્થાનકનો કાળ પૂરો થયેથી પતન પામે તો છઠ્ઠા, પાંચમા કે ચોથા ગુણસ્થાનક સુધી જાય છે અને કેટલાંક સાસ્વાદન ગુણસ્થાનકને સ્પર્શી બીજે થઈ છેક પહેલાં ગુણઠાણા સુધી હેઠે ઊતરી જાય છે. ઉપશમભાવવાળો સ્વરૂપને વેદે છે પણ પાછો પડે છે. ક્ષાયિકભાવવાળો સ્વરૂપને વેદે છે અને સ્વરૂપસ્થ રહે છે.

ઉત્કૃષ્ટથી એક ભવમાં વધુમાં વધુ બે વાર ઉપશમશ્રેણિ માંડી શકાય છે અને જે બે વાર ઉપશમશ્રેણિ માંડે છે તે પછી તે જ ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકતા નથી. એક જ વાર ઉપશમશ્રેણિએ ચઢી પાછો ફરનાર સાધકાત્મા બીજી વારમાં ક્ષપકશ્રેણિ માંડી શકે છે. આગમગ્રંથોનો અભિપ્રાય કર્મગ્રંથથી ભિન્ન છે. એ મત અનુસાર તો એક ભવમાં એક જ વાર શ્રેણિ માંડી શકાય છે, તેથી ઉપશમશ્રેણિ માંડનાર તે જ ભવમાં ક્ષપકશ્રેણિ માંડી શકે નહિ.

ઉપશમશ્રેણિથી પડેલ જઘન્યથી ત્રણ અને ઉત્કૃષ્ટથી પંદરભવમાં મોક્ષ પામે છે. ઉપશમશ્રેણિ બે પ્રકારની છે. એક આજ્ઞારૂપ અને એક માર્ગ જાણ્યા વિના સ્વાભાવિક ઉપશમરૂપ. પ્રથમ પ્રકારમાં જ્યાં સુધી આજ્ઞાપાલન અર્થાત્ આજ્ઞાનુસારની આરાધના હોય છે ત્યાં સુધી પતન થતું નથી. જ્યારે બીજા પ્રકારમાં અજાણપણાના કારણે પતન થતું હોય છે.

**(૧૨) બારમું ક્ષીણકષાય-વીતરાગ-છદ્મસ્થગુણસ્થાનક** : જે સાધકાત્માએ ક્ષપકશ્રેણિનાં મંડાણ કર્યા હોય છે તે દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનકેથી સીધો ક્ષપકશ્રેણિના ફળ સ્વરૂપ બારમા ગુણઠાણે આરોહણ કરે છે. આ ગુણઠાણે પદારોહણ કરનાર સાધકાત્માએ કષાયોને સર્વથા નષ્ટ કર્યા છે તેથી તે ક્ષીણકષાય કહેવાય છે, જે અગિયારમા ગુણઠાણાથી આ ગુણઠાણાને જુદું પાડતું વ્યાવર્તક વિશેષણ છે. જ્યારે મોહનીયકર્મની સર્વ પ્રકૃત્તિનો સર્વથા ક્ષય હોવાથી રાગ ન હોવાના કારણે સ્વરૂપબોધક વીતરાગ વિશેષણ આ ગુણઠાણાને અપાયેલ છે. પરંતુ હજી જ્ઞાનાવરણીયાદિ કર્મનો ઉદય હોવાના કારણે તે છદ્મસ્થ કહેવાય છે. હજું આ ગુણઠાણે મતિજ્ઞાનનું અસ્તિત્વ છે પણ તે અવિકારી હોવાથી વીતરાગ મતિજ્ઞાન છે.

**(૧૩) સયોગી કેવલિ ગુણસ્થાનક** : દશમા ગુણઠાણાની અક્રિય વીતરાગતા સક્રિય થઈ શુક્લધ્યાનના બળે શેષ જ્ઞાનાવરણીકર્મ, દર્શનાવરણીકર્મ અને અંતરાયકર્મની બધીય પ્રકૃત્તિનો એક સાથે ક્ષય કરે છે અને બારમા ગુણસ્થાનકના ફળ સ્વરૂપ તેરમા સયોગી કેવલિ ગુણસ્થાનકે ગુણારોહણ કરે છે અને મોહમુક્ત (વીતરાગ) થયેલ સાધકાત્મા ઉપયોગમુક્ત થાય છે અર્થાત્ સંકલ્પ-વિકલ્પ, જાગરૂકતા, સાવધતાથી મુક્ત એવી સ્થિર અવિનાશી ઉપયોગવાળી મુક્ત ઉપયોગવંત દશાને પ્રાપ્ત કરી કેવળજ્ઞાનના જ્ઞાનાનંદ-સ્વરૂપાનંદ-સહજાનંદને વેદનારો સ્વરૂપભોક્તા બને છે.

કેવળી ભગવંત ચારેય ઘાતિકર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાની થયા બાદ આયુષ્યકર્મ સહિતના શેષ ચારેય અઘાતિકર્મોને સહજયોગે ખપાવે છે. આ ગુણસ્થાનકનો કાળ જઘન્યથી અંતર્મુહૂર્તનો હોય છે અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વકોટિ વર્ષનો હોય છે. માટે જ જિનકેવલિ એટલે કે તીર્થંકર પરમાત્માનું આયુષ્ય જેટલું દીર્ઘ તેટલો તે ક્ષેત્રના તે કાળના લોકોનો પુણ્યોદય. જે સાધકાત્માને તીર્થંકર નામકર્મનો બંધ છે તેને કેવળજ્ઞાન થયા પછી જ એ કર્મ વિપાકોદયમાં આવે છે અને તીર્થની સ્થાપના કરે છે, તેમજ અષ્ટપ્રાતિહાર્યાદિ સહિતના સમવસરણાદિના અર્હમ્ ઐશ્વર્યને પામે છે. એવાં તીર્થંકર ભગવંતો જિનકેવલિ કહેવાય છે, જેઓ અષ્ટપ્રતિહાર્યોથી આકર્ષક છે, ચોંત્રીસ અતિશયોથી પ્રભાવક છે અને પાંત્રીસ ગુણ વડે અલંકૃત વાણીથી મોક્ષમાર્ગ સ્થાપક, મોક્ષમાર્ગ પ્રરૂપક, મોક્ષપ્રદાયક, જાગતિક પ્રાકૃતિકબલ નિયામક જગત ઉપકારક છે, જગદીશ છે. જ્યારે અન્ય કેવલિ અજિનકેવલિ કે સામાન્ય કેવલિ કહેવાય છે.

સયોગી કેવલિની દશા મુક્ત ઉપયોગવંત હોવાથી જે યોગ પ્રવર્તન હોય છે તે સંકલ્પ વિકલ્પ રહિત સહજયોગ પ્રવર્તન હોય છે. કાળયોગનું વિહાર અને નિમિષ-ઉન્મેષાદિમાં પ્રવર્તન હોય છે, વચનયોગનું દેશનાદિમાં અને મનોયોગનું અનુત્તરવિમાનવાસી દેવોના સંશયનું સમાધાન કરવામાં પ્રવર્તન હોય છે. ઉપયોગવંતદશા હોવાથી અને મિથ્યાત્વ, અવિરતિ,

કષાયનું નિર્મૂલન થવાથી ઉપયોગકંપન કે ઉપયોગસ્પંદન નથી. તેથી જ જે કાંઈ શાતાવેદનીયનો કર્મબંધ ૧ સમયનો થાય છે તે માત્ર યોગકંપન-યોગસ્પંદન વડે પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ જ હોય છે. કષાય ન હોવાથી સ્થિતિબંધ કે રસબંધ હોતો નથી. કેવળી ભગવંત પોતાના જ્ઞાનને વેદે છે અને વિશ્વના પદાર્થોને જાણે છે, જ્યારે છદ્મસ્થ પોતાના જ્ઞાનને વેદતો નથી પણ માત્ર જાણે છે અને વિશ્વના પદાર્થોને જાણવા સાથે વેદવા મથે છે.

અંતર્મુહૂર્તકાળ આયુષ્ય બાકી રહે છે ત્યારે સર્વ સયોગીકેવલિ ભગવંત મોક્ષગમન પૂર્વે આયોજીકરણ કરે છે જેને આવર્જીતકરણ કે આવશ્યકરણ પણ કહે છે. આયોજીકરણ એટલે કેવલિ સમુદ્‌ઘાત અને શૈલેશીકરણ-યોગસ્થિરિકરણ-યોગનિરોધની ક્રિયાને અનુરૂપ યોગનું પ્રવર્તન કરવાની ક્રિયા.

આયોજીકરણ કર્યા બાદ જો આયુષ્યકર્મની કાળસ્થિતિ અને શેષ ત્રણ અઘાતિકર્મો નામ-ગોત્ર અને વેદનીયકર્મની કાળસ્થિતિ સમકક્ષ એટલે કે સરખી નથી હોતી તો પછી ૮ સમયનો સમુદ્‌ઘાત કરવો પડતો હોય છે.

આયોજીકરણ અને આવશ્યક હોય તો કેવલિ સમુદ્‌ઘાત કર્યા બાદ અંતર્મુહૂર્ત આયુ શેષ રહેતા 'સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી' નામના શુક્લધ્યાનના ત્રીજા પાયા ઉપર આરૂઢ થઈ યોગનિરોધ કરે છે. આ બધી જ ક્રિયા કરાતી નથી હોતી પણ એ રૂપે સહજ જ યોગનું પ્રવર્તન થતું હોય છે અને જે શુક્લધ્યાન હોય છે તે યોગસ્થિરિકરણ કરવારૂપ જ ધ્યાન હોય છે, જે ધ્યાનના સામર્થ્યથી કાય વિવર (ખાલી જગ્યા-અવકાશ) પૂરાય જાય છે. વિવર પૂરાય જતાં દેહપ્રમાણ આત્મપ્રદેશો એક તૃતીયાંશ ભાગ સંકુચિત થઈ દેહાકૃતિના બે તૃતીયાંશ ભાગ ઘનરૂપ ધારણ કરે છે. આનંદઘન બનવા સ્વરૂપ આત્મધનને પામે છે.

**(૧૪) અયોગી કેવલિ ગુણસ્થાનક :** આ ચૌદમા ગુણઠાણે અયોગી કહેતાં યોગ અભાવ નથી હોતો, પરંતુ યોગક્રિયા અભાવ હોય છે, તે ત્યાં સુધી કે સ્થૂલ બાદર યોગનું પ્રવર્તન તો હોતું જ નથી, પણ સૂક્ષ્મ યોગ શ્વસન, રુધિરાભિષરણાદિનું ય પ્રવર્તન હોતું નથી. સર્વસંવર હોય છે કારણ કે આશ્રવના ચાર કારણમાંના છેવટનો યોગાશ્રવ પણ આ ગુણઠાણે નથી હોતો, જે 'વ્યુપરત-ક્રિયા અનિવૃત્તિ' નામક શુક્લધ્યાનના અંતિમ ચોથા પાયાનું ધ્યાન છે, જે વાસ્તવિક કોટિનું ચરમ એવું પરમ ધ્યાન છે. આ ચૌદમું ગુણઠાણું મુક્તાવસ્થા-સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ માટેની સિદ્ધગતિની તૈયારીરૂપ હોય છે. શુકલધ્યાનના પ્રથમ બે પાયાથી ઉપયોગ સ્થિરત્વ પ્રાપ્ત થાય છે, તો પછીના છેલ્લાં બે પાયાથી યોગ સ્થિરત્વની પ્રાપ્તિ થાય છે.

પાંચ હ્રસ્વ સ્વરાક્ષર 'અ-ઇ-ઉ-ઋ-લૃ'ના ઉચ્ચારણ જેટલો શેષ આયુષ્યકાળ બાકી રહેતાં જીવ 'શૈલેશીકરણ' કરી નિર્વાણ પામતા નિઃવાન-નિશરીરી-અશરીરી થઈ, સર્વથા મુક્ત થઈ, યોગાતીત થઈ, સિદ્ધાશિલારૂઢ થઈ લોકાગ્રશિખરે સાદિ-અનંતકાળ સિદ્ધાવસ્થામાં નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ, નિરીહિ સ્વરૂપે સ્થિત થઈ સ્વરૂપાવસ્થા-સહજાવસ્થા-પરમાનંદાવસ્થા-સચ્ચિદાનંદાવસ્થામાં આત્મરમમાણ રહે છે. આત્મપ્રદેશ મુક્ત થતાં સાદિ-અનંત પ્રદેશસ્થિરત્વ થયે ઉપયોગ અવિનાશિતા-પર્યાય-અવિનાશિતા-પ્રદેશ સ્થિરત્વતા છે તેવી શુદ્ધાત્મદશા-સિદ્ધાત્મદશા-પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે. અષ્ટકર્મના ક્ષયથી તે આઠ ગુણોથી યુક્ત થાય છે.

૧. જ્ઞાનાવરણીકર્મક્ષયે સર્વજ્ઞ-અનંતજ્ઞાની બને છે. ૨. દર્શનાવરણીય કર્મક્ષયે સર્વદર્શી-અનંતદર્શન બને છે. ૩. વેદનીય કર્મક્ષયે અવ્યાબાધ બને છે. ૪. મોહનીયકર્મક્ષયે નિરીહી-વીતરાગ-પ્રેમસ્વરૂપ બને છે. પૂર્ણકામ બને છે. ૫. આયુષ્યકર્મક્ષયે અક્ષય-અક્ષર-અવિનાશી-અજરામર બને છે. ૬. નામકર્મક્ષયે અનામી-અરૂપી-અદેહી-અયોગી બને છે. ૭. ગોત્રકર્મક્ષયે અગુરુલઘુ બને છે અને ૮. અંતરાયકર્મક્ષયે પૂર્ણતાને પામે છે-અનંતવીર્યરૂપ બને છે-પૂર્ણકામ-પૂર્ણાનંદી બને છે.

મોહ થયેથી વિચાર જે મતિજ્ઞાનનું સ્વરૂપ છે તે વિકારી બને છે. એ મોહજનિત વિચાર પછી પાંચ ઈન્દ્રિયોથી અભેદ થઈ ઈન્દ્રિયો દ્વારા લાભાલાભને પામે છે. આવા આ સર્વના મૂળ જેવા મોહનો વીતરાગતા આવેથી ક્ષય થાય છે. પરિણામસ્વરૂપ વિચારમાંથી-મતિજ્ઞાનમાંથી વિકાર દૂર થતાં એ અવિકારી મતિજ્ઞાન, કેવળજ્ઞાનાવરણીયકર્મક્ષયે પ્રગટ થતાં કેવળજ્ઞાનમાં લય પામે છે, જેમ સૂર્યપ્રકાશ થતાં તારા અને ચંદ્રનો પ્રકાશ, એ સૂર્યપ્રકાશમાં લય પામે છે. પરાધીનતા દૂર થઈ સ્વાધીનતા આવે છે એટલે પરોક્ષદર્શન પ્રત્યક્ષ દિવ્યદર્શન-કેવળદર્શનમાં પરિણમે છે. અંતરાય દૂર થતાં પૂર્ણતા પ્રગટ થાય છે. ચંચળતા-વ્યગ્રતા-વ્યાકુળતા-આતુરતા-અશાંતતા-અસ્થિરતા દૂર થઈ પ્રશાંતતા-સ્થિરતા-સમરૂપતા આવે છે. ઉપયોગ નિત્ય-અવિનાશી સ્થિર થાય છે અને અંતે ચૌદમા ગુણસ્થાનકે યોગસ્થિરત્વથી પ્રદેશસ્થિરત્વ પ્રાપ્ત થાય છે, જેના ફલસ્વરૂપ પર્યાય-અવસ્થા-અવિનાશીતા અને પ્રદેશ સ્થિરત્વતા જ્યાં છે એવી સાદિ-અનંત સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે. તેરમે ગુણઠાણે દેહ હોવા છતાં દેહાતીતતા છે, તો ચૌદમે ગુણઠાણે યોગ હોવા છતાં યોગાતીતતા છે. મોહની અસર સર્વથા જાય એટલે કે કેવળજ્ઞાન શાતા અશાતાની અસર સર્વથા જાય એટલે સિદ્ધત્વ-શૂન્યત્વ (અવ્યાબાધ-અસરઅભાવ) પ્રાપ્ત થાય.

આખીય સાધના પ્રક્રિયા-અખંડ મોક્ષમાર્ગને ટૂંકમાં વર્ણવીએ તો કહી શકાય કે :

જ્ઞાન શ્રદ્ધાસંપન્ન બને એટલે સત્યદર્શન થાય. આત્મસાક્ષાત્કાર થાય-અર્હમ્‌નું સત્યદર્શન થાય તે સમ્યગ્દર્શન. બુદ્ધિમાં શ્રદ્ધા ભળે એટલે સત્યનાદ-બ્રહ્મનાદ-અર્હમ્‌નાદ ગુંજે એવાં શ્રદ્ધાસંપન્ન જ્ઞાન એટલે કે સમ્યગ્‌જ્ઞાન પૂર્વક થતી વર્તના-આચરણા તે સમ્યગ્‌ વર્તના અર્થાત્‌ સમ્યગ્‌ ચારિત્રરૂપ સદ્‌વર્તના એટલે કે પ્રીતિ, ભક્તિ, દેશવિરતિ, સર્વવિરતિથી ધ્યાન-સમાધિ-લયરૂપ ક્ષપકશ્રેણિ અને ફલસ્વરૂપ મુક્તિથી સહજાવસ્થા-પરમસ્થિરાવસ્થા-પરમાત્માવસ્થાનું પ્રાગટ્ય.

આત્મદૃષ્ટિ આવે છે એટલે આત્મભાવ જાગે છે, અનુરૂપ આચરણ વર્તે છે, આત્મોલ્લાસ વધે છે, આત્મવેદન થાય છે, આત્મરમમાણ બનાય છે અને અંતે આત્માનંદમાં સ્થિત થવાય છે.

આવા આ ઉત્તરોત્તર વર્ધમાન અધ્યવસાયથી દર્શનમોહનીય કર્મ અને ચારિત્ર મોહનીયકર્મના ક્ષયથી સર્વ ઘાતિ અઘાતિ કર્મોનો સર્વથા ક્ષય કરી ક્ષાયિકભાવ અર્થાત્‌ વિભાવમાંથી સ્વભાવમાં લઈ જનારી ક્ષપકશ્રેણિનો આરંભ, તે જ સાધકાત્મા કરી શકે છે કે જે સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય છે એવો ચરમ શરીરી કે જેના સહજમલનો હ્રાસ થયેલ છે ; જે આઠ વર્ષથી અધિક વયનો છે પણ જેનું આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષથી વધુ નથી, જે દુઃષમ સુષમ કે સુષમ દુઃષમ આરાનો-ત્રીજા ચોથા આરાનો જીવ છે ; જે વજ્રઋષભ-નારાચસંઘયણયુક્ત બે હાથથી લઈ પાંચસો ધનુષ્ય પ્રમાણ કાયા ધરાવે છે ; તે પંદર કર્મભૂમિમાં રહેલ, ચોથાથી સાતમા ગુણસ્થાનકે સ્થિત ક્ષાયોપશમિક સમ્યક્ત્વી સાધક છે.

પ્રજ્ઞારૂપી છીણીથી જ્ઞાન અને કર્મના ઉદયને છૂટા પાડીને કર્મના

ઉદયને નહિ વેદતા જે માત્ર સ્વરૂપને-જ્ઞાનદશાને વેદે છે તે ક્ષપકશ્રેણિ માંડી કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે.

ચૌદ ગુણસ્થાનકથી આત્મવિકાસની પ્રક્રિયા જોઈ. હવે એ સાધના અનુલક્ષી સાધક અને અરિહંત-તીર્થંકર ભગવંત તથા સિદ્ધ ભગવંતના વિશેષણોની વિચારણા કરીશું.

સિદ્ધ ભગવંત : અદેહી, અશરીરી, અનામી, અરૂપી, અમૂર્ત, અગુરુલઘુ, અવ્યાબાધ, અવિનાશી તથા અવસ્થાની (પર્યાય) અવિનાશિતા અને પ્રદેશની પરમ સ્થિરત્વતા એવી નીરિહી, નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ, પૂર્ણકામ અવસ્થા તે સિદ્ધાવસ્થા. આ બધાં સિદ્ધાવસ્થાની ઓળખ આપનારા સિદ્ધ-ભગવંતોનાં વિશેષણો છે કે જે સિદ્ધ-ભગવંતો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ, અનંતવીર્ય એવાં અનંત ચતુષ્કના સ્વામી છે.

ભોગવે રાજ શિવ-નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ચેતન.

તીર્થંકર અરિહંત ભગવંત અને કેવળી ભગવંત-સ્વરૂપ ઐશ્વર્ય-અર્હમ ઐશ્વર્યના સ્વામી તીર્થંકર અરિહંત ભગવંત અષ્ટ પ્રાતિહાર્યોથી શોભિત, મોહક, આકર્ષક; ચોત્રીસ અતિશયોથી પ્રભાવક, પાંત્રીસ ગુણથી અલંકૃત વાણીથી ધર્મસ્થાપક, મોક્ષમાર્ગ પ્રકાશક, મોક્ષ પ્રદાયક, તીર્થ સ્થાપક તીર્થંકર ભગવંત, જાગતિક, પ્રાકૃતિકબળ નિયામક જગત ઉપકારક દેવાધિદેવ જગદીશ છે.

પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ-મિત્ત રે. ચેતન.
જે સમોસરણમાં રાજતા, ભાંજતા ભવિક-સંદેહ રે
ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત જિમ મેહ રે.
ચેતન ! જ્ઞાન અજવાળીએ...-મહામહોપાધ્યાયજી

જ્યારે અરિહંત ભગવંતો સહિત સર્વ અજિન (સામાન્ય) કેવળી ભગવંતો સર્વજ્ઞ, સર્વદર્શી, વીતરાગ, નિર્વિકલ્પ સાકાર પરમાત્મ ભગવંતો છે, જે તેરમા અને ચૌદમા ગુણસ્થાનકની પરમાત્માવસ્થા છે.

સાધકાવસ્થા-સાધ્વાવસ્થા : અકિંચન, મુનિ, અણગાર, જિતેન્દ્રિય, નિર્ગ્રંથ, નિર્બંધ, નિરારંભી, નિષ્પરિગ્રહી, યોગી, ક્ષમાશ્રમણ, સર્વવિરતિધર ઇત્યાદિ છઠ્ઠા ગુણસ્થાનકથી લઈ બારમા ગુણસ્થાનક સુધીની સાધકાવસ્થાને ઓળખાવનારાં વિશેષણો છે.

શ્રાવક : શ્રુતિ, વિવેક અને ધર્મક્રિયા યુક્ત હોવાથી શ્રાવક કહેવાય છે, જે શ્રવણાવસ્થા-સાધ્વાવસ્થા-સર્વવિરતિનો ઉત્સુક હોવાથી શ્રમણોપાસક છે અને તે પાંચમા ગુણસ્થાનકની સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિધર અવસ્થાને સૂચવનાર વિશેષણ છે.

સમ્યક્ત્વી-સમકિતી : જે શ્રાવક, સાધુ ભગવંત, અરિહંત ભગવંત, કેવળી ભગવંત, સિદ્ધ ભગવંત બનવા ઉત્સુક છે અને એ સર્વનો અનન્ય ચાહક છે. સમકિતી ભેદજ્ઞાની છે.

છદ્મસ્થ ગુણસ્થાનકો ૧ થી ૧૨ સુધીનાં છે. રાગ-મોહના ગુણસ્થાનકો ૧ થી ૧૦ સુધીનાં છે. નિર્મોહી-વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકો ૧૧ અને ૧૨ છે. વીતરાગ, સર્વદર્શી, સર્વજ્ઞ, નિરાવરણ-નિર્વિકલ્પ ઉપયોગ યુક્ત ગુણસ્થાનક ૧૩ અને ૧૪ છે. જ્યારે વીતરાગ, સર્વદર્શી સર્વજ્ઞ, નિરાવરણ-નિર્વિકલ્પ ઉપયોગ સહિત આત્મ-પ્રદેશ સ્થિરત્વતા અર્થાત્ ઉપયોગ અવિનાશિતા અને અવસ્થા-અવિનાશિતાની નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ, નિત્યાવસ્થા એ સિદ્ધાવસ્થા છે.

પહેલાં ગુણસ્થાનકની દશા બહિરાત્મદશા છે. ચોથાથી લઈ બારમા ગુણસ્થાનકની દશા એ અંતરાત્મદશા છે. તેરમા ચૌદમા ગુણસ્થાનકની દશા પરમાત્મદશા છે અને સિદ્ધશિલા સ્થિત પરમાત્મભગવંતની દશા સિદ્ધ-દશા અર્થાત્ સિદ્ધાવસ્થા છે.

આ ચૌદ ગુણસ્થાનકમાંથી જ્યાં દીર્ઘ કાલ પસાર થાય છે, પડાવ નંખાય છે એવાં ગુણસ્થાનક માત્ર પાંચ જ છે. એ છે પહેલું, ચોથું, પાંચમું, છઠ્ઠું અને તેરમું ગુણસ્થાનક. બાકીનાં ગુણસ્થાનકો તો પૂરપાટ દોડ્યે જતી ગાડીના મુસાફરી દરમિયાન માર્ગમાં આવતા માઈલસ્ટોન કે ફ્લેગ સ્ટેશન છે, જે ઝડપભેર વટાવી જવાય છે પણ ત્યાં વિસામો લેવાતો નથી. સિદ્ધશિલા, સિદ્ધલોક એ સ્વધામ-મુક્તિધામ-મુકામ-મંઝીલ છે કે જ્યાં કાયમ નિવાસ થાય છે.

આપણા સંપર્કમાં-સંબંધમાં-વ્યવહારમાં આવનાર વ્યક્તિ ઉપરોક્ત પહેલા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને તેરમા ગુણસ્થાનકે સ્થિત હોય છે. અન્ય ગુણસ્થાનકે સ્થિત વ્યક્તિ સાથે કે સિદ્ધ થયેલ સિદ્ધાત્મા સાથે કોઈ વાર્તાલાપ કે કોઈ વ્યવહાર શક્ય નથી.

વિસ્મયકારક વાત તો એ છે કે, નિગોદ એ અવ્યવહાર રાશિ અને મૂઢતાનો ગોળો છે, જે ત્રસ કે ગતિ સ્વરૂપ નથી. તો બીજી બાજુ બીજા અંતિમ છેડે સિદ્ધશિલા સ્થિત સિદ્ધલોકના શુદ્ધાત્મા એવાં સિદ્ધાત્માઓ પણ વ્યવહારમાં નહિ આવનાર એવી પરાકાષ્ટાની પ્રકૃષ્ટ ચૈતન્યાવસ્થા, આનંદાવસ્થા-સચ્ચિદાનંદાવસ્થા છે તે પણ પરમ સ્થિરાવસ્થા છે, જે પ્રકાશ સ્વરૂપ જ્ઞાનાનંદ રમમાણ આનંદઘન એટલે કે ચૈત્યનાનંદ ગોળો છે. નિગોદ એ નિકૃષ્ટ અશુદ્ધ જડવત્ દશા છે. નિર્વાણ સિદ્ધાવસ્થા એ પરમ પ્રકૃષ્ટ શુદ્ધ ચૈતન્યાનંદાવસ્થા છે.

એ જ પ્રમાણે વિશ્લેષણ કરીએ તો પ્રગતિ પૂર્વેનો નિગોદથી લઇને યથાપ્રવૃત્તિકરણ સુધીનો પંથ નદીગોળપાષાણ ન્યાયનો ભવિતવ્યતાપ્રધાન પ્રસ્થાનકાળ છે. એની સામે બીજે છેડે આરાધનાની પરાકાષ્ટાએ ધર્મસંન્યાસ એવો તેરમા ગુણસ્થાનકનો અને યોગસંન્યાસ એવો ચૌદમા ગુણસ્થાનકનો કાળખંડ પણ ભવિતવ્યતાનો કલ્યાણકાળ છે.

તેવી જ રીતે પૃથક્કરણ કરતાં જણાય છે કે...

વૈરાગતા-સાધનાનું પ્રવેશદ્વાર ચોથું ગુણસ્થાનક સમ્યગ્દર્શન છે.

વીતરાગતાનું પ્રવેશદ્વાર આઠમું અપૂર્વકરણ-નિવૃત્તિ બાદર સંપરાય નામક ગુણસ્થાનક છે. કેવળજ્ઞાન-સર્વજ્ઞતાનું પ્રવેશદ્વાર બારમું ક્ષીણમોહ (ક્ષીણકષાય) વીતરાગ છદ્મસ્થ નામક ગુણસ્થાનક છે.

વૈરાગ્ય એ દૃષ્ટિ છે, વીતરાગતા એ દશા છે અને સર્વજ્ઞતા એ પ્રાપ્તની પ્રાપ્તિ છે.

જેમ જેમ ઉપરના ગુણસ્થાનકે આરોહણ થાય છે, તેમ તેમ તે તે ગુણસ્થાનકનો કાળ ઓછો, સાધન-અવલંબન ઓછાં, ક્રિયાની સૂક્ષ્મતા અતિગુણી, કાર્યશક્તિ અત્યંત જબરજસ્ત પ્રચંડ અને પરિણામ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ. આમ તો ક્ષપકશ્રેણિ પણ સમાપ્ત થનાર અનિત્ય છે. પણ કહ્યું છે કે...'ક્ષપકશ્રેણિ ભલે અનિત્ય હોય પણ નિત્યની જનની છે.' જેમકે 'મા ભલે સ્ત્રી છે પણ પુરુષની જનની છે.'

નવ તત્ત્વમાં સ્વતંત્ર મોક્ષ તત્ત્વ આપીને મોક્ષપદને-નિર્વાણને પામેલા જીવો સાદિ અનંતકાળ સુધી ક્યાં છે ? કેવાં સ્વરૂપે છે ?...આદિ વિશે નિશ્ચિત સ્વરૂપે બતાડેલ છે. જ્યારે છદ્મસ્થ અવસ્થામાં મૃત્યુ પામેલાં જીવો ક્યાં છે ? કેવાં છે ? પાછાં કેવાં થશે ? ઈત્યાદિ વિશે નિશ્ચિત સ્વરૂપે જાણી શકાતું નથી.

મોક્ષ તત્ત્વ એક જ છે અને મોક્ષમાર્ગ પણ સદાકાળ એક જ છે કે જે કોઈ નિષ્કષાય-નિર્મોહી-વીતરાગ થાય તે મોક્ષ પામે. પરંતુ એના ધોરણો-Standards ચૌદ ગુણસ્થાનકો છે. એ ચૌદેચૌદ ગુણસ્થાનકોએ સાધકની પોતાની તરતમતા પ્રમાણે, એક જ ધોરણ-એક જ ગુણસ્થાનકે

ચડઊતર નંબરોના પાછા ભેદો છે. જેમકે શાળાના શિક્ષણના ધોરણો ૧ થી ૧૧ હોય, એમાં ૮મા ધોરણમાં ભણતાં સર્વ પચાસે પચાસ વિદ્યાર્થી ૮મા ધોરણના જ વિદ્યાર્થી કહેવાય. પણ પ્રત્યેક વિદ્યાર્થીની નિજી હોશિયારી મુજબ એમને એમના ધોરણમાં જ પાછા એકથી પચાસ નંબર આપવામાં આવતાં હોય છે. જ્યારે મોક્ષમાં સિદ્ધશિલાએ સર્વ સિદ્ધ ભગવંતોની અવસ્થા એક સરખી સમકક્ષ હોય છે. મોક્ષ એ તો સર્વોચ્ચ, સમરૂપ બંધન રહિત મુક્તાવસ્થા, સચ્ચિદાનંદ અવસ્થા છે. બંધન તત્ત્વ એટલે આધ્યાત્મિક ક્ષેત્રે આવરણ તત્ત્વ. સત્ નિત્ય આનંદ સ્વરૂપ આત્મા ઉપર જે આવરણ છવાય ગયેલ છે અને સચ્ચિદાનંદ સ્વરૂપ આવૃત થઈ ગયેલ છે તે જ આત્મા ઉપર બંધન છે.

બંધન છે તો બંધનમાં બંધાનારી ચીજ હોય, જે છે સંસારી આત્મા. બંધનરહિતતા સિદ્ધાવસ્થા સૂચક છે તો બંધનયુક્ત બંધી અવસ્થા એ સંસારી જીવ છે. બંધી બંધન તોડી અબંધ-નિર્બંધ થઈ શકે છે. બંધનમાં બંધાયેલ બંધી દુ:ખી હોય-ખિન્ન હોય. સંસારી જીવો બહુલતાએ દુ:ખી છે, જે દુ:ખ બંધન સૂચક-પરવશતા-પરાધીનતા નિર્દેશક છે. માટે જ જ્ઞાની ભગવંતો કહે છે કે...

'નિત્ય દુ:ખ મુક્તિ એ જ મોક્ષ છે' અથવા તો 'નિત્ય સુખ એ જ મોક્ષ છે.'

ષડ સ્થાનકમાં 'આત્મા નિત્ય છે' એમ જે બીજે સ્થાનકે જણાવેલ છે તે જ મોક્ષ તત્ત્વ છે. એ 'મોક્ષ' છે એમ કહીને પાંચમા સ્થાનકે જણાવેલ છે. અનિત્યનો પ્રવાહ કાઢી નાંખવો તેનું જ નામ મોક્ષ. એટલા જ માટે નવ તત્ત્વની વિચારણામાં શાસ્ત્રકાર મહર્ષિએ જણાવ્યું કે જીવે, અજીવ, પુણ્ય, પાપ જે અનિત્ય તત્ત્વો છે તેના આશ્રવથી અટકી, સંવરમાં રહી, નિર્જરા કરી, બંધને તોડી સત્ નિત્ય શાશ્વત એવાં મોક્ષ તત્ત્વને પ્રાપ્ત કરવું કે જેથી જીવ, જીવ મટી શિવ થાય. પરમાત્મ સ્વરૂપ આત્મા ઉપરની અશુદ્ધિ-આવરણ દૂર થાય અને શુદ્ધાત્મા-પરમાત્મા પરમાત્મ સ્વરૂપે પ્રગટ થાય. મોક્ષ એટલે 'ણમો સિદ્ધાણં'. પૂર્ણ નિર્જરા એટલે મોક્ષ. નિર્વિકલ્પતા એટલે મોક્ષ.

આત્મા જે નિત્ય નિશાની (ચિહ્ન-લક્ષણ) રૂપે બીજે સ્થાનકે હોય છે તે પાંચમા સ્થાનકે જણાવેલ મોક્ષ તત્ત્વને પ્રાપ્ત કરી નિશાન બની જાય છે. નિશાન (લક્ષ) અને નિશાની (લક્ષણ) એમ અભેદ બની જાય છે. માટે જ જ્ઞાની ભગવંતો કહે છે કે...'નિશાની (લક્ષણ) છે એને જ નિશાન (લક્ષ) બનાવ અને નિશાનીને નિશાનરૂપે પરિણમાવી એક અભેદ થા ! અર્થાત્ જ જે લક્ષણ છે એનું લક્ષ્ય કરી લક્ષણને લક્ષ્યરૂપે પરિણમાવ !'

'ભેદનો છેદ કરી એક અભેદ થા! ' મહામહોપાધ્યાયજી યશોવિજયજીએ ગાયું છે કે...'ધ્યાતા ધ્યેય ધ્યાન પદ એકે, ભેદ કરશું હવે ટેકે...'

આત્માને વળગેલો એનો દેહ જ અનિત્ય-વિનાશી છે. આહાર ગ્રહણથી શરીર-દેહ બને છે. અન્ન વડે જ દેહ બને છે, વધે છે અને ટકે છે. પુદ્ગલમાં શીત-ઉષ્ણ ગુણ હોવાથી દેહ માટે શીત-ઉષ્ણ વસ્ત્રોની આવશ્યકતા રહે છે. તેવી જ રીતે શીત-ઉષ્ણ ખોરાકની પણ આવશ્યકતા રહે છે, જે જઠર જન્મતાં સાથે જ લઇને આવ્યા છીએ એ જઠરની શીત-ઉષ્ણતાની અસર આખાય શરીરમાં વર્તાય છે. વળી બહારના શીત-ઉષ્ણ વાતાવરણ કે હવામાનની અસર પણ દેહ ઉપર વર્તાતી હોય છે. માટે જ પ્રત્યેક દેહધારીને વસતિ એટલે કે રહેઠાણ અને વસ્ત્રની આવશ્યકતા રહે છે. રોટી-કપડાં-મકાન એ માનવી માત્રની મૂળભૂત જરૂરિયાત છે. બાહ્ય શીત-ઉષ્ણની વિષમતા અંદરમાં રહેલ કફ, પિત્ત, વાયુની વિષમતાનું કારણ બને છે. એ વિષમ થયેલ કફ-પિત્ત-વાયુને સમ કરવા ઔષધિની ગરજ પડે છે. આમ દેહ પુદ્ગલનો બનેલો હોવાથી અને પુદ્ગલ વડે જ પોષાતો હોવાના કારણે અન્ન, આચ્છાદાન (વસ્ત્ર), આશ્રય (માથે છાપરું-રહેઠાણ) અને ઔષધિ એ ચાર ચીજો ધારણ કરેલ દેહને ટકાવવા માટે આવશ્યક છે.

(૧) દેહને ટકાવવા આહાર પાણી એટલે કે અન્નની આવશ્યકતા રહે છે.

(૨) દેહને ઢાંકવા માટે વસ્ત્ર એટલે કે આચ્છાદનની આવશ્યકતા રહે છે.

(૩) દેહને બાહ્ય હવામાનથી સુરક્ષિત રાખવા આશ્રય (મકાન-વસતિ)ની આવશ્યકતા રહે છે.

(૪) દેહની સ્વસ્થતા માટે એટલે કે સ્વાસ્થ્ય માટે ઔષધિની આવશ્યકતા રહે છે.

આ દેહાવશ્યક એવી પણ ચાર ચીજો પોતાની માલિકીની ન હોય, એ સર્વવિરતિનું લક્ષણ છે, કારણ કે સર્વવિરતિધરને દેહાતીત થવું હોય છે અને દેહાધ્યાસ તૂટી જઈ, દેહભાવ છૂટી જતાં દેહભાન ભૂલાઈ ગયું હોય છે. સર્વવિરતિ અંગીકાર કરનાર સાધક બાહ્ય ત્યાગી છે, જ્યારે નવો દેહ એટલે કે પુનર્જન્મ ટાળનાર સાધક અભ્યંતર નિશ્ચયથી પારમાર્થિક ત્યાગી છે. જેને વર્તમાન પ્રાપ્ત દેહ છોડ્યા પછી, નવો દેહ ધારણ કરવો પડે નહિ તેને સાચો દેહત્યાગ કર્યો કહેવાય. એથી જ એવાં દેહત્યાગીને નિર્વાણ પામ્યા એમ યથાર્થ કહેવાય છે. નિર્વાણનો અર્થ જ નિ:+વાણ (વાન) થાય છે. વાન એટલે શરીર. જે કોઈ શરીર વિનાના અશરીરી-અદેહી થાય તે નિર્વાણ પામ્યા કહેવાય. આવાં અદેહી થવાં પૂર્વે વિદેહી, દેહભાન રહિત અને દેહભાવરહિત થવું પડે. ગુણસ્થાનક આરૂઢ સાધક અને પરમાત્મતત્ત્વ પ્રગટ થયેલ છે તેમની દેહ સંબંધી ત્યાગવૃત્તિ પોતપોતાની કક્ષા અનુસાર હોય છે.

(૧) સિદ્ધ પરમાત્મા એ દેહાતીત એટલે કે દેહરહિત અદેહી-અશરીરી છે, જે વાસ્તવિક પરાકાષ્ટાનો આત્યંતિક દેહત્યાગ છે.

(૨) અરિહંતપરમાત્મા એ વિદેહી છે કારણ કે દેહમાં રહેવા છતાં તેઓ દેહાતીત છે. વળી હવે પછી નવો દેહ ધારણ કરનાર નથી અને નિર્વાણ પામનાર છે.

(૩) સાધુ ભગવંત : દેહભાન રહિત છે કારણ કે દેહને અત્યંત આવશ્યક એવી પણ મૂળભૂત ચીજોની માલિકી એમણે રાખી નથી. 'દેહાવશ્યક મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ'ના દેહત્યાગ-ભાવપૂર્વકનું નિસ્પૃહ જીવન હોવાથી દેહત્યાગી છે.

(૪) સમ્યગ્દૃષ્ટિ શ્રાવક : દેહભાવ રહિતતાની અપેક્ષાએ દેહત્યાગી છે. સમજણથી દૃષ્ટિમાંથી દેહભાવ-દેહમમત્વ નીકળી ગયેલ હોવાથી દેહભાન ભૂલીને આત્મભાનમાં રહી, આત્મભાવથી ભાવિત થઈ વિદેહી થઈ અદેહી થવાની ઈચ્છા ધરાવે છે, તે અપેક્ષાએ દેહત્યાગી છે.

(૫) સમ્યક્ત્વી-સમકિતી : ભેદજ્ઞાન થતાં દેહતાદાત્મ્યની બુદ્ધિનું સ્થાન આત્મબુદ્ધિએ લીધેલ હોવાથી, સમકિતી પણ 'વપુ (દેહ) વિનાશી 'હું અવિનાશી'ની માન્યતાની અપેક્ષાએ ભેદજ્ઞાને કરીને દેહત્યાગી છે.

જેમ જેમ આધ્યાત્મિક વિકાસ સધાતો જાય, તેમ તેમ ત્યાગનો અર્થ ફરતો જાય છે. પ્રથમ તો ત્યાગ એટલે અજ્ઞાન-અવિદ્યા-વિપરીતમતિ-વિપર્યાસ-જ્ઞાનમાં રહેલી ભૂલ-અસમજણનો ત્યાગ. પછી બાકી જે રહે છે તે સાચી સમજણ-સત્ત્વદૃષ્ટિ-સમ્યગ્દૃષ્ટિ-સમ્યગ્જ્ઞાન. ત્યારબાદની

સાધનાની ભૂમિકાએ સર્વ અજ્ઞાનક્રિયા ત્યાગી સર્વ-સંગ-પરિત્યાગી બનવાનું હોય છે. જ્ઞાન અને ક્રિયા એમ ઉભયથી સર્વત્યાગી બનનાર સર્વવિરતિધરે સ્વ એવાં દેહને ત્યાગી અદેહી બનવા પૂર્વે દેહમાં રહી દેહાતીત એવાં વિદેહી કેવળી ભગવંત બનવાનું છે. કેવળી અવસ્થા આવેથી નિર્વાણ થયે સહજ જ અદેહી-અશરીરી બનાતું હોય છે.

અત્રે એ પણ સમજી લેવું જરૂરી છે કે આપઘાતના માર્ગે દેહત્યાગ નથી હોતો, પણ દેહનાશ હોય છે. એનાથી તે ક્ષણે તો દુ:ખથી છૂટી જઈ શકાય છે પણ પાછી નવી દુ:ખની પરંપરાનું સર્જન થાય છે. દેહનાશથી દુ:ખમુક્તિ નથી. દેહત્યાગથી દુ:ખમુક્તિ છે.

સંસારમાં દુ:ખનો નાશ છે જ નહિ. દુ:ખને દબાવીને સંસારમાં કયારેય ક્યારેક સુખાભાસ માણી શકાય છે. પરંતુ સર્વથા દુ:ખક્ષય એવી દુ:ખરહિતતા સંસારમાં છે જ નહિ.

મોક્ષમાર્ગે જ મોક્ષની પ્રાપ્તિ છે. દુ:ખમુક્ત થવાની અને નિત્ય સુખયુક્ત થવાની માંગણી તો સહુ કોઈની છે. માંગ સહુની સાચી છે પણ ચાલ અવળી છે. અવળી ચાલને સવળી કરી માંગની પૂર્તિ કરી શકાય છે. એ માટે જ તીર્થંકર જિનેશ્વર ભગવંતે મોક્ષમાર્ગનું ગુણસ્થાનક સ્વરૂપ સુંદર નિરૂપણ કર્યું છે. દુ:ખનું કારણ નિમિત્તરૂપ સ્વંયનો દેહ જ છે, જેના મૂળમાં મોહ અને અજ્ઞાનવશ આત્માનું દેહ પ્રત્યેનું મારાપણું-દેહભાવ-દેહમમત્વ જ છે. માટે દેહાધ્યાસ તોડી, દેહભાવ છોડી, ધર્મભાવમાં રહી, દેહભાન ભૂલી આત્મભાનમાં રહી, આત્મભાવમાં રમતાં રમતાં વિદેહી થઈ અદેહી થવાનું છે. આવા મોક્ષમાર્ગનો યોગ સહુને સાંપડે અને સર્વ જીવો મોક્ષે જાય એવી ભાવના.

આનંદઘનજી મહારાજાશ્રીએ એમની આગવી શૈલીમાં 'પ્રાની મેરો ખેલે' એ પદરચના દ્વારા ચોપાટની બાજીના પાસાના અંકના માધ્યમથી ચૌદ ગુણસ્થાનકનું આશ્ચર્યકારક રહસ્યોદ્‌ઘાટન કર્યું છે.

પાંચ તલે હૈ દુઆ ભાઈ, છકા તલે હૈ એકા;

સબ મિલ હોત બરાબર લેખા, યહ વિવેક ગિનવેકા...પ્રા.

ચોપાટની બાજીમાં વપરાતા પાસા ઉપરના અંકિત અંક વિષે વિવેકપુર:સર ગણવામાં આવે તો ચૌદ ગુણસ્થાનકની વાતોનો તાળો સારો મળે છે. પાસા ઉપર અંકિત પાંચના અંકની બરોબર સામી બાજુની સપાટી ઉપર બેનો અંક અને છના અંકની સામે એકનો અંક અંકિત કરેલો જણાશે. એ સૂચવે છે કે ૫+૨=૭ માં ૬+૧=૭ ઉમેરતાં ચૌદ ગુણસ્થાનક થાય છે.

અનંતાનુબંધી અને અપ્રત્યાખાની એ બે કષાયોને જે જીતે છે, એ પાંચમા ગુણઠાણે પહોંચે છે. એ પાંચમા ગુણઠાણા પછી જે કોઈ સાધક છઠ્ઠા અને સાતમા ગુણઠાણાને પામે છે, તે પાંચ વત્તા બે એમ સાતમા ગુણઠાણાને પહોંચ્યા પછી એને શ્રેણિના છ ગુણઠાણા ઓળંગવાના રહે છે, જે ઓળંગી જતાં માત્ર એક જ ચૌદમું ગુણસ્થાનક શેષ રહે છે, તે સહજ જ પ્રાપ્ત થતાં સિદ્ધિ લાધતા સિદ્ધિપદે આરૂઢ થવાય છે.

પાસાના અંક વિષે બીજી એક અપેક્ષાએ વિચારતાં પાંચ અવ્રતથી બે એટલે કે રાગ અને દ્વેષનું પોષણ થતું રહે છે તો સાત ગતિનું પરિભ્રમણ ચાલુ રહે છે અને આઠમી મોક્ષ ગતિથી દૂરના દૂર રહેવાય છે. એ સાત ગતિ તે (૧) નરક (૨) એકેન્દ્રિય (૩) વિકલેન્દ્રિય (૪) સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય (૫) ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય (૬) મનુષ્યગતિ અને (૭) દેવગતિ

એ જ રીતે છનો અંક સૂચવે છે કે ષડકાયની હિંસારૂપ એક અંક સૂચિત અસંયમના સેવનથી સાત ગતિના વેદમાં પરિભ્રમણ ચાલુ ને ચાલુ જ રહે છે. એ સાત વેદ તે (૧) નરક અને એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય ગતિનો નપુસંકવેદ પ્રાપ્ત થાય છે. (૨) તિર્યંચ પંચેન્દ્રિય ગતિનો નરવેદ (૩) તિર્યંચ પંચેન્દ્રિય ગતિનો નારીવેદ (૪) પંચેન્દ્રિય મનુષ્યગતિનો નરવેદ (૫) પંચેન્દ્રિય મનુષ્યગતિનો નારીવેદ (૬) દેવલોકના દેવનો નરવેદ (૭) દેવલોકના દેવીનો નારીવેદ અથવા તો છ લેશ્યા ઉપરના વિજયથી એક મન ઉપર વિજય મેળવાય છે.

ઉપરાંત ગુણસ્થાનક વિષયક શ્રીમદ્ રાજચંદ્રે સેવેલા મનોરથની સુંદર ગેય રચના 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે? ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?'... ની ૨૧ ગાથામાં ચોથાથી લઈ ચૌદમા ગુણસ્થાનકે સ્થિત સાધકની દશાનું અત્યંત સુંદર આલેખન છે. એ જોઈ જવાની ખાસ ભલામણ છે. એટલું જ નહિ પણ શ્રીમદ્‌જી અને મહામહોપાધ્યાયજી યશોવિજયજીની ગુણસ્થાનક વિષય સંક્ષિપ્ત સમજ આપતી નીચેની સુંદર ગેય રચનાઓ કંઠસ્થ કરી લઈ એનું ગુંજન કરતાં રહેવાથી ગુણસ્થાનકની ભાવના તાદૃશ થતી રહેશે. શ્રીમદ્ રાજચંદ્રે લખ્યું છે :

તપોપધ્યાને રવિરૂપ થાય (૪થું ગુ.સ્થા.),
એ સાધીને સોમ રહી સુહાય (૫ થી ૭ ગુ.સ્થા.)
મહાન તે મંગળ પંક્તિને (શ્રેણિ) પામે,
આવે તે પછી તે બુધના પ્રણામે.
નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ સિદ્ધિ દાતા,
કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા (૧૩મું ગુ.સ્થા.)
ત્રિયોગ ત્યાં કેવળ મંદ પામે,
સ્વરૂપ સિદ્ધે વિચરી વિરામે. (૧૪મું ગુ.સ્થા.)

-મોક્ષમાળા-૧૦૮ મો શિક્ષાપાઠ

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ લખ્યું છે :

આનંદકી ઘડી આઈ, સખીરી આજ આનંદકી ઘડી આઈ.
કરકે કૃપા પ્રભુ દરિસણ દીનો, ભવકી પીડ મીટાઈ;
મોહનિદ્રાસે જાગૃત કરકે, સત્યકી સાન સુનાઈ;
તન મન હર્ષ ન માઈ............સખીરી.૧
નિત્યાનિત્યકા ભેદ બતાકર, મિથ્યાદૃષ્ટિ હરાઈ;
સમ્યગ્જ્ઞાનકી દિવ્ય પ્રભાકો, અંતરમેં પ્રગટાઈ;
સાધ્ય સાધન દિખલાઈ...........સખીરી.૨
ત્યાગ વૈરાગ્ય ઔર સંયમયોગ સે, નિ:સ્પૃહ ભાવ જગાઈ;
સર્વ સંગ પરિત્યાગ કરા કર, અલખ ધુન મચાઈ;
અપ્રતમ સુખ બતલાઈ..........સખીરી.૩
અપૂર્વકરણ ગુણસ્થાનક સુખકર, શ્રેણિ ક્ષપક મંડવાઈ;
વેદ તીનોંકા છેદ કરાકર, ક્ષીણમોહી બનવાઈ
જીવન મુક્તિ દિલાઈ............સખીરી.૪
ભક્ત વત્સલ પ્રભુ કરુણાસાગર, ચરણ શરણ સુખદાઈ;
જશ કહે ધ્યાન પ્રભુકા ધ્યાવત, અજર અમર પદપાઈ;
દ્વંદ સકલ મીટવાઈ...........સખીરી.૫

□ **સંકલન: સૂર્યવદન ઠાકોરલાલ ઝવેરી**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્કર્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૩ ● માર્ચ, ૨૦૦૨ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. માનભાઈ ભટ્ટ

ભાવનગરની સુપ્રસિદ્ધ સંસ્થા 'શિશુવિહાર'ના સ્વપ્નદૃષ્ટા, સર્જક અને સંવર્ધક શ્રી માનશંકરભાઈ ભટ્ટનું તા. ૨-૧-૨૦૦૧ના રોજ ૯૪ વર્ષની વયે અવસાન થતાં આપણને આપબળે આગળ વધેલા, લોકોના સંસ્કારજીવનનું ઘડતર કરનાર એક સમર્થ જીવનવીરની ખોટ પડી છે. ફાજલ માનવ શક્તિનો ઉપયોગ કરી કશુંક સામૂહિક રચનાત્મક કાર્ય કેવી રીતે કરી શકાય એની આગવી સૂઝ, વિચારશક્તિ, ધગશ અને તમન્ના સાથે પરિણામલક્ષી વ્યવસ્થિત કાર્ય ઓછામાં ઓછા ખર્ચે કરવાની અનોખી આવડતને લીધે માનભાઇએ પોતાના જીવનકાળ દરમિયાન ભાવનગરમાં લોકસેવાની સરિતા અવિરત વહેતી કરી છે. માનભાઈ છ દાયકાથી અધિક સમય પોતાનાં અને સાથીદારોના સક્રિય સેવાકાર્યથી ભાવનગરના જનજીવન ઉપર છવાઈ ગયા હતા. એમાં એમને એમના નાના ભાઈ પ્રેમશંકરભાઇનો તથા પોતાના સ્વજનો અને મિત્રોનો પણ પ્રશસ્ય સહકાર સાંપડ્યો હતો. એમણે આરંભેલી 'શિશુવિહાર'ની પ્રવૃત્તિમાં તે સમયે બાળક તરીકે જોડાનારનાં સંતાનોનાં સંતાનો અત્યારે શિશુવિહારમાં ખેલી રહ્યાં છે. ત્રણ પેઢીના સંસ્કાર ઘડતરનું અનોખું કાર્ય કરવાનો યશ માનભાઇના ફાળે જાય છે. પદ, પ્રતિષ્ઠા કે માન-સન્માનથી દૂર રહેનાર, એક સામાન્ય નાગરિકની જેમ સાદું, નિર્મળ અને નિર્ભય જીવન જીવવામાં માનનાર માનભાઇ વિવિધલક્ષી પ્રવૃત્તિઓના પ્રણેતા બન્યા હતા. મહાત્મા ગાંધીજીના જીવનનો પ્રભાવ એમના ઉપર ઘણો મોટો પડ્યો હતો. અંગ્રેજી શબ્દો વાપરીને કહેવું હોય તો કહી શકાય કે માનભાઈ Self-made man હતા, Do it yourself Guy હતા અને Service before Self એ એમનો જીવનમંત્ર હતો.

માનભાઇને મળવાનું મારે થયું હતું તે પહેલાં એમના વિશે અત્યંત આદરપૂર્વક મેં સાંભળ્યું હતું મુંબઇમાં મારા મિત્રો શ્રી ચીનુભાઈ ઘોઘાવાળા અને એમના ભાઈ ચંદ્રકાન્તભાઈ પાસેથી. ત્યારપછી માનભાઈ સાથે મારો પત્ર દ્વારા પહેલો સંપર્ક ત્યારે થયો હતો કે જ્યારે મેં 'પ્રબુદ્ધ જીવન'માં 'ક્રિકેટનો અતિરેક' નામનો લેખ લખ્યો હતો. ખર્ચ વગરની, ખડતલ બનાવનારી ભારતીય રમતગમતોના ભોગે પાંગરેલી આ વિદેશી રમતે સમગ્ર ભારતીય પ્રજા અને વિશેષત: યુવાનોના ચિત્તનો કબજો લઈ લેતાં કેટલા કિંમતી માનવકલાકો વેડફાઈ જાય છે અને શિક્ષણ સંસ્થાઓમાં, સરકારી અને બિનસરકારી કચેરીઓમાં પોતાના કાર્ય અને કર્તવ્ય અંગે કેટલી બધી ગેરશિસ્ત અને પ્રમાદ પ્રવર્તે છે તે વિશે ફરિયાદ કરેલી. મારા આ લેખની કદર કરતો માનભાઇનો પત્ર આવ્યો હતો અને પછીથી અમારો પરસ્પર સંપર્ક છેવટ સુધી રહ્યો હતો. એમણે મારા કેટલાક લેખો સ્વતંત્ર પુસ્તિકારૂપે છપાવી ને તે પુસ્તિકાઓ વહેંચી હતી. છેલ્લે ૨૦૦૧ના જાન્યુઆરીમાં હું એમને ભાવનગરમાં એમના ઘરે મળવા ગયો હતો. અને ત્યાર પછી હજુ થોડાક મહિના પહેલાં મારું પુસ્તક 'સાંપ્રત સહચિંતન-ભાગ ૧૩' મેં એમને અર્પણ કર્યું ત્યારે એમનો આભારપત્ર આવ્યો હતો.

માનભાઈ હંમેશાં પોતાને અભણ અને લોઢાકૂટ મજૂર તરીકે ઓળખાવતા. ક્યારેક લખતા કે પોતે પોતાના શરીર પાસેથી ચાબખા મારીને કામ લીધું છે. બિનજરૂરી ખોટું ખર્ચ થાય એ એમને કઠે અને મેં મોકલાવેલાં પુસ્તક ઉપર ટપાલની વધુ ટિકિટ ચોડી હોય તો દરેક વખતે અચૂક ઠપકો આવતો. મુંબઇની પોસ્ટ ઓફિસ બુકપોસ્ટ માટે જુદી જ કલમ બતાવી વધુ ટિકિટનો આગ્રહ રાખે અને માનભાઈ જુદી જ કલમ અનુસાર ઓછી ટિકિટ ચોડવાનો આગ્રહ રાખે. પાંચ પૈસાની ટિકિટ વધુ ચોડવાનો આશય એટલો જ કે કોઈ પોસ્ટ ઓફિસ જુદી કલમ દ્વારા કોઈને દંડ ન કરે કે પુસ્તક પાછું ન આવે.

માનભાઇનું ચિત્ર નજર સમક્ષ ખડું થાય એટલે ખાદીનાં ટૂંકી ચડ્ડી અને બાંડિયું પહેરેલી છ ફૂટ ઊંચી કદાવર વ્યક્તિ સામે તરવરે. બારે માસ જ્યારે જુઓ કે મળો ત્યારે તેઓ આ જ પહેરવેશમાં હોય. સવારથી તે રાત્રે સૂતાં સુધી એક જ વેશ. સવારે કપડાં પહેર્યાં તે બીજે દિવસે સવારે બદલાય. ગમે તેવા મોટા માણસ મળવા આવે કે પોતાને મળવા જવાનું હોય તો પણ આ જ પહેરવેશ. ગાંધીજીએ જીવનભર જેમ પોતડી પહેરી હતી તેમ એમને અનુસરનાર માનભાઇમાં એ ગુણ કેમ ન આવે ? પણ જેમ ગાંધીજીએ પોતડી પહેરવાનું ચાલુ કર્યું એની પાછળ ઘટના રહેલી છે, તેમ માનભાઇની ટૂંકી ચડ્ડી માટે પણ રસિક ઘટના રહેલી છે. આઝાદી પહેલાંના દિવસોમાં એક વખત એક હાઈસ્કૂલમાં સભામાં એમણે ભલામણ કરી કે બધા વિદ્યાર્થીઓએ એકસરખો પહેરવેશ પહેરવો જોઇએ અને એ પહેરવેશ તે ખમીસ અને અડધી ચડ્ડીનો હોવો જોઇએ. એ વખતે શાળામાં પેન્ટ પહેરીને આવનાર ઘણા વિદ્યાર્થીઓએ આ દરખાસ્તનો વિરોધ કર્યો અને કેટલાકે માનભાઇને કહ્યું 'પહેલાં તમે અડધી ચડ્ડી પહેરતા થાઓ અને પછી અમને કહો.' આ વાત માનભાઇને સચોટ રીતે લાગી ગઈ. એમાં રોષ નહોતો. સચ્ચાઇ હતી. બીજા દિવસથી એમણે બાંડિયું અને અડધી ચડ્ડીનો વેશ સ્વીકારી લીધો અને તે જીવનની અંતિમ ક્ષણ સુધી રહ્યો.

સાઈકલ એ માનભાઇનો મોટો સાથીદાર. જ્યાં જવું હોય ત્યાં સાઇકલ ઉપર નીકળી પડતા હતા. રોજના દસબાર કિલોમીટર ફરવાનું થાય. એક કાળે સૌથી વધુ સાઇકલ ધરાવનારાં શહેરોમાં પૂના, અમદાવાદની જેમ ભાવનગરની ગણના થતી. તેમાં પણ ભાવનગરમાં

વસતીના પ્રમાણમાં સાઇકલની સરેરાશ વધારે. સાઇકલ એટલે અલ્પતમ નિભાવખર્ચવાળું બધાંને પોસાય એવું વાહન. (દુનિયામાં સૌથી વધુ સાઇકલો ચીનમાં છે.) માનભાઇએ કિશોરાવસ્થાથી સાઇકલ પર જવા-આવવાનું ચાલુ કરેલું તે ૮૮ વર્ષની વૃદ્ધાવસ્થા સુધી ચલાવ્યું. એક વખત, ભાવનગરના શ્રી મહેન્દ્ર મેઘાણીને કોઇએ કહ્યું કે 'તમે હવે સાઇકલને બદલે મોટરસાઇકલ કે સ્કુટર ચલાવો તો ?' ત્યારે એમણે કહેલું કે 'જ્યાં સુધી મારાથી લગભગ દોઢ દાયકા મોટા પૂજ્ય માનભાઈ સાઇકલ ચલાવે છે ત્યાં સુધી મારાથી મોટરસાઇકલ ચલાવી ન શકાય.' માનભાઇના સાદાઈ અને કરકસરભર્યા નિરભિમાની જીવનનો પ્રભાવ કેટલો બધો હતો અને બધાંને એમના પ્રત્યે કેટલો બધો આદરભાવ હતો તે આના પરથી જોઈ શકાશે.

સ્વ. માનભાઇનો જન્મ ઇ. સ. ૧૯૦૮ના ઓગસ્ટની ૨૮મી તારીખે તળાજામાં થયો હતો. એમના પિતા નરભેશંકર ભટ્ટ રાજ્યની નોકરીમાં ફોજદાર તરીકે કામ કરતા. માતાનું નામ માણેકબા. માનભાઇએ પાંચ વર્ષની વયે માતા ગુમાવી અને ભાવનગરમાં દાદાજી અંબાશંકર ભટ્ટ પાસે ઊછર્યા. એમણે માનભાઈ અને બીજાં ભાઈબહેનોને સ્વાશ્રયી બનતાં શીખવ્યું. નાની ઉંમરે રાંધતાં, કૂવેથી માથે પાણી લાવતાં, ગાર કરી લીંપણ કરતાં, ચૂનો તૈયાર કરીને ઘર ધોળતાં, દળતાં, સાઈકલ ચલાવતાં, પાણીમાં તરતાં, સાંધતાં-સીવતાં વગેરે ઘણું બધું શીખવ્યું. માનભાઇને નાનાભાઇ ભટ્ટના દક્ષિણામૂર્તિમાં છાત્રાવાસમાં દાખલ કરેલા, પણ ભણવામાં માનભાઇને બહુ રસ પડ્યો નહોતો.

માનભાઇએ કિશોરાવસ્થામાં જ પોતાના પિતા પણ ગુમાવ્યા. હવે કપરા દિવસો આવ્યા. આજીવિકા રળવા માટે ફાંફા માર્યા. ઘણાં અનુભવો થયાં છેવટે સોળ વર્ષની વયે ભાવનગરના બંદરમાં વિલાયતી કોલસાના ટુકડા કરવાની મજૂરી સ્વીકારી. ત્યાં પોતાનાં કામ અને નિષ્ઠાથી પ્રભાવિત થયેલા અંગ્રેજ અમલદાર જહોનસન સાહેબની મહેરબાનીથી માનભાઇને 'ફોરમેન'ની પાયરી સુધી બઢતી મળી હતી. અહીં ગોદી કામદારોની વચ્ચે કામ કરતાં કરતાં સૌનો પ્રેમ જીતી, તેમના નેતા બની માનભાઇએ ત્યાં 'આનંદ મંગળ મંડળ'ની સ્થાપના કરેલી અને એના ઉપક્રમે કામદારોના ઉત્કર્ષ માટે ભાતભાતની પ્રવૃત્તિઓ આદરી હતી. એમાં ખાટામીઠા કે કડવા ઘણા અનુભવો એમને થયા હતા. કેટલાંયે સાહસિક કામો એમણે હિંમત અને સૂઝથી કર્યાં હતાં.

માનભાઈનું કૌટુંબિક જીવન ભાતીગળ હતું. બાળલગ્નના એ જમાનામાં એમનાં લગ્ન બાળવયે થયાં હતાં. પત્ની મોટી થતાં ઘરે રહેવા આવી, પણ થોડા વખતમાં એનું અવસાન થયું. ત્યાર પછી દાદાના આગ્રહથી, દાદાએ પસંદ કરેલી કન્યા સાથે માનભાઈનાં બીજાં લગ્ન થયાં. એમનાં આ બીજાં પત્નીનું નામ હીરાબહેન. માનભાઈ ગોદીમાં મજૂરી કરે અને ફાજલ સમયમાં જાહેર પ્રવૃત્તિઓ કરે. એમના ટૂંકા પગારમાં હીરાબહેને ઘર સારી રીતે સંભાળી લીધું. બધાં સંતાનોને સારી રીતે ઉછેર્યાં. દામ્પત્યજીવનના શરૂઆતના દિવસોમાં તો કુટુંબનું ભરણપોષણ પૂરું કરવા માટે હીરાબહેન પરચૂરણ કામો કરતાં, હાથે બનાવેલી વસ્તુઓ વેચતાં. માનભાઈ અને હીરાબહેન બંનેની પ્રકૃતિ નિરાળી, વિચારો નિરાળા, છતાં બંનેનું દામ્પત્યજીવન સહકારભર્યું પ્રસન્ન હતું. એમનાં સંતાનોએ બાલ્યકાળમાં કઠિન દિવસો જોયેલા, પણ પછી ઘણી સારી પ્રગતિ કરી હતી. એમનાં એક દીકરી ચિદાનંદ સ્વામી પાસે દીક્ષા લઈ સંન્યાસિની બન્યાં છે.

માનભાઈએ ત્રણેક દાયકા બંદરમાં કામ કર્યું. પછી જ્યારે સ્વમાનભંગનો પ્રશ્ન આવ્યો ત્યારે બંદરની નોકરીમાંથી નિવૃત્તિ સ્વીકારી લીધી, પેન્શન પણ લીધું નહિ. ભારતની સ્વતંત્રતાની ચળવળ વખતે એમાં પણ સક્રિય ભાગ લીધો અને સૌના માનીતા બન્યા હતા.

ભાવનગરમાં સરદાર પૃથ્વીસિંહ અને બીજાઓની સાથે મળીને નાનાં નાનાં બાળકોને વ્યાયામ, રમતગમતો ઈત્યાદિ શીખવતાં માનભાઈને લાગેલું કે એમને માટે સ્વતંત્ર ક્રીડાંગણ હોય તો એમનો સમય વધુ આનંદમાં પસાર થાય અને એમનો વિકાસ સારી રીતે થાય. એમને એ માટે પ્રેમશંકરભાઈનો સહકાર મળ્યો. ક્રીડાંગણ માટે નામ વિચાર્યું 'શિશુવિહાર'. 'શિશુવિહાર' એ માનભાઇની કલ્પનાનું સર્જન. આઝાદી પૂર્વે, ૧૯૩૯માં વિપરીત સંજોગોમાં, અનેક અડચણો વચ્ચે જમનાકુંડ નામની આશરે ચાલીસ ફૂટ ઊંડી અને બસો ફૂટ પહોળી, ખાડાવાળી પડતર જગ્યા ભાવનગર રાજ્ય પાસેથી મેળવીને માનભાઈ અને એમના મંડળના સાથીદાર મિત્રોએ જાતે ખોદકામ અને મહેનત કરી, પુરાણ કરી જગ્યા સમથળ બનાવી હિંડોળા, લપસણું, સીડી વગેરે ક્રમે ક્રમે વસાવીને વિકસાવેલી સંસ્થા એટલે શિશુવિહાર, બાળકો માટેનું નિર્બંધ ક્રીડાંગણ. રાજ્ય તરફથી વધુ જગ્યા મળતાં શિશુવિહારનો વિકાસ થયો. વધુ હીંચકા, વધુ લપસણાં, રમતગમતનાં સાધનો, અખાડો, પુસ્તકાલય, સંગીત વર્ગ, ચિત્રકલાના વર્ગો, સીવણ-ભરતગૂંથણ, નાટક, રાસ, ગરબા, સ્કાઉટ અને ગર્લ્સ ગાઈડ, ટેક્નિકલ તાલીમ, એમ શિશુવિહારમાં ઉત્તરોત્તર પ્રવૃત્તિઓનો વિકાસ થતો ગયો.

માનભાઇના આ ક્રીડાંગણ પછી એમની જ પ્રેરણા અને એમના જ માર્ગદર્શનથી ભારતમાં ઘણે સ્થળે ક્રીડાંગણોની રચના થઈ છે. એમણે ક્રીડાંગણનું જાણે કે એક શાસ્ત્ર વિકસાવ્યું અને એની માહિતી માટે પુસ્તિકા પણ તૈયાર કરીને છપાવી છે.

માનભાઇ શરીરે ખડતલ અને મજૂર તરીકે કામ કરેલું એટલે કોઇપણ કામ કરતાં એમને આવડે અને કોઇપણ પ્રકારનું કામ કરતાં એમને શરમસંકોચ નડે નહિ. ક્ષોભે એમના જીવનમાં ક્યારેય સ્થાન મેળવ્યું નથી. એમની નૈતિક હિંમત ઘણી મોટી. પોતે તદ્દન નિ:સ્વાર્થ, કર્તવ્યનિષ્ઠ, પ્રામાણિક, પરગજુ અને સમાજકલ્યાણના હિમાયતી. એટલે કોઈની શરમ રાખે નહિ. બેધડક સાચી વાત કહી શકે. એમની ધાક પણ મોટી. પોતાની દરેક પ્રવૃત્તિ કરકસરથી ચલાવે. પગારદાર નોકરોના કામ કરતાં જાતે કામ કરવામાં ખર્ચ બચે અને કશુંક કર્યાનો સંતોષ થાય. 'બાવડાં એ જ બજેટ' એ માનભાઇનું પ્રિય સૂત્ર હતું.

રોજ સાંજે શિશુવિહારના ક્રીડાંગણમાં ખુરશીમાં બેસીને બાળકોને રમતાં, ધીંગામસ્તી કરતાં જોવાં એ માનભાઇની પ્રિય પ્રવૃત્તિ. વળી માનભાઈ નખ કાપવાની કલા પણ સરસ જાણે. વર્ષો સુધી એમનો એક ક્રમ એ રહ્યો કે સાંજે શિશુવિહારના ક્રીડાંગણમાં બેસે અને જે કોઈ બાળકો આવે તેના નખ કાપી આપે. કેટલીક વાર મોટાં માણસો પણ નખ કપાવા આવે. કોઈ માતાને પોતાના નવજાત શિશુના નખ કાપતાં ડર લાગે તો તે માનભાઈ પાસે કપાવી જાય. કોઈ વાર કોઈ બાળક સ્વાભાવિક પૂછે કે 'દાદા, નખ કાપવાના કેટલા પૈસા આપવાના?' ત્યારે કહે કે 'દસ આંગળીના દસ પૈસા, પણ અત્યારે આપવાના નહિ, પણ તું મોટો થાય અને જાતે કમાતો થાય અને જો ઈચ્છા થાય તો આ ડબ્બામાં નાખી જવા.'

બાળકોના નખ કાપવા માટેની કાતર પણ માનભાઈએ જાતે બનાવેલી. હાથે પતરાં કાપવા માટેની એ કાતર હતી. પછી એનો ઉપયોગ શરૂ કર્યો નખ કાપવા માટે. ત્રણ દાયકાથી વધુ સમયથી માનભાઇની આ રોજિંદી પ્રવૃત્તિમાં એક લાખ કરતાં વધુ બાળકોના નખ કપાયા હશે. આ કાતર હંમેશાં પોતાની સાથે થેલીમાં જ હોય કે જેથી કોઈ બાળક નખ કપાવવા આવે તો કહેવું ન પડે કે 'અત્યારે નહિ, કાતર નથી.' બાળકોના નખ કાપતી વખતે એમના મનમાં એવી ઉમદા ભાવના રહે કે

બાળદેવતાની સેવા કરવાની પોતાને કેવી સરસ તક મળી. બાળકના બધા નખ કપાઈ જાય એટલે પ્રત્યેક બાળકને પોતે પ્રેમથી મસ્તક નમાવી નમસ્કાર કરે. બાળવિકાસ માટેની પ્રવૃત્તિઓમાં માનભાઇની આ પ્રવૃત્તિ અદ્વિતીય હતી. એવી પ્રવૃત્તિ એમને જ સૂઝે.

લોકમતને જાગૃત કરવા માટે માનભાઈ પાસે પોતાની વૈયક્તિક લાક્ષણિક પદ્ધતિઓ હતી. તેઓ બધાંને દૂરથી પણ વંચાય એવા મોટા અક્ષરે બોર્ડ લખતા. તેઓ પોતાની સાઇકલ ઉપર કોઈક ને કોઈક બોર્ડ રાખીને ફરતા. શિશુવિહારના શરૂઆતના દિવસોમાં નાણાંની જરૂર હતી, પણ સામેથી માગવામાં માનતા નહિ, એટલે બોર્ડ રાખતા કે 'આપશો તો લઇશ, માંગીશ નહિ.' માનભાઈ પોતાની પીઠને જાહેરાતના બોર્ડ જેવી ગણતા. ભાવનગરમાં સાઇકલ પર કોઈ જતું હોય અને એમના બરડા ઉપર લાંબા લટકણિયામાં મોટા અક્ષરે કંઈ લખેલું હોય તો સમજવું કે એ માનભાઈ ભટ્ટ છે. કોઈક સૂત્ર કે વિશેષ નામ મોટા અક્ષરે લખેલું શર્ટ પહેરવાની ફેશન તો હવે ચાલુ થઈ. માનભાઈ તો પાંચ દાયકા પહેલાં એટલા 'મોર્ડન હતાં.' તેમનું એક પ્રિય લટકણિયું હતું,

ઈશ્વર અલ્લાહ+રામ રહીમ તારાં નામ
સૌને સન્મતિ આપો કૃપાનિધાન.

માનભાઈ એટલે એક માણસનું સરઘસ. બીજા જોડાય તો ભલે. તેઓ સાઈકલ પર નીકળે ત્યારે સાથે ચોપાનિયાં લેતા જાય. વચ્ચે વચ્ચે ઊભા રહે. સૌને મળે અને પોતાની પ્રવૃત્તિઓનાં, કે પોતાના સુવિચારોના ચોપાનિયાં વહેંચે.

તેઓ સરકાર પાસે કે શ્રીમંતો પાસે સામેથી ક્યારેય માગવા ન જાય, પણ લોકો તરફથી એમને નાણાં મળતાં જાય. પૈસો પૈસો આપીને ઝોળી છલકાવી દેનારા સાધારણ માણસો પણ ઘણા હતા.

એક વાર તો એક ભિખારી એમની પ્રવૃત્તિથી અને વાતોથી એટલો પ્રભાવિત થયો હતો કે એણે પોતે ભૂખ્યા રહી મળેલી ભીખ માનભાઇની ઝોળીમાં નાખી હતી.

અનેકવિધ અનુભવોમાંથી પસાર થયેલા હોવાથી કેટલીક કોઠાસૂઝ, નૈતિક હિંમત, વ્યવહારુ ડહાપણ ઇત્યાદિ માનભાઇમાં સહજ હતાં. કોઇ પણ પ્રશ્નનો તોડ કાઢતાં પણ એમને આવડે.

શિશુવિહારના આરંભકાળના એ દિવસો હતા ત્યારે ત્યાં જવા આવવા માટે રસ્તો થયો, પણ વીજળી આવી નહોતી. વીજળી-કંપની ત્યારે ખાનગી હતી. વારંવાર પત્ર લખવા છતાં ત્યાં વીજળી આવી નહોતી. માનભાઇની લખાપટ્ટીથી ઉપરી સાહેબ તરફથી કામ કરવાવાળા સ્ટાફને ઠપકો મળ્યો. તેઓ આવ્યા, પણ ગુસ્સામાં વીજળીનો થાંભલો જાણી જોઈને એવો વચ્ચોવચ્ચ નાખ્યો કે બધાંને નડે. માનભાઈ ત્યારે બંદર પર કામ કરતા. સાંજે આવ્યા ત્યારે સાથી મિત્રોએ કહ્યું કે માણસો જાણી જોઇને વચ્ચે થાંભલો નાખી ગયા છે માટે ફરિયાદ કરવી જોઇએ. માનભાઇએ પરિસ્થિતિ બરાબર નિહાળી લીધી અને બધા સાથીદારોને કહ્યું કે સાંજે જમીને પાછા આવજો. સાંજે બધા આવ્યા. દરમિયાન આવા કામના અનુભવી માનભાઇએ બધાં માપ લઈ લીધાં હતાં. બધા આવ્યા એટલે માનભાઇએ કહ્યું આપણે જાતે જ થાંભલો ખસેડી નાખીએ. એથી લાઈન નાખવામાં કશો વાંધો આવે એમ નથી. બધાએ રાતોરાત બીજો ખાડો ખોદ્યો. અને વીજળીનો થાંભલો ઉખેડી એમાં માપસર ગોઠવી દીધો. પછી વીજળીના થાંભલાવાળા ખાડામાં એક વૃક્ષનો મોટો રોપો વાવી દીધો અને માટી ભરીને એને પાણી પાઈ દીધું.

બીજે દિવસે સવારે કંપનીના માણસો કામ કરવા આવ્યા ત્યારે જાણે કાંઈ જ બન્યું નથી એવો દેખાવ રાખ્યો. જે મજૂરોએ થાંભલો લગાવ્યો હતો તેઓ આશ્ચર્યમાં પડી ગયા કે થાંભલો રાતોરાત કેવી રીતે ખસી ગયો, પણ કશું બોલી ન શક્યા.

પચાસેક વર્ષ પહેલાં, ૧૯૫૩માં માનભાઇના એક પરિચિત બહેનનો જીવ બચાવવા માટે દાક્તરે લોહી ચડાવવા માટે કહ્યું. પણ લોહી લાવવું ક્યાંથી ? ઘણાં બધાંનાં લોહી તપાસાયાં. એમાં છેવટે એક ભાઇનું લોહીનું ગ્રુપ મળતું આવ્યું અને એ બહેનનો જીવ બચ્યો. તરત માનભાઇને વિચાર આવ્યો કે ભાવનગરમાં એક બ્લડ બેન્ક થવી જોઇએ. પોતે જ એ પ્રવૃત્તિ ઉપાડી. શેરીએ શેરીએ એ માટે ભૂંગળામાં બોલીને પ્રચાર કર્યો. શિશુવિહારમાં જ રક્તદાનની પ્રવૃત્તિ ચાલુ કરી. પત્રિકાઓ છાપી પ્રચાર કર્યો. રક્તદાન આપનારને 'યુવાનીમાં રક્તદાન, મૃત્યુ બાદ ચક્ષુદાન' જેવા સુવાક્યો લખેલી પેન્સિલો, ડાયરીઓ ભેટ અપાવી. માનભાઈ આવી પ્રવૃત્તિઓની શરૂઆત પોતાનાથી જ કરતા. એમણે પોતે ૩૭ વાર રક્તદાન કર્યું હતું. એમણે રક્તદાનની-બ્લડબેન્કની આ પ્રવૃત્તિ ઘણી વિકસાવી હતી. અને પછી બીજી સંસ્થાને સોંપી દીધી હતી. એમણે બીજી પણ કેટલીક પ્રવૃત્તિઓનો આરંભ કરી પછી તે અન્ય સક્ષમ સંસ્થાને સોંપી દીધી હતી. તેઓ કહેતા કે દીકરી મોટી થાય પછી સાસરે જ શોભે.

અમૃતલાલ ઠક્કર કે જેઓ 'ઠક્કર બાપા'ના નામથી જાણીતા હતા તેઓ મૂળ ભાવનગરના વતની હતા અને તેમણે પંચમહાલના આદિવાસીઓ માટે ઘણું મોટું સેવાકાર્ય કર્યું હતું. નિવૃત્ત થઈ તેઓ વૃદ્ધાવસ્થાનાં છેલ્લાં વર્ષોમાં ભાવનગર રહેવા આવ્યા હતા ત્યારે માનભાઈ એમને રોજ મળવા જતા, એમની સંભાળ રાખતા અને એમની દોરવણી પ્રમાણે ભાવનગરમાં લોકસેવાનું કાર્ય કરતા. ઠક્કર બાપાનો પ્રભાવ માનભાઈ ઉપર ઘણો પડ્યો હતો અને ઠક્કર બાપાએ શિશુવિહારને પોતાની બચતમાંથી સારી આર્થિક સહાય કરેલી.

દેશને સ્વતંત્રતા મળ્યા પછી સૌરાષ્ટ્રમાં સૌરાષ્ટ્ર સરકાર થઈ અને ઢેબરભાઈ એના મુખ્ય પ્રધાન થયા ત્યારે માનભાઇને સરકારમાં મજૂર ખાતાના પ્રધાન થવા માટે ઓફર થઈ હતી. પરંતુ રાજકારણમાં માનભાઇને ફાવે નહિ. એમનો સ્વભાવ સત્યપ્રિય, ન્યાયપ્રિય વળી મનસ્વી. એમને એમની રીતે જ કામ કરવાનું ફાવે. તેઓ જરા પણ ખોટું સહન કરી શકે નહિ. એટલે એમણે એ પ્રધાનપદ સ્વીકાર્યું નહિ. એમણે રાજકારણમાં પ્રવેશ કર્યો નહિ, એટલું જ નહિ ત્યારપછી કેટલેક વખતે ખટપટવાળું મલિન રાજકારણ જોઇને તો એમણે પોતાના ઘરની બહાર બોર્ડ મૂક્યું હતું: 'રાજકારણીઓને પ્રવેશ નથી.' આવું જાહેર બોર્ડ તો સમગ્ર ભારતમાં માત્ર માનભાઇના ઘરે જ ઘણા વખત સુધી રહ્યું હતું.

શિશુવિહારમાં માનભાઇએ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય-ઘડતર માટે રાત્રિ શિબિરોનું આયોજન કર્યું. ત્યાર પછી શ્રમ મંદિર, ટેકનિકલ વર્ગો, વ્યાયામશાળા, સ્કાઉટ અને ગાઈડ, પુસ્તકાલય, વાચનાલય, બાળમંદિર, વિનય મંદિર, મહિલા મંડળ, ચિત્રકળા અને સંગીતના વર્ગો, અભિનયકળાના વર્ગો, 'શિશુવિહાર' ઇત્યાદિ પત્રિકાઓનું પ્રકાશન, પુસ્તિકાઓનું પ્રકાશન, કવિઓની બુધ સભા, રાઇફલ કલબ, રમકડાં ઘર, અતિથિગૃહ, ઋષિકેશની ડિવાઇન લાઇફ સોસાયટી-'દિવ્ય જીવન સંઘ'ની પ્રવૃત્તિઓ, પ્રાથમિક સારવારના વર્ગો વગેરે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો આરંભ કરી એનું સંચાલન કર્યું. બ્લડ બેન્ક, દાઝેલા લોકો માટેનો અલાયદો 'બર્ન્સ વોર્ડ', ચક્ષુદાન, દેહદાન, શબવાહિની વગેરે બીજી પણ વિવિધ પ્રવૃત્તિઓ ચાલુ કરાવી અને અન્ય સંસ્થાઓને તે સોંપી દીધી.

શિશુવિહારના ઉપક્રમે આટલી બધી પ્રવૃત્તિઓ ચાલે. એમાં એમના લઘુબંધુ પ્રેમશંકરભાઇનો પૂરો સહકાર. પરંતુ આટલી બધી પ્રવૃત્તિઓ

માટેનું કાર્યાલય ફક્ત એક ઓરડામાં હતું. કાર્યાલય સવારથી સાંજ સુધી બારે માસ ખુલ્લું રહે. રવિવારની કે પર્વ-તહેવારની કોઈ રજા નહિ. કોઈ પણ માણસને 'અત્યારે ટાઈમ નથી, પછી આવજો' એવું કહેવાનું નહિ. ધ્યેય હતું બીજાને મદદરૂપ થવાનું. બંધારણ, મિનિટ્સ, નિયમો, સભ્યપદ, લવાજમ ઇત્યાદિની કોઈ જટિલતા કે જડતા નહિ. ફાઈલો, પત્રો, પત્રિકાઓ, ફોર્મ, રજિસ્ટર, નામ-સરનામાં, નોંધો, બિલ-વાઉચર, હિસાબો બધું વ્યવસ્થિત. તરત મળે. ટપાલ, પાર્સલ પર માનભાઈ પોતે નામસરનામાં લખે. ઘણુંખરું મોંઢે હોય. કયો કાગળ કઈ ફાઇલમાં હશે એ એમને યાદ હોય. કંઈ પણ શોધતાં વાર ન લાગે માનભાઈ એટલે one man institution.

માનભાઈના જીવનના ઘણા રસિક પ્રસંગો વાંચવા-સાંભળવામાં આવ્યા છે. એમાંના કેટલાક જોઇએ. બહેન શ્રી મીરાંબહેન ભટ્ટે 'હાથે લોઢું, હૈયે મીણ'ના નામથી માનભાઈનું પ્રેરક રસિક જીવનચરિત્ર લખ્યું છે. એમાં એવા કેટલાક પ્રસંગો વર્ણવ્યા છે.

એક વખત માનભાઇ રક્તદાનનું કામ કરતા હતા તે સ્થળે બે શ્રીમંત યુવાનો આવ્યા. તેમને અમુક દર્દી માટે રક્ત જોઇતું હતું. યુવાનો વાતચીતમાં ઉધ્ધત હતા, એટલું જ નહિ, બંનેના મોઢામાં તમાકુવાળા પાનનો ડુચો હતો. માનભાઈ સાથે વાતચીત કરતાં કરતાં બંને વારાફરતી ઊભા થઈ બહાર પગથિયાં ઉપર પાનની પિચકારી છોડી આવતાં. માનભાઇને એ ગમ્યું નહિ. પરંતુ તેમણે યુવાનોને ટોક્યા નહિ કે મોંઢું બગાડ્યું નહિ. વાતચીત દરમિયાન પોતે ઊભા થયા, હાથમાં ઝાડુ અને પાણીની બાલદી લઈ પગથિયું સાફ કરી પાછા આવીને પોતાની ખુરશીમાં બેસી ગયા. પેલા બંને યુવાનો ભોંઠા પડી ગયા.

વર્ષો પહેલાં, સ્વતંત્રતા પૂર્વે એક વખત માનભાઈ ભાવનગરમાં એક રસ્તા ઉપર સાઇકલ પર જઈ રહ્યા હતા. એ દિવસોમાં ગૃહિણીઓને એંઠવાડ રસ્તા પર નાખવાની ટેવ. દેશી રાજ્ય તકેદારી રાખે, પણ પરિણામ સંતોષકારક ન આવે. લોકમાનસ પણ એવી પરિસ્થિતિથી ટેવાયેલું. સ્વચ્છતા માટેની સભાનતા ખાસ નહોતી. એક ગૃહિણીએ મેડા પરના પોતાના રસોડામાંથી બહાર રસ્તા પર એંઠવાડ ફેંક્યો. બરાબર તે માનભાઈ ઉપર પડ્યો. માનભાઈ સાઇકલ નીચે મૂકી એ બહેનને ત્યાં ગયા અને હીંચકા પર બેસી ગયા. કહ્યું મને કપડાં બદલવા એક ધોતિયું આપો એટલે મારાં કપડાં હું ધોઇ નાખું અને સૂકાય એટલે પહેરીને ચાલ્યો જઇશ. હું તમને કશું કહેતો નથી. મારે તો કપડાં ધોવાની સગવડ જોઇએ છે. એટલામાં માણસો ભેગાં થઈ ગયાં. માનભાઇએ હઠ પકડી હતી, પણ પછી એ બહેને અને બીજાંઓએ માફી માગીને વચન આપ્યું કે રસ્તા પર પોતે એંઠવાડ નહિ ફેંકે ત્યારે માનભાઈ ઘરે ગયા હતા.

એક વખત શિશુવિહારનો ઝાડુ કાઢવાવાળો બરાબર કામ કરતો નહિ એટલે માનભાઈએ એને છૂટો કર્યો. પછી પેલો બીજા કોઈને આવવા દેતો નહિ એટલે માનભાઈએ જાતે ક્રીડાંગણમાં ઝાડુ કાઢવા માંડ્યું. દરમિયાન એક ભાઈ માનભાઈને મળવા આવ્યા. તેઓ એમને ઓળખી શક્યા નહિ. પછી જ્યારે ખબર પડી કે વાસીંદ વાળનાર તે પોતે જ માનભાઈ છે ત્યારે તે આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

માનભાઇને કામ તરત કરવું ગમે. કોઇને સોંપે તો તે પણ તરત થાય એમ ઇચ્છે. એક વખત એક ભાઈ એમના કાર્યાલયમાં બેઠા હતા. માનભાઇએ એમને કહ્યું, 'આટલું જરા કામ કરો ને. આ અર્જન્ટ ટપાલ પોસ્ટના ડબ્બામાં નાખી આવો ને.' પેલા ભાઇએ ટપાલ લઇને પોતાના થેલામાં મૂકી અને કહ્યું, 'જતી વખતે નાખતો જઇશ.' માનભાઇએ તરતજ હળવેથી એ ટપાલ પાછી માગી લીધી અને પોતે જઇને ટપાલના ડબ્બામાં નાખી આવ્યા.

માનભાઈ સ્વમાની, ક્યારેક આખાબોલા અને કોઇની શેહમાં ન તણાય એવા હતા. એક વખત સ્વામી શિવાનંદ અધ્વર્યુ ભાવનગર આવેલા અને એમને લઇને ભાવનગરના મહારાજાને મહેલમાં મળવા જવાનું હતું. તેઓ બંને ત્યાં પહોંચી ગયા. તેમને સ્વાગતખંડમાં બેસાડવામાં આવ્યા. થોડીવારે મહારાજા સિગરેટ પીતા પીતા આવ્યા. માનભાઇએ કડક અવાજે મહારાજાને ઠપકો આપતાં કહ્યું, 'આવા સંત મળવા આવે છે અને તમને સિગરેટ પીતાં પીતાં આવો છો તેની શરમ નથી આવતી?' તરત મહારાજાએ સિગરેટ નાખી દીધી. તેમણે માનભાઇને સામો જવાબ ન આપ્યો કે ન અણગમો બતાવ્યો. પછીથી તો જાણે કશું જ બન્યું નથી એવી સહજ રીતે ત્રણેએ વાત કરી. પાછા ફરતાં ડૉ. શિવાનંદ અધ્વર્યુએ વાત કાઢી ત્યારે માનભાઇએ કહ્યું, 'સાચી વાત કહેવામાં શરમ શી ? મારે ક્યાં એમની પાસે કશું માગવું છે. મેં તો રાજની આબરૂ બચાવવા કહ્યું હતું.'

૯૪મા વર્ષે માનભાઇને લાગ્યું હતું કે હવે પોતે વધુ વખત જીવવાના નથી. અંતિમ દિવસ પાસે આવી રહ્યો છે એટલે એ માટે પોતે સ્વસ્થ મનથી પૂરેપૂરા તૈયાર અને સજ્જ હતા. પોતે અનંતની યાત્રાએ જઈ રહ્યા છે, એટલે પ્રભુરૂપી પ્રિયતમને પોતે પ્રિયતમા સ્વરૂપે મળવા જઈ રહ્યા છે એવા ભાવવાળી કબીરના પદની પંક્તિઓ પોતે ગણગણતા. વળી એ પંક્તિઓ લખીને પોતાની અંતિમ ક્રિયા માટે સ્વજનોને સૂચના આપી દીધી હતી. એ સૂચના સંક્ષેપમાં નીચે મુજબ હતી.

કર લે સિંગાર

કર લે સિંગાર, ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા,
નહા લે ધો લે, સીસ ગુંથા લે, સાજન કે ઘર જાના હોગા.
મિટ્ટી ઓઢાવન, મિટ્ટી બિછાવન, મિટ્ટી સે મિલ જાના હોગા,
કહત કબીર સુનો મેરી સજની, ફિર વહાં સે નહિ આના હોગા.

'...અંતિમ વેળાએ અત્યંત દુ:ખ થાય એ સ્વાભાવિક છે....બાહ્ય દેખાતા વિયોગના દુ:ખ સાથે માલિકને મળવાનો થનગનાટ પણ હોય છે. હવે મારી પણ એ જ સ્થિતિ હોવાથી જેઓ મારી અનેકવિધ સેવા કરી રહેલ છે તેઓને નમ્ર વિનંતી છે કે-

ચેતનાથી દેહ છૂટો પડે ત્યારે તેને મેં સંગ્રહેલ ચડ્ડી, મારા અંતિમ ધ્યેયને અનુલક્ષીને લખાયેલ પહેરણ અને ગાંધી ટોપી પહેરાવવાં અને ગાંધી બાપુની પ્રસાદીરૂપ મેં સાચવેલ ખાદીના કપડાંથી ઢાંકવો...શિશુવિહારમાં જ્યાં હોલિકા પ્રગટાવીએ છીએ ત્યાં અગ્નિસંસ્કાર કરવા...મૃતદેહની રાખમાંથી અસ્થિ વીણી શિશુવિહારમાં કોઈ જગ્યાએ ખાડો કરી તેમાં નાખવાં અને તેમાં વૃક્ષનું વાવેતર કરવું...મારી ભસ્મનો શિશુવિહારમાં છંટકાવ કરવો કે જેથી તેના ઉપર બાળકો ખેલકૂદ કરી આનંદપ્રમોદ પામે...એ દિવસે શિશુવિહારની કોઈ પ્રવૃત્તિ બંધ ન રાખવી, રજા ન પાળવી.'

માનભાઇ જીવન જે રીતે જીવ્યા તે જ રીતે મૃત્યુને એમણે સહર્ષ સ્વીકાર્યું. એમની અંતિમ ઈચ્છા પણ કેટલી ભાવનાસભર હતી.

સ્વ. માનભાઇએ પોતાના જીવનને એક 'મિશન' બનાવ્યું. એક સંસ્થા કરે એટલું કાર્ય એમણે એકલે હાથે કર્યું. અનેકનાં જીવન એમણે ઉજ્જવળ બનાવ્યાં. એમણે ગુજરાતને, સમગ્ર રાષ્ટ્રને વધુ ઓજસ્વી બનાવ્યું. એમના સ્વર્ગવાસથી ભારતમાતાને એક ઉત્કૃષ્ટ સપૂતની મોટી ખોટ પડી છે.

પ્રભુ એમના આત્માને શાંતિ આપો !

**□ રમણલાલ ચી. શાહ**

## સ્વ. અનુબહેન ઠક્કર

સંઘનાં સ્વજન જેવાં શ્રી અનુબહેન ઠક્કરની જીવનલીલા અણધારી સંકેલાઈ ગઈ. ૫૮ વર્ષની ઉંમરે કેન્સરની બીમારીથી એમનું અવસાન થયું.

૧૯૮૭માં જૈન યુવક સંઘે વડોદરા-સિંધરોટની 'શ્રમમંદિર' નામની સંસ્થાને આર્થિક સહાય કરી ત્યારે મારા મિત્ર ન્યુ એરા સ્કૂલના આચાર્ય સ્વર્ગસ્થ શ્રી કાન્તિભાઈ વ્યાસે ભલામણ કરી હતી કે 'ગોરજમાં એક અનુબહેન ઠક્કરની મુનિ સેવા આશ્રમ નામની સંસ્થા છે. તેઓને એક કૂવો કરાવવો છે અને દસ હજાર રૂપિયાની જરૂર છે.' કાન્તિભાઇની ભલામણ હોય પછી પૂછવાનું શું હોય ? અમે સંઘ તરફથી દસ હજાર રૂપિયા મોકલી આપ્યા. ત્યાર પછી થોડા મહિનામાં જ સંઘની સમિતિના સભ્યોને મુનિ-સેવા આશ્રમની મુલાકાત લેવાનો અવસર પ્રાપ્ત થયો. ભગવાં વસ્ત્રધારી, સંન્યાસિની જેવાં અનુબહેનને મળીને અને એમની પ્રવૃત્તિઓ જોઇને તથા એમના ભાવભર્યા આતિથ્યથી અમે અત્યંત પ્રસન્નતા અનુભવી. અનાથ અને મંદબુદ્ધિની બાળાઓને તેઓ સગી માની જેમ વાત્સલ્યભાવથી રાખતાં હતાં તે જોઇને આંખમાં ભાવાશ્રુ આવી ગયાં હતાં. ત્યારે મુનિસેવા આશ્રમ એક નાની સંસ્થા હતી. તેઓ 'મુનિ'ને બદલે 'મુની' લખતાં. દીર્ઘ 'ની' લખવાનું કારણ પૂછ્યું ત્યારે એમણે ખુલાસો કરેલો કે એમના ગુરુ તે મૌન ધારણ કરવાવાળા 'મૌની' બાબા. એટલે આશ્રમનું નામ 'મૌની સેવા આશ્રમ' રાખેલું. પણ લોકો 'મુની' બોલતા હતા એટલે 'મુની' શબ્દ રૂઢ થઈ ગયો અને તમારા જેવાએ હ્રસ્વ-દીર્ઘનો પ્રશ્ન કર્યો એટલે હવે 'મુનિ' શબ્દ લખીશું.

પછાત, ચોરી, લૂંટફાટ કરવાવાળા આદિવાસી લોકોની વચ્ચે યુવાન વયે દેવ નદીના કાંઠે એક મહિલા ધૂણી ધખાવીને લોકસેવાનું કાર્ય આરંભે એ માટે ઘણી મોટી નૈતિક હિંમતની જરૂર રહે. પણ અનુબહેનને સાણંદની સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરતાં હતાં તે દરમિયાન રવિશંકર મહારાજ, જુગતરામભાઈ, સંતબાલજી વગેરે પાસેથી લોકસેવાના સંસ્કાર સાંપડ્યા હતા અને એમના ગુરુ મૌની બાબા પાસેથી આધ્યાત્મિક પ્રેરણા મળી હતી. આ બંનેનો સમન્વય અનુબહેનમાં સુપેરે થયો હતો. તેમનો કંઠ મધુર હતો. આધ્યાત્મિક પદો ગાવાનું એમને બહુ ગમતું. અમે જ્યારે ગોરજ જઇએ ત્યારે એકાદ બે પદ એમના કંઠે અવશ્ય સાંભળતા.

જૈન યુવક સંઘના ઉપક્રમે ત્યાર પછી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન મુનિ સેવા આશ્રમને સહાય કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો.

છ લાખ જેટલી મોટી રકમનો એક જ ચેક પહેલી વાર એમની સંસ્થાને મળ્યો હતો. ત્યાર પછી જેમ જેમ પ્રસિદ્ધિ થતી ગઈ તેમ તેમ દેશવિદેશમાંથી અનુબહેનને ઘણી સારી રકમ મળવા માંડી. દાક્તરો અને બીજા સાથીદારોનો સહકાર સાંપડતો ગયો અને અનુબહેને આશ્રમને એવો વિકસાવ્યો કે જાણે કોઈ ઉદ્યાનમાં દાખલ થતા હોઇએ. સેવા સાથે સ્વચ્છતા, કાર્યદક્ષતા, રમણીયતા ઇત્યાદિનું ઊંચું ધોરણ એમણે પ્રસ્થાપિત કર્યું. આશ્રમ ઘોડિયાં ઘર, અનાથ બાળકો, મંદ બુધ્ધિની બાળાઓ, શાળાઓ, દવાખાનું અને ઈસ્પિતાલ, ગૌશાળા, વૃધ્ધાશ્રમ ઈત્યાદિ વિવિધ પ્રવૃત્તિઓ વડે એક વડલાની જેમ ફાલ્યો અને એક નમૂનેદાર સંસ્થા બની ગયો.

આશ્રમને વિકસાવવાના અનુબહેનને હજુ પણ ઘણા કોડ હતા, પણ તે પહેલાં તો દેવ નદીના કાંઠેથી દેવલોકમાં જઇને તેઓ બેઠાં.

સેવા અને સમર્પણની સુવાસ દ્વારા એક સન્નારી કેટલી મોટી સિદ્ધિ હાંસલ કરી શકે તેનું સચોટ, પ્રેરક ઉદાહરણ અનુબહેને પૂરું પાડ્યું છે.

એમના પુણ્યાત્માને નતમસ્તકે અંજલિ અર્પીએ છીએ.

□ તંત્રી

## કાર્યવાહક સમિતિ ૨૦૦૧-૨૦૦૨

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા ગુરુવાર તા. ૭-૨-૨૦૦૨ના રોજ સંઘના કાર્યાલયમાં મળી હતી, જેમાં સને ૨૦૦૧-૨૦૦૨ના વર્ષ માટે હોદ્દેદારો, કાર્યવાહક સમિતિના સભ્યો તથા નિમંત્રિત સભ્યોની વરણી સર્વાનુમતે નીચે મુજબ કરવામાં આવી હતી.

### હોદ્દેદારો

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ઉપપ્રમુખ | : | શ્રી ચંદ્રકાન્ત દીપચંદ શાહ |
| મંત્રીઓ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| | | ડૉ. શ્રી ધનવંત તિલકરાય શાહ |
| સહમંત્રી | : | શ્રીમતી વર્ષાબહેન રાજુભાઈ શાહ |
| કોષાધ્યક્ષ | : | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| સભ્યો | : | ડૉ. શ્રી રમણલાલ ચીમનલાલ શાહ |
| | | પ્રો. શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ |
| | | શ્રી સુબોધભાઈ મોહનલાલ શાહ |
| | | શ્રી નેમચંદ મેઘજીભાઈ ગાલા |
| | | શ્રી વલ્લભદાસ આર. ઘેલાણી |
| | | શ્રી નટુભાઈ પટેલ |
| | | કુ. વસુબહેન ભણશાલી |
| | | શ્રીમતી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ |
| | | કુ. મીનાબહેન શાહ |
| | | શ્રીમતી પુષ્પાબહેન ચંદ્રકાન્ત પરીખ |
| | | શ્રી ગાંગજીભાઈ પોપટલાલ શેઠિયા |
| | | શ્રીમતી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| | | શ્રીમતી જયાબહેન ટોકરશી વીરા |
| | | શ્રી કાંતિલાલ પાનાચંદ શાહ |
| કો-ઓપ્ટ સભ્યો | : | શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી |
| | | શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા |
| | | શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ |
| | | શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા |
| | | કુ. યશોમતીબહેન શાહ |
| નિમંત્રિત સભ્યો | : | શ્રી હરિભાઈ ગુલાબચંદ શાહ |
| | | શ્રી બસંતલાલ નરસિંગપુરા |
| | | શ્રી દેવચંદ શામજી ગાલા |
| | | શ્રી ચંદ્રકાન્ત પરીખ |
| | | શ્રી રમણીકલાલ આર. સલોત |
| | | શ્રી જેવતલાલ સુખલાલ શાહ |
| | | શ્રી ભવરભાઈ વાલચંદ મહેતા |
| | | ડૉ. શ્રી રાજુભાઈ એન. શાહ |
| | | શ્રીમતી ચંદ્રાબહેન પીયૂષભાઈ કોઠારી |
| | | શ્રી સુરેશભાઈ ખીમચંદ શાહ |
| | | શ્રી નીતિનભાઈ ચીમનલાલ શાહ |
| | | શ્રીમતી રમાબહેન નરેન્દ્રભાઈ કાપડિયા |
| | | શ્રીમતી રેણુકાબહેન રાજેન્દ્રભાઈ જવેરી |
| | | શ્રી નીતિનભાઈ કાંતિલાલ સોનાવાલા |
| | | શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા |
| | | શ્રી રશ્મિભાઈ ભગવાનદાસ શાહ |
| | | શ્રી દિલીપભાઈ મહેન્દ્રભાઈ શાહ |
| | | શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ |
| | | શ્રી સુશીલાબહેન રમણીકલાલ શાહ |
| | | શ્રી કિરણભાઈ હીરાલાલ શાહ |
| | | શ્રીમતી અલકાબહેન કિરણભાઈ શાહ |
| | | શ્રી અપૂર્વ લાભુભાઈ સંઘવી |
| | | શ્રીમતી હર્ષાબહેન ભરતભાઈ ડગલી |
| | | શ્રીમતી ભારતીબહેન દિલીપભાઈ શાહ |
| | | શ્રી કિશોરભાઈ મનસુખલાલ શાહ |
| | | શ્રી મહેન્દ્રભાઈ કરમશી ગોસર |
| | | શ્રી શાન્તિભાઈ શામજી ગોસર |

# નર્મદનો 'ડાંડિયો'

□ ડૉ. રણજિત પટેલ (અનામી)

આજથી સાત દાયકા પૂર્વે હું અમદાવાદની ગુજરાત કૉલેજમાં ભણતો હતો ત્યારે નર્મદની કેટલીક કવિતા વાંચેલી અને એની આત્મકથા 'મારી હકીકત', તથા 'રાજ્યરંગ', 'ધર્મવિચાર' વગેરે એના ગ્રંથો સંબંધે ઠીક ઠીક જાણતો હતો અને એના પ્રખ્યાત પાક્ષિક 'ડાંડિયા' સંબંધે ઘણું બધું સાંભળેલું, પણ એના અંકો જોવા-વાંચવાનો મોકો મળેલો નહીં જે શ્રી રમેશ મ. શુકલના 'ડાંડિયો'ના સંપાદનથી તાજેતરમાં જ વાંચવાનો યોગ પ્રાપ્ત થયો.

તા. ૧-૯-૧૮૬૪ એટલે કે આજથી લગભગ ૧૩૭ વર્ષ પૂર્વે 'ડાંડિયો'નો પ્રથમ અંક પ્રગટ થયો ને એનું આયુષ્ય લગભગ પાંચેક વર્ષનું જ રહ્યું, પણ સાક્ષર શ્રી વિજયરાય ક. વૈદ્યે એને 'ગુલામ પ્રજાનું આઝાદ પત્ર' તરીકે ઓળખાવ્યું અને એની સામગ્રીને 'ખુદ કુબેરને ય દુર્લભ એવું ઝવેરાત'...એ રીતે બિરદાવી છે અને એના સંપાદકે એને 'નવજાગરણનું આખાબોલું ખબરદાર અખબાર' કહ્યું છે. એનાં સમકાલીન 'સત્ય પ્રકાશ', 'રાસ્તગોફતાર', 'ચાબૂક', 'ચંદ્રોદય', 'બુદ્ધિવર્ધક', 'બુદ્ધિપ્રકાશ', 'ગુજરાત શાળાપત્ર' જેવાં વર્તમાનપત્રોમાં 'ડાંડિયો'નું સ્થાન વિશિષ્ટ અને વિલક્ષણ હતું.

મેં 'નર્મદનો ડાંડિયો' એમ લખ્યું પણ ખરી રીતે તો એમાં નર્મદના સાક્ષર મંડળના અન્ય સભ્યો-જેવા કે શ્રી ગિરધરલાલ દયાળદાસ કોઠારી, શ્રી નગીનદાસ તુલસીદાસ મારફતિયા, શ્રી ઠાકોરદાસ આત્મારામ, શ્રી કેશવરામ ધીરજરામ અને શ્રીધરનારાયણ વગેરે પણ લખતા અને 'મળેલું' એવી નોંધ સાથે અન્ય લેખકોનું લખાણ પણ પ્રગટ થતું. સાક્ષરમંડળના ઉપર્યુક્ત પાંચ સભ્યોમાંથી શ્રીધરનારાયણનું પ્રદાન નહિવત્ જ હતું. એકંદરે, 'ડાંડિયા'ના મોટા ભાગના લખાણ પર નર્મદ-શૈલીની મુદ્રા અંકિત થયેલી વરતાય છે.

નર્મદના જમાનામાં જિન્દગી એક ઘરેડમાં જ ચાલતી. એના કહેવા પ્રમાણે 'ન્યાતવરા ને વરઘોડા કરવા તો તે જ, મહારાજોને ભજવા તો તેમજ, પુનર્વિવાહ ને પ્રવાસ ન કરવા-તો તે ન જ કરવા વગેરે. અફીણ, રૂ ને શેરોના સટ્ટામાં પ્રજા ગળાડૂબ હતી. 'આજકાલ પારીજાતના ઝાડની પેઠે પૈસાનાં ઝાડો ખંખેરાય છે તે વીણી લૂટી લઇએ.' સરસ્વતીએ કુંભકરણની નિદ્રા લીધી છે. અખંડ પ્રીતજોત, બેવચનીપણું તથા વિશ્વાસઘાત એના ઝેરી વાયુથી ઘેરાઈ ગઈ છે. માયાવી રાક્ષસી લક્ષ્મીનું રાજ જોઈ બચારી ભક્તિનીતિ ખુણેખોતરે ભરાઈ રડ્યાં કરે છે. ઇશ્વર તો બુદ્ધાવતાર જ લઇને બેઠો છે. ઠીક ઠીક !' શેરસટ્ટામાં લોકો ખુવાર થઈ ગયા ને બેન્કોએ દેવાળાં કાઢ્યાં તેને 'ડાંડિયો' આ રીતે મૂર્ત કરે છે: 'રોએલ રંડાણી, ખોજા ખંડાણી, દાવર ડંડાણી, દાઊદ દબાણી, લેટી લેવાણી, જોઇન્ટ જંખવાણી, લક્ષ્મીદાસ લજવાણી, ભગવાનદાસ ભંગાણી, યુવરટ અથડાણી' વગેરે વગેરે...

'ડાંડિયો'ના પ્રથમ અંકમાં જ (તા. ૧-૯-૧૮૬૪) એની રાજકીય જાગ્રતિની સભાનતા જોઇને મને તો સાનંદાશ્ચર્ય થયું. નર્મદના જ શબ્દો જોઇએ. 'આ તરફના કિયા દેશીએ રાજકાજ સંબંધી આજ તીસ વરસમાં (એટલે કે ૧૬૭ વર્ષ પહેલાં) નવો વિચાર જણાવેલો છે ? ખરેખર એ બાબત ઉપર આ પ્રાંતના ભણેલાઓ કાંઈ જ વિચાર કરતા નથી. માટે, ભાઈ 'ડાંડિયા' ! એ બાબતસર કોઈ કોઈ વખત તું ડાંડી પીટ્યાં કરજે કે લોકના સમજવામાં આવે કે રાજનીતિ તે આ, અંધેર તે આ, જાગૃતિ તે આ, સચ્ચાઇ તે આ ને તાલમેલ તે આ.' રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના પૂર્વે, 'ધિક્ ધિક્ દાસપણું' કહેનાર ને રાજકીય જાગ્રતિનું એલાન આપનાર નર્મદ હતો એ કેવા ગૌરવની વાત છે.

'ડાંડિયો'ના પ્રથમ અંકમાં જ (તા. ૧-૯-૧૮૬૪) ભણેલાઓ રાજકાજ તરફ કંઈ જ વિચાર કરતા નથી એવી ફરિયાદ કરી, એ દિશામાં 'ડાંડિયો' જાગ્રત ને સક્રિય બનશે એવો સંકલ્પ રજૂ કરે છે ને એ સંકલ્પ અનુસાર એ દિશામાં ને એ ક્ષેત્રમાં ઠીક ઠીક કામ પણ થાય છે; પરિણામે લગભગ સાડાત્રણ વર્ષ બાદ, તા. ૧૫-૨-૧૮૬૮ના અંકમાં તે લખે છે, 'એક રીતે જોઇએ તો અમને સંપૂર્ણ હર્ષ ઉત્પન્ન થાય છે કે હાલમાં પ્રજાનું વળણ રાજ્ય પ્રકરણ તરફ જોવામાં આવે છે.' પણ આ પરિણામ સિદ્ધ કરવામાં એણે કેવો તો પ્રચંડ પુરુષાર્થ કર્યો છે તેનો આછો ખ્યાલ 'ડાંડિયો'માં પ્રગટ થયેલ લખાણનાં શીર્ષકો પરથી આવશે.

'દેશીરાજ'ની ચર્ચા કરતાં તે, 'ભાવનગરની ભવાઈ', 'જૂનાગઢમાં પોલિટિકલ સાહેબની ખટપટ', 'પોરબંદરના રાજાને તાકીદ', 'આ ગાયકવાડી બંધ થતી નથી', 'પાર્લામેન્ટનું નવાબી નાટક', 'આગાખાન હૉંશિયાર રહે' વગેરે વિષયોની નિર્ભિકતાથી ચર્ચા કરે છે, તો રાજ્ય કારભાર ચલાવતા સત્તાધારીઓનો પણ ઉધડો લે છે. 'આ અમલદારોને બદલો', 'લાંચિયા સરકારી કારકૂનોને ચીમકી', 'વધતી ખૂનરેજી અને પોલીસનો અંધેર કારભાર', 'નીરલજ જશટીસ ઓફ ધી પીશ', 'રાવબહાદુરને માનપત્ર શાનું ?', 'લાંચ ખાવાની જાણે પરવાનગી', 'વિલાતનો મેલ', 'લાંચનો કાયદો ધોઈ પીવાનો ?' 'દુષ્ટો ! તમારો દહાડો પૂરો ઘેરાઈ ગયો છે', 'સરકારી નોકરો ખાસડાં ખાવામાં માન સમજે છે', 'પોળીટીકળ એજંટો કાયદા પ્રમાણે ઇન્સાફ કરે' વગેરે એના કેટલાંક દૃષ્ટાંતો છે. કેળવણી ક્ષેત્રના અંધેર પર પણ તેણે ઠોક પાડ્યો છે. 'કેળવણી ખાતાના દીપુટીઓએ ચીમકી', 'સુરતના માજી ડિપોટી ને કાળુ અધિકારી ખાતું', 'મુંબઈ યુનિવર્સિટી-ગુજરાતી શેઠીઆઓની ઉદાસીનતા', 'પરીક્ષામાં લુચ્ચાઈ', 'આ ઇલાકાનું કેળવણી ખાતું', 'કેળવણી ખાતામાં સો મણ દીવેળે અંધેર', 'દેશીઓને આગળ પાડો', 'દેશી રજવાડાં કેળવણી વિશે સમજે' વગેરે એના કેટલાક નમૂના છે તો સમાજસુધારા વિષે તો અનેક ઉત્તમ લેખો છે ને ફસકી જનાર સુધારકોની તો રેવડી દાણાદાણ કરી છે, જેમાં દુર્ગારામ અને મહીપતરામ જેવા અગ્રણીઓનો પણ સમાસ થાય છે. 'મહારાજ લાઇબલ કેસ' તો ઇતિહાસ પ્રસિદ્ધ છે, પણ 'ડાંડિયો'માં 'રાંડો અને મહારાજાઓના ધંધા', 'જદુનાથજી, તમારી અક્કલ ક્યાં ગઈ ?' તથા 'ધરમના સાંઢની ગઉ-હત્યા' જેવા લેખો અતિશય પુણ્ય-પ્રકોપથી લખાયેલા છે.

મને 'ડાંડિયો' માટે ને તેમાંય ખાસ તો નર્મદ માટે અહોભાવ અન્ય બે બાબતો માટે થાય છે. મહાત્માજીએ નમક-સત્યાગ્રહ માટે 'દાંડી-કૂચ' કરી પણ ભારત માટે એ નમક કેવો મોટો પ્રશ્ન હતો તેનો ખ્યાલ 'યુગમૂર્તિ' નર્મદને હતો. 'શને ૧૮૬૮-૬૯ના સરકારી વર્ષનાં ઉપજ ખર્ચના શુભારંભ પરથી ઊઠેલા વિચારોમાં તે લખે છે: '૭મી રકમ રૂા. ૬૦૧૬૯૦૦૦ (છ કરોડ, એક લાખ અગણયોસિત્તેર હજાર)ની છે. તે મીઠાની પેદાશ છે. એ વસ્તુ અમુલ્ય છે. એ વગર વિશ્વમાં કોઇને ચાલતું નથી એમ કહેવાય છે. એને આપણા લોકો સબરસ કેહે છે. પણ વાસ્તવિક જોતાં મ્હોટા કરતાં ગરીબ લોકોને એ વગર ચાલતું જ નથી.

બીજા સર્વે કરોનો ભાર (ફક્ત લાઇસેનસથી નહીં) ગરીબ લોકો પર પડે છે. એ વાત મી. મામીએ પોતે કબૂલ કીધી છે. તે છતાં વાંધારૂપી ઉપલા વર્ગના લોકો કર ઓછો આપે ને બચારા નીચલા વર્ગના લોકોને આ મોટી રકમ કરી આપવી પડે એ જોતાં હમારે પણ અજ્ઞાન લોકોની પેઠે કેહેવું પડે છે કે અંગ્રેજ સરકારના રાજ્યમાં વાઘ ને બકરી એક ઓવારે પાણી પીએ છે તે વાત ક્યાંહાં છે ?

'હિંદી ભાષા' સંબંધેનો લેખ તો, સને ૧-૩-૧૮૬૮માં પૂ. બાપુ જાણે ન લખી રહ્યા હોય તેવી પ્રતીતિ થાય છે ! નર્મદ લખે છે: 'એક ભાષાના વિદ્વાન બીજી ભાષાથી કેવલ અજ્ઞાન રેહે છે...માટે આખા હિંદુસ્તાનની સામાન્ય ભાષા એક હોવી જોઇએ ને તેને સારૂં હિંદી સહુને સુતરી પડે તેવી છે. હિંદી ભાષા જાણનારને હિંદુસ્તાનના કોઇપણ ભાગમાં પોતાના વ્હેવારમાં અડચણ પડતી નથી. પોતપોતાના પ્રાંતની ભાષામાં ભલે પુસ્તકો લખાયાં કરે પણ સર્વ હિંદુઓના લાભને અરથે જે પુસ્તકો લખાય તે હિંદી ભાષામાં ને દેવનાગરી લીપીમાં લખાવાં જોઇએ કે તે જ આખા હિંદુસ્તાનમાં વંચાય. દરેક વિદ્વાને પોતાની જન્મ ભાષાની સાથે સારી પેઠે હિંદી, કામ જેટલી સંસ્કૃત અને ઘણી ઘણી વાતની જાણ આયાતી મળે માટે સારી પેઠે અંગ્રેજી ભાષા જાણવી જોઇએ...હમારો તો આવો વિચાર છે કે જેમ અંગ્રેજી કૉલેજમાં લેટીન સંસ્કૃત વગેરે ભાષા શીખવામાં આવે છે તેમ અમદાવાદ ને પુણા ટ્રેનિંગ કાલેજમાં હિંદી ભાષા શીખવવામાં આવે ને એને સારું આગરા, અલાહાબાદ તરફથી શુદ્ધ હિંદી માટે કોઈ સારો શિક્ષાગુરુ બોલાવવો જોઇએ.'

'ડાંડિયો'ના મોટા ભાગના સારા લેખો નર્મદના છે ને સન ૧૮૬૪ પહેલાં નર્મદે ગદ્ય લખવાનું બંધ કરેલું તે પણ પુન: ચાલુ થયું. ડાંડિયો કેવળ વર્તમાનપત્ર ન રહેતાં વિચાર-પત્ર પણ બન્યુ તે મુખ્યત્વે નર્મદને પ્રતાપે. વળી 'ડાંડિયો'ના પ્રત્યેક અંકના મથાળા નીચે નર્મદનું કોઈ કાવ્ય કે કાવ્યમાં પંક્તિઓ પ્રગટ થતી એ પણ અર્થપૂર્ણ ને સૂચક રહેતી. વળી 'ડાંડિયો'ના ગદ્યના રૂઢિપ્રયોગો અને તેમાં થયેલો સેંકડો કહેવતોનો સચોટ ને સમુચિત વિનિયોગ એ તો એક સ્વતંત્ર લેખ માગી લે એવાં સદ્ધર છે.

'ડાંડિયો'માંની એક વાત મને ઠીક ઠીક કઠી તે કવિ દલપતરામ ડાહ્યાભાઈ પ્રત્યેના વલણ ને અભિગમની. 'દલપતભાઇનું ભોપાળું' 'ગરબી ભટ', 'કવેસરનું શેર બજારનું ગીત', 'દલપતબુદ્ધિદળ ભંજન' અને 'ગરબી ભટ અને ગુજરાતી ભાષા' આ પાંચમાંથી 'ગરબી ભટ' વાળુ લખાણ નર્મદના નામથી પ્રગટ થયેલું છે ને બાકીનાં 'મિત્રથી મળેલું', 'બ્હારથી આવેલું', કવિ હીરાચંદ કાનજી વગેરેનાં છે, પણ નર્મદની નજર તળેથી પસાર થયેલ ને એની સંમતિથી પ્રગટ થયેલ જ હશે. કવિ હીરાચંદ કાનજી 'દલપતબુદ્ધિ દળભંજન'માં લખે છે: 'કાવ્યરૂપી ગાય, તેનું દોહન એટલે દૂધ, તેમાં પડેલા કીડા બુદ્ધિવાન પુરુષોએ જોવા લાયક છે. તે કંઈ આગળના કવિઓથી પડ્યા નથી, પણ એ છપાયે પ્રગટ કરનારના અજ્ઞાનથી છે. ભાગ પહેલાને પાને ૧૩૧ મે 'પઢોરે પોપટ રાજા રામના' અને પાને ૧૩૦ મે, 'તુ તો હાલને મારે છેતર રે હો કરહણિયા'. એ બે પદ કોય હળ ખેડુ જંગલીનાં કરેલાં છે. તેના બનાવનાર નરસૈં મેતાને ઠરાવ્યા છે. તે પદો જંગલિ લોકો ગાય છે. તે નરસૈ મેતાની કાવ્યમાંથી સાર ગોતીને દલપતરામે છપાવ્યાં છે. તે કોય શહેરના ચતુર આદમી તો મૂર્ખોનાં રચેલાં જાણિને ગાતા નથી, ને એના રચનારને ધિક્કાર દે છે. હવે એની પરીક્ષા કરી છપાવનારને શું? 'પઢોરે પોપટ રાજા રામના' એ કોય હળખેડુ જંગલીની કૃતિ હોય અને જો જંગલી લોકો જ એ ગાતા હોય તો મારા દાદા તથા મારા પિતા જેમને મુખેથી દશ વર્ષની વયે એ પદ સાંભળેલું...અને સેંકડો સંસ્કારી સજ્જનોને કંઠેથી સાંભળવા મળેલું ને 'આકાશવાણી' અનેકવાર એ ભજન રીલે કરે છે ને નરસિંહ મહેતાને નામે...એ બધાંને શું કહેવું ? અને 'ગામઠી ગીતા' લખનાર અને 'એક જ દે ચિનગારી'ના કવિ હરિહર ભટ્ટ માટે પણ ક્યાં વિશેષણો વાપરવા ?

'તું તો હાલને મારે છેતરે હો કરહણિયા' એ પદ તો નરસિંહ મહેતાના સમર્થ અનુગામી કવિ રામકૃષ્ણ મહેતાનાં પદોમાં પણ વાંચ્યાની મારી સ્મૃતિ છે.

અર્વાચીન કવિતાની શરૂઆત નર્મદ-દલપતયુગથી થાય છે. સને ૧૮૫૪માં રચાયેલું 'બાપાની પીંપર' કાવ્ય સ્વતંત્ર રીતે પરલક્ષી વિષયને, માનવભાવોને સંયોજીને વ્યક્ત કરતું અને નવયુગનો સંદેશ આપતું દલપતરામનું પ્રથમ કાવ્ય છે, અને પોતાના મિત્ર અને આશ્રયદાતા ફોર્બસના અવસાનથી પ્રગટેલા સાચા શોકની ઊર્મિને વ્યક્ત કરતું કાવ્ય અનુભૂતિની સચ્ચાઇવાળું ગુજરાતનું પ્રથમ કરુણ-પ્રશસ્તિ કાવ્ય છે- 'ફોર્બસવિરહ' નર્મદ ભલે દલપતરામને 'ગરબીભટ' કહે પણ દલપતરામની કવિ તરીકેની શક્તિનાં દ્યોતક તો એમનાં બાળકાવ્યો, અન્યોક્તિઓ, 'માંગલિક ગીતાવલિ', હાસ્યરસનાં કાવ્યો, 'વેનચરિત્ર', 'ફોર્બસ-વિરહ' અને 'હુન્નરખાનની ચઢાઈ' ગણાય. 'ગરબીઓ' તો ખરી જ. નરસિંહરાવ, ખબરદાર, કાન્ત, બાલાશંકર અને 'કલાપી'એ દલપત કવિતાને અનુકરણનું માન આપ્યું છે.

નર્મદ અર્વાચીન કાવ્યસાહિત્યનો, ઐતિહાસિક દૃષ્ટિએ, મહત્ત્વનો ઘડવૈયો છે, જો દલપતરામને યુગબળોના ઝીલનાર કવિ ગણાવીએ તો નર્મદને યુગબળોના સર્જક કવિ તરીકે ગણાવી શકાય. નર્મદને 'વીર નર્મદ' 'યૌવનમુર્તિ નર્મદ', 'નવા યુગનો અરુણ નર્મદ' કે 'અર્વાચીનોમાં આદ્ય નર્મદ' તરીકે બિરદાવવામાં આવે છે તે યોગ્ય છે પણ કવિતાની દૃષ્ટિએ દલપતરામ અને નર્મદ પોતપોતાને ક્ષેત્રે વિશિષ્ટ છે. 'ડાંડિયો'માં નર્મદની કવિતા અને દલપતરામ સંબંધે પાંચ લેખ વાંચ્યા બાદ મારે આ લખવું પડ્યું છે.

એ જમાનામાં નર્મદની રાજકીય જાગ્રતિ અને સજ્જતા તથા પ્રજાના પ્રશ્નો સમજવા પરત્વેની સમાજાભિમુખતા ઘણી બધી હતી. હું તો એને આ બાબતમાં ગાંધી બાપુના પુરોગામી કહું. 'સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે, યા હોમ' કરીને પડો ફત્તેહ છે આગે. નર્મદના આ પ્રેરણા-મંત્રને મહાત્મા ગાંધીએ સત્ય-અહિંસાના સમર્થ સાધન દ્વારા, મોટા ફલક પર ચરિતાર્થ કરી બતાવ્યો ને ૧૯૪૨ની ક્રાન્તિ ટાણે 'કરેંગે યા મરેંગે'ના આક્રોશ સાથે જંગનાં બ્યૂગલો ફૂંકી વિજયને 'આઘે'માંથી ઘર આંગણે લાવી મૂક્યો.

'ડાંડિયો'ના બધા અંકો જોયા બાદ બીજી એક વાત ગમી તે એ કે પૂ. બાપુનાં બધાં પત્રો અને 'પ્રબુદ્ધ જીવન'ની જેમ એક નીતિ તરીકે ગ્રંથોની જાહેર ખબર સિવાય 'ડાંડિયો'માં એક પણ જાહેર ખબર જોવા ન મળી !... ગમે તેવું આર્થિક સંકટ હતું તો પણ !

આ પત્રનું સમાપન આપણા મૂર્ધન્ય કવિ-વિવેચક-સાક્ષર શ્રી બળવંતરાય કે. ઠાકોરના 'ડાંડિયો' વિષયક અભિપ્રાયથી કરું છું. 'ડાંડિયો' ટીકાઓ કડક અને ગ્રામ્ય બોલીમાં કરતો, પરંતુ અંગત ખાર કે વિરોધ માટે અથવા ગલીચીશોખી લોકનાં દોઢિયાંથી પોતાનું ખીસું ભરાય એવી દાનત મુદ્દલ નહીં; જાહેર ન્યાયાન્યાય અને હિતાહિતના વિષયોમાં તેમ સામાજિક બદીઓ સામે જ એના ડાંડિયા ઉછળતા !' ❖❖❖

# પૂ. કાનજીસ્વામી ઉપર શ્રીમદ્ રાજચંદ્રનો પ્રભાવ

□ પ્રો. ચંદ્રિકા વી. પંચાલી

નગાધિરાજ હિમાલયથી પ્રવાહિત ગંગાસરિતાએ અનેક તૃષાતુરને તૃપ્ત કર્યા. અન્નપૂર્ણાએ ભારતભૂમિના ક્ષુધાતુરોનો જઠરાગ્નિ શાંત કર્યો અને સત્પુરુષોએ મોક્ષાતુર આત્માર્થીઓને આત્માર્થ બોધથી ભવસંતાપના તાપને શાંત કર્યો. સત્ પુરુષો જ્યાં જ્યાં વિચરે છે તે ક્ષેત્ર તીર્થરૂપ બને છે.

ગઈ સદીમાં જડ ક્રિયાકાંડો, દાંભિક ધર્માચરણો, ધનનું અમર્યાદ સ્વચ્છંદપણું, વિપરીત ઉત્સવો તથા અભિપ્રાયો-માન્યતાઓએ સમાજને ચોતરફથી ઘેરી લીધો હતો. ધર્મની મૂળભાવના અને અધ્યાત્મનું અંતિમ ધ્યેય ચૂકાઈ ગયું હતું. ત્યારે ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં ક્રાંતિનો ઉદયકાળ શરૂ થયો. ત્યારે સૌરાષ્ટ્રભૂમિમાં જે સપુતોએ અવતાર ધારણ કર્યો. એમાં ત્રણ વિશિષ્ટ કોટિના હતા. એક મોરબી પાસેના વવાણીયા ગામના શ્રીમદ્ રાજચંદ્ર, જલોદધિના જલ સ્પર્શતા પોરબંદરના મહાત્મા ગાંધી અને ભાવસભર ભાવનગર જિલ્લાનાં ઉમરાળા ગામના પૂ. કાનજીસ્વામી એ સત્યં શિવમ્ અને સુંદરમની મંગલ ત્રિવેણીથી ધરા શોભવા લાગી. ગુલામીમાં જકડાયેલી પ્રજાને સ્વતંત્રતાનો અતુલનીય અનુભવ કરાવ્યો મહાત્મા ગાંધીજીએ, જ્યારે ભવની ગુલામીમાં જકડાયેલા માનસને અધ્યાત્મના સ્વચ્છ સ્વાતંત્ર્યનાં દર્શન કરાવ્યા શ્રીમદ્ રાજચંદ્ર અને પૂ. કાનજી સ્વામીએ. શ્રીમદ્ રાજચંદ્ર અને પૂજ્ય કાનજી સ્વામીનો પુરુષાર્થ રાહ એકજ દિશાનો હતો. શ્રીમદ્જી પૂ. કાનજીસ્વામી કરતાં વયમાં બાવીસ વર્ષ મોટા હતા. પણ કૃપાળુદેવ અલ્પ આયુષ્યે પૃથ્વી પરથી વિદાય થયા તેથી તેમના પ્રત્યક્ષ દર્શનનો લાભ પૂ. કાનજીસ્વામીને પ્રાપ્ત ન થયો. પણ એમના અક્ષરદેહની અધ્યાત્મિક અસર પૂ. કાનજીસ્વામી ઉપર અપૂર્વ થઈ હતી.

શ્રીમદ્ રાજચંદ્ર સં. ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમાએ એટલે દેવદિવાળીએ માતા દેવબા તથા પિતા રવજીભાઈ મહેતાને ત્યાં પધાર્યા. સાત વર્ષની વયે શ્રીમદ્જીને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. અનેક ગત જન્મો પ્રત્યક્ષ દેખાય છે. વૈરાગ્યની ભરતી આવે છે. અંતર વધુ પવિત્ર બને છે. આત્મ આરાધક શ્રીમદ્ આઠ વર્ષે રામાયણ-મહાભારત કાવ્યો ઉપર પાંચ હજાર કડીઓ લખે છે. ઉપરાંત અનેક કાવ્યોની રચના કરે છે. સોળ વર્ષે અષ્ટકર્મોનો નાશ કરાવે તેવી, અનેકાન્તવાદને પુષ્ટ કરતી 'મોક્ષમાળા' અને વૈરાગ્ય-ભાવવૈરાગ્યની જનની એવી બાર ભાવનાના સારરૂપ 'ભાવનાબોધ' એમ બે પુસ્તક પ્રકાશિત થાય છે. ઓગણીસ વર્ષે મુંબઈમાં એકાગ્રતા પ્રદર્શક - શતાવધાનના પ્રયોગ સર ચાર્લ્સ અને વાયસરોય તેમજ અનેક વ્યક્તિઓની ઉપસ્થિતિમાં યોજાય છે. પણ આત્મૈકલક્ષધારી શ્રીમદ્જી અંતરાત્માના દિવ્યાનંદને સાંભળી, અધ્યાત્મના એકાન્ત રાહે, અગ્રિમ બને છે. ચોવીસ વર્ષે આત્મસાક્ષાત્કાર તથા ઓગણત્રીસ વર્ષે સર્વસંગપરિત્યાગી બને છે. શ્રી સોભાગભાઈ, શ્રી જૂઠાભાઈ, શ્રી અંબાલાલભાઈ, શ્રી લઘુરાજસ્વામી તથા અન્ય આત્માર્થી જીવોના પથપ્રકાશ માટે શ્રીમદ્ની કાવ્યધારા તથા ગદ્ય સાહિત્યની અધ્યાત્મગંગા પ્રવહે છે. ષડ્દર્શનનાં સારરૂપ 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' રચાય છે. જ્ઞાનદિવાકર શ્રીમદ્ની દિવ્યવાણીમાંથી 'સહજાત્મસ્વરૂપ પરમગુરુ', 'પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ' તથા 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે' એ ત્રિસૂત્રી સરે છે જે આજે શ્રીમદ્જીના બધા આશ્રમોમાં ત્રિસૂત્રીનો નાદ સંભળાય છે. તેત્રીસ વર્ષની અલ્પવયે શ્રીમદ્જી મહાસમાધિને વરે છે. અધ્યાત્મના તેજસ્વી સૂર્યરશ્મિ આજે પણ વહે છે, જાગૃત કરે છે અને ચેતના ભરે છે.

પૂ. કાનજીસ્વામીના જીવનમાં 'સાચું તે મારુ' તે સિદ્ધાંત લોહીના કણે કણમાં પ્રસરેલો હતો. તેઓ સ્વભાવથી સરળ, નિર્દોષ, નિસ્પૃહ અને ઋજુ પ્રકૃતિના હતા. આત્મધારાના અલખનો 'અલખ નિરંજન' નાદ તેઓશ્રીને બાલવયે ગુંજતો હતો. માતા ઉજમબા અને પિતા મોતીચંદભાઈ ગાંડાણી-દશાશ્રીમાળી વણિકના ઘરે વિ.સં.૧૯૪૬ વૈશાખ શુકલ બીજને રવિવારે સૌરાષ્ટ્રની ભૂમિને જન્મથી શણગારી. તેઓના જન્મ સમયે ભારતને પ્રકાશમાં તેઓ રત કરશે તેવો અણસાર પ્રકૃતિએ આપી દીધો. સ્કૂલમાં બેસાડ્યા ત્યારે શિક્ષકે કહ્યું: 'કાનજી, નિશાળ પહેલાં, જૈનશાળા પછી.' ત્યારે એમણે વિવેકથી કહ્યું કે,'સાહેબ! જૈનશાળા પહેલાં, નિશાળ પછી.' ત્યાર પછી પ્રાથમિક છ ધોરણનો અભ્યાસ કરીને કાયમી આત્મશાળામાં તેઓ જોડાઈ ગયા. બાલવયે જ મિત્ર સુંદરને કહે 'મિત્ર સુંદર! આપણને ગુંગાના સ્વાદ ન શોભે.' ગુંગા જેવો સંસારનો સ્વાદ રસહીન અને તુચ્છ છે. સંસારમાં જવું, ગૃહસ્થ જીવન જીવવું તેઓશ્રીને માન્ય ન હતું.

'શિવ રમણી રમનાર તું તુંહી દેવનો દેવ' કડીના કર્તા પૂ. કાનજીસ્વામીએ વિ.સં.૧૯૭૦ માગસર સુદ નોમને રવિવારે બોટાદ સંપ્રદાયમાં દીક્ષા અંગીકાર કરી. ચાર વર્ષમાં ૪૫ આગમનો અભ્યાસ કર્યો. એકવાર તો એક દિવસમાં દસ હજાર શ્લોક વાંચ્યા હતા. દિવસમાં દસ કલાકનો સ્વાધ્યાય કરતા હતા. પાંચ સમવાયમાં માનતા હતા, પણ પુરુષાર્થ સમવાયને પ્રાધાન્ય આપતા હતા. ચૂડામાં એક પોલિસે પ્રશ્ન કર્યો કે 'આપ કહો છો તેમ બધા કરે, આત્મા માટેજ જીવે તો સંસારના કાર્યો કોણ કરશે?' પૂ. મહારાજ સાહેબે જવાબ દીધો 'ભાઈ જેણે કરોડપતિ થવું છે તે એમ ન વિચારે કે બધા કરોડપતિ થઈ જશે પછી વાસણ કોણ સાફ કરશે?' પોરબંદરમાં એક ભાઈએ પ્રશ્ન પૂછયો કે 'શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું કે 'એક ભવ પછી મોક્ષ જશે' તે ગૃહસ્થાશ્રમમાં રહીને આવું જાણી શકે?' પૂ. કાનજીસ્વામીએ કહ્યું 'ન જાણી શકે તે પ્રશ્ન જ નથી. આત્મા બધું જાણી શકે. તેમ છે. મતિજ્ઞાન વડે જો ઉપયોગ લાગી ગયો હોય તો તે બધું જાણી શકે. માટે શ્રીમદે કહ્યું તે બરાબર છે.' તેથી સમજી શકાય છે કે પૂ. કાનજીસ્વામી ઉપર શ્રીમદ્નો વિશેષ પ્રભાવ હતો.

પૂ. ગુરુદેવ નિરંતર આત્માની ખોજમાં જ લાગ્યા રહેતા. જ્યારે એમણે સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે પણ તેઓના ચિત્તમાં રમ્યા કરતું હતું-'હું જેની શોધમાં છું તે આ નથી'. તેઓની આંખોમાં આત્મતેજનું સામર્થ્ય ઝગારા મારતું હતું. મેધાવી, તેજસ્વી અને યશસ્વીની મંગલત્રયી જીવનમાં ઉપસતી હતી. તેઓને અર્જુનની જેમ વૃક્ષ, વૃક્ષનાં ફળો, ડાળીઓ દેખાતાં ન હતાં. માત્ર હવે પક્ષીની આંખનો નેત્રમણિ જ દેખાતો હતો. તેવી રીતે આત્મા તેઓનો મહામંત્ર હતો.

આપણે જોયું કે શ્રીમદ્જી પૂ. ગુરુદેવથી બાવીસ વર્ષ ઉંમરમાં મોટા હતા. પૂ. ગુરુદેવ અગિયાર વર્ષના હતા ત્યારે કૃપાળુદેવે મનુષ્યભવ પૂર્ણ કર્યો. મહાત્મા ગાંધી કૃપાળુદેવથી એક વર્ષ નાના હતા. તેઓશ્રીને કૃપાળુદેવનો પ્રત્યક્ષ લાભ મળ્યો અને અપૂર્વ માર્ગદર્શન પણ મળ્યું. મહાત્મા ગાંધીજી મનુષ્યદેહે વધુ સમય રહ્યા તેથી તેઓશ્રીને પૂ. કાનજીસ્વામીનું દર્શન થયું. રાજકોટમાં શ્રી જસાણીના 'આનંદકુંજ' અને 'આનંદ નિકેતન' મકાનમાં સાબરમતીના સંતને અને સોનગઢના સંતને સામસામે રહેવાનું બન્યું હતું. ત્યારે મહાત્મા ગાંધીજીએ કહ્યું

હતું-'આપનો આધ્યાત્મિક રસ્તો જ સાચો રસ્તો છે. અમારે છૂટવું હશે ત્યારે આપના રાહે જ ચાલવું પડશે.'

પૂ. કાનજીસ્વામીને શ્રીમદ્‌જીના સાહિત્ય દ્વારા એમને પરોક્ષ મળવું થયું, પણ એની અસર ચિરંજીવી થઈ. પૂ. ગુરુદેવની અધ્યાત્મની ઇમારતનાં પાયામાં 'શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત ગ્રંથ' છે.

પૂ. ગુરુદેવ પ્રારંભમાં શ્રીમદ્ રાજચંદ્રનો 'શ્રીમાન રાજચંદ્ર' એવી રીતે ઉલ્લેખ કરતા હતા. તેમણે વચનામૃત ગ્રંથનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. વઢવાણમાં સં. ૧૯૮૨ના ચાતુર્માસ પછી શ્રી વ્રજલાલભાઈ શાહે પૂછ્યું કે 'મહારાજ ! આપ વિહાર કરો છો તો આપના સમાગમના વિયોગમાં હવે અમારે કયું પુસ્તક વાંચવું ?' તેઓશ્રીએ કહ્યું 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો. વિ. સં. ૧૯૯૨ના પત્રમાં પૂ. બહેનશ્રી લખે છે : 'બપોરે પૂજ્ય ગુરુદેવની વાંચણીમાં 'પરમાત્મ પ્રકાશ' પૂરું થઈ ગયું છે. હમણાં બે દિવસ શ્રીમદ્‌ના પત્રો વંચાશે.' પૂ. ગુરુદેવ પત્રોનું અર્થઘટન કરતા હતા. બીજા એક પત્રમાં બહેનશ્રી લખે છે : 'ગુરુદેવનાં વ્યાખ્યાન માં 'અનુભવ પ્રકાશ' ગ્રંથ પૂરો થયા પછી 'શ્રીમદ્ રાજચંદ્ર' વંચાશે.' વચનામૃતનાં ગહન રહસ્યો પૂ. ગુરુદેવ મુમુક્ષુઓને સમજાવતા હતા. વિ. સં. ૧૯૯૪ના પત્રમાં પૂ. બહેનશ્રી ચંપાબહેન લખે છે : 'શ્રીમદ્ રાજચંદ્ર- પચ્ચીસમું વર્ષ વંચાય છે. ઘણા વિસ્તારપૂર્વક અને સરસ ઢબે વંચાય છે. સાંભળતા ઉદાસીન થઈ જવાય છે. અભ્યંતર ઠરી જવાય છે. તે શ્રી ગુરુદેવનો પરમ પ્રતાપ છે.' આ દૃષ્ટિએ વિચારતાં પૂ. ગુરુદેવ ઉપર શ્રીમદ્‌જીનો વિશેષ પ્રભાવ જણાય છે.

વિ. સં. ૧૯૯૫માં પૂ. ગુરુદેવનું ચાતુર્માસ રાજકોટ હતું. કેટલાક ભાઇઓની વિનંતી હતી કે શ્રીમદ્‌જીના 'આત્મસિદ્ધિ શાસ્ત્ર' ઉપર પૂ. ગુરુદેવ વ્યાખ્યાન આપે તો શ્રીમદ્‌જીની ગૂઢજ્ઞાનગર્ભિત સમાધિ ભાષા આપણે સમજી શકીએ. એ વિનંતીને માન્ય કરીને પૂ. ગુરુદેવ પ્રતિદિન સવારના એક કલાક આત્મસિદ્ધિ શાસ્ત્રનાં ગૂઢ રહસ્યોનું ઉદ્‌ઘાટન કરતા હતા. જીવને કેવા ભાવ રહે ત્યારે આત્માનું અસ્તિત્વ માન્યું કહેવાય ? કેવા ભાવ રહે ત્યારે આત્માનું નિત્યત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, મોક્ષ અને મોક્ષનો ઉપાય માન્યા કહેવાય ? વગેરે સદૃષ્ટાન્ત, સૂક્ષ્મ અર્થો સાથે પૂ. ગુરુદેવ સમજાવતા હતા. તેઓશ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ઉપર વિવેચનાત્મક શૈલીથી, ગહનભાવો સોંસરા ઊતરી જાય તેવી વેધક વાણીમાં વ્યાખ્યાનો આપતા હતા. આ વ્યાખ્યાનો ગ્રંથસ્થ પણ થયાં છે. તેની ઘણી આવૃત્તિઓ બહાર આવી ચૂકી છે. પૂ. ગુરુદેવ સોનગઢમાં મુમુક્ષુઓને કહેતા કે 'જ્યારે ઉપયોગ એકાગ્ર ન થાય ત્યારે શ્રીમદ્‌ને વાંચો. તેમાં સહજપણે ઉપયોગ એકાગ્ર થશે. સચોટતા, અર્થગાંભીર્ય અને ભાવગાંભીર્ય શ્રીમદ્‌નાં વચનોમાં ગુપ્તપણે રહ્યાં છે.' પૂ. ગુરુદેવને શ્રીમદ્‌જી હૃદયથી પ્રિય હતા. પછી વિ. સં. ૧૯૯૫ના રાજકોટના ચાતુર્માસમાં પૂ. ગુરુદેવે 'પરમપદ પ્રાપ્તિની ભાવના', 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?' આ કાવ્ય ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં. પ્રથમ વ્યાખ્યાનમાં પૂ. ગુરુદેવે કહ્યું કે 'આ કાવ્યમાં મુખ્યપણે પરમ પદ એવા મોક્ષપ્રાપ્તિની ભાવના છે. આત્મા ત્રિકાળ જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપ અનંતગુણનો પિંડ છે. તેના અનુભવ માટે સર્વજ્ઞ વીતરાગની આજ્ઞાનુસાર તત્ત્વાર્થોની નિશ્ચય શ્રદ્ધા કરીને જ્ઞાનાનંદ સ્વભાવ તરફ ઢળવાનાં પુરુષાર્થ વડે ક્રમે ક્રમે શુદ્ધિની વૃદ્ધિ થાય છે. એ અપેક્ષાએ જીવના પર્યાયમાં ૧૪ ગુણસ્થાન થાય છે તેમાં ચોથા ગુણસ્થાનથી વિકાસની શ્રેણી શરૂ થાય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ જન્મભૂમિ વવાણીયામાં સવારે માતુશ્રીના ખાટલા ઉપર બેસીને આ અપૂર્વ અવસર કાવ્યની રચના કરી છે. જેમ મહેલ ઉપર ચઢવાના પગથિયા હોય તેમ મોક્ષ મહેલમાં પહોંચવાના આ ચૌદ પગથિયાં છે.'

'અપૂર્વ અવસર'નો અર્થ બાહ્ય અપૂર્વ કાળ નહિ પણ આત્મદ્રવ્યમાં અપૂર્વ સ્વકાળ એવો થાય છે. તે શુદ્ધ સ્વભાવની પરિણતિ છે. દરેક વસ્તુ સ્વચતુષ્ટય મંડિત છે, સ્વાધીન છે. સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ છે. નિત્ય ટકીને પરિણમે છે. શારીરિક, માનસિક તથા દ્રવ્યકર્મનો સંબંધ છેદીને મુનિદશાની ભાવના શ્રીમદ્‌જી ભાવે છે. આત્મા અબંધ સ્વરૂપ છે તેને જ્ઞાનની સ્થિરતાની ઝીણવટથી જાણીને, ભેદજ્ઞાન વડે કર્મ-ઉદયની સૂક્ષ્મ-સંધિને હું છેદું એવી ભાવના કૃપાળુદેવ ભાવે છે.' જિન મંદિરોમાં જિનેશ્વર ભગવાનના પંચ કલ્યાણક પ્રતિષ્ઠા-ઉત્સવો થાય છે, તેમાં દીક્ષાકલ્યાણકની વિધિ હોય છે. જે ભગવાન વિધિનાયક તરીકે સ્થાપિત કર્યા હોય તેઓ યુવાવયમાં વૈરાગ્યભાવમાં ભીંજાઇને (ઉપાદાન તો તૈયાર હોય જ, પણ એવું નિમિત્ત બનતાં) વૈરાગ્યભાવ મગ્ન ભગવાન 'નમઃ સિદ્ધેભ્યો' કહીને દીક્ષા લઇને જંગલમાં આત્મસાધના સાધવા ચાલી જાય છે ત્યારે પૂ. ગુરુદેવ વૈરાગ્યપ્રેરક, અખંડ આત્મધ્યાન પ્રેરક દીક્ષાકલ્યાણક પ્રસંગે વ્યાખ્યાન આપતા હતા. તે પ્રવચન હંમેશા 'અપૂર્વ અવસર' મુનિદશાના કાવ્ય ઉપર આપતા હતા. માનવ મહેરામણ હોય, બધાનાં મનમાં ભગવાન દીક્ષા લેવાના છે એ ભાવ ઘુંટાતો હોય ત્યારે પૂ. ગુરુદેવ સ્વરબદ્ધ સ્વકંઠે 'અપૂર્વ અવસર' ગાતા. ત્યારે વ્યાખ્યાનની સરવાણી ચાલતી હોય, બધા મુમુક્ષુઓ એ વાણીને અપૂર્વ ભાવથી ઝીલતા હોય તે કેવું સરસ દૃશ્ય ! તે મુનિદશાની ભાવના ! અહો ! અહો ! આત્મશુદ્ધિના નિર્દોષ ભાવમાંથી નીકળતી વૈરાગ્યજ્ઞાનની ગંગાનું રસપાન થતું હોય, તે પ્રસંગને સ્મરણમાં લેતા પણ રોમાંચ થાય. શું મુનિદશા ! શું નિર્ગ્રંથ ભાવના ! આમ, પૂ. ગુરુદેવ ઉપર શ્રીમદ્‌ની અસર વિશેષપણે હતી તે સ્પષ્ટ થાય છે.

'એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,

અડોલ આસનને મનમાં નહિ ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.'

પૂ. ગુરુદેવ કહે છે 'શ્રીમદ્ રાજચંદ્રની બાહ્ય સ્થિતિ ગૃહસ્થાશ્રમની દેખાય છે છતાં ભાવના કેવી ઉત્કૃષ્ટ ભાવે છે. અંતરમાં પવિત્ર ઉદાસીનતા નિવૃત્તિભાવ મોક્ષ સ્વભાવને સાધવાનો ઉત્સાહ ઉછળે છે. ધન્ય તે નિર્ગ્રંથ સાધક દશા !' આ રીતે નિર્ગ્રંથ સાધકદશાને પૂ. ગુરુદેવશ્રી ધન્યવાદ આપે છે. આ ભાવોની અભિવ્યક્તિમાં પૂ. ગુરુદેવને મુનિદશાના ભાવ અંતરમાં ઘોળાતા હતા. પૂ. ગુરુદેવના અંતરમાં એવા ભાવ વહ્યા કરતા હતા કે ક્યારે આ બધું છોડીને મુનિદશા ધારણ કરી જંગલમાં ચાલ્યા જઇએ. પૂ. ગુરુદેવશ્રી કહે છે કે 'જ્ઞાની ધર્માત્મા' ૨૯મા વર્ષે તો અપૂર્વ અવસરની ભાવના ભાવે છે કે દેહાદિ ઉપાધી ટાળુ, પૂર્ણ અસંગ શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી, અશરીરી થાઉં. પરમતત્ત્વની ગાઢ રુચિ વધતાં સ્વપ્નો પણ તે સંબંધી જ આવે, રાત્રિ દિવસ જાણે આત્માને જ દેખે-જાણે અને વિચારે કે 'હું અશરીરી થઈ જાઉં, મહાન સંત મુનિવરોના સત્સંગમાં બેઠો છું, મોક્ષની મંડળી ભેગી થઈ છે. નગ્ન મુનિઓના (નિર્ગ્રંથ) ટોળાં દેખાય છે આદિ.'

પૂ. ગુરુદેવને પરમકૃપાળુ દેવનું સ્વપ્ન આવ્યું હતું. તેઓશ્રીના શબ્દોમાં 'શ્રીમદ્દે મને ત્રણ ચમચી પાણી પાયું- હું તે પી ગયો. સ્વપ્નમાં કૃપાળુ દેવનાં પ્રત્યક્ષ દર્શન થયાં.' સવારમાં મુમુક્ષુ ભાઈને વાત કરી કે 'શ્રીમદ્‌ના પ્રત્યક્ષ દર્શન થયા'. હું સમજુ છું કે મને શ્રીમદ્દે સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રની ત્રણ ચમચી પાણી પાયું.' મનોવિજ્ઞાનીઓ કહે છે કે કોઈ પ્રસંગ, વસ્તુ કે ઘટના અંતરમનમાં વિચારણારૂપે ચાલતી હોય

તો તેનો સ્વપ્નમાં પ્રતિભાસ થાય છે. અર્થાત્ પૂ. ગુરુદેવ ઉપર શ્રીમદ્‌નો પ્રભાવ ઘણો છે તે આ વાત પરથી સમજી શકાય છે. સોનગઢમાં બનેલી ઘટના છે કે પૂ. ગુરુદેવ વહેલી સવારે જંગલ જતાં, રસ્તામાં મુમુક્ષુ પાસેથી વાત સાંભળવા મળી કે સ્વાધ્યાય મંદિરમાંથી 'આત્મસિદ્ધિશાસ્ત્ર' નું ચિત્રપટ લઈ લેવાનું છે. પૂ. ગુરુદેવ આ સાંભળતા ચોંકી ગયા. ઠલ્લે જઈને પાછા પોતાના નિવાસસ્થાને આવ્યા અને એ મુમુક્ષુભાઈને બોલાવવા મોકલ્યા. ભક્તિભાવપૂર્વક મુમુક્ષુભાઈ પૂ. ગુરુદેવ પાસે તરત આવે છે અને વિવેકથી કહે છે,'ફરમાવો ગુરુદેવ!' પૂ. ગુરુદેવે કહ્યું, 'અરે! તમને શું ખબર પડે કે શ્રીમદ્ કોણ હતા! જો શ્રીમદ્ અત્યારે હોય તો તેમના પગમાં માથું મૂકીને આળોટીએ-તમને શું ખબર પડે કે શ્રીમદ્ શું છે? 'કૃપાળુદેવની આટલી ઊંડી અસર પૂ. ગુરુદેવના વ્યક્તિત્વમાં હતી. તેઓશ્રી કહેતા કે શ્રીમદ્‌નું આયુષ્ય ઘણું ઓછું, અમે ત્યારે ઘણી નાની ઉંમરના તેથી અમે મળી શકયા નહિ તેનો ખેદ અમને રહ્યા કરે છે. આ કાવ્યના વ્યાખ્યાનની સમાપ્તિમાં પૂ. ગુરુદેવ કહે છે 'શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે 'પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપની પૂર્ણ પવિત્ર સ્થિતિને પ્રાપ્ત કરવાનું મેં સ્વાનુભવને લક્ષે ધ્યાન કર્યું પણ હાલ તે મનોરથરૂપ છે. મનરૂપી રથ વડે અપૂર્વ રુચિથી પૂર્ણતાની ભાવના કરું છું. નિર્ગ્રંથપણાનો પુરુષાર્થ કરવાની શક્તિની વર્તમાનમાં નબળાઈ છે, પણ દર્શનવિશુદ્ધિ છે; તેથી નિશ્ચય શુદ્ધ સ્વરૂપના લક્ષે એક ભવ પછી, જ્યાં સાક્ષાત સર્વજ્ઞ પ્રભુ તીર્થંકર બિરાજતા હોય, ત્યાં પ્રભુ આજ્ઞા અંગીકાર કરી, નિર્ગ્રંથ માર્ગમાં ઉત્કૃષ્ટ સાધક સ્વભાવનો વિકાસ કરી, એ પરમપદને પામવાનો છું. મારા આત્મા વિષે એવો નિઃસંદેહ નિશ્ચય છે કે એકજ દેહ પછી બીજો દેહ નથી.'

પરમકૃપાળુદેવની વાણીનું રહસ્યોદ્‌ઘાટન પૂ. ગુરુદેવે તલસ્પર્શી રીતે વસ્તુસ્થિતિને અવલંબીને કર્યું છે.

સીમંધર મુખથી ફૂલડા ખરે, એની ગણધર ગૂંથે માળ રે
જિનજીની વાણી ભલી રે...

એમ કૃપાળુદેવની વાણીના ગણધર બની વચનામૃત રહસ્યને પ્રગટ કર્યા છે એવા પૂ. ગુરુદેવ ઉપર શ્રીમદ્‌જી છવાયેલા છે.

વિ.સં.૧૯૯૯ માં આસો મહિનામાં ગ્રંથાધિરાજ સમયસાર ઉપર ગુરુદેવનાં વ્યાખ્યાન ચાલતાં હતા. તેમાં ગાથા ૯૦

'एऐसु य उवओगो तिविहो सुध्धो णिरंजणो भावो।
जं सो करेदि भावं उवओगो तस्स सो कत्ता।।'
(હરિગીત)
એનાથી છે ઉપયોગ ત્રણવિધ, શુદ્ધ નિર્મળ ભાવ જે,
જે ભાવ કંઈ પણ તે કરે, તે ભાવનો કર્તા બને.'

પૂ. ગુરુદેવ કહે છે કે 'સભામાં આ ગાથાનો, પ્રથમવાર અર્થ થાય છે. ઉપયોગ છે તે આત્માની અવસ્થા છે તે પણ શુદ્ધ જ છે. વસ્તુ તો શુદ્ધ છે જ પણ તેનો ઉપયોગ એટલે વ્યવસ્થા પણ અનાદિથી શુદ્ધ છે, નિરંજન છે, મલિનતા વગરની છે...વસ્તુ હોય તે વર્તમાન હોય ને? વર્તમાન વગરની વસ્તુ હોય? તેનો વર્તમાન અંશ વિકારી અને અધૂરો ન હોય. વિકાર દેખાય છે તે કર્મની અપેક્ષાવાળી સાપેક્ષ પર્યાય છે. મૂળ સ્વભાવભૂત નિરપેક્ષ પર્યાયમાં વિકાર નથી, તે પર્યાય અનાદિ અનંત છે શુદ્ધ છે, નિરંજન છે. તેને કારણશુદ્ધ પર્યાય કહેવાય છે...આત્મામાં આકાશ આદિ પદાર્થની જેમ નિર્મળ નિરપેક્ષ પર્યાય પણ છે કારણકે આકાશ પણ પદાર્થ છે, આત્મા પણ પદાર્થ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય નિરપેક્ષ હોય તો જ વસ્તુની અખંડતા થાય છે. શ્રીમદ્ રાજચંદ્રે આ સંબંધી એક ટુકડો મૂકી દીધો છે, તેમને ઘણો ઉઘાડ હતો, શક્તિ ઘણી હતી. તેથી જૈનદર્શનના રહસ્યનો ગૂઢ ટુકડો મૂકી દીધો છે. (હાથનોંધ-૧-પૃષ્ઠ-૧૭૬) પરિણામી પદાર્થ નિરંતર સ્વાકાર પરિણામી હોય તો પણ અવ્યવસ્થિત -પરિણામીપણું અનાદિથી હોય તે કેવળજ્ઞાન વિષે ભાસ્યમાન પદાર્થને વિષે શી રીતે ઘટમાન?' શ્રીમદ્‌જીનું અદ્‌ભુત રહસ્ય સમયાસર ગાથા ૯૦ માં છે. એ પૂ. ગુરુદેવશ્રીએ સમજાવ્યું. સ્વાકાર પરિણામીપણું એટલે વસ્તુના સ્વભાવની જાતનું પરિણામીપણું હોય, તેમાં આ અવિકારીપણું શું? એટલે તેનો એવો અર્થ થાય છે કે દરેક દ્રવ્ય-દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી શુદ્ધ જ હોય અને તેનું પોતાના સ્વભાવ આકારે જ પરિણમન હોય, પરથી છૂટી ચીજને અપેક્ષા લાગુ પડતી નથી. વસ્તુ, વસ્તુનો ગુણ અને વસ્તુની પર્યાય એ ત્રણે અપેક્ષા વગરનાં-નિરપેક્ષ છે. આ ટુકડામાં કેવી અદ્‌ભુતતા છે! પરમાર્થથી તો ઉપયોગ ખરેખર શુદ્ધ છે. આ શુદ્ધ અવસ્થા નિરપેક્ષ છે. મોક્ષમાર્ગની અવસ્થા કે મોક્ષ અવસ્થા બંન્ને સાપેક્ષ છે. વસ્તુનું વર્તમાન તે શુદ્ધ ઉપયોગરૂપ કારણપર્યાય છે. આ વિષય ઝીણો છે. વર્તમાન અંશ ન હોય તો વસ્તુ હોઇ શકે નહિ. વસ્તુમાં ખંડ પડી જાય છે. દ્રવ્ય-ગુણ તેનો વિશેષ થઇને અખંડ આખી વસ્તુ થાય છે. પરિણામી પદાર્થ નિરંતર સ્વાકાર પરિણામી હોવો જોઇએ એમ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે.' હીરા સરાણે ચઢે છે; તેનો ભૂકો થઈ જાય તો પણ લાભનો રસ્તો છે. આ વાત તદ્દન અપૂર્વ છે. હાથનોંધના પ્રત્યેક શબ્દને પૂ. ગુરુદેવે સમજાવ્યો હોત તો મુમુક્ષુને ઘણા લાભનું કારણ બન્યું હોત. આમ સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનની રીતે શ્રીમદ્‌જીની છાપ પૂ. ગુરુદેવ પર હતી. પૂ. ગુરુદેવ જે શાસ્ત્ર ઉપર વ્યાખ્યાન આપે તે બધામાં શ્રીમદ્‌જીને અવતરણરૂપે સંબોધતા જ હોય તેવો બધાને અનુભવ છે. દ્રવ્યના વિષયભૂત તે 'સમયસાર' ગ્રંથ હોય કે જ્ઞાનપ્રધાન 'પ્રવચનસાર' હોય, ચારિત્રપ્રધાન 'નિયમસાર' હોય, કે ભક્તિપ્રધાન 'સ્તોત્ર કાવ્ય' હોય, 'પદ્મનંદિ પંચવિંશતિ' હોય કે 'રત્નકરંડશ્રાવકાચાર' હોય-શ્રીમદ્‌જીની કાવ્યપંક્તિઓ કે ગદ્યસાહિત્યને સ્મરણમાં લઇને અહોભાવ વ્યક્ત કરતાં પૂ. ગુરુદેવને અનેક મુમુક્ષુએ સાંભળ્યા છે.

કૃપાળુદેવે સત્તર વર્ષની વય પહેલાં ૧૨૫ બોધવચન આપેલાં છે. તેમાં ૧૦૮ થી ૧૧૭ દસ બોધવચન ઉપર ઇ.સ. ૨૬-૧-૧૯૭૮ થી ૨૯-૧-૧૯૭૮ એમ ચાર વ્યાખ્યાન પૂ. ગુરૂદેવે આપેલાં છે. તેનાં ગૂઢ તત્ત્વોને લક્ષગત કરીએ: 'સ્વદ્રવ્ય અન્યદ્રવ્ય, ભિન્ન ભિન્ન જુઓ.' પહેલો બોલ અમૃતચંદ્ર આચાર્યની ટીકામાં છે પુણ્ય-પાપ, ભગવાન આત્મા અવિકારી શાંતરસનો કંદ છે જેમ સક્કરકંદ છે. તેની ઉપલી છાલ છે તેને ન જુઓ તો આખું દળ સાકરની મીઠાશનો પિંડ છે-છાલ છે તે ભિન્ન છે. આત્મા ભિન્ન છે. કુંદકુંદ આચાર્ય એમ કહે છે કે 'મારા અંતર આનંદનું વેદન જે પ્રચુર છે એનાથી હું કહું છું કે-સ્વદ્રવ્ય અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન છે' એવું છે તેમ પ્રભુ તું જો. બીજો બોલ: સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. પોતાનું સ્વરૂપ ચિદાનંદ આનંદકંદ પ્રભુ. રાગથી ભિન્ન એવું જે સ્વદ્રવ્ય છે તેના રક્ષક ત્વરાથી થાઓ-સ્વદયા છે. પરના રક્ષક તો થઈ શકતા જ નથી, કેમકે પરદ્રવ્ય સ્વતંત્ર-ભિન્ન છે. એની દયાનો ભાવ તે રાગ છે. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં રાગને હિંસા કહી છે. સ્વદ્રવ્યનો રક્ષક એટલે રક્ષા કરનાર. રક્ષાનો અર્થ : જેવી પૂર્ણાનંદ સ્વરૂપી વસ્તુ છે એવી અંદરમાં પ્રતીતિ અને જ્ઞાનની વર્તમાન પર્યાયમાં એ જ્ઞેય. જે વસ્તુ છે તે પર્યાયમાં આવતી નથી, પણ પર્યાયમાં તે જાણવામા આવે. એ જીવદ્રવ્યની રક્ષા કરી કહેવાય. જેને આત્માની રુચિ હોય તેને વાયદા ન હોય. પ્રભુ ! પૂર્ણાનંદ આનંદ સ્વરૂપ છે. ભગવાન ! તારામાં વિદ્યમાન છે. છતી ચીજ છે તેની ત્વરાથી રક્ષા કર.

અર્થાત્ એવો અનુભવ કર જેવડો છે એવડો નહિ માની-એક પર્યાય જેવડો છું એમ માનવું તે જીવની હિંસા છે. તારે તારા રક્ષક થવું હોય તો ત્વરાથી ઉગ્ર થા ! કાલે કરીશ-પછી કરીશ એમ નહિ ! પ્રભુ ક્યારે આંખ મિંચાઈ જશે અને ચાલ્યો જઇશ. પ્રવચનસાર કળશના છેલ્લા કળશમાં 'આજે' શબ્દ છે. આજ કરો-આજે જ કરો (अद्य). શક્તિરૂપ જે સ્વદ્રવ્ય ભગવાન પૂર્ણ છે એની રક્ષા કરવામાં ત્વરા કરો, ત્વરાથી કરો. શરીરને અને રાગને ન દેખ. પ્રભુ આત્માની રક્ષા ત્વરાથી કરવાથી વીતરાગદશા ઉત્પન્ન થાય છે. વીતરાગદશા અંદરના સ્વભાવમાંથી આવે છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.'

'સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.' 'તું આત્મા ભગવાન છો ને નાથ! પ્રભુ ! पूर्ण इदम् । એવા પ્રભુમાં ત્વરાથી વ્યાપક થાઓ. બીજામાં તું વ્યાપક થઈ શકતો નથી. એક આંગળીમાં બીજી આંગળીનો અભાવ છે. પ્રભુ ! તું અનાદિથી પુણ્ય અને પાપના ભાવમાં વ્યાપક છો. સ્વદ્રવ્યમાં વ્યાપવું તે કર્યું નથી. વ્યાપક એટલે પ્રસરવું. જેમ પાણીમાં તરંગ ઊઠે છે તેમ ચૈતન્યમૂર્તિમાં એકાગ્ર થતાં, વ્યાપક થતાં જ્ઞાનનાં તરંગ ઊઠે છે, જેથી જન્મ મરણનો અંત આવશે. સત્તર વર્ષની ઉંમરે શ્રીમદે આ કહ્યું. આત્માને ક્યાં ઉંમર લાગુ પડે છે. શ્રીમદ્‌નો ક્ષયોપશમ-મારા હિસાબમાં તો એના જેવો કોઇનો ક્ષયોપશમ ન હતો. એ એક જ પુરુષ હતો. તેનું જોર સ્વભાવ ઉપર હતું, બહુ બહાર પડ્યા નહિ-પણ એના જેવો ક્ષયોપશમ કોઇનો નહિ. ભલે બીજા અભિમાની ભ્રમથી માને, પણ હજી તો ઊગીને ઊભા થાય છે. બધા વાક્યોમાં મહાભેદજ્ઞાન કરાવ્યું છે. એકાવતારી થઈ ગયા છે. એક ભવ કરીને મોક્ષે જશે. દુનિયા એને પક્ષથી જુએ કે ન જુએ, વસ્તુસ્થિતિ આવી છે.' 'અમે જ્યારે દીક્ષા લેશું અને 'નમઃ સિદ્ધેભ્યઃ' કહેશું ત્યારે તેઓને સિદ્ધદશામાં અમારા વંદન પહોંચશે, કારણ તેઓ એક ભવ કરીને મોક્ષે જવાના છે. અમારે હજી ચાર ભવ છે' એમ પૂ. ગુરુદેવ કહે છે.

પૂ. ગુરુદેવ કહ્યું છે: 'સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ' સ્વદ્રવ્યના ધારક ધરનારા ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યને ધારો. સ્વદ્રવ્યની દૃષ્ટિ થઇને અનુભવ થયો ત્યારે ધારક થયો. સ્વદ્રવ્યનો ધારક કરનારો. ધારણામાં ધારણ કરવું એ તો એક મતિજ્ઞાનનો ભેદ છે. મતિજ્ઞાનમાં અવગ્રહ, ઈહા, અવાય, ધારણા થાય ત્યારે ધારક થાય છે. અહીં તો ભગવાન આત્મા શુદ્ધપણે બિરાજમાન છે એનો ધારક થા. પર્યાયને અને રાગને ધાર્યો છે હવે આત્મા બાજુ ઢળી જા. આત્માની ધારણા કર. અંતરમાં વળતાં અનુભવ થયો ત્યારે ધારણા સાચી થઈ કહેવાય. નિર્ણય કરનારી પર્યાય દ્રવ્યમાં નથી, જાણનારી પર્યાય દ્રવ્યમાં નથી, રમણ કરનારી પર્યાય દ્રવ્યમાં નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે. અહીં તો ધ્રુવભાવ અને પર્યાયભાવની સ્વતંત્રતા છે. સત્યને સત્યની રીતે રાખો. શ્રીમદ્ કહે છે 'વસ્તુને વસ્તુની રીતે રાખો.'

'સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ'. સ્વદ્રવ્યની રમણતા કરનાર ત્વરાથી થાઓ. રાગમાં અનાદિકાળથી રમણતા કરી છે. એ તો તારી દુઃખની દશા છે. સ્વદ્રવ્યના રમક-માં 'ક' શબ્દ પુરુષાર્થની વાત છે. રાગની અને બીજી રમણતા છોડી દે. આ સમજાવતાં ત્યારે પૂ. ગુરુદેવ કહેતા, 'રાણા રમતું છોડ, કટક આવ્યું કિનારે.' જગતની રમત છોડ આત્મામાં ત્વરાથી લાગી જા. વ્યવહારની અને નિમિત્તની વાતો આવે, પણ કલ્યાણ કરવું હોય તો સ્વદ્રવ્યમાં રમણ કરનારો થા. ભાષા તો કેટલી સાદી છે. સત્તર વર્ષની ઉંમર પહેલાં શ્રીમદ્દે આ લખેલું છે. એ વખતે તો આવા શબ્દો કરનાર ન હતું. ત્યારે શ્રીમદે સત્ય વાતનું પ્રકાશન કર્યું. દીક્ષા લેવાથી મુનિ કહેવાય. વ્રત કરવાથી કર્મની નિર્જરા થાય. નિમિત્તથી બધું થાય છે ! ભગવાને જે જોયું હશે તેમ થશે. એવી પુરુષાર્થહીન વાતો ચાલતી હતી ત્યારે ગૃહસ્થાશ્રમમાં રહીને, વ્યાપાર કરતાં સંસારી વેષમાં વસ્તુ સ્વરૂપને સ્પષ્ટ સમજાવ્યું. મૂળમારગ સાંભળો જિનનો રે, જડભાવે જડ પરિણમે, જેવાં અનેક કાવ્યો લખ્યા જેથી પૂ. ગુરુદેવ ઉપર કૃપાળુદેવની ઊંડી અસર પડેલી જોવા મળે છે.

'અજ્ઞાની જીવે રાગને ગ્રહણ કર્યો છે. પુણ્યને ગ્રહણ કર્યું છે. એ બધી મિથ્યા જાળ છે. બહારની કોઈ ચીજને જીવે ગ્રહણ કરી નથી, પણ ચીજ પ્રત્યેનો મમત્વભાવ ગ્રહણ કર્યો છે. હવે સ્વદ્રવ્યનો ગ્રાહક ત્વરાથી થા. પૂર્ણાનંદનો નાથ સ્વદ્રવ્ય છે તેને ઓળખી તેનો ગ્રાહક થા. આ બાર અંગનો સાર છે. પૂ. ગુરુદેવ કહે છે: 'એક બ્રહ્મચારી ભાઇએ મને ખાનગીમાં કહ્યું 'શ્રીમદ્‌માં તો ફલાણું હતું ને...આમ હતું. શ્રીમદ્‌માં એવી ભાષા કરી છે. મેં કહ્યું અરે ! શું બોલો છો. આ બધું બાપુ ! એ વસ્તુ તો એમને (પ્રાપ્ત) થઈ ગઈ અને પ્રાપ્ત થઈ પછી તો પોતે જ આરાધના કરીને ચાલ્યા ગયા છે ! એ તો એક ભવ કરીને મોક્ષે જશે. એમાં કોઈ દલીલને પ્રશ્ન નથી' આમ કોઈ શ્રીમદ્‌જી વિષે વાત કરે તો પણ પૂ. ગુરુદેવ કૃપાળુદેવની બીજી વાત સાંભળવા તૈયાર ન થાય અને સાંભળે તો સત્ય વાત રજૂ કરે. શ્રીમદ્‌ને કોઈ સમજી શક્યા નથી. એટલી ઊંડી અસર પૂ. ગુરુદેવ ઉપર શ્રીમદ્‌જીની હતી.

'સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો. રક્ષકતા-રાખવાપણું. અર્થાત્ સ્વદ્રવ્યનું રાખવાપણું એમ આવ્યું. સ્વદ્રવ્યના રક્ષકપણા ઉપર લક્ષ આપો. પરની રક્ષા થાય એ દૃષ્ટિમાંથી છોડી દો. નિયમસાર ગાથા ૩૮મા પર્યાયને પણ પરદ્રવ્ય કહ્યું છે. વર્તમાન પર્યાયના ધ્યાનમાં ધ્યેય માટે અંદર રહેલી આ ત્રિકાળ ધ્રુવ વસ્તુ તે સ્વદ્રવ્ય. એની રક્ષકતા ઉપર લક્ષ રાખો.

'પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.' આ આઠમો બોલ છે. અહીં નાસ્તિથી વાત કરી છે. દયા, દાન, પૂજા, ભક્તિના ભાવ એ પરદ્રવ્ય છે. એ પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો. પરદ્રવ્યનું ધારવાપણાનું લક્ષ ત્વરાથી તજો. ભગવાન આત્મામાં લક્ષ આપો. જીવને કઠણ પડે છે બાપુ ! સત્ છે, સત્ સર્વત્ર છે, સર્વત્ર છે, સરળ છે. 'છે' તેને પામવું એમાં કઠણ શું ? પણ જીવે પ્રયાસ કર્યો નથી. 'સમાધિશતક'માં શ્લોક આવે છે-કે આત્માના કાર્ય સિવાય પરકાર્યનું લક્ષ આવે તેને જલ્દી છોડો. આત્માના સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર સિવાય-બીજા કાર્યને અવકાશ ન આપો. અહીં પરદ્રવ્યનો અર્થ વ્યવહાર કર્યો છે. વ્યવહાર પરદ્રવ્ય છે માટે પરદ્રવ્યની ધારકતાને ત્વરાથી તજો.

નવમો બોલ છે 'પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો.' સ્વદ્રવ્યની રમણતા કરવામાં પરદ્રવ્યની રમણતા છોડવી પડશે. અહીં નાસ્તિથી વાત કરી છે. નિયમસારમાં તો નિર્મળ પર્યાયને પણ 'પરદ્રવ્ય' કહ્યું છે, કારણ જો નિર્મળ પર્યાય ઉપર લક્ષ જશે તો કાર્ય રહી જશે. માટે પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો. દેહની સત્તર વર્ષની ઉંમરે શ્રીમદ્‌ને કેટલો ક્ષયોપશમ છે ! થોડી ભાષામાં કેટલું સમાવી લીધું છે. જે કહેવા માગે તે ભાષા બહુ થોડી છે અને ભાવ ઘણા છે. શ્રીમદ્‌જી વિષે પૂ. ગુરુદેવને અંતરમાં ઘણું ઘોળાતું હતું જેથી જ્યારે તક મળે ત્યારે સ્મરણ કરી ભાવને પૂરા કરતા. આ વાત દર્શાવે છે કે પૂ. ગુરુદેવ ઉપર શ્રીમદ્‌નો પ્રભાવ વિશેષ હતો.

'દસમો બોલ: પરદ્રવ્યની ગ્રાહકતા તજો.' લોકોએ બાહ્યના ત્યાગ-સ્ત્રી અને કુટુમ્બના ત્યાગને ત્યાગ માન્યો છે. પણ રાગનો ત્યાગ કે મિથ્યાત્વનો ત્યાગ ખરેખર ત્યાગ છે. એ ત્યાગ ક્યારે થાય કે સ્વદ્રવ્યને ગ્રહણ કરીને સ્વદ્રવ્યમાં રમે ત્યારે. મૂળમાં જે મિથ્યા શ્રદ્ધા છે તે પરદ્રવ્ય

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ.

આ બધી કડીઓ પૂ. ગુરુદેવશ્રી માંગલિક ફરમાવતા હોય, કે કોઈ બીમાર હોય અને દર્શન આપવા જતાં હોય ત્યારે બોલતા હતા-તું છો મોક્ષ સ્વરૂપ-એ વાત ત્રિકાળીદ્રવ્યની કહી છે એમ વારંવાર પ્રશંસા કરતા હતા. તેમાં શ્રીમદે આત્મધર્મના મર્મને પ્રગટ કર્યો છે. ત્રણે કાળના જ્ઞાનીઓને જે કહેવું છે તે તત્ત્વનું રહસ્ય, શ્રીમદે પણ દાંડી પીટીને જાહેર કર્યું છે. યુક્તિ, અનુમાન, સર્વજ્ઞ કથિત આગમપ્રમાણ અને સ્વાનુભવથી આત્માનો સ્વીકાર કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે. પૂ. ગુરુદેવની નિર્દોષ વાણી કહે છે કે 'જેણે આ પંચમકાળમાં સત્ ધર્મની જાહેરાત કરી, અને પોતે અનંતભવનો છેડો કાઢી એક જ ભવ બાકી રહે તેવી પવિત્ર દશા આત્માને વિષે પ્રગટ કરી તેવા પવિત્ર પુરુષનું અતિ અતિ બહુમાન થવું જોઈએ. ધન્ય છે તેમને ! હું ચોક્કસ કહું છું કે ગુજરાત-(કાઠિયાવાડમાં) સૌરાષ્ટ્રમાં વર્તમાનકાળમાં મુમુક્ષુ જીવોના પરમ ઉપકારી હોય તો તે શ્રીમદ્ રાજચંદ્ર છે. શ્રીમદ્જીનું જીવન સમજવા માટે મતાગ્રહથી દૂર રહી એ પવિત્ર જીવનને મધ્યસ્થપણે જોવું જોઈએ. તેમની ભાષામાં અપૂર્વ ભાવ ભર્યા છે. તેમાં વૈરાગ્ય, ઉપશમ, વિવેક, સત્સમાગમ બધું છે. બાળકથી માંડીને આધ્યાત્મિક સત્સ્વરૂપની પરાકાષ્ટાને પહોંચેલા, ઊંડા ઊંડા ન્યાય, ગંભીર અર્થ તેમના લખાણમાં છે. વ્યવહારનીતિથી લઈને પૂર્ણ શુદ્ધતા કેવળજ્ઞાન સુધીના ભણકાર તેમાં છે. કોઈ જ્ઞાનબળના અપૂર્વ યોગે તે લખાયા છે. શ્રીમદ્‌ને સમયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળની ખબર હતી. તેથી બહુ જાહેરમાં આવ્યા નહિ. મારું લખાણ, મારું શાસ્ત્ર મધ્યસ્થ પુરુષો જ સમજી શકશે. મહાવીરના કોઈ પણ એક વાક્યને યથાર્થપણે સમજો. શુકલ અંત:કરણ વિના વીતરાગનાં વચનોને કોણ દાદ આપશે ! શ્રી સમયસારજી શાસ્ત્ર પહેલવહેલું લીંબડીમાં તેમના હાથમાં આવ્યું ત્યારે રૂપિયા ભરીને થાળી મંગાવી, શાસ્ત્ર લાવનાર ભાઈને શ્રીમદ્ ખોબો ભરીને રૂપિયા આપ્યા. એ પુસ્તક છપાય તેવી તેમની ઈચ્છા હતી. પરમશ્રુત પ્રભાવક મંડળની સ્થાપના કરી એ અધ્યાત્મ શાસ્ત્ર છપારાવ્યું (પાછળથી). આ શાસ્ત્રની પ્રથમ જાહેરાત કરનાર શ્રીમદ્ રાજચંદ્ર હતા. તેમનો અનંત ઉપકાર છે. તેનો લાભ અત્યારે ભાઈબહેનો લે છે તે શ્રીમદ્‌નો ઉપકાર છે.

શ્રીમદ્જીએ આત્મા કર્મનો વિભાવભાવે કર્તા છે. વિભાવપણે ભોક્તા છે. મોક્ષ છે જ અને મોક્ષ છે તેવો નિશ્ચય થતાં તેનો ઉપાય પણ છે. આ રીતે ષડ્દર્શન અને ષડ્પ્રશ્નની સંવાદીશૈલીમાં આત્મસિદ્ધિ શાસ્ત્ર લખેલ છે. આ બધા અભ્યાસથી સ્પષ્ટ થાય છે કે પૂ. ગુરૂદેવ શ્રીમદ્‌ને આદરથી સ્વીકારે છે. વ્યક્તિ ઉપર અસર સ્પર્શતી હોય તો તેને મહિમા આવે છે. તે ન્યાયે પૂ. ગુરુદેવ ઉપર કૃપાળુદેવની અસર છે તેવી પ્રતીતિ થાય છે.

પૂ. ગુરુદેવ વીર સં. ૨૪૭૬, મહાવદ ત્રીજને શુભ દિવસે વવાણીયા ક્ષેત્રે ગયા હતા. ત્યાં જન્મભુવનના સ્થળે પ્રવચન આપ્યું હતું તે વાક્ય છે કે 'અનેકાન્તિક માર્ગ પણ સમ્યક્ એકાન્ત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી.' ત્યારે પૂ. ગુરુદેવ શ્રીમદ્જીના જન્મસ્થાને તેમના અહોભાવમાં તેમના વૈરાગ્યમાં ઝૂલતા હતા. તેઓ કહે છે કે 'આ એક લીટીમાં શ્રીમદે સર્વજ્ઞના હૃદયનો મર્મ ગોઠવ્યો છે. બધાં શાસ્ત્રોનો છેવટનો સાર આમાં બતાવી દીધો છે. પાત્ર જીવ હોય તે તેનું રહસ્ય સમજી જાય છે. શ્રીમદ્‌નાં વચનો પાછળ એવો ગૂઢ ભાવ રહેલો છે કે ગુરુગમ વગર પોતાની મેળે એનો પત્તો ખાય તેમ નથી. શ્રીમદ્ આ એક લીટી દ્વારા, કોરડો મારીને અંતરમાં વાળવા માગે છે. આ એક લીટીમાં કેટલું રહસ્ય છે તેનું માપ બહારથી ન આવે. શ્રીમદ્ કહે છે કે ભાઈ ! સર્વજ્ઞ ભગવાને જે અનેકાન્ત માર્ગ કહ્યો છે તે સમ્યક્ એકાન્ત એવા નિજ પ્રાપ્તિ માટે જ ઉપકારી છે. અનેકાન્ત એટલે શું ? વસ્તુમાં નિત્ય-અનિત્ય વગેરે બબ્બે પરસ્પર વિરુદ્ધ ધર્મ રહ્યા છે, તેનું નામ અનેકાન્ત છે. સ્વભાવે 'શુદ્ધ' અને અવસ્થાએ 'અશુદ્ધ' એમ બે પડખાં જાણીને તેની સામે જ જોયા કરે અને શુદ્ધ સ્વભાવ તરફ ન વળે તો તેને નિજપદની પ્રાપ્તિ થતી નથી ને અશુદ્ધતા ટળતી નથી. પણ ત્રણેય કાળે હું શુદ્ધ છું ને પ્રાથમિક પર્યાયમાં અશુદ્ધતા છે એમ બંને પડખાં જાણીને જો ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તરફ વળે તો નિજપદની પ્રાપ્તિ થાય છે, ને અશુદ્ધતા ટળે છે. વસ્તુ અનંતગુણનો પિંડ છે તે વસ્તુ તો છે છે ને છે. ત્રિકાળી છે. તે વસ્તુ કાંઈ નવી પ્રાપ્ત થતી નથી. પરંતુ તેનું ભાન થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર્ય વડે પૂર્ણ પરમાત્મપદ પ્રગટે તેનું નામ નિજપદની પ્રાપ્તિ છે. મૂળ માર્ગમાં કહે છે કે

એ ત્રણે અભેદ પરિણામથી રે
જ્યારે વર્તે તે આત્મારૂપ – મૂળ મારગ સાંભળો
તેહ મારગ જિનનો પામીયો રે
કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ – મૂળ મારગ સાંભળો.

શ્રીમદ્‌નાં વચનોમાં જ્યાં હોય ત્યાં ભવના અંતનો પડકાર છે. 'મૂળ મારગ સાંભળો જિનનો રે' એમાં શ્રીમદ્જીએ સનાતન વીતરાગ ધર્મને સમજાવ્યો છે. એમ કહી સનાતન ધર્મનો મહિમા પૂ. ગુરુદેવ સ્વીકારતા હતા. સોનગઢમાં 'જિનમંદિર'નું નિર્માણ થયું ત્યારે પણ પૂજ્ય ગુરુદેવે મંદિર ઉપર 'સનાતન જિન મંદિર' નામ લખાવ્યું હતું. તેથી પૂ. ગુરુદેવ શ્રીમદ્‌ના ભાવોથી પ્રભાવિત છે તે સમજાય છે.

શ્રીમદ્ે છેલ્લા સંદેશમાં 'વર તે જય તે' એવા શબ્દો વાપર્યા છે તેનો અર્થ એ કે સાધક સ્વભાવનો જયકાર છે.

'સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્ધ્યાન મહિ,
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે જય તે.'

આ શબ્દમાં ઘણો ગંભીર ભાવ રહેલો છે, પૂર્ણ શુધ્ધ એવો ચૈતન્યઘન આત્મા ભેદજ્ઞાનના બળ વડે જાગૃત થાય છે અને એ જાતના ઉગ્ર પુરુષાર્થ વડે પૂર્ણ સુખસ્વરૂપ પ્રગટ થાય છે. જેને મુનિ આદિ ધર્માત્મા ઈચ્છે છે તે પૂર્ણ સ્વરૂપના લક્ષે અંતિમ સંદેશો કહી શ્રીમદે કાવ્યરચનામાં અંતિમ માંગલિક કર્યું છે. પોતાનું સ્વાધીન સુખ પ્રગટ કરવા માટે પ્રથમ જ સ્વરૂપની શ્રદ્ધા કરો. તેને જ જાણો. તેનો જ અનુભવ કરો.

ઉપર્યુક્ત વિચારોના નિષ્કર્ષરૂપે આપણે જાણી શકીએ છીએ. પૂ. ગુરુદેવ ઉપર શ્રીમદ્જીનો પ્રભાવ અનેક દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. ધર્મ-સંકુચિત સમયમાં શ્રીમદ્ નિર્ભિક વસ્તુસ્થિતિને નિરૂપ છે. તેમણે ગૃહસ્થાવેષમાં આત્માનુભવ પામી વસ્તુગતે વસ્તુ પ્રકાશી છે. ક્ષયોપશમ અને અન્ય રિદ્ધિસિદ્ધિને ગૌણ કરી, આત્મદશા બનાવવામાં જ શ્રીમદ્ અગ્રજ બન્યા છે. વીતરાગ માર્ગના સાચા શિલ્પી તરીકે, સમાજ ક્રિયાકાંડમાં જ પડ્યો હતો ત્યારે શ્રીમદ્ે અનેકાન્તવાદ, સર્વજ્ઞદર્શનને સમાજ સમક્ષ લેખિની દ્વારા પ્રગટ કરીને, રાષ્ટ્રપ્રેમ અને કુરીવાજોના સુધારક તરીકે ભક્તિ પણ અધ્યાત્મ માર્ગ છે તે રીતે મુમુક્ષુઓના સત્ય માર્ગદર્શકરૂપે સત્યાન્વેષકરૂપે, નિ:સ્પૃહ, નિર્મોહક, નિર્ભિક, નિર્દંભ ઉચ્ચ કોટીના જ્ઞાની ધર્માત્મારૂપે શ્રીમદ્‌ની અપૂર્વ અસર પૂ. ગુરુદેવશ્રી ઉપર છે તેમ લક્ષિત થાય છે.

જ્ઞાની જ્ઞાનીને ઓળખી લે છે. પૂ. ગુરૂદેવ પ્રથમ બધાને એક જ વાત કરતાં-તમે શ્રીમદ્ વાંચો. શ્રીમદ્ રાજચંદ્ર વાંચો. તેમાં નિશ્ચય-વ્યવહારની ઉત્તમ સંધિ છે. શ્રીમદ્‌ના વૈરાગ્યસંપન્ન વ્યક્તિત્વની છાપ પૂ. ગુરુદેવ ઉપર આદિથી અંત સુધી જીવનમાં વણાયેલી જોવા મળે છે.

❖❖❖

# રાઈ તથા દૈવસિક પ્રતિક્રમણ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈનદર્શન પ્રમાણે પ્રત્યેક પુદ્ગલ પરાવર્તમાં અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી વ્યતીત થઈ જાય છે. પ્રત્યેકમાં છ છ આરાઓ હોય છે અને પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણી ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમની હોય છે.

જૈનોના પર્વોમાં સર્વશ્રેષ્ઠ પર્વને પર્વાધિરાજ પર્યુષણ કહેવાય છે. આ પર્વ દરમ્યાન કલ્પસૂત્રનું વાંચન કરાય છે. આ મહાન સૂત્રમાં શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલ ઉત્કૃષ્ટ કોટિના આચારને, ઉત્કૃષ્ટ કોટિના સંયમ અને તપને, ઉત્કૃષ્ટ કોટિએ આચરી પોતાના આત્માને પરમાત્મા બનાવનારા શ્રી તીર્થંકર દેવોના પરમાત્મા બનવાની પ્રેરણા આપનારાં પવિત્ર જીવનચરિત્રો છે; તથા શ્રી તીર્થંકર પરમાત્માઓએ કહેલા ઉચ્ચ કોટિના સંયમતપનિષ્ઠ જીવનને જીવનારા સ્વપર કલ્યાણ કરનારા આચાર્યાદિ મહાન ગુરુદેવોનાં જીવનચરિત્રો છે. તેમજ આત્માને પરમાત્મપદ અપાવનારી એવી શ્રી સાધુ ભગવંતોની આચાર પ્રણાલિકા એટલે કે સાધુ-સમાચારી છે.

કલ્પસૂત્ર શબ્દમાં જે 'કલ્પ' શબ્દ છે તેના અનેકાર્થોમાંથી અહીં તેનો એક અર્થ 'સાધુસંતોનો આચાર' અભિપ્રેત છે. તેના ૧૦ પેટા ભેદોમાંથી આઠમો કલ્પ તે 'પ્રતિક્રમણ' કલ્પ છે.

પ્રતિક્રમણ કલ્પ પ્રમાણે પ્રથમ અને અંતિમ ૨૪ તીર્થંકરોનાં સાધુ-સાધ્વીઓને દોષ લાગે કે ન લાગે તો પણ દૈવસિક અને રાઈ પ્રતિક્રમણ સાંજે અને સવારે અવશ્ય કરવાનાં હોય છે. તેમજ પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણો પણ અવશ્ય કરવાનાં હોય છે. ૨૪ તીર્થંકરોમાંથી મધ્યના ૨૨ તીર્થંકરોના વારાના સાધુ-સાધ્વીઓને દોષ લાગે તો સાંજે દૈવસિક અને સવારના રાઈ પ્રતિક્રમણ કરવાનાં હોય; દોષ ન લાગે તો દૈવસિક કે રાઈ કરવાના હોતા નથી. તેમને પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ પણ કરવાનાં હોતાં નથી. તેઓ સરળ, સંનિષ્ઠ ચિત્તવ્યાપારવાળા હોવાથી આવી વ્યવસ્થા કરવામાં આવી છે.

બંને રાઈ તથા દૈવસિક પ્રતિક્રમણની સમય મર્યાદા એક સરખી ૪૮ મિનિટની છે. બંનેનો પ્રારંભ સરખી સામાયિક લેવાની વિધિથી કરાય છે. છ આવશ્યકોનાં નામો આ પ્રમાણે છે: સામાયિક, ચઉવિસ્સથો, વાંદણા, પડિક્કમણું, કાઉસ્સગ્ગ અને પચ્ચકખાણ. એમાં પ્રતિક્રમણ ચોથા સ્થાને છે. સાધુ-સાધ્વીઓએ ઉપર જોયું તે પ્રમાણે બંને પ્રતિક્રમણો અવશ્ય કરવાં જ જોઇએ અને તે પણ ઊભા રહીને. આજના જમાનામાં વર્ષ દરમ્યાન બંને પ્રતિક્રમણો કરનારા શ્રાવિકા તથા શ્રાવકોની સંખ્યા આંગળીએ ગણી શકાય તેટલી પણ ખરી ? શ્રાવિકાઓ કદાચ વધારે સંભવી શકે. બધા યુવાનો કદાચ ન કરી શકે પણ આખું વર્ષ કરનારા વૃદ્ધો કેટલાં ?

રાઈ પ્રતિક્રમણમાં ખમાસમણું દઈ રાત્રિ દરમ્યાન નિદ્રામાં લાગેલાં પાપો માટે 'કુસુમિણ, દુસુમિણ' માટે કાઉસ્સગ્ગ કરાય છે, જે દૈવસિકમાં નથી કરાતો. ચાર લોગસ્સનો આ કાઉસ્સગ્ગ સાગરવરગંભીરા સુધી કરવાનો છે અને તે પછી પૂરો લોગસ્સ ગણાય છે. ત્યારબાદ શ્રી જગચિંતામણિનું મોટું ચૈત્યવંદન કરાય છે, જેમાં ૧૫ અબજથી વધુ શાશ્વત બિંબોને પ્રણામ કરાય છે. દૈવસિકમાં નાનું ચૈત્યવંદન હોય છે. અહીં ચૈત્યવંદન જય વીયરાય સુધીનું છે જ્યારે દૈવસિકમાં નમુત્થુણં સુધી જ કરાય છે. દૈવસિક પ્રતિક્રમણ કરનારે જો પાણી આહાર લીધાં હોય તો પ્રારંભમાં મુહપત્તિનું પડિલેહણ કરી બે વાંદણા દીધા પછી પચ્ચકખાણ કર્યા બાદ ચૈત્યવંદન નાનું કરાય છે.

રાઈ-પ્રતિક્રમણમાં ચૈત્યવંદન કર્યા પછી ખમાસમણાપૂર્વક ભગવાનહં, આચાર્યહં, ઉપાધ્યાયહં, સર્વસાધુહં કહી આજ્ઞા માંગી સજ્ઝાય કરાય છે જે દૈવસિકમાં નથી. ભરહેસરની આ સજ્ઝાયમાં સદ્ગુણસંપન્ન મહાપુરુષો તથા સ્ત્રીરત્નોની નામાવલી આપી છે, જેઓનાં નામ માત્રથી પાપબંધ તૂટી જાય છે.

ત્યારબાદ જે મુનિની નિશ્રામાં પ્રતિક્રમણ કરાઈ રહ્યું હોય તેમની રાત્રિ સુખમય વ્યતીત થઈ છે ? સુખમય તપ કરી શકાય છે ? કોઈ પણ જાતની શારીરિક કે માનસિક મુશ્કેલી વિના તમારી સંયમયાત્રા સુખમય રીતે પસાર થઈ રહી છે ? એવા પ્રશ્નો પૂછી રાત્રિ દરમ્યાન જે કંઈ દુ:ચિંતન, ખોટી રીતે બોલવાનું થઈ ગયું, ખોટું આચરણ થઈ ગયું હોય તે બદલ મિચ્છામિ દુક્કડં માંગી નમુત્થુણં કરી કરેમિભંતે, તસ્સ ઉત્તરી કરણેણં, અન્નત્થ ઉચ્ચારી નિમ્મલયરા સુધી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી નવકાર પછી આખો લોગસ્સ ઉચ્ચારવો. ત્યારબાદ સૂત્રો, મુહપત્તિ, વાંદણાં, કાઉસગ્ગ વગેરે પછી 'સકલતીર્થ' બોલાય છે. એમાં અત્યંત સુંદર ભાવગર્ભિત તીર્થવંદના છે જેમાં સ્વર્ગ, પાતાલાદિ લોકના સર્વ તીર્થોની વંદના કરી સમેતશિખર, અષ્ટાપદ, વિમલાચલ, ગિરનાર, આબુ, શંખેશ્વર, તારંગા વગેરે ચૈત્યો, વિહરમાન જિનવીશ, અનંત સિદ્ધોને નિશદિન વંદનની સ્પૃહા તદ્દુપરાંત અઢી દ્વિપના અઢાર સહસ્ર શીલાંગના ધારક, પાંચ મહાવ્રતોના પાલન કરી સમિતિ, પાંચ આચારો (પંચાચાર) પાળી બાહ્યાભ્યંતર તપ કરનારા મુનિગણો કે જેઓ ગુણમણિમાલા ધારક છે તેમને વંદન કરી જીવ ભવસાગર તરી જવાની વાંછના સેવે છે. રાઈ પ્રતિક્રમણું અત્યંત ભાવવાહી, સુંદર, સર્વકામનાની પૂર્તિ કરનારું તીર્થવંદનાનું આ કાવ્ય રસવાહી તથા ભાવથી ભરપૂર છે !

આ બંને પ્રતિક્રમણોમાં ઉપરની વસ્તુ જરા વિગતે જોઈ લઇએ. રાઈ પ્રતિક્રમણમાં ઠાઉં કહી ચંદેસુ નિમ્મલયરા સુધીનો કાઉસ્સગ્ગ પછી પુક્ખરવર પછી આઠ અતિચારની ગાથાઓ આવે છે અને અહીં નવકારનો કાઉસ્સગ્ગ આવે છે. આનાથી ઊલટું એટલે દૈવસિક પ્રતિક્રમણમાં ક્રમમાં પરિવર્તન થાય છે. આનાથી તદ્દન ઊલટું એટલે નવકારના કાઉસ્સગ્ગ પછી ૪ થોય અને વંદિતાસૂત્ર પછી એક લોગસ્સ પછી પુક્ખરવર વગેરે આવે છે. રાઈ કરતાં ક્રમ ઊલટો બને છે. લઘુ શાંતિ સ્તવથી દૈવસિક પ્રતિક્રમણ પૂરું કરાય છે.

રાઈ પ્રતિક્રમણમાં ત્યારબાદ ભગવાનહં, અઢ્ઢાઈજ્જેસુ પછી ત્રણ ખમાસમણા દઈ શ્રી સીમંધર સ્વામીના દુહા, ત્યારબાદ બે ચૈત્યવંદન (જે દૈવસિકમાં નથી) કરાય છે: એક શ્રી સીમંધરસ્વામીનું અને બીજું ચૈત્યવંદન શ્રી સિદ્ધાચલજીની આરાધનાર્થે કરાય છે. તે પહેલાં ખમાસણા દેવાપૂર્વક પાંચ દુહા બોલવામાં આવે છે. અત્રે નોંધવું જોઇએ કે આ બંને ચૈત્યવંદનો સંપૂર્ણ પૂરેપૂરા કરાય છે. પછી અરિહંત ચેઇઆણં અન્નત્થ બાદ નવકારના કાઉસ્સગ્ગ કરી શ્રી શત્રુંજયની સ્તુતિ કરી રાઈ પ્રતિક્રમણ પૂરું થાય છે.

હવે દૈવસિક તરફ વળીએ તે પહેલાં દૈવસિક પ્રતિક્રમણ પૂરું થતાં સામાયિક પારવારનો વિધિ થાય છે. અહીં પરિવર્તન આમ કરાયું છે. બંનેમાં ચંદેસુ નિમ્મલયરા સુધી લોગસ્સ કહી દૈવસિકમાં અહીંથી ચઉક્કસાય પડિમલ્લુ...ચૈત્યવંદ ન આકારે બેસી કહી નમુત્થુણંથી જયવીયરાય સુધી ઉચ્ચારી મુહપત્તિ પડિલેહવી અને ત્યારપછી બાકીની વિધિ પૂરી કરાય છે. રાઈ કરતાં દૈવસિકમાં પારવા માટેની વિધિ, જરા વિસ્તૃત છે.

તુલનાત્મક દૃષ્ટિએ વિચારતાં રાઈ પ્રતિક્રમણ વધુ ભાવવાહી, મર્મસ્થળ સુધી પહોંચાડનારું છે. રાઈમાં રાત્રિ દરમ્યાન ત્રણ યોગો દ્વારા જે સાવદ્ય યોગો સેવાયા હોય તે માટે કુસુમિણ, દુસુમિણથી ભીના હૃદયે ક્ષમા માંગી છે. અહીં જે ચૈત્યવંદન છે તે ઘણું મોટું તથા સંપૂર્ણ કરાય છે. દૈવસિકમાં તેમ નથી. ભરહેસરની સજ્ઝાયમાં પણ વિશિષ્ટ ચારિત્રધારી સ્ત્રી-પુરુષોની નામાવલિ તથા તેમના જેવો આદર્શ સેવવો જોઇએ, પ્રેરણા લેવી જોઇએ તેથી તે આવકારપાત્ર છે. તેમાં છેવટમાં આવતાં બે ચૈત્યવંદનો મહાવિદેહ

સુધી પહોંચાડે છે. આ રીતે બે પ્રતિક્રમણોમાં કંઈક આગવી ભાત તથા વિશિષ્ટતા રાઈ પ્રતિક્રમણમાં દૃષ્ટિગોચર થાય છે.

ગમે તેમ, દોષ સેવાયા હોય કે ન સેવાયા હોય તો પણ બંને પ્રતિક્રમણો દ્રવ્ય પ્રતિક્રમણ ન રહેવાં જોઇએ. તે ભાવપ્રતિક્રમણ થાય તેવો પ્રયત્ન કરવો રહ્યો. તે માટે ભવાભિનંદી કે પુદ્ગલાનંદી ન થતાં, દુન્યવી કે સ્વર્ગીય કામનાનો ત્યાગ કરી, શુદ્ધ વિચારો સેવી તન્મય, તદાકાર, તદ્ગતચિત્તે, ઉલ્લાસ, ઉત્સાહ તથા કર્મક્ષય દ્વારા સમકિત મેળવવાના શુભ આદર્શો રાખી પ્રતિક્રમણ કરાય તો સમકિતી થવાની દિશામાં શુભ પગરણ માંડ્યા છે તેમ ગણાય. ધાર્મિક અનુષ્ઠાનાદિ સમકિતની પ્રાપ્તિ માટે કરાય તો ભ્રમર-કીટ ન્યાયે એક દિવસે તે અવશ્ય મળશે જ.

સમકિત માટે સાંસારિક કે આધ્યાત્મિક ક્રિયા કરતાં કરતાં સમકિત આપણા આંગણે આવીને ઊભું જ રહેશે તેમાં શંકાને સ્થાન ન હોઈ શકે, કારણ સમકિત અને તે પણ ક્ષાયિક વગર મુક્તિ સુલભ નથી. જેમણે મુક્તિ મેળવી છે, મેળવી હતી અને ભવિષ્યમાં મેળવશે તેમણે ક્ષાયિક સમકિત મેળવવું જ પડે. તેનાથી અર્ધપુદ્ગલ પરાવર્તકાળથી ન્યૂન સમયમાં મોક્ષલક્ષ્મી વરમાળા પહેરાવે જ એમાં શંકાને સ્થાન નથી.

બંને પ્રતિક્રમણોની આગવી વિશિષ્ટતા જોઈ લઈએ. રાઈ પ્રતિક્રમણમાં પ્રારંભમાં જ રાત્રિ દરમ્યાન ત્રણ યોગો દ્વારા સાવદ્ય પાપોનું પ્રાયશ્ચિત કરાવે છે. એ ચાર લોગસ્સ અને એક સંપૂર્ણ લોગસ્સથી થાય છે. ત્યાર પછી જગચિંતામણિનું સુંદર ભાવગ્રાહી સંપૂર્ણ ચૈત્યવંદન કરાય છે. પછીની સજ્ઝાય અત્યંત ઊર્મિપ્રદ તથા આત્મોન્નતિ પ્રેરક છે. પછી સાધુ ભગવંતોની સુખ સંયમયાત્રાની પૃચ્છા કરાય છે. લોગસ્સના કાઉસ્સગ્ગ પૂર્વક પુક્ખરવરદીવઢ્ઢે તથા સિદ્ધાણં બુદ્ધાણં સૂત્ર આવે છે. છઠ્ઠા આવશ્યકની મુહપત્તિના પડિલેહણ પછી સુંદર પ્રભાવક તીર્થવંદના રાઈમાં જ છે. એકેક નવકારના કાઉસ્સગ્ગ પૂર્વક પ્રારંભમાં નહીં પણ હવે જ થોયો આવે છે. પછી ત્રણ ખમાસમણા દઈ શ્રી સીમંધર સ્વામીના દુહા, ત્યારબાદ આખું શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન ત્યારપછી પ્રત્યેક ખમાસણા બાદ એક એક પાંચ શ્રી સિદ્ધાચલજીના ચૈત્યવંદન પૂર્વે દુહા આવે. પછી ફરી શ્રી સિદ્ધાચલજીનું સંપૂર્ણ ચૈત્યવંદન કરી સામાયિક પારવામાં આવે છે. આ રીતે રાઈમાં કુલ્લે ત્રણ ચૈત્યવંદન, ભરહેસરની સજ્ઝાય, તીર્થવંદના, શ્રી સીમંધર સ્વામી તથા શ્રી સિદ્ધાચલજીના પાંચ દુહા રાઇમાં જ સ્થાનાપન્ન થયેલાં છે.

દૈવસિક પ્રતિક્રમણમાં પ્રારંભે ભાત-પાણી વાપર્યા હોય તેમને માટે મુહપત્તિના પડિલેહણ પૂર્વક બે વાંદણા દેવામાં આવે છે. ત્યારબાદ પચ્ચક્ખાણ કરી ચૈત્યવંદન નમુત્થુણં સુધીનું જ કરી એકેક નવકારના કાયોત્સર્ગ કરી ચાર થોય કરાય છે. પછીની બધી વિધિ સમાન જ છે. અહીં પણ પૂર્વગત નમોડસ્તુ વર્ધમાનની ત્રણ ગાથા કરાય છે. સ્ત્રીઓ તેને સ્થાને સંસાર દાવાનલની ત્રણ ગાથા બોલે છે. અહીં પણ ભગવાનહં કહી અડ્ઢાઇજ્જેસુ પછી દેવસિઅ પાયચ્છિત્ત વિસોહણત્થં ચાર લોગસ્સ પછી સંપૂર્ણ લોગસ્સ પછી સજ્ઝાય અને ત્યારબાદ ફરી ચાર લોગસ્સનો સંપૂર્ણ કાયોત્સર્ગ અને નમો અરિહંતાણં કહી લઘુશાંતિ સ્તવ ઉચ્ચારાય છે. છેવટે દર્શાવેલી આ વિગતો રાઈમાં નથી. દૈવસિક પ્રતિક્રમણ પારવાની વિધિ રાઈ કરતાં જુદી અને જરા લાંબી છે.

મારા અનુભવ પ્રમાણે દૈવસિક પ્રતિક્રમણ ૪૮ મિનિટથી કંઈક ઓછા સમયમાં પૂરું થાય છે, જ્યારે રાઈ માટે ૪૮ મિનિટ કે તેથી કંઈ વધુ પણ લાગે. સુશ્રાવકો અને સુશ્રાવિકાઓ સામાયિક, પ્રતિક્રમણ પૂજા, દેવવંદન, વ્રત, જપ, તપાદિ અનુષ્ઠાનો કરે જ જાય પણ તે બધાં સમકિતના એક્કા વગર નિરર્થક, વ્યર્થ જાય છે તો શું કરવું ? આ અવસર્પિણીના અવશિષ્ટ સમયમાં ભરતક્ષેત્રમાંથી મોક્ષ દુર્લભ છે તો તેનો શો ઉપાય ?

ગતાનુગતિક, સંમૂર્છિમ ઢબે જે અનુષ્ઠાનાદિ કરીએ છીએ ત્યાં પુદ્ગલાનંદી કે ભવાભિનંદી ન થવું તથા ત્રણ યોગોમાં સામર્થ્યયોગ પણ નષ્ટ થયેલ છે તો ધર્મ કરવાની જે ઈચ્છા, આકાંક્ષા, હાર્દિક ઊર્મિ, ધર્મ સાધવાની જે ગરજ, તાલાવેલી, તમન્ના ઈચ્છાયોગમાં છે ત્યાંથી આગળ વધી શાસ્ત્રયોગમાં આવવું રહ્યું.

તે માટે ઈચ્છાયોગમાં આગળ વધતાં બીજી કક્ષાએ શાસ્ત્રયોગની પ્રવૃત્તિમાં અવાય છે. એમાં નિદ્રા, વિકથા, અનુપયોગ. ચંચળતા, સ્મૃતિભ્રંશ (વિસ્મરણ), સંશયાદિ સર્વે પ્રમાદોને ત્યજી શક્તિ અનુરૂપ અથવા સર્વ શક્તિ કેન્દ્રિત કરી તે તે દોષોને નિવારવા. તેથી આત્મા તે તે ધર્મારાધનામાં મન-વચન-કાયાથી એકાકાર થઈ જાય છે. એમાં તન્મય લક્ષવાળું, અનુરૂપ શુભ લેશ્યા અને અધ્યવસાયયુક્ત સ્પષ્ટ શુદ્ધ સૂત્ર ઉચ્ચારણ, સચોટ ક્રિયાવિધિ-પાલન, ચોક્કસ શાસ્ત્રોક્ત કાળ-મુદ્રા-મર્યાદાની જાળવણી તથા સંશય, ભ્રમ, વિસ્મરણ, અનુપયોગાદિ વિનાનો માનસિક અખંડ ઉપયોગ બરાબર ઝળહળતા રહે છે. આની પૂર્વે સત્ત્વ બરોબર કેળવેલું હોવાથી સાધનામાં પ્રમાદથી અતિચાર અને અપવાદનું સેવન ન હોવાથી એટલું ઊંચી કક્ષાનું અપ્રમત્તપણું હોય છે. આમ શાસ્ત્રયોગ આત્મસાત્ થયા બાદ સામર્થ્યયોગનો વિચાર કરી શકાય.

ઉપર જણાવેલા માર્ગો જો સિદ્ધ થાય તો અહીંથી મહાવિદેહાદિ ક્ષેત્રોમાં જવા જેટલું ભાથું ભેગું કરી લીધું હોવાથી સમકિત, અરે ક્ષાયિક મેળવવાની દિશામાં હરણફાળ ભરી શકાય. તે સિવાય બીજો કોઈ રસ્તો નથી, આરો નથી.

❖❖❖


**પ્રબુદ્ધ જીવન**

(રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : | દર મહિનાની ૧૬મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : | શ્રીમતી નિરુબહેન સુબોધભાઈ શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૫. તંત્રીનું નામ | : | ડૉ. રમણલાલ ચી. શાહ |
| કયા દેશના | : | ભારતીય |
| સરનામું | : | રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. |
| ૬. માલિકનું નામ અને સરનામું | : | શ્રી મુંબઈ જૈન યુવક સંઘ. રસધારા કો. ઓ. હા. સોસાયટી, ૩૫૮, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦ ૦૦૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૩-૨૦૦૨ રમણલાલ ચી. શાહ


માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271

● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૪ ● એપ્રિલ, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પ. પૂ. શ્રી કલાપૂર્ણસૂરિ મહારાજ

વર્તમાન સમગ્ર જૈન શાસનના સર્વોચ્ચ મહાત્માઓમાં જેમને અચૂક સ્થાન આપી શકાય એવા અધ્યાત્મયોગી, પ્રશાન્તમૂર્તિ, ગીતાર્થ આચાર્ય ભગવંત શ્રી વિજયકલાપૂર્ણસૂરિ મહારાજ સાહેબ રાજસ્થાનમાં ફલોદીમાં ચાતુર્માસ કરીને ગુજરાત-શંખેશ્વર તીર્થ તરફ પધારી રહ્યા હતા ત્યારે વિહારમાં જ ઝાલોર પાસે ૭૮ વર્ષની વયે કાળ ધર્મ પામ્યા. એમના પાર્થિવ દેહને શંખેશ્વર તીર્થની પવિત્ર ભૂમિમાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.

સ્વ. આચાર્ય ભગવંતે વિ. સં. ૨૦૧૦માં દીક્ષા લીધી હતી અને વિ. સં. ૨૦૫૮માં તેઓ કાળધર્મ પામ્યા. આ સાડા ચાર દાયકાથી અધિક સમયની એમની સંયમયાત્રામાં એમના હસ્તે સ્વપરકલ્યાણની અનેક ઉત્તમ પ્રવૃત્તિઓ થઈ છે. એમણે પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું એટલું જ નહિ પોતાના પરિવારના સભ્યોને પણ સંયમના માર્ગે આરોહણ કરાવ્યું અને બીજા અનેક જીવોને પણ વ્રત-સંયમનું દાન આપીને મોક્ષમાર્ગની પ્રેરણા આપી હતી. એમને હાથે કેટલી બધી દીક્ષાઓ થઈ હતી ! કચ્છ વાગડ સમુદાયના અઢીસોથી અધિક સાધુ-સાધ્વીઓના તેઓ નાયક બન્યા હતા.

સ્વ. પ. પૂ. શ્રી કલાપૂર્ણસૂરિ મહારાજ, નવકારમંત્રના અનન્ય આરાધક, મૈત્રી વગેરે ભાવનાઓને જીવનમાં ચરિતાર્થ કરનાર પ. પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભદ્રંકરવિજયજીના સાચા ઉત્તરાધિકારી થયા હતા. પ. પૂ. શ્રી પંન્યાસજી મહારાજનો આધ્યાત્મિક વારસો એમણે સાચવ્યો અને શોભાવ્યો છે. પ. પૂ. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ અને પ. પૂ. શ્રી કલાપૂર્ણસૂરિ મહારાજ જેવી જોડી જવલ્લે જ જોવા મળે. જૈન શાસન ઉપર તેમનો ઉપકાર અસીમ રહ્યો છે.

શ્રી કલાપૂર્ણવિજયજીને પહેલી વાર મેં જોયા હતા પાલિતાણામાં. ત્યારે પ. પૂ. શ્રી માનતુંગસૂરિજીની નિશ્રામાં આગમ વાચનાનો કાર્યક્રમ ચાલતો હતો. આચાર્ય મહારાજ પાટ પર બેઠા હતા અને નીચે બધા સાધુ-સાધ્વીઓમાં અગ્રેસર હતા મુનિ શ્રી કલાપૂર્ણવિજય. હું અને મારાં પત્ની એ વાચનામાં બેઠાં હતાં તે વખતે જોયું હતું કે બંને મહાત્માઓ એક એક શબ્દની છણાવટ કેટલી બધી ઝીણવટપૂર્વક કરતા હતા. સમર્થ જ્ઞાની મહાત્માઓ બેઠા હોય અને વાચનાનું કાર્ય ચાલતું હોય ત્યારે ઝટ પૂરું કરવાની ઉતાવળ ન હોય, પણ સૂક્ષ્માર્થના ઊંડાણમાં જવાની અને તત્ત્વનું યથાર્થ મહત્ત્વ સમજવાની અખૂટ ધીરજ હોય.

મારા મિત્ર શ્રી શશિકાન્તભાઈ મહેતા પ. પૂ. શ્રી કલાપૂર્ણસૂરિજીની સ્થિરતા હોય ત્યાં દર્શન-વંદનાર્થે અથવા પર્વારાધના માટે ઘણી વાર જતા. મહારાજ શ્રી શંખેશ્વરમાં બિરાજમાન હતા ત્યારે શ્રી શશિકાન્તભાઈ સાથે આચાર્યશ્રી પાસે કેટલીક વાર જવાનો યોગ મને પ્રાપ્ત થયો હતો.

મારા વડીલ મિત્ર પંડિત શ્રી પનાલાલભાઈ ગાંધીને આચાર્યશ્રી કેટલીક વાર ચાતુર્માસ દરમિયાન સાધુ-સાધ્વીઓને સ્વાધ્યાય કરાવવા અથવા જ્ઞાનચર્ચા માટે બોલાવતા. એક વખત મહારાજશ્રીનું શંખેશ્વરમાં ચાતુર્માસ હતું ત્યારે મારે પનાલાલભાઈ સાથે જવાનું થયું હતું. ત્યારે મહારાજશ્રી પાસે આટલી ભીડ રહેતી નહિ. નિરાંતે બેસવા મળતું અને સારી જ્ઞાનગોષ્ઠી થતી.

છેલ્લે પાલીતાણામાં જ્યારે મહારાજશ્રીનું ચાતુર્માસ હતું ત્યારે મારા મિત્ર શ્રી મહાસુખભાઈ શાહની સાથે મહારાજશ્રીને વંદન કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. પરંતુ એ દિવસોમાં એટલી બધી ભીડ રહેતી હતી કે નિરાંતે વાત થઈ શકી નહોતી. મહારાજશ્રીની તેજસ્વી, પવિત્ર, વાત્સલ્યસભર મુખમુદ્રાનાં દર્શન કરવા માટે લોકોનો ઘણો ધસારો રહેતો હતો.

આમ પૂજ્ય મહારાજશ્રીને મળવાનું મારે ઘણી વાર થયું હતું, પરંતુ એમના સાન્નિધ્યનો જેટલો લાભ લેવો જોઇએ તે સંજોગવશાત્ હું લઈ શક્યો નહોતો. પ્રભુભક્તિ, જ્ઞાનચર્ચા અને ધ્યાનસાધના માટે એમની પાસેથી મૂલ્યવાન માર્ગદર્શન મળતું. પોતે રાજસ્થાનના વતની હતા, પણ યુવાન વયે કચ્છના વાગડ સમુદાયમાં દીક્ષિત થયા હતા અને ઠેઠ દક્ષિણ ભારત સુધી ઘણા પ્રદેશોમાં વિચર્યા હતા. કચ્છના વાંકી તીર્થ સહિત એમના હસ્તે ધર્મ પ્રભાવનાનાં અનેક મોટાં કાર્યો થયાં હતાં.

શ્રી કલાપૂર્ણસૂરિજીનો જન્મ વિ. સં. ૧૯૮૦ના વૈશાખ સુદ ૨ના દિવસે રાજસ્થાનમાં ફલોદી નગરમાં થયો હતો. એમના પિતાશ્રીનું નામ પાબુદાન લુક્કડ અને માતાનું નામ ખમાબાઈ હતું. એમનું જન્મનામ અક્ષયરાજ પાડવામાં આવ્યું હતું. અક્ષયરાજનું બાળજીવન ફલોદીમાં પસાર થયું હતું. એમનાં માતુશ્રી ધર્મપરાયણ હતાં. વળી એમના મામાને પણ ધર્મનો એવો જ રંગ લાગેલો હતો. તેઓ દેરાસરે જાય, ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા જાય ત્યારે બાળ અક્ષયરાજને સાથે લઈ જતા. આથી બાળપણથી જ અક્ષયરાજમાં ધર્મના સંસ્કાર પડ્યા હતા. પાંચેક વર્ષની વયે અક્ષયરાજને ગામઠી શાળામાં ભણવા બેસાડ્યા હતા. અક્ષયરાજ શાળામાં તેજસ્વી વિદ્યાર્થી ગણાતા. તેઓ શાન્ત અને વિનયી હતા. એથી શિક્ષકોના મન પર એમનો સારો પ્રભાવ પડ્યો હતો. ઉપાશ્રયમાં વ્યાખ્યાનમાં તેમને ગજસુકુમાલ, જંબૂકુમાર, ધન્ના, શાલિભદ્ર વગેરેની કથાઓ સાંભળવા મળતી અને તે એમને બહુ ગમતી. કથાઓ સાંભળતી

# પાંચમો અને છઠ્ઠો આરો

## ❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈનદર્શન પ્રમાણે સંસારચક્રમાં અનંતાનંત અવસર્પિણી અને ઉત્સર્પિણીઓ વ્યતીત થાય છે. પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં છ છ આરાઓ હોય છે. પ્રત્યેકમાં ૧૦ ક્રોડા ક્રોડી સાગરોપમ હોય છે, તેમાં અવસર્પિણીથી ઊલટા ક્રમમાં ઉત્સર્પિણીના વર્ષોની ગણતરી કરાય છે. તેમાં અવસર્પિણીના પાંચમા અને છઠ્ઠા આરામાં તેમજ ઉત્સર્પિણીના પ્રથમ બે આરામાં સરખાં વર્ષો એટલે કે પ્રત્યેકમાં ૨૧,૦૦૦ હોય છે.

વૈદિક માન્યતા પ્રમાણે ચાર યુગો જેવા કે કૃત, ત્રેતા, દ્વાપર અને કલિને ગણતરીમાં લેવાય છે. ચાર યુગોના વર્ષોની સંખ્યા ૪૩૨૦૦૦૦૦૦૦ એટલે કે ૪૩૨ પછી ૭ મીંડાની ગણાય છે. આના કરતાં ઉત્સર્પિણી અને અવસર્પિણીનાં વર્ષોની સંખ્યા ઘણી મોટી છે. જૈનદર્શન પ્રમાણે અવસર્પિણીના અને ઉત્સર્પિણીના ત્રીજા-ચોથા આરામાં ૨૪ તીર્થંકરો થાય છે. આવી સ્થિતિ ભરત, ઐરાવત ક્ષેત્રમાં છે; જ્યારે મહાવિદેહમાં સર્વ કાળે તીર્થંકરોનું અસ્તિત્વ હોય છે. તેમાં ૨૦ તીર્થંકરો વિહરમાન, વિદ્યમાન ગણાય છે. ભરતક્ષેત્રમાં બીજા તીર્થંકર અજિતનાથસ્વામીના સમયમાં તીર્થંકરોની ઉત્કૃષ્ટ સંખ્યા ૧૭૦ હતી.

ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરો થયા તેમાં ૧૦ આશ્ચર્યો-અચ્છેરાં જેવાં કે ૧. તીર્થંકરના ગર્ભનું અપહરણ, ૨. ચમરેન્દ્રનો દેવલોકમાં ઉત્પાત, ૩. પ્રભુ મહાવીરની પ્રથમ દેશના નિષ્ફળ, ૪. ચંદ્ર-સૂર્યનું મૂળ વિમાનમાં નીચે આવવું, ૫. કેવળી થયા પછી પ્રભુ મહાવીરને ઉપસર્ગ, ૬. કૃષ્ણનું અમરકંકા ગમન, ૭. મલ્લીનાથનું સ્ત્રીરૂપે થવું, ૮. હરિવંશ કુળની ઉત્પત્તિ, ૯. અસંયતીની પૂજા, ૧૦. એક સમયે ૧૦૮નું સિદ્ધ થવું.

વળી ભગવાન મહાવીર સ્વામીના સમય બાદ ૧૦ વસ્તુઓનો લોપ થયો જેવી કે મન:પર્યવજ્ઞાન, પરમાવધિજ્ઞાન, પુલાકલબ્ધિ, આહારકશરીર, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, જિનકલ્પ, પવિહારવિશુદ્ધિચારિત્ર, સૂક્ષ્મ સંપરાયચારિત્ર, તથા યથાખ્યાતચારિત્ર. આ હકીકત શ્રી કલ્પસૂત્રમાં શ્રી મહાવીરના બ્રાહ્મણકુળમાં જન્મ પ્રસંગે તથા જંબૂસ્વામીના મોક્ષગમન પ્રસંગે અનુક્રમે જણાવી છે. જંબુસ્વામીની પાટપરંપરા ૨૧૦૦૦ વર્ષ સુધી દુપ્પસહસૂરિ સુધી ચાલશે. શ્રી કલ્પસૂત્રની ટીકા સુબોધિકામાં મહોપાધ્યાય વિનય વિજયજી મહારાજ સાહેબે લખ્યું છે કે ભરતક્ષેત્રના બીજાં ચાર ક્ષેત્રો તથા ઐરાવતના પાંચે ક્ષેત્રોમાં ૧૦ આશ્ચર્યો થતાં હોય છે.

'एवं च कालसाम्यात् शेषेष्वपि चतुर्षु भरतेषु
पंचसु एरावतेषु च प्रकारान्तरेण दश आश्चर्याणि ज्ञेयानि ।

અવસર્પિણીના પ્રથમ આરામાં (સુષમા સુષમા) યુગલિક જીવન હોય છે. દરેક જાતનાં કલ્પવૃક્ષો ઈચ્છાઓને શીઘ્રતાથી પૂરી કરે છે. શરીર ખૂબ મોટાં, ઘણાં મજબૂત હોય છે. અવસર્પિણીમાં સુખની માત્રા ઓછી અને દુ:ખની માત્રા ક્રમિક વધતી જતી હોય છે. જ્યારે ઉત્સર્પિણીમાં પ્રથમ આરામાં દુ:ખી વધારે અને ધીરે ધીરે આયુષ્ય, સુખ, બળાદિ કાળક્રમે વધતાં જાય છે એટલે અવસર્પિણીથી ઉલ્ટી રીતે ગણવાનું.

અવસર્પિણીના છેલ્લા બે આરામાં મિથ્યાત્વ ગાઢ, ગાઢતર, ગાઢતમ થતું રહે છે. અવિરતિ, કષાયો તથા પ્રમાદનું બાહુલ્ય વધવાથી આર્થિક, નૈતિક, ધાર્મિક, સામાજિક, રાજકીય સ્થિતિ બદતર અને કષ્ટપ્રાય: રહે છે. છઠ્ઠા આરામાં તો તદ્દન ધર્મવિહીન જીવન હોય છે. ભગવાન મહાવીર સ્વામી મોક્ષે પહોંચ્યા છતાં પણ બાકીના ૨૧૦૦૦ વર્ષો સુધી તેમનું શાસન ચાલતું રહેવાનું છે. છેલ્લે એક શ્રાવક, એક શ્રાવિકા, એક સાધુ અને એક સાધ્વી જૈનશાસન અને ધર્મના પ્રતિનિધિ તરીકે વિદ્યમાન હોય છે, જે શાસનની યશકલગી સ્વરૂપ બીના છે.

ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે કે પાંચમા આરાના અંતે મહાસત્ત્વશાળી ઈન્દ્રથી નમસ્કાર કરાયેલા છઠ્ઠનો ઉગ્ર તપ કરનારા દુપ્પસહસૂરિ, સુધી જૈન ધર્મ તથા ગચ્છની મર્યાદા રહેશે. સ્વર્ગથી ચ્યવેલા અંતિમ આચાર્ય દુ:પ્પસહસૂરિ, સાધ્વી ફલ્ગુશ્રી, શ્રાવક નાગિલ તથા શ્રાવિકા સત્યશ્રી એમ પ્રભુની આજ્ઞા માનનાર એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકા એ સંઘ ગણાશે. દશવૈકાલિક, જિતકલ્પ આવશ્યક, અનુયોદ્ઘાર, અને નંદિસૂત્ર આ ચાર આગમ પાંચમા આરાના અંત સુધી રહેશે.

વીરપ્રભુ પછી સુધર્માસ્વામીથી દુપ્પસહસૂરિ સુધી ૨૩ ઉદયમાં ૨૦૦૪ યુગપ્રધાનો તથા ૧૧ લાખ ૧૬ હજાર એકાવતારી ચારિત્રશીલ શાસ્ત્રના જાણકાર પ્રભાવક આચાર્યો થશે. 'કાલ સપ્તતિકા'ના આધારે આવી માહિતી 'મહાવીર જીવન જ્યોત' રચયિતા વિદુષી સાધ્વીજી સુનંદા મહારાજ સાહેબના શિષ્યા સાધ્વીજી વસંતપ્રભાશ્રીજીએ વીર નિ. સં. ૨૫૦૩માં આપી છે.

વળી, શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાન્તર ભાગ ૨ અને પૂર્તિ પૃ. ૫૯૨ પર આ પ્રમાણે નોંધ્યું છે. સાધુ દુપ્પસહસૂરિ, સાધ્વી ફલ્ગુશ્રી, શ્રાવક નાગિલ, શ્રાવિકા સત્યશ્રી, મરૂદેવી માતા તથા શાંતિનાથના સંદર્ભમાં વિમલ વાહન રાજા, સુમુખ મંત્રીશ્વર, આટલો સંઘ વિદ્યમાન હશે.

વળી, શ્રી ભદ્રબાહુ પ્રેરિત 'વીર પ્રવચન' લેખક મોહનલાલ દીપચંદ ચોકસીએ પણ આવી વાત 'ભગવાન મહાવીરની પાટપરંપરા'માં નોંધી છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી વિરચિત શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રના ૧૦મા પર્વમાં એતદ્‌વિષયક માહિતી મળે છે.

'કર્મ તણી ગતિ ન્યારી'ના લેખક પ. પૂ. પંન્યાસ શ્રી અરુણ વિજયજી મહારાજે તેમના ગ્રંથમાં ભાગ-૧ પૃષ્ઠ ૧૯૭ પર આનો નિર્દેશ કર્યો છે. શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબના ગ્રંથ લોકપ્રકાશમાં વિસ્તૃત માહિતી પીરસી છે.

મોક્ષે જવા માટે ઓછામાં ઓછું ૨ હાથ પ્રમાણ શરીર અને વધુમાં વધુ ૫૦૦ હાથની મનુષ્યની કાયા હોય તો જ મોક્ષે જવાય. છઠ્ઠા આરામાં મોક્ષે ન જવાય, કારણ કે શરીર એક જ હાથનું હોય છે.

છઠ્ઠા આરામાં ધર્મવિહીન દશા પરાકાષ્ઠાએ પહોંચી હશે; તેથી દુ:ખનું બાહુલ્ય, સુખાદિ નામશેષ અત્યંત સ્વલ્પ માત્રામાં હશે. ગાઢ મિથ્યાત્વ, કષાયો, પ્રમાદિ આત્મગુણ ઘાતક પરિબળો ઉગ્ર રહેવાથી બંનેમાં ૪૨૦૦૦ વર્ષો સુધી કૈવલ્ય પ્રાપ્ત કરાવનાર ક્ષાયિક સમ્યકત્વ તથા ક્ષપકશ્રેણિ અદૃશ્ય રહે છે. વળી શાસ્ત્ર કહે છે કે આ બધાં વર્ષો દરમ્યાન ભરત ક્ષેત્રના જીવો વિરાધક હોવાથી તેમના માટે ક્ષાયિક સમ્યકત્વાદિ દુર્લભ રહે છે; કેમકે સમ્યગ્દર્શન વગરના જીવો વિરાધક, સમ્યગ્દર્શનવાળા આરાધક.

વિદ્યમાન એક સુપ્રસિદ્ધ વિદ્વાન આચાર્ય ભગવંતને મેં પૂછ્યું કે અમારા જેવાં માર્ગાનુસારી, અવિરત કે દેશવિરત શ્રાવક-શ્રાવિકાદિ વિરાધક હોય તે સમજી શકાય પણ તમારા જેવાં સર્વવિરતિધર શાસનપ્રભાવક મુનિભગવંતો તપાદિમાં રચ્યાપચ્યા રહેનારાં પણ વિરાધક ગણાય ? તેમણે જણાવ્યું કે કાલપ્રભાવવશ અમારી સ્થિતિ પણ તેવી જ ગણાય ! તો આ અવસર્પિણમાં થયેલી વંદનીય વિભૂતિઓ ઉપશમ કે ક્ષાયિક શ્રેણિના અધિકારી ન હોય તો આપણાં જેવાંનો શો હિસાબ ! પરંતુ આશ્વાસનનું એક કિરણ આમ છે કે આ વિભૂતિઓ તથા તેના જેવાં લોકો શાસ્ત્રાનુસાર ચરમાવર્તમાં આવેલાં,

અચરમાવર્તમાં પાછા ન પડનારાં, અપુનર્બંધકાદિ અવસ્થાએ પહોંચેલાં માર્ગાનુસારી, માર્ગાભિમુખ, માર્ગપતિત હોવાથી એક કે અર્ધપુદ્ગલ પરાવર્તકાળમાં અવશ્ય મોક્ષે જશે જ તે કંઈ ઓછું આશ્વાસનનું કારણ છે? ભલે ને તે ગાળો ઘણો મોટો હોય ? આપણે ઉપર જે ૧૦ વસ્તુ ગણાવી તેમાંની મુખ્ય બે વસ્તુ જેવી કે ક્ષાયિક સમ્યકત્વ (ક્ષપકશ્રેણિ), ઉપશમશ્રેણિ તથા યથાખ્યાત ચારિત્ર. આશ્વાસન એ વાતનું રહે છે કે ક્ષાયોપશમિક સમ્યકત્વ વિષે કશો નિર્દેશ કર્યો નથી, મૌન સેવ્યું છે તે પણ જો સંપૂર્ણપણે પામી શકાય તો ઘણું પામ્યા. તેથી તે માટેના પુરુષાર્થને અવકાશ રહે છે.

ભગવાન મહાવીર સ્વામીના ૧૧ ગણધરોમાં ગૌતમ ગણધરનું આયુષ્ય ઓછું હોવાથી તેમના પછી સુધર્માસ્વામીએ શાસનનું સુકાન સંભાળ્યું. તેમના પછી આ અવસર્પિણીમાં છેલ્લા કેવળી જંબૂસ્વામી થયા. કેટલાક જ્યોતિર્ધરો સુંદર તપાદિ તથા શાસન સેવા કરવા છતાં પણ એ ભવમાં મોક્ષાધિકારી ન થઈ શકે તેનું કારણ અત્યારે કોઈ પણ સાધુ-સાધ્વી કે અન્ય ૭મા ગુણસ્થાનકથી ઉપર જઈ શકતા નથી. ૮મા ગુણસ્થાને જ મોક્ષમાર્ગ મોકળો થતાં અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ અને તે પછી જ સમ્યકત્વ પામી શકાય ! દર્શન સપ્તકનો ક્ષય પણ અશક્ય છે.

કલ્પસૂત્ર પ્રમાણે ક્ષપક અને ઉપશમશ્રેણિનો લોપ થયો છે છતાં પણ શ્રાયિક સમકિતી જીવો અર્ધપુદ્ગલપરાવર્તકાળથી ઓછા સમયમાં મોક્ષ પામી શકે છે. તેના ઉદાહરણો જોઇએ. શ્રેણિક મહારાજા મહામિથ્યાત્વી હતા. ચેલ્લણા રાણીએ કુનેહપૂર્વક જૈનધર્મી બનાવ્યા, અનાથમુનિના સમાગમથી સમકિતી બન્યા. હરણીના બચ્ચાંને તડફડતાં જોઈ ખૂબ આનંદિત બન્યા જેથી અત્યારે પ્રથમ નરકમાં છે. કાલાંતરે આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે. એવી જ રીતે શ્રીકૃષ્ણનો જીવ હવે ૧૨મા અમમ તીર્થંકર થશે, તેથી આયુષ્યનો બંધ ન પડ્યો હોય તેવાં જીવો ક્ષાયિક સમકિતી હોવાથી યોગ્ય કાળે અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષે સીધાવે છે. આ સમયગાળો તો ઘણો મોટો છે. સાગર ઓળંગતા કિનારે આવી એકાએક કૂદકો કે છલાંગ આવશ્યક રહે છે તે છે સુપુરુષાર્થ. બંનેએ ચોથા આરામાં જન્મ લીધો હતો ને ! ચારિત્રમોહનીય કર્મના ઉદયથી બંને દીક્ષા લઈ શકતા ન હતા. પરંતુ શ્રેણિકરાજાએ ધન્નાની દીક્ષા પ્રસંગે છડીધર બની મહોત્સવ દીપાવ્યો તથા શ્રી કૃષ્ણે પુત્રીઓને દીક્ષા માટે ચારિત્રમાર્ગે જવા પ્રોત્સાહિત કરતા તથા અન્યોના કુટુંબાદિની ભરણપોષણની જવાબદારી લેવા તૈયારી બતાવી હતી.

કલ્પસૂત્ર પ્રમાણે શ્રેણિમાં ક્ષપક બંધ થઈ, લુપ્ત થઈ તેથી તે માટે પ્રયત્ન ન થાય કેમ કે શ્રેણિ ચોથા, પાંચમે, છઠ્ઠા, સાતમે ગુણસ્થાનકે રહેલો જીવ પામી શકે છે. આગળ વધીએ તે પૂર્વે જે ચાર વ્યક્તિ પાંચમા આરાના અંતે હશે તેમાંથી પહેલા-બે (શ્રાવક-શ્રાવિકા) ચોથે અને બાકીના બે (સાધુ-સાધ્વી) પાંચમે-છઠ્ઠે ગુણસ્થાનકે હોઈ શકે. ૭મું ગુણસ્થાનક પહોંચની બહાર હોવાથી તે પછી ગ્રંથિભેદ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સમ્યક્ત્વ ક્યાંથી સંભવી શકે ?

તેથી ઉપશમ, ક્ષાયોપશમિક, ક્ષાયિક શ્રેણિઓ તથા ઉપશમ સમ્યકત્વ, ક્ષાયોપશમિક, સમ્યકત્વ તથા ક્ષાયિક સમ્યકત્વની જાણ કરી લઇએ. આયંબિલની ઓળીના સુમાંગલિક પર્વે ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી રચિત શ્રીપાલરાજાનો રાસ હોંશપૂર્વક વંચાય છે. તેના ચતુર્થ ખંડની ૧૧મી ઢાળમાં ૨૬મા શ્લોકમાં શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષાપૂર્વક શ્રદ્ધાના પરિણામને સમ્યક્દર્શન કહ્યું છે. ૨૭મા શ્લોકમાં ત્રણ પ્રકારના સમ્યકત્વ વિષે કહ્યું છે : દર્શન સપ્તકરૂપી કર્મમળને ઉપશમવાથી ઉપશમ સમ્યકત્વ, ક્ષયોપશમ કરવાથી ક્ષયોપશમિક સમ્યકત્વ, ક્ષય કરવાથી ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત થાય છે.

૨૮મા શ્લોકમાં જણાવ્યું છે કે સંપૂર્ણ સંસારચક્રમાં ઉપશમ સમ્યકત્વ પાંચવાર, ક્ષાયોપશમિક સમ્યકત્વ અસંખ્યાતીવાર અને ક્ષાયિક એકવાર મલે છે. ૩૦મા શ્લોકમાં પ્રતિપાદિત કર્યું છે કે સમ્યકત્વ શ્રદ્ધા વગેરે ૬૭ બોલથી અલંકૃત થયેલું છે; જ્ઞાન, ચારિત્રના મૂળ સમાન છે; મોક્ષમાર્ગ માટે સદા અનુકૂળ છે.

ચાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ (કર્કશ કષાયો); સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, અને મિથ્યાત્વ મોહનીય આ સાતને દર્શનસપ્તક કહેવાય છે. આ સાતનો ક્ષય કરવાથી ક્ષાયિક સમ્યકત્વ પમાય છે. જે આ આરામાં અશક્ય છે કેમકે મહામિથ્યાત્વી જીવો અત્ર તે કરી શકનાર નથી તેથી કલ્પસૂત્રમાં ક્ષાયિક સમ્યકત્વનો લોપ કહ્યો છે.

જે જીવને અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ મોહનીય સત્તામાં હોય; પણ પ્રદેશ કે રસોદય ન હોય તેને ઔપશમિક સમ્યકત્વ હોય છે. તે આત્માને સમ્યકત્વ હોય જે કર્મના ઉપશમને લીધે પ્રાપ્ત થયેલું હોવાથી ઔપશમિક સમ્યકત્વ કહેવાય. આ કર્મનો વિદ્યમાન આરામાં પણ ઉપશમ ન થઈ શકે તેમ હોવાથી કલ્પસૂત્ર પ્રમાણે ઉપશમ સમ્યકત્વ પણ લુપ્ત બતાવ્યું છે.

જે જીવને મિથ્યાત્વ મોહનીય સત્તામાં છે, સમ્યકત્વ મોહનીયના દળિયાં ઉદયમાં છે; પરંતુ ચાર અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ મોહનીયના પ્રદેશોનો રસથી ઉદય નથી તેને ક્ષાયોપશમિક સમ્યકત્વ હોય છે. જે માટે કલ્પસૂત્રે બારી ઉઘાડી રાખી છે.

વળી, જે જીવને ચાર કષાય તેમજ મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યકત્વ એ ત્રણ પ્રકારનાં દર્શનમોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય કર્યો હોય તેને ક્ષાયિક સમ્યકત્વ હોય જે પણ અત્રે અશક્ય છે. તેમજ દર્શન મોહનીય અને મિથ્યાત્વ મોહનીયની ૭+૨૧=૨૮ પ્રકૃતિનો ક્ષયથી પણ ક્ષાયિક સમ્યકત્વ અત્રે અશક્ય જ છે ને ?

જીવને પ્રથમવાર સમ્યકત્વની સ્પર્શના થાય ત્યારે પ્રાય: ઔપશમિક સમ્યકત્વ હોય, તે નમ્યા પછી મિથ્યાત્વમાં સરકેલા જીવને ફરી સમ્યકત્વ થાય ત્યારે ક્ષાયિક સિવાયના બેમાંથી ગમે તે એક સમ્યકત્વ થાય છે. સમ્યકત્વ વગર કોઈ પણ જીવ વિરત બની શકતો નથી. ઔપશમિકની સ્થિતિ અંતર્મુહૂર્તની છે; ક્ષાયોપશમિકની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમથી કંઈક અધિક છે. આ બંને સમ્યકત્વ સાદિ-સાંત છે; જ્યારે ક્ષાયિક સમ્યકત્વ એકવાર આવ્યા પછી જતું નથી, તેથી તેની સ્થિતિ-સાદિ-અનંત છે.

આ અંગે બે સિદ્ધાંતો જોઇએ તે પૂર્વે ફરી એવાર ક્ષપકશ્રેણિ માટે ૪થું, ૫મું, ૬ઠ્ઠું, ૭મું ગુણસ્થાનક જોઇએ. ઉપરાંત પ્રથમ સંઘયણાદિ તથા યથાખ્યાતચારિત્ર પણ જોઇએ. જે હવે શક્ય નથી તેથી કલ્પસૂત્ર પ્રમાણે ક્ષપકશ્રેણી બંધ છે તે વાત સ્પષ્ટ થઈ ગઈ !

ઉપશમશ્રેણી પણ ન થાય કેમકે તે લુપ્ત થઈ ગઈ. અહીં કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક મતો તપાસીએ. કાર્મગ્રંથિક પ્રમાણે અનિવૃત્તિકરણના સમય દરમ્યાન ત્રણ પ્રકારનાં કાર્યો થઈ શકે. એક અંતર્મુહૂર્તમાં ઉદયમાં આવનારાં મિથ્યાત્વ મોહનીયનાં દલિકો ખપાવે, બીજું જેની સ્થિતિ ઘટાડી શકાય તેની ઘટાડી તેને ખપાવે, ત્રીજું જેની સ્થિતિ ઘટાડી ન શકાય તેની સ્થિતિ વધારી દે. આ મતમાં સમ્યકત્વના પરિણામ પામનારાં અનાદિ મિથ્યાત્વી જીવો પહેલાં ઔપશમિક સમ્યકત્વના પરિણામને જ પામે છે, ત્યારે સૈદ્ધાન્તિક મત પ્રમાણે બધાં જ જીવો ઔપશમિક સમ્યકત્વ પામે તેવો નિયમ નથી. તેવાં જીવો તેના વિના ક્ષાયોપશમિક સમ્યકત્વ પામે. જે જીવો ઔપશમિક સમ્યકત્વને પામનારા હોય તેઓ તે પામે; પરંતુ એવાં જીવો પણ હોઈ શકે જે આ ન પામતાં અનિવૃત્તિકરણ દ્વારા ક્ષાયોપશમિક જ પામે. કલ્પસૂત્રે

ક્ષાયોપશમિક માટે ક્યાં લુપ્તની વાત કરી છે ? બીજું સૈદ્ધાન્તિક મત પ્રમાણે અનાદિ મિથ્યાત્વી જીવો જે ક્ષાયોપશમિક સમ્યકત્વ પામનારા હોય તેઓ અપૂર્વકરણના કાળમાં જેમ ગ્રંથિભેદ કરે છે તેમ ત્રણ પુંજ પણ અપૂર્વકરણ કાળમાં જ કરે છે.

અહીં બીજો શાસ્ત્રીય મત એવો છે કે મિથ્યાદૃષ્ટિ જીવ ઔપશમિક સમ્યકત્વ પામ્યા વિના સીધો જ ક્ષાયોપશમિક સમ્યકત્વ પામી શકે છે. તે જીવ અપૂર્વકરણ દ્વારા ગ્રંથિભેદ કરી તે કાળમાં ત્રણ પુંજ કરે છે પછી અનિવૃત્તિકરણ દ્વારા ત્રણ પુંજ પૈકીના શુદ્ધ પુંજના ઉદયને પામે છે તે પામી ક્ષાયોપશમિક સમ્યકત્વના પરિણામનો સ્વામી બને છે. જે માટે કલ્પસૂત્રે મના ફરમાવી નથી કારણ કે તેનો ઉત્કૃષ્ટ સમય ૬૬ સાગરોપમનો છે જે ૨૧૦૦૦+૨૧૦૦૦=૪૨૦૦૦ અને તે પછી ક્યારે પણ મોક્ષનો અધિકારી બની શકે છે ને ? ઉપર જણાવેલી માન્યતા પ્રમાણે જીવ મિથ્યાત્વ મોહનીયનાં દળિયાનાં ત્રણ પુંજ અનિવૃત્તિકરણથી નહીં પણ અપૂર્વકરણથી કરે છે.

આ ચર્ચાનું કારણ કલ્પસૂત્રે ક્ષાયોપશમિક સમ્યકત્વ અંગે નકારાત્મક નન્નો નથી જણાવ્યો જેવી રીતે ઉપશમ અને ક્ષાયિક સમ્યકત્વ લુપ્ત થયેલ છે, તેના દ્વાર બંધ થઈ ગયા છે. તેથી ક્ષાયિક નથી તે સમજાયું, ક્ષાયોપશમિક (ઉત્કૃષ્ટ) શક્ય છે તે માટે મૌન સેવ્યું છે, એટલે કે દ્વાર ખુલ્લા રાખ્યાં છે. વળી જઘન્ય જે અંતર્મુહૂર્તનું છે તે તો આ સમયમાં શક્ય જ નથી ને.

હવે ઉપશમ કેમ ન મળે તે તરફ નજર ફેરવીએ. ચર્ચા સમજવા માટે પુનરુક્તિ દોષ ક્ષન્તવ્ય ગણવો જોઇએ. દર્શન સપ્તકનો ક્ષય થાય ત્યારે ક્ષાયિક સમ્યકત્વ પામી શકાય જે તો શક્ય જ નથી ! જીવ જ્યારે ૮મા પછી ૯મા ગુણસ્થાનકે અનિવૃત્તિકરણ અને ત્યાર પછી ૧૦મા ગુણ ઠાણે ઉપશમ શ્રેણિ માંડે ત્યારે સૂક્ષ્મ સંપરાય સંજવલન લોભનો ઉદય હોઈ શકે છે. ઉપશમ શ્રેણિ માંડતો જીવ ૧૦ મેથી ૧૧મે ગુણઠાણે આવતાં ઉપશાંત કરેલાં કષાય મોહનીયનો ઉદય થતાં પડીને ૬,૭,૫,૪ કે પ્રથમ ગુણઠાણે પણ પહોંચી જાય. જો તે નિગોદ સુધી પહોંચે તો ખેલ ખતમ! તેથી કલ્પસૂત્રમાં ઉપશમશ્રેણિને લુપ્ત બતાવી છે. જ્યારે ક્ષપકશ્રેણિ માંડનારો જીવ તો આ ગુણઠાણે ન થોભતાં સીધો ૧૨મા ગુણઠાણે આવી જાય છે. આ (આરામાં ૭મા ગુણસ્થાનકે ન જવાય તેથી ઉપશમ શ્રેણિ શક્ય નથી તે સમજાયું હશે ? પરંતુ દર્શન સપ્તકનો ક્ષય કરી અટકી જનારો જીવ ખંડક્ષપક શ્રેણિનો હોઈ ફરીથી તેણે પ્રયત્ન કરવાનો બાકી રહે છે; પરંતુ અર્ધપુદ્ગલપરાવર્તકાળની અંદર અંદર જ તેને માટે મોક્ષ સુનિશ્ચિત જ છે.

ભલે પાંચમા-છઠ્ઠા આરામાં મોક્ષ શક્ય નથી પરંતુ બંનેના ૩જા ૪થા આરામાં સુપુરુષાર્થ દ્વારા તે શક્ય છે ને ? બંને એટલે ઉત્સર્પિણી અને અવસર્પિણીના ત્રીજા-ચોથા આરામાં. સમાપન કરીએ તે પહેલાં દર્શનસપ્તક વિષે ઉહાપોહ કરી લઇએ. જૈન દાર્શનિક સિદ્ધાન્તો સમજવા કે આત્મસાત કરવા અથવા તત્ત્વજ્ઞાનની તાત્ત્વિક ચર્ચાનું સ્પષ્ટીકરણ કે વિશદીકરણ માટે પુનરુક્તિ અથવા અનુપ્રેક્ષા જરૂરી હોય છે. તેથી તેને વિગતે સમજાવવા માટે જુદી જુદી રીતે, ઢબે રજૂ કરવાનું જરૂરી બને છે.

દર્શન સપ્તક વિષે ઉહાપોહ કરીએ. અત્યારે તેનો ઉપશમ કે ક્ષય શક્ય નથી કેમકે ઉપશમ અને ક્ષાયિક સમ્યકત્વ માટેની ઉપશમ તથા ક્ષાયિક શ્રેણિ લુપ્ત થઈ છે. વિદ્વાન વાચક જાણે છે તે પ્રમાણે અનંતાનુબંધી ચાર કષાયો જેવાં કે ક્રોધ, માન, માયા અને લોભ ઉપરાંત સમ્યકત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય આ સાતને ઉપશમવા માટેનો પ્રયત્ન સાધનાના માર્ગે હરણફાળ ભરાવી શકે તેમ છે.

ચર્ચાના પરિણામ રૂપે નિષ્કર્ષ નીકળે છે કે આ બે આરામાં ઉપશમ તથા ક્ષાયિક શ્રેણિઓ લુપ્ત થઈ ગઈ છે. તે સમજમાં આવી ગયું પણ કલ્પસૂત્રે ક્ષાયોપશમિક માટે કેમ મૌન ધારણ કર્યું છે ? તેની ગૂંચ છે. આપણે જાણીએ છીએ કે ક્ષાયોપશમિકની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે તથા ઉત્કૃષ્ટ સ્થિતિ ૬૬ સાગરોપમની છે. અહીં જે જીવનું આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય તે જઘન્ય સ્થિતિ ક્ષાયોપશમિકની પામવાને પાત્ર છે. વળી, શાસ્ત્ર પ્રમાણે જઘન્ય સ્થિતિ પૂરી થતાં ક્ષાયિક સમ્યકત્વ એટલે ક્ષપક શ્રેણિ પર આરૂઢ થવું જ જોઇએ. જેના દ્વાર બંધ છે ને ? જે જીવે ૬૬ સાગરોપમ સ્થિતિનું ક્ષાયોપશમિક સમ્યકત્વ હાંસલ કરી લીધું છે તેણે તો તે દીર્ઘ સમયની પ્રતીક્ષા કરવી પડે ને ? આ બંને આરાની કુલ સ્થિતિ મર્યાદા ૪૨૦૦૦ વર્ષોની છે જે મુદત દરમ્યાન ક્ષાયોપશમિક સમ્યકત્વનું ફળ કેવી રીતે ભોગવાય? તેથી બંને પ્રકારના ક્ષાયોપશમિક સમ્યકત્વ મળે તેમ હોવા છતાં સમય મયાર્દા વિરુદ્ધગામી હોવાથી ક્ષાયોપશમિક ક્ષમ્યકત્વ અને તે પછીનાં પગથિયા કયાંથી સુગમ બને? આ આશયથી કલ્પસૂત્રે શું તે અંગે મૌન ધારણ કર્યું છે? આ મુદ્દા પર જાણકાર વિદ્વાન સહૃદયી તત્ત્વવેત્તા કે કર્મગ્રંથોના નિષ્ણાત જાણકાર પ્રકાશ ફેંકે. વળી ક્ષાયોપક્ષિક સમ્યકત્વ અનેક વાર આવે અને જાય છે.

પાંચમા આરાના જીવો છેલ્લા-છઠ્ઠા સંઘયણવાળા હોવાથી આજે આપણે વધુમાં વધુ બીજી નરક સુધી જ જઈ શકીએ. આરંભ-સમારંભ, ક્રૂર કર્મો, અભક્ષ્ય ભક્ષણ, રાત્રિભોજનાદિને લીધે જ ને!

છઠ્ઠા આરાને તો દૂરથી જ નવગજના નમસ્કાર. તેનો વિચાર દિલને કંપાવી નાંખે છે. આ સમય દરમ્યાન ગાઢતમ મિથ્યાત્વ ક્રમિક રીતે વૃદ્ધિંગત થતું રહેવાનું. તેના દ્વારા કુસંસ્કાર, કુરિવાજ, કુકર્મો, કુચરિત્ર, કુદેવ, કુધર્મ, કુગુરુ, કુકષાયોની કરવત કે કરામત કેવી હશે જે નરક-નિગોદની સ્થિતિ સમકક્ષ હોઈ શકે. કેવી રીતે આ સમય ગાળો વ્યતીત કરવો તે કંઈ કલ્પનાના ક્ષેત્રની બહાર હશે ને? સમય સમયનું કામ કેટલાયે પુદ્ગલપરાવર્તોમાં કરે છે, કર્યું છે અને કર્યા કરશે. આજની પરિભાષામાં કહેવું હોય તો તેઓ epicurion ફિલસૂફીના હિમાયતી હોઈ શકે છે. તેઓ ચાર્વાક મતની ફિલસૂફીમાં રચ્યાપચ્યા હોઈ તેઓનું મંતવ્ય તથા કરણી આ પ્રમાણે હોઈ શકે છે :-

यावज्जीवेत् सुखं जीवेत् ऋणंकृत्वा धृतं पिबेत् ।
भस्मीभूतस्य देहस्य कुतः पुनरागमनं भवेत् ॥

વિરાધક જીવો વિષે શાસ્ત્રીય મત આપણે ઉપર જોયો. તેનું ફળ કેવું હોઈ શકે તે પાંચ અને છ આરાના વર્ણન પરથી જાણી લેવું. આ સંદર્ભમાં આરાધક કોને કહેવાય અને તેઓ વિષે અતિ સંક્ષેપમાં જાણકારી લઈ લઈએ. સુદેવ, સુગુરુ અને સુધર્મને માનવાવાળો જ સાચી શ્રદ્ધાવાળો છે, સમકિત દૃષ્ટિ છે, અને આરાધક છે. શ્રી જિનેશ્વરનું વચન સત્ય છે તેવી શ્રદ્ધા ન થાય ત્યાં સુધી આત્મા આગળ વધી શકતો નથી. આને શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ ધર્મનું બીજ કહ્યું છે. તેથી સમકિતપૂર્વકની સિદ્ધાંતાનુસાર શુદ્ધભાવથી કરેલી ધર્મક્રિયા આરાધનામાં ખપે છે, જેની કિંમત છે, તેનાથી મોક્ષરૂપ મહાન ફળની પ્રાપ્તિ થાય છે. ટૂંકમાં શ્રદ્ધાપૂર્વકની કલ્યાણની કામનાથી કરેલી ક્રિયાનું નામ જ આરાધના છે.

ઉપર આપણે શાસ્ત્રીય મત જોયો જે પ્રમાણે અત્યારના હાલના ચાલુ પાંચમાં આરામાં જીવો એકંદરે વિરાધક હોય છે. હુંડાવસર્પિણી જેવા કપરા કાળમાં ધર્મ પરચો બતાવે છે. મુક્તિમાં પહોંચાડનારી શ્રેષ્ઠ ધર્મ ક્રિયાઓ અને શુભ અનુષ્ઠાનો કરતાં આત્મા વિરાધક ભાવને પામી સંસાર વધારી મૂકે છે, રખડપટ્ટીમાં પડે છે, જન્મમરણની પરંપરા વધારી મૂકે છે. વિરાધના કરી જીવ આળસ અને પ્રમાદમાં પડી સંસાર વધારી મૂકે છે. સમકિતી આત્માને વિરાધના અત્યંત ખટકે છે કેમ કે તેને આરાધના ગમે, વિરાધના અત્યંત ખટકે, આરાધકપણું ગમે, વિરાધકપણું ગમતું નથી.

રાયપસેણીયસૂત્રમાં સૂર્યાભદેવ ભગવાન મહાવીરને પૂછે છે કે હે ભંતે! હું આરાધક કે વિરાધક? મહામુશીબતે માનવભવમાં આરાધનાની અપૂર્વ તક સાંપડી છે તેથી સંસારની આળપંપાળ, જંજાળમાં મહામુશીબતે બે-ચાર ઘડી કાઢી આરાધક આરાધના કરવા તત્પર બને છે. કેટલાક વિરાધના કરી તેને આરાધનામાં ખપાવે છે, તેથી વિરાધનાનું પોષણ કરે છે, તેઓ ઉત્સૂત્રભાષી ખપે છે. કેટલીકવાર ઉત્સૂત્ર અપવાદના નામે શિથિલાચારનું પોષણ વિરાધક બનાવે. પોતાની ખામી, ઊણપને ઢાંકવી, બચાવ કરવો એ મહાવિરાધના છે. ખામી-ઊણપને ઊણપ તરીકે ગણનાર હજી આરાધક છે. શિથિલાચારનું સેવન કરતાં તેનું પોષણ અત્યંત ભયંકર છે, તેઓ મહાવિરાધક બને છે. વર્તમાન કાળમાં વિરાધનાના કાંટા વાગતા વાર લાગતી નથી. ડગલે ને પગલે આજના કલુષિત અને જડ વાતાવરણમાં કાંટા વેરાયેલા પડયા જ છે. જો સહેજ ભૂલ્યા, કોઈની હામાં હા પાડી, વગર વિચારે દેવ-ગુરુ-ધર્મની વિરુદ્ધ બોલાઈ ગયું, નિંદાકુથળી થઈ ગઈ, ટીકાટિપ્પણીમાં પડી ગયા, આશાતના કે અવહેલનામાં પડી ગયા તો આત્માને કડવા માઠાં ફળ અસંખ્યાત વર્ષો સુધી ભોગવવા પડે તે હકીકત છે. વિરાધના ઘડી-બેઘડીની પરંતુ તેના કડવા ફળ અસંખ્યાત વર્ષો સુધી ભોગવવાનાં! તેથી શકય તેટલી આરાધનાના ખપી બનો. ભૂલેચૂકે આત્મા વિરાધનામાં ન સરકી પડે તેનો ખૂબ ખૂબ ખ્યાલ રાખવો. કેટલીક વાર ધર્મના શુભ અનુષ્ઠાનો અયોગ્ય આત્માને વિરાધનાનું કારણ બની શકે છે. દેવ-ગુરુ-ધર્મ પર વાત વાતમાં શંકા, કુશંકા કરનાર નિંદા-કુથલીમાં પડનાર, આ ગુરુ મારા અને આ તમારા એવી ભેદનીતિમાં પડનારા, એક બીજાના દૂષણો જોનારા, પોતાના માનેલા ગુરુમાં દેખીતા દોષોનો ઢાંક-પીછોડો કરનારા, બીજા સાધુ મહાત્માઓને અછતા કલંકો દેનારા, ડીંડીમ પીટીને છડેચોક જાહેર કરનારા, એવા આત્માઓ સિદ્ધાન્ત મુજબની ધર્મક્રિયા કરતા પણ, તપ-જપ કે ત્યાગ આચરતાં વિરાધક બને છે.

ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામી ફરમાવે છે કે "જે આસવા તે પરિસવા." કેટલીકવાર આરાધક આત્માને કેટલીકવાર આશ્રવના સ્થાનો સંવરના સ્થાનો બની શકે છે; એમ વિરાધકને સંવરના સ્થાનો આશ્રવના સ્થાનો બની જાય છે. આરિસાભુવનમાં દર્પણમાં જોવું આશ્રવનું કારણ સંવર બની જાય છે. વિનયરત્નને રજોહરણાદિ સંવરના કારણો આશ્રવના કારણો બને છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કુલવાલકે ગુરુની આશાતના કરી, અવિનીતપણે વિરાધક દશાને પામી સદ્‌ગુરુના સમાગમમાં આવવા છતાં પણ આરાધકભાવ પામી ન શકયા, વિરાધક બની દુર્ગતિના ધામમાં પહોંચી ગયા!

તેથી ધર્મની આરાધના આરાધક બની કરે તો ધર્મ અચૂક ફળશે. દેવ-ગુરુ-ધર્મની સેવા-ઉપાસના-ભક્તિ કરી અનંત આત્માઓ અગાધ સંસારસમુદ્ર તરી સિદ્ધિ-સૌધમાં સીધાવી ગયા તેવી રીતે વિરાધકો સંસાર સમુદ્રમાં ખૂંચી ગયા, ડૂબી ગયા.

શ્રી સમવાયાંગ સૂત્રમાં બાર અંગનું સ્વરૂપ સમજાવ્યા પછી શ્રી સુધર્માસ્વામી કહે છે કે ભગવાન આગળના સૂત્રમાં જણાવે છે કે આ બાર અંગની વિરાધના કરી અનંતા જીવો ચાર ગતિ રૂપ સંસારમાં ખૂબ ભમે છે. વર્તમાનકાળમાં અને ભવિષ્યકાળમાં પણ અનંત જીવો વિરાધના કરી ભમે છે. આ ફુટપટ્ટીથી આપણે આપણી જાતને તપાસવાની છે. ૫૦ ગાથાના વંદિતુ સૂત્રમાં ક્ષતિઓ માટે પડિકમવાની વાત વારંવાર કરી છે તથા ૪૩ મી ગાથામાં તસ્સ ધમ્મસ્સ કેવલિપન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ, વિરઓમિ વિરાહણાએ તિવિહેણ પડિક્કંતો, વંદામિ જિણે ચઉવ્વીસં (૪૩)

મુહપત્તિના ૫૦ બોલમાં પરિહરવાની વસ્તુઓ ગણાવી છે, તેમાં 'જ્ઞાનવિરાધના પરિહરું, દર્શનવિરાધના પરિહરું, ચારિત્ર વિરાધના પરિહરું'માં વિરાધનાને પરિહરવાની વાત કરી છે.

વિરાધનાથી ગભરાઈ જવાનું નથી. તે જો આરાધનામાં પરિણમે તો બેડો પાર થઈ જાય. તેનાં કેટલાંક દૃષ્ટાંત જોઈએ. નયસારના ભવમાં મહાત્માના સમાગમથી સમકિતી બન્યા પછી ત્રીજા ભવમાં અભિમાને થકી 'કવિલા ઈત્થંપિ ઈહયંપિ' ઉત્સૂત્ર દ્વારા વિરાધનાનું ફળ, ક્રોડાક્રોડ સાગરોપમ સુધી ભોગવવું પડયું. જમાલિએ "કડે પાણે કડે" ભગવાનના વચનને બરાબર નથી એવું ઉત્સૂત્ર વચન બોલી વિરાધના કરી તેથી સંઘ બહાર થયા અને સંસાર વધારી મૂકયો. અંજના સુંદરીએ પરમાત્મા જિનેશ્વરની મૂર્તિને ઉકરડામાં નાખી વિરાધના કરી અશુભ કર્મ ઉપાર્જી ૨૨-૨૨ વર્ષો સુધી ભારે દુ:ખ સહન કરવું પડયું. સતી દ્રૌપદીએ તપસ્વી મુનિને જાણીને કડવી તુંબડીનું શાક વહોરાવી વિરાધનાથી અનેક ભવોમાં દુ:ખ ભોગવ્યું. અનંત કાળ સુધી સંસારમાં રખડવું પડયું, જે વિરાધનાનું ઘોર પરિણામ છે. શ્રીપાલ રાજાએ શ્રીકાંત રાજાના ભવમાં મુનિની ઘોર આશાતના કરી, મુનિને કોઢિયા કહ્યા, પાણીમાં ડુબાડયા, ડુમનું કલંકથી તેને આ ભવમાં ભયંકર કોઢ, ડુમનું કલંકાદિ આવ્યા, પરંતુ આરાધના થકી નવમા ભવે તીર્થંકર થશે.

જ્ઞાનની આશાતનાથી માષતુષ મુનિએ પૂર્વ ભવમાં વિરાધના કરી તેથી 'મારુષ અને મા તુષ' પદ પણ કંઠસ્થ કરી ન શકયા પણ પ્રયત્ન ચાલુ રાખ્યો. ભાવનામાં ચઢતાં કેવળજ્ઞાન પામ્યા! આજે જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોની ડગલે ને પગલે વિરાધના થઈ રહી છે.

નિરાશ થવાનું કારણ નથી. આરાધનાથી રૂડાં ફળ પ્રાપ્ત થઈ શકે છે જેના સંખ્યાબંધ દાખલાઓ મોજુદ છે. ઘોર પરમાત્માઓ અને અધમ આત્માઓ મુક્તિએ પહોંચ્યા છે જેવાં કે મહાત્મા દઢપ્રહારી, નંદિષેણ, અર્જુનમાળી, નટડીમાં મોહિત થયેલો ઈલાઈચિકુમાર નવયૌવન મુનિની નીચી દૃષ્ટિ જોઈ પ્રભાવિત થઈ કેવળજ્ઞાન પામે છે, હોડી તરાવનાર બાળ મુનિ અઈમુત્ત મુહપત્તિ પડીલેહતાં મુક્તિપુરી પહોંચે છે.

અંતિમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીનું શાસન શાસ્ત્ર પ્રમાણે પાંચમા આરાના એટલે કે ૨૧૦૦૦ વર્ષોના અંત સુધી ક્રિયાશીલ રહેવાનું છે. અહીં પણ જે શ્રાવક-શ્રાવિકા, સાધુ-સાધ્વી જેઓ ચોથા-પાંચમે કે છઠ્ઠા-સાતમે ગુણસ્થાને છે તે માની લઈએ તો તેઓ સ્વપ્રયત્નાનુસાર થોડોક પણ ધર્મ કે આરાધનાદિ કરી શકતાં હોવાં જોઈએ. સાધુ-સાધ્વી શાસ્ત્ર નિયમાનુસાર સવાર-સાંજ પ્રતિક્રમણ કરતા હશે જ ને?

દેવસિય, રાઈ, પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક. આ પાંચ પ્રતિક્રમણનું આયોજન સ્વયં શ્રી શાસનપતિએ આ પાંચમા આરાના આ ક્ષેત્રના જીવોના આત્યંતિક હિતના આશયથી કર્યું છે. વળી આપણે જાણીએ છીએ કે પ્રથમ અને અંતિમ તીર્થંકરોના સમયે ક્ષતિ કે અપરાધાદિ થયાં હોય કે ન હોય તો પણ સાધુ-સાધ્વીએ ફરજિયાત દેવસિય અને રાઈ પ્રતિક્રમણ તો અવશ્ય કરવાં જ જોઈએ. જ્યારે તે સિવાયના વચલા ૨૨ તીર્થંકરોના સમયમાં કરે કે ન કરે તો ચાલે પરંતુ ભૂલ કે ક્ષતિ ન થઈ હોય તો કરે જ.

રાઈ પહેલું કે દેવસિય? આ પ્રશ્ન ઈંડુ પહેલાં કે મરઘી? અન્યોન્યાશ્રયીમાં કોણ પહેલું અને બીજું કોણ તેનો નિર્ણય કરી શકાય તેમ નથી. તીર્થંકરો સૂત્રથી અને ગણધરો અર્થથી આગમની રચના કરે છે. ગણધરોના મસ્તક પર વાસક્ષેપ નાંખી તેઓને તેમના કાર્ય માટે મહોર મારે છે. આ કાર્ય રાતે નહિ પણ દિવસે જ થાય તેથી ગણધરો પ્રતિક્રમણ પ્રથમ દેવસિય કરે અને તે પછી જ રાઈ કરે.

સંધ્યાકાળ એટલે આવતા અને જતા સમયનો સંગમકાળ તેથી અનંતજ્ઞાનીઓએ ધર્મની આરાધના માટેનો આ કાળ શ્રેષ્ઠ કહ્યો છે. આરાધના માટે શેષ કાળ કરતાં આ કાળ અધિક સહાયક થાય છે. ❖❖❖

# અભિધાન ચિન્તામણિ

## □ ડૉ. રશ્મિકાન્ત પી. મહેતા

આચાર્ય હેમચન્દ્ર (ઈ. ૧૦૮૮-૧૧૭૨) વિષે પ્રો. યાકોબીનું અવલોકન એકદમ વાજબી છે. (Ency. of Religion and Ethics Vol. VI P. 591) 'Hemchandra has very extensive and at the same time accurate knowledge of many branches of Hindu and Jain learning combined with great literary skill and easy style. His strength lies in Encyclopaedical work.' જ્ઞાન-વિજ્ઞાનનાં તમામ તત્કાલીન ક્ષેત્રો આચાર્યના પ્રતિભાવિલાસથી આલોકિત હતા, તેમાં કોશવિદ્યાનો પણ સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં પણ એમનું પ્રદાન નોંધપ્રદ રહ્યું છે. વી. ઉપાધ્યાય આ પ્રદાનને મૂલવે છે-'Acharya Hemchandra possesses' unique place in the field of Lexicography. કોશવિદ્યાનાં ક્ષેત્રમાં એમનું સ્થાન અજોડ રહ્યું છે. 'પ્રભાવકચરિત'ના 'હેમસૂરિપ્રબંધ'માં હેમચન્દ્રની ૧૨ રચનાઓનો ઉલ્લેખ છે; ત્યાં એમના કોશગ્રંથ વિષે આ શ્લોક છે-

एकार्थानिकार्था देश्या निघण्टु इति च चत्वारः ।
विहिताश्च नाम कोशाः भुवि कथितान्युपाध्यायाः ॥

આચાર્ય પ્રભાચન્દ્રસૂરિના આ ગ્રંથ 'પ્રભાવકચરિત' (ઇ.૧૨૭૮) માંનો આ શ્લોક હેમચન્દ્રના સંસારપ્રસિદ્ધ ચાર કોશનો નિર્દેશ આપે છે. (૧) એકાર્થ-'અભિધાન ચિન્તામણિ' (૨) અનેકાર્થ-'અનેકાર્થસંગ્રહ' (૩) દેશ્ય-'દેશીનામમાલા' (૪) નિઘંટુ-'નિઘંટુ'.

સોમપ્રભાચાર્યના 'કુમારપાલ પ્રતિબોધ' (ઈ. ૧૧૮૪) કાવ્યમાં કુમારપાલ (ઈ. ૧૧૪૨-૭૨) અને હેમચન્દ્રનો સંવાદ છે. રાજર્ષિ કહે છે, 'અમારા પૂર્વજ રાજા સિદ્ધરાજની માગણીથી આપે પહેલાં વ્યાકરણની રચના કરી. મારે માટે યોગશાસ્ત્ર રચ્યું. લોકોને માટે દ્વયાશ્રય, છંદ, કાવ્યશાસ્ત્ર અને નામસંગ્રહ રચ્યાં. હું વિનંતી કરું છું કે મારી જેવાના જ્ઞાન માટે ૬૩ શલાકા પુરુષોનું ચરિત્ર પ્રકાશિત કરો. અહીં नामसंग्रहमुखानि દ્વારા કોશ ગ્રન્થો અભિપ્રેત છે. 'અભિ.'ના પ્રથમ શ્લોકમાં જણાવ્યું છે કે શબ્દાનુશાસન (વ્યાકરણ) પછી 'नाम्नां माला'ની રચના છે. વ્યાકરણ પછી કોશરચના થઈ છે, તે નિશ્ચિત છે.

આચાર્ય હેમચન્દ્ર કુમારપાળનો ઉલ્લેખ કરે છે.

कुमारपालश्चौलुक्यो राजर्षिः परमार्हतः ।
मृत-स्वमोक्ता धर्मात्मा मारिव्यसनवारकः ॥

(આઠ નામ છે)-કુમારપાલ, ચૌલુક્ય, રાજર્ષિ, પરમાર્હત, મૃતસ્વમોક્તા, (મૃતનું ધન છોડનારા), ધર્માત્મા, મારિ (હિંસા) વારક, વ્યસનવ્યારક.

કોશ 'અભિ.'ની રચના, ડૉ. બુહ્‌લરની માન્યતા યથાર્થ છે તે મુજબ, સિદ્ધરાજના મૃત્યુ પહેલાં (ઈ. ૧૧૪૨) થઈ છે. આ કોશ ઉપરની આચાર્યની સ્વોપજ્ઞ વૃત્તિ 'તત્ત્વબોધ વિદ્યાયિની' કુમારપાળનાં રાજ્યારોહણ પછીની છે. કોશના મૂલશ્લોકમાં કુમારપાળનો ઉપર્યુક્ત ઉલ્લેખ છે. પરંતુ આચાર્ય જાતે જ કોશનું પરિવર્ધન કરતા રહેતા, તે રીતે આ શ્લોક પછીથી ઉમેરાયેલો છે.

કોશ 'અભિધાન ચિન્તામણિ' સૌ પ્રથમ ગ્રંથસ્વરૂપે સેન્ટ પીટરબર્ગથી ઈ. ૧૮૪૭માં O. Bohtlingk અને Ch. Rieu દ્વારા પ્રકાશિત થયો. ત્યાર પછી ભાવનગરથી ઈ. ૧૯૧૫માં પ્રકાશિત થયો. વિજયકસ્તુરસૂરિના ગુજરાતી અનુવાદ સાથે મુંબઇથી ઈ. ૧૯૫૭માં પ્રકાશિત થયો. ઈ. ૧૯૬૫માં આની ચૌખમ્બા આવૃત્તિ પ્રકાશિત થઈ. ઈ. ૧૯૮૧માં अभिधानसंग्रह રૂપે દિલ્હીથી વી. ઉપાધ્યાય દ્વારા જે બાર કોશ પ્રકાશિત થયા, તેમાં હેમચન્દ્રના ચારેય કોશ છે. આમાં તો 'અભિ.' ઉપરનો મુનીશ્વર જીનદેવનો 'અભિધાન ચિન્તામણિશિલોંછ' પણ છે.

'અભિ.'માં સમાનાર્થક શબ્દોનો પદ્યાત્મક સંગ્રહ છ કાંડમાં છે તે આ રીતે છે : (૧) દેવાધિદેવકાંડ-૮૬ પદ્ય (૨) દેવકાંડ-૨૫૦ પદ્ય (૩) મર્ત્યકાંડ-૫૯૮ પદ્ય (૪) ભૂમિકાંડ-૪૨૩ પદ્ય (૫) નારક કાંડ-૭ પદ્ય (૬) સામાન્ય કાંડ-૧૭૮ પદ્ય. આમ કુલ ૧૫૪૨ પદ્ય છે. અમરસિંહનો 'અમરકોશ' (ઈ. છઠ્ઠી સદી) સમાનાર્થક શબ્દોનો પદ્યાત્મક સંગ્રહ છે. તેમાં ત્રણ કાંડમાં ૧૪૯૫ છે. કોશ તરીકે 'અમરકોશ' અથવા 'નામલિંગાનુશાસન'ને પ્રસિદ્ધિ છે. શ્રી કૃષ્ણાજી ગોવિન્દ ઓકનું વિધાન છે-'Though the production of a Budhist, it has been universally accepted as an authority by the Brahmans and the Jains alike.' 'અમરકોશ' કરતાં પણ 'અભિ.નું મહત્ત્વ વધી જાય છે. 'અમર.' કરતાં આની પર્યાય સંખ્યા ત્રણથી ચાર ગણી વધુ હોય છે. જેમકે 'किरण'ના પર્યાય 'અમર.' ૧૧ આપે છે, ત્યારે 'અભિ.' ૩૯. 'અમર.'માં ન હોય તેવા નામોના પર્યાયો 'અભિ.' આપે છે; જેમકે તીર્થંકરો, ઋષિઓ, ખાદ્ય સામગ્રી. 'અભિ.' પર્યાય નિર્માણની શક્યતા તપાસે છે; તે 'અમર'માં નથી.

'અભિ.' જે નામોના પર્યાયોની માલા આપે છે; તે ત્રણ પ્રકારના હોય છે: (૧) રૂઢ-વ્યુત્પત્તિ વગરનાં, પ્રકૃતિ અને પ્રત્યયના વિભાગ કરવાથી પણ અન્વર્થ નહિ; જેમકે आखण्डल, मण्डप (૨) યૌગિક-ગુણ, ક્રિયા અને સંબંધથી ઉત્પન્ન જેમકે (ક) ગુણથી-नीलकण्ठ (ખ) ક્રિયાથી સ્રષ્ટા (ગ) સંબંધથી-સ્વસ્વામિત્વ વગેરે. જેમકે भूपाल. આ યૌગિક શબ્દો-પ્રકૃતિ અને પ્રત્યયના યોગથી બનેલા-પરિવર્તન સહી શકે છે. सुरेश અથવા सुरपति (૩) મિશ્ર-આ શબ્દો પરિવર્તન સહી શકતા નથી. જેમકે दशरथ, कृतान्त

જે પર્યાયો છે; તેના લિંગ-પુલ્લિંગ, સ્ત્રીલિંગ અથવા નપુંસકલિંગનો નિર્ણય 'અભિ.' કોશ આપતો નથી. તે નામ લિંગાનુશાસનને આધારે જાણી લેવાનો છે. લિંગની બાબતમાં સંદેહ હોય તો જ ગ્રન્થકાર સ્વોપજ્ઞવૃત્તિમાં સ્પષ્ટતા કરે છે; જેમકે तिथिः पुंस्त्रीलिंगः । (૨-૬૧ वृत्ति).

કોશ નવીન શબ્દોને સમાવે છે, તેની સાથે પ્રાચીન શબ્દોનો પણ સમાવેશ કરે છે. જેમકે ગુપ્તકાળના શબ્દો-પ્રાન્ત માટે भुक्ति, જકાતનાકાના અધિકારી માટે शौल्किक, સેનાધ્યક્ષ માટે बलाधिकृत, જિલ્લા માટે विषय.

સાહિત્યના ઈતિહાસ માટે પણ આ કોશ મહત્ત્વનો છે. ગ્રન્થ અને એના પરની વૃત્તિમાં પુરોગામી ૫૬ ગ્રન્થકારો અને ૩૧ ગ્રન્થોના ઉલ્લેખો છે. જેમકે अमर, कालिदास, चान्द्र, दन्तिल, नैरुक्त, व्याडि, हलायुध વગેરે. તેમજ अमरकोश, अर्थशास्त्र, त्रिषष्टिशलाकापुरुषचरित्र, द्वयाश्रय महाकाव्य, योगशास्त्र, लिङ्गानुशासन વગેરે.

કોશકાર એટલા પ્રામાણિક છે કે મતાન્તરો આપતા રહે છે. 'બહેરા મૂંગા' માટે अनेडमूक શબ્દ આપે છે. एडमूका नेडमूकौ त्ववाक् श्रुतौ (૩-૧૨). પછી વૃત્તિમાં પણ મતો अनेडमूक માટે આપે છે. હલાયુધ-'અંધ', વૈજયન્તીકાર-'જડ', ભાગુરિ-'શઠ.' આ રીતે ત્રણ અર્થાન્તરો આપે છે.

કોશકાર ધનંજય (ઈ. ૧૧૨૩-૪૦)ની જેમ હેમચન્દ્ર પણ પર્યાય નિર્માણનું વિધાન કરે છે. પરંતુ તે કવિ સંપ્રદાયને લક્ષ્યમાં લેવા પર

ભાર મૂકે છે. એનો સિદ્ધાન્ત છે-कविरूढया ज्ञेयोदाहरणावली । શિવ માટે કલત્રવાચી પર્યાય નિર્માણ કરવો હોય તો ગૌરીવર કરી શકાય, गङ्गावर નહિ.

આચાર્ય દ્વારા સંકલિત શબ્દો પર પ્રાકૃત અપભ્રંશ અને અન્ય દેશી ભાષાઓનો પણ પ્રભાવ છે. જેમકે પોલિકા (૩-૬૨) भोदको लड्डुकश्च (૩-૬૪) निश्रेणी त्वधिरोहिणी । (૪-૭૯) ચાલની તિત (૪-૮૪) पेटा स्यात्पुषा (૪-૮૧).

સૈંકડો શબ્દો એવા છે, જે માત્ર આ કોશમાં જ છે. બીજે ક્યાંય નથી. समित=ઘઉંનો લોટ (૩-૬૬). નાની સરખી માટી હાલી, यन्त्रणी, केलिकुञ्चका (૩-૨૧૬) ડાબી આંખ માટે सौम्य અને જમણી માટે भानवीय (૩-૨૪૦) જીભના મેલ માટ कुलुकम् અને દાંતના મેલ માટે विप्पिका (૩-૨૧૬) વગેરે.

સાહિત્ય શાસ્ત્રની પરિભાષાઓ આચાર્ય આપે છે-कार्तिक (૨-૧૭૦) टीका (૨-૧૭૦) परिशिष्ट (૨-૧૭૧), निघण्टु (૨-૧૭૨) वार्ता (૨-૧૭૩) વગેરે શબ્દોની સાધુતા વૃત્તિમાં દર્શાવે છે, એ માટે સૂત્રોને ઉદ્ધૃત કરે છે. श्रूयते श्रुतिः-(श्र्यादिभ्यः ૫-૩-૯૨) इति क्तिः । (૨-૧૬૨) प्रस्तूयते प्रस्तावः-(प्रात् स्तुद्रुस्तौः ૫-૩-૬૭) इतिधञ् । (૨-૧૬૮)

આચાર્યની સર્વતોગામી બહુમુખી પ્રતિભાનો પરિચય આપવા માત્ર આ એક જીવન્ત વિશ્વ વિદ્યાલય ગુજરાતના સાંસ્કૃતિક જગતને સમર્પિત કર્યું છે. શ્રી રામનારાયણ પાઠકનું કાવ્ય છે-

હેમપ્રદીપ પ્રગટાવી સરસ્વતીનો સાર્થક્ય કીધું
નિજ નામનું સિદ્ધરાજે.

❖❖❖

# વીરવિજયજી કૃત વિમલનાથનું સ્તવન

□ ડૉ. કવિન શાહ

કવિ પંડિત વીરવિજયજીની કાવ્યકલાની એ વિશેષતા છે કે તેમાં સામાન્ય વ્યક્તિથી આરંભીને વિદ્વાનોને કાવ્યાનંદ અને જ્ઞાનાનંદ ઉપલબ્ધ થાય તેમ છે. કવિતા માત્ર શબ્દોની કોઈ વ્યવસ્થા નથી પણ તેમાં વિશિષ્ટ રીતે કવિપ્રતિભાથી શબ્દ સંયોજન કરવામાં આવે છે. એમની ઊંચી કવિ પ્રતિભાના પ્રતીકરૂપ શ્રી વિમલનાથનું સ્તવન એના ઉદાહરણ રૂપ છે. કાવ્યમાં ગૂઢાર્થ ભરેલી પંક્તિઓ આત્મસાત કરવા માટે કઠોર પરિશ્રમ કરવો પડે છે, પણ આ પરિશ્રમની ફળશ્રુતિ રૂપે ઉપલબ્ધ અર્થબોધ હૃદયંગમ હોય છે.

કવિએ આ સ્તવનમાં 'સારંગ' શબ્દનો ૨૦ વખત પ્રયોગ કરીને વિશિષ્ટ પ્રકારની સિદ્ધિ હાંસલ કરી છે.

કેટલાક વખત પહેલાં ભાવનગર પાસે ઘોઘામાં ચાતુર્માસ દરમ્યાન સ્વ. પૂ. ધર્મધુરંધરસૂરિના વિદ્વાન શિષ્યરત્ન પૂ. આ. શ્રી કુન્દકુન્દસૂરિ સાથે જ્ઞાનગોષ્ઠિ કરવાની મને તક મળી ત્યારે આ સ્તવનના ગૂઢાર્થ-રહસ્યને પામવાનો અનેરો જ્ઞાનાનંદ મળ્યો હતો. પૂ.શ્રીએ 'સારંગ' શબ્દના જે જુદા જુદા અર્થ થાય છે તે ઉપરથી સ્તવનની આઠ ગાથાનો અર્થ તૈયાર કર્યો છે. આ સ્તવન દ્વારા કવિઓની દુનિયાની એક અલગારી મસ્તીનો પરિચય થાય છે જે જ્ઞાનાત્મા જ માણી શકે.

'शब्दानामनेकार्थाः' ને ન્યાયે આ સ્તવનમાં વિવિધ અર્થો દ્વારા વિમલનાથ ભગવાનનો મહિમા ગાવામાં આવ્યો છે. તેની રચના 'લક્ષણ પાંચ કહ્યાં સમકિતતણાં' એ દેશીમાં થયો છે. સંગીતશાસ્ત્રની જાણકાર વ્યક્તિને માટે આ સ્તવનની બીજા રાગમાં પણ ગેયતા સિદ્ધ થઈ શકે તેમ છે.

સ્વામી વિમલ વિમલ જિન નામે, નામ તિસ્યો પરિણામે, પ્રભુ તું.
સારંગ ઝોલ ઝકુડે કોનવિ, વિમલ વિમલ વિણ પામે. પ્રભુ તું ।।૧।।

અર્થ : જેવું નામ હોય તેવું પરિણામ જેમાં હોય તે ગુણ ગુણ-નિષ્પન્ન નામ કહેવાય. હે ! તેરમા વિમલનાથ ભગવાન આપનું પણ તેવું જ નામ છે. જે વિ-મલ-દોષ વગરનું તેવું વિમલ જિન નામ છે. દોષરહિત વિમલનાથના સાંન્નિધ્ય સિવાય કોઈપણ સારંગ-કાન્તિ-તેજ તેની ઝોળીમાં ભરી શકતા નથી. અર્થાત્ તેજસ્વી બની શકતા નથી.

પ્રભુ સારંગ વિમલતા દેખી, સારંગ બહુ શરમાણો
પહોતો વિમલ કિરણતા હેતે, સારંગ લક્ષણઠાણો પ્રભુ તું ।। ૨ ।।

અર્થ : પ્રભુનો સારંગ-સુવર્ણ સારો રંગરૂપ, તેની નિર્મળતાને જોઇને સારંગ-કામદેવ અતિ શરમાઈ ગયો ને વિચારવા લાગ્યો કે ક્યાં મારૂં રૂપ અને ક્યાં ભગવાનનું રૂપ ? પોતાનું નિર્મળ રૂપ જોઇને નિર્મળ કિરણતા માટે સારંગ-વિવિધ વર્ણતા રૂપ જે સ્થાન ત્યાં આવ્યો.

પ્રભુ તુજ દાન અમાન લઇને, સારંગ કરત અભ્યાસો.
સારંગ સારંગ જગતકું દેતા ન ગઈ પ્યાસો પ્રભુ તું ।। ૩ ।।

અર્થ : હે પ્રભુ ! તમારો માપ વગરનો ત્યાગ જોઇને સારંગ-મેઘ પણ પાણી વરસાવવારૂપ ત્યાગની ભાવનાનો અભ્યાસ કરતાં પૃથ્વી ઉપર જગતને પાણી આપવા છતાં લોકોની તરસ બુઝાતી નથી (તે ખરેખર આશ્ચર્યકારક છે.)

સારંગ પતિ સ્વામી ગંભીરો ધીરો સારંગ સ્વામી,
પાઈ વિમલતા જીવી જિનંદકી, દેવ દુસરા પામી. પ્રભુ તું ।। ૪ ।।

સારંગ-રાગના પ્રતીકરૂપ સ્વામી એટલે ભગવાન, આપ ગંભીર છો અને સારંગ-સમતા પામી આપ ધીર બન્યા છો. તથા ઇન્દ્રમહારાજાએ આપેલા દેવદુષ્યને પામી ભાવ જિનની નિર્મળતા આપે પ્રાપ્ત કરી છે.

સારંગ પાણી સારંગ તાણી લાજ્યો સારંગ સાંઈ
સારંગ હરી કું પ્યાર લગત હૈ, દેખી સારંગ જાઈ પ્રભુ તું ।। ૫ ।।

સારંગ-મેઘનું પાણી, સારંગ-ચાતક પક્ષીએ લીધું તે જાણીને સારંગ-સાંઈ-સિંહ લજ્જાવાળો થયો. તે સિંહને સારંગ-હરિ પણ ગમી ગયો કારણ કે અવાજથી તેની જાતવાળો તે હતો.

શ્યામાનન્દન વન્દન કરતાં, હારત હાર્દ શલોકો,
કુંજત વન મે સારંગ સૌરી ભ્રસત ભેકા. પ્રભુ તું ।। ૬ ।।

શ્રી વિમલનાથની સ્તુતિ કરતાં હૃદયમાંથી ઉદ્ભવતા શ્લોકો હારી જાય છે. અને નાના જંતુની જેમ વનમાં કુકુ કરતી વિષ્ણુ રૂપી સારંગ-કોયલ મોરની જેમ નાશ પામે છે.

સારંગ નિધિ કો સારંગ ભરતો સારંગ મે ન સમાવે,
તિમ પ્રભુ ગુણ કો સારંગ સંચય, જ્ઞાની સબ ન કહાવે. પ્રભુ તું।।૭।।

સારંગ-શંખરૂપ નિધિને સારંગ-ફૂલથી ભરતાં શંખ ફૂલીને સમાવી શકતો નથી તેમ પ્રભુના સારંગ-સમતારૂપ ગુણના સમૂહથી બધા જ્ઞાની કહેવાતા નથી.

શીવભાવસે પણ વિતલસે સારંગ નિધિ કું તોલે
શ્રી શુભવીરવિજય પ્રભુ ગયો, ચિદાનંદ ઝક ઝોળે. પ્રભુ તું।। ૮।।

બાળભાવથી તો પણ વિસ્તારથી સારંગ-ઉજ્જવળતાની સરખામણીમાં શ્રી અને શુભયુક્ત વીરવિજયજી મહારાજને જ્ઞાનાનંદની રેલમછેલ પ્રાપ્ત થઈ. આમ શ્રી વીરવિજયજી મહારાજે શ્રી વિમલનાથ ભગવાનના સ્તવનની આઠ કડીમાં વીસ વખત 'સારંગ' શબ્દ પ્રયાજ્યો છે અને તે જુદા જુદા અર્થમાં. કવિના શબ્દપ્રભુત્વની અને એમની કવિત્વશક્તિની એ પ્રતીતિ કરાવે છે.

❖❖❖

# કવિવર ટાગોરનું એક ઉદ્‌બોધન-કાવ્ય

□ ડૉ. રણજિત પટેલ (अनामी)

જ્યારે હું હાઇસ્કૂલમાં ભણતો હતો ત્યારે અંગ્રેજીના વિષયમાં બે કાવ્યો ભણવામાં આવેલાં. એકનું નામ હતું 'લોટસ-ઇટર્સ' અને બીજાનું નામ હતું 'યુલિસિસ'. 'લોટસ-ઇટર્સ'માં પ્રમાદી પ્રકૃતિ ધરાવતાં નરનારીઓની અકર્મણ્યતાની ભર્ત્સના કરવામાં આવી છે જ્યારે યુલિસિસમાં કર્મઠ કર્મયોગી, યુયુત્સાપ્રકૃતિ ધરાવતાં સ્ત્રી-પુરુષની વાત છે. ગીતા-ભાખી તમસ-રજસ અને સત્ત્વ પ્રકૃતિમાં ઉપર્યુક્ત કાવ્યોમાં નિરૂપિત તત્ત્વોનું દર્શન થઈ શકે. ટેનિસનનાં ઉપર્યુક્ત બે કાવ્યોના ભાવ-જગતને મળતાં આવતાં બે કાવ્યો કવિવર બોદલેયરનાં પણ છે. એકમાં તે કહે છે:

'To know nothing, to teach nothing,
to will nothing, and still to sleep-
that to-day is my only vow,
An infamous but disgusting vow,
but sincere...'

મતલબ કે કશું જ જાણવું નહીં, કશાનો જ ઉપદેશ ન કરવો, કશો જ સંકલ્પ ન કરવો, ઊંઘવું, અને બસ ઊંઘ્યા જ કરવું-એ જ આજે મારું એકમાત્ર વ્રત છે. એ વ્રત હીન અને ઘૃણાજનક છે. પણ સાચા દિલનું છે.' જ્યારે બીજા કાવ્યમાં કહે છે:

'To dive into the Gulf, Hell
or Heaven-What matter? into the
unknown in Search of the New.'

મતલબ કે 'અખાતમાં-એ નરક હોય કે સ્વર્ગ એની શી પડી છે?-ડૂબકી મારવી, નવીનની શોધમાં અજ્ઞાતમાં ઝુકાવવું.'

ટેનિસન અને બોદલેયરનાં આ કાવ્યોની તુલનાએ કવિવર ટાગોરનું એક ઉદ્‌બોધન-કાવ્ય નામે 'બંગમાતા' જાણવા જેવું છે. જ્યારે આ કાવ્ય લખાયું ત્યારે બંગાળ અનેક વિધિનિષેધોની જંજીરમાં જકડાયેલું હતું. બંગાળ જ શા માટે ? ગુજરાતની જ વાત કરીએ તો નાગરી જેવી આગળ પડતી કોમના શ્રી મહીપતરામ રૂપરામ નીલકંઠ જ્યારે અભ્યાસ અર્થે વિલાયત ગયા ત્યારે એમની જ્ઞાતિએ એમનો બહિષ્કાર પોકારેલો ને પ્રાયશ્ચિત્ત કર્યા બાદ જ્ઞાતિમાં લીધેલા. બેરીસ્ટરનો અભ્યાસ કરવા શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી જ્યારે ઇંગ્લેન્ડ ગયા ત્યારે એમને કેવી વીતી હતી તેનો યથાર્થ ચિતાર 'સત્યના પ્રયોગોમાંથી જોવા મળે છે. 'બંગમાતા' નામના નાનકડા કાવ્યમાં ઉદ્‌બોધન કરતાં કવિવર ટાગોર, 'સ્નેહઘેલી' અને 'મુગ્ધ' બંગ-જનનીને કહે છે: 'પુણ્ય, પાપ, દુ:ખ, સુખ, પડતી, ચડતી-બધાંનો અનુભવ લઇને તારાં સંતાનોને માણસ બનવા દે. હે સ્નેહઘેલી 'બંગભૂમિ' ! તારા ઘરરૂપી ખોળામાં તેમને કાયમના બાળક બનાવીને હવે પકડી ન રાખીશ. દેશદેશાન્તરમાં જેનું જ્યાં સ્થાન હોય તે શોધીને લઇ લેવા દે. ડગલે ને પગલે નાના નાના નિષેધોના દોરડામાં બાંધીને તેમને ડાહ્યા છોકરા ન બનાવી રાખ. તેમને પ્રાણ દઇને, દુ:ખ સહન કરીને ભલાબૂરા સાથે સંગ્રામ ખેલવા દે. તારા એ માંદલા, શાંત, ડાહ્યાડમરા છોકરાઓને ઘર બહાર કાઢી મૂક, નં-ફકરા ને ઉડાઉ બનાવી દે. હે મુગ્ધ જનની! તેં તારાં સાત કોટિ સંતાનોને બંગાળી બનાવી મુક્યાં છે, માણસ બનાવ્યાં નથી.'

કવિવર ટાગોરના આ નાનકડા ઉદ્‌બોધન કાવ્યમાં ઉભરાઈ જતો આક્રોશ છે. વ્યક્તિત્વને કુંઠિત કરતા વિધિનિષેધો પરત્વેનો પુણ્યપ્રકોપ છે. 'લોટસ ઇટર્સ'ની માફક પ્રમાદી-તંદ્રામાં પડી રહે તેના કરતાં, ભલેને ન-ફકરા ને ઉડાઉ બની જાય પણ એવા એવા અનુભવો ને અંતેય, કેવળ બંગાળી ન રહેતાં સાચા ભારતીય બને, સાચા અર્થમાં માણસ બને ને શક્ય હોય તો કવિવરની જેમ વિશ્વ-માનવ પણ. 'Personality' નામના એમના એક વ્યાખ્યાનમાં તેઓ કહે છે: 'આપણા રાગ અને દ્વેષ, સુખ અને દુ:ખ, ભય અને વિસ્મય જગત ઉપર ક્રીડા કરે છે. અને એ ક્રીડા મારફતે જ જગતને આપણા વ્યક્તિસ્વરૂપનું અંગીભૂત બનાવી દે છે...જગતને આપણે જેટલે અંશે પોતાનું કરી લઈ શકીએ તેટલે જ અંશે ગુણમાં અને પરિમાણમાં આપણે નાના કે મોટા થઇએ છીએ. આ જગત જો આપણાથી વિચ્છિન થઈ જાય તો આપણા વ્યક્તિ સ્વરૂપનું કોઈ ઉપાદાન જ બાકી ન રહે.' સાંકડા બંગાળીને સાચા માનવ ને ભારતીય બનવા અને રાંકડા બંગાળને વિશ્વના બૃહદ્ ફલક ઉપર મૂકવા કાજે પ્રેરક ઉદ્‌બોધન કરતું આ પ્રાણવાન કાવ્ય છે.

## સંઘ સમાચાર

### વિદ્યાસત્ર

સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રનો કાર્યક્રમ શુક્રવાર, તા. ૧૫મી માર્ચ ૨૦૦૨ના રોજ સમ્રાટ હૉટેલના હૉલમાં યોજવામાં આવ્યો હતો. 'ભારત, ભારતીય અને ભારતીયતા' એ વિષય ઉપર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. નરેશભાઈ વેદ વ્યાખ્યાન આપવાના હતા, પરંતુ અમદાવાદની અશાન્ત પરિસ્થિતિને કારણે તેઓ આવી શક્યા નહોતા. આથી એ જ વિષય ડૉ. ધનવંતભાઈ શાહ અને ડૉ. રમણલાલ ચી. શાહે વ્યાખ્યાન આપ્યું હતું.

વ્યાખ્યાનના અંતે શ્રી અજયભાઈ જોરમલ મહેતા (સ્વ. મંગળજીકાકાના પૌત્ર)ના સૌજન્યથી સમિતિના સભ્યો માટે પ્રતિવર્ષની જેમ સ્નેહભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેની સાભાર નોંધ લઈએ છીએ.

□ મંત્રીઓ

### અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘનાં ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪, ફોન : ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાના દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક
નિરુબહેન એસ. શાહ, ડૉ. ધનવંત ટી. શાહ — મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૫ ● મે, ૨૦૦૨ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●
તંત્રી : રમણલાલ ચી. શાહ

## माणं मद्दवया जिणे ।

–ભગવાન મહાવીર

## (માનને મૃદુતાથી જીતવું)

ભગવાન મહાવીરે દસવૈકાલિક સૂત્રના આઠમા અધ્યયનમાં કહ્યું છે:

उवसमेण हणे कोहं, माणं मद्दवया जिणे ।
माया मज्जवभावेण, लोभं संतोसओ जिणे ॥

અર્થાત્ ઉપશમથી (ક્ષમાથી) ક્રોધનો નાશ કરવો, માનને મૃદુતાથી જીતવું, માયાને સરળતાના ભાવથી દૂર કરવી અને લોભને સંતોષથી જીતવો.

ભગવાન મહાવીર સ્વામીના આ વચનમાં જેમ સાંસારિક જીવન સારી રીતે જીવવાની ચાવી રહેલી છે તેમ અધ્યાત્મમાર્ગનું ઊંડું રહસ્ય રહેલું છે. જીવ મુક્તિપથગામી કેવી રીતે બની શકે તેનું દિશાસૂચન એમાં રહેલું છે.

ભગવાનની વાણી કેટલી બધી સરળ અને હૃદયસોંસરવી ઊતરી જાય એવી છે ! કેટલા ઓછા શબ્દોમાં માર્મિક વાત એમણે કરી છે !

આ ચાર વાક્યોને જ માણસ રોજ નજર સમક્ષ રાખે તો પણ એને વર્તમાન જીવનમાં અને મોક્ષમાર્ગમાં કેટલો બધો લાભ થાય !

ભગવાને આ ગાથામાં ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર મોટા શત્રુઓને જીતવાની વાત કરી છે. એમાંથી અહીં આપણે ફક્ત 'માન' વિશે વિચારણા કરીશું.

ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયના પ્રત્યેકના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજવલન એમ ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે અને તેની છણાવટ શાસ્ત્રગ્રંથોમાં વિગતે થયેલી છે.

ભગવાન મહાવીરે કહ્યું કે મૃદુતાથી માનને જીતો. હવે, તત્ત્વજ્ઞાનથી અનભિજ્ઞ, અધ્યાત્મમાં રુચિ ન ધરાવનાર પુદ્‌ગલાનંદી, ભવાભિનંદી સાંસારિક જીવ પ્રશ્ન કરશે કે માનને જીતવાની જરૂરી શી ? માન તો જીવનમાં જોઇએ. સ્વમાન વગર જીવાય કેમ ? સ્વમાન વગરનું જીવન એ તો ગુલામીનું બંધન. વળી માનપ્રશંસા વગેરેથી તો બીજાની કદર થાય છે અને કદર કરવી એ તો સમાજનું કર્તવ્ય છે. માણસને પોતાની સિદ્ધિઓ માટે ગૌરવ થાય એ તો સ્વાભાવિક વૃત્તિ છે. નાના બાળકને પણ પહેલો નંબર આવે તે ગમે છે. માણસને પોતપોતાના ક્ષેત્રમાં 'ટોપ ટેન'માં પોતાનું નામ આવે તો પ્રિય લાગે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ એવી સિદ્ધિઓની કદર થાય છે. જો આવી કદર કરવામાં ન આવે તો સમાજ બુઠ્ઠો ન થઈ જાય ? અને માણસ આળસુ, ઉદ્યમરહિત, પ્રમાદી ન બની જાય ? એટલે પહેલી વાત તો એ કે માનને જીતવાની જરૂર શી? અને બીજી વાત એ કે માનને જીતવા માટે મૃદુતાની જરૂર શી ? બીજા કશાથી માનને ન જીતી શકાય ?

સામાન્ય માનવીને આવા પ્રશ્નો થવા સ્વાભાવિક છે. જેમની દૃષ્ટિ ફક્ત સામાજિક અને સાંસારિક સ્તરે જ રહેલી છે અને જેઓ મુખ્યત્વે વર્તમાનને આધારે જ જીવન જીવે અને વર્તમાનથી પ્રભાવિત થાય છે તેઓને ભગવાનનું વચન જલદી નહિ સમજાય.

જેઓ ભૂત અને ભવિષ્યનો થોડો વધુ વિચાર કરે છે, જેઓ 'હું કોણ છું ? જીવન પૂરું થતાં મારું શું થશે ? જે જીવો મારી નજર સમક્ષ ચાલ્યા ગયા તે જીવો હાલ ક્યાં હશે ? તેઓને મળેલાં માનપત્રોનું હવે શું કરીશું ? એ કેટલો વખત ટકશે ? આ સંસારમાં જન્મમરણની ભરતીઓટ કેમ ચાલ્યા કરે છે ? દેહથી ભિન્ન આત્મતત્ત્વ જેવું કંઈ છે ? હોય તો એનું સ્વરૂપ કેવું ? એનું લક્ષ્યસ્થાન કયું ? એ કેવી રીતે પમાય ?'- ઇત્યાદિ વિશે વિચાર કરે છે અને તત્ત્વગવેષણા કરવા લાગે છે તેને સમજાય છે કે કંઈક એવું તત્ત્વ છે કે જે જીવને જન્મમરણના ચક્રમાં પકડી રાખે છે અને કંઈક એવું તત્ત્વ છે કે જે જીવને મુક્ત બનાવે છે. એવાં તત્ત્વોમાં રાગ અને દ્વેષ મુખ્ય છે. એનો વિગતે વિચાર કરીએ તો ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય મુખ્ય છે. જે જીવ અધ્યાત્મમાર્ગે ઉપર ચડતો ચડતો છેવટે કષાયોમાંથી મુક્તિ મેળવે છે તેજ મોક્ષગતિ પ્રાપ્ત કરે છે. એટલે જ કહેવાયું છે કે कषायमुक्तिः किल मुक्तिरेव ।

હવે બીજો પ્રશ્ન સામાન્ય માણસને એ થાય કે મૃદુતાથી માનને કેવી રીતે જીતાય ? પણ એ માટે માનનું અને મૃદુતાનું સ્વરૂપ સમજવું જોઇશે.

મૃદુતાની વ્યાખ્યા આ રીતે અપાય છે : मृदोर्भावः मार्दवम् । મૃદુતાનો ભાવ એનું નામ માર્દવ. મૃદુતા અથવા કોમળતા અથવા આત્માનો સ્વભાવ છે. પરંતુ જ્યારે આત્મસ્વભાવમાં મૃદુતા આવરાઈ જાય છે ત્યારે કર્કશતા,

કઠોરતા, અક્કડપણું, અભિમાન પ્રગટે છે. એ માનકષાયનું જ બીજું નામ અથવા સ્વરૂપ છે. શાસ્ત્રકારે કહ્યું છે.

जात्यादिमदावेशादभिमानाभावो मार्दवं मानतिर्हरणम् ।

[ જાતિ આદિ મદોથી આવેશમય થયેલા અભિમાનનો અભાવ કરવો તે માર્દવ છે. માર્દવ એટલે માનનો નાશ. ]

ધર્મનાં જે દસ લક્ષણ ગણાવવામાં આવે છે તે આ પ્રમાણે છે: (૧) ક્ષમા, (૨) માર્દવ, (૩) આર્જવ, (૪) શૌચ, (૫) સત્ય, (૬) સંયમ, (૭) તપ, (૮) ત્યાગ, (૯) આકિંચન્ય, (૧૦) બ્રહ્મચર્ય. આ દરેક ઉત્તમ કોટિના હોવાં જોઇએ. વસ્તુત: આ બધા આત્માના જ ગુણો છે, પરંતુ તે ઢંકાયેલા કે આવરાયેલા છે. પુરુષાર્થથી એ વિશુદ્ધ અને પ્રકાશિત કરી શકાય છે. એમાં સર્વ પ્રથમ ક્ષમા છે. જ્યાં સુધી જીવનમાં ક્ષમા ન આવે ત્યાં સુધી માર્દવ ન આવે અને જ્યાં સુધી માર્દવ ન આવે ત્યાં સુધી આર્જવ ન આવે. આ રીતે આત્મવિકાસમાં માર્દવનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. જ્યાં સુધી મદ છે, અભિમાન છે ત્યાં સુધી માર્દવ ન આવે. મદ મુખ્યત્વે આઠ પ્રકારના બતાવાય છે.

સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે:

अट्ठ मयट्ठाणे पण्णत्ते, तं जहा-जातिमए, कुलमए, बलमए, रूवमए, तवमए, सुयमए, लाभमए, इस्सरियमए ।

[આઠ મદસ્થાન કહ્યાં છે, જેમ કે-(૧) જાતિમદ, (૨) કુલમદ, (૩) બલમદ, (૪) રૂપમદ, (૫) તપમદ, (૬) શ્રુતમદ, (૭) લાભમદ અને ઐશ્વર્યમદ.]

આ આઠ પ્રકારના મદસ્થાન તે મોટાં અને મુખ્ય મુખ્ય છે. તદુપરાંત પણ બીજા નાના પ્રકારો હોઈ શકે. સ્થાનાંગસૂત્રમાં જ કહ્યું છે કે 'મારી પાસે નાગદેવતા, ગરુડદેવતા આવે છે' અથવા 'મારું અવધિજ્ઞાન ઉત્કૃષ્ટ પ્રકારનું છે'-એવો મદ પણ માણસને થઈ શકે છે.

'રત્નકરંડક શ્રાવકાચાર'માં શ્રી સમંતભદ્રાચાર્યે કહ્યું છે:

ज्ञानं पूजां कुलं जातिं बलमृद्धिं तपो वपुः ।

अष्टावाश्रित्यमानित्वं स्मयमाहु गतस्मयाः ॥

[ જેમનું માન (સ્મય) ચાલ્યું ગયું છે એવા ભગવાન જ્ઞાન, પૂજા, કુળ, જાતિ, બળ, ૠદ્ધિ, તપ અને શરીર એ આઠના આશ્રયે જે માન કરવામાં આવે છે તેને 'માન' કહે છે. ]

એટલે જ શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે :

कुलरूवजादिबुद्धिसु तवसुदसीलेसु गारवं किं चि ।

जो ण वि कुव्वदि समणो मद्दवधम्मं हवें तस्स ॥

[જે શ્રમણ (અથવા મનુષ્ય) કુલ, રૂપ, જાતિ, બુદ્ધિ, તપ, શાસ્ત્ર અને શીલના વિષયમાં જરા પણ લોલુપતા અથવા અહંકાર રાખતો નથી તેને 'માર્દવ' ધર્મ થાય છે.]

જાતિ, કુળ, ધન, રૂપ વગેરે ગર્વનાં કારણ બને છે. એવું નથી કે ગર્વને માટે માત્ર એક જ વસ્તુ કારણ હોય. ક્યારેક જાતિ અને ધન એમ બે મળીને માણસને ગર્વિષ્ઠ બનાવે, તો ક્યારેક ધન અને રૂપ ભેગાં મળીને અભિમાન છલકાવી દે. ક્યારેક એક કે બેથી વધુ કારણો માણસને અહંકારી બનાવી દે છે.

એમ કહેવાય છે કે માણસ જ્યાં સુધી પહેલો પુરુષ એક વચન 'હું' બોલે છે ત્યાં સુધી સ્વાભાવિક લાગે છે, પરંતુ એ જ્યારે એક વચનના શબ્દને બેવડાવીને કે ત્રેવડાવીને 'હું-હું', 'હું-હું-હું' કરે છે ત્યારે એમાં અહંકારની ગર્જના સંભળાય છે.

કુળ, ધન, રૂપ, જ્ઞાન. ઇત્યાદિનો મદ માણસ કરે છે, પણ ક્યારેક તે ન હોવા માટે પણ માણસ અભિમાન કરે છે. નિર્ધનને ધનવાનની, કદરૂપાને રૂપવાનની કે અજ્ઞાનીને જ્ઞાનીની ઈર્ષ્યા થાય એ એક વાત છે, પણ માણસ પોતાના અજ્ઞાન માટે પણ અભિમાનપૂર્વક વાત કરે અને ભણેલા ભીખ માંગે છે એવાં વાક્યો ઉચ્ચારે કે નિર્ધનતા માટે ગૌરવ લે અને પૈસાને કૂતરાં પણ સૂંઘતાં નથી એવાં એવાં વાક્યો બોલે એવું પણ બનતું જોવા મળે છે. એમાં બેપરવાઇનો ભાવ પણ હોય છે. વસ્તુત: ધન વગેરે હોય તો એના હોવાપણાનો અને ન હોય તો એના ન હોવાનો ગર્વ માણસે ન રાખવો જોઇએ.

માણસને ઉચ્ચ કુળ, ધન, રૂપ, જ્ઞાન, ઐશ્વર્યાદિ મળે છે પૂર્વના શુભકર્મના ઉદયથી, એટલે કે પુણ્યોદયથી પ્રાપ્ત થાય છે. પરંતુ એ પ્રાપ્ત થયા પછી એ જ કુળ, જાતિ વગેરે અશુભ ઘાતિકર્મનાં નિમિત્ત ન બને એની સાવધાની જીવે રાખવાની રહે છે. વ્યવહારમાં એમ કહેવાય છે કે ધન કે માન મેળવવાં એટલાં અઘરાં નથી, પણ મળ્યા પછી એને પચાવવાં ઘણાં જ દુષ્કર છે. મોટા મોટા મહાત્માઓ ક્રોધ વગેરે ઉપર વિજય મેળવે છે. ધન, સ્ત્રી, પુત્રપરિવાર, ઘર ઇત્યાદિનો ત્યાગ એમણે કર્યો હોય છે, પણ એમના ચિત્તમાં લોકૈષણા ચોંટેલી રહે છે. પોતે, પોતાનો સમુદાય, પોતાનાં ધર્મકાર્યો બીજા કરતાં ચડિયાતાં રહે તો ગમે, ચડિયાતાં બને એ માટે સરખામણી એમના દિલમાં થતી રહે અને બીજા પાછળ પડી જાય તો અંદરથી રાજી થવાય આવી વૃત્તિ તેઓને રહે છે. વ્યવહારથી કેટલુંક કદાચ ઈષ્ટ ગણાતું હોવા છતાં અધ્યાત્મમાર્ગમાં તેવો સૂક્ષ્મ માનકષાય બાધક નીવડે છે.

જીવ ગમે તેટલો શ્રદ્ધાભક્તિવાળો હોય તો પણ અધ્યાત્મમાર્ગેથી એને પાછો પાડનાર, સંસારમાં રખડાવનાર કોઈ હોય તો તે આ મુખ્ય ચાર કષાયો છે. કેટલાયે જીવો તત્ત્વની શ્રદ્ધા, દેવગુરુની ભક્તિ, શાસ્ત્રજ્ઞાન ઇત્યાદિ વડે મોક્ષમાર્ગમાં ઘણા આગળ વધે છે, પરંતુ આગળ જતાં કષાયોરૂપી ચાર મોટા અસુરોથી પરાજિત થઈ જાય છે.

ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયો ઉત્તરોત્તર વધુ આત્મઘાતક છે. ક્રોધ કરતાં માન-કષાય ભારે છે, પણ તે વધુ સૂક્ષ્મ હોવાથી પોતાને અને બીજાને તેની ખબર જલ્દી પડતી નથી. પોતાના ચહેરા ઉપર માન કરતાં ક્રોધને સંતાડવાનું અઘરૂં છે. આથી જ માણસ મનમાં અભિમાન કરે અને બહારથી વિનયી હોવાનો દેખાવ કરી શકે છે. સાધકે માનકષાયથી વધુ સાવધ રહેવાની જરૂર છે, કારણ કે વ્યવહારમાં અભિમાન કરતાં ક્રોધની વધુ ટીકા થાય છે. વળી સમાજમાં સ્વમાન, સ્વાભિમાન વગેરેની પ્રશંસા થાય છે તથા લોકવ્યવહારમાં માન, સન્માન, અભિવાદન, ખિતાબ, ચંદ્રક વગેરેની પ્રવૃત્તિ ઈષ્ટ મનાય છે. 'માન'ની સાથે 'પત્ર' શબ્દ જોડાય છે. 'માનપત્ર', 'સન્માનપત્ર' જેવા શબ્દો પ્રયોજાય છે. ક્રોધ વગેરેની સાથે 'પત્ર' શબ્દ જોડાતો નથી. માનની આગળ 'સત્' શબ્દ પ્રયોજાય છે. 'સન્માન' શબ્દ વ્યવહારમાં પ્રશસ્ત ગણાય છે, પણ ક્રોધની આગળ 'સત્' શબ્દ પ્રયોજાતો નથી. જ્યાં લોકવ્યવહારમાં 'માન'ની બોલબાલા હોય ત્યાં સાધક એનાથી પ્રભાવિત થાય એવો સંભવ રહે છે. વસ્તુત: માનસન્માનની પ્રત્યેક પ્રવૃત્તિથી સાધકે વિમુખ રહેવું જોઇએ.

માન પ્રશંસાની સાથે જોડાયેલું છે. પ્રશંસા થતાં માણસમાં રહેલી માનની સૂક્ષ્મ એષણા સળવળે છે. કદાચ તે પોતાના ભાવો પ્રગટ ન કરે

તોપણ પોતે મનમાં સમજે છે અને માન મળતાં મનમાં રાજી થાય છે. પોતાનો રાજીપો ક્યારેક તે શબ્દોમાં કે હાવભાવથી વ્યક્ત કરે છે. પ્રશંસા કરનારની અવહેલના કે અવજ્ઞા ન કરાય એવા સામાજિક વ્યવહારને કારણે પોતાની પ્રશંસા થાય ત્યારે માણસ વિવેક ખાતર તે વિશે આભાર પ્રદર્શિત કરે છે. સદ્‌ગુણોની અનુમોદના કરવી એ આપણું કર્તવ્ય છે. જે માણસ બીજાના ગુણોનો સ્વીકાર કરતો નથી અને એની અનુમોદના કરતો નથી તેનામાં ઈર્ષ્યા, અસૂયા, મત્સર ઇત્યાદિ રહેલાં હોવા જોઇએ. બીજાના ગુણો, અરે વિપરીત વ્યક્તિના ગુણો જોઇને પણ સાચો પ્રમોદભાવ પ્રગટ થવો જોઇએ એ આપણું સામાજિક કર્તવ્ય છે અને સાધનાનું પગથિયું છે. આપણી પ્રશંસામાં અતિશયોક્તિ ન હોવી જોઇએ. ખુશામતખોરીમાં તે ન પરિણમવી જોઇએ. આપણા સ્વાર્થમાંથી તે ન પ્રગટ થવી જોઇએ. બીજી બાજુ આપણી પોતાની જ્યારે આવી રીતે પ્રશંસા થતી હોય ત્યારે ફુલાઈ ન જવું જોઇએ, જો ફુલાયા તો તે પ્રશંસા આપણા માનકષાયની નિમિત્ત બની જાય છે. કેટલીક વાર આપણા સ્વજનો અને મિત્રો જ આવી પ્રશંસા દ્વારા આપણા માનકષાયના નિમિત્ત બને છે. એમ બને ત્યારે વ્યાવહારિક દૃષ્ટિએ જે મિત્ર છે તે આધ્યાત્મિક દૃષ્ટિએ શત્રુ બને છે, અહિતકર બને છે. પણ બીજાને દોષ દેવાથી શું? અહિત કરવાના આશયથી તેઓ અહિત કરતા નથી. માટે જે જાગૃત રહેવાનું છે તે તો પોતે જ. અંદરથી સમત્વ હોય તો આવા પ્રશંસાના પ્રસંગે પણ માણસ નિર્લેપ રહી શકે છે.

'પ્રશમરતિ'માં વાચક ઉમાસ્વાતિએ કહ્યું છે :

श्रुतशीलविनयसंदूषणस्य धर्मार्थकामविघ्नस्य ।
मानस्य कोऽवकाशं मुहूर्तमपि पंडितो दद्यात् ॥

શ્રુત, શીલ અને વિનય માટે દૂષણરૂપ તથા ધર્મ, અર્થ અને કામમાં વિઘ્નરૂપ એવા માનને કયો ડાહ્યો માણસ મુહૂર્ત માટે પણ અવકાશ આપશે ?

કષાયો જીવને અવશ્ય દુર્ગતિમાં, નીચલી ગતિમાં લઈ જાય છે. ઉત્તરાધ્યનસૂત્રમાં કહ્યું છે :

अहे वयन्ति कोहेणं, माणेणं अहमा गइ ।
माया गइपडिप्वाओ, लोहाओ दुहओ भयं ॥

અર્થાત્ ક્રોધ કરવાથી જીવનું પતન થાય છે, માનથી જીવ અધમ ગતિમાં જાય છે. માયાવી માણસની સદ્‌ગતિ થતી નથી અને લોભ કરનારને આ લોકમાં અને પરલોકમાં ભય ઉત્પન્ન થાય છે.

વાચક ઉમાસ્વાતિએ પણ કહ્યું છે :

जात्यादि मदोन्मत्तः पिशाचवद् भवति दुःखितश्चेह ।
जात्यादिहीनतां परभवे च निःसंशय लभते ।

અર્થાત્ જાતિ, કુળ, ધન, રૂપ, ઐશ્વર્ય વગેરેથી મદોન્મત્ત બનેલા માણસો પિશાચની જેમ દુઃખ પામે છે. વળી પરભવમાં તેઓ હીન ગતિ, નીચી ગતિ મેળવે છે એમાં સંશય નથી.

હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં પણ એમ જ કહ્યું છે : कुर्वं मदं पुनस्तानि, हीनानि लभते नरः। અર્થાત માણસ જો જાતિ, કુળ, રૂપ, ધન વગેરેનું અભિમાન કરે તો તેવાં કર્મના ફળરૂપે માણસને તે તે વિષયમાં આ ભવે કે ભવાન્તરમાં હીનતા સાંપડે છે.

માર્દવ ગુણની પ્રાપ્તિ માટે જીવે વારંવાર એવી ભાવના ભાવવી જોઈએ કે પોતાને જે ધન મળ્યું છે તે અનિત્ય છે. પોતાનું રૂપ ગમે તેવું ઉત્કૃષ્ટ હોય તો પણ એક દિવસ એ રૂપ કરમાઈ જશે અથવા એક દિવસ પ્રાણ જતાં એ રૂપને લોકો બાળી નાખશે. આ જીવ કેટલીયે વાર નીચ જાતિમાં જન્મ્યો છે અને કદાચ ભવાન્તરમાં પણ કદાચ નીચ જાતિ મળે. માટે જાતિ, કુળ વગેરે અનિત્ય છે. કોઈનાં જાતિ, કુળ, ધન વગેરે અનંતકાળ સુધી રહેવાનાં નથી. જો આ બધું જ અનિત્ય છે, તો પછી તેને માટે નિત્ય એવા મારા આત્માને નીચે શા માટે પાડું? આ રીતે અનિત્યભાવના દ્વારા માર્દવની ભાવનાનું સેવન કરવું જોઈએ.

જ્યાં સુધી જીવને પોતાના દેહ સાથે એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી 'હું પણા'નો અથવા 'મારાપણા'નો ભાવ એને રહેવાનો. દેહ સાથે સંકળાયેલી સર્વ બાબતો એને પોતાની લાગવાની. એ માટે પ્રિય-અપ્રિયનો ભાવ થતો રહેવાનો. એટલે દેહલાવણ્ય, ધનવૈભવ, સત્તા, બુદ્ધિચાતુર્ય ઈત્યાદિ પોતાનાં અને સ્વજનોનાં એને ગમવાનાં. એ માટે એ ગૌરવ અનુભવવાનો. મતલબ કે જ્યાં સુધી દેહ સાથેની તાદાત્મ્ય બુદ્ધિ જીવને રહે અથવા પરદ્રવ્ય માટે આસક્તિ રહે ત્યાં સુધી માનકષાય એનામાંથી જલદી નીકળે નહિ. ત્યાં સુધી મૃદુતારૂપી આત્મગુણ પરિપૂર્ણ સ્વરૂપે ખીલી ન શકે.

જીવ જ્યારે અંતર્મુખ બને, પોતાના ઉપયોગને અંદર વાળે અને અનુભવે કે માર્દવ મારો સ્વભાવ છે, માનકષાય મારો સ્વભાવ નથી, ત્યારે માનકષાય એને નડતો નથી. માન કે અપમાનની કોઈ પ્રતિક્રિયા એનામાં થતી નથી. પરંતુ જીવ જ્યારે પર્યાયમાં ચાલ્યો જાય છે, વિભાવદશામાં આવી જાય છે ત્યારે માન અને સન્માન એને ગમે છે અને અપમાન એને ગમતું નથી. અપમાનનો તે બચાવ કે પ્રતિકાર કરવા પ્રયાસ કરે છે. એ જ એની પર્યાયબુદ્ધિ છે. કુંદકુંદાચાર્યે પ્રવચનસારમાં કહ્યું છે કે पज्जवमूढा हि परसमया એટલે કે જે પર્યાયમાં મૂઢ છે, જે પર્યાયમાં મુગ્ધ છે, આસક્ત છે તે પરસમય છે, તે વિભાવદશા છે.

દસવૈકાલિક સૂત્રમાં કહ્યું છે.

न वाहिरं परिभवे, अत्ताणं न समुक्कसे ।
सुअलाभे न मज्जिज्ज! जच्चा तवस्सि बुद्धिए ॥

[ બીજાનો તિરસ્કાર ન કરો. 'હું જ્ઞાની છું, લબ્ધિવાન છું, જાતિસંપન્ન છું, તપસ્વી છું, બુદ્ધિમાન છું'-એમ પોતાને મોટા ન સમજો ].

સૂત્રકૃતાંગમાં કહ્યું છે :

मयाणि एयाणि विगिंच धीरा,
नं ताणि सेवंति सुधीरधम्मा ।
सव्वगोता वगया महेसी,
उच्चं अगोतं च गइं वयंति ॥

ધીરપુરુષે આવા મદનો ત્યાગ કરવો જોઈએ. સુધીરધર્મ મહાત્માઓ એનું સેવન કરતા નથી. એથી જ સર્વગોત્રથી રહિત થઈને તેઓ ગોત્રરહિત એટલે કે અગોત્ર એવી ઉચ્ચ ગતિ (સિદ્ધગતિ) પ્રાપ્ત કરે છે.

એટલે જ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ કહ્યું છે :

ઉચ્ચભાવ દગ દોષે મદ જવર છે આકરો,
હોય તેહનો પ્રતિકાર કહે મુનિવર ખરો.
પૂર્વ પુરુષ સિંધુરથી લઘુતા ભાવવું,
શુદ્ધ ભાવન તે પાવન શિવ સાધન નવું.

□ **રમણલાલ ચી. શાહ**

❖❖❖

# શ્રી દેવચંદ્રજી મહારાજકૃત શ્રી સુમતિનાથનું સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

શ્રી દેવચંદ્રજી મહારાજ રચિત શ્રી સુમતિનાથ પ્રભુની સ્તવના અને ગુણકરણમાંથી નીચે મુજબનો તત્ત્વાર્થ પ્રકાશિત થાય છે.

'આત્મા અને પુદ્‌ગલ સત્‌દ્રવ્યોનો અન્યોન્ય સંબંધ અનાદિકાળથી દરેક સાંસારિક જીવમાં હોવા છતાંય આ બન્ને અવિનાશી દ્રવ્યો વાસ્તવમાં સ્વતંત્ર છે અને તેઓ પોતાના સ્વાભાવિક ગુણોમાં પરિણમે છે. આત્મદ્રવ્ય, જે ચૈતન્યમય છે તે કોઈ કાળે પુદ્‌ગલ કે જડરૂપે પરિણમતું નથી. ઉપરાંત સમયે-સમયે આ સત્‌દ્રવ્યોના ગુણોના પર્યાયોનો ઉત્પાદ્ અને વ્યય નિર્ધારિત ક્રમમાં પ્રવાહરૂપે થતો હોવા છતાંય દ્રવ્યો અને તેના ગુણોમાં ધ્રુવતા વર્તે છે, સદૈવ અભિન્નપણું વર્તે છે. એટલે દ્રવ્ય અને તેના ગુણો ક્યારેય વિખૂટા પડતાં નથી અથવા દ્રવ્ય અને તેના ગુણો ત્રિકાળી છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે.'

હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઇએ:

અહો ! શ્રી સુમતિ જિન, શુદ્ધતા તાહરી;
સ્વગુણ પર્યાય પરિણામ રામી.
નિત્યતા એકતા અસ્તિતા ઈતરયુત,
ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી...અહો.૧

હે સુમતિનાથ પ્રભુ ! આપને સઘળા આત્મિકગુણો પૂર્ણરૂપે પ્રગટપણે વર્તે છે, જેથી આપની કાયમી શુદ્ધતા અપૂર્વ અને આશ્ચર્યકારી છે. વળી આપશ્રીને કેવળદર્શન અને કેવળજ્ઞાન ક્ષાયિક ભાવે વર્તતું હોવાથી આપ સર્વ દ્રવ્યોના સમસ્ત ગુણો અને તેના પર્યાયોના જ્ઞાનદૃષ્ટા હોવા છતાંય આપની રમણતા માત્ર સ્વગુણો અને તેના પર્યાયોમાં રહેલી છે. હે ! સુમતિનાથ પ્રભુ આપ જ્ઞાનદર્શનાદિ ગુણોવાળી સ્વસત્તાના કાયમના ભોગી હોવા છતાંય પૌદ્‌ગલિક કે પરભાવોમાં આપની લેશમાત્ર પણ રમણતા ન હોવાથી આપ અકામી છે.

શ્રી સુમતિનાથ પ્રભુ પોતાના સર્વ આત્મિકગુણોને ક્ષાયિક ભાવે સ્વાધીન હોવાથી તેઓ નિશ્ચયદૃષ્ટિએ નિત્ય છે, પરંતુ તેઓના ગુણોનું સમયે-સમયે ઉત્પાદ્ અને વ્યયરૂપ પરિણમન થતું હોવાથી પર્યાયપણામાં વ્યવહારદૃષ્ટિએ અનિત્ય કહી શકાય.

શ્રી સુમતિનાથ પ્રભુ અસંખ્યાત આત્મપ્રદેશી હોવા છતાંય તેઓ સર્વ પ્રદેશોમાં અખંડ એક કર્તૃત્વ પરિણામવાળા હોવાથી તેઓ નિશ્ચયદૃષ્ટિએ એકરૂપ છે, પરંતુ ભિન્ન-ભિન્ન આત્મિકગુણોના વિધવિધ પરિણામો કે વર્તનાવાળા હોવાથી વ્યવહારદૃષ્ટિએ તેઓને અનેકસ્વરૂપી કહી શકાય.

શ્રી સુમતિનાથ પ્રભુ પોતાના દરેક આત્મપ્રદેશે શુદ્ધ જ્ઞાનદર્શનાદિ ગુણોની ત્રૈકાલિક વર્તના સહિત નિશ્ચયદૃષ્ટિએ અસ્તિરૂપ છે, પરંતુ તેઓ સર્વ પરિણામોના જ્ઞાતાદૃષ્ટા હોવા છતાંય પરભાવ કે પરદ્રવ્યમાં તેઓનું પરિણમન ન થતું હોવાથી વ્યવહારદૃષ્ટિએ તેઓનું સદૈવ નાસ્તિપણું છે.

ઉપજે વ્યય લહે તહવી તેહવો રહે,
ગુણ પ્રમુખ બહુલતા તહવી પિંડી;
આત્મભાવે રહે અપરતા નવિ ગ્રહે,
લોક પ્રદેશ મિત્ત પણ અખંડી...અહો.૨

આત્મદ્રવ્ય અસંખ્ય પ્રદેશાત્મક છે એટલે સર્વ લોકાકાશમાં જેટલા પ્રદેશો છે તેટલા દરેક આત્મદ્રવ્યમાં હોય છે અને દરેક આત્મપ્રદેશે અનંતા જ્ઞાનદર્શનાદિ ગુણો તેના પર્યાયો સહિત છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. દરેક સાંસારિક જીવમાં આત્મા અને પુદ્‌ગલ દ્રવ્યનો અન્યોન્ય સંબંધ હોવા છતાંય આ બન્ને દ્રવ્યો પોતપોતાના ગુણોમાં પરિણમે છે અથવા ગુણોનું પરિણમન નિર્ધારિત ક્રમમાં પર્યાયો થકી થાય છે. વળી ગુણોના પર્યાયો ઉત્પન્ન અને નષ્ટ થતા હોવા છતાંય સત્‌દ્રવ્ય પોતાના ગુણો સહિત ત્રિકાળી નિત્ય છે. પરંતુ રાગદ્વેષ અને અજ્ઞાનવશ સાંસારિક જીવના વિભાવોથી આત્મિકગુણો ઉપર પૌદ્‌ગલિક કર્મરજથી આવરણો આવે છે, જેથી ગુણો બહુધા ઢંકાઈ જાય છે, ગુણો અપ્રગટદશામાં હોય છે અથવા સત્તામાં હોય છે.

સર્વજ્ઞ ભગવંતને કેવળજ્ઞાનદર્શનાદિ આત્મિકગુણો પ્રગટપણે વર્તતા હોવાથી અથવા આત્મિકગુણો આવરણ રહિત થવાથી તેઓની કાયમી સ્થિરતા સ્વસ્વરૂપમાં હોય છે. બીજી રીતે જોઇએ તો શ્રી તીર્થંકર ભગવંતને વૈભાવિક અવસ્થાઓમાં લેશમાત્ર પણ રમણતા ન હોવાથી તેઓને નવાં કર્મબંધનોનો સદંતર અભાવ વર્તે છે. ટૂંકમાં શ્રી સુમતિનાથ પ્રભુ પોતાના સહજભાવમાં રમમાણ હોવાથી તેઓ પરદ્રવ્યને કે પરભાવને ગ્રહણ કરતા નથી એવું કહી શકાય.

કાર્ય કારણપણે પરિણમે તહવી ધ્રુવ,
કાર્ય ભેદે કરે પણ અભેદી;
કર્તૃત્વતા પરિણમે નવ્યતા નવિ રમે,
સકલ વેત્તા થકો પણ અવેદી...અહો.૩

જ્ઞાનીપુરુષોનું સાપેક્ષ કથન છે કે આત્મદ્રવ્યના ગુણો કારણરૂપ છે અને ગુણોનું પરિણમન કે વર્તના તેનું પરિણામ છે. હવે આત્મદ્રવ્ય અને તેના ગુણોમાં સદૈવ અભેદતા કે અભિન્નતા વર્તતી હોવાથી દ્રવ્યની અંતર્ગત ધ્રુવતા કાયમી છે. એટલે આત્મિકગુણોની પર્યાયોરૂપ વર્તના ભિન્ન-ભિન્ન કાર્ય પરિણામી હોવા છતાંય આત્મદ્રવ્ય તો એક જ અભિન્ન સ્વરૂપે છે.

શ્રી સુમતિનાથ પ્રભુ કેવળજ્ઞાનદશાને પામેલા હોવાથી તેઓ સર્વ દ્રવ્યોના ત્રૈકાલિક પરિણમનના જ્ઞાતદૃષ્ટા હોવાના નાતે, તેઓને પોતાના ક્ષાયિક સ્વભાવમાં કિંચિત માત્ર પણ અશુદ્ધતા, અપૂર્ણતા કે નવીનતા હોતી નથી. આવી રીતે પ્રભુ સર્વ સંબંધી પારિણામિક ભાવોના સંપૂર્ણ જ્ઞાતાદૃષ્ટા હોવા છતાંય તેઓને તે સંબંધી ઈચ્છા કે કામનાનો અભાવ હોવાથી તેઓને અવેદી કહી શકાય. અથવા પ્રભુને પોતાના સ્વભાવનું જ નિરંતર વેદન વર્તે છે અને પરભાવનો સદૈવ અભાવ વર્તે છે એમ કહી શકાય.

શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા,
સહજ નિજભાવ ભોગી અયોગી;
સ્વપર ઉપયોગી તાદાત્મય સત્તારસી,
શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી...અહો.૪

શ્રી સુમતિનાથ પ્રભુ સર્વે જ્ઞાનદર્શનાદિ ગુણોની સત્તામાં પરમ શુદ્ધ હોવાથી તેઓ સમસ્ત દ્રવ્યોના સઘળા ભાવોના જાણનાર બુદ્ધ કે જ્ઞાતા છે. આમ છતાંય પ્રભુ પોતાના સહજ આત્મિકગુણોના અને તેના પર્યાયોના માત્ર ભોગી છે અથવા નિજસ્વભાવનું તેઓને વેદન છે. ઉપરાંત પ્રભુને કોઈપણ અન્ય જીવ કે અજીવદ્રવ્ય સાથે સંયોગી પરિણામ ન હોવાથી તેઓને અયોગીપણું છે. વળી પ્રભુને જ્ઞાનદર્શનાદિ સ્વગુણોના વિધવિધ પર્યાયોરૂપ પરિણામો હોવા છતાંય આવું પ્રવર્તન સહજ હોવાથી તે અપ્રયત્નશીલ હોય છે. અથવા તેમાં કર્તાભાવનો સદંતર અભાવ હોય છે.

શ્રી સુમતિનાથ પ્રભુ સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના માત્ર જ્ઞાતાદૃષ્ટા હોવાથી અથવા તેઓને શુદ્ધ આત્મસત્તાનાં પરિણમનો થતાં હોવાથી તેઓને સ્વસત્તાના રસિયા કહી શકાય. ટૂંકમાં પ્રભુને સ્વગુણોનો જ સહજાનંદ વર્તે છે એમ કહી શકાય.

વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી;
એટલે કોઈ પ્રભુતા ન પામે;
કરે જાણે રમે અનુભવે તે પ્રભુ,
તત્ત્વ સ્વામિત્વ સુચિ તત્ત્વ ધામે...અહો.૫

નિશ્ચયદષ્ટિએ તો સર્વ સાંસારિક જીવો પોતપોતાના જીવત્વ સ્વભાવમાં પરિણામ પામે છે. પરંતુ આટલા માત્રથી એમ ન કહી શકાય કે દરેક સાંસારિક જીવને પરમાત્મપણું કે પ્રભુતા વર્તે છે, કારણ કે કર્મના પરાધીનપણામાં પ્રભુતાનો અભાવ હોય છે. એટલે વ્યવહારદષ્ટિએ તો જે સાંસારિક જીવ રાગદ્વેષ અને અજ્ઞાનવશ હોય છે તેને તો કર્મબંધ અને કર્મફળની પરંપરા અનાદિકાળથી ચાલી આવતી હોય છે અથવા તેને જન્મ-મરણ અને સુખ-દુ:ખની ઘટમાળ ચાલ્યા કરતી હોય છે. ટૂંકમાં ચારગતિમાં પરિભ્રમણ કરતા આવા સાંસારિક જીવને પ્રભુતા સંભવી શકતી નથી.

પરંતુ જે ભવ્ય જીવે યથાર્થ પુરુષાર્થ ધર્મનું આરાધન કરી ચાર ઘનઘાતિ કર્મોનો ક્ષય કર્યો છે તેમની કાયમી સ્થિરતા પોતાના સહજ સ્વાભાવિક જ્ઞાનદર્શનાદિ ગુણોમાં હોય છે. આવા પ્રભુતા પામેલ જ્ઞાનીપુરુષને પોતાની સત્તાગતે રહેલ આત્મિકગુણોનો અનુભવ અને સહજાનંદ વર્તે છે અથવા તેઓ પોતાના સ્વાભાવિક ગુણોમાં રમમાણ કરે છે.

જીવ નવિ પુગ્ગલી, નૈવ પુગ્ગલ કદા,
પુગ્ગલાધાર નહિ તાસરંગી;
પરતણો ઇશ નહિ અપર ઐશ્વર્યતા,
વસ્તુધર્મે કદા ન પરસંગી...અહો. ૬

આત્મા અને પુદ્ગલ દ્રવ્યનો અનાદિકાળથી અન્યોન્ય સંબંધ હોવા છતાંય, આ બન્ને દ્રવ્યો સ્વતંત્ર છે, તેઓ એકબીજારૂપ થતાં નથી તથા તેઓ પોતપોતાના સ્વભાવમાં પરિણમે છે, એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. જેનો ચૈતન્ય સ્વભાવ છે, એવું આત્મદ્રવ્ય કોઈ કાળે જડતા પામતું નથી અથવા પુદ્ગલ દ્રવ્ય જેનો જડત્વ સ્વભાવ છે તે ચેતનરૂપ થતું નથી. સત્‌દ્રવ્ય પોતાનો સ્વજાતિ સ્વભાવ છોડી વિજાતીય થતું નથી. અપેક્ષાએ પુદ્ગલ દ્રવ્ય જડ અને પૂરણ ગલન સ્વભાવવાળું હોવાથી અનિત્ય છે જ્યારે જીવદ્રવ્ય જ્ઞાનાદિ ચેતનાગુણ સ્વરૂપે નિત્ય છે.

નિશ્ચયદષ્ટિએ અને શુદ્ધ સ્વરૂપે કોઈપણ આત્મદ્રવ્ય અન્ય દ્રવ્ય ઉપર આધાર રાખતું નથી અને એ અપેક્ષાએ તે પરસંગી નથી. પરંતુ વ્યવહારદષ્ટિએ સાંસારિક જીવને પૌદ્ગલિક કર્મરૂપ આવરણો હોવાથી તેને અશુદ્ધ સ્વરૂપ વર્તે છે અથવા તે પરવશ છે એવું અપેક્ષાએ કહી શકાય.

શુદ્ધ સ્વરૂપી આત્મદ્રવ્ય અનંતા ત્રિકાળી જ્ઞાનદર્શનાદિ ગુણો સહિત નિત્ય છે અને એ અપેક્ષાએ તે પાર વગરની ઐશ્વર્ય કે પ્રભુતા ધરાવે છે. આવું આત્મદ્રવ્ય સ્વતંત્ર હોવાથી તેને અન્ય દ્રવ્યો ઉપર પ્રભુત્વ હોતું નથી કે તે પરસંગી નથી, પરંતુ તે પોતાના સત્તાગત સ્વાભાવિક ધર્મમાં પરિણમે છે.

જે ભવ્યજીવને દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમથી સમ્યક્‌દર્શન વર્તે છે તેઓને પોતાની સત્તામાં રહેલ શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન્ વર્તે છે, તેમ જ તે કર્મજન્ય ઔદયિક પરિણામને કે અશુદ્ધ સ્વરૂપને પણ જાણે છે. આવી ભવ્યતા પામેલ સમ્યક્‌દષ્ટિ જીવને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય તેનો પુરુષાર્થ વર્તે છે.

સંગ્રહે નહિ આપે નહિ પર ભણી,
નવિ કરે આદરે ન પર રાખે;
શુદ્ધ સ્યાદ્‌વાદ નિજભાવ ભોગી જીકે,
તેહ પર ભાવને કેમ ચાખે ?...અહો.૭

જે આત્માર્થી સાધકને આત્મસ્વરૂપનું યથાતથ્ય ઓળખાણ થયું છે અથવા જેને સમ્યક્‌દર્શન થયું છે તેને નિશ્ચય વર્તે છે કે પરમાત્મા કોઈપણ અન્ય દ્રવ્યનો સંગ્રહ કરતા નથી તેમજ પરદ્રવ્યને પણ આપતા નથી. વળી તેઓ પરદ્રવ્ય પ્રાપ્ત કરવાનો કિંચિત માત્ર પણ પ્રયત્ન કરતા નથી તેમજ પોતાની પાસે તે રાખતા નથી. આવી પરમાત્મદશા પામેલા તો પોતાની અક્ષય અને શુદ્ધ સ્યાદ્‌વાદ સત્તાના જ ભોગી હોવાથી તેઓ શા માટે પરભાવનો અનુભવ કરે ?

ટૂંકમાં શ્રી સુમતિનાથ પ્રભુ કોઈપણ અન્ય દ્રવ્યના પરિણામના કર્તા-હર્તા નથી, પરંતુ પોતાની સ્વગુણ સત્તાના ઉપયોગથી પરદ્રવ્યોના પણ પરિણામો જ્ઞાતાદષ્ટા ભાવથી જાણી શકે છે.

તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી,
ઊપજે રુચિ તેણે તત્ત્વ ઇહે;
તત્ત્વરંગી થયો દોષથી ઊભગ્યો,
દોષ ત્યાગ્યે ઢલે તત્ત્વ લીહે...અહો. ૮

સાધકને શ્રી સુમતિનાથ પ્રભુની અદ્ભુત અને આશ્ચર્યકારી શુદ્ધતાની ઓળખાણ ગુરુગમે થતાં, તેનો પુરુષાર્થ જાગૃત થાય છે અને પોતાનું સત્તાગત પરમાત્મસ્વરૂપ પ્રગટ કરવાની રુચિ ઉત્પન્ન થાય છે. આવો આત્માર્થી પંચપરમેષ્ઠિ ભગવંતોનું ગુણકરણ અને ધ્યાન ધરી, વિષય-કષાયાદિ દોષોના નિવારણમાં પ્રવૃત્ત થાય છે. સાધકના જ્ઞાનદર્શનાદિ આત્મિકગુણો ઉપરનાં કર્મરૂપ આવરણો જેમ જેમ દૂર થતાં જાય છે, તેમ તેમ તે ઉત્તરોત્તર શુદ્ધતા પામે છે અને મુક્તિમાર્ગની શ્રેણીનું આરોહણ કરે છે.

શુદ્ધ માર્ગે સાધ્ય સાધન સધ્યો,
સ્વામી પ્રતિ છંદે સત્તા આરાધે;
આત્મ નિષ્પત્તિ તિહાં સાધના નવિ ટકે,
વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે...અહો.૯

શ્રી સુમતિનાથ પ્રભુના શુદ્ધ અવલંબનથી તથા નામ-સ્થાપનાદિ નિક્ષેપથી સાધક ઉત્સર્ગ માર્ગનું યથાર્થ આરાધન કરી પોતાનું લક્ષ સાધી શકે છે. આવી સાધનામાં આત્માર્થીને નિશ્ચય વર્તે છે કે તે શ્રી સુમતિનાથ પ્રભુ જેવાનું નિમિત્ત લઈ, વાસ્તવમાં તો પોતાના નિજસ્વરૂપનું ધ્યાન ધરે છે અથવા તેનો સઘળો પુરુષાર્થ સાધ્યને અનુલક્ષીને થતો હોય છે. આવી સાધનામાં જેમ શુદ્ધતા આવે છે તેમ સાધકને પોતાના સત્તાગત અનંત-અક્ષય આત્મિકગુણો પ્રગટ થાય છે. આવો સાધક છેવટે પરમાત્મપદ પામવાનો અધિકારી થાય છે.

માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા,
તેહનો હેતુ પ્રભુ તુંહી સાચો;
દેવચંદ્રે સ્તવ્યો મુનિગણે અનુભવ્યો,
તત્ત્વ ભક્તે ભવિક સકળ રાચો...અહો. ૧૦

સ્તવન રચયિતા શ્રી દેવચંદ્રજી જણાવે છે કે તેઓએ પોતાની સત્તાગત શુદ્ધતા પ્રગટ કરવા શ્રી સુમતિનાથ પ્રભુ જેવાનું ઉત્તમ નિમિત્તનો આધાર લઈ, પૂર્ણ શુદ્ધતાના માર્ગે આરોહણ કરેલું છે. હે સુમતિનાથ પ્રભુ ! આપના અદ્ભુત અને આશ્ચર્યકારી શુદ્ધ સ્વરૂપના અવલંબનથી મારાં આત્મિકગુણો પ્રગટ થવા માંડ્યા છે, જેથી આપની ઉપકારકતા અજોડ છે. જે સાધકને સંસાર બંધનરૂપ લાગ્યો છે અને તેમાંથી છૂટવાની તીવ્ર રુચિ ઉત્પન્ન થઈ છે તેઓ શ્રી સુમતિનાથ પ્રભુ જેવા નિમિત્તનું અવલંબન લઈ પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે એવું શ્રી દેવચંદ્રજી મહારાજનું ભક્તજનોને આવાહન છે.

❖❖❖

# 'भू-र्भुव:-स्व:'-પદગર્ભિત જૈન સ્તોત્રો

## ☐ પૂ. મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ

જૈનાચાર્યો દ્વારા વિરચિત અનેક સ્તોત્રો તથા સ્તુતિકાવ્યો આજે ઉપલબ્ધ છે. સંસ્કૃત સાહિત્યમાં આ સ્તોત્રોનું મોટું યોગદાન છે. તેમાં ભૂ-ર્ભુવઃ-સ્વઃ-પદનો બહુધા રૂઢિપ્રયોગ થયો હોય તેવાં કેટલાંક સ્તોત્રોનો પરિચય અહીં પ્રસ્તુત છે.

વૈદિક તેમજ જૈન (શ્રમણ) બંને પરંપરામાં આ પ્રયોગ સર્વત્ર સ્વીકૃત થયો છે. તે તેની લોકપ્રિયતા સૂચવે છે.

ત્રણ સંસ્કૃત શબ્દો અત્રે જે વિવક્ષિત છે તે આ પ્રમાણે છે-

भूः
भुवः
स्वः

આપણે અહીં પ્રથમ તેનો શાબ્દિક પરિચય જોઇએ. સંસ્કૃત વ્યાકરણની દૃષ્ટિએ જોઇએ તો આ ત્રણે શબ્દો 'स्वरादयोऽव्ययम्' (સિદ્ધહેમ. ૧-૧-૩૦) સૂત્ર અનુસાર અવ્યયસંજ્ઞક છે. સૂત્રની સૂચિમાં આવા ૧૧૬ અવ્યયોની નોંધ છે:

भवत्यस्मिन् इति भूः વ્યુત્પત્તિ પ્રમાણે અધિકરણ, આધાર, આશ્રય, પૃથ્વી અર્થમાં સ્ત્રીલિંગ પણ છે. શબ્દરત્ન મહોદધિમાં भुवः ને પુલ્લિંગ પણ કહ્યો છે.

અર્થની દૃષ્ટિએ વિચારીએ તો भूः શબ્દ પૃથ્વી અર્થમાં પ્રસિદ્ધ છે. 'भू-र्भूमिः पृथिवी-पृथ्वी' (અભિધાન શબ્દકોષ. કાંડ. ૪.)

પરંતુ સિદ્ધહેમના બૃહદ્‌ન્યાસમાં भूः અને भुवः શબ્દને અનુક્રમે નાગલોક અને મર્ત્યલોકના વાચક જણાવ્યા છે. તથા स्वः નો અર્થ સ્વર્ગ કર્યો છે તેથી भूः, भुवः, અને स्वः શબ્દથી પાતાલ, મર્ત્ય અને સ્વર્ગલોક (દેવલોક) આમ ત્રણ લોક સમજવાના છે. આ દૃષ્ટિએ વિચારીએ તો भूः નો અર્થ જે નાગલોક કહ્યો છે તેનું અર્થઘટન આપણે પાતાલલોક કે અધોલોક કરી શકીએ. જે રત્નપ્રભા પૃથ્વી ઉપરનો ભાગ છે.

भूःर्भुवः-स्वः પદનો પ્રયોગ જે રીતે વૈદિક અને જૈન પરંપરામાં જોવા મળે છે તે જોતાં આ એક મંત્ર-રચનાનો જ પ્રકાર છે જેને વૈદિક પરિભાષામાં व्याहृतिः કહેવામાં આવે છે. આ ભાવને વ્યક્ત કરતો શ્લોક આ પ્રમાણે છે-

अकारं चाप्युकारं च, मकारं च प्रजापतिः ।
वेदत्रयात् निरदुहतद्, भू-र्भुवः-स्वरितीति च ॥

મનુસ્મૃતિ, અધ્યાય ૨/૭૬

પ્રજાપતિ-બ્રહ્માએ अकार, उकार અને मकार એ ત્રણ અક્ષરમાંથી ઉદ્‌ભવ થયેલાં ॐ કારને તથા भूः, भुवः અને स्वः એ ત્રણ વ્યાહૃતિને ત્રણ વેદમાંથી એટલે કે ऋग्, यजुष् અને સામ વેદમાંથી દોહી કાઢી છે. એટલે કે ઉધ્ધૃત કરી છે.

ગાયત્રી મંત્ર જેમાં સૂર્યની ઉપાસના કરવામાં આવી છે તેમાં પણ ભૂ-ર્ભુવઃ-સ્વઃ નો પ્રયોગ પ્રસિદ્ધ છે.

'ॐ भू-र्भुवः-स्वः तत् सवितुर्वरेण्यं, भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात्'

આમાં भूः નો અર્થ પૃથ્વીલોક-Physical World, અને भुवः એટલે અંતરિક્ષ લોક Astral World અને स्वः ને સ્વર્ગલોક તરીકે ઓળખાવ્યો છે. શબ્દરત્ન મહોદધિમાં પણ આ જ વ્યાખ્યા આપી છે.

પરંતુ હવે જૈન પરંપરામાં આ પદનો જે પ્રયોગ થયો છે તે તેની વ્યાપકતા સૂચવે છે. તેવા કેટલાક આધાર ગ્રંથોની સૂચિ અહીં આપી છે.

૧. ઋષિમંડલ સ્તોત્ર
૨. સકલાર્હત્ સ્તોત્ર
૩. જિન સહસ્રનામ સ્તોત્ર
૪. વર્ધમાન શક્રસ્તવ (આ. સિદ્ધસેનસૂરિ)
૫. વર્ધમાન શક્રસ્તવ (આ. હેમચંદ્રાચાર્ય)
૬. ગૌતમસ્વામિ સ્તોત્ર
૭. પદ્માનંદ મહાકાવ્ય
૮. શક્તિ-મણિકોશ
૯. નમસ્કાર-મહાત્મ્ય (આ. સિદ્ધસેનસૂરિ)

શ્લો. ૭/૩૩. શ્લોક/૬/૧૫

લઘુ અને બૃહદ્ બંને ઋષિમંડલ સ્તોત્ર આજે ઉપલબ્ધ છે. તેમાં અનુક્રમે શ્લોકસંખ્યા ૫૬ અને ૯૧મો શ્લોક આ પ્રમાણે છે-

भू-र्भुवः स्वस्त्रयी पीठ वर्तिनः शाश्वता जिनाः ।
तैः स्तुतैर्वन्दितैदृष्टैर्यत् फलं, तत् फलं स्मृतौ ॥

અર્થ:- પાતાળ, પૃથ્વી અને સ્વર્ગલોકમાં જેટલા શાશ્વતા જિનબિંબો છે તેમના સ્તવન, વંદન અને દર્શનથી જે ફળ મળે છે તે ફળ આ સ્તોત્રના સ્મરણથી થાય છે.

'સકલાર્હત્ સ્તોત્ર'-એના પ્રથમાક્ષરોથી પ્રસિદ્ધિ પામ્યું છે. પણ મૂળ રચના ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર-મહાકાવ્યની છે. જેના મંગલાચરણમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરી છે.

सकलार्हत्-प्रतिष्ठान,-मधिष्ठानं शिवश्रियः ।
भू-र्भुवः-स्वस्त्रयीशान-मार्हन्त्यं प्रणिदध्महे ॥

અર્થ:-સકલ અર્હતોનું પ્રતિષ્ઠાન, શિવશ્રીનું અધિષ્ઠાન, પાતાલ, મર્ત્ય (પૃથ્વી) અને સ્વર્ગલોક ઉપર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવનાર, એવા 'અર્હત્' પદનું અમે ધ્યાન કરીએ છીએ. અહીં भूः, भुवः અને स्वः પદો ત્રણ લોકના આધિપત્યના દ્યોતક છે.

જિન સહસ્રનામ-સ્તોત્ર-એ ભક્તિયોગનું સુંદર સંસ્કૃત-કાવ્ય છે. વિ.સં.૧૭૩૧માં મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિએ એની રચના કરી છે. આ સ્તોત્રમાં વિવિધ વિશેષણો દ્વારા અરિહંત પરમાત્માને ૧૦૦૮ વાર નમસ્કાર કરવામાં આવ્યો છે. તેથી તેનું સાર્થક નામ જિન સહસ્રનામ રાખેલ છે. તેનો ૧૨૯ મો શ્લોક આ પ્રમાણે છે:

नमो भू-र्भुवः-स्वस्त्रयी शाश्वताय, नमस्ते त्रिलोकी स्थिर स्थापनाय ।
नमो देवमर्त्त्या सुराभ्यर्चिताय, नमस्ते, नमस्ते, नमस्ते, नमस्ते ॥

અર્થ : પાતાલ, મર્ત્ય અને સ્વર્ગ રૂપ ત્રણે લોકમાં શાશ્વત એવા આપને નમસ્કાર થાઓ. ત્રણે લોકમાં સ્થિર છે સ્થાપના જેમની એવા આપને (શાશ્વત સ્થાપના જિનેશ્વરોને) નમસ્કાર થાઓ. મનુષ્યો, દેવો અને અસુરોથી પૂજાયેલા એવા આપને નમસ્કાર થાઓ.

'વર્ધમાન શક્રસ્તવ' એ નામે બે કૃતિ મળે છે-જેમાં આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ વિરચિત કૃતિ અત્રે પ્રસ્તુત છે-જે ગદ્ય-પદ્ય મય છે. અને ૧૧ આલાપકો (પ્રકરણ, વિભાગ)માં છે. જેનું ફળ-કથન પણ ૧૧ આલાપકોમાં ક્રમશઃ કરવામાં આવ્યું છે. કહેવાય છે કે-ઈન્દ્ર મહારાજે પ્રસન્ન થઈને આચાર્યશ્રીને જે મંત્રાક્ષરો કહ્યાં તે આમાં લિપિબદ્ધ થયાં છે.

ॐ नमोऽर्हते भू-र्भुवः-स्व-स्त्रयीनाथ ।
मौलि मन्दारमालार्चित क्रमाय...॥

અર્થ: પાતાલ, મનુષ્ય અને સ્વર્ગ સ્વરૂપ ત્રણેય લોકના નાથ-સ્વામિ

એવા ઇન્દ્રોના મુગટમાં રહેલી કલ્પવૃક્ષના પુષ્પોની માળાઓથી પૂજિત ચરણયુગલવાળા એવા અર્હત્ પરમાત્માને નમસ્કાર થાઓ.

भू-र्भुवः-स्वः समुत्ताराय- ॥

પૃથ્વી, પાતાલ અને સ્વર્ગ એમ ત્રણે લોકના ભવ્ય જીવોને યોગ-ક્ષેમ પૂર્વક સંસાર સાગરથી પાર ઉતારનારા એવા,

વર્ધમાન શક્રસ્તવ-આ કૃતિ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિની રચિત છે જે ૧૭ શ્લોકોની પદ્યમય રચના છે. જેનો શ્લોક નં. ૧૨ આ પ્રમાણે છે.

नमः परस्तादुदितायैक वीराय भास्वते ।

ॐ भू-र्भुवः-स्वरितिवाक्-स्तवनीयाय ते नमः ॥

અર્થ:-સર્વ તરફથી ઉદિત થયેલા, એક વીર, સૂર્યરૂપ અને 'ॐ भू-र्भुव-स्वः' એ શબ્દોથી સ્તુતિ કરવા યોગ્ય એવા આપને નમસ્કાર થાઓ.

ગૌતમસ્વામિ સ્તોત્ર-આ સ્તોત્ર મંત્રાધિરાજ ગર્ભિત તરીકે પ્રસિદ્ધ છે. તેનો ૧૩મો શ્લોક આ પ્રમાણે છે :-

सज्जलान्न-धन-भोगधृतीनां, लब्धिरद्रुतेह भवे स्यात् ।

गौतमस्मरणतः परलोके भू-र्भुवः-स्वरपवर्गसुखानि ॥

ગુરુ ગૌતમસ્વામિજી અનંત લબ્ધિના ભંડાર હતા-ગૌતમ શબ્દ પણ ચમત્કારી છે. ગૌ એટલે કામધેનુ. ત એટલે કલ્પવૃક્ષ. મ એટલે ચિંતામણિ-એવો ભાવ પ્રગટ થાય છે. તેમના નામસ્મરણ માત્રથી આ લોકમાં સર્વઇચ્છિત મળે છે અને પરલોકમાં-પાતાળ, મર્ત્ય અને સ્વર્ગનું તેમ જ પરંપરાએ મોક્ષનું સુખ પણ પ્રાપ્ત થાય છે.

પદ્માનંદ મહાકાવ્ય-આચાર્યશ્રી અમરચંદ્રાચાર્યની આ રચના છે-તેનો મંગલાચરણનો શ્લોક રજો આ પ્રમાણે છે-

मुदाऽर्हामि तदार्हन्त्यं, भू-र्भुवः-स्वस्त्रयीश्वरं ।

यदाराध्य ध्रुवं जीवः, स्यादर्हन् परमेश्वरः ॥

અર્થ-પાતાળ, મર્ત્ય અને સ્વર્ગ એમ ત્રણે લોકનું પ્રભુત્વ ધરાવનાર એવા આર્હન્ત્ય પદની હું હર્ષથી સ્તુતિ કરું છું. ભવ્યજીવ જેની ઉપાસના કરીને પોતે સ્વયં ભગવદ્રૂપ બની જાય છે.

શક્તિ-મણિ કોશ-જેનું બીજું નામ 'લઘુતત્ત્વ-સ્ફોટ' છે-અને સર્વજ્ઞ-ગુણ સ્તવન તરીકે પણ ઓળખાય છે. દિગંબરાચાર્ય શ્રી અમૃતચંદ્રાચાર્યે આની રચના કરી છે-જેમાં લગભગ આર્ષ-પ્રયોગ હોવાથી શબ્દાર્થ ગૂઢ લાગે છે. તેનો પ્રારંભનો શ્લોક આ પ્રમાણે છે :-

स्वायंभुवं मह इहोच्छलदच्छमीडे, येनादिदेव-भगवानभवत् स्वयंभूः ।

ॐ भू-र्भुवः प्रभृतिसन्मननैकरूपम्; आत्मप्रमातृ परमातृ न मातृ, मातृ ॥

હે આદિ-જિનેન્દ્ર દેવ ! જેના દ્વારા આપ સ્વયંભૂ ભગવાન છો તે આત્મસંબંધી સ્વયંભૂ જ્ઞાનપ્રકાશની હું સ્તુતિ કરું છું. તે જ્ઞાનપ્રકાશ આ વિશ્વમાં ઝળહળી રહ્યો છે.

ॐ भू-भुवः-स्वः ઇત્યાદિ મંત્રના સમીચીન, અદ્વિતીય મનન સ્વરૂપ છે, જે સ્વ પ્રકાશક છે, જે પર પ્રકાશક પણ છે અને જે માત્ર જ્ઞાયકનો જ નહીં પરંતુ અજ્ઞાયકનો પણ જ્ઞાયક છે.

આમ, भूः, भुवः અને स्वः આ ત્રણ પદો મંત્રાક્ષરોમાં અને સ્તોત્રોમાં ઠેઠ પ્રાચીન કાળથી પ્રયોજાતાં આવ્યાં છે.

❖❖❖

# જૈન ચરિત્રાત્મક કાવ્યપ્રકારો

**□ ડૉ. કવિન શાહ**

ચરિત્રાત્કમ કાવ્ય પ્રકારોનો વિચાર કરતાં સૌ પ્રથમ રાસકૃતિઓ વિપુલ પ્રમાણમાં મળી આવે છે. તેમાં વિષય વૈવિધ્યની સાથે કાવ્યગત વિશેષતાઓ પણ જોઈ શકાય છે. રાસ ઉપરાંત વિવાહલો, ફાગુ, પ્રબંધ જેવાં દીર્ઘ કાયાવાળાં વિસ્તારયુક્ત કાવ્યો ચરિત્રાત્મક નિરૂપણની પરંપરા અનુસરે છે. કેટલીક લઘુકાવ્યકૃતિઓ પણ ચરિત્રાત્મકરૂપે સર્જાઈ છે. તે વિશેની માહિતી અત્રે આપવામાં આવી છે.

કેટલીક ચરિત્રાત્મક રચનાઓનું નામ શીર્ષક જુદું હોવા છતાં આંતરદેહ તો અન્ય સ્વરૂપ જેવો જોવા મળે છે. આવી કાવ્ય રચનાઓ ધવલ-મંગલ, કલશ, સ્નાત્રપૂજા, વધાવા જેવી સંજ્ઞાથી ઉપલબ્ધ થાય છે. તેમાં મુખ્યત્વે તીર્થંકર ભગવાનના જન્મોત્સવ-અભિષેકના પ્રસંગનું વર્ણન કરવામાં આવે છે. તેનાથી ભક્તજનો પ્રભુના જન્મોત્સવની ઉજવણીથી અપૂર્વ હર્ષોલ્લાસ અનુભવે છે. કાવ્યનો મૂળ વિષય તો જન્મોત્સવનો જ છે. પણ કવિઓએ પોતાની આગવી પ્રતિભાથી આ પ્રસંગને અનોખી શૈલીમાં વર્ણવ્યો છે. પ્રસંગનું ઢાળમાં વિભાજન રસિકતા, ભાવવાહી અભિવ્યક્તિ, માત્રામેળ છંદ, પ્રાસયોજના અને અલંકાર જેવાં લક્ષણોથી ભક્તિપ્રધાન કાવ્ય તરીકે તે સ્થાન ધરાવે છે.

આ પ્રકારની રચનાઓ ભક્તિમાર્ગનું અનુસંધાન કરીને ઈષ્ટદેવ પ્રત્યેની ભક્તિભાવના પ્રગટ કરે છે. ઈષ્ટદેવનો જન્મદિવસ જૈન સાહિત્યમાં કલ્યાણક શબ્દથી પ્રચલિત છે. પ્રભુનાં જીવન અને કાર્યોનો સમસ્ત વિશ્વ પર પ્રભાવ પડે છે. એમનો જન્મ દિવસ મહાન ગણાય છે. એમ માનીને જન્મોત્સવની ઉજવણી થાય છે. ભગવાનનો જન્મ થાય ત્યારે દેવો મેરૂ પર્વત ઉપર એકત્ર થઈને એમનો જન્માભિષેક મહોત્સવ ઊજવે છે. આ પ્રસંગ માટે જૈન સાહિત્યમાં સ્નાત્રપૂજા નામની કાવ્યસંજ્ઞા આપવામાં આવી છે. કવિ દેપાલ, દેવચંદ્રજી, રૂપવિજય વીરવિજયજી, ક્ષમાલાભ, આત્મરામજી, બુદ્ધિસાગરસૂરિ વગેરે કવિઓએ સ્નાત્રપૂજાની રચના કરી છે. પ્રભુને અભિષેક કરીને ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળથી અષ્ટપ્રકારી પૂજા કરવામાં આવે છે. પ્રભુના નિર્વાણ પછી સાકાર ઉપાસનાના પ્રતીકરૂપે મૂર્તિ સમક્ષ 'સ્નાત્રપૂજા' થાય છે. તેનો હેતુ માનવજન્મની સફળતા, સમકિતની નિર્મળતા, વ્યક્તિ અને સંઘની શાંતિ પ્રાપ્ત કરવાનો છે. આ પ્રકારની રચનામાં નાટ્યાત્મક તત્ત્વો અને ચિત્રાત્મકતા વિશેષ જોવા મળે છે. તેમાં રહેલું છંદવૈવિધ્ય રસિકતા ને લયબધ્ધતામાં સમર્થન આપે છે. તેની લલિત મધુર પદાવલીઓ ભક્તિરસની અનેરી ક્ષણો પૂરી પાડીને રસલીન કરે છે. તેમાં પ્રસંગોની વિવિધતા ક્રિયાગીત (action song) ના નમૂનારૂપ છે. અભિષેક શબ્દ પ્રભુના સ્નાનના સંદર્ભમાં પ્રયોજાયો છે. તે દૃષ્ટિએ જન્માભિષેક શબ્દ યથાર્થ છે. 'સ્નાન' શબ્દ સર્વ સામાન્ય રીતે વપરાય છે. પણ પ્રભુ મહાન હોવાથી એમના માટે પૂજ્ય-ભાવ-બહુમાન વ્યક્ત કરીને 'અભિષેક' શબ્દનો પ્રયોગ થાય છે. તેની સાથે જોડાયેલો 'પૂજા' શબ્દ પ્રભુના જન્મ વખતના અભિષેક પછીની પ્રક્રિયાનું સૂચન કરે છે. આ રીતે 'સ્નાત્રપૂજા' એટલે પ્રભુના જન્મોત્સવનું વર્ણન કરતું કાવ્ય.

'કલશ' સંજ્ઞાવાળી રચનાઓનો વિષય પ્રભુનો જન્મોત્સવ હોવા છતાં તેમાં સ્નાત્રપૂજા સમાન વિસ્તાર નથી. કલશ એટલે જન્મોત્સવનું નિરૂપણ કરતી લઘુકાવ્ય રચના: સુવર્ણ અને રત્નજડિત કળશોમાં પંચામૃતનું મિશ્રણ કરીને પ્રભુને અભિષેક એટલે 'કલશ' કરવામાં આવે છે. એટલે તેમાં કલશનું ઉપાદાન મુખ્ય બને છે. પરિણામે 'કલશ' સંજ્ઞા આપવામાં આવી છે. લોકવ્યવહારમાં પ્રભુને કલશ કરવો એ વાત રૂઢ થઈ ગઈ

છે. કલશ એ અભિષેકનો જ પર્યાયવાદી શબ્દ છે. કવિ વચ્છ ભંડારીકૃત પાર્શ્વનાથ કલશ, શ્રી જ્ઞાનવિમલસૂરીનો શાંતિનાથ કલશ, શ્રી પદ્મવિજયજી ગણિકૃત અજિતનાથજીનો કલશ, કવિ દેપાલકૃત આદિનાથ કલશ જેવી રચનાઓમાં પ્રભુના જન્મોત્સવનું વર્ણન કરવામાં આવ્યું છે. જ્ઞાનવિમલસૂરિના કલશમાં સંસ્કૃત અને ગુજરાતી ભાષાનું મિશ્રણ છે. તેમાં છંદની સાથે દેશીઓનો પ્રયોગ થયો છે. કવિ દેપાલના કલશમાં દેશીઓનો પ્રયોગ છે. તેમાં ગુજરાતી ભાષા કરતાં પ્રાકૃત અપભ્રંશના શબ્દોનો વિશેષ પ્રયોગ થયેલો છે. ભાષાવિકાસની ભૂમિકા સમજવા માટે ઐતિહાસિક માહિતી તેમાંથી પ્રાપ્ત થાય છે. કવિ વચ્છ ભંડારીના કલશમાં ગુજરાતી ભાષાનો વૈભવ રહેલો છે. દરેક કવિઓએ વસ્તુ વિભાજન ઢાળમાં કર્યું છે. શ્રી વર્ધમાન સ્વામી જન્માભિષેક કલશમાં પ્રાકૃત ભાષાના છંદોનો પ્રયોગ થયો છે. છવ્વીસાં, ગાથા વસ્તુ, બત્તીસો, સત્તાવીસો છંદ વગેરેનો પ્રયોગ થયો છે. એટલે 'કલશ' સંજ્ઞાવાળી રચનાઓ 'કલશ' નું પ્રાધાન્ય દર્શાવીને અભિષેક કરવાની પધ્ધતિનું સૂચન કરે છે.

'ધવલ મંગલ' શબ્દ પ્રયોગ કલ્યાણના અર્થમાં પ્રયોજાયો છે. પ્રભુનો જન્મ એ સર્વ જીવોના કલ્યાણનો રાજમાર્ગ છે. પ્રભુએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરેલું હોવાથી એમનો જન્મ મહામંગલકારી ગણીને ઊજવવામાં આવે છે. એટલે આ પ્રકારની રચનાને 'મંગલ' સંજ્ઞા આપી છે. આ સંજ્ઞા પ્રયોજનલક્ષી છે. જૈન સાહિત્યમાં મંગલ શબ્દ વિવાહસૂચક નથી. અહીં લોકોત્તર મંગલના પર્યાયરૂપે પ્રયોજાય છે. પર્યુષણની સ્તુતિમાં 'ધવલમંગલ'નો સંદર્ભ પ્રાપ્ત થાય છે જેમ કે :

'ધવલમંગલ ગીત ગહુંલી કરીએ, વળી પ્રભાવના નિત્ય અનુસરીએ, અઠ્ઠમ તપ જપ વરીએ'

મંગલ માટે મંગલ-શુભ-પ્રસંગે ધાર્મિક તહેવારો અને મહોત્સવ કે પર્વની ઉજવણીના પ્રારંભમાં પ્રભાતના સમયે મંગલ ગીતો ગવાય છે. ધવલમંગલના સંદર્ભમાં આનંદોલ્લાસ વ્યક્ત કરતી મંગલકારી ગીત રચનાઓ છે. 'ધવલ' શબ્દ પરથી 'ધોળ' બનીને મધ્યકાલીન સમયમાં ભક્તિ ગીતો રચાયાં છે.

અહીં આ માહિતી જૈન સાહિત્યના સંદર્ભમાં આપવામાં આવી છે. જૈનેતર સાહિત્યમાં કેટલાક સંદર્ભો પણ પ્રાપ્ત થાય છે. અઢારમી સદીના સ્ત્રી કવિ પુરીબાઈની 'સીતા મંગળ'ની રચનામાં રામસીતાના વિવાહનું રસિક વર્ણન છે. તેમાંના કેટલાક ગીતો લગ્નપ્રસંગે ગવાય છે.

'બરાનપુરના છે બાજોઠા અને વીસલપુરના છે થાળી,'વાળું ગીત વધુ પ્રખ્યાત છે. કવિ નંદદાસ રચિત રૂકિમણી મંગલ હિન્દી ભાષામાં ઉપલબ્ધ થાય છે. મંગલ શીર્ષક વાળી કૃતિઓમાં માત્ર વિવાહનો પ્રસંગ જ કેન્દ્ર સ્થાને છે. એટલે વિવાહના પ્રસંગે ગીતો ગાવામાં તે ઉપયોગી છે. મંગલ લૌકિક કાવ્યપ્રકાર હોવાથી સ્તવન પ્રકારની કેટલીક રચનાઓ 'ઢાળ' બદ્ધ થઈ છે. તેને પંચકલ્યાણક સ્તવન કહેવામાં આવે છે. આવા સ્તવનની પ્રથમ ઢાળમાં દીક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણકની રસસભર માહિતીનું આલેખન કરવામાં આવે છે. તેની પ્રથમ ઢાળમાં ભગવાનના જન્મોત્સવનો મિતાક્ષરી ઉલ્લેખ થયેલો હોય છે. જે 'કલશ મંગલ' કે સ્નાત્રપૂજા સાથે સમાન કક્ષાએ સ્થાન પામે છે. આ લઘુ કાવ્યો લોક પ્રચલિત ઢાળમાં રચાતાં હતાં. આવી રચનાઓનો વિસ્તાર લૌકિક-માંથી પારલૌકિકમાં વિસ્તાર પામ્યો છે. ભક્ત કવિઓએ અધ્યાત્મવાદની વિચારધારાને લોકગીતની શૈલીમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. તે દૃષ્ટિએ વિચારતાં, મંગલ, ભૌતિક વિવાહની સાથે અધ્યાત્મવાદની ભક્તિપ્રધાન રચના બની છે. 'મંગલ' માં ૨૦ થી ૨૨ ચરણ હોય છે. તેમાં છંદનો પ્રયોગ પણ સર્વસાધારણ જનતાને અનુલક્ષીને કરવામાં આવે છે. જૈન સાહિત્યમાં મંગલ પ્રકારની રચનાઓ પ્રભુ ભક્તિના એક ભાગ તરીકે થઈ છે.

'વધાવા' સંજ્ઞાથી પ્રાપ્ત થતી રચનાઓ, સ્નાત્રપૂજા અને કળશ સાથે સામ્ય ધરાવે છે. વધાવવું એ મંગલસૂચક ક્રિયા છે. ભગવાનનાં કલ્યાણકના પ્રસંગો મંગલકારી છે એટલે તેનો મહિમા ગાતી રચના તે વધાવા છે. પ્રભુને વધાવવા માટે અક્ષત, સુગંધી દ્રવ્યો, સુવર્ણ-ચાંદીનાં પુષ્પોનો ઉપયોગ થાય છે. પ્રભુ જીવનનો ચરિત્રાત્મક પરિચય કરાવતી રચના તે વધાવા છે. તેમાં પ્રભુનાં પાંચ કલ્યાણકનું વર્ણન કરવામાં આવે છે. ૧૦મા કલ્યાણકનું વર્ણન સ્નાત્રપૂજા કે કળશ સાથે સમાન કક્ષાએ સ્થાન ધરાવે છે. વધાવાની વિશેષતા એ છે કે તેમાં દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકનું વર્ણન થતું હોવાથી સ્વતંત્ર કાવ્ય રચનાઓ બને છે. વધાવા એ ચરિત્રાત્મક કાવ્ય પ્રકારની કૃતિ છે. કવિરાજ દીપવિજયની બે રચના મહાવીર સ્વામી અને પાર્શ્વનાથના વધાવા આના ઉદાહરણ રૂપ છે. વ્યવહારની રીતે વિચારીએ તો પુત્રજન્મની વધામણી એ શબ્દો પણ તેની સાથે પ્રચલિત છે. વ્યવહાર જીવનમાં વધામણીનો આનંદ લૂંટાતો હોય તો પછી દેવાધિદેવ તીર્થંકર ભગવંતના કલ્યાણકનો હર્ષોલ્લાસ કેટલો હોય ? તેને 'વધાવા' શબ્દથી નવાજતાં ભક્તિ સાથે સર્વોચ્ચ પદનું ગૌરવ પ્રગટ થાય છે. ભક્તિમાર્ગની કાવ્ય રચનાઓની વિવિધતામાં 'વધાવા' પણ આગવું સ્થાન ધરાવીને ભક્તિમાં તરબોળ કરે છે. પાંચ કલ્યાણકની માહિતી પાંચ ઢાળમાં દેશીબદ્ધ રચનામાં થાય છે. ચરિત્રાત્મક કૃતિ હોવાથી વિવિધ પ્રસંગો અને ઘટનાનું વર્ણન તેમાં કેન્દ્ર સ્થાને છે. એકમાત્ર શીર્ષકને કારણે નવી કાવ્ય રચના બને છે. પંચકલ્યાણક સ્તવન પણ વધાવાની સાથે સંપૂર્ણ મળતું આવે છે. વધાવાને બદલે સ્તવન શબ્દપ્રયોગ કરીને પ્રભુનાં ગુણગાન ગાવાનો હેતુ પ્રગટ થાય છે. જ્યારે વધાવા દ્વારા પ્રભુના જીવનના મહામંગળકારી પ્રસંગોનું નિરૂપણ સમજાય છે. સર્જકની નવીનતાની વૃત્તિ આવા શબ્દપ્રયોગોમાં નિહાળી શકાય છે. વ્યક્તિને અન્ય વ્યક્તિના જીવનમાં રસ છે. આ જીવનરસ એટલો બધો પ્રબળ છે કે પ્રભુના જીવનને જાણવાની ઉત્કંઠા વિશેષ રહે છે અને ભક્તો તેના દ્વારા પરિચય પ્રાપ્ત કરીને કલ્યાણ પામે છે. ચરિત્રાત્મક કૃતિઓ દીર્ઘ હોય કે લઘુ પણ તેના પ્રત્યેનું ચુંબકીય આકર્ષણ જાદુઈ અસર નીપજાવે છે. પરિણામે ભક્તિમાં સમર્પણની ભાવના જાગતાં ભક્તની ભક્તિ સફળ બને છે.

આમ જૈન ચરિત્રાત્મક કાવ્યો બહુ થોડા ભેદવાળાં છે. કેન્દ્રવર્તી વિચાર તો પ્રભુના જીવનના પ્રસંગોને જ સ્પર્શે છે. આવી સાંપ્રદાયિક રચનાઓ અલંકાર, પદલાલિત્ય, વર્ણન કૌશલ્ય, ગેયતા, દેશીનો પ્રયોગ વગેરેથી કાવ્ય તરીકે સફળ પુરવાર થાય છે. મધ્યકાલીન સમયમાં પદરચનાઓ વિશેષ હતી તેમાં નવીનતા ખાતર પણ આવી પદરચનાઓ થઈ હોય એમ માનવાને કારણ છે. જૈન કાવ્ય પ્રકારોની વિવિધતાનો પરિચય આવી લઘુ ચરિત્રાત્મક કાવ્યરચનાઓથી થાય છે.

❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૬ ● જુન, ૨૦૦૨ ●
Licence to post without prepayment No. 271
● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નવકાર મંત્રમાં નમો પદનો મહિમા

અનાદિસિદ્ધ મંત્રશિરોમણિ નવકાર મંત્રનાં નવ પદમાંથી પહેલાં પાંચ પદમાં, પ્રત્યેકમાં એક એક પરમેષ્ઠિને, એ રીતે પંચપરમેષ્ઠિને નમસ્કાર છે. આ પ્રત્યેક પદમાં પહેલું પદ (વાક્યમાં વપરાયેલો શબ્દ તે પદ) તે નમો છે. શબ્દ નાનો બે અક્ષરનો જ છે, પણ તેનો મહિમા ઘણો મોટો છે.

સામાન્ય રીતે મંત્રો ટૂંકા હોય છે. પણ નવકાર મંત્ર ૬૮ અક્ષરનો છે. આ મંત્ર દીર્ઘ હોવા છતાં કષ્ટોચ્ચાર્ય નથી. જીભે સરળતાથી ચડી જાય અને યાદ રહી જાય એવો આ મંત્ર છે.

નવકારમંત્રની વિશિષ્ટતા એ છે કે પાંચે પરમેષ્ઠિને નમસ્કાર કરવા માટે એમાં નમો (અથવા ણમો) પદ પાંચ વાર પ્રયોજાયું છે:

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં.

નવકારમંત્રમાં 'નમો' પદ પાંચ વખત આવતું હોવા છતાં તેમાં પુનરુક્તિનો દોષ નથી, બલ્કે ફરી ફરી બોલવું ગમે એવું એ પદ છે. વળી નમો પદ પાંચ વખત આવતું હોવા છતાં પાંચે પરમેષ્ઠિને કરેલા નમસ્કારને એકરૂપ ગણ્યો છે. એટલે જ છઠ્ઠા પદમાં 'પંચનમુક્કારો' શબ્દ બહુવચનમાં નહિ પણ એકવચનમાં પ્રયોજાયો છે.

નવકાર મંત્રમાં 'નમો' પદ પ્રત્યેક પરમેષ્ઠિની સાથે આવે છે એ સપ્રયોજન છે. એમાં ઘણું રહસ્ય રહેલું છે. એના ઉપર વખતોવખત અનેક મહાત્માઓએ જુદા જુદા દૃષ્ટિકોણથી પ્રકાશ પાડ્યો છે.

નવકારમંત્રમાં આ પાંચ પદ ઉપરાંત છઠ્ઠા પદ 'એસો પંચનમુક્કારો'માં પણ 'નમો' પદ ગૂંથી લેવામાં આવ્યું છે.

નવકારમંત્રમાં 'નમો' પદ આ રીતે છ વખત બોલાય છે તે સહેતુક છે. 'નમો' દ્વારા મનને શુદ્ધ કરવાનું છે અને મન દ્વારા પાંચે ઈન્દ્રિયોને પરિશુદ્ધ કરવાની છે. આ રીતે નમો ની છની સંખ્યાને સૂચક રીતે ઘટાવાય છે. સાધકે 'નમો' બોલતી વખતે, પ્રત્યેક વેળાએ એક એક ઈન્દ્રિયમાં ચિત્તને કેન્દ્રિત કરી, તેને નિર્મળ કરી, તે તે પરમેષ્ઠિનું ધ્યાન ધરવાનું છે અને પછી છઠ્ઠી વાર 'નમો' આવે ત્યારે પાપના ક્ષય માટે અને મંગળના આર્વિભાવ માટે મનને નિર્મળ કરી શુભ ભાવ ભાવવાનો હોય છે.

સામાન્ય રીતે મંત્રમાં અક્ષરોની રચના સઘન હોવી જોઈએ. પાંચે પરમેષ્ઠિ માટે ફક્ત એક વખત નમો શબ્દ જો પ્રયોજાય તો અર્થ તો સ્પષ્ટ જ છે. તો પછી પાંચ વખત નમો પ્રયોજવાથી મંત્ર શિથિલ ન બની જાય ? એવો પ્રશ્ન થાય.

હા, એ વાત સાચી છે કે મંત્રની અંદર ઓછામાં ઓછા અક્ષરો હોય છે. મંત્ર સઘન હોવો જોઈએ. પરંતુ નવકાર મંત્ર વિશિષ્ટ કોટિનો મંત્ર છે. નમો પદ પાંચ વાર પ્રયોજવાથી એ શિથિલ બનતો નથી. એક પદમાંથી બીજા પદમાં જવા માટે વચ્ચે પુન:સ્મરણ તરીકે કે વિરામ તરીકે તે ઉપયોગી છે. બાળજીવો માટે તે જરૂરી છે. એથી લય પણ સચવાય છે. તદુપરાંત નવકારમંત્રની આરાધનાની દૃષ્ટિએ પણ એ પાંચ વખત આવશ્યક છે. અન્ય મંત્રોનો જાપ સીધો સળંગ કરાય છે. મંત્ર સીધો ઉચ્ચારાય છે. પરંતુ નવકારમંત્રમાં એમ નથી. નવકાર મંત્રનો જાપ ત્રણ ભિન્ન ભિન્ન પદ્ધતિથી થાય છે. પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી. પૂર્વાનુપૂર્વી એટલે પહેલા પદથી પાંચમા અથવા નવમા પદ સુધીનો ક્રમથી જાપ. પશ્ચાનુપૂર્વી એટલે છેલ્લા નવમા અથવા પાંચમા પદથી પહેલા પદ સુધીનો ક્રમથી જાપ અને અનાનુપૂર્વી એટલે ક્રમ વગર આડાઅવળી કોઈપણ સંખ્યા અનુસાર તે તે પદનો જાપ. હવે જો ફક્ત પ્રથમ પદ સાથે જ નમો પદ જોડાયું હોય અને બાકીના ચાર પદ સાથે ન જોડાયું હોય તો છેલ્લેથી કે વચ્ચેથી નવકાર ગણનાર માટે પરમેષ્ઠિના ચાર પદની સાથે નમો શબ્દ આવશે નહિ. તો એ મંત્રનો જાપ અધૂરો ગણાશે. વળી નવકારમંત્રમાં કેટલીક આરાધના માટે માત્ર કોઈપણ એક જ પરમેષ્ઠિનો જાપ થાય છે, જેમકે नमो सिद्धाणं અથવા नमो आयरियाणं ઇત્યાદિ. હવે જો ત્યાં નમો પદ ન હોય તો જાપ અધૂરો રહેશે. એમાં ભાવ નહિ આવે. એટલે નવકારમંત્રમાં પાંચે પરમેષ્ઠિ સાથે નમો પદ જોડાયું છે તે યોગ્ય જ છે.

ક્યારેક પ્રશ્ન થાય છે કે નમો પદ અને ણમો પદ એ બેમાં કયું સાચું ? તેનો ઉત્તર એ છે કે બંને પદ સાચાં છે. સંસ્કૃતમાં જ્યાં न હોય ત્યાં પ્રાકૃતમાં ण થાય છે. પ્રાકૃત ભાષાના વૈયાકરણો એ પ્રમાણે મત દર્શાવે છે. 'પ્રાકૃત પ્રકાશ'માં કહ્યું છે 'नो ण सर्वत्र'-એટલે જ્યાં ન હોય ત્યાં બધે ण થાય છે. આ સાચું છે અને નવકારમંત્ર પ્રાકૃતમાં હોવાથી એમાં न નો ण થવો જોઇએ. પરંતુ આ નિયમમાં અપવાદ છે.

અપવાદ એ છે કે શબ્દના આરંભમા જો न વ્યંજન હોય તો न નો ण વિકલ્પે થાય છે. એટલે કે न નો ण થાય અને ન પણ થાય. શ્રી હેમચંદ્રાચાર્યે 'શબ્દાનુશાસન' વ્યાકરણમાં 'वादौ' સૂત્ર આપ્યું છે તે પ્રમાણે આદિમાં રહેલો અસંયુક્ત न નો વિકલ્પે ण થાય છે. એટલે જ કેટલાયે પ્રાચીન પ્રાકૃત ગ્રંથોમાં नमो અને णमो એમ બંને શબ્દો જોવામાં આવે છે. વળી બે હજાર વર્ષ પૂર્વે ઓરિસ્સામાં ઉદયગિરિની હાથીગુફામાં મહારાજા ખારવેલે જે શિલાલેખ કોતરાવ્યો હતો તેમાં नमो अरिहंताणं છે. તેવી જ રીતે મથુરાના

પ્રાચીન સ્તુપમાં પણ 'नमो' શબ્દ છે. વળી, શ્રી સિદ્ધસેન દિવાકરે 'નમસ્કાર માહાત્મ્ય'ની પ્રાકૃતમાં રચના કરી છે તેમાં 'નમો' પદનો જ ઉપયોગ કર્યો છે. આમ ઠેઠ પ્રાચીન કાળથી नमो અને णमो એ બંને પદો વિકલ્પે પ્રયોજાય છે, એટલે બંન્ને સાચાં છે. તેવી રીતે नमुक्कारो અને णमुक्कारो-णमोक्कारो બંને સાચાં છે.

નવકારમંત્રના પાંચે પદમાં પ્રત્યેકમાં પહેલો અક્ષર न અથવા ण છે અને છેલ્લો અક્ષર णं છે. એ અનુસ્વાર અથવા બિંદુયુક્ત છે. न અથવા ण અનુનાસિક છે અને તેનું વિશિષ્ટ પ્રકારનું નાદમાધુર્ય હોય છે. વળી સંગીતમાં રાગના આલાપ માટે न નું ગળામાં ઉચ્ચારણ આવશ્યક મનાયું છે. ગાયનમાં, તબલાં, વીણા વગેરેના વાદનમાં અને કથક વગેરે નૃત્યના પ્રકારોમાં न ના ઉપયોગથી, આવર્તનથી ઓજસ્ વધે છે. યોગીઓ કહે છે કે न ના ઉચ્ચારણથી હૃદયતંત્રી વધુ સમય તરંગિત રહે છે.

છંદશાસ્ત્રની દૃષ્ટિએ ण દગ્ધાક્ષર છે એટલે છંદમાં એના ઉપયોગને ઈષ્ટ ગણવામાં નથી આવતો, તો બીજી બાજુ ण વ્યંજન જ્ઞાનનો વાચક મનાય છે અને તેથી તેને મંગલસ્વરૂપ માનવામાં આવે છે. આમ नमो અને णमो બંને પદ સુયોગ્ય છે.

નવકારમંત્ર મંત્ર છે એટલે મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ પણ न અને ण નો વિચાર કરાય છે. મંત્રશાસ્ત્રમાં न નાં ૩૫ નામ આપવામાં આવ્યા છે અને ण નાં ૨૦ અથવા ૨૪ નામ આપવામાં આવ્યા છે. 'વૃત્તરત્નાકર'માં માતૃકા અક્ષરોનાં જે શુભ કે અશુભ ફળ દર્શાવવામાં આવ્યાં છે તે પ્રમાણે ण શ્રમ કરાવનાર છે અને न સંતોષ આપનાર છે.

આમ નવકારમંત્રમાં नमो પદ વધુ પ્રચલિત છે. તે સાચું છે અને યોગ્ય જ છે.

આપણાં આગમોમાં સર્વ પ્રથમ પંચમંગલ સૂત્ર છે એટલે કે નવકારમંત્ર છે. એટલે કે સર્વ શ્રુત સાહિત્યનો પ્રારંભ નમસ્કાર મહામંત્રથી થયો છે અને નમસ્કાર મહામંત્રનો પ્રારંભ नमो શબ્દથી થયો છે. એટલે સર્વ શ્રુતસાહિત્યમાં પ્રથમ શબ્દ છે नमो. એટલે नमो પદનું માહાત્મ્ય અને ગૌરવ કેટલું બધું છે તે આના પરથી જોઈ શકાશે. જેમણે પણ શ્રુતસાહિત્યનું અધ્યયન કરવું હશે તેમણે પહેલો શબ્દ ઉચ્ચારવો પડશે नमो. એમનામાં नमो નો ભાવ આવવો જોઇશે. એટલે માટે नमो ને શ્રુતસાહિત્યના, જિનાગમોના, ધર્મના પ્રવેશદ્વાર તરીકે ઓળખાવવામાં આવે છે. મિથ્યાત્વી જીવ ભાવરુચિપૂર્વક આ नमो પદ સુધી પણ પહોંચી શકતો નથી.

नमो પદને મંગલસ્વરૂપ ગણવામાં આવે છે, કારણ કે મંગલ ત્રણ પ્રકારનાં છે : (૧) આશીર્વાદાત્મક, (૨) નમસ્કારાત્મક અને (૩) વસ્તુનિર્દેશાત્મક. 'નમો અરિહંતાણં', 'નમો સિદ્ધાણં' વગેરેમાં 'નમો' શબ્દ નમસ્કારની ક્રિયાને સૂચવતો હોવાથી મંગલરૂપ છે.

નવકારમંત્રમાં नमो अरिहंताणं વગેરેમાં नमो પદ અરિહંત, સિદ્ધ વગેરે પાંચે પરમેષ્ઠિની પહેલાં કેમ મૂકવામાં આવ્યું છે એવો પ્રશ્ન કેટલીક વાર થાય છે. नमो પદ પછી મૂકવામાં આવે અને अरिहंताणं नमो એમ ન બોલાય? કારણ કે વ્યાકરણની દૃષ્ટિએ કંઈ ફરક પડતો નથી. એનો ઉત્તર એ છે કે સૂત્ર કે મંત્રમાં नमो પદ પહેલાં મૂકવાની પરાપૂર્વથી ચાલી આવેલી પરંપરા છે. મંત્રવિદોને પોતાની સાધના દ્વારા થયેલી અનુભૂતિ પ્રમાણે 'નમો' પદ પહેલાં મૂકવાની પ્રણાલિકા અત્યંત પ્રાચીન સમયથી ચાલુ થયેલી છે. આપણે ત્યાં 'નમોત્થુણં (નમુત્થુણં)'માં, 'નમોઽસ્તુ વર્ધમાનાય'માં-'નમો ભગવતે પાર્શ્વનાથાય' વગેરેમાં તથા અન્ય દર્શનોમાં પણ 'નમો ભગવતે વાસુદેવાય' ઈત્યાદિમાં 'નમો' પદ પહેલાં મૂકવામાં આવ્યું છે. મંત્રો કે સૂત્રોમાં नमो પદ છેલ્લે આવતું હોય એવાં ઉદાહરણો પણ મળશે. પણ એકંદરે આદ્ય પદ તરીકે नमो વિશેષ પ્રચલિત છે.

સ્વરવ્યંજનની દૃષ્ટિએ नमो શબ્દનું વિશ્લેષણ થયું છે. 'મન' શબ્દમાં બે સ્વરયુક્ત વ્યંજન છે.: म અને न. આ બંને વ્યંજનોનો જ્યારે વિપર્યય કે વ્યત્યય થાય છે ત્યારે શબ્દ બને છે 'નમ.' આ સ્થૂલ ક્રિયાને સૂક્ષ્મ રીતે ઘટાવીને કહેવામાં આવે છે કે જ્યારે બહિર્મુખ રહેતા મનને અંદર વાળવામાં આવે, મન અંતર્મુખ જ્યારે બને ત્યારે 'મન'નું 'નમ' થાય છે.

नमो (णमो) ને ઉલટાવવાથી मोन (मोण) થશે. મોન (મોણ) એટલે મુનિપણું. મનને સંસાર તરફથી પાછું ફેરવવામાં આવે ત્યારે જ મુનિપણું પ્રાપ્ત થઈ શકે છે. એટલે नमो પદ ત્યારે જ સાર્થક ગણાય કે જ્યારે તે સંસાર તરફથી મુખ ફેરવીને પંચપરમેષ્ઠિ તરફ વાળવામાં આવે. मोन નો અર્થ મૌન કરવામાં આવે તો એનો અર્થ એ થયો કે જીવે હવે શાંત બની મૌનમાં સરકી અંતર્મુખ થવાનું છે.

'નમો' પદમાં ॐકાર અંતર્ગત રહેલો છે. नमो પદના સ્વરવ્યંજન છૂટા પાડીએ તો તે આ પ્રમાણે થાય: न्+अ+म्+ओ. આ સ્વરવ્યંજનનો વિપર્યય કરીએ તો આ પ્રમાણે થશે: ओ+म्+अ+न्. આમાં પ્રથમ બે વર્ણ તે ओम्=ॐ છે. આમ नमो પદમાં મંત્રબીજ ॐ કારનો સમાવેશ થયેલો છે.

હેમચંદ્રાચાર્યે બતાવ્યું છે કે 'ન' અક્ષર સૂર્યવાચક છે અને 'મ' અક્ષર ચંદ્રવાચક છે. એટલે 'નમો' માં 'ન' સૂર્યવાચક છે અને 'મો' ચંદ્રવાચક છે. મંત્રશાસ્ત્રમાં આત્માને માટે સૂર્યની ઉપમા છે અને મનને માટે ચંદ્રની ઉપમા છે. એટલે 'નમો'માં પ્રથમ આત્માનું સ્થાન છે અને પછી મનનું સ્થાન છે અર્થાત્ મન કરતાં આત્મા સર્વોપરિ છે. મન એટલે સંસાર અને આત્મા એટલે મોક્ષ. એટલે नमो પદ સૂચવે છે કે મન અને મનના વિસ્તારરૂપ કાયા, વચન, કુટુંબ પરિવાર, માલમિલકત ઈત્યાદિ કરતાં આત્માનું પ્રાધાન્ય સ્વીકારવું. મતલબ કે ત્રણે કરણ અને ત્રણે યોગને આત્મભાવથી ભાવિત કરવા જોઈએ.

नमो પદ નૈપાતિકપદ છે એટલે કે અવ્યય છે. नमो અવ્યય છે અને તે અ+વ્યય અર્થાત્ જેનો ક્યારેય વ્યય અથવા નાશ થતો નથી એવા મોક્ષપદ સાથે જોડાણ કરાવી આપે છે, મોક્ષગતિ પ્રાપ્ત કરાવી આપે છે. नमो એટલે અવ્યયનું અવ્યય સાથે અનુસંધાન.

नमो પદની વ્યાખ્યા આપતાં નિર્યુક્તિકારે કહ્યું છે: दव्व-भाव-संकोअण-पयत्थो. એટલે नमो પદનો અર્થ થાય છે 'દ્રવ્ય અને ભાવનો સંકોચ.' આ વ્યાખ્યાનો વિસ્તાર કરતાં શ્રી હરિભદ્રસૂરિએ 'લલિતવિસ્તરા'-ચૈત્યવંદન વૃત્તિમાં કહ્યું છે: कर-शिर: पादादि संन्यासो द्रव्यसंकोच: भावसंकोचस्तु विशुद्धस्य मनसो नियोग इति । એટલે કે હાથ, મસ્તક, પગ વગેરેને સારી રીતે સંકોચીને રાખવાં તે દ્રવ્ય સંકોચ અને તેમાં વિશુદ્ધ મનને જોડવું તે ભાવ સંકોચ.

દ્રવ્ય સંકોચમાં શરીરનાં હાથ, મસ્તક અને પગ વગેરેના સંકોચનો નિર્દેશ કરવામાં આવ્યો છે. હાથ સીધા લાંબા હોય છે. શેરડીના સાંઠાની એને ઉપમા અપાય છે. બંને હાથને વાળીને છાતી આગળ લાવવા તથા બંને હથેળી અને દસે આંગળીઓ ભેગી કરવી તેને કરસંકોચ કહેવામાં આવે છે. મસ્તક સીધું, ઊંચું, ટટ્ટાર હોય છે. એને પર્વતના શિખરની ઉપમા આપવામાં આવે છે. મસ્તક છાતી તરફ નમાવવું એને શિરસંકોચ કહેવામાં આવે છે. બંને પગ ઊભા અને સ્થિર હોય છે. એને થાંભલાની ઉપમા આપવામાં આવે છે. બંને પગને ઘૂંટણથી વાળીને જમીનને અડાડવા તે પાદસંકોચ છે. આ રીતે હાથ, મસ્તક અને પગનો સંકોચ થતાં તે દ્રવ્ય નમસ્કારની મુદ્રા બને છે. બે હાથ, બે પગ અને એક મસ્તક એમ પાંચનો સંકોચ હોવાથી તેને પંચાગ પ્રણિપાત કહેવામાં આવે છે.

મનમાં નમ્રતા, લઘુતા, વિનય, ભક્તિ, આદરબહુમાન ઈત્યાદિ ભાવો સાથે આજ્ઞા અને શરણ સ્વીકારવાં તે ભાવસંકોચ. 'જેને નમસ્કાર મારે કરવાના છે તે મારા કરતાં ગુણો વગેરેમાં મોટા છે' એવો ભાવ આવ્યા વિના સાચો ભાવ સંકોચ-ભાવ નમસ્કાર થતો નથી.

'નમો'માં દ્રવ્ય નમસ્કાર અને ભાવ નમસ્કાર હોય છે. દ્રવ્ય નમસ્કારમાં શરીર-ઈન્દ્રિયાદિના સંકોચની ક્રિયા રહેલી છે. એટલે કે એમાં કાયગુપ્તિ રહેલી છે. ભાવ નમસ્કારમાં મનના ભાવોના સંકોચની-અહંકાર, અવિનયાદિ દુર્ભાવોના ત્યાગ સહિત મનના સંકોચની ક્રિયા રહેલી હોવાથી એમાં મનોગુપ્તિ પણ રહેલી છે. 'નમો'ના ઉચ્ચારણ સાથે અરિહંતાદિના ઉચ્ચારણ સિવાય કશું ઉચ્ચારણ ન હોવાથી એમાં વચનગુપ્તિ પણ રહેલી છે. આમ, 'નમો' પદ સાથે ત્રણે પ્રકારની ગુપ્તિ સંકળાયેલી છે.

દ્રવ્ય નમસ્કાર અને ભાવ નમસ્કાર એ બંનેને ભેગા કરતાં ચાર ભાંગા થાય. (૧) દ્રવ્ય નમસ્કાર હોય, પણ ભાવ નમસ્કાર ન હોય, (૨) ભાવ નમસ્કાર હોય, પણ દ્રવ્ય નમસ્કાર ન હોય, (૩) દ્રવ્ય નમસ્કાર હોય અને ભાવ નમસ્કાર પણ હોય અને (૪) દ્રવ્ય નમસ્કાર ન હોય અને ભાવ નમસ્કાર પણ ન હોય. આ ચારમાં સર્વશ્રેષ્ઠ તે દ્રવ્ય નમસ્કાર અને ભાવ નમસ્કાર બંને જેમાં હોય તે. ફક્ત દ્રવ્ય નમસ્કાર કરતાં ફક્ત ભાવ નમસ્કાર હોય તો તે ચડિયાતો ગણાય. પરંતુ દ્રવ્ય નમસ્કાર અનાવશ્યક કે નિરર્થક છે એમ ન સમજવું. દ્રવ્ય નમસ્કારની પણ એટલી જ આવશ્યકતા છે. ભાવ નમસ્કાર દ્રવ્ય નમસ્કારમાં પરિણમવો જોઈએ, સિવાય કે સંજોગો કે શરીરની મર્યાદા હોય. ભાવ નમસ્કાર હોય પણ પ્રમાદ, લજ્જા, મોટાઈ, માયાચાર વગેરેને કારણે દ્રવ્ય નમસ્કાર કરવાની ઈચ્છા ન થાય તો તે એટલું ફળ ન આપે. દ્રવ્ય નમસ્કાર એ પાયાની વાત છે. દ્રવ્ય નમસ્કારનો મહાવરો હશે તો એમાં ભાવ આવશે. ભાવ નથી આવતો માટે દ્રવ્ય નમસ્કાર પણ છોડી દેવો જોઇએ એવા વિચારથી બંને ગુમાવવાનું થશે. દ્રવ્ય નમસ્કારનું ઓછું ફળ છે, પણ ફળ તો અવશ્ય જ છે. માત્ર દ્રવ્ય નમસ્કાર કરતી વખતે વિપરીત, અસદ્ભાવો હોય તો તેનું ફળ વિપરીત આવે. બાળજીવોને આરંભમાં દ્રવ્ય નમસ્કાર જ શીખવવામાં આવે છે. પછી એમાં ભાવ આવે છે.

ભાવરહિત અને ભાવ વગર દ્રવ્ય નમસ્કાર થાય તેનું ફળ કેવું હોય તે વિશે જૈન પુરાણોમાં એક પ્રસંગ વર્ણવાયો છે.

એક વખત શ્રીકૃષ્ણ નેમિનાથ ભગવાન પાસે ગયા તે વખતે નેમિનાથ ભગવાનના અઢાર હજાર સાધુઓ બિરાજમાન હતા. એ બધાંને જોઇને શ્રીકૃષ્ણને મનમાં એટલો બધો ઉલ્લાસ અને વિનયનો ભાવ આવ્યો કે 'મારે આ પ્રત્યેક સાધુ ભગવંતને દ્વાદશાવર્તપૂર્વક વંદના કરવી.' આ કંઈ સહેલું કામ નહોતું. પણ એમણે એ કામ ભાવપૂર્વક ચાલુ કર્યું. એ જોઈ બીજા રાજાઓએ પણ વંદના ચાલુ કરી. પણ બધા જ રાજાઓ થોડા વખતમાં જ થાકી ગયા એટલે બેસી ગયા. તે વખતે શ્રીકૃષ્ણ સાથે આવેલા વીરા સાળવીને વિચાર આવ્યો કે 'શ્રીકૃષ્ણની સાથે હું પણ બધાંને બતાવી આપું કે થાક્યા વગર હું વંદના કરી શકું છું.' એટલે વીરા સાળવીએ પણ વંદના ચાલુ રાખી અને શ્રીકૃષ્ણની સાથે તે પૂરી કરી. વંદના કરીને શ્રીકૃષ્ણ નેમિનાથ ભગવાન પાસે આવ્યા અને કહ્યું કે અઢાર હજાર સાધુઓને પ્રત્યેકને દ્વાદશાવર્તપૂર્વક વંદના કરતાં મને એટલો બધો પરિશ્રમ પડ્યો છે કે એટલો તો યુદ્ધો લડતાં મને પડ્યો નથી.'

નેમિનાથ ભગવાને કહ્યું, 'હે વાસુદેવ ! તમે આ રીતે ભાવપૂર્વક વંદન કરવાથી અઢળક પુણ્ય, ક્ષાયિક સમકિત અને તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું છે.' એ વખતે શ્રીકૃષ્ણે પૂછ્યું કે 'મારી સાથે વીરા સાળવીએ પણ અઢાર હજાર સાધુઓને વંદન કર્યાં છે તો એને પણ એટલું ફળ મળશે ?'

શ્રી નેમિનાથ ભગવાને કહ્યું, 'હે વાસુદેવ, વીરા સાળવીએ તો માત્ર બધાંને બતાવવા તમારા અનુકરણ રૂપે વંદન કર્યાં છે. એમાં ભાવ નહોતો, દેખાડો હતો. એટલે એનો નમસ્કાર તે કાયાકષ્ટરૂપ માત્ર દ્રવ્ય નમસ્કાર હતો. એનું વિશેષ ફળ ન હોઈ શકે.'

'નમો' પદ નમસ્કાર, પ્રણિપાત, વંદનાનું સૂચક છે. જ્યાં પંચ પરમેષ્ઠિને નમસ્કારનો ભાવ જન્મે છે ત્યાં ધર્મનું બીજ વવાય છે. શ્રી હરિભદ્રસૂરિએ ચૈત્યવંદનસૂત્રની વૃત્તિ 'લલિત વિસ્તરા'માં કહ્યું છે : धर्म प्रति मूलभूता वंदना। ધર્મ પ્રત્યે જીવને ગતિ કરાવનાર મૂળભૂત જો કંઈ હોય તો તે વંદના છે, નમસ્કાર છે, 'નમો' છે.

'નમો અરિહંતાણં' માં આમ એક અપેક્ષાએ સામાન્ય દૃષ્ટિએ જોતાં 'નમો' પદનું મહત્ત્વ છે. પરંતુ 'અરિહંત' પદ ગૌણ છે એમ સમજવાનું નથી. જ્યાં સુધી નમવાનો ભાવ હ્રદયમાં પ્રગટ ન થયો હોય ત્યાં સુધી 'અરિહંત' પદનું રટણ લાભકારક થતું નથી. બીજી બાજુ 'નમો' પદનું માત્ર શબ્દોચ્ચારણ થતું હોય, અરે, કાયા પણ નમવાની ક્રિયા કરતી હોય પણ અંદર અરિહંતને નમવાનો ભાવ ન હોય તો તેથી પણ લાભ થતો નથી.

नमो अरिहंताणं માં મહત્ત્વનું પદ કયું ? नमो કે अरिहंताणं

'નમો અરિહંતાણં'માં પહેલું પદ 'નમો' મૂક્યું છે, 'અરિહંતાણં' નહિ. જો 'અરિહંત' પદ મુખ્ય હોત તો 'અરિહંતાણં નમો' એમ થયું હોત. વળી 'નમો' એટલે કે નમસ્કાર એ પ્રથમ મોટું કર્તવ્ય છે, કારણ કે જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી મોક્ષગતિ નથી. અહંકારને કાઢવા માટે 'નમો'ની અનિવાર્યતા છે. 'નમો' હોય તો વિનય આવે છે. વિનય મોક્ષનું બીજ છે. વિનય પરંપરાએ મોક્ષ સુધી કેવી રીતે લઈ જાય છે એ વાચક શ્રી ઉમાસ્વાતિજીએ 'પ્રશમરતિ'માં સરસ સમજાવ્યું છે.

પરંતુ તત્ત્વદૃષ્ટિએ જોતાં 'અરિહંત' પદ જ મુખ્ય છે. અરિહંત પરમાત્માના પ્રભાવથી, એમની પરમ કૃપાથી શુભ અધ્યવસાય, પુણ્ય, સંયમ, ચારિત્રપાલન, મોક્ષગતિ પ્રાપ્ત થાય છે. કહ્યું છે :

કાળ, સ્વભાવ, ભવિતવ્યતા એ સઘળા તુજ દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજ સબળ વિશ્વાસો રે.

આમ અરિહંતપદની મુખ્યતા છે. અરિહંત પરમાત્મા છે તો જ તેમને નમસ્કારની વાત છે. પરંતુ નમસ્કાર ન કરે તો ય અરિહંત તો છે જ. અરિહંત પરમાત્મા (પંચપરમેષ્ઠિ) ન હોય તો અન્યત્ર થયેલા નમસ્કારની મોક્ષમાર્ગમાં કશી ગણના નથી.

नमो માં નમવાનો-નમનનો ભાવ છે. શબ્દશ્લેષથી કહેવાય કે નમન એટલે ન-મન. મન પોતાનામાં-સાંસારિક ભાવોમાં ન રહે તે ન-મન. નમન એટલે No Mind ની અવસ્થા, નિર્વિકલ્પ દશા. મન જ્યારે પરભાવમાંથી નીકળી સ્વભાવમાં સ્થિર થાય, સાંસારિક વિષયોમાંથી નીકળી પંચ પરમેષ્ઠિમાં લીન થાય ત્યારે તે ન-મન અને નમન બને છે. नमो નું આ રહસ્ય છે.

नमो મન, પ્રાણ અને ઈન્દ્રિયોને સંયમ રાખવાની વિદ્યા છે. જ્યાં नमो છે ત્યાં સંયમ છે, કૃતજ્ઞતા છે, ઉદારતા છે, સર્વ જીવ પ્રત્યે મૈત્રીની ભાવના છે.

'નમો' બોલીને કરાતા નમસ્કારથી સમ્યગ્દર્શનની વિશુદ્ધિ થાય છે. નમસ્કાર કરતી વખતે પોતાની લઘુતા અને પંચ પરમેષ્ઠિની ઉચ્ચતા અને મહત્તાની શ્રદ્ધાપૂર્વક પ્રતીતિ થવી જોઈએ.એમ થાય તો જ પોતાનામાં યત્કિંચિત્ રહેલો અહંકાર પણ નીકળી જાય છે અને વિનયયુક્ત ભક્તિભાવ

પ્રગટ થતાં દર્શનની વિશુદ્ધિ થાય છે.

નમો પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર અને તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ જીવને ઉપકારક છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ તે વિનયનું બીજ છે. મંત્ર શાસ્ત્રની દૃષ્ટિએ નમો પદ શોધનબીજ હોવાથી શરીર અને મનની શુદ્ધિ કરવા દ્વારા આત્માની શુદ્ધિ કરે છે. તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ 'નમો' પદ શાન્તિક કર્મ અને પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનાર છે. એટલે નમો પદ જોડીને જે કોઈ મંત્ર કે સૂત્ર ઉચ્ચારીને આરાધના થાય તો તે શાન્તિ અને પુષ્ટિ આપનાર ગણાય છે.

તંત્રશાસ્ત્ર પ્રમાણે નમસ્કારના મુખ્ય ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. કાયિક, વાચિક અને માનસિક. તેમાં એક અપેક્ષાએ કાયિક નમસ્કાર ઉત્તમ પ્રકારનો, માનસિક નમસ્કાર મધ્યમ પ્રકારનો અને વાચિક નમસ્કાર અધમ પ્રકારનો મનાય છે.

તંત્રશાસ્ત્રમાં નમસ્કારનાં લક્ષણો બતાવતાં કહેવાયું છે:

त्रिकोणमय षट्कोणमर्द्धचन्द्रं प्रदक्षिणम् ।

दण्डमष्टांगमुग्रं च सप्तधा नतिलक्षणम् ॥

(૧) ત્રિકોણ, (૨) ષટ્કોણ, (૩) અર્ધચંદ્ર, (૪) પ્રદક્ષિણ, (૫) દંડ, (૬) અષ્ટાંગ અને (૭) ઉગ્ર એમ નમસ્કારના સાત પ્રકારનાં લક્ષણ છે. આમાં કેવા પ્રકારનો નમસ્કાર કયા દેવ કે દેવીને કયા સમયે કરવો તેનું વિધાન આપવામાં આવ્યું છે.

નમો પદથી અરિહંતાદિ તરફ જે ભાવ ઉત્પન્ન થાય છે, ભાવના થાય છે એથી બાહ્ય વિષયોનું આકર્ષણ ઘટે છે. એથી બહિરાત્મભાવ ક્રમે ક્રમે મંદ થાય છે, ટળે છે અને અંતરાત્મભાવ વૃદ્ધિ પામે છે. પુદ્ગલ પ્રત્યેની આસક્તિ ઘટે છે અને ચૈતન્ય પ્રત્યે ભાવની વૃદ્ધિ થાય છે. જેમ ભૂખ લાગી હોય અને ભોજન મળતાં ક્ષુધાની નિવૃત્તિ થાય છે, ખાધાનો સંતોષ અને આનંદ થાય છે અને ભોજનથી શરીરની પુષ્ટિવૃદ્ધિ થાય છે તેવી રીતે નમસ્કારની ભાવનાથી બહિરાત્મભાવની નિવૃત્તિ થાય છે, અંતરાત્મભાવનો આનંદ થાય છે અને પરમાત્મભાવની પુષ્ટિવૃદ્ધિ થાય છે.

'નમો' પદ ઔદાયિક ભાવોનો ત્યાગ કરાવી, ક્ષયોપશમભાવ તરફ લઈ જાય છે. મમત્વનો ત્યાગ કરાવીને એ સમત્વ તરફ લઈ જાય છે. એ મિથ્યાત્વનો ત્યાગ કરાવી સમ્યગ્દર્શન તરફ લઈ જાય છે. એ મનને અશુભ વિકલ્પોથી છોડાવી શુભ વિકલ્પોમાં જોડે છે. નમો પદ જીવાત્માને પરમાત્મા પ્રતિ લઈ જાય છે.

નમો માં ઋણમુક્તિ રહેલી છે. ઉપકારીના ઉપકારનો-પંચ પરમેષ્ઠિના ઉપકારનો સ્વીકાર માણસને ઋણમુક્ત બનાવે છે. એનામાં નમસ્કારનો ભાવ પ્રકાશિત થાય છે. નમો થી નીચ ગોત્રકર્મ બંધાતું અટકે છે અને ઉચ્ચ ગોત્રકર્મ બંધાય છે.

'નમો' માં દુષ્કૃતગર્હા, સુકૃત-અનુમોદના અને શરણાગતિનો સ્વીકાર છે. એથી નિર્વિકલ્પ દશાની અનુભૂતિ થાય છે.

નમો રાગ, દ્વેષ અને મોહને જીતવાનો મંત્ર છે. એ સત્, ચિત્ અને આનંદનો મંત્ર છે.

'નમો' પદ સાથે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને અભ્યંતર તપ જોડાયેલાં છે. નમો પદ દ્વારા સ્વસ્વરૂપની યથાર્થ સમજણ પ્રાપ્ત થાય એટલે જ્ઞાન પ્રાપ્ત થાય છે. પંચ પરમેષ્ઠિ પ્રત્યે નમસ્કાર કરવામાં ભક્તિ રહેલી છે. પરમાત્માની ભક્તિ પ્રગટ થતાં સાંસારિક વિષયોનો રસ મંદ થાય છે. એનો અર્થ એ કે 'નમો' પદ દ્વારા વૈરાગ્ય પ્રગટ થાય છે. નમો દ્વારા વિનય, વૈયાવચ્ચ, પ્રાયશ્ચિત વગેરેના ભાવો ઉદ્ભવે છે એટલે એમાં અભ્યંતર તપ રહેલું છે. આમ 'નમો' પદ સાથે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને તપ જોડાયેલાં છે.

પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે લખ્યું છે કે 'નમો' પદ એ વાસીચંદન કલ્પ છે; જીવિત-મરણ, લાભ-અલાભ, માન અને અપમાનાદિ દ્વંદ્વોને અવગણીને શુદ્ધાત્મ સ્વરૂપમાં રહેવાની કાયોત્સર્ગરૂપ પ્રક્રિયા છે. એ રીતે અભ્યંતર તપના સર્વ પ્રકારોનું આરાધન જેમાં સંગ્રહીત થયું છે, એવું 'નમો' પદ સાગરથી પણ ગંભીર છે, સૂર્યથી પણ તેજસ્વી છે, ચંદ્રથી પણ શીતળ છે. આરોગ્ય, બોધિલાભ અને સમાધિને આપવાવાળું છે. 'નમો' પદ અનંત અને અગાધ એવા આત્મસ્વરૂપ ઉપર મનને લઈ જવા, કૂદકો અથવા છલાંગ ભરવા માટે કાયા, વાણી અને મનને સંકોચવાની ક્રિયા છે. દ્રવ્ય-ભાવ સંકોચ કરીને આત્મસ્વરૂપમાં પહોંચવા માટેનો ઉત્તમ વ્યાયામ છે.'

નમો એટલે સંસારની અસારતા સ્વીકારીને શુદ્ધાત્મસ્વરૂપ તરફ, સાર તત્ત્વ તરફ વળવું, વિભાવ દશાનો ત્યાગ કરી સ્વભાવ દશા તરફ વળવું, બહિરાત્મભાવમાંથી નીકળીને અંતરાત્મભાવમાં પ્રતિ પ્રયાણ કરવું. જડ અને ચૈતન્યનો ભેદ સમજીને ચૈતન્યમાં સ્થિર થવું.

નમો પદથી મનની દિશા બદલાય છે. તે વિષય-કષાયોથી વિરમીને શુદ્ધ ભાવોમાં પરોવાય છે. વિશુદ્ધ મનમાં વિનય, શ્રદ્ધા, સન્માન, આદર-બહુમાન, પ્રેમ, સ્વ-સમર્પણનો ભાવ પ્રગટ થાય છે. પંચ પરમેષ્ઠિ પ્રત્યે પ્રમોદભાવ સ્ફુરે છે અને એમની સાથે અનુસંધાન થાય છે. નમો પદમાં અચિંત્ય બળ રહેલું છે. તે ભાવ જો ઉત્કૃષ્ટ પ્રકારનો બનતો જાય તો જીવને આરાધનાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડી શકે છે. એટલે જ નમો પદને મોક્ષની ચાવી તરીકે ઓળખાવવામાં આવે છે.

'જેમને નમસ્કાર કરવામાં આવે છે તે મોટા છે અને હું નાનો છું'- એટલે કે પોતાની અલ્પતા અને પરમેષ્ઠિની મહત્તાનો સાચો ભાવ જ્યાં સુધી દિલમાં પ્રગટ ન થાય ત્યાં સુધી સાચો નમસ્કાર થતો નથી. નમસ્કારથી જિનાજ્ઞાનું પાલન કરવાનો ભાવ પ્રગટે છે. નમસ્કારનો ભાવ એ ધર્મનું બીજ હોવાથી એમાંથી ધર્મરુચિ, ધર્મશ્રવણ, ધર્મચિંતન ઈત્યાદિ રૂપી અંકુરો ફૂટે છે, ધર્માચરણરૂપી શાખાઓ પ્રસરે છે અને આગળ જતાં સ્વર્ગના સુખરૂપી અને મોક્ષસુખરૂપી ફૂલ અને ફળ પ્રાપ્ત થાય છે. એટલે નમો પદરૂપી બીજ મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ કરાવી શકે છે.

નમો પદમાં 'ઈશ્વર-પ્રણિધાન' રહેલું છે. 'ઈશ્વર-પ્રણિધાન' શબ્દ વિશેષત: અન્ય દર્શનમાં પ્રયોજાયો છે. પરંતુ જૈન દર્શનમાં પણ તે અવશ્ય ઘટાવી શકાય છે. ઈશ્વર એટલે પરમેશ્વર, પરમાત્મા. અરિહંત ભગવાન અથવા સિદ્ધ પરમાત્માને 'ઈશ્વર' ગણી શકાય. અથવા પોતાના આત્મસ્વરૂપમાં રહેલા પરમાત્મભાવને ઈશ્વર ગણી શકાય. પ્રણિધાન એટલે ધ્યાન વડે સ્થાપન કરવું તે. ઈશ્વરમાં પોતાના ચિત્તનું સ્થાપન કરવું, ન્યાસ કરવો તે ઈશ્વરપ્રણિધાન. પરમાત્મામાં પોતાની જાતનો ન્યાસ કરવો, અથવા પોતાનામાં પરમાત્માનો ન્યાસ કરવો અને એ રીતે પરમાત્માની સાથે એકરૂપ થવું તે ઈશ્વરપ્રણિધાન. 'નમો' પદમાં આ રીતે ઈશ્વરપ્રણિધાન રહેલું છે.

શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે 'નમો' પદમાં છ આવશ્યકનું પાલન કેવી રીતે થાય છે તે દર્શાવતાં લખ્યું છે, 'નમો' મંત્ર વડે શ્રુતસામાયિક અને સમ્યક્ત્વસામાયિકની આરાધના થાય છે; ચતુર્વિંશતિસ્તવ અને ગુરુવંદનની સાધના થાય છે; મિથ્યાત્વનું પ્રતિક્રમણ અને સમ્યક્ત્વનું આસેવન થાય છે, ઔદયિકભાવમાંથી પાછા ફરીને ક્ષાયોપશમિક ભાવમાં આવવાનું થાય છે; અતીતની નિંદા, વર્તમાનનો સંવર અને આગામીનું પ્રત્યાખ્યાન થાય છે. વર્તમાનનો સંવર કાયોત્સર્ગરૂપ છે અને આગામીનું પ્રત્યાખ્યાન પચ્ચક્ખાણરૂપ છે. 'નમો' મંત્ર વડે આ રીતે છએ આવશ્યકોની ભાવથી આરાધના થાય છે.'

નમો માં નવપદનું ધ્યાન રહેલું છે. નવપદમાં પંચ પરમેષ્ઠિ ઉપરાંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર હોય છે. આ નવે પદની સાથે

'નમો' પદ જોડાતાં વિશિષ્ટ ભાવજગત ઉત્પન્ન થાય છે.

'નમો અરિહંતાણં' માં 'નમો' પદ અરિહંત ભગવાન સાથે જોડાયેલું છે. અરિહંત ભગવાનને નમસ્કારના ભાવ સાથે અને એમના ધ્યાન વડે મોક્ષનું લક્ષ્ય બતાવનાર અને મોક્ષમાર્ગની દેશના આપનાર સાથે મન જોડાય છે. એ જ રીતે બીજાં પદોના સ્વરૂપનું ધ્યાન ધરાય છે.

શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે નમો માં નવ પદનું ધ્યાન વિશિષ્ટ રીતે ઘટાવ્યું છે. તેમણે લખ્યું છે, 'અરિહંત પદ સાથે નમો પદ જોડાય છે ત્યારે મનનું ધ્યાન સંસાર તરફથી વળી મોક્ષ તરફ જોડાય છે. સિદ્ધ પદ સાથે જોડાય ત્યારે રસ-આનંદ જાગે છે. આચાર્ય પદ સાથે જોડાય ત્યારે મોક્ષની ઈચ્છા ઉત્પન્ન થાય છે. ઉપાધ્યાય પદ સાથે જોડાય ત્યારે પ્રબળ ઈચ્છા પ્રગટે છે. સાધુ પદ સાથે જોડાય ત્યારે કલ્પના કરવાની શક્તિ પ્રગટે છે. તે જ ન્યાયે આગળ વધતાં સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ સાથે જોડાય ત્યારે આબેહૂબ કલ્પના, એકતા અને સંપૂર્ણ લય ઉત્પન્ન થાય છે. પછી ઉન્મની-મનોનાશની સ્થિતિ અનુભવાય છે. તે અમાત્ર અવસ્થામાં લઈ જવાનું અનંતર સાધન બને છે.'

'આ રીતે નમો પદ સાથે થતું નવપદોનું ધ્યાન જીવને ત્રિમાત્ર (બહિરાત્મભાવ)માંથી છોડાવી, બિંદુનવકરૂપી અર્ધમાત્રા (અંતરાત્મભાવ)માં લાવી, અમાત્ર (પરમાત્મભાવ)માં સ્થાપનારું થાય છે.'

જ્યાં નમવાની ક્રિયા છે ત્યાં કુદરતી રીતે પ્રેમ, ભક્તિ, વાત્સલ્ય, ઈત્યાદિના ભાવો પ્રગટ થાય છે. એટલે 'નમો' માં પરમાત્મા પ્રત્યેની નવધા ભક્તિ રહેલી છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, વંદન, પૂજન, અર્ચન, સેવન, આત્મનિવેદન, શરણાગતિ ઈત્યાદિ સર્વ ભાવો અને ભક્તિના પ્રકારો એમાં આવી જાય છે.

'નમો' પદ દ્વારા પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એ ચારે પ્રકારનાં અનુષ્ઠાન આવી જાય છે. નમો પદમાં ઈચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થૈર્યયોગ અને સિદ્ધિયોગ એમ ચારે યોગ રહેલા છે.

નમો પદની આરાધનામાં અમૃતક્રિયા રહેલી છે. ઉપાધ્યાયજી મહારાજે અમૃતક્રિયાનાં લક્ષણો નીચે પ્રમાણે જણાવ્યાં છે:

તદ્‌ગત ચિત્ત ને સમય વિધાન,
ભાવની વૃદ્ધિ, ભવભય અતિ ઘણો;
વિસ્મય પુલક પ્રમોદ પ્રધાન,
લક્ષણ એ છે અમૃત ક્રિયાતણો.

અહીં અમૃતક્રિયાનાં જે લક્ષણો દર્શાવ્યાં છે-તદ્‌ગત ચિત્ત, સમયવિધાન-ધર્માનુષ્ઠાન, ભાવની વૃદ્ધિ, ભવભય, વિસ્મય, પુલક, પ્રમોદ ઇત્યાદિ નમો પદ સાથે જ્યારે ગહનતામાં અનુભવાય છે ત્યારે પ્રગટ થાય છે. એટલે નમો પદમાં અમૃતક્રિયાનો અનુભવ કરાવવાનું સામર્થ્ય છે.

શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે લખ્યું છે, 'નિત્ય નમસ્કારનો અભ્યાસ એ ભેદભાવની ઊંડી નદી પર પૂલ બાંધવાની ક્રિયા છે. 'નમો' એ પૂલ છે, સેતુ છે. એ સેતુ પર ચાલવાથી ભેદભાવનું ઉલ્લંઘન થાય છે. અને અભેદભાવના કિનારા પર પહોંચી જવાય છે. પછી ડૂબી જવાનો ભય રહેતો નથી. ભેદભાવને નાબૂદ કરી, અભેદભાવ સુધી પહોંચવાનું કાર્ય 'નમો' ભાવરૂપી સેતુ કરે છે. તેને 'અમાત્ર' પદ પર પહોંચાડવા માટેની અર્ધમાત્રા પણ કહેવાય છે. અર્ધી માત્રામાં સમગ્ર સંસાર સમાઈ જાય છે અને બીજી અર્ધી માત્રા સેતુ બનીને, આત્માને સંસારની પેલે પાર લઈ જાય છે. સંકલ્પ-વિકલ્પમાંથી મુક્ત કરાવીને નિર્વિકલ્પ અવસ્થામાં પહોંચાડે છે.'

'નમો' પદના જાપથી ચિત્તની અશાંતિ દૂર થાય છે. જ્યાં રાગ છે ત્યાં અશાન્તિ છે. જીવ રાગદ્વેષમાં ફસાયેલો છે. એમાં પણ રાગને એ સરળતાથી ત્યજી શકતો નથી. પરંતુ એક વખત એને પંચ પરમેષ્ઠિ પ્રત્યે અનુરાગ જન્મે છે અને વૃદ્ધિ પામે એટલે સાંસારિક રાગનો ક્ષય થવા લાગે છે. જેમ જેમ રાગનો ક્ષય થતો જાય તેમ તેમ ચિત્તમાંથી અશાંતિ દૂર થાય છે. આમ 'નમો' પદનો જાપ શાન્તિપ્રેરક છે.

નમો પદનો અથવા નમો अरिहंताणं નો જાપ, આગળ પ્રણવ મંત્ર ૐ જોડીને કરી શકાય કે કેમ એ વિશે કેટલાકને પ્રશ્ન થાય છે. પરંતુ શાસ્ત્રકારો કહે છે કે એનો એકાન્તે નિષેધ નથી. લૌકિક જીવનમાં સૌભાગ્ય, શાન્તિ ઇત્યાદિ માટે ૐ સાથે જાપ થઈ શકે છે. કેવળ મોક્ષાભિલાષી માટે એની આવશ્યકતા નથી. શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'ના આઠમા પ્રકાશમાં કહ્યું છે :

मंत्रः प्रणवपूर्वोऽयं फलमैहिकमिच्छुभिः ।
ध्येय प्रणवहीनस्तु निर्वाणपदकांक्षिभिः ॥

અર્થાત્ લોકસંબંધી ફળની ઈચ્છાવાળાઓએ આગળ પ્રણવમંત્ર-ૐ કાર સહિત ધ્યાન ધરવું, પરંતુ નિર્વાણ પદના અર્થીઓએ પ્રણવરહિત-એટલે કે ૐ કાર વગર ધ્યાન ધરવું.

મેરુતુંગાચાર્યે 'સૂરિમંત્ર'ના અષ્ટવિદ્યાધિકારમાં પણ કહ્યું છે:

प्रणवनमोयुक्तानि पदानि सर्वाणि इष्टं कार्यं जनयति ।
प्रणवं विना नमो इति मोक्षबीजम् ।

અર્થાત્ પ્રણવ મંત્ર ૐ સાથે જોડાયેલા નમસ્કારનાં સર્વ પદો ઈષ્ટ કાર્ય ઉત્પન્ન કરે છે, એટલે કે ઈષ્ટ ફળ આપે છે. પ્રણવ વિનાનો નમસ્કાર 'મોક્ષબીજ' છે.

આમ નમો પદનો, નમસ્કારનો મહિમા ઘણો મોટો છે. 'ગંધર્વતંત્ર'માં નમસ્કારનો મહિમા નીચે પ્રમાણે બતાવ્યો છે.

देवमानुषगंधर्वाः यक्षराक्षसपन्नगाः ।
नमस्कारेण तुष्यन्ति महात्मानः समन्ततः ॥
नमस्कारेण लभते चतुर्वर्ग महोदयम् ।
सर्वत्र सर्व सिद्धयर्थं नतिरेका प्रवर्तते ।
नत्या विजयते लोकान् नत्या धर्म प्रवर्तते ।
नमस्कारेण दीर्घायुरछिन्ना लभते प्रजाः ॥

અર્થાત્ દેવ, મનુષ્ય, ગંધર્વ, યક્ષ, પન્નગ (નાગ) અને મહાત્માઓ નમસ્કારથી મહાન ઉદય-(ઉન્નતિ) કરનાર એવા ચતુવર્ગ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ)ને પ્રાપ્ત કરે છે. સર્વત્ર સર્વ કાર્યની સિદ્ધિ માટે નમસ્કાર જ પ્રવર્તે છે. નમસ્કાર કરવાથી લોક જિતાય છે. નમસ્કારથી ધર્મનું પ્રવર્તન થાય છે અને નમસ્કારથી પ્રજા રોગરહિત દીર્ઘાયુષ્ય મેળવે છે.

નમો માટે એટલે કે નમસ્કાર માટે વિવિધ પ્રકારની ઉપમાઓ કે રૂપકો યોજાયાં છે, જેમ કે નમો સરિતા છે અને અરિહંત સાગર છે. શ્રી હરિભદ્રસૂરિએ નમસ્કારનો મહિમા સમજાવતાં 'લલિત વિસ્તરા-ચૈત્યવંદનવૃત્તિ'માં કહ્યું છે:

एसो जणओ जणणी य एस एसो अकारणो बंधू ।
एसो मित्तं एसो परमुव्यारी नमुक्कारो ॥
सेयाणं परं सेयं मंगलाणं च परमंगलं ।
पुन्नाणं परम पुन्नं फलं फलाणं परमरम्मं ॥

[આ નમસ્કાર પિતા છે, માતા છે, અકારણ બંધુ છે, અને પરમ ઉપકારી મિત્ર છે. શ્રેયોમાં તે પરમ શ્રેય છે, માંગલિક વિશે પરમ મંગલ છે, પુણ્યોમાં તે પરમ પુણ્ય છે અને ફલોમાં તે પરમ રમ્ય છે.]

☐ રમણલાલ ચી. શાહ

# ભગવદ્ગીતામાં દ્વિતીય અધ્યાય

## ☐ પ્રો. અરુણ જોશી

गीतायाः पुस्तकं यत्र, यत्र पाठः प्रवर्तते ।
तत्र सर्वाणि तीर्थाणि प्रयागादीनि तत्र वै ॥

જ્યાં ભગવદ્ગીતા નામનો ગ્રંથ હોય, જ્યાં તેનો પાઠ થયો હોય ત્યાં પ્રયાગ આદિ સર્વે તીર્થોનો વાસ રહેલો છે. અનેક ઉપનિષદોનું વાચન અશક્ય હોય એવા સંજોગોમાં માત્ર ભગવદ્ ગીતાનું વાચન પર્યાપ્ત છે. આ ગ્રંથમાં યોગશાસ્ત્રનો સાર નિરૂપિત થયો છે અને માત્ર ભારતવર્ષમાં આવિર્ભાવ પામેલી બ્રહ્મવિદ્યાનો પરિચય આ ગ્રંથમાં ઉપલબ્ધ થાય છે. ચિદાનંદ શ્રી કૃષ્ણ અને અર્જુન વચ્ચે થયેલો દિવ્ય સંવાદ આ ગ્રંથમાંથી સાંભળવા મળે છે. આ અદ્દ્ભુત સંવાદ રોમહર્ષણ છે એવું સંજયનું મંતવ્ય અઢારમા અધ્યાયમાં જોવા મળે છે.

યુદ્ધભૂમિમાં સ્વજનોને નજર સમક્ષ જોતાં જ અર્જુનને વિષાદ થયો અને લડવાને બદલે તે પોતાના રથમાં બેસી ગયો. ભગવાન શ્રી કૃષ્ણે આ વિષાદનું કારણ જાણી તેને સમજાવ્યું કે શ્રેષ્ઠ માનવો આવો વિષાદ કરતા નથી. આવો વિષાદ કરવાથી તો અપજશ મળે છે. પછી પ્રોત્સાહિત કરવા માટે અર્જુનને શ્રી કૃષ્ણ કહે છે કે :

क्लैब्यं मा स्व गमः पार्थ, नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं, त्यक्त्वोत्तिष्ठ परंतप ॥

અર્થાત્-હે પાર્થ, તું કાયરતાને આધીન ન થા, તને આ છાજતું નથી, હે પરંતપ, હૃદયની આવી તુચ્છ દુર્બળતાને છોડીને તું યુદ્ધ માટે સજ્જ થા.

આ તબક્કે અર્જુન ખૂબ જ હૃદયમંથન કરી રહ્યો છે. સંસારરૂપી યુદ્ધક્ષેત્રમાં સહુને આવા સંજોગોમાંથી પસાર થવું પડે છે. અર્જુનને જે ઉપદેશ પરમ કૃપાળુ પરમાત્માએ આપ્યો તે આપણને સહુને ઉપયોગી થાય એવો છે.

ગીતાનો સંવાદ જીવ અને શિવ વચ્ચેનો છે. અર્જુન આપણા સહુ દેહધારીઓનો પ્રતિનિધિ છે અને શ્રી કૃષ્ણ શિવ અથવા પરમાત્માનું પ્રતીક છે. તેથી જ આ ગ્રંથમાં નિરૂપાયેલા જ્ઞાનને કાળ અને ક્ષેત્રની સીમા નડતી નથી. વિશ્વમાં સહુ કોઇને મુશ્કેલીમાં મદદરૂપ થાય એવી ગરિમા આ ગ્રંથમાં રહેલી છે. આ બીજા અધ્યાયમાં જે જ્ઞાન નિરૂપાયું છે તે જીવનોપયોગી મહાસિદ્ધાંતોનું દર્શન કરાવનારું છે. આ અધ્યાયનું નામ 'સાંખ્યયોગ' છે. સાંખ્ય એટલે જ જીવનના મૂળભૂત સિદ્ધાંતો. આ સિદ્ધાંતોને અમલમાં મૂકવાની રીત એટલે જ યોગ. અહીં જે ત્રણ મૂળભૂત સિદ્ધાંતો નિરૂપાયા છે તે આત્માની અમરતા, દેહની ક્ષુદ્રતા અને સ્વધર્મના પાલનનો ખ્યાલ આપે છે. ભીષ્મ અને દ્રોણ જેવા વડીલો ઉપર તીર ચલાવવાં પડશે એ કારણે અર્જુન મૂંઝાયો છે. ગુરુજનોને કેમ મારી શકાય ? જીત મળશે કે હાર એ પણ કોયડો છે. અંતે શોક થાય એવો સંભવ છે. તે સમયે અર્જુનને શ્રી કૃષ્ણ પાસેથી સ્પષ્ટ આદેશની અપેક્ષા છે. આ સમયે શ્રી કૃષ્ણ આત્માની અમરતા સમજાવવાની શરૂઆત કરતાં જણાવે છે કે :

अशोच्यानन्वशोचल्य प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पंडिताः ॥

અર્થાત્ તું અયોગ્ય વસ્તુનો શોક કરે છે. પંડિતાઈ ભરેલી વાતો કરે છે. પંડિતો તો જીવતાં કે મરેલાંનો શોક કરતા નથી. જીવાત્મા એક દેહ છોડીને બીજા દેહમાં જવાની પ્રક્રિયા કર્યા જ કરે છે. આપણું શરીર નાશવંત છે તેથી તે અસત્ છે. આપણો આત્મા અમર છે તેથી તે સત્ છે. તત્ત્વજ્ઞાનીઓએ આ બાબતમાં છેવટનો નિર્ણય આપતાં કહ્યું છે કે :

જે વડે આ સમગ્ર શરીર વ્યાપ્ત છે તે આત્માને તું અવિનાશી માન. તેનો કોઈ નાશ કરી શકે તેમ નથી. આમ આ આત્મા કદી મારતો નથી કે તેને કોઈ મારી શકતું નથી. આનાથી ઊલટું સમજનારો ખરેખર કંઈ જાણતો નથી.

य एनं वेत्ति हन्तारं, यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतौ, नायं हन्ति न हन्यते ॥

આમ આત્માનું અવિનાશીપણું વ્યક્ત કરી ભગવાન શ્રીકૃષ્ણ સ્પષ્ટ કહે છે કે અખંડ આત્મા વ્યાપક છે અને ક્યારેય મરતો નથી. દેહ તો આત્માથી તદ્દન ભિન્ન છે એટલે કે વિનાશી છે અને તેથી તેનો શોક કરવાનો હોય નહીં. વિશેષ સ્પષ્ટતા કરતાં જણાવવામાં આવ્યું છે કે દેહ વસ્ત્ર જેવો છે. વસ્ત્ર જીર્ણ થઈ જાય છે. આપણે એકનું એક વસ્ત્ર કાયમ ઉપયોગમાં લેતા નથી. જ્યારે તે ફાટી જાય છે ત્યારે તેને આપણે છોડી દઇએ છીએ. તે જ રીતે જીર્ણ શરીરોને છોડીને આત્મા નવાં શરીરોને ધારણ કરે છે. જેમ ત્યજી દીધેલ વસ્ત્ર બાબત આપણે શોક કરતાં નથી તેમ દેહનો નાશ એ શોક કરવાની બાબત નથી. આત્માનું સ્વરૂપ વ્યક્ત કરતાં શ્રી કૃષ્ણ કહે છે કે :

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावक : ।
न चैनं क्लेदयन्त्यापो, न शोषयति मारुतः ॥

એટલે કે આત્માને હથિયારો કાપી શકતાં નથી. અગ્નિ બાળી શકતો નથી. પાણી ભીંજવી શકતું નથી અને પવન સૂકવી શકતો નથી. આત્મા તો નિત્ય, સર્વવ્યાપક, સ્થિર, અચળ અને સનાતન છે. આત્માને ઇન્દ્રિયોથી જાણી શકાતો નથી. મનથી વિચારી શકાતો નથી અને તે વિકારરહિત છે. આમ વિચારી શોક કરવો અનુચિત છે. સામા પક્ષવાળાને મારવા પડશે એ વિચારે ખિન્ન થયેલા પાર્થને શોકરહિત કરવા માટે શ્રી કૃષ્ણ કહે છે કે :

जातस्य हि ध्रुवो मृत्यु, र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येर्थे, न त्वं शोचितुमर्हसि ॥

અર્થાત્ જન્મેલાનું મૃત્યુ નક્કી છે. મરેલા પાછા જન્મવાના છે તેથી ફેરફાર ન થાય એવી આ બાબતમાં હે અર્જુન, તું શોક કરે છે તે વાજબી નથી. આત્મા તો અવિનાશી છે એમ વારંવાર કહીને શ્રી કૃષ્ણ અર્જુનના મનમાં ઠસાવે છે કે આ દેહધારી આત્મા સદા અવધ્ય છે. તેથી પ્રાણીઓના મૃત્યુની બાબતમાં શોક કરવો જોઇએ નહીં. આમ જણાવ્યા બાદ શ્રી કૃષ્ણ કહે છે કે ક્ષત્રિયે પોતાના ધર્મનો પણ વિચાર કરવો જોઇએ. ક્ષત્રિય માટે ધર્મમય યુદ્ધ કલ્યાણકારક છે અને આ ધર્મનું પાલન ન કરવાથી પાપ લાગે, અપયશ મળે અને અર્જુન બીકણ છે એમ બીજા નિંદા કરે. યુદ્ધના ફાયદા જણાવતાં શ્રીકૃષ્ણ કહે છે કે હે અર્જુન, જો તું યુદ્ધમાં ખપી જઇશ તો તને સ્વર્ગ મળશે અને જીતીશ તો પૃથ્વીનો રાજા થઈશ. આવી પડેલ સંગ્રામમાંથી પીછેહઠ તો કરાય જ નહિ. આ રીતે શરીર અને આત્મા અંગેના જ્ઞાનની વાત કરવામાં આવી. તેને જ સાંખ્યયોગ કહેવામાં આવે છે. હવેના શ્લોકોમાં કર્મયોગ બાબત છણાવટ કરવામાં આવી છે.

આ અધ્યાયમાં યોગ શબ્દની એકથી વધુ વ્યાખ્યા આપવામાં આવી છે. સમત્વ એટલે જ યોગ એમ વ્યક્ત કરતાં કહેવામાં આવ્યું છે કે :

योगस्थ: कुरु कर्माणि, संगं त्यक्त्वा धनंजय ।
सिद्धय सिद्धयो:समो भूत्वा, समत्वं योग उच्यते ॥

એટલે કે હે ધનંજય, આસક્તિનો ત્યાગ કરીને સિદ્ધ અને અસિદ્ધિ પ્રત્યે સમાન ભાવ રાખીને યોગમાં સ્થિર થઈ કર્મ કર. સમભાવ જ યોગ કહેવાય છે. યોગની બીજી વ્યાખ્યા આપતાં કહેવામાં આવ્યું છે કે :

बुद्धियुक्तो जहातीह, उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाय युज्यस्व, योग: कर्मसु कौशलम् ॥

અર્થાત્ સમત્વ બુદ્ધિવાળો આ જીવનમાં જ પાપ અને પુણ્ય બંનેને છોડી દે છે. તેથી તું યોગ કર. કર્મોમાં કુશળતા એ જ યોગ છે. આવી યોગની વ્યાખ્યાઓના પરિપ્રેક્ષ્યમાં કર્મયોગ કોને કહેવાય તેની સ્પષ્ટતા કરી દેવામાં આવી છે. ગીતાનો ખૂબ જ જાણીતો શ્લોક છે :

कर्मण्येवाधिकारस्ते, मा फलेषु कदाचन ।
मा कर्म फलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

એટલે કે કર્મ કરવામાં જ તારો અધિકાર છે. ફળમાં ક્યારેય નથી. માટે તું કર્મફળની ઈચ્છા રાખીશ મા. તેમ જ કર્મ ન કરવાનો વિચાર પણ કરીશ મા. અહીં કર્મ તો અવશ્ય કરો પણ ફળની આશા ન રાખો એમ કહેવામાં આવ્યું છે. આમ કહેવાનો મતલબ એવો છે કે કર્મ સારામાં સારી રીતે કરો. ચિત્તના સમત્વથી કાબેલપણું આવે અને ફળની આશા ન રાખવામાં આવે તેથી કર્મ નિષ્કામભાવે થાય. તેથી ખામી વગર તન્મયતાથી કર્મ થાય અને તે યોગની કક્ષાને પામી શકે. આમ કર્મમાં ઓતપ્રોત બની જવાથી વ્યક્તિ સમાધિની અવસ્થા પ્રાપ્ત કરી શકે. આમ ભગવાને જીવનના મુખ્ય સિદ્ધાંતો દર્શાવ્યા છે.

હવે શ્રી કૃષ્ણ સાંખ્ય નિષ્ઠા ધરાવનાર, નિષ્કામ ભાવે યોગ કરનાર, ફળત્યાગ વિશે સભાન, કર્મસમાધિમાં મગ્ન રહેનાર એવા સ્થિતપ્રજ્ઞની ઓળખાણ આપે છે. તેનાં વાણી અને વર્તન અંગેની અર્જુનની જિજ્ઞાસા સંતોષતાં શ્રી કૃષ્ણ કહે છે કે :

प्रजहानि यदा कामान्, सर्वान् पार्थ मनोगतान् ।
आत्मन्ये वात्मना तुष्ट:, स्थितप्रज्ञस्तदोच्यते ॥

એટલે કે જ્યારે માનવી મનમાં રહેલ સર્વ કામનાઓને સારી રીતે ત્યજી દે છે અને પોતાના આત્મા વડે જ પોતાના આત્મામાં સંતુષ્ટ થાય છે ત્યારે તે સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે.

આવો માનવી દુ:ખોથી ગભરાતો નથી. સુખમાં છકી જતો નથી અને રાગ, દ્વેષ, ભય, ક્રોધ વગેરેથી મુક્ત બનેલો હોય છે. આવી વ્યક્તિ જિતેન્દ્રિય હોય છે તે બાબત સ્પષ્ટ કરતાં જણાવવામાં આવ્યું છે કે:

यदा संहरत्ते चायं, कूर्मोडगानीव सर्वश: ।
इन्द्रियाणीन्द्रियार्थभ्य, स्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

એટલે કે જેવી રીતે કાચબો પોતાનાં અંગોને બધી બાજુએથી સમેટી લે છે તેવી રીતે માનવી જ્યારે પોતાની ઈન્દ્રિયોને વિષયોમાંથી સર્વથા સમેટી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઈ છે એમ કહેવાય છે. તેના પ્રયત્નોના કારણે વિષયો તરફનો વાસનાનો ભાવ તો પરમેશ્વરની કૃપાથી જ ટળે છે. આવા માનવીને ઈન્દ્રિયવિજય માટે ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે અને જો ગાફેલ થયો તો કેવું પરિણામ આવે તે દર્શાવતાં જણાવ્યું છે કે :

ध्यायतो विषयानुंस:, संगस्तेपूपजायते ।
संगात्संजायते काम:, कामात् क्रोधोऽभिजायते ॥
क्रोधात् भवति संमोह:, संमोहात्स्मृतिविभ्रम: ।
स्मृतिभ्रंशात् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति ॥

એટલે કે વિષયોનું ચિંતન કરનાર માનવીના મનમાં વિષયો તરફ આસક્તિ જન્મે છે. તેમાંથી કામના ઉત્પન્ન થાય છે. તેમાંથી ક્રોધ જન્મે છે. પછી મૂઢતા આવતાં સ્મૃતિ નષ્ટ થાય છે. આમ થતાં બુદ્ધિ બહેર મારી જાય છે પછી માનવીનું માનવીપણું જ નષ્ટ થઈ જાય છે. આમ કારણમાલા અલંકારના સરસ પ્રયોગ દ્વારા ક્રમશ: અધોગતિનો સરસ રીતે ચિતાર આપવામાં આવ્યો છે.

બુદ્ધિ સ્થિર કરવામાં કુશળ માનવી અંત:કરણની પ્રસન્નતા અનુભવી શકે છે અને તેનાં બધાં જ દુ:ખો નાશ પામે છે. ચિત્ત પ્રસન્ન થવાથી માનવી સરસ રીતે વિચારી શકે છે. જે અશાંત છે તે કદી જિતેન્દ્રિય બની શકે નહીં. તેને ક્યારેય સુખ મળી શકે નહીં. ભગવાન શ્રી કૃષ્ણ આ વાતના સમર્થનમાં કહે છે. જેણે મન અને ઈન્દ્રિયોને વશ કરી નથી તેની બુદ્ધિ સ્થિર રહેતી નથી. તેનામાં શ્રદ્ધાનો અભાવ હોય છે અને તેને શાંતિ મળતી નથી. પરિણામે સુખ તેનાથી વેગળું રહે છે. પરમાત્માથી વિમુખ માણસ અને પરમાત્માની સંમુખ મુનિ વચ્ચેનો તફાવત દર્શાવતાં કહેવામાં આવ્યું છે કે :

या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुने: ॥

એટલે કે સર્વ માનવીની જે રાત્રિ છે તેમાં સંયમી જાગે છે અને જેમાં સામાન્ય માનવી વિલાસી બની જાગે છે તે પ્રભુ ભક્તને મન સૂઈ જવાનો સમય છે. આવો શાંત ચિત્તાત્મા સંસારના મોહને તરી જાય છે. તે ઈશ્વરના પરમ ધામને પામે છે. આવા સ્થિતપ્રજ્ઞ થવું અલબત્ત ખૂબ જ મુશ્કેલ છે પણ ભગવાને આપણી સમક્ષ એક આદર્શ રજૂ કર્યો છે જેને પહોંચવામાં ભગવાનના ભક્તો સફળ થયા છે. અર્જુનને પણ આ લક્ષણો સાંભળી કર્મયોગમાં પ્રવૃત્ત થવા માટે ઉચિત પ્રેરણા મળી જ હશે. ત્રીજા અધ્યાયમાં કર્મફળનો ત્યાગ કરવાથી મળતા લાભ વિશે છણાવટ કરવામાં આવી છે. એકંદરે જોતાં બીજા અધ્યાયમાં અર્જુનના વિષાદને દૂર કરવા માટે શ્રી કૃષ્ણે ખૂબ જ સુંદર સૂચનો કરેલાં છે.

મહાભારત એક મહાકાવ્ય છે અને ભગવદ્ગીતા તેનો એક ભાગ છે તેથી કાવ્યને માટે શોભારૂપ એવા અલંકારોનો વિનિયોગ પણ આ અધ્યાયમાં જોવા મળે છે. જેમકે બાસઠ ત્રેસઠમા શ્લોકમાં કારણમાલા, સિત્તેરમા શ્લોકમાં દૃષ્ટાંત, અટ્ઠાવનમા શ્લોકમાં ઉપમા નોંધપાત્ર છે.

આ અધ્યાયમાં મહદ્ અંશે અનુષ્ટુપ છંદનો પ્રયોગ થયો છે અને તેનું સામાન્ય લક્ષણ આઠ આઠનાં ચાર ચરણ છે, તેનાથી વધારે અક્ષરોવાળા શ્લોકોમાં વિપુલા છંદનો પ્રયોગ થયો છે.

આ અધ્યાયમાં આર્ય યોદ્ધાનો ધર્મ સમજાવવામાં આવ્યો છે. અર્જુનના વિષાદને દૂર કરવા માટે ઉચિત જ્ઞાન આપવામાં આવ્યું છે. કર્મયોગ અંગેની સુંદર છણાવટ છે અને છેલ્લે એવા કર્મયોગીની વિલક્ષણતા દર્શાવવામાં આવી છે.

પહેલાં જણાવ્યું તેમ આ અધ્યાય માનવજીવન અને માનવપ્રવૃત્તિની સમસ્યાને હલ કરવામાં ખૂબ જ મદદરૂપ થાય એવો છે. ડગલે પગલે માનવીને જીવન સંગ્રામમાં ઝઝૂમવાનું હોય છે. એવા સમયે તેણે પોતાની ફરજનો ખ્યાલ રાખવો જોઇએ. વળી તેની બુદ્ધિમાંથી મિથ્યાત્વને દૂર કરી સમ્યક્ રીતે પરિસ્થિતિનો ક્યાસ કાઢવો જોઇએ. આમ કરતી વખતે કોઈ માન્ય આદર્શ ગુરુમૂર્તિમાંથી પ્રેરણા લેવી જોઇએ.

ભગવદ્ગીતા ઉપનિષદોનો સાર છે પણ તેમાં સ્થિતપ્રજ્ઞ, જીવન્મુક્ત. ભક્ત અને ગુણાતીતનો ખ્યાલ આપનારાં નાનકડાં ઉપનિષદો પણ સમાયેલાં છે એ તેની વિશિષ્ટતા છે. આવા સુંદર ગ્રંથને પ્રાપ્ત કર્યો એટલે જાણે તીર્થયાત્રા કરી.

❖❖❖

# કેટલુંક ચિંતન

☐ ડૉ. રણજિત પટેલ (अनामी)

## 'જ્ઞાનેશ્વરી' વાંચતાં વાંચતાં

મારા પિતાજી, ખેતીના કામમાંથી સ્હેજ પણ નવરા પડે એટલે આશ્રમભજનાવલિનાં ભજનો ગાવા માંડે. એમાં ભજનની ધૂનો પણ આવે. એ ધૂનોમાં 'રઘુપતિ રાઘવ રાજારામ પતીતપાવન સીતારામ, ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન' અને 'શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ' તો હોય જ. આ બધું તો મને સમજાય, પણ જ્યારે ભજનની ધૂનમાં એ બોલે:

'નિવૃત્તિ, જ્ઞાનદેવ, સોપાન, મુક્તાબાઈ' ત્યારે બાર સાલના મારા મનને કશું જ ન સમજાય...એકવાર પૂછયું: 'આ કયા પ્રકારની ધૂન ?' તો કહે: 'આ ચારેય ભાઈબહેન, મહારાષ્ટ્રના મોટા સંતો થઈ ગયા. મોટા નિવૃત્તિનાથે જ્ઞાનદેવને ઉપદેશ આપ્યો...જ્ઞાનદેવે ન્હાની વયે જ્ઞાનેશ્વરી ગીતા લખી...પાડા પાસે વેદમંત્ર ભણાવ્યા...અને પછી એમની કુટુંબકથા કહ્યાનું સ્મરણ છે...પણ પાડા પાસે વેદમંત્ર ભણાવ્યાની વાત હજીય મનમાં બેસતી નથી. ન્હાની વયે મરાઠીમાં ઓળીબદ્ધ શ્રી જ્ઞાનેશ્વરી લખ્યાનું આશ્ચર્ય આજ લગી રહ્યું છે. પણ જ્યારે શ્રી કિશનસિંહ ચાવડાનો ગુજરાતીમાં ઓળીબદ્ધ-શ્રી જ્ઞાનેશ્વરીનો પ્રાસાદિક અનુવાદ વાંચ્યો ત્યારે તો મારા આશ્ચર્યની અવધિ આવી ગઈ !

જ્ઞાનેશ્વરી જે ઢબમાં છપાઈ છે તે જોઈ કવિવર ન્હાનાલાલની ડોલન શૈલી-એમના અપદ્યાગદ્ય કે અછાંદસની સ્મૃતિ તાજી થઈને કવિનાં 'જયાજયંત', 'ઈન્દ્રકુમાર' ને 'વિશ્વગીતા' જીવન્ત બન્યાં. કવિની ગાંડીવધન્વા જેવી ડોલનશૈલી સંબંધે ખૂબ લખાયું છે તેવું ઓળી સંબંધે ખાસ લખાયું નથી, પણ શિવાજી ભાવેએ એમના 'જ્ઞાનેશ્વરી શબ્દકોશ'માં સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે 'ઓળીછંદ સાડા ત્રણ ચરણનો ત્રિયમકનો છે. ચરણાંત અક્ષર, ગણ અને માત્રાદિનો કોઈ નેમક્રમ નથી. આમ તો એકચરણનું બંધારણ આઠ અક્ષરોનું છે. ૐની સાડા ત્રણ માત્રા, તે ઉપરથી ઓળી છંદના સાડા ત્રણ ચરણ મહારાજે રચ્યાં, એવો તર્ક વિધાનોમાં થયો છે. ચરણમાં બંદેશ આમ તો આઠ અક્ષરનો કહેવાય, પણ તે જરૂર પડ્યે દશ, બાર, ચૌદ અને સોળ અક્ષરો સુધી મહારાજે લંબાવ્યો છે. કારણ, ઓળી મુક્તછંદ છે. એ ગદ્યપદ્ય બંનેમાં ગાઈ શકાય છે. બંદેશની અનિયમિતતા છતાં ઓળીની સૂત્રાત્મકતા અખંડિત રહી છે, તે તેની વિશેષતા છે.' 'સ્પીરીટ'ની દૃષ્ટિએ ન્હાનાલાલની ડોલનશૈલી માટે પણ આવું ન કહી શકાય ?

આ જ્ઞાનેશ્વરીનો મહિમા અપરંપાર છે. મૂળ ગીતા છે :

'જે ઉપનિષદોનો સાર, સર્વ શાસ્ત્રોનું પિયર,
પરમહંસોનું સરોવર, સદા સેવ્ય જે'

તેને નિરૂપતાં, પોતાના અધિકાર વિષે કહે છે:-

'શબ્દ કેમ ઘડાયે, પ્રમેય વ્યાખ્યા કેમ કરાયે,
અલંકાર કોને કહેવાયે ન જાણ્યું કાંઈ'

તો પછી શબ્દશક્તિ ને અલંકારોથી અલંકૃત આ જ્ઞાનેશ્વરી સર્જાઈ શી રીતે ? તો વિનમ્રભાવે કહે છે:-

'મૂળમાં દૃષ્ટિ નરવી, વળી સૂર્યની કૃપા ગરવી, પછી તે ન દેખે કાંઈ ત્રણે ભુવને ? એટલે મારા નિત્યનૂતન, શ્વાસોચ્છ્વાસે રચાય પ્રબંધ, ગુરુકૃપાથી શું ન સંભવે ? જ્ઞાનદેવ કહે.' વાકચાતુર્ય સભર આ અધ્યાત્મશાસ્ત્ર-આ માત્ર ગ્રંથ નથી પણ 'ગુરુકૃપાનો વૈભવ' છે. પોતાના ગુરુ છે, તેમને અંજલિ અર્પતાં લખે છે.

'તે ગીતાનો કળશ, સંપૂર્ણ આ અષ્ટાદશ
કહે નિવૃત્તિદાસ જ્ઞાનદેવ.'

આ તો વિવેકની વાણી ગણાય અને ગુરુભક્તિનું ગૌરવ. બાકી જ્ઞાનેશ્વરીનો જે કાવ્યાત્મક સાહિત્યિક જ્ઞાનસભર રસાસ્વાદ છે તેવો અન્યત્ર ક્યાંય નથી. ગાડાંના ગાડાં ભરાય એટલાં ગીતા પર ભાષ્યો રચાયાં છે, એના પદ્યાનુવાદ થયા છે, એના અનુકરણ રૂપે અનેક ગીતાઓ લખાઈ છે પણ જ્ઞાનેશ્વરીની પ્રાસાદિકતા, રમણીયતા ને સરળતા અનન્ય છે.

સને ૧૯૫૭માં, મેં મારા ગુરુ સ્વામી રમણાનંદ સરસ્વતી પાસે લગભગ સોળેક ગીતાઓ જોયેલી જેમાં-જ્ઞાનેશ્વરી પણ હતી. 'અખેગીતા','ગોપાળગીતા', 'નરહરિગીતા'નો મને ખ્યાલ હતો. તિલક મહારાજ, મહર્ષિ અરવિંદ ઘોષ, વિનોબા ભાવે, પૂ. ગાંધીજી (અનાસક્તિયોગ) વગેરેનાં તદ્ વિષયક લખાણો વાંચેલાં. ગીતાના ત્રણ ચાર પદ્યાનુવાદો પણ રસપૂર્વક વાંચેલા. જેમાંનો એક મારા ગુરુનો પણ છે; કિન્તુ જ્ઞાનેશ્વરીની મજા ઓર છે !

જ્ઞાનેશ્વરની આયુષ્ય-મર્યાદા બાવીસ સાલની ને ખૂબ ન્હાની વયે જ્ઞાનેશ્વરીની રચના કરી; અને છતાંયે કોઈ મોટા ગજાના કવિની અને આર્ષદૃષ્ટા ઋષિની એ વાઙ્મય-તપમાં પ્રતીતિ થાય છે. કેટલીક વાર તો આ બધું દંતકથા જેવું લાગે છે પણ જ્યારે શ્રીમદ શંકરાચાર્ય શુકદેવ, અષ્ટાવક્ર, નચિકેતા, શ્રીમદ્ રાજચંદ્ર વગેરેનો વિચાર કરીએ છીએ ત્યારે આ બધું સાવ વાસ્તવિક લાગે છે. 'અપૂર્વ-અવસર એવો ક્યારે આવશે, ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો' એ અદ્ભુત પદ શ્રીમદ્ રાજચંદ્રે નાની વયે એકી બેઠકે લખેલું અને 'હિંદ સ્વરાજ' મહાત્મા ગાંધીએ સ્ટીમરમાં એકી બેઠકે પૂરું કરેલું ! આપણને લાગે કે આ બધું સર્જન સમાધિની કોઈ ઉચ્ચ કક્ષાએ થઈ ગયું છે. કોઈ ઋષિનું જાણે કે સમાધિ દર્શન. આપણે આપણા મર્યાદિત ગજથી એમને માપી શકીશું નહીં...અને પૂર્વભવનું એમનું સંસ્કારનું 'બેલેન્સ' પણ કેટલું બધું અપૂર્વ હશે ! યોગ ભ્રષ્ટ આત્માઓની આ તો અનુપમ લીલા છે.

આગળ ઉપર મેં ઓળીને કવિવર ન્હાનાલાલની ડોલનશૈલી સાથે થોડુંક સામ્ય હોવાનું કહ્યું. એ સામ્ય અને વિચારશૈલીનું સામ્ય જુઓ.

હા જી, મહાતેજના મહાર્ણવે, ડૂબી રહી સૃષ્ટિ સકળે
કે યુગાન્તની વિદ્યુતને પાલવે ગગન ઢંકાયું.

તેરમા અધ્યાયમાં, અહિંસાની વાત કરતાં, જેની વાણીમાં સાક્ષાત દયા જીવે છે તેનું કેવું કાવ્યાત્મક વર્ણન કર્યું છે !

'તેનું શ્વસન પણ સુકુમાર મુખ' જાણે પ્રેમનું પિયર,
માધુરીમાં ઉગ્યા અંકુર તેવાં દર્શન તેનાં.
પહેલાં સ્નેહ નીતરે, પાછળ અક્ષરો ઝરે
શબ્દો પછી અવતરે પહેલાં કૃપા.

બીજી બાજુ, વૃદ્ધાવસ્થાની મૂર્તતા કેવાં સાદાં દૃષ્ટાંતો...ઉપમાઓથી

કરી છે. 'પદમદેવીની સ્પર્ધા, કરે આજે મારા ડોળા, ને થશે રે પંડોળાં જેમ પકવ, ભવાંનાં પટલ લબડશે, આંખ ઉપર, વક્ષ કોહવાશે બાપ, અશ્રુજળે, જેમ બાવળનાં થડો, ચીકણાં કરે કાચંડો, તેમ ખરડાશે મુખ, થૂંક લાળે, રસોડામાં ચૂલા આગળે, મોરીએ જળે પરપોટા ઊઠે તેમ જ આ નાકમાં લીંટ ભરાશે, કરજમાંથી કૃષિક ન છૂટે, ચોમાસે બેઠાં ઢોર ન ઊઠે, તેમ આ જીભ હાલશે, કોઈ રીતે. વગેરે વગેરે...આવાં સાદાં, વ્યવહારુ દૃષ્ટાંતોની તુલનાએ કલ્પનાને સતેજ કરે એવી આ ઉત્પ્રેક્ષા જુઓ.

'સ્વ ધર્માચરણનું પોટલું વાચાને પીપળે બાંધવું
ઊભી રાખેલી દેવળે સાવરણી જાણ.'

સ્પૃહાની પ્રબળતા દર્શાવતું એક જીવંત, ચિત્રાત્મક દૃષ્ટાંત જુઓ-

'દેડકો સાપને મુખે સરતો જાયે તોયે
માખીઓની રાખે લાલચ જીવે.'

કુળ-પાપ અને ચંચળ ચિત્તને નિરૂપતાં આ બે ચિત્રો કેટલાં બધાં સચોટ ને તાદૃશ છે :

'બલિ જેમ ચૌટે મૂકતાં, કાગડાઓ ઘેરી વળતા
તેવી રીતે કુળમાં સંચરતાં મહાપાપો.'

x x x

'લવણ ઉપર જેમ જળ લોલે, અભ્ર અથવા પવનથી ડોલે,
સુધીર હોવા છતાં પીગળે ચિત્ત તેનું.

x x x

જ્ઞાનેશ્વરીમાં 'ગડી' શબ્દનો લાક્ષણિક પ્રયોગ અનેકવાર થયો છે. દા. ત. : 'મન નિજની ગડી વાળે', 'યથાર્થની ગડી છોડી', જાણે ચંદ્રની ગડી ઉકેલી.

એવી જ રીતે એક જ પંક્તિમાં સૂત્રાત્મક સત્યો નિરૂપ્યાં છે. દા. ત.:

'બુદ્ધિની આ જીભ, ન સ્પર્શે શબ્દનો મર્મ.' 'કર્મનાં ચક્ષુ તે જ્ઞાન'
'મનની પત્ની મમતા'. મંત્રવિદ્યાનું મહિયર બ્રાહ્મણો'.

કૃષ્ણ-અર્જુનના સંવાદ રૂપે ગીતા નિરૂપાઈ છે એટલે આપણાં ભજનોમાં, જેમ 'રૂપાબાઈ બોલ્યાં ભાઈલા' જેવાં આત્મીયતા દર્શાવતાં ઉદ્‌બોધનો સ્વાભાવિક લાગે છે તેમ જ્ઞાનેશ્વરીમાં પણ કૃષ્ણ ને અર્જુન માટે એવાં ઉદ્‌બોધનો અનેકવાર જોવા મળે છે. દા. ત. : 'એટલે હે પાર્થા !' જે સ્વધર્મ હોય બાપ ! માટે સાંભળ પાંડવા ! માટે સાંભળ ધનુર્ધરા !

ક્વચિત 'તાર્કિકા'-એટલે કે દલીલો કરનાર...તર્ક કરનાર-જેવો પ્રયોગ પણ થયો છે.

યૌગિક પરિભાષાની કુંડલિની માટે કેવી કાવ્યાત્મક અભિવ્યક્તિ છે :

'તેવી તે કુંડલિની સાડા ત્રણ વળે વીંટળાયલી,
અધોમુખ સર્પિણી જેવી નિદ્રિત દીસે.
સાંકળી તે વિદ્યુલ્લતાની, કે ગડી વહ્નિજ્વાળાની
વિશુદ્ધ હેમની તેજવંતી લગડી જ તે.'

એક બાજુ, પોતાની સિસૃક્ષા સંબંધે અતિ વિનમ્રતા છે તો બીજી બાજુ તેની પૂરી સંપ્રજ્ઞતા પણ છે. આ બે ઉક્તિઓ જુઓ:-

'એવો વાગ્વિલાસ વિસ્તારુ, ગીતાર્થે વિશ્વ ભરુ,
આનંદનો કોટ રચું વિશ્વને ફરતો.'

x x x

'એટલે અક્ષરે અક્ષરે ઉપમા-શ્લોકોની ઝડી વરસે.'

એમની આ વાત સો વસા સત્ય છે. જ્ઞાનેશ્વરીમાં સેંકડો ઉપમાઓ છે ને કલેડામાં ધાણી ફૂટે તેમ શબ્દોની ઝડી વરસે છે.

પ્રસ્તાર કરવાનો કશો અર્થ નથી અવ્યભિચારિણી ભક્તિની અને વિશ્વમાં નિજની દયાની જ વાત કરતા ભગવાન શ્રી કૃષ્ણ જે કંઈ કહે છે તેનું અવતરણ આપી આ લેખ પૂરો કરીશ.

'કાં દ્રવપણું જ નીર, અવકાશ તે જ અંબર, મધુરતા જ સાકર, ભિન્ન નાહીં વહ્નિ તેજ જ્વાળા, કમળ કહેવાય દાટા, વૃક્ષ જ ડાળાંફળા, કહેવાય જેમ, અરે હિમ જે સઘન થયું તે જ હિમાલય કહેવાયું અથવા દૂધ જે મેળવાયું, તે જ દહીં તે વિશ્વ એ સંજ્ઞાએ હું જ હોઉં સઘળે, ચંદ્રબિંબ છોલવું ન પડે, ચંદ્રને જોવા ઘૃત તણું થિજેલાપણું, ન ભાંગતાં ઘૃત જાણવું, સુવર્ણને જેમ ઓળખવું, કંકણ ન તોડતાં ન ઉકેલતાં પટ, તંતુ દેખવ્યે સ્પષ્ટ ન ઓગળતાં ઘટ દેખાય માટી, એટલે વિશ્વપણું ભાંગીએ પછી મુજ રૂપને જોઈએ, તેવું નથી, સદા સર્વત્રે, સકળ હું છું એવા મને એમ જાણીએ, તે અવ્યભિચારિણી ભક્તિ હોય, ત્યાં ભેદ જોયો કહેવાયે વ્યભિચાર પાર્થ !'

અંતમાં, વિમલા ઠકારના અભિપ્રાય સાથે આ લેખ પૂરો કરીશ. 'જ્ઞાનેશ્વરી એટલે યોગેશ્વરની યોગવાણી, જ્ઞાનેશ્વરી એટલે આત્માનંદમાં તરબોળ રહેતા પ્રેમાવતારની પાવન વાણી. જ્ઞાનેશ્વરી એટલે વાસુદેવની વાણીમાંથી નીતરેલું ઉપનિષદ રહસ્ય. પોતાના આધારમાં ઓતપ્રોત કરી વહેતું મૂકનારા જ્ઞાનદેવનું જીવન-સંગીત. જ્ઞાનેશ્વરી એટલે બાલયોગી જ્ઞાનદેવે વાગ્વિલાસિની ભુવન મનમોહિની શારદાના સાહિત્ય મંદિરમાં બાંધેલી શ્રીમદ્ ભગવદ્ ગીતાની મંગલ પૂજા. આ ગ્રંથમાં મધુરા દ્વૈતની પ્રતિષ્ઠા જોવા મળે છે.'

x x x

## મૂર્ત-અમૂર્ત સાહિત્ય

સાહિત્યમાં વિકસેલાં અતિવાસ્તવવાદ, ; ચેત:પ્રવાહની નિરૂપણ-રીતિ, 'ફેન્ટેસ્ટીક'ની નિરૂપણ-રીતિ એ સૌ મૂર્તતાની સામગ્રીને પોતપોતાની રીતે પસંદ કરે છે. પોતપોતાની આગવી રીતે એ સામગ્રીનો અંત:સંબંધ જોડે છે યા એ સામગ્રીના અંશોનો અન્વય, પોતપોતાની આગવી રીતે યોજે છે. અમૂર્ત કલા એ સાહિત્યની જેમ, ચિત્રકલા અને મૂર્તિકલાની પણ એક શૈલી છે જેનો આરંભ આ શતાબ્દીના આરંભમાં થયો. પિકાસો, જેકસન, પોલોક, આર્શિલ ગોર્કી, વેસિલી વગેરે એના પુરસ્કર્તાઓ.

સાહિત્યમાં વ્યંજનાને સર્જનાત્મક સાહિત્યનું એક ઈષ્ટ લક્ષણ ગણવામાં આવે છે. એ વ્યંજના પણ ઉપર કહી તે સર્જન-સામગ્રીના વિનિયોગ વિશેના સર્જકના અભિગમ પર આધારિત રહે છે. વ્યંજના માટે વધારે પડતા સભાન થઈને અભિવ્યક્તિ પરત્વે આચરેલી ઊનતાને વ્યંજનામાં ખપાવી શકાય નહીં. અભિવ્યક્તિ પોતે એક સ્વંયસંપૂર્ણ, સ્વયંપર્યાપ્ત પરિસ્થિતિ બની રહેવી જોઈએ, અને એના આધારમાંથી વ્યંજના સહજ રીતે પ્રગટવી જોઈએ. વ્યંજના અને સંદિગ્ધતા વચ્ચે ફરક છે. આવી જ કાળજી દુર્બોધતા પ્રત્યે રાખવી જોઈએ. દુર્બોધતાને ઘણીવાર સાપેક્ષ તત્ત્વ ગણવામાં આવે છે. ઉત્ક્રાન્તિના આગલા સોપાનેથી પ્રગટતા સાહિત્યને અવગત કરવાની જ્યારે બહુજન સમાજમાં ક્ષમતા નથી હોતી

ત્યારે અધકચરા પ્રત્યાયનથી દુર્બોધિતા ઉભી થાય છે. સર્જનની નવી ક્ષિતિજો અનુભાવનની પણ નવી ક્ષિતિજોને વિસ્તારે છે. ભાવયિત્રી પ્રતિભાનો ઉચ્ચાંક કારયિત્રી-સર્જયિત્રી પ્રતિભાને પણ ઉચ્ચાંક પ્રાપ્ત કરવાનો પડકાર ફેંકે છે. એટલે કોઈ એક સાહિત્ય સમાજમાં આ બંનેય પ્રવૃત્તિઓ એકબીજાની પૂરક, વિકાસક બનીને પાંગરતી રહે છે. પણ દુર્બોધતાનો બધો વાંક હંમેશાં ભાવકની અપૂરતી સજ્જતામાં નથી હોતો. સર્જક ક્યારેક પોતાના કલ્પનને અતિવૈયક્તિકતાની મર્યાદામાંથી બહાર કાઢી શકતો નથી. આથી કલ્પન પરત્વે ઈષ્ટ પ્રતિભાવો ભાવકમાં જન્માવી શકાતા નથી. સાધારણીકરણ પણ એક આવશ્યક વ્યાપાર છે. એ ન બને ત્યારે આ મર્યાદા આવી જાય. વળી, કાવ્યકૃતિ એક કલ્પન પર રચાયેલી હોઈ શકે છે પણ ઘણી કાવ્યકૃતિઓ એકાધિક કલ્પનની શ્રેણી પર રચાયેલી હોય છે. સમગ્ર કાવ્યનું કાવ્યત્વ આ શ્રેણીના અંકોડાઓના પૂર્વાપર સંબંધ, એ સંબંધમાં સચવાતી સુસંગતિ, કલ્પનોના વિનિયોગમાં રખાતું પ્રમાણભાન વગેરે પર નિર્ભર છે. કલ્પનો જુદાં જુદાં લેતાં આકર્ષક લાગે પણ તેમની અન્વિતિમાં કશું નિપજતું ન હોય એમ યોગ્ય અન્વિતિ સિધ્ધ ન થઈ શકવાથી પણ બની શકે. મૂર્તતાની પૂરી સામગ્રીના એકીકરણ છતાં એમાંથી ઊભું થતું કશુંક ધૂંધળું જ રહી જતું હોય એમ બને. કલાત્મક આસ્વાદ્ય આકારની નિર્મિત માટે થયેલો ઉપક્રમ આખરે વંધ્ય જ નિવડે. આકારની ભિન્ન ભિન્ન રેખાઓનો અવશેષ જ છેવટે નજરમાં તર્યા કરે એમ પણ બને. કાવ્યકૃતિ જેટલી જ આ વાત નવલિકા, નાટક જેવાં કથાત્મક સ્વરૂપો માટે પણ સાચી છે. એમાં ઘટના પછી ભલે એ સ્થૂલ-ભૌતિક પ્રકારની હોય યા માનસિક સૂક્ષ્મ પ્રકારની હોય-તેનું તત્ત્વ મૂર્તતાનું જ તત્ત્વ છે. એને માટે એટલે જ 'નિરૂપણ' શબ્દ પ્રયોજાય છે, પાત્રો એ પણ મૂર્ત તત્ત્વો છે. નાટકમાં તો ઘટના-પાત્ર-બોલાતા શબ્દોની સાથે સંગીત જેવા અન્ય શ્રાવ્ય સહવર્તી ઉપસ્કરણો તથા સન્નિવેશ, પ્રકાશનિયોજન જેવાં અન્ય દૃશ્ય સહવર્તી ઉપસ્કરણો યોજાય છે. આ બધીજ સામગ્રી એક વિશેષ સંયોજિત-સમન્વિત મૂર્તતા બનીને આપણી પાસે આવે છે, અને એમાં ઘટકોની અન્વિતિનો પ્રશ્ન અત્યારે નધુ નાજુક બન્યો છે. નવી શૈલીનાં નાટકો, નવી શૈલીની વાર્તાઓમાં અવગમનક્ષમ, તર્કસંગત, સળંગ-સુશ્લિષ્ટ ઘટકાન્વિત નથી દેખાતી તો તેમાં આપણે સર્જનનો દોષ ગણીશું! સર્જન જે ભૂમિકા પરથી પ્રગટ થતું હોય તે ભૂમિકા પરથી એને અવગત કરવાની ક્ષમતા જેને સિધ્ધ થયેલી હોય તેવાના જ અભિપ્રાયને એ બાબતમાં વજનદાર લેખી શકાય. એટલે અભિપ્રાય ઉચ્ચારતા પહેલાં વ્યક્તિએ પોતાની ભૂમિકાની સાવધતાપૂર્વકની એકવાર પરિત: ફેરતપાસ કરી લેવી જોઈએ.

કલા માત્ર મૂર્તતાની ઉપાસક છે, છતાં 'આર્ટ'ના ક્ષેત્રે જેમ 'એન્ટી આર્ટ', નોવેલના ક્ષેત્રે 'એન્ટી નોવેલ' જેવા પ્રથમ દૃષ્ટિએ વિચિત્ર લાગે તેવાં છતાં તત્ત્વમાં દૃષ્ટિવંત ને સત્વશીલ પ્રસ્થાનો થયાં છે તેમ 'કોન્ક્રીટનેસ'નો સ્વભાવ લઈને અવતરેલી 'આર્ટ', એબ્સ્ટ્રેક્ટ આર્ટની દિશામાં નવો વળાંક સાધે છે. ચિત્રક્ષેત્રે, શિલ્પક્ષેત્રે આ નવી પધ્ધતિએ માતબર પરિણામો આપ્યાં છે. કલાકારો આ પડકારને પણ પહોંચી વળ્યા છે. વસ્તુ જગતમાંની પદાર્થની પરિચિત સ્થૂલ આકૃતિના તાદશ્યનો 'લોપ' કરીને વા એ તાદશ્યનો બને તેટલો હ્રાસ કરીને એની કશીક અ-સ્થૂલ લાક્ષણિકતાને આકારિત કે મૂર્ત કરવાનો આમાં ઉપક્રમ છે. પક્ષીની આકૃતિને લેશમાત્ર ઉપસાવ્યા વિના કેવળ એના ઉડ્ડયનના લયને જ પ્રગટાવી આપનારી શિલ્પકૃતિ એનો જાણીતો નમૂનો છે. સાવ ધૂંધળા આકારોવાળી પશ્ચાદભૂ પર ખેંચાયેલી સ્પષ્ટ તીવ્ર રેખાઓ વાહનની આકૃતિની ગેરહાજરીમાં પણ વાહનના અતિવેગનું ભાન કરાવી શકે છે. કથાક્ષેત્રે સ્થૂલ ઘટનાક્રમનો હ્રાસ કરીને અવચેતનાના ગહનતર પ્રવાહોને શબ્દોમાં મૂર્ત કરવા મથતી આધુનિકોની પ્રવૃત્તિ, આ રીતે અમૂર્ત abstract તરફનું પગલું છે. પાત્રવિધાન કે ઘટનાનિરૂપણનો સમૂળગો ત્યાગ કરીને ગહનતમ આંતરસંચાલનોને ભાષામાં ભાતીગળ કલ્પનોની અંત:સુશ્લિષ્ટ સંકલના યોજીને આલેખી શકાય. વસ્તુજગતની ક્રિયા પ્રક્રિયાઓની સંવાદપટુ મન પર પડતી ગતિશીલ મુદ્રાના સંદર્ભમાં એ ક્રિયાપ્રક્રિયાઓનું તથા પરિવેશનું એ ક્રિયા-પ્રક્રિયાઓ અને એ પરિવેશનાં વાસ્તવિક પરિચિત નામરૂપોનો ખાસ કશો આશ્રય લીધા વિના આલેખન થાય તે abstract writing નું અભિધાન પામે.

x x x

## કુટુંબ-કથા

મારા દાદા અત્યારે જીવતા હોત તો ૧૪૫ સાલના હોત. તેઓ ખાસ કરીને ભક્તકવિ દયારામના અનુયાયી નહીં પણ એમની ભક્તિ-કવિતાના ખાસ ચાહક હતા. દયારામભાઇની ચાતુરીયુક્ત ભક્તિ-કવિતાને પણ એ વાચ્યાર્થમાં જ સમજે. દા. ત. 'શ્યામરંગ' ભક્તિ કવિતા. એમાં કૃષ્ણથી રીસાયેલી રાધા કૃષ્ણનો રંગ શ્યામ હોવાને કારણે, દુનિયાની બધી જ શ્યામ વસ્તુઓનો બહિષ્કાર પોકારે છે. એ કહે છે :

'શ્યામ રંગ સમીપે ન જાવું
મારે આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું'

એ પછી એ શ્યામ રંગની લાંબી લચક યાદી આપે છે. કસ્તુરીની કદી બિંદી કરું નહીં, આંખમાં કાજળ અંજાવું નહીં, કોકિલાનો શબ્દ સાંભળું નહીં, શકનમાં કાગવાણી લાવું નહીં, નીલાંબર કાળી કંશુકી પહેરું નહીં, જમનાના નીરમાં કદાપિ સ્નાન ન કરું. મેઘનો મસ્તકમણિ દૃષ્ટિએ ન લાવું, ને જાંબુવંત્યાક ખાવાની બાધા...મતલબ કે બધી જ કાળી વસ્તુઓમાં એને કપટનો ભાસ થાય છે...એટલે સર્વ વર્જ્ય. રીસાયેલી રાધા આવો નીમ તો લે છે પણ

'મન કહે જે પલક'ના નિભાવું'.

પણ મારા દાદાએ, અમારી વાડીમાં જાંબુવંત્યાક હોવા છતાં પણ એ કદાપિ ન ખાવાનો 'નીમ' નિભાવેલો. પિતાજીએ દાદાને જ્યારે એ કાવ્યનો લક્ષ્યાર્થ કહ્યો ત્યારે પણ દાદા તો કહે:-

'કવિ કોઈ દિવસ ખોટું ન લખે.' મારા દાદાના ભોળપણ પર હસવું આવે છે ને 'નીમ' પર થોડોક ગર્વ થાય છે !

મારા પિતાજી દાદાના એકમાત્ર દીકરા એટલે ચૌદમે વર્ષે નિશાળ છોડાવી ખેતીમાં જોતર્યા. ૮૮મા વર્ષે ગુજરી ગયા ત્યાં સુધી-એટલે કે ખાસ્સાં ૭૪ વર્ષ સુધી તેઓ જમીન પર બાંધેલા ઘરમાં જ રહ્યા. ૧૯૭૫માં એ ગુજરી ગયા ત્યારે હું ૬૦ વર્ષનો હતો. મેં એમને કોઈ દિવસ પથારીવશ જોયા નથી. એમના ડૉક્ટર દીકરાની કોઈ દિવસ દવા ખાધી નથી. વડોદરાથી પ્રતિમાસ એમની ખબર લેવા હું મારે વતન ડભોડા (જિ. ગાંધીનગર) જતો હતો. ૮૫મા વર્ષે એમણે મને

કહ્યું: 'ભાઈ ! હવે ખાધેલું પચતું નથી...કોઈ વૈદ્યની દવા હોય તો લઉં.'

મેં ગુજરાત ખ્યાત મારા ફેમિલી-વૈદ્ય ને પરમ સ્નેહી શ્રી મણિભાઈ બ્રહ્મભટ્ટને વાત કરી. એમણે અશ્વગંધારિષ્ટની ભલામણ કરી. ઝંડુમાંથી ખરીદીને હું પિતાજીને આપી આવ્યો. બીજે મહિને ગયો તો કહે: 'ભાઈ ! આનાથી મને બહુ ફાયદો થયો. બને તો બીજી લાવજે.' મેં હા ભણી. ખાલી શીશીનું લેબલ વાંચ્યું તો 'અશ્વગંધારિષ્ટ'નું નહીં પણ કુમાર્યાસવનું હતું...જે સ્ત્રીઓના લોહીવા રોગમાં કામમાં આવે. મને ખૂબ હસવું આવ્યું ને મારી બેદરકારી માટે પસ્તાવો પણ થયો. લેબલ વાંચ્યા વિના હું શીશી ખરીદી લાવ્યો... આપનારનીય ગફલત...પણ મારીય ચોક્કસાઇમાં ન્યૂનતા. પટલાણીઓના એક સરખા ગવનની જેમ બધીય શીશીઓનાં લેબલ પણ એકસરખાં ! મને આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે કુમાર્યાસવે અશ્વગંધારિષ્ટનું કામ શી રીતે કર્યું ? કે આ શ્રેય મારા પિતાજીની પાચનશક્તિને આપવું જોઇએ ? ન જાને. ૮૦ સાલના મારા પિતાજી હીંચકે બેસીને મીરાંનું પેલું અતિ જાણીતું ભજન-'જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું, મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું'-ગાતા હતા ને મારો ત્રીસેક સાલનો દીકરો ચિત્ર ચીતરતાં ચીતરતાં એ ભજન સાંભળતો હતો. ભજન આગળ ચાલ્યું ને આ પંક્તિઓ આવી:-

'તારે ને મારે હંસા ! પ્રીત્યુ બંધાણી રે'

ને તાકડે, અમારા ઘર આગળથી, અમારા ઘર નજીક રહેતી, મહારાણી ગર્લ્સ હાઇસ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતી, મારા મિત્ર શ્રી સી. સી. પટેલની દીકરી નામ હંસા નીકળી...એને જોઇને મારા દીકરાએ એના દાદાને કહ્યું:-દાદા ! માર ખાવો છે ?

દાદા કહે : 'કેમ ?'

પૌત્ર કહે : 'હમણાં તમે શું ગાતા હતા ? 'તારે ને મારે હંસા પ્રીત્યુ બંધાણી રે' એવું ગાતા હતા ને ?...જુઓ, પેલી હંસા જાય. સાંભળશે તો તમારું આવી બન્યું સમજો.'

દાદા કહે : 'આપણે ક્યાં એ દેહધારી હંસાને કહીએ છીએ ? આપણે તો હંસા કહેતાં આપણા પ્રાણ...આપણા આત્માને કહીએ છીએ.'

મારા દાદા સાથે મારાથી આવી છૂટ, સ્વપ્ને પણ ન લેવાય !

વાત છે સને ૧૯૫૭ની જ્યારે હું નડિયાદની સી. બી. પટેલ આર્ટસ કૉલેજમાં ગુજરાતી ભાષા સાહિત્યનો પ્રોફેસર-અધ્યક્ષ અને વાઇસ પ્રિન્સીપાલ હતો. ૭૦ સાલના મારા પિતાજી ગામડેથી પંદરેક દિવસ માટે રહેવા મારે ત્યાં આવેલા. મારા ત્રણ સંતાનો સાથે તેઓ નાસ્તો કરી રહ્યા હતા. મોટો દીકરો ૧૧ સાલનો, નાનો સાતનો ને દીકરી ચાર સાલની. નાસ્તામાં પંખીઓના ને પ્રાણીઓના આકારનાં બિસ્કીટ હતાં. ખાતાં ખાતાં મોટો દીકરો રસિક કહે: 'મેં ચાર હાથી ખાધા.' નાનો દીકરો રમેશ કહે: 'મેં પાંચ સસલાં ખાધાં', બેબી રંજના કહે: 'મેં ત્રણ પોપટ ખાધાં'. મારા ખિન્ન પિતાજી આ બધું મૂકપણે સાંભળી રહ્યા હતા. નાસ્તાનું પતી ગયા બાદ મારી પાસે આવી કહે: 'તમે પ્રોફેસર થયા પણ છોકરાઓના સંસ્કારની બાબતમાં શું ધ્યાન આપો છો ?' મેં કારણ પૂછ્યું તો કહે : 'નાસ્તો કરતાં કરતાં ત્રણેય સંતાનો હાથી, સસલાં, પોપટ ખાધાની વાત કરતાં હતાં. તમારા મનમાં એમ જાણે, પણ તમો એ નથી જાણતા કે એમના પર કેવા સંસ્કાર પડે ? ભલે બાલકો નિર્દોષ ભાવે બોલતાં હોય પણ ચિત્તમાં ઊંડા સંસ્કાર તો પડવાના જ. વળી બિસ્કીટ મેંદાનાં, જતે દિવસે આંતરડાં બગાડે...એના કરતાં રોટલો-રોટલી-ભાખરી-પરોઠાં શું ખોટાં ?' વિચાર કરતાં મને મારા પિતાજીની વાત સર્વથા સાચી લાગી. મેં એમને કહ્યું: 'પિતાજી ! હવે ભવિષ્યમાં તમારી વાત ખ્યાલમાં રાખીશ.'

લગભગ સાડા ચાર દાયકાથી મને એક ટેવ છે : સાંજના પાંચના સુમારે ચોકમાં ખાટલો ઢાળીને સૂતાં સૂતાં વાંચવાની ટેવ. એકવાર સને ૧૯૭૩માં હું આ રીતે વાંચી રહ્યો હતો-મારી જમણી બાજુની ઓટલી પર મારો નાનો દીકરો ચિત્રો ચીતરતો હતો ને ડાબી બાજુની ઓટલી પર મારી પુત્રવધૂ એના દોઢેક સાલના પુત્ર સાથે બેસીને તુવેરની શીંગો ફોલતી હતી.

કોણ જાણે પુત્રવધૂને શું સૂઝ્યું કે તેના પતિને ઉદ્દેશીને કહેવા લાગી: 'હવે એ ચિતરવાનું કામ પછીથી નિરાંતે કરજો. અત્યારે પપ્પાના પગ દબાવો' મારા દીકરાએ સાંભળ્યું-ન સાંભળ્યું કર્યું...એટલે ફરીવાર એણે ઊંચે સાદે કહ્યું:

'આ હું પપ્પા માટે કે મારા કોઈ સ્વાર્થ કાજે નથી કહેતી...પણ તમારા ભલા માટે કહું છું. તમારો આ નાનકો તમને તમારા પિતાના પગ દબાવતો જોશે તો ભવિષ્યમાં એ પણ તમારા પગ દબાવશે.'

મારા પગ દુ:ખતા નહોતા...મેં એ માટે કોઇને કશું કહ્યું નહોતું...ઘણીવાર દીકરી કે પુત્ર-વધૂ સ્વેચ્છાપૂર્વક પગ દબાવવાનું કહે પણ મને એની ક્યારેય જરૂર જણાઈ નથી. એકવાર મારી દીકરીએ એના દાદાના પગ દબાવવા માટે ઇચ્છા જાહેર કરી તો મારા પિતાજી કહે: 'મારા પગ દુ:ખતા નથી, દુ:ખતા હોય તો તારા પપ્પાના પગ દબાવ.'

આ ભાવના અને 'સ્પીરીટ' મને ગમે છે.

❖❖❖

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે, શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી, આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા મંગળવાર તા. ૩-૯-૨૦૦૨ થી મંગળવાર ૧૦-૯-૨૦૦૨ સુધી એમ આઠ દિવસ માટે રોજ સવારે પાટકર હૉલ (ન્યૂ મરીન લાઈન્સ)માં યોજવામાં આવશે. એનો વિગતવાર કાર્યક્રમ 'પ્રબુદ્ધ જીવન'ના ઓગસ્ટ ૨૦૦૨ના અંકમાં છપાશે.

આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારની સંસ્થા **સેવામંડળ, મેઘરજ**ને આર્થિક સહાય કરવાનું સંઘની કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે ઠરાવ્યું છે.

☐ **મંત્રીઓ**

# વૈશાખી બપોરની વેળા

□ ડૉ. ગુલાબ દેઢિયા

પડછાયા રોજ બપોરે ઉદ્‌ભવસ્થાને પાછા ફરે છે. વૈશાખના બપોર જુદા છે. આજે મન પડછાયાની જેમ માયા સંકેલીને ફરી ચરીને પાછું આવી ગયું છે.

શરીર બધી ઋતુઓના થોડાઘણા પ્રભાવ ઝીલે છે. ઈંદ્રિયો અને મન પણ પ્રભાવિત થાય છે. આ મધ્યાહ્‌ને સઘળું સૂરજની આણ હેઠળ છે. દિશાઓ કોલાહલ તજી દે છે. નજર પહોંચે ત્યાં સુધી ચિત્રવત નીરવતા છે. ઈંદ્રિયો દૂતીકર્મ છોડી બેઠી છે. બધે દોડી જતું મન નિસ્તબ્ધતાના ઘેરામાં છે. શરીર આવરણ ઓછાં કરે છે. આઘાત-પ્રત્યાઘાતને આઘાં કરી મન નિરાવરણ થયું છે.

વરસીદાનના વરઘોડામાં નીકળેલા ભાવદીક્ષિતની જેમ સૂર્ય છૂટે હાથે ઉષ્ણતાની લ્હાણી કરે છે. તાપ અને તપ સરખાં લાગે છે. ગગન તેજથી તગતગે છે. ધરતીને માતા કેમ કહી હશે તે સમજાય છે.

ઉનાળાની બપોર મને મારાપણાની જાણ કરે છે. મને મુખામુખ કરી દે છે. બધું થંભી ગયેલું ભાસે છે. તેથી જ રાગી મન રાગ છોડી એકલું પડે છે. મનને સ્વગૃહે એકલું જોવું એ એક વિલક્ષણ અનુભવ છે.

ઈંદ્રિયોએ લાલચ છોડવી પડે એવી ઘટ્ટ શાંતિ છે. તપ્ત ધરતી અને લહેરાતાં મૃગજળ મનની આસક્તિને છોતરાંની જેમ ઉખેડી નાખે છે. પોતાના શ્વાસનો રવ અનુભવાય એવી નીરવતા છે. ચારે બાજુની નીરવતા મનને વિચારોથી છલકાવી દે છે.

પશુ, પંખી, જન સૌ ક્યાંક લપાઈ ગયાં છે. મેદાનને અનિમેષ નજરે જોઈ રહું છું. વસ્તુઓ દૂરની લાગે છે. રોજની સૃષ્ટિ રંગહીન લાગે છે. બીડમાં ક્યાંક ઝાંખરાં જાતને ટકાવી ઊભાં છે તો ખેડેલાં ખેતર વધુ મોટાં ખાલીખમ દેખાય છે.

શરીર તો તાપને તાનાશાહ કહેવા જાય છે. પણ એ ક્રૂર નથી. એ જ વરસાદ લાવશે. તાપમાં નેવાંરવ સાંભળવા મથું પણ મન હજી એટલું ભાગ્યશાળી નથી. તાપ ડાળી પરના ફૂલને સૂકવી નથી શકતો અને બેફિકર પતંગિયાને રોકી નથી શકતો.

મન વિચારોના પડાવમાં જઈ પહોંચે છે. આંખો જોતી છતાં નથી જોતી. દૃશ્યોમાંથી નજર માત્ર પસાર થતી લાગે છે. શેરીમાં છાંયડો શોધતી એકલદોકલ ગાયની જેમ હું મને શોધું છું. વડ નીચે બેઠેલું ધણ વાગોળે છે. અધમીંચાયેલી આંખો વડે એ ગાયો શું જોતી હશે ! વાગોળવાની વિલંબિત ગતિનો મધ્યાહ્‌ન સાથે બરોબરનો મેળ જામે છે.

વિચારોના તાર જરાક લંબાઈને તૂટે છે. એક વિચાર પરથી બીજા પર કૂદી જવાનું મન માટે શક્ય નથી બનતું. જંપી ગયેલાં સ્વજનો અને ઘરનો અસબાબ દૂરનાં લાગે છે. એકલતા એ વાસ્તવિકતા છે. જીવને એ તીવ્ર લાગણી પ્રબોધે છે. રખડુ છોકરા જેવા મનને સ્વગૃહે રહેવું અકારું લાગે છે. વૈશાખી બપોરનો પ્રતાપ ધાર્યું કરાવે છે. લૂની લપડાક પછી લહેરખીનો મૃદુ સ્પર્શ શરીરને તાવે છે.

હવાને તો અણસાર વહેલો મળી ગયો હશે. વંટોળ ઓચિંતો આવ્યો હોય એમ મને લાગે છે. શેરીનાં સૂકાં પાંદડાં, પીળાં પડી ગયેલાં બરડ કાગળના ટુકડા અને કચરાને બાંય પકડીને ઉપાડે છે. ઊંચે ચડાવે છે, ગોળ ગોળ ફેરવે છે. ફંગોળે છે. થોડી વારમાં શેરીના ખૂણે નિરાધાર ધૂળ અને કચરો હાંફતાં હાંફતાં બેસે છે. આંખો વંટોળની ચક્રાકાર ગતિને જુએ છે. હું અનાયાસ હાથ ટેકવીને બેસી રહું છું. વંટોળનો ભાગ હોઉં એમ વિચારું છું. વંટોળ તો ક્યાંય પહોંચી ગયો છે.

તપ્ત સડક પર મૃગજળ તરોતાજાં ઊભાં છે. મારી અને ઝાંઝવા વચ્ચે હમેશા સરખું અંતર રહ્યું છે. હું એમની નજીક જાઉં તો એ માફકસરનું અંતર રાખી દૂર રહે છે. દૂર જાઉં તો નજીક આવે છે. મૃગજળનો હાથ દોસ્તી માટે લંબાયેલો દેખાય છે. હું મારી હથેળીમાં જોઉં છું. હસ્તરેખાઓ તરલ લાગે છે. ઉનાળો એકલતાને સભરતા આપે છે. અંજલિમાં સમાય એટલો અભાવ મનભાવન લાગે છે. કોકિલનો ટહુકો મૃગજળમાં ઘોળી શકું તો ઉનાળાનો કસુંબો બરોબરનો રંગ પકડે.

સૂમસામ રસ્તાઓ પર 'કુલ્ફી...મલાઈ'ની બૂમ સંભળાય છે. આઈસ્ક્રીમવાળો સાઈકલની ઘંટડી વગાડે છે. મનને હવે જરાક આધાર મળે છે. તે બચપણ સુધી પહોંચી જાય છે. સાઈકલ પર લંબચોરસ પેટી બાંધેલી છે. બે ખાનાં છે. એકમાં દૂધવાળી કુલ્ફી છે દશકાવાળી. બીજા ખાનામાં પાંચ પૈસાવાળી સાદી કુલ્ફી છે. લાલ, કેસરી કે લીલો રંગ પણ હવે તો દેખાય છે. ઉનાળાના તપ સામે આઈસ્ક્રીમવાળાએ કદી ફરિયાદ નથી કરી. કળશિયો ભરીને પાણી તે એકધારે ગટગટાવી જાય છે. હું એના ગળાની હલચલને જોઉં છું. આજે એ દૃશ્યના જૂના અર્થ બદલાઈ ગયેલા લાગે છે. બધી ઠંડક એની પેટીમાં લપાઈને બેઠી છે.

મન વર્ષોથી એકત્ર કરેલાં ગ્રીષ્મનાં તપ્ત પૃષ્ઠોને ઉકેલે છે. માટલીમાંથી ઝમતા બિન્દુનો મંદ ધ્વનિ મનને શાતા દે છે. અભરખા અને વ્યગ્રતામાંથી પોતાની ભાગીદારી કમી કરતું મન નિજાનંદી લાગે છે. આજે એને કોઈ ઉતાવળ નથી. તડકો ખસતો નથી. મન પણ પગ વાળીને બેઠું છે. અભાવ અને ડંખ ખરી પડે છે ત્યારે કસીને બાંધેલો પાટો છૂટ્યા જેવી નિરાંતની લાગણી થાય છે. મનને કૌતુક થાય છે કે આ એકલતા પણ આવી ભરભરી ભરપૂર હોય છે શું !

નાક અને હોઠ પણ આંગળી દબાવીને ઈંદ્રિયો મૌન ધારણ કરીને બેઠી છે. નીરવતા એવી છે કે કીડીના પગના ઝાંઝર સંભળાય તો નવાઈ નહિ.

ગગન સરોવરમાં સમડીઓ તરતી દેખાય છે. બચપણમાં એવું સાંભળેલું કે એ ઊડતી સમડીનો પડછાયો પડે ત્યાંથી ધૂળ ઉપાડી લઈએ તો તે ધૂળ સોનું બની જાય. ન પડછાયો સ્થિર રહે ન સોનું બને. છતાં એ કલ્પનાનું સુવર્ણ ગુમાવવા જેવું નથી. મન સમડીની જેમ ઊંચે ઊડે છે. જેટલી તપ્ત લૂ નીચે છે એટલી ઊંચે નથી. પાંખ ફફડાવવાની પણ જરૂર નથી.

વૈશાખી બપોર સ્થૂળતા ઓગળવાની વેળ છે, ગૃહાગમનની વેળ છે. નિરાલંબ થવાની વેળ છે. એકલતાનો સંગ કરવાની વેળ છે. મનને નમન કરવાની વેળ છે. મનગમતી કંકોતરી લખવાની વેળ છે. કોલાહલ શમ્યા છે અને આસપાસની સૃષ્ટિ નવી લાગે છે. વૈશાખી બપોર મને તાવે છે છતાં ગમે છે. નીરવતાની મુખામુખ થવાની વેળા છે.

❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ • મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ • પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૭ ● જુલાઈ, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અન્નદાન

પર્યુષણ પર્વના દિવસો હવે નજીક આવી રહ્યા છે. આ પર્વ દરમિયાન ભારતમાં અને ભારત બહાર ચારે ફિરકાના અનેક જૈનો નાની મોટી ઘણી તપશ્ચર્યા કરશે. જૈનોનો એક ઉપવાસ એટલે લગભગ છત્રીસ કલાક અન્નનો એક દાણો પણ મોઢામાં નાખવાનો નહિ. કેટલાક તો પાણીનું ટીપું પણ પીએ નહિ. વળી રાત્રિ દરમિયાન અન્ન કે પાણી કશું જ લેવાનું નહિ. જૈનોમાં અઠ્ઠાઈ, માસખમણ વગેરે જેવી તપશ્ચર્યા થાય છે એવી દુનિયામાં અન્ય કોઈ ધર્મમાં થતી નથી. કેટલાક એને માત્ર ક્રિયાકાંડ તરીકે ખપાવશે, પરંતુ એ સર્વથા સાચું નથી. વળી એવી તપશ્ચર્યા કરવાનું સરળ નથી. આ પર્વ દરમિયાન એક, બે, ત્રણ, ચાર, આઠ કે સોળ દિવસના ઘણા ઉપવાસ થશે. પર્વના આઠે આઠ દિવસના ઉપવાસ, અઠ્ઠાઈની તપશ્ચર્યાઓ તો ઠેર ઠેર ઘણી બધી પ્રતિવર્ષ થાય છે. કેટલાક તો એક મહિનાના ઉપવાસ એટલે કે માસખમણ કરે છે. કોઈક એથી પણ આગળ વધે છે. પર્યુષણ પર્વમાં ઠેર ઠેર તપનો માહોલ સર્જાય છે. નાનાં બાળકો પણ ઉલ્લાસથી એમાં જોડાય છે.

પર્યુષણ પર્વ ઉપરાંત અન્ય દિવસોમાં પણ આયંબિલની ઓળી, વરસીતપ, તથા અન્ય પ્રકારનાં ઘણાં તપ થાય છે. જૈનોમાં એ રીતે ઉપવાસાદિ પ્રકારની તપશ્ચર્યા આખું વર્ષ ચાલ્યા કરે છે. ઘણા લોકો ભાવપૂર્વક સાચી તપશ્ચર્યા કરે છે. એ બધી જ જડ ક્રિયા છે એવો પૂર્વગ્રહ ન રાખવો જોઈએ.

એક ફક્ત પર્યુષણ પર્વનો વિચાર કરીએ તો ગામેગામ કેટલી બધી ઉપવાસાદિની તપશ્ચર્યા થાય છે. અન્ય રીતે, બીજા એક દૃષ્ટિબિન્દુથી કહેવું હોય તો કહેવાય કે જૈનો દ્વારા કેટલા બધા અનાજની બચત આ દિવસો દરમિયાન થાય છે.

પરંતુ અનાજની થયેલી આ બચત બચત તરીકે ઘરમાં ન રહેવી જોઈએ. પોતાનું બચેલું અનાજ જરૂરિયાતમંદ લોકોને આપી દેવું જોઇએ. એમ કરીએ તો જ તપશ્ચર્યાનો હેતુ પરિપૂર્ણ થાય.

અમારા વડીલ અને દિવાળીબહેન મો. મહેતા ટ્રસ્ટના સૂત્રધાર શ્રી મફતલાલ મહેતા (શ્રી મફતકાકા) આ પ્રકારનું અન્નદાન કરવા પર ઘણો ભાર મૂકે છે. તેઓ પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજનો આધાર આપીને આ વસ્તુ સમજાવે છે. સ્વ. પૂ. ઉજ્વળકુમારી મહાસતીજી તો ઉપવાસ વગેરેનું શ્રાવક-શ્રાવિકાને પચ્ચખ્ખાણ આપતી વખતે આવા અન્નદાનની શરત રાખતા.

જૈનો અન્ય પ્રસંગે ઘણું દાન આપે છે એ વિશે બેમત નથી. દુષ્કાળના દિવસોમાં ઢોરોને ચારો અને મનુષ્યોને અનાજ આપવાની દાનપ્રવૃત્તિમાં જૈનો મોખરે હોય છે. ઇતિહાસમાં પણ જગડુશા વગેરેએ દુકાળના દિવસોમાં પોતાના અન્નભંડાર ખુલ્લા મૂકી દીધાના સ્મરણીય પ્રસંગો નોંધાયા છે. આમ પણ વારતહેવારે જૈનો તરફથી અનુકંપાદાન તથા સાધર્મિક-વાત્સલ્યના અવસરો જોવા મળે છે. એટલે જૈનો તરફથી અનાજરાહત, અન્નદાન ઈત્યાદિની પ્રવૃત્તિ સતત ચાલતી જ રહે છે. અન્ય ધર્મોમાં પણ ઉપવાસાદિ તપશ્ચર્યા થાય છે. વૈષ્ણવોમાં એકાદશીનો ઉપવાસ થાય છે અને પોતાનું તે દિવસનું બચેલું અનાજ દાનમાં દેવાનો મહિમા છે. જ્યાં અનેક લોકો ભૂખે મરતા હોય ત્યાં આ એક શુભ નિમિત્તે અન્નદાનની વધુ પ્રવૃત્તિ થાય તે અત્યંત ઈષ્ટ છે. તપશ્ચર્યા નિમિત્તે એટલું વધુ અન્નદાન થવું જરૂરી છે.

વળી સામાજિક દૃષ્ટિએ પણ એમ કરવું જરૂરી છે. એમ થાય તો જ સમાજમાં સમતુલા જળવાય અને સંવાદિતા સ્થપાયેલી રહે. રશિયામાં ઝારના વખતમાં જ્યારે એક બાજુ શ્રીમંતોની મિજબાનીઓના એંઠવાડના ઢગલા થતા હતા ત્યારે બીજી બાજુ અનેક ગરીબ લોકો ભૂખે ટળવળતા હતા. એથી ત્યાં લોહિયાળ ક્રાન્તિ થઈ. મિજબાનીઓ માણનાર શ્રીમંતોને, ઉમરાવોને વીણી વીણીને મારી નાખવામાં આવ્યા હતા. ભૂખ્યો માણસ શું પાપ ન કરે એ કહી શકાય નહિ. કવિ ઉમાશંકર જોશીએ લખ્યું છે:

> ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
> ખંડેરની ભસ્મકણી ન લાધશે.

એટલે જ 'ખવડાવીને ખાઓ' એ ભારતીય સંસ્કૃતિનો આદર્શ રહ્યો છે. ભારતીય પ્રજામાં માત્ર મનુષ્ય જ નહિ પશુપક્ષીઓને પણ ખવડાવવાની ભાવના રહેલી છે. કબૂતરને જુવાર, કૂતરાને રોટલો, ગાયને ઘાસ આપવાના સંસ્કાર બાળપણથી જ પડે છે. એટલે અન્નદાનની પ્રવૃત્તિ ભારતના લોકોમાં લોહીમાં વણાયેલી છે.

વાચક ઉમાસ્વાતિએ દાનની વ્યાખ્યા આપી છે:

अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ।

પોતાની વસ્તુનો બીજાના ભલા માટે ત્યાગ કરવો તે દાન. પરંતુ પોતાની ત્યજેલી વસ્તુ પોતાના હાથે બીજાને પહોંચવી જોઈએ તો જ તે દાનમાં પરિણમે. કોઈ પોતાની ચીજવસ્તુ ક્યાંક ભૂલી જાય, પડી જાય, ચોરાઈ જાય અને જેને મળે તેને લાભ થાય. અલબત્ત એમાં પોતાની

વસ્તુનો ત્યાગ થયો છે અને બીજાને લાભ થયો છે, પણ એ સ્વહસ્તે ભાવપૂર્વક બીજાને અપાઈ નથી એટલે એને દાન ન કહી શકાય. તપશ્ચર્યામાં માણસ અન્નનો ત્યાગ કરે છે, પણ તેથી તે અન્નદાન કરે છે એમ નહિ કહી શકાય. પોતે જે અન્નનો ત્યાગ કર્યો છે તે અન્ન સ્વહસ્તે ભાવપૂર્વક બીજાને અપાય તો જ તે દાન કહેવાય. આવી રીતે અન્નદાન થવું જોઈએ.

શાસ્ત્રકારોએ નવ પ્રકારનાં પુણ્ય ગણાવ્યાં છે : અન્ન, જળ, વસ્ત્ર, વસતિ (આશ્રય), ઉપકરણ, મન, વચન, કાયા અને નમસ્કાર. આ નવ પુણ્ય જુદી જુદી રીતે પણ ગણાવાય છે, તો પણ એમાં પ્રથમ પુણ્ય તે અન્નપુણ્ય છે. માણસે માત્ર પોતાના આહારનો જ વિચાર ન કરતાં, પોતાની આસપાસના માણસોએ આહાર કર્યો છે કે નહિ એની પણ ખેવના રાખવી જોઈએ અને જરૂરિયાતવાળાને અન્ન-આહાર મળી રહે એ માટે વિચારવું જોઈએ અને મદદ કરવી જોઈએ.

અન્ન, જળ, વસ્ત્ર, વસતિ અને ઔષધિ એ જીવનની પાંચ મુખ્ય આવશ્યકતાઓ છે. એમાં માણસ શરીર સાચવે અને માંદો ન પડે તો એનું જીવન એટલો વખત ઔષધિ વગર નભી શકે છે. માણસને વસતિ અર્થાત્ રહેઠાણ ન મળે તો એ ખુલ્લામાં, ફૂટપાથ પર સૂઈને જીવી શકે છે. માણસને શરીર ઢાંકવા, ટાઢ વગેરેથી બચવા માટે વસ્ત્રની જરૂર રહે છે પણ ઓછામાં ઓછા વસ્ત્રથી, એ ઘણો કાળ ચલાવી શકે છે. દિગંબર મુનિઓ તો જીવનના અંત સુધી વસ્ત્ર વગર પોતાના જીવનને ટકાવે છે. આમ, ઔષધિ, વસતિ અને વસ્ત્ર વગર જીવનનું અસ્તિત્વ કેટલોક કાળ ટકી શકે છે, પરંતુ આહાર વગર, અન્નપાણી વગર માણસ વધુ દિવસ જીવી શકતો નથી. એટલે પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે જીવને મુખ્યપણે અન્નની એટલે કે આહારની જરૂર રહે છે.

સમસ્ત જીવરાશિની સૌથી મુખ્ય અને મહત્ત્વની પ્રવૃત્તિ તે આહાર ગ્રહણની છે. એટલે આહાર મેળવવા માટેની પ્રવૃત્તિ એને કરવી પડે છે. ફક્ત મનુષ્યોનો વિચાર કરીએ તો પણ દુનિયાની ચાર-પાંચ અબજ જેટલી વસતિને રોજેરોજ બે, ત્રણ કે ચાર ટંક આહારની જરૂર પડે છે. દુનિયામાં રોજેરોજ કેટલું બધું અન્ન વપરાય છે ! એક જ ઠેકાણે એ એકત્ર કરવામાં આવે તો મોટો પર્વત થાય! ઘણાખરા માણસો, કુટુંબો ઉદ્યમ કરી, ધનોપાર્જન કરી પોતાના આહારની જોગવાઈ પોતે કરી લે છે. આમ છતાં અવિકસિત કે અલ્પવિકસિત દેશોમાં, દૂર દૂરનાં ગામડાંઓમાં, જ્યાં અનાજ ઊગતું નથી એવા પ્રદેશોમાં માણસોને પોષણરહિત ખોરાકથી પોતાનું જીવન જેમ તેમ ટકાવવું પડે છે. કેટલાયે એવા લોકો અકાળે મૃત્યુને શરણ થઈ જાય છે. આફ્રિકામાં ઈથિયોપિયા વગેરે કેટલાક દેશોમાં અનાજ ખાસ ઊગતું નથી ત્યાં વખતોવખત મોટી સંખ્યામાં માણસો ભૂખથી મૃત્યુ પામે છે.

દુનિયા હવે એટલી નાની થતી ગઈ છે અને વાહનવ્યવહારનાં સાધનો એટલાં વધી ગયાં છે કે એક પ્રજાને માથે આવી પડેલી આપત્તિ હવે માત્ર સ્થાનિક આપત્તિ ન બની રહેતાં સમગ્ર વિશ્વની ચિંતાનો વિષય બની જાય છે. દુકાળ, ધરતીકંપ, રેલ, રોગચાળો, યુદ્ધ ઇત્યાદિ પ્રસંગે આખી દુનિયામાંથી સહાય આવી પહોંચે છે. આજથી સૈકા પહેલાં ગુજરાતના દુકાળ વખતે સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીએ અમેરિકાથી સ્ટીમર ભરીને મકાઈ મોકલવા માટે ત્યાંના લોકોને અનુરોધ કર્યો હતો અને એ પ્રમાણે અનાજ ભારત આવી પહોંચ્યું હતું. વિશ્વનાં રાષ્ટ્રો હવે એટલાં બધા સજાગ થઈ ગયા છે કે દુનિયામાં દુકાળની પરિસ્થિતિ ઉપસ્થિત થાય તો તેને પહોંચી વળવા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રયાસો થાય છે.

ગણિતની દૃષ્ટિએ જોઈએ તો ધરતીમાં કુલ જે અનાજ ઊગે છે તે એટલા વિપુલ પ્રમાણમાં હોય છે કે સમગ્ર વિશ્વના લોકોને પૂરું પાડવા છતાં તે વધે. માત્ર એની વહેંચણીની વ્યવસ્થા બરાબર હોવી જોઈએ. એટલે જ આપત્તિ વખતે એક દેશ બીજા દેશને સહાય કરી શકે છે.

દરેક માણસને પોતાની કમાણી દ્વારા પોતાની ઈચ્છા અને રુચિ અનુસાર પોતાનો આહાર મળી રહે એવી સ્થિતિ અન્નની બાબતમાં આદર્શ ગણાય. પરંતુ અન્નને માટે માણસને બીજાની આગળ હાથ લાંબો ન કરવો પડે એવી સ્થિતિનું નિર્માણ ઘણું કઠિન છે. કોઈ નાના સમાજ માટે એ બની શકે અને તે પણ મર્યાદિત કાળ માટે, પણ સમસ્ત માનવજાત માટે સદાકાળ એ શક્ય નથી. યુદ્ધ, દુકાળ વગેરે કુદરતી આપત્તિઓ, નબળી અર્થવ્યવસ્થા ઈત્યાદિ પણ એમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સમૃદ્ધ દેશોની વાત જુદી છે, પણ પછાત દેશોમાં ભૂખ્યા સૂઈ રહેનારા લોકોની સંખ્યા આજે પણ ઓછી નથી.

આહારસંજ્ઞા જીવને અનાદિ કાળથી વળગેલી છે. આહાર એજ અસ્તિત્વ છે. જૈન ધર્મ પ્રમાણે જીવ જ્યારે મૃત્યુ પામે છે અને એક દેહ છોડી બીજો દેહ ધારણ કરે છે ત્યારે પણ એનો આત્મા કાર્મણ શરીર અને તેજસ શરીર સાથે લઈને જાય છે. આ તેજસ શરીર તરત આહાર ગ્રહણની સૂક્ષ્મ ક્રિયા ચાલુ કરી દે છે. એટલે તેજસ શરીરને ભઠ્ઠી તરીકે ઓળખાવવામાં આવે છે કે જે સતત આહાર માગે છે. આથી જ સંસારનું અસ્તિત્વ અન્નના આધારે છે. તૈત્તિરીય ઉપનિષદમાં અન્નને બ્રહ્મ તરીકે ઓળખાવ્યું છે : अन्नं ब्रह्मेति व्यजानात् । વળી ઐતિરીય ઉપનિષદમાં કહ્યું છે : अन्नं हि प्राणा: । અન્નના આધારે જ બાળક મોટું થાય છે, યુવાન થાય છે અને અન્નના આધારે જ પ્રજાતંતુ ચાલ્યા કરે છે. अन्नाद् भूतानि जायन्ते । વળી અન્નથી જ સંબંધો બંધાય છે. એટલા માટે જ સાંસારિક દૃષ્ટિથી અન્નનો મહિમા થયો છે. માટે જ ખેડૂતને પ્રજાનો તાત કહ્યો છે. પુરાણગ્રંથોએ અતિથિને જમાડ્યા પછી જમવાનો અનુરોધ કર્યો છે. જરૂર પડે તો ભૂખ્યા રહીને જમાડવું. એટલે જ કહ્યું છે તેન त्यक्तेन भुञ्जीथा । (ત્યાગીને ભોગવ.) જૈન ધર્મમાં એટલે જ અતિથિ-સંવિભાગને એક વ્રત તરીકે ઓળખાવ્યું છે. પૂણિયા શ્રાવક અને એમની પત્ની પોતે અન્નનો ત્યાગ કરીને, તપશ્ચર્યા કરીને પોતાના ભાગનું અન્ન અતિથિને જમાડતાં. આવી રીતે તપશ્ચર્યામાં બચેલા અન્નનું દાન કરવાનો મહિમા જૈન ધર્મમાં પ્રાચીન સમયથી ચાલ્યો આવે છે. અલબત્ત દાન અને દયાનાં સિદ્ધાંતોની સ્થૂલ વ્યવહારુ દૃષ્ટિએ અને સૂક્ષ્મ તત્ત્વની દૃષ્ટિએ જૈન ધર્મમાં બહુ તલસ્પર્શી મીમાંસા ભિન્ન ભિન્ન અપેક્ષાએ થયેલી છે.

તપશ્ચર્યાના બચેલા અન્નનું દાન કરવાની બાબતમાં કેટલાક વ્યવહારુ પ્રશ્નો ઉદ્ભવવાના અને તેનો ઉકેલ કેવી રીતે શોધી કાઢવો તે અંગે તપશ્ચર્યા કરનાર વ્યક્તિએ પણ ચિંતન-મનન કરવાની જરૂર રહે છે.

ઉદાહરણ તરીકે કોઈ જૈન વ્યક્તિ અમેરિકા, ઈંગ્લેન્ડ, જાપાન જેવા સમૃદ્ધ દેશમાં રહેતી હોય. હવે એ જૈન ભાઈ કે બહેને બે પાંચ દિવસના ઉપવાસ કે અઠ્ઠાઈ કરી. તો એટલા દિવસનું એનું બચેલું અન્ન તે દાનમાં દેવા ઈચ્છે છે. પરંતુ ત્યાં લોકો ખાધેપીધે એટલા સુખી છે કે દાનમાં મળતું અનાજ લેવા કોઈ તૈયાર નથી. તેમને એવા દાનની જરૂર

નથી. એવે પ્રસંગે માણસે શું કરવું? ત્યારે પોતાના જ શહેર કે ક્ષેત્રમાં દાન આપવાનો આગ્રહ ન રાખતા અન્યત્ર જ્યાં દાનમાં અન્ન લેનારો વર્ગ હોય ત્યાં દાનમાં અન્ન આપવું જોઈએ. એમાં પણ અનુકંપાની દૃષ્ટિએ વિચારીને જૈન જૈનેતર એવા ભેદ ન કરવા જોઈએ. હવે અમેરિકા કે યુરોપથી બચેલું અનાજ વ્યક્તિગત રીતે ભારતમાં મોકલવાની પણ તકલીફ હોય છે. એમાં ઘણાં પ્રશ્નો ઉદ્‌ભવે છે. તો અનાજને બદલે એટલી રકમ પણ મોકલાવી શકાય.

કોઈ માણસે વરસમાં કોઈક દિવસે એકાસણું કર્યું હોય તો એનું એક ટંક જેટલું અનાજ બચે. એટલું અનાજ તે નહિ જેવું જ ગણાય. કોઈને આપવા જતાં પણ હાંસીપાત્ર લાગે. એવે વખતે કોઈકને પોતાને ઘરે ભોજન કરાવવું અથવા એટલા અન્ન જેટલી અંદાજિત રકમ કોઈ અન્નક્ષેત્રના શુભ કાર્યમાં વાપરવી જોઈએ. કેટલીકવાર અન્નદાન કે રકમ માટે તરત અનુકૂળતા ન હોય તો માણસે તે માટે સંકલ્પપૂર્વક સમયમર્યાદા બાંધવી જોઈએ. તપશ્ચર્યા વખતે અન્નદાનનો ભાવ થવો જોઈએ અને એટલી સભાનતા રહેલી જોઈએ. એ ઘણી મહત્ત્વની વાત છે.

પોતાની તપશ્ચર્યાથી બચેલું અનાજ અથવા અનાજ જેટલી રકમ કોઈ એવી સંસ્થાને આપી શકાય કે જ્યાં માંસાહાર થતો હોય ? ના, એવી સંસ્થાને અન્નદાન કે એટલી રકમનું દાન કરી શકાય નહિ, કારણકે એમ કરવાથી તો ભારે અશુભ કર્મના નિમિત્ત થવાય. અન્નદાન કરતી વખતે માણસે વિવેક જાળવવો જોઈએ અને સૂક્ષ્મ વિચાર કરવો જોઈએ. પોતાનું દાન અભક્ષ્ય આહારમાં ન વપરાવું જોઈએ.

જૈન સાધુઓ તપશ્ચર્યા કરે તો તેઓ કેવી રીતે અન્નદાન કરી શકે ? એનો ઉત્તર એ છે કે જૈન સાધુઓ ઉપવાસ વગેરે તપશ્ચર્યા કરે છે ત્યારે આહારનો ત્યાગ કરે છે. પરંતુ તેઓએ પોતાનો આહાર પોતે ઉપાર્જિત કરેલો હોતો નથી. તેઓ પોતાના શરીરના પોષણ માટે ભિક્ષા વહોરી લાવે છે. આથી જૈન ધર્મ પ્રમાણે સાધુ પોતાની ભિક્ષામાંથી દયાભાવ લાવીને કોઈ ભૂખ્યાને ખવડાવી ન શકે. આ વાતમાં ઘણું ઊંડું અને સૂક્ષ્મ રહસ્ય રહેલું છે. એ સમજવા જેવું છે. આમ જૈન સાધુ પોતાના આહારમાંથી જો ભૂખ્યાને દાન ન આપી શકે તો, તપશ્ચર્યા વખતે એમણે ભિક્ષા ગ્રહણ કરી ન હોવાથી એમના અન્નદાનનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી.

પર્યુષણપર્વ દરમિયાન દરેક સંઘમાં મોટી મોટી તપશ્ચર્યા થાય છે. એટલે સંઘ પોતે જ પોતાનું વ્યવસ્થાતંત્ર ઊભું કરે કે જ્યાં તપસ્વીઓના અનાજની કે અનાજ જેટલી રકમની જવાબદારી સ્વીકારાય તો તપસ્વીઓને આમતેમ દોડાદોડી ન કરવી પડે અને કામ ઝડપથી તથા વ્યવસ્થિત રીતે થાય. કોઈને આળસ પણ ન આવે. અલબત્ત એ માટે લોકજાગૃતિ થવી જોઈએ અને સંઘોએ તત્પરતા બતાવવી જોઈએ.

જૈન ધર્મમાં બતાવ્યા પ્રમાણે તપશ્ચર્યા બાર પ્રકારની છે. છ બાહ્ય પ્રકારની અને છ આભ્યંતર પ્રકારની. બાહ્ય પ્રકારની તપશ્ચર્યાના પ્રકાર છે: (૧) અનશન (૨) ઉણોદરી, (૩) વૃત્તિસંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ અને (૬) સંલીનતા. અભ્યંતર પ્રકારની તપશ્ચર્યા છે: (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવચ્ચ, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને વ્યુત્સર્ગ (કાયોત્સર્ગ). બાહ્ય કરતાં આભ્યંતર તપ ચડિયાતું છે. બાહ્ય તપ આભ્યંતર તપના પોષણ અર્થે છે. તેમ છતાં બાહ્ય તપનો નિષેધ કે અનાદર નથી. તેનું મહત્ત્વ પણ એટલું જ છે. બાહ્ય તપ મુખ્યત્વે આહારને લગતું છે. અનશન એટલે ખાવું નહિ. ઉણોદરી એટલે ઓછું ખાવું. ભૂખ અને તરસ ઉપર સંયમ મેળવવા અને આહારની-સ્વાદની આસક્તિ છોડવા માટે આ તપશ્ચર્યા છે. સંથારો લેતી વખતે માણસ બધા પ્રકારના આહારનો ત્યાગ કરી પોતાના જીવનનો અંત આણે છે. તીર્થંકર ભગવાનના દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણના અવસરે બાહ્ય તપ-અનશન અવશ્ય હોય છે.

તપથી દેહશુદ્ધિ થાય છે, ઈન્દ્રિયો સંયમમાં રહે છે, આરોગ્ય સારું રહે છે વગેરે એના ભૌતિક લાભો તો છે જ, પણ જૈન ધર્મ કહે છે કે તપથી કર્મની નિર્જરા પણ થાય છે. તપ એ એક પ્રકારનું સ્વેચ્છાએ સ્વીકારેલું કષ્ટ છે, પણ એ કષ્ટ કર્મની નિર્જરામાં સહાયભૂત બને છે. તપથી અનાદિથી વળગેલી આહારસંજ્ઞા તોડવાની છે. જેઓને આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરવી છે તેઓએ આહારસંજ્ઞા ઉપર વિજય મેળવવો જોઈએ.

કોઈકને પ્રશ્ન થાય કે 'કર્મની નિર્જરા માટે તો તપ કરીએ છીએ અને અન્નદાન કરીને ફરી પાછું કર્મ બાંધવાનું?' એનો ઉત્તર એ છે કે અન્નદાનથી પુણ્યોપાર્જન થાય છે, શુભ કર્મ બંધાય છે એ સાચું, પરંતુ આ બાબત મુખ્યત્વે ગૃહસ્થની કક્ષાએ વિચારવાની છે અને તેમાં પણ આત્મસાધનાની ભૂમિકાનો પણ વિચાર કરવાનો છે. સામાન્ય કક્ષાનાં શ્રાવક-શ્રાવિકા માટે અન્નદાન દ્વારા થતું પુણ્યોપાર્જન ઈષ્ટ હોઈ શકે અને ઊંચી કક્ષાના સાધકો માટે અન્નદાન કર્મનિર્જરાનું નિમિત્ત બની શકે. એટલે અન્નદાનનો નિષેધ નથી.

તપશ્ચર્યા દ્વારા બચેલા અન્નનું દાન કરતી વખતે પણ અન્ન માટેની આસક્તિ ઘટવી જોઈએ. વસ્તુતઃ તપશ્ચર્યામાં જેમ રસત્યાગ થાય છે તેમ અન્નદાન પણ રસત્યાગમાં પરિણમવું જોઈએ. અન્નનું દાન એ પણ અન્નનો ત્યાગ છે. એટલે તપશ્ચર્યા અને અન્નદાન એ બંને મળીને રસત્યાગની સાચી આરાધના બને છે. એ આરાધના જીવને આહારસંજ્ઞા ઉપર વિજય મેળવવામાં, મોક્ષમાર્ગની સાધનામાં ઉપકારક થવી જોઈએ.

☐ રમણલાલ ચી. શાહ

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

સંઘના ઉપક્રમે, શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી, આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા મંગળવાર તા. ૩-૯-૨૦૦૨ થી મંગળવાર ૧૦-૯-૨૦૦૨ સુધી એમ આઠ દિવસ માટે રોજ સવારે પાટકર હૉલ (ન્યૂ મરીન લાઈન્સ)માં યોજવામાં આવશે. એનો વિગતવાર કાર્યક્રમ 'પ્રબુદ્ધ જીવન'ના ઓગસ્ટ ૨૦૦૨ના અંકમાં છપાશે.

આ વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ઉત્તર ગુજરાતના આદિવાસી વિસ્તારની સંસ્થા **સેવામંડળ, મેઘરજને** આર્થિક સહાય કરવાનું સંઘની કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે ઠરાવ્યું છે.

☐ **મંત્રીઓ**

# મોક્ષમીમાંસા

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

આર્હત દર્શન પ્રમાણે દર છ મહિને એક જીવ-(આત્મા) સિદ્ધ થાય છે. તેમના પુણ્યના પરિપાકરૂપે નિગોદમાંથી એક જીવ અવ્યવહાર રાશિમાંથી-કૃષ્ણપક્ષમાંથી શુકલપક્ષમાં વ્યવહાર રાશિમાં આવે છે અને જો તેનું તથાભવ્યત્વ પરિપક્વ થયું હોય તો અનન્ત પુદ્ગલપરાવર્તથી ભટકેલો, અથડાતો, કુટાતો તે પણ સમકિતાદિ મેળવી મોક્ષ સુધી પહોંચી શકે છે. તીર્થંકરોના જીવો પણ નિગોદમાંથી બહાર નીકળેલા હોય છે. જૈન દર્શનમાં તે માટે બે સીડી બતાવી છે. સીડીથી જ ઉપર જઈ શકાય છે !

તે બે સીડી આ પ્રમાણે છે: વિનય સર્વ પ્રથમ ગુણ છે અને વિનય પ્રાપ્ત થતાં ક્રમશ: મોક્ષ સુધી પહોંચી શકાય છે. વિનયથી મોક્ષ સુધીની સીડી દ્વારા ગુણાત્મક રીતે આગળ વધતાં 'નિસરણીનાં ગુણાત્મક પગથિયાં' વિશે પ્રશમરતિકાર પૂજ્ય ઉમાસ્વાતિ વાચકવર્યે આ રીતે જણાવ્યું છે. બંનેમાં ૧૪ પગથિયાં છે. જેમ કે:-

વિનયફલં શુશ્રૂષા, ગુરુશુશ્રૂષાફલં શ્રુતજ્ઞાનમ્ ।
જ્ઞાનસ્ય ફલં વિરતિર્વિરતિફલં ચાશ્રવનિરોધ: ।। ૭૨ ।।
સંવરફલં તપોબલમથ તપસો નિર્જરા ફલં દ્રષ્ટમ્ ।
તસ્માત ક્રિયાનિવૃત્તિ: ક્રિયાનિવૃત્તેરયોગિત્વમ્ ।। ૭૩ ।।
યોગનિરોધાદ્ ભવસન્તતિક્ષય: સન્તતિક્ષયાન્મોક્ષ: ।
તસ્માત્ કલ્યાણીનાં સર્વેષાં ભાજતં વિનય: ।। ૭૪ ।।

વિનયગુણની પ્રશંસા શાસ્ત્રકારમહર્ષિઓએ ખૂબ કરી છે. તેને પ્રાથમિક આવશ્યકતા ગણી આચારની કક્ષામાં મૂકી દીધું છે. ગુરુવંદન ભાષ્યની ગાથામાં 'આયારસ્સઉ મૂલં વિણઓ' કહ્યું છે. વિનયગુણની પ્રાપ્તિથી ઉત્તરોત્તર મોક્ષની નિસરણી ઉપર જીવ આગળ વધતો એકમાંથી બીજું, બીજામાંથી ત્રીજું એમ ફળની પરંપરાએ આગળ વધે છે. વિનય માટે તેથી તો કહ્યું છે કે 'વિનયતિ દૂરી કરોતિ અષ્ટવિધકર્માણીતિ વિનય:'

બીજી સીડીમાં ૧૪ પગથિયાં છે. તેના પર ચઢઊતર થયા કરે છે. સડસડાટ છેલ્લે સુધી જઈ શકાતું નથી. ૧૧ મા પગથિયા ઉપર ચઢેલો જીવ પડીને ત્રીજે, બીજે, પહેલે મિથ્યાત્વ ગુણસ્થાને કે ખૂદ નિગોદ સુધી પહોંચી જાય છે. આ ૧૪ પગથિયાં આત્માના ગુણની ઉત્તરોત્તર વિકાસશીલ કક્ષા સૂચવે છે. જગતના સર્વે જીવો ભિન્ન ભિન્ન સોપાનો પર ઊભા છે, ક્રમે ક્રમે આગળ વધે છે. પ્રથમ સોપાન જીવની મિથ્યાદશાનું, અજ્ઞાનનું સૂચક છે. ત્યાં બધા ઊભા છે. છેલ્લું પગથિયું વટાવી જનાર મુક્ત થઈ જાય છે. જેમ જેમ આત્માના ગુણોનો વિકાસ થાય, કર્મના આવરણોનો ક્ષય કે ક્ષયોપશમ થતો જાય તેમ તેમ આત્મા એક એક ગુણસ્થાન આગળ વધે છે. આત્માના ગુણનાં સોપાનો છે માટે ગુણસ્થાન કહેવાય છે.

પ્રથમ મિથ્યાત્વ ગુણઠાણે જીવાત્મા રાગદ્વેષની ગ્રંથી-ગાંઠને ઓળખે છે. પછી તે ભેદવા પ્રયત્નશીલ બને, પુરુષાર્થ કરે તો છેલ્લા યથાપ્રવૃત્તિકરણથી અપૂર્વકરણ કરી અદ્ભુત શક્તિ ફોરવે છે. અનિવૃત્તિકરણની પ્રક્રિયામાંથી પસાર થઈ જીવ સીધો ચોથા ગુણસ્થાને દેવ-ગુરુ-ધર્મની સાચી શ્રદ્ધા પામી, તત્ત્વનું વાસ્તવિક જ્ઞાન મેળવી શુદ્ધ સમ્યક્દૃષ્ટિ શ્રદ્ધાળુ બને છે.

૧૪ ગુણસ્થાનમાં સોપાનો આ પ્રમાણે છે. મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર, અવિરત સમ્યક્દૃષ્ટિ, દેશવિરતિ, પ્રમત્ત સર્વવિરતિ, અપ્રમત્ત સર્વવિરતિ,અપૂર્વકરણ, અનિવૃત્તિ બાદર સંપરાય, સૂક્ષ્મ સંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગી કેવળી અને ૧૪મું અયોગી કેવળી.

ગુણસ્થાનમાં ગુણ શબ્દ આત્માના ગુણ કે ગુણોના વિકાસ તથા તેનું સ્થાન, સ્થિતિ સૂચવે છે. પ્રથમ ગુણસ્થાનને મિથ્યાત્વ ગુણસ્થાનક કહ્યું છે. મિથ્યાત્વ અને છતાં પણ ગુણસ્થાન ? શું વદતોવ્યાઘાત નથી લાગતું ? પરંતુ મિથ્યાત્વમાં રહેલા જીવને પણ અક્ષરનો અનંતો ભાગ ખુલ્લો છે. નજીવું જ્ઞાન તો છે, તેથી જડથી જુદો બતાવવા માટે આ સ્થાનને મિથ્યાત્વ ગુણસ્થાન કહ્યું છે. જો જ્ઞાનશૂન્ય દશા હોત તો જડ અને ચેતનમાં શો તફાવત રહે ?

ચોથા ગુણસ્થાને પહોંચ્યા પછી વ્રત-નિયમ-પચ્ચખાણ ધારણ કરી પાંચમા ગુણસ્થાનકે આવી દેશવિરતિધર શ્રાવક બને છે. અહીંથી આગળ વધતાં સંપૂર્ણ આરંભ-સમારંભાદિનો, પાપોનો ત્યાગ કરી, ઘરબહાર, કુટુંબકબીલો ત્યજી છઠ્ઠા ગુણસ્થાનકે સર્વવિરતિધર પ્રમત્ત સાધુ બને છે. એક પગથિયું આગળ જઈ સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાને આવી અપ્રમત્ત સાધુ બને છે.

ત્યારપછી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનથી શ્રેણિનો આરંભ કરે છે. બે પ્રકારની શ્રેણિ છે: ક્ષપક શ્રેણિ અને ઉપશમ શ્રેણિ. ઉપશમ શ્રેણિએ આરૂઢ આત્મા આવરક કર્મોને ઉપશમાવતો જાય છે. પરંતુ દબાયેલા કર્મો ક્યારેક ઉથલો મારે તો તે પાછો પડે, નીચે પડે. આઠમાંથી નવમે, દશમે, અગિયારમા સુધી જ જાય અને તે અવશ્ય અહીંથી નીચે જ સરકે છે. તે જીવ ત્રીજે મિશ્ર, બીજે સાસ્વાદન, પહેલે મિથ્યાત્વ ગુણસ્થાને કે નિગોદ સુધી પણ પહોંચે તો નવાઈ નહીં.

બીજો જીવ કે જેણે ક્ષપકશ્રેણિ માંડી છે તેનું ધ્યેય કર્મોનો ભુક્કો બોલાવી ક્ષય કરવાનું છે, તે જીવ મૂળમાંથી જ જડ કાપીને કર્મોનો અંશ પણ ન રહે તેનો ખ્યાલ કરતો રહે છે.

આઠમે આવી જે અપૂર્વ (જે કદાપિ, ક્યારેય પણ) શક્તિ ફોરવી નથી તે ફોરવી કષાયાદિ કર્મોનો ક્ષય કરવા નવમા ગુણસ્થાને પહોંચે છે. અહીં સંજ્વલન ક્રોધ, માન, માયાનો ક્ષય કરે છે અને નવમા ગુણસ્થાને આવે છે. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સાદિ તથા ત્રણે વેદનો પણ હ્રાસ કરી; મનમાં રહેલ વૈષયિક કામવૃત્તિનો અંશ પણ જડ-મૂળથી ઉખેડી વેદની વૃત્તિને પણ સદંતર ટાળી આત્મદૃષ્ટિ થઈ જાય છે. દશમા ગુણસ્થાને સૂક્ષ્મ લોભાદિ ટાળી સંપરાય એટલે કષાયના સૂક્ષ્મ અંશ વિહીન થઈને રહે છે.

ક્ષપકશ્રેણિએ આરૂઢ આત્મા આગળ વધતો આત્માના શત્રુભૂત કર્મોને હણતો, નષ્ટ કરી ૧૧મે ઉપશમના ગુણસ્થાનકને ઓળંગી સીધો ૧૨મે ક્ષીણમોહ ગુણસ્થાને આવી જાય છે. અહીં મોહની જડ સમૂળગી નષ્ટ થઈ જાય છે; કેમકે મોહના ક્ષય વગર મોક્ષ શક્ય જ નથી ને ! મોક્ષ શબ્દમાં મો એટલે મોહ (મોહનીય કર્મ) અને ક્ષ એટલે ક્ષય, નાશ, અભાવ. તેથી મોહનો ક્ષય તે મોક્ષ. આત્મા મોહવિહીન, વીતરાગ, વીતદ્વેષ એટલે રાગ-દ્વેષની ગ્રંથી વગરનો થઈ જાય છે. ૧૨મેથી તેરમે ઉત્તમ ધ્યાનની પ્રક્રિયામાંથી પસાર થઈ શુકલ ધ્યાનના ૧-૨ સ્તર વટાવી ત્રીજામાં પ્રવેશી કેવળજ્ઞાન પામે છે. અત્રે તે પ્રક્રિયા બતાવતાં પૂજ્ય ઉમાસ્વાતિ વાચકવર્યશ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં જણાવે છે કે:-

'મોહક્ષયાત્ જ્ઞાનદર્શનાવરણાન્તરાયક્ષયાચ્ચ કેવલમ્.'

૧ થી ૧૨મા ગુણસ્થાનક સુધી મોહનીય કર્મ ખપાવવાની ઉત્તરોત્તર સાધના છે. અંતરાયાદિ કર્મો અંતર્મુહૂર્ત પછી નાશ પામે તેનું ઉદાહરણ આમ છે :-

ગર્ભસૂચ્યાં વિનષ્યયાં યથા તાલો વિનશ્યતિ ।
તથા કર્મક્ષયં યાતિ, મોહનીયે ક્ષયં ગતે ।।

ત્યાર પછી સયોગી અને અયોગી ગુણસ્થાને મોક્ષપુરીનો મહેમાન બને છે. ચાર ઘાતી કર્મોના ક્ષય સાથે અનન્ત-ચતુષ્ટયીના ગુણો અનન્ત સ્વરૂપે પ્રાપ્ત કરી આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી બને છે. બાકીનાં ચાર અઘાતી કર્મો ખાસ નડતાં નથી. તત્ત્વાર્થની છેવટની કારિકા સમજાવે છે કે ઘાતી કર્મોનો ક્ષય થતાં યથાખ્યાત ચારિત્રને પામેલા બીજરૂપ મોહનીયાદિ કર્મોના બંધનમાંથી મહાત્માને અન્તર્મળ દૂર થવાથી સ્નાન કરેલા, પરમેશ્વર એટલે કેવળ જ્ઞાનરૂપી ઋદ્ધિ-ઐશ્વર્યને મેળવી પરમ ઐશ્વર્યવાળા પરમેશ્વર બને છે. ઘાતી કર્મોનો ઉદય છતાં બુદ્ધ, બાહ્યાભ્યંતર સર્વરોગના કારણો દૂર થવાથી નિરામય, સર્વજ્ઞ, સર્વદર્શી જિન, વીતરાગી કેવળી બને છે. તે માટે ૧૪ સોપાનો એક પછી એક ચઢવાનાં છે; જેમકે સિદ્ધાણં બુદ્ધાણં પ્રમાણે પારગયાણં પરંપરગયાણં જેથી છેલ્લે સોપાને મોક્ષ.

આગળ વધીએ તે પહેલાં આત્મા તત્ત્વ કે પુનર્જન્મમાં જ ન માનનારા દર્શનો જેવાં કે ઈસ્લામ, ખ્રિસ્તી, 'ઋણં કૃત્વા ધૃતં પિબેત ભસ્મીભૂતસ્ય દેહસ્ય કથં પુનરાગમનં ભવેત' મતવાળા ચાર્વાકો વગેરે આત્માને જ માનતા નથી. તો પછી તેનાં જેવાં અસંખ્યની સંખ્યામાં સંસારના અનેકાનેક જીવોને કર્મ, કાર્મણવર્ગણા, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, મોક્ષાદિ તત્ત્વો અત્યંત અપરિચિત હોય તેમાં નવાઈ કરવા જેવું નથી. પુદ્‌ગલાનંદી, ભવાભિનંદી જીવો સ્વર્ગને જ મોક્ષ સ્વીકારે તો પણ નવાઈ પામવા જેવું નથી ને !

જૈનોના પરમ પવિત્ર પુનિત પર્યુષણ પર્વમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા સમક્ષ પવિત્ર શ્રીકલ્પસૂત્રનું વાંચન થતું રહ્યું છે.

યજ્ઞ-યજ્ઞાદિનો જ્યારે ભારતમાં પ્રચાર હતો તે સમયે ભગવાન શ્રી મહાવીર સ્વામીના સમવસરણમાં આવી રહેલાં દેવ-દેવીને સાક્ષાત્ જોઈ વિસ્મિત થયેલા ૧૧ દિગ્ગજ જેવાં પાંડિત્યથી ફૂલેલા બ્રાહ્મણ પંડિતશિરોમણિ ત્યાં ઉપસ્થિત થતાં એક પછી એકને નામોલ્લેખ, શંકા, વેદપદોનું વિરોધાભાસી વચનોથી શંકા-કુશંકાને વશ થયેલા બ્રાહ્મણ પંડિતો સાથે ભગવાનનો જે વાદ, સંવાદ થયો તેને ગણધરવાદ તરીકે ઓળખવામાં આવે છે. આ ગણધરવાદ પર્યુષણમાં છઠ્ઠા દિને વંચાય છે. તેમાં ૧૧ ગણધરોની શંકા તથા તેમના નામો આ પ્રમાણે છે :-

શ્રી ઈન્દ્રભૂતિને આત્માના અસ્તિત્વ વિષે, શ્રી અગ્નિભૂતિને કર્મ વિષે, શ્રી વાયુભૂતિને શરીર તે જ આત્મા કે જુદો, વ્યક્ત સ્વામીને પંચભૂતોના અસ્તિત્વ વિષે, સુધર્માસ્વામીને જન્માંતર સાદશ્ય સંબંધી, મંડિત સ્વામીને કર્મના-બંધ મોક્ષ વિષે, મૌર્યપુત્રસ્વામીને દેવતાઓની સત્તા વિષે, અકંપિત સ્વામીને નરક વિષે, અચલભ્રાતા સ્વામીને પુણ્ય-પાપ છે કે નહીં તે સંબંધી, મૈતાર્યસ્વામીને પરલોક-પુનર્જન્મ છે કે નહીં? તથા પ્રભવ સ્વામીને મોક્ષ (નિર્વાણ) છે ખરું ?

૧૧ પંડિતોની શંકાઓ સમસ્ત માનવ સમુદાયના મનની શંકા છે. સામાન્યથી વિદ્વાન કક્ષાના મનુષ્યોને પણ આત્મા, કર્મ, પુણ્ય, પાપ, મોક્ષાદિ તત્ત્વો વિષે શંકા હોય છે. શ્રી મહાવીર સ્વામીની આ સુંદર છણાવટ પછી ૧૧ ગણધરો તથા તેમના ૪૪૦૦ શિષ્યો સાથે આ વિષયો પર સમજણ મેળવી તેઓ પણ આયુષ્ય પૂરું કરી મોક્ષ પામ્યા હતા.

હવે આપણો મોક્ષ વિષે વિવિધ દૃષ્ટિકોણથી ઊહાપોહ કરીએ તેમાં મોક્ષ એટલે શું, મોક્ષ કઈ ગતિમાંથી થઈ શકે, મોક્ષ પછી જીવ ક્યાં, કેવી રીતે, કેટલી જગ્યામાં, કેટલા સમય સુધી, કઈ રીતે એક સ્થાનમાં બધાં તે સિદ્ધશિલામાં સમાઈ શકે જે ૪૫ લાખ યોજનની છે, પુરુષ અને સ્ત્રી બંને તેના અધિકારી છે ? ત્યાં સુખ કેવું, કેટલું, કાયમી કેવા પ્રકારનું છે વગેરે પ્રશ્નો ઉદ્‌ભવે છે.

મોક્ષ એટલે છૂટા પડવું; છૂટકારો થવો, કર્મવિહીન થવું. આત્મા જ્યારે કર્મના બંધનમાંથી સદાને માટે જે સ્થાન, અવસ્થાદિ પ્રાપ્ત કરે તે મોક્ષ, મુક્તિ, મુક્તાવસ્થા છે. સૂર્ય-ચંદ્રના ગ્રહણમાં જ્યારે તે બંને છૂટા પડે છે ત્યારે તેમનો ગ્રહણમાંથી મોક્ષ થયો કહીએ છીએ. તો અહીં કર્મક્ષય, કર્મમોક્ષ, જીવમોક્ષની વિચારણા અપેક્ષિત છે.

મોક્ષ માટે સમ્યકત્વ પામવું અત્યાવશ્યક છે. તે મળે તો અર્ધપુદ્‌ગલપરાવર્ત કાળમાં ચોક્કસ મોક્ષ નિશ્ચિત છે. મિથ્યાત્વી તે ક્યારેય પામે નહીં, તેથી કદાપિ તેનો મોક્ષ નહીં. અભવીને મોક્ષ વિષે શ્રદ્ધા, રુચિ થતી નથી કેમકે તે પુદ્‌ગલાનંદી, ભવાભિનંદી છે. સમ્યકત્વી ભવી જીવ જ મોક્ષ પામે. જાતિભવ્ય અને દુર્ભવ્યોને કાળની સુવિધા મળતી નથી, બીજાને સુયોગ્ય સામગ્રી મળનાર નથી. સર્વ પાપકર્મના નાશ વગર મુક્તિ, મોક્ષ નથી. તેથી 'કૃત્સ્નકર્મક્ષય: મોક્ષ:'. ભવ્યત્વ અને અભવ્યત્વનો ભેદ કર્મકૃત નથી પરંતુ સ્વભાવજન્ય ભેદ છે. જેમકે કોરડું મગ ન જ સીઝે. તો સર્વ પ્રથમ મોક્ષ માટે સમ્યક્ત્વ પ્રથમ કક્ષાની શરત છે. તેથી નવતત્ત્વમાં કહ્યું છે કે :-

અંતોમુહુત્તમિત્તં પિ ફાસિયં હુજ્જ જેહિં સમ્મત્તં।
તેસિં અવઢ્ઢપુગ્ગલ પરિયટ્ટો ચેવ સંસારો ।।

તે મેળવવા માટે 'મોહાદિનાં ક્ષય: મોક્ષ:' મોક્ષ=મો+ક્ષ. સર્વ પાપોનો બાપ તે મોહનીય કર્મનો ક્ષય થતાં તેના સાગરિતો લૂલા થઈ રહે છે. કર્મોનો ક્ષય એટલે મોક્ષ. અનાદિ અનંત સંસારમાં અનંતાનંત ભવો કર્યા પણ મોક્ષ ન થયો ને ? તેનું કારણ કાર્મણવર્ગણા જે આત્માને ચોંટતા કર્મ બન્યા છે તેમાંથી મુક્તિ થઈ નથી. જેવી રીતે ગુંદરથી ચોંટેલી ટિકીટ ઉખેડવા પાણીમાં પલાળવી પડે, ધરતીમાં રહેલા માટીના પિંડમાં સુષુપ્ત રહેલું સોનું મેળવવા માટે અત્યંત ઉષ્ણતા જરૂરી છે તેવી રીતે આત્માની સાથે સાયુજ્ય પામેલા કર્મોને છૂટા પાડવા માટે આશ્રવ, બંધને રોકી, સંવર, નિર્જરાદિથી આત્માને કર્મવિહીન કરવા માટે ૧૨ પ્રકારના તપ, ધ્યાનાદિ જરૂરી છે. જે માટે 'કડાણ કમ્માણ ન મોકખોત્તિ.' વળી 'ભવકોડી સંચિયં કમ્મં તવસા નિજ્જરિજ્જઈ.' જો કર્મનો બંધ માનીએ અને મોક્ષ ન માનીએ તો આત્મા સંસારમાં પરિભ્રમણ કરતો જ રહેશે.

આત્મા ચેતન છે. 'ચેતના લક્ષણો જીવ:' આત્માનું લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ જ્ઞાનદર્શનાત્મક છે. જ્ઞાનોપયોગથી આત્મા જાણે છે; દર્શનોપયોગથી જુએ છે. પૂજ્ય વાચકવર્ય ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે 'ઉપયોગ: લક્ષણમ્' આવા આત્માને મોક્ષ મેળવવા માટે આર્યક્ષેત્ર, ઉચ્ચ કુટુંબ, શ્રદ્ધા, શ્રવણાદિ, તત્ત્વો મળ્યાં છે, છતાં પણ અનંતાનંત પુદ્‌ગલવરાવર્ત કાળ સુધી ૮૪ લાખ યોનિમાં ચાર ગતિમાં વણથોભ્યા ભટકતા, અથડાતા, કુટાતા, ઘાંચીના બળદની જેમ ગોળ ગોળ ભમ્યા જ કર્યું છે ને ? તેનો અંત કઈ ગતિમાં આવી શકે ? સ્વસ્તિકના સાથિયાની ચાર પાંખડીયોમાં જે ઉર્ધ્વગામી પાંખડી છે તે મનુષ્ય ગતિ સૂચવે છે. તેને માટે ચારે ગતિ શક્ય છે. તે દેવ, માણસ, તિર્યંચ અને નરકગામી બની શકે છે. મોક્ષ મેળવવા માટેની સુવિધાનો

ઉપયોગ કરે તો અપૂર્વકરણાદિ ત્રણ કરણો, સંજ્વલનાદિ કષાયોનો ખાત્મો બોલાવી પરંપરાએ પરાગતિ પામી શકે છે. દેવ જો સમ્યક્ત્વી હોય તો વ્રતાદિ કરે પણ દીક્ષા ગ્રહણ ન કરવાથી ૪થા ગુણ સ્થાનકથી આગળ જઈ શકતો નથી. દેવને માટે મૃત્યુ બાદ મનુષ્ય અને તિર્યંચ બે જ ગતિ છે. સમકિતી દેવ મનુષ્ય થઈ શકે જેને માટે ઘણી અલ્પ સંખ્યા તેઓની છે જ્યારે ઘણો મોટો ભાગ તિર્યંચ જ બને છે. નરકનો જીવ દેવ તેમજ નારકી ફરી નથી થતો માટે તેને માટે બે જ ગતિ મનુષ્ય અને તિર્યંચ જ છે.

તેથી મનુષ્ય ગતિમાં આવ્યા છતાં આપણે અત્યાર સુધી બધાં જ જન્મો વ્યર્થ ગુમાવ્યા છે એમ લાગે છે ? આ ગતિમાં આવ્યા પછી શાસ્ત્રે બતાવેલા માર્ગો ચરમપુદ્‌ગલ પરાવર્ત, માર્ગાનુસારી બનવું, તે માટેની ત્રણ શરતો વૈરાગ્ય, તીવ્ર ભાવે પાપોનું આચરણ સદંતર બંધ અને ઔચિત્યાદિ ગુણધર્મો આત્મસાત્ કરી સમ્યક્ત્વ પામી, તેને સાચવવું, વધુ ને વધુ નિર્મળ કરતા રહેવું વગેરે તથા શુદ્ધ હૃદયે અને મને શ્રદ્ધાપૂર્વક ધર્માચરણ કરી ચક્રાવામાં ભટકતા ચક્રને બંધ કરી શકાય. હવે મોક્ષ પામ્યા. હાશ થયું ને ? મોક્ષ ક્યાં છે, કેવો છે, તેમાં સુખાદિ કેવાં છે, શરીર ખરું ? કેવી રીતે સિદ્ધ શિલાએ રહેવાનું વગેરે વિચારીએ. નિમ્નલિખિત શ્લોક પણ તે માટે ઉપયુક્ત છે :-

જિનવચને અનુરક્તા જિનવચનં કરોતિ ભાવેન ।
અમલા અસંક્લિષ્ટા ભવન્તિ પરિત્ત સંસારી ।।

જિનવચનમાં અનુપમ શ્રદ્ધાન્વિત થવું, હૃદય તથા મનના સદ્‌ભાવપૂર્વક તે વચનોની આરાધનાદિ કરવાં, રાગ-દ્વેષાદિ આત્મશત્રુ જેવાં દૂષણો વગરના થવું, સંકલેશ વગના થવું. તેના દ્વારા મર્યાદિત સંસાર થઈ શકે છે. ચરમાવર્તમાં આવી તે સંસારને ખાબોચિયા જેટલો બનાવી શકાય.

તિર્યંચ જે ત્રીજી ગતિ છે તેમાં ચારે ગતિમાં જઈ શકાય છે, મનુષ્ય ગતિની જેમ. કારણ કે તિર્યંચ ગતિના પશુ-પક્ષી વ્રતાદિ ગ્રહી શ્રાવકના પાંચમે ગુણસ્થાનકે જઈ શકે છે. જેમકે ભગવાન મહાવીર સ્વામીને વંદનાદિ માટે જઈ રહેલા અવિરતી પણ સમ્યક્ત્વી શ્રેણિકના સૈન્યના ઘોડાના પગ તળે એક દેડકો છુંદાયો, પણ શુદ્ધ ભાવનાના બળે તે ઉચ્ચ ગતિ પામે છે.

દીક્ષા ગ્રહણ કર્યા પછી જેનો સંથારો જતાં-આવતાં સાધુ સમુદાયના પગની ધૂળથી બગડતાં કંટાળેલો આ મુનિ બીજા દિને ભગવાનને ઓઘો પાછો આપવા આવ્યો ત્યારે ભગવાને કહ્યું કે પૂર્વ ભવમાં સુમેરૂપ્રભ હાથી તરીકે ત્રણ દિન-રાત સસલાને બચાવવા પગ ઊભો રાખ્યો તેથી તે મૃત્યુ પામેલો હાથી તે તું છે. વળી એવું જ ઉદાહરણ ચંડકૌશિકનું છે. બુજ્ઝ બુજ્ઝ ચંડકૌશિક સંબોધને તેનો ૮મા દેવલોકમાં જન્મ થયો.

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીના ૨૭ ભવમાં ૧૦ ભવો દેવ બન્યા, ૧૪ ભવો મનુષ્ય બન્યા, ૨૦મા ભવે સિંહ (પશુ-તિર્યંચ) બન્યા, ૨૧ અને ૧૯મા ભવે નરકગામી થયા.

મનુષ્યલોકમાંથી જ મોક્ષે જઈ શકાય છે. અસંખ્ય દ્વીપ અને સમુદ્રોમાં પ્રથમના અઢી દ્વીપો-સમુદ્રોનું પરિમિત ક્ષેત્ર મનુષ્યલોક કહેવાય છે. તેની બહાર મનુષ્યની વસતી નથી. આ અઢી દ્વીપ ૪૫ લાખ યોજન પ્રમાણ પહોળાઈવાળો ક્ષેત્ર છે તેમાં ૧૫ કર્મભૂમિઓ જેમાં ભરત, ઐરાવત અને મહાવિદેહના ૩, ૬ અને ૬ એમ ૧૫ ક્ષેત્રમાંના મનુષ્યો જ મોક્ષ મેળવી શકે છે. મહા વિદેહમાં સર્વ સમયે મોક્ષે જઈ શકાય, જ્યારે બીજાં બેમાં ત્રીજા-ચોથા આરામાં જ મુક્તિ પામી શકાય છે.

ચૌદ રાજલોકના અનંતાનંત જીવો એકમાંથી બીજી, ત્રીજી, ચોથી ગતિમાં ઘાંચીના બળદની જેમ પરિભ્રમણ કરે છે. ૧૪ રાજલોકમાં અનંતાઅનંત જીવો નિગોદમાંથી નીકળે છે અને અનંતા ભવો તેમના થઈ ગયાં છતાં પણ અંત ન આવ્યો ! અરેરાટી થાય છે ? પણ તેઓ મનુષ્ય થઈ જિનધર્મની આરાધના કરી, જ્ઞાન-દર્શન-ચારિત્ર ધર્મની આરાધના કરી કર્મની નિર્જરા કરી, સદંતર કર્મવિહીન દશા પામી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈને ત્રણે લોકની ઉપર સિદ્ધશિલામાં કાયમ માટે સ્થાપનાપન્ન થાય છે.

પરંતુ તે ગતિ ન મળે ત્યાં સુધી ચારે ગતિમાં ગમનાગમન ત્રણે લોકમાં ચાલુ જ રહે છે. કેમકે શાસ્ત્રકારો ફરમાવે છે :-

તં કિંચિ નત્થિ ઠાણં લોએ વાલગ્ગ મિત્તંપિ ।
જત્થ ન જીવા બહુસો સુહદુહ પરંપરં પત્તા ।।
ન સા જાઈ ન સા જાણી, ન તત્ ઠામં ન તં કુલં ।
ન જાયા ન મુઆ જત્થ, સવ્વે જીવો અણંતસો ।।

તીર્થંકર ભગવંતોને પણ નિગોદમાંથી નીકળ્યા બાદ ચારે ગતિમાં ભમવું પડે છે. તીર્થંકરોના ભવો સમકિત પામ્યા પછીના જ ગણાય. આ અવસર્પિણીના અંતિમ તીર્થંકરના ૨૭ ભવ થયા. પાર્શ્વનાથના ૧૦ ભવ થયા, શાંતિનાથના ૧૨ થયા, પ્રથમ તીર્થંકર ઋષભદેવના ૧૩ ભવ થયા, નેમિનાથના ૯ ભવ થયા, ભગવાન મહાવીર સ્વામી ચારે ગતિમાં ભટક્યા છે. તેમણે ૩જા, ૧૬મા, ૧૮મા, ૨૦મા આ ચારે ભવોમાં મોટા પાપો આચર્યા છે. ૩જા મરીચિના ભવમાં શુદ્ધ ચારિત્ર બગાડી ત્રિદંડીપણું ધારણ કરી ઉત્સૂત્રપ્રરૂપણા તથા અભિમાન કર્યું, ૧૬મા વિશ્વવિભૂતિના ભવમાં દીક્ષા લઈ માસખમણોની તપશ્ચર્યા છતાં ભાઈ વિશાખાનંદીને મારવા નિયાણું કર્યું, ૧૮મા ત્રિપૃષ્ટ વાસુદેવ થયા, ત્યાં સિંહને જીર્ણવસ્ત્રની જેમ ચીરી નાંખ્યો, પછી ઉંઘમાં ખલેલ પડતાં શય્યાપાલકના કાનમાં ગરમાગરમ શીશું રેડાવ્યું. ૩જા મરીચિના ભવમાં અભિમાનાદિ પાપના પરિપાકે ૧૫મા ભવ સુધી ૬ વાર યાચક-બ્રાહ્મણના કુલોમાં જન્મા જ કર્યું. નીચ ગોત્ર કર્મ ૨૭મા ભવમાં ઉદયમાં આવ્યું જેથી ૮૨ દિવસ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં ફેંકી દીધા. ૧૮મા ભવમાં સિંહને ફાડવા, તથા શીશું રેડાવાથી ૧૯મા ભવમાં ૩ ખંડના સત્તાધીશ વાસુદેવને ૭મી નરકમાં ૩૩ સાગરોપમ સુધી જવું પડ્યું. ભગવાન ચાર ગતિમાં ફર્યા છે ને ?

તેવી રીતે અવિરતી છતાં પણ સમકિતી રાજા શ્રેણિકે સમકિતને ક્ષાયિક બનાવ્યું તથા શિકાર કરી જે વડે અદમ્ય અત્યંત આનંદની પરાકાષ્ઠાએ પહોંચ્યા (કેવો મેં શિકાર કર્યો ?) તેથી તેમને પણ પ્રથમ નરકમાં ૩૩ સાગરોપમ સુધીનું આયુષ્ય ભોગવી તે પૂર્ણ થતાં સીધા નરકમાંથી આગામી ઉત્સર્પિણમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે. એમની અત્રે આજે ભારતમાં ઉદેયપુરમાં મૂર્તિ પણ છે અને જૈની લોકો પૂજા પણ કરે છે. તેમના પ્રથમ ગણધર કુમારપાળ થશે. શ્રેણિક રાજા મનુષ્ય, નરકમાં નારકી તે આયુષ્ય પૂરું કરી સીધા તીર્થંકર થશે. ત્રણે ગતિમાં તે જીવ ભટક્યો. કેવી કર્મ તણી ગતિ ન્યારી ! તિર્યંચ સિવાયની ત્રણે ગતિમાં જન્માદિ ગ્રહણ કર્યા.

જીવ અને કર્મનો સંયોગ એટલે બંધ. તેમજ તેનો વિયોગ તે મોક્ષ. જો આત્માના એકવાર બંધાયેલાં કર્મો ન ખપે તો શું થાય ? જૂના ન ખપે અને નવા બંધાતા જાય તો શું તે કર્મના ઢગલા નીચે દબાઈને જડ થઈ જાય ? પારિણામિક ભાવો દ્રવ્યનું સ્વસ્વરૂપમાં સ્થિરતા નિશ્ચિતપણે રાખે. જીવ તેથી ક્યારેય જડ ન થાય. ભવી ક્યારે અભવી થતો નથી, અભવી ક્યારેય ભવી થાય નહીં. પારિણામિક ભાવોનું પ્રાબલ્ય છે.

કર્મપરંપરાની દૃષ્ટિએ કર્મ અનાદિ છે. જીવકર્મની પરંપરા પણ અનાદિ છે. એક દિવસે તે ખપતાં સાન્ત છે. કર્મ ઉદયમાં આવી ખપે, ઉદીરણા કરી ખપાવીએ, આત્મા સુપુરુષાર્થ કરી તેને શૂન્ય બનાવી શકે. જેવી રીતે એક વ્યક્તિ લગ્ન જ ન કરે તો સંતાનના અભાવે તેનો વેલો આગળ વધતો અટકી જાય. શું તેવી રીતે જીવકર્મના અનાદિ સંબંધનો નાશ થઈ શકે ? સંસારમાં જીવ અનાદિ કાળથી કર્મપ્રવાહમાં વહ્યા કરે છે. કાર્મણ વર્ગણાના પુદ્ગલો અનાદિ છે. જીવની રાગ-દ્વેષની પરિણતિ અનાદિની છે. ખાણમાંથી નીકળતું સોનું પ્રથમ માટીથી સંમિશ્રિત છે. તેવી રીતે નિગોદમાંથી નીકળતો જીવ કર્મ સાથે બંધાયેલો જ છે. પરંતુ કોઈ આત્મા સિદ્ધ થતાં તેના મહાન ઉપકારથી નિગોદમાંથી બહાર નીકળી ૮૪ના ચક્રમાં ભટકતા મનુષ્યગતિમાં આવ્યા. જેમ સોના અને માટીનો અનાદિ સંયોગ ધમણ-અગ્નિ આદિના સંયોગથી છૂટો પાડી શકાય, દૂધ-પાણી મિશ્રિત થયેલાને જેમ છૂટા પાડી શકાય તેમ સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રાદિની સુસાધનાથી આત્મપ્રદેશ પર લાગેલી કર્મની બધી રજકણો ખેરવી શકાય. શાસ્ત્ર કહે છે કે 'નાણકિરિયાહિં મોકખો, જ્ઞાનક્રિયા ભ્યાં મોક્ષ:' જેવી રીતે આંધળો ને પાંગળો એક બીજાની સહાય વડે દાવાનળમાંથી બચી શકે તેમ જ્ઞાન-ક્રિયા વડે કર્મો ખપાવી શકાય.

કર્મોનો નાશ થવાથી સંસારનો નાશ થાય એ યોગ્ય છે. જીવાત્મા કર્મોનો બનેલો નથી. કર્મે જીવ બનાવ્યો નથી, જીવે કર્મ બનાવ્યા છે. કર્મ સંસારનું કારણ ખરું પણ તે જીવનું કારણ નથી. તેથી કર્મના નાશથી જીવનો નાશ માનવો યોગ્ય નથી. કર્મના નાશ પછી જીવ તો રહે જ છે. માટે મોક્ષ જીવાત્માનો છે, કર્મનો નથી. કર્મ થકી, કર્મના સંબંધના વિયોગથી, સંયોગના નાશથી મોક્ષ ચોક્કસ છે, જે કર્મના નાશથી સિદ્ધ છે.

શું બધા જ ભવ્યો મોક્ષે જ જશે ? ભવ્ય મોક્ષે જશે અને નહીં પણ જાય. જેમને સામગ્રી તે માટે મળી તે અવશ્ય જશે પણ તે વગરના નહીં. જેટલા મોક્ષે જશે તે ચોક્કસ ભવ્યો જ જવાના.

જેટલા સમ્યક્ત્વી એટલા મોક્ષે જશે જ કે જેટલા મોક્ષે જશે તે સમ્યક્ત્વી જ હશે ? બંને તર્કો સમાન કક્ષાએ સાચા છે. જે જે સમ્યક્ત્વી તે મોક્ષે ચોક્કસ જ જવાના. સમ્યક્ત્વ ભવ્ય જીવો જ પામે છે. જેટલા સમ્યક્ત્વી તેટલા ભવ્ય જ કેમકે અભવ્ય, જાતિભવ્ય, દુર્ભવ્ય જઈ શકે જ નહીં ને ? જે જે સમ્યક્ત્વી તે તે અવશ્ય મોક્ષે જવાના જ. જે મોક્ષે જાય છે, ગયા છે અને જવાના તે બધાં સમ્યક્ત્વી હોય જ.

ત્રણે કાળમાં ભૂત અને ભાવિ અનન્ત છે. ભૂતકાળમાં અનન્તા જીવો મોક્ષે ગયા. મોક્ષે ગયેલા સિદ્ધો અનન્ત છે. નિગોદમાં પણ અનન્તાનંત જીવો છે. ભૂતકાળ જેટલો જ ભવિષ્યકાળ છે. ૧૪ રાજલોકમાં નિગોદના અનંત ગોળાઓ છે. આજ સુધીના કાળમાં જે અનન્ત છે તે કાળમાં નિગોદના જીવોના અનન્તમાં ભાગના જ જીવો મોક્ષે ગયા છે. ભાવિમાં નિગોદના અનન્ત ભાગના જ જીવો મોક્ષે જશે. સંસારમાં અનન્તા જીવો ભવસંસારમાં રહેશે. અનન્તા ભવ્ય જીવો કે જેઓને સાહાય્યક યોગ્ય સામગ્રી નહીં મળે તેઓ, અભવ્યો, જાતિભવ્યાદિ જીવો સંસારમાં રહેવાના જ છે આથી સંસાર ખાલી થઈ જશે તેવી કલ્પના કરવી અસ્થાને છે. ભવ્ય જીવો મિથ્યાત્વી પણ હોય, તે સમ્યક્ત્વ પામે ત્યારે સમ્યક્ત્વી બને છે. ભવ્યોમાં અનન્તા મિથ્યાત્વી છે; જ્યારે સમ્યક્ત્વી તો મિથ્યાત્વીની સંખ્યાના અનંત ભાગ જેટલા છે.

મોક્ષ નિત્ય કે અનિત્ય ? સત્ હંમેશા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત હોય છે. તેથી વસ્તુ માત્ર નિત્યાનિત્ય છે. મુક્તાત્મા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્ત છે. એક જીવ સંસાર પર્યાયરૂપે નાશ પામી (વ્યય); મુક્તપણે સિદ્ધાપર્યાયરૂપે ઉત્પન્ન થાય છે. સંચારપર્યાયનો નાશ, સિદ્ધપર્યાયરૂપે ઉત્પત્તિ. ઉપયોગાત્મકાદિ જીવના ગુણોની દૃષ્ટિએ જીવ મોક્ષમાં નિત્ય જ હોવાનો. ઘડો જેમ નિત્ય અને અનિત્ય છે તેમ પર્યાયની દૃષ્ટિએ અનિત્ય, મૂળ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય, જીવત્વ-આત્મત્વ, દ્રવ્યરૂપે અનન્ત કાળ માટે મોક્ષમાં નિત્ય રહે છે. આ રીતે સર્વ વસ્તુ એકાન્તે નિત્ય પણ નહીં અને એકાન્તે અનિત્ય પણ નહીં. તેથી તે નિત્યાનિત્ય છે.

મો=મોહાદિ, ક્ષ=ક્ષય. ટૂંકમાં 'મોહાદિનાં ક્ષયો મોક્ષ:' મોહાદિ કર્મ છે. મોહાદિભાવોનો સર્વથા નાશનું નામ મોક્ષ. ૮ કર્મોમાં મોહનીય સર્વ પાપોનો બાપ, કર્મોનો રાજા, નષ્ટ થતાં તેના સાગરિતો, ૭ કર્મો લૂલાં, નાકામિયાબ થઈ જાય છે. તેથી 'કૃત્સ્નકર્મક્ષયે મોક્ષ:'. ગુણસ્થાનકે ૧૪ ગુણસ્થાનકની સીડીમાં આ દારુણ મોહનીય કર્મ નષ્ટ થતાં સયોગી અને અયોગી ગુણસ્થાનકે આત્મા આરૂઢ થાય છે.

ઉપર આપણે જોયું કે ભવ્યાત્મા મિથ્યાત્વી પણ હોઈ શકે છે. મુહપત્તિના પડિલેહણમાં સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને મિથ્યાત્વ મોહનીય ત્રણેના પરિહારની વાત કરી છે. અહીં પણ સમ્યક્ત્વની સાથે મોહનીય સંલગ્ન છે. તો પછી ભવ્યાત્મા મિથ્યાત્વી કેમ ન હોઈ શકે?

આત્મા કેવી રીતે કર્મ બાંધે છે તે જોઈએ. કાર્મણવર્ગણાના પુદ્ગલ પરમાણુઓ આત્મામાં આશ્રવ માર્ગે આવે છે. તપાદિથી કંઈક નિર્જરા કરે છે. પર્યુષણ જેવા પુનિત પર્વમાં અઠ્ઠાઈ, માસખમણાદિથી ઘણી કર્મ નિર્જરા થઈ, પરંતુ પારણા પછી છૂટથી ખાવાથી કર્મ બંધ થતો રહે. નિર્જરા અને કર્મ બંધ અત્યાર સુધી ચાલુ જ રહ્યું. અકામ નિર્જરા કરતાં સકામ નિર્જરામાં વધુ કર્મ ખપે. તપ વિશેષ કરવાથી કર્મ ખેંચી લાવી તેની ઉદીરણામાં લાવી ખપાવી નાંખવું. સંપૂર્ણ નિર્જરાથી મોક્ષ થઈ શકે. નવકાર મંત્રમાં સવ્વપાવપણાસણો કરવાનો નિર્દેશ કરાયો છે. તદુપરાંત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગાદિ હેતુ બંધ ન થાય ત્યાં સુધી કર્મબંધ ચાલુ જ રહે. તેથી 'કર્મમુક્તિ:કિલ મુક્તિરેવ.'

ખરેખર કર્મથી મુક્તિ એ ખરો મોક્ષ છે. જ્યારે આત્મા સુપુરુષાર્થ કરી કર્મના બંધનમાંથી છૂટી ગયો તેના પરિણામરૂપે અશરીરી થવાથી મન, વચન, કાયા ન હોવાથી કષાયાદિ રાગ-દ્વેષના પરિણામો ન રહેતાં મોક્ષે ચાલ્યા ગયા પછી કોઈપણ પ્રકારના બંધનો ન હોવાથી ૧૪ રાજલોકની ટોચે સિદ્ધ શિલા પર સ્થિર થઈ સદા માટે રહે છે, જે તેનું મોક્ષસ્થાન છે. નવાઈની વાત તો આ રહી કે ત્યાં સૂક્ષ્મ એકેન્દ્રિય સ્થાવર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ તેમજ સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના નિગોદના ગોળા હોય છે. તદુપરાંત ત્યાં અષ્ટ મહાવર્ગણા, કાર્મણ પુદ્ગલના પરમાણુઓ જ્યાં આ એકેન્દ્રિય જીવો કાર્મણવર્ગણા ગ્રહણ કરી કર્મ બાંધે છે. આવું હોય છતાં પણ મોક્ષ પામેલો આત્મા કેમ કર્મ નથી બાંધતો ? સિદ્ધના જીવો ત્યાં છે, કાર્મણવર્ગણા પણ અસ્તિત્વ ધરાવે છે છતાં પણ આ આત્મા કેમ કર્મ નથી બાંધતો ? સિદ્ધના જીવો અશરીરી, મન, વચન, કાયના અભાવે, મિથ્યાત્વાદિના અભાવે, કષાયો ન હોવાથી, આશ્રવદ્વારોના અભાવે પણ કાર્મણવર્ગણા હોવા છતાં પણ કર્મ ન બંધાય તે સમજી શકાય તેમ છે. રાગ-દ્વેષાદિ કોઈ પ્રવૃત્તિ જ નથી તો તેમાંથી નિવૃત્તિ જ હોય ને ? તે સંબંધે કહ્યું છે કે :-

સિદ્ધાણં નત્થિ દેહો ન આઉ કમ્મં ન પાણ જોણીઓ ।
સાઈ-અણંતા તેસિં ઠિઈ જિણંધગમે ભણિઆ ।।

સમજી શકાય કે શરીર ન હોવાથી નથી જન્મ-મરણ, નથી કર્મ,

નથી ઈન્દ્રિયો, નથી શ્વાસોશ્વાસાદિ ૧૦ પ્રાણો, નથી ઉત્પન્ન થવાની યોનિ જેથી તેની સ્થિતિ સાદિ અનન્ત છે. સિદ્ધાત્માનો ક્યારેય અન્ત ન થાય કેમકે તેઓએ મોક્ષ મેળવી લીધો છે.

હિન્દુ ધર્મશાસ્ત્રમાં અવતારવાદની કલ્પના કરી છે. તેમના ભગવાન ફરી ફરી અવતાર લે છે. જન્મ લઈ લીલાદિ કરે છે. જૈન શાસનમાં તેવી કલ્પનાને સ્થાન નથી કેમકે અપુનરાવૃત્તિમાં એક વાર જ્યાં ગયા પછી પાછા આવવાનું નથી. શા માટે પાછા મહા ભયંકર ભવસાગરમાં ડૂબવા આવે ? કલ્યાણ મંદિરની ૪૧ની ગાથામાં તે અંગે કહ્યું છે :-

દેવેન્દ્ર વંદ્ય ! વિદિનાખિલ વસ્તુસાર ! સંસાર તારક ! વિભો ! ભુવનાધિનાથ ત્રાયસ્વ દેવ ! કરુણાહ્રદ ! માં પુનીહિ, સીદન્તમદ્ય ભયદવ્યસનામ્બુરાશે: ॥

નિર્વાણ એટલે મોક્ષ. તે માટે કહ્યું છે કે :-'સંજમ સારં ચ નિવ્વાણં' ઉપર આપણે જોયું તે પ્રમાણે આત્મા જૈનદર્શન પ્રમાણે નિત્યાનિત્ય છે એટલે નિત્ય પણ છે અને અનિત્ય પણ. સ્વદ્રવ્ય સ્વરૂપે નિત્ય છે; જ્યારે સંસારમાં તેના પર્યાયો જેવાં કે દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી પર્યાય વિચારતાં તે અનિત્ય પણ છે. તે લોકનું નિશ્ચિત આયુષ્ય પૂરું થતાં તેને એક પછી એક ગતિમાંથી કર્મ અનુસાર બીજી ગતિમાં જવું જ પડે છે.

શું આત્મા સર્વવ્યાપી છે ? તેવું માનનારાં દર્શનો છે તેને વિભુ એટલે સમસ્ત સંસારના સર્વ મૂર્ત દ્રવ્યોનો સંયોગ કરનાર; સર્વ મૂર્તદ્રવ્ય સંયોગિત્વ એટલે વિભુ જો તેમ માનીએ તો આપણને બધાં જીવોના સુખદુ:ખાદિની અનુભૂતિ થવી જોઈએ, જે શક્ય નથી કેમકે તેવો કોઈને અનુભવ નથી. આના કરતાં આત્માને પોતાના જ્ઞાનગુણથી સર્વવ્યાપી માનવો એ વધુ યુક્તિયુક્ત છે. કેવળી આત્મા જ્ઞાન ગુણથી સમસ્ત લોક-અલોકમાં બધું જાણી શકે છે, જોઈ શકે છે. આ રીતે વિચારતા આત્માને વિભુ ન માનતાં કેવળજ્ઞાનથી સર્વવ્યાપી માનવો હિતાવહ છે.

આત્મા ક્યાં સુધી વિચરી શકે ? જ્યારે તે અઢી દ્વીપના ક્ષેત્રમાંથી શરીર છોડે, મુક્ત બને ત્યારે ઋજુગતિએ ગમન કરતો એક જ સમયમાં તે ચૌદ રાજલોકની ટોચ પર સિદ્ધશિલાએ પહોંચી જાય છે. તેથી કહ્યું છે કે 'લોઅગ્ગમુવગયાણં'. ઋજુ-સરલ ગતિથી ૯૦ના અંશે સીધો ધર્માસ્તિકાયની સાહાય્યથી લોકાગ્રે સ્થિર થઈ જાય છે.

પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય કે તે સર્વશક્તિમાન તેથી લોકની ઉપર કેમ જતો નથી ? જઈ શકતો નથી ? લોકની આગળ અલોક પણ લોક કરતાં ઘણું વિશાળ અને વ્યાપક છે. ૪૫ લાખ યોજન લાંબી પહોળી સિદ્ધશિલા પર સાંકડેમોકડે બધાંને ત્યાં સમાવું પડે છે. જો તેથી પણ ઉપર જાય તો મોકળાશ મળે ને ? અત્રે આ સમજવાનું છે કે જેવી રીતે શાંતિ કરવામાં ધર્માસ્તિકાય સહાય્ય કરે છે તેવી રીતે સ્થિતિ કરવામાં, સ્થિર થવામાં સહાયક તત્ત્વ અધર્માસ્તિકાય છે. ધર્માસ્તિકાય ફક્ત લોકમાં જ છે તેની બહાર તેના અભાવથી અલોકમાં ગતિ કરવી અશક્ય છે. તેથી જ્યાં સુધી સ્થિતિ સાહાયક અધર્માસ્તિકાય છે ત્યાં સુધી પહોંચી સ્થિર જ થવું રહ્યું. માટે કહ્યું છે કે :-

કિં સિદ્ધાલયપરઓ ન ગઈ ? ધમ્માત્થિકાય વિરહાઓ ।
સો ગઈ ઉવગ્ગહકરો લોગમ્મિ જ મત્થિ નાલોએ ।। ૧૮૫૦

તેથી આત્મા એક સમયમાં દેહ ત્યજી, સાત રાજલોક ક્ષેત્ર કાપી સરળ, સીધો ગતિ કરતો ગંતવ્ય સ્થાને સ્થિર થઈને રહે છે.

આત્માના આઠ ગુણો જે કર્મોથી આવરિત થયેલાં હતાં તે મૂળ ગુણો જેવાં કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર (શુદ્ધ ચારિત્ર-યથાખ્યાત ચારિત્ર) અનંતવીર્ય, અનામી-અરૂપીપણું, અગુરુલઘુ, અનંતસુખ (અવ્યાબાધ સુખ), અને અક્ષયસ્થિતિ. આત્મા અખંડ સ્કંધ હોવાથી એક સમૂહમાં હોય, સર્વ અવિભાજ્ય છે. તેથી પરમાણુરૂપ ધારણ ન કરવાથી તે અચ્છેદ્ય, અભેદ્ય, અકાટ્ય, અદાહ્ય, અવિભાજ્ય છે. ભગવદ્ ગીતામાં પણ આવું જ કહ્યું છે :

મુક્તિ પામેલો આત્મા લોકાગ્રે તો પહોંચ્યો. ગતિ સાહાય્યક ધર્માસ્તિકાય ત્યાં હોવાથી તે પડી શકે પણ તે પડતો નથી, સ્થિર થઈ રહે છે. તેનું રહસ્ય આમ બતાવ્યું છે :-

નહ નિરયતઓ વા થાણવિણાસપયણં ન જુત્તં સે ।
નહકમ્માભાવાઓ પુમાક્કિયા જાવઓ વાવિ ।। ૧૮૫૭

તેનું કારણ આ પ્રમાણે છે. આ સ્થાન આકાશની જેમ નિત્ય હોવાથી વિનાશશીલ નથી; વિનાશના અભાવે પતન ન થઈ શકે. વળી પતનાદિ ક્રિયામાં કર્મ જે પ્રધાન કારણ છે તે તો ત્યાં છે જ નહીં. આત્મા સર્વકર્મ મુક્ત થયો છે. તેથી પતનની શક્યતા રહેતી નથી. આત્માના પ્રયત્નથી પ્રેરણા, આકર્ષણ, વિકર્ષણ તથા ગુરુત્વાકર્ષણ પતનના કારણના અભાવે મુક્તાત્માને પતન અશક્ય છે.

સંસારમાંથી જીવ મોક્ષ પામી સિદ્ધશિલા જે ૧૪ રાજલોકની ટોચ પર વ્યવસ્થિત છે ત્યાં પહોંચી કાયમ માટે સ્થિર થઈ રહે છે. હવે અનંતાનંત પુદ્ગલપરાવર્ત થઈ ગયા. શાસ્ત્રાનુસાર દર છ મહિને એક જીવ સિદ્ધ થાય અને એક જીવ નિગોદમાંથી બહાર નીકળે. સિદ્ધશિલાનું ક્ષેત્ર મર્યાદિત છે. તે ૪૫ લાખ યોજનના ક્ષેત્ર ફળવાળી છે. અત્યાર સુધીમાં અનંતાનંત જીવો મોક્ષ પામ્યા હશે અને અત્રે શાન્ત સ્થિતિમાં રહે છે. પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આટલી મર્યાદિત જગામાં તે બધાંનો સમાવેશ કેવી રીતે શક્ય છે ? અહીં આ ગાથામાં પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે :-

પરિમિયદેસેડણંતા કિહમાયા ? મુત્તિવિરહિત્તાઓ ।
ણેયમ્મિ વ નાણાઈ દિઠ્ઠીઓ વેગરુવમ્મિ ।। ૧૮૬૦

જેવી રીતે નૃત્ય કરનારી નર્તકીના ઉપર તે નૃત્ય જોનારા બધાંની દૃષ્ટિ એક પર થઈ શકે છે, અથવા એક નાની સોયના પર અનેકોની દૃષ્ટિ પડી શકે છે તેવી રીતે મોક્ષ મેળવનારાનો વિરહ ન હોવાથી પરિમિત ક્ષેત્રમાં સમાઈ શકે છે.

બીજું ઉદાહરણ દીવડાઓનું છે. એક નાના ઓરડામાં ઘણાં દીવડાની જ્યોત સમાઈ શકે છે, દરેક સ્વતંત્ર છે, એક બીજામાં ભેગી થતી નથી, બધામાંથી બે-પાંચ-દશ દીવડાની જ્યોતને બહાર લઈ જઈ શકાય છે, જનારાની સાથે જ્યોત પણ જાય છે. તેવી રીતે અનેકાનેક મોક્ષ પામેલા એકત્ર રહી શકે છે. જ્યોત ભેગી પણ રહે, અલગ પણ થઈ શકે છે. આ રીતે અનેક મોક્ષે ગયેલા સ્વતંત્ર તથા એક સાથે રહી શકે છે.

વળી કાળપરંપરા અનાદિથી છે. કોનું શરીર પ્રથમ હતું, પ્રથમ નિગોદમાંથી કોણ નીકળ્યો ? પ્રથમ કોણ મોક્ષે ગયું ? આનો ઉત્તર આપવો અસંભવ છે, અશક્ય છે. જેવી રીતે મરઘી પહેલાં કે ઈંડું ? રાત્રિ પહેલા કે દિવસ ?

તેથી સિદ્ધોની આદિ કહેવી શક્ય નથી. પરિમિત સિદ્ધક્ષેત્રમાં સિદ્ધો સમાવિષ્ટ થઈ શકે છે. તે કહેનાર કેવળી ભગવંતો છે જેઓ જ્ઞાન, દર્શનના ઉપયોગ વડે બધું સાચું જોઈ તથા જાણી શકે છે. તેથી તેઓના પ્રરૂપિત વિષયોમાં શંકાને સ્થાન નથી કેમકે-

'તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઈયંમ્'

(ક્રમશઃ)

# સાહિત્યમાં આદર્શવાદ

□ પ્રો. જશવંત શેખડીવાળા

સાહિત્ય એટલે 'લલિત સાહિત્ય' એવો અર્થ સ્વીકારી, સાહિત્યમાં નિરૂપિત આદર્શવાદ વિશે ચર્ચા કરવાનો મારો ઉપક્રમ છે. લલિત સાહિત્યના ક્ષેત્રમાં કવિતા, નાટક, નવલકથા, ટૂંકી વાર્તાનાં સ્વરૂપોનો સમાવેશ થાય છે. તેમાં આદર્શવાદનું કેવું નિરૂપણ થાય છે તે અંગે અહીં વિચારણા કરીશું.

લલિત સાહિત્ય સર્જકની અનુભૂતિ અને કલ્પનામાંથી તેમ જ ભાષાકીય અભિવ્યક્તિના કૌશલ અને નિરૂપણશક્તિમાંથી સર્જાય છે. તેમાં તેનાં અનુભવ, દર્શન, શ્રવણ, પારિવારિક સંસ્કાર, શિક્ષણ, વાચન, શ્રદ્ધા, ભાવ-વિચાર તેમજ કોમ-સમાજ-પંથ-ધર્મના સંસ્કારનો યોગ સધાય છે. લેખકનું પોતાનું જીવનદર્શન પણ તેમાં પ્રતિબિંબિત થાય છે.

પરિણામે વિવિધ શિક્ષણ, સંસ્કાર, માન્યતા, વિશ્વાસ, મનોવલણ ધરાવતા સર્જકોની કૃતિઓ વિવિધ રૂપની બને છે. આદર્શવાદી સર્જકની કૃતિ મહદંશે આદર્શવાદી બને છે; યથાર્થવાદી સર્જકની કૃતિ વાસ્તવવાદી બને છે; અસ્તિત્વવાદી સર્જકની કૃતિ અસ્તિત્વવાદી બને છે. કાલિદાસ, ગબ્ટે, ટૉલ્સટૉય, ગો. મા. ત્રિપાઠી, ન્હાનાલાલ, દર્શક આદિ આદર્શવાદી સ્વ-ભાવના લેખકો છે; તેથી તેમની કૃતિઓ પ્રધાનત: આદર્શવાદી બની છે.

આ 'આદર્શવાદ' શું છે, તે પ્રથમ જાણી લેવું જોઇએ. આદર્શવાદ મૂલત: સંસ્કૃત તત્સમ શબ્દ છે; પરંતુ તે યોજાયો છે અંગ્રેજી 'આઈડિયાલિઝમ' (Idealism) ના પર્યાય તરીકે. 'આઈડિયાલિઝમ' શબ્દ અંગ્રેજી 'આઈડિયા' (Idea) શબ્દ પરથી ઘડાયો છે. અંગ્રેજી શબ્દાર્થકોશોમાં 'આઈડિયા' સંજ્ઞાના અનેક અર્થ અપાયા છે: વિચાર, ખ્યાલ, વિભાવના. તત્ત્વજ્ઞાનના સંદર્ભમાં 'આઈડિયા'નો અર્થ છે-ઈંદ્રિયગોચર જગતના પ્રત્યેક પદાર્થનો મૂળ સ્રોત, તેનો 'પ્રત્યય' યા 'કલ્પ.' 'આઈડિયા' પરથી બનેલ 'આઈડિયલ' શબ્દના પણ તેથી અનેક અર્થ થાય છે. પરંતુ તેનો સામાન્ય બહુપ્રચલિત અર્થ છે: અનુકરણીય પરિપૂર્ણ બાબત (A Perfect Example), ઉચ્ચ યા સંપૂર્ણ માપદંડ (High or Perfect Standards). સાહિત્ય અને કલાના સંદર્ભમાં તેનો અર્થ છે: પૂર્ણતા, સૌન્દર્ય યા ઉત્કૃષ્ટતાનો ખ્યાલ (A Standard of Perfection, beauty or excellence). અર્થાત્ જેમાં વ્યક્તિ, જીવન અને જગત ખરેખર છે તેવાં નહિ પણ કેવાં પૂર્ણ યા ઈષ્ટ હોવાં જોઈએ, તેનું નિરૂપણ થયું હોય તેવું સાહિત્ય 'આદર્શવાદી' કહેવાય. વ્યક્તિનાં ઉચ્ચ વ્યાવહારિક-નૈતિક-ધાર્મિક-આધ્યાત્મિક અને સૌન્દર્યપરક વિચારો, ભાવનાઓ અને સ્ફુટ-સૂક્ષ્મ કાર્યોને મૂર્ત કરતા જીવન-જગતનું નિરૂપણ કરતા સાહિત્યને 'આદર્શવાદી' કહી શકાય.

સાહિત્યમાં નિરૂપાતા આદર્શવાદનો સંબંધ વિશેષત: મનુષ્યના આંતરિક જીવનના-ભાવજગતના આલેખન સાથે છે. આંતરિક જીવન સુખ, પ્રસન્નતા, સંતોષ, આનંદ, સુંદરતા ઝંખે છે; બાહ્ય જીવન, ઐશ્વર્ય વૈભવ, ભૌતિક સમૃદ્ધિ ચાહે છે. આદર્શવાદી સર્જક માને છે કે જ્યાં સુધી મનુષ્યને આંતરિક સુખ નથી મળતું ત્યાં સુધી તેને ખરા આનંદની પ્રાપ્તિ થતી નથી. જ્યાં સુધી તેને શાશ્વત ચિરંતન આનંદ અને સત્ય વિશેનું જ્ઞાન નહિ સાંપડે, ત્યાં સુધી તેનું મન અજંપો અનુભવતું રહેશે. તેથી, આદર્શવાદી લેખકની કૃતિ, માનવજીવનની આંતરિક ઝંખના-પ્રવૃત્તિ-પ્રાપ્તિનું નિરૂપણ કરે છે; ઉચ્ચ જીવનની સંભાવનાઓના પ્રકાશનને તાકે છે; સુંદર-આનંદમય જગતના સર્જન અને ઘડતર માટે મથે છે. તે એવાં જીવનમૂલ્યોના નિરૂપણ પ્રતિ અભિમુખ અને સક્રિય રહે છે, જે શુભ કલ્યાણકારી અને સર્જનાત્મક હોય છે. તે વ્યક્તિ કરતાં સવિશેષ સમષ્ટિનું કલ્યાણ વાંછે છે, પ્રેય કરતાં શ્રેયને અધિક મહત્ત્વ આપે છે. તેથી જ, તેમાં જીવન છે તેવું નહિ પણ તે કેવું ઉત્કૃષ્ટ કોટિનું હોવું જોઈએ તેનો ખ્યાલ મૂર્ત કરવાનો પ્રયાસ હોય છે. તેમાં વ્યવહાર જગતની વિષમ, વિકટ, કઠોર, વિકરાળ વાસ્તવિકતાની અપેક્ષાએ ઉત્કર્ષપ્રેરક, કલ્યાણકારક, સંવાદિત, ન્યાયયુક્ત, મંગલમય, આહલાદક ભાવના-જગતનું આલેખન કરવા પ્રતિ લેખકનું વિશેષ વલણ હોય છે. તેમાં દૂરિતનું નિરૂપણ થાય છે; પરંતુ તેને પડકારતા, હંફાવતા અને પરાજિત કરતા સદ-તત્ત્વના વિજયનું યા તેના મહિમાનું સવિશેષ નિરૂપણ થાય છે. 'કવિન્યાય' (Poetic Justice) માટે તેમાં આગ્રહ રખાય છે. ઉચ્ચ આદર્શ (Ideal) ને મૂર્ત કરવા માટે લેખક તેની કૃતિમાં તદનુરૂપ દ્યોતક વસ્તુ-પાત્ર-વાતાવરણનું, ઉપયુક્ત બાની-રીતિમાં, આલેખન કરે છે. વાલ્મિકી, કાલીદાસ, ગબ્ટે, ટૉલ્સટૉય, ગોવર્ધનરામ ત્રિપાઠી, ન્હાનાલાલ, દર્શક, (મધ્યકાલીન જૈન-સૂરિ કવિઓ) વગેરે આદર્શવાદી સર્જકોની કૃતિઓ વાંચતાં આ વસ્તુની પ્રતીતિ થાય છે.

પરંપરિત કંઠસ્થ લોકસાહિત્યમાં પણ પ્રેમ-પ્રેમી, સતી-સતીત્વ, પરદુ:ખભંજન પ્રવૃત્તિ, સ્વામીભક્તિ વગેરે વિશેના લોકાદર્શ ચરિતાર્થ થયેલા જોવા મળે છે. સોન-હલામણ, નાગવાળો-નાગમદે જેવી લોકકથાઓ, વિક્રમવિષયક દંતકથાઓ તેમજ પોતાના રાજા, ઠાકોર યા ગામ કે ટેક માટે ધીંગાણે ચડી ખપી જતા શૂર-વીરોની લોકકથાઓ તેનાં ઉદાહરણ છે.

શિષ્ટ સાહિત્યમાં ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર' નવલકથામાં કુમુદ અને ગુણસુંદરીનું વ્યક્તિગત અને પારિવારિક જીવન તેમજ સુંદરગિરિનાં સાધુઓનું જીવન પ્રધાનત: આદર્શમય આલેખ્યું છે. અન્યના સુખ માટે યા લોકકલ્યાણ માટે તેઓ અને સરસ્વતીચંદ્ર દ્વારા જે સેવા અને સ્વાર્પણ થાય છે, તે ઉચ્ચ આદર્શથી પ્રેરિત છે. ન્હાનાલાલે 'ઈન્દુકુમાર'માં સ્નેહ અને સ્નેહલગ્નનો તેમજ લોકકલ્યાણનો અને 'જયા-જયંત'માં આત્મલગ્નનો આદર્શ, દ્યોતક વસ્તુ-પાત્ર-કાર્ય-સંવાદ દ્વારા, મૂર્ત કરવાનો પ્રયાસ કર્યો છે. ર. વ. દેસાઈ 'ભારેલો અગ્નિ'માં રુદ્રદત્તના અને 'દિવ્યચક્ષુ'માં જનાર્દનના પાત્ર દ્વારા પ્રેમ અને અહિંસાના આદર્શને ચરિતાર્થ કરવા માટે મથતા દેખાય છે. દર્શક 'ઝેર તો પીધાં છે જાણી જાણી'માં પ્રેમ, કરુણા, વિશ્વશાંતિ, સ્વાર્પણશીલ અને સેવાભાવી જીવનના આદર્શનું અને તેના ગૌરવનું નિરૂપણ કરે છે.

આમ, ગુજરાતીમાં (અને અન્ય ભારતીય ભાષાઓમાં તેમજ પશ્ચિમમાં-યુરોપીય ભાષાઓમાં) થોડાક લેખકો દ્વારા પ્રસંગોપાત્ત આદર્શવાદી સાહિત્યકૃતિઓ લખાતી રહી છે. રોમેન્ટિક લેખકોની કૃતિઓમાં તેમજ વિજ્ઞાન-કથા (Science-fiction) માં પણ કેટલીકવાર આદર્શવાદી પાત્રો-વિચારો-પ્રવૃત્તિઓનું દર્શન થાય છે. પરંતુ સર્જકો-વાચકો-વિવેચકોની બહુમતી વાસ્તવપ્રધાન યા યથાર્થવાદી કૃતિઓની જ પક્ષપાતી રહી છે. આદર્શવાદી કૃતિઓમાં પણ વસ્તુ-પાત્ર-વાતાવરણનું નિરૂપણ વાસ્તવિક લાગે એ રીતે થાય તેની તે આગ્રહી રહી છે.

દેશી યા વિદેશી કોઈ ભાષાના સાહિત્યક્ષેત્રે આદર્શવાદી કૃતિઓનો કોઈ યુગ પ્રવર્ત્યો હોય, યા તે અંગેનું કોઈ આંદોલન ચાલ્યું હોય, તેવું જોવા મળતું નથી. આદર્શવાદી કૃતિઓનું સર્જન થોડા છૂટાછવાયા

લેખકો પૂરતું સીમિત રહ્યું છે. આદર્શવાદી જણાતી કૃતિઓમાં નીતિવાદી વસ્તુ-નિરૂપણ અનેકવાર પોતાનું વર્ચસ્ જમાવી દેતું હોવાથી, આવી કૃતિઓ વાચકો-વિવેચકોનો વિશેષ પ્રેમાદર પામી શકતી નથી. તેથી, અનવદ્ય આદર્શવાદી સાહિત્યકૃતિ ભાગ્યે જ જોવા મળે છે. આદર્શવાદી કૃતિમાં પણ વ્યક્તિ-જીવન-જગતનું વાસ્તવિક નિરૂપણ કરવાની પ્રવૃત્તિ તેમના આદર્શ-નિરૂપણની સાથોસાથ ચાલતી હોય છે. પરિણામે તેમાં વ્યક્તિ-જીવન-જગતનું કાં તો આદર્શોન્મુખ યથાર્થવાદી નિરૂપણ થાય છે યા વાસ્તવાભિમુખ આદર્શવાદી નિરૂપણ થાય છે. ટૉલ્સટૉય, ટાગોર, પ્રેમચંદ વગેરેની નવલકથાઓ તેનાં ઉદાહરણ છે.

આદર્શવાદી સાહિત્યકૃતિઓ આનંદ અને જીવન વિકાસોપયોગી અવબોધ યુગપદ આપે છે, જો કે અવબોધ પ્રતિ તે વિશેષ ઢળતી હોય છે. પરંતુ આદર્શવાદી કૃતિના નિરૂપણમાંય કલાના નિયમોનું તો અનુસરણ થવું જ જોઇએ. વસ્તુગત ઘટનાઓ-પરિસ્થિતિઓ-વાતાવરણ પ્રતીતિકર લાગે, પાત્રો જીવંત મનુષ્યો જેવાં સુરેખ સજીવ હૃદ્ય અનુભવાય, તેમનાં ભાવ-વિચાર-વાણી-વ્યવહાર સ્વાભાવિક લાગે, તેમનું આલેખન તાર્કિક ઉપરાંત માનસશાસ્ત્રીય સચ્ચાઈપૂર્વક થયું હોય, કૃતિના વિભિન્ન ઘટકોનું સંયોજન, સાંધો કે રેણ ન કળાય તેવું, સામંજસ્યપૂર્ણ-સૌષ્ઠવયુક્ત-એકરૂપ થયું હોય, તો જ આદર્શવાદી કૃતિઓ આનંદપ્રદ કલાકૃતિઓ પણ બની રહે. અમુક આદર્શવિશેષ સિદ્ધ કરવા માટે વસ્તુ-પાત્ર-કાર્ય-શૈલી-નિરૂપણમાં અપ્રતીતિકર કૃતકતા યા તાલમેલિયાપણાનો સાયાસ આશ્રય લેવાય, તો કૃતિ યા તેના સંબંધક અંશો નીરસ જ બની રહે. ટૉલ્સટૉયની 'પુનર્જીવન' કે 'અન્ના કેરેનિના' યા ગોવર્ધનરામ કૃત 'સરસ્વતીચંદ્ર' જેવી નવલકથાઓ (કેટલાક નીરસ ખંડો બાદ કરતાં) કેમ મહદંશે સરસ બની છે, અને ન્હાનાલાલનાં 'ઈંદુકુમાર', 'જયા-જયંત', 'વિશ્વગીતા' જેવાં નાટકો (થોડાક સરસ અંશો બાદ કરતાં) કેમ મહદંશે નીરસ બન્યાં છે, તે આ બાબતને લક્ષમાં લેતાં બરાબર સમજી શકાશે.

કલાના નિયમોને ઉવેખીને રચાયેલી આદર્શવાદી કૃતિ, તેમાંના અમુક ભવ્ય આદર્શોના નિરૂપણને જ કારણે, આપોઆપ ઉત્તમ બની જાય નહીં. દર્શક કૃત નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ની સુરેશ જોશી અને તેમના નાટક 'પરિત્રાણ'ની જયંતી દલાલે કરેલી કડક છતાં યથોચિત આલોચના વાંચતાં આદર્શવાદી કૃતિની આવી વિષમ વસ્તુસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ગાંધીયુગના ર. વ. દેસાઈ ('દિવ્યચક્ષુ', 'ગ્રામલક્ષ્મી'), ઉમાશંકર જોશી ('વિશ્વશાંતિ', 'આતિથ્ય'), રામનારાયણ ના. પાઠક ('જગતનો તાત', 'પચાસ વર્ષ પછી'), દર્શક ('ઝેર તો પીધાં છે જાણી જાણી', 'સોક્રેટીસ') વગેરે સર્જકોની કૃતિઓ પ્રકાશનકાળે અતિ પ્રશંસા પામી હતી; પરંતુ અલ્પ સમયાવધિમાં જ તેમની આભા હવે ઝાંખી પડી ગઈ છે અને તેમની પ્રશસ્તિ કાં અટકી ગઈ છે, યા ઓછી થઈ ગઈ છે.

આદર્શવાદી કૃતિમાં પણ, આદર્શના નિરૂપણની સાથે, કલાત્મકતા અને આનંદપ્રદતાની અપેક્ષા અવશ્ય રહે જ. આદર્શજન્ય અને આદર્શોન્મુખ બોધાત્મકતા લાલિત્યમય રસળતા રૂપમાં જ કૃતિમાં આવી શકે. જ્યાં બોધાત્મકતા કલાત્મકતા અને આનંદપ્રદતાને દબાવી દઈ, તેમના પર ચડી બેસે યા હાવી થઈ જાય, ત્યાં નીરસતા જ સર્જાય. કૃતિ માટે આવી સ્થિતિ ઈષ્ટ ન લેખાય. વાચકો અને વિવેચકો તેને કદી આવકારે નહીં, તેનો પુરસ્કાર કદી કરે નહીં.

---

# 'ભાત ભાત કે લોગ'

## ☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

મારો મિત્ર પુંજીરામ ભગત. વ્યવસાયે ખેડૂત, જબરો ખેડૂત. એકવાર દુષ્કાળ રાહતમાં સો મણ બાજરી દાનમાં આપેલી. સંત કબીરમાં એને સો વસા શ્રદ્ધા. કોઈપણ કબીરપંથી ગામમાં પધારે તો પુંજીરામ ભગત ખેતીનું કામ પડતું મૂકીને સંતોની સેવા કરે, રાત દિવસ, ખડે પગે સેવા કરે ને શ્રવણ દ્વારા જ્ઞાન ને સંસ્કારનું સંબલ અંકે કરે. યુનિવર્સિટીમાં કોઈ હિંદીના પ્રોફેસર કરતાં પુંજીરામ ભગત કબીર પર વધુ પ્રકાશ પાડી શકે. મારા એ મિત્રના વીસેક પત્રો મારી પાસે હશે.

એકવાર આ ભગતને ભૂત ઉપડ્યું: 'જીવતે જીવત ઠાઠડીમાં બંધાઈ સ્મશાન ભેગા થવાનું ! આવા સાહસમાં કોણ સહકાર આપે ? પણ એમ નાસીપાસ થાય તો પુંજીરામ ભગત નહીં!' પૈસા આપીને અર્ધો ડઝન કમાલિયા (પવૈયા) ભાડે કર્યા. ઘરેથી ઠાઠડી બાંધી ચકલે ચકલે ઠાઠડી ઉતારી, મૃતકનું માતમ ગાવાનું, એના નામનાં છાજિયા લેવાનાં, એના નામના રાજીયા ગાવાના. આવું ગાનાર-ગવડાવનાર બે મિયાણીઓને પણ ઊભી કરી ને પછી તો 'ડંકો વાગ્યો ને લશ્કર ઊપડ્યું' જેવો ઘાટ થયો.

ભગતની પત્ની સૂરજબહેન કહે: 'મારા રોયાને ક્યાંથી આવાં ગતકડાં સૂઝે છે ?' ભગતનું ઘર, મારા ઘરથી લગભગ ત્રણસો ફૂટ દૂર. એના ઘરેથી ઊપડેલી ઠાઠડી અમારા ડેલા આગળ ઊતરી...ફાતડા ને મિયાણીઓ કૂટે ને હસતાં હસતાં રાજિયા ગાય. લોકોની ઠઠ જામેલી...અજાણ જણ પૂછે: 'કોણ ગયું ? જાણ્યા બાદ એ પણ અટ્ટહાસ્ય કરે. કલાકેક સુધી આ ભવાઈ (!) ચાલી ને ખારી નદીને કિનારે આવેલ સ્મશાને કૃતકદાહ (!) દઈ ભગતજી પાછા પધાર્યા ! આવીને મને કહે 'અનામી! ખૂબ મઝા આવી. આ પણ અનુભવ લેવા જેવો છે. કબીરજીની પંક્તિનો સાક્ષાત્કાર થયો: 'આપ મુએ પિછે ડૂબ ગઈ દુનિયા.'

મસ્તકવિ બાલાશંકર કંથારિયાને કોણ નથી ઓળખતું ? તેઓ 'કવીશ્વર' દલપતરામના શિષ્ય. દલપતરામની એક કવિતામાં એવું આવે છે કે બધા જ, મધુર કંઠે ગાનાર કોયલને પસંદ કરે છે ને મેના પોપટને પાળે છે પણ કર્કશ કંઠવાળા કાગડાને કોઈ જ પાળતું નથી; પંક્તિ છે: 'કોઈ ન પાળે કાગ.' મસ્તકવિને એકવાર તુક્કો સૂઝ્યો; કાગડો પાળવાનો, પણ પ્રકૃતિ-ચતુર કાગડો એમ કંઈ ઓછો ઘાટમાં આવે ? દિવસો સુધી ભાતભાતના તર્ક લડાવી એકવાર એક કાગડાને ફસાવ્યો ને પાંજરામાં પૂરી થોડાક દિવસ માટે પાળ્યો પણ ખરો ! આ દૃશ્ય જોવા માટે એમણે એમના ગુરુને કોઈ નિમિત્તે ઘરે આમંત્ર્યા ને પાંજરામાંનો કાગડો બતાવ્યો. બતાવીને કહે: ગુરુજી ! તમારી એક કવિતામાં આપે લખ્યું છે:

'કોઈ ન પાળે કાગ'...તમારી એ પંક્તિને ખોટી પાડવા મેં આ ત્રાગડો રચ્યો છે. એ પછી 'કવીશ્વર' દલપતરામે થોડોક ફેરફાર કરીને આમ લખ્યું: 'કો'ક જ પાળે કાગ.'

દલપતરામની બીજી એક કવિતામાં અંગ્રેજ સરકારની પ્રશસ્તિ કરતાં

લખ્યું છે: 'હરખ હવે તું હિંદુસ્તાન'. શા માટે ? તો લખે છે: અંગ્રેજ સરકારના રાજ્યમાં એવી ધાક છે કે રસ્તે રખડતી બકરીનો પણ કાન પકડતાં લાખવાર વિચાર કરે. દલપતરામના ચિરંજીવી ન્હાનાલાલ એમના એક ટીખળી મિત્ર સાથે નિશાળે જતા હતા...ને રસ્તામાં બકરી મળી...ટીખળી મિત્રે કાન પકડી ન્હાનાલાલને કહ્યું: 'તારા પિતાને કહેજે કે એ પંક્તિ ફેરવી નાખે ! 'દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન'. મને ચોક્કસ ખબર નથી પણ સંભવ છે કે આ ટીખળી મિત્ર 'ભસેંગા ઓર કાટેંગા'ના લેખક ડૉ. હરિપ્રસાદ દેસાઈ હોય !

આજથી અર્ધી સદી પૂર્વે હું પીએચ.ડી. કરતો હતો. સિંહાસન બત્રીસી'ના વાર્તાચક્રના તુલનાત્મક અધ્યયન સહિત મારે મલયચન્દ્રકૃત 'સિંહાસન બત્રીસી'ની સમીક્ષિત વાચના તૈયાર કરવાની હતી. મલયચન્દ્રની 'સિં.બ'ની રચના સાલ સંવત ૧૫૧૯ છે...એની સાથે સાથે મારે સંસ્કૃત અને ગુજરાતી-રાજસ્થાનીમાં પ્રગટ થયેલી 'સિંહાસન બત્રીસી'ના વાર્તાચક્રનો તુલનાત્મક ખ્યાલ આપવાનો હતો. આવી લગભગ ૧૯ સિંહાસન બત્રીસીઓ, ભારતભરના ભંડારોમાંથી મેં મેળવેલી. તેમાં સંવત ૧૬૧૬માં રચાયેલી સિદ્ધિસૂરિની 'સિં.બ.'ની વાર્તા, સમગ્ર રીતે જોતાં, ઉપલબ્ધ બધી કૃતિઓમાં બહુ વિશિષ્ટ કોટિની હતી. એની એક હસ્તપ્રત લીંચ (જિલ્લો: મહેસાણા)ના જૈન જ્ઞાનભંડારમાંથી મળેલી. આ શોધ-પ્રબંધનું કામ કરતાં કરતાં મારા એક વિદ્વાન મિત્ર પાસેથી જાણવા મળ્યું કે જુની ગુજરાતીના ફલાણા ફલાણા વિદ્વાન પાસે સિદ્ધિસૂરિની 'સિ.બ.'ની હસ્તપ્રત છે. માહિતીને આધારે હું એ વિદ્વાનને મળ્યો ને એ હસ્તપ્રત આપવા વિનંતી કરી તો મને કહે: 'તમે મારા પ્રતિસ્પર્ધીના માર્ગદર્શન નીચે પીએચ.ડી. કરો છો એટલે હું નહીં આપું.' એ હસ્તપ્રત વિના મેં મારું કામ પૂર્ણ કર્યું ને પ્રસ્તાવનામાં લખ્યું કે સિદ્ધિસૂરિની એક હસ્તપ્રત મારી જાણમાં ઢીંકણા પાસે છે પણ અંગત કારણોને લીધે મને ઉપલબ્ધ થઈ નથી ! મને ઉપાધિ મળી ગઈ ને યુનિવર્સિટીએ એ શોધપ્રબંધ પ્રગટ કરવાનું નક્કી કર્યું...આ વાતની જાણ પેલા વિદ્વાનને થતાં તેઓ હસ્તપ્રત સાથે મારી પાસે આવી કહે: 'અનામીજી ! તમારા શોધપ્રબંધમાં આનોય ઉચિત ઉપયોગ કરો !' મને નવાઈ લાગી. મેં એનો યથાર્થ વિનિયોગ તો કર્યો ને મારા માર્ગદર્શકને એની જાણ કરી તો તેઓ મને કહે: 'એમણે તમને હસ્તપ્રત શા માટે આપી...ખબર છે ? મેં 'ના' ભણી તો કહે: 'એ તો આ શોધ-પ્રબંધ પ્રગટ થાય એટલે એક નકલ તમો એમને આપોને, એટલે ?' મેં કહ્યું: 'એવું તે હોય ?' તો કહે: 'તમે એમને પિછાનતા નથી. એ તો પાંચ પૈસા માટે પગપાળા પાવાગઢ જાય એવા છે.'

હું તો બેઉને લાગું પાય: નમોનમ:

સને ૧૯૩૫થી ૧૯૩૮ સુધીમાં, અમદાવાદમાં 'ગુજરાત સમાચાર'-દૈનિક ને 'પ્રજાબંધુ' અઠવાડિકમાં નોકરી કરનારની એક સારી 'ટીમ'હતી. તંત્રી શ્રી ઈન્દ્રવદન ઠાકોર ને સહતંત્રી શ્રી કપિલભાઈ તો ખરા જ; પણ 'પ્રજાબંધુ'ના તંત્રી શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ (સાહિત્યપ્રિય) 'કર્મયોગી રાજેશ્વર' અને 'જીગર અને અમી'ના લેખક તરીકે ગુજરાત-ખ્યાત હતા. 'ગુજરાત સમાચાર'માં ધારાવાહી ને દરિયાઈ સાહસની નવલકથાઓ લખનાર શ્રી ગુણવંતરાય આચાર્ય હતા-ચુનીભાઈના મદદનીશ તરીકે. સુરતની એમ.ટી.બી.કૉલેજમાંથી સને ૧૯૩૬માં તાજા જ એમ.એ. થઈને આવેલા આપણા મૂર્ધન્ય સાક્ષર-વિવેચક પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના પટ્ટશિષ્ય શ્રી યશવંતભાઈ શુકલ 'ગુજરાત સમાચાર'ના અગ્રલેખ લખનાર હતા, તો છઠ્ઠી ટ્રાયલે મેટ્રીકનો મહાસાગર પાર કરી, 'પ્રજાબંધુ' ને 'ગુજરાત સમાચાર'માં મદદ કરનાર શ્રી ભોગીલાલ સાંડેસરા હતા. 'ગુજરાત સમાચાર'ની 'ઘર ઘરની જ્યોત' માટે અઠવાડિયામાં બે વાર મૃદુલા સારાભાઈ પણ આવતાં હતાં. વર્ષો બાદ વડોદરામાંથી નીકળતા 'ગુ.સ.'ના તંત્રી તરીકે ફરજ બજાવનાર શ્રી પ્રભાતકુમાર ગોસ્વામી હતા તો 'રોઈટર' ને 'એ. પી.'ના તારનો અનુવાદ કરનાર કવચિત્ 'પ્રજાબંધુ'માં વાર્તાઓ લખનાર ને 'ગુ.સ.'નાં પ્રુફ જોનાર હું પણ ૧૯૩૭-૩૮માં હતો. પણ અમારા પુરોગામી તરીકે, ગુજરાતના એકંદરે ઠીક કહી શકાય એવા કવિ મોહિનીચન્દ્ર પણ હતા. મોહિનીચંદ્રનો કવિ-આત્મા એકવાર તંત્રી-સહતંત્રીના વાસ્તવિક વ્યવહારથી નંદવાયો હશે એટલે એમણે રાજીનામું આપવાનું નક્કી કર્યું. પહેલી તારીખે પગાર અંકે કરી લઈ, તંત્રીને ઉદ્દેશીને રાજીનામું રીતસર આપવાને બદલે એમણે એમના ટેબલના ખાનામાં કવિતાઈ રાજીનામું...મુશાયરામાં શોભે એવી પંક્તિમાં આપી દીધું:

'સલામ દિલદાર !
તહેં કદર ના કરી બે-કદર !'

સને ૧૯૨૯ થી ૧૯૩૪ સુધી હું, ઉત્તર ગુજરાતની સુપ્રિદ્ધ કેળવણી સંસ્થા 'સર્વવિદ્યાલય'-કડીનો વિદ્યાર્થી હતો ને મેટ્રીક થયા બાદ એ જ સંસ્થામાં શિક્ષક પણ હતો. એ સંસ્થામાં હું ભણતો ને ભણાવતો તે કાળ દરમિયાન અમારા આચાર્ય શ્રી બાપુભાઈ વિ. ગામી હતા. એ મૂળ પાટણના. એમની આર્થિક સ્થિતિ ખૂબ જ નબળી પણ જીવનમાં તે કદાપિ અર્થ-દાસ બન્યા નથી. શ્રી ગામી સંસ્કૃત-અંગ્રેજી વિષયો લઈ મુંબઈ યુનિવર્સિટીના ઓનર્સ ગ્રેજયુએટ થયા હતા. વેદ-ઉપનિષદ-ગીતાનો એમનો અભ્યાસ સારો હતો. પ્રસ્થાનત્રયી પર ભાષ્ય લખે તે આચાર્ય-એ અર્થમાં આચાર્ય નહીં પણ વિવિધ શાસ્ત્રોમાંથી રહસ્ય-શોધન કરવું, જીવન વ્યવહારમાં વિવેકપૂર્વક એનો સમ્યક સમાસ કરવો ને મુખ્યત: જીવનમાં એનું આચરણ કરવું-એ અર્થમાં શ્રી ગામી ખરેખર આચાર્ય હતા.

ઈ. સ. ૧૯૩૨માં શ્રી ડાહ્યાભાઈ હ. જાની શિક્ષક તરીકે જોડાયા. આમ તો જાની, ૧૯૩૦માં, મુંબઈ યુનિ.ના બી.એજી. થયા હતા છતાં પણ શિક્ષણશાસ્ત્રમાં એમને અનહદ ને અઠંગ રસ હતો. સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ગુજરાતી, ઈતિહાસ, ગણિત અને વિજ્ઞાનની અનેક શાખાઓમાં તેમને જીવંત રસ હતો. અનેક ભાષાઓમાં તેઓ ભાષણો આપી શકતા ને રંગદર્શી શૈલીમાં લેખો પણ લખતા. અંગ્રેજીમાં 'Romance of the Cow' અને ગુજરાતીમાં 'ઋણમુક્તિ', 'દાયકે દશ વર્ષ', 'વાસીદામાં સાંભેલું' ને 'સુભાષિત-સુધા' એમનાં લોકોપયોગી પ્રકાશનો છે.

શ્રી જાની સર્વવિદ્યાલયમાં શિક્ષક તરીકે જોડાયા તે સાથે જ સંસ્થામાં નવચેતન આવ્યું. જીવંત વાતાવરણ સર્જવામાં શ્રી જાની અનન્ય. એમના અઠંગ વિદ્યાવ્યાસંગી જીવનમાંથી અનેક વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ પ્રેરણા મળતી. તે સમયના ગુણજ્ઞ આચાર્ય શ્રી બાપુભાઈ ગામી, શ્રી જાનીના મુગ્ધ પ્રશંસક હતા. પોતે આચાર્ય હોવા છતાં પણ હાથ નીચેના શિક્ષકોની ભારોભાર પ્રશંસા કરતા. તા. ૨૨-૧૦-૧૯૩૨ના શ્રી જાની પરના અંગ્રેજી પત્રમાં શ્રી ગામી લખે છે: 'your honest, kind and silent looks hover around me day and night.' તા. ૨૩-૩-૧૯૩૩ના એક

ગુજરાતી પત્રમાં લખે છે : 'તમારા વાણી અને વિચાર સાંભળવા હંમેશાં હું એક બાળકની જેમ આતુર રહું છું તે તમો માનશો ? તમે હંમેશાં કહ્યા કરો ને હું સાંભળ્યા જ કરું એમ થઈ જાય છે. તમારા વિચાર ને વાણી પર હું એટલો બધો મુગ્ધ બની ગયો છું...તમારા શબ્દોએ ખરેખર મારાં પૂર્વજન્મનાં પડળો ખોલ્યાં છે...મારા-તમારા સંબંધમાં ખરેખર કોઈ ઐશ્વરી હાથ છે...હું દરેક કામ તમારી ગણત્રીથી જ કરું છું...મારી જાતમાં તમારો સમાવેશ કરી જ દઉં છું. જ્યાં આત્મા-આત્માનું મિલન હોય ત્યાં શબ્દોનાં જાળાંને આડાં આવવા દેવા એ ઠીક નથી...તમારાં ખારાં વચનો પણ મારી જીવન મીઠાશને ખારી નહીં બનાવે પણ મીઠાની માફક તેને મીઠાશ આપશે.'

આખરે આ ગુણજ્ઞ આચાર્ય શ્રી બાપુભાઈ ગામીએ, શ્રી ડાહ્યાભાઈ જાનીને સહઆચાર્યપદે સ્થાપ્યા ત્યારે જ એમના આત્માને સંતોષ થયો. આજે આવું શક્ય લાગે છે ?

આચાર્ય શ્રી ગામીનું ખૂબ જ નાની વયે અવસાન થયું ને જાની પણ શ્રી રમણ મહર્ષિના આશ્રમમાં રહ્યા, સ્વામી રમણાનંદ સરસ્વતી બન્યા ને તા. ૧૫-૮-૧૯૫૮ના રોજ પ્રયાગ ખાતે જલસમાધી લીધી. આજે લગભગ છ દાયકા પછી પણ હું મારા એ ગુણજ્ઞ આચાર્યને ભૂલી શક્યો નથી.

શ્રી કનુભાઈ ભટ્ટ, વડોદરાની મ.સ. યુનિવર્સિટીનાં પ્રથમ વા. ચા. શ્રીમતી હંસાબહેન મહેતાના પી.એ. નવ વરસ બાદ, સને ૧૯૫૮માં નવા વા. ચા. ડૉ. જ્યોતીન્દ્ર મહેતાની નિયુક્તિ થતાં શ્રી ભટ્ટ યુનિવર્સિટી-સંચાલિત, એક્સ્પેરીમેન્ટલ હાઈસ્કૂલમાં હિંદીના અધ્યાપક તરીકે નિમાયા. સને ૧૯૫૮માં મારી નિયુક્તિ 'રીડર' તરીકે થતાં શ્રી ભટ્ટ ને હું સયાજીગંજ વિસ્તારમાં પડોશી બન્યા. એ વિસ્તારમાં આવેલ રામભાઈ મેન્શનમાં એક સજ્જન-શ્રી શિવાભાઈ પટેલ રહે. એમની દીકરી રંજનાને હિંદીના વિષયમાં ટ્યૂશનની જરૂર જણાઈ...શિવાભાઈએ મને વિનંતી કરી. મેં શ્રી કનુભાઈ ભટ્ટની ગોઠવણ કરી આપી. દોઢેક માસમાં કોર્સ પૂરો થયો એટલે રંજનાના પિતાજીએ મને એક બંધ કવર મોકલ્યું જેમાં આભારના બે શબ્દ સાથે સો સો રૂપિયાની પાંચ નોટો હતી ને જે ભટ્ટ સાહેબને આપવાની હતી. મેં એ કવર જ શ્રી ભટ્ટ સાહેબને આપ્યું તો અર્ધા કલાકમાં એ કવર પાછું આવ્યું જેમાં ચારસો રૂપિયા હતા ને ચિઠ્ઠીમાં લખેલું: 'મારી મહેનત એકસો રૂપિયા પૂરતી જ હતી એટલે બાકીની રકમ સાભાર પરત કરું છું.' ભટ્ટ સાહેબની આર્થિક સ્થિતિ સાધારણ હતી પણ ખૂબ ભાવનાશાળી ને આદર્શવાદી શિક્ષક હતા. સ્વાતંત્ર્યસેનાની તરીકે બે વાર 'મામાને ઘેર' પણ જઈ આવ્યા હતા. કનુભાઈએ આવું તો ત્રણેક, કિસ્સાઓમાં કરેલું. વિદ્યાર્થીના વાલીઓ રાજીખુશીથી વધારાની રકમ આપે પણ એ એમના સિદ્ધાંતથી વિરુદ્ધની વાત એટલે વર્જ્ય ! સને ૧૯૪૩માં વિદ્યાસભા (અમદાવાદ)ના અનુસ્નાતક અધ્યાપક તરીકે આપણા મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકરભાઈનો પગાર હતો રૂા. ૨૫૦/- પણ પ્રતિમાસ હાથમાં પગારની રકમ આવે એટલે એ રકમવાળો હાથ ઊંચો કરી જાતને પૂછે : 'Do I Deserve this ?' આને માટે હું લાયક છું ? અને આજે ? મ.સ.યુનિ.માં, ગુજરાતી ભાષા સાહિત્યના અધ્યક્ષ અને પ્રાચ્યવિદ્યા મંદિરના ડાયરેક્ટર ડૉ. ભોગીલાલ સાંડેસરાની પચ્ચીસ સાલની નોકરી બાદ છેલ્લો પગાર હતો રૂા. ૨૧૦૦/- છતાંયે કદાપિ કોઈએ કચવાટ કર્યો નથી. જ્યારે આજે રૂપિયા પચ્ચીસ હજાર પણ ઓછા પડે છે ! ઓછામાં ઓછું કામ, વધુમાં વધુ દાન ને મોટામાં મોટા નામ માટેની લોલુપતા આ કાળની બલિહારી ! कालाय तस्मै नमः ।

સને ૧૯૫૦માં મેં નડિયાદમાં 'શ્રી ગોવર્ધન સાહિત્ય સભા'ની સ્થાપના કરેલી. એના ઉપક્રમે અમોએ ૧૯૫૬માં શ્રી ગોવર્ધનરામની અને સને ૧૯૫૮માં અભેદમાર્ગ પ્રવાસી શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી અને મસ્તકવિ બાલાશંકર કંથારિયાની જન્મશતાબ્દીઓ ઉજવેલી. એ ત્રણેય સાક્ષરોની શતાબ્દી વખતે વ્યાખ્યાનો આપવા માટે અમોએ ક. મા. મુનશી, શ્રી રમણલાલ દેસાઈ, પ્રો. વિ. ર. ત્રિવેદી, સુંદરમ્, ઉમાશંકર, કિશનસિંહ ચાવડા, જ્યોતીન્દ્ર દવે, વિ.મ.ભટ્ટ, પ્રો. વિજયરાય વૈદ્ય, યશવંત શુકલ, મંજુલાલ મજમુદાર, ભોગીલાલ સાંડેસરા ને શ્રી શાંતિલાલ ઠાકર જેવા વિદ્વાનોને આમંત્રેલા. મણિ-બાલ શતાબ્દી ટાણે નડિયાદનો ટાઉન હૉલ ચિક્કાર હતો. મણિલાલ ને બાલાશંકરની ગઝલોનું રસદર્શન કરાવતાં એક સાક્ષર વક્તાને ચારપાંચ વાક્યો બોલે ને વચ્ચે વચ્ચે પ્રસન્ન થઈ ગઝલની કદર રૂપે 'ક્યા બાત હૈ' 'ક્યા બાત હૈ ?' બોલવાની ટેવ. શ્રોતાઓને એનો અતિરેક થતો લાગેલો...પણ તાનમાં આવી ગયેલા વક્તા માઈક આગળ ઊંચા થઈ થઈને 'ક્યા બાત હૈ' 'ક્યા બાત હૈ' એમ બોલ્યા કરે ને ત્યાં ખરે તાકડે એમના ધોતિયાની કાછડી નીકળી ગઈ...કાછડી ઘાલવા ગયા ત્યાં શ્રોતાઓમાંથી સહસા ચાર પાંચ જણ ઊંચે સાદે બોલી ઊઠ્યા-

'ક્યા બાત હૈ !'

અને એક-બે મિનિટ માટે હૉલમાં હસાહસ થઈ ગઈ. વાતાવરણ એકદમ હળવું થઈ ગયું. મુક્તપણે હસવામાં કવિ 'સુંદરમ્' ને ઉમાશંકરભાઈ પણ હતા.

કડીના માણેકલાલ એમ. પટેલ પણ એક અદ્‌ભુત 'કેરેક્ટર'! કુસ્તીબાજ અખાડિયન. અમદાવાદની 'અશોક' ને વડોદરાની 'આનંદ-નિવાસ' લોજના માલિક, પાછા લેખક પણ ખરા ! 'સતત નીરોગી રહો', 'સો વરસ જીવો', 'આરોગ્યના વજ્રસ્તંભો' જેવાં કેટલાંક લોકોપયોગી પુસ્તકોના લોકપ્રિય લેખક. એક બે પુસ્તકો મરાઠી-હિંદીમાં અનુવાદિત થયાં છે. ઘણી સારી રોયલ્ટી મેળવનાર ભાગ્યશાળી લેખક. એંશી વર્ષે એકવાર અમદાવાદના આશ્રમ રોડ પર ફરવા નીકળેલા ને એક ષોડશીએ એમને સ્કૂટરની અડફેટમાં લઈ ભોંયભેગા કરી દીધા. યુવતી શરમાઈ ને છોભીલી પડી ગઈ-કાકાને (દાદા?) ઊભા કરી કહે: 'કાકા ! સોરી.' કાકા કહે : 'તારી 'સોરી'ને કાગડા કૂતરા પરણે ! ખબર પડતી નથી મને ગબડાવી પાડ્યો તે; મારી જગ્યાએ તારો બાપ કે દાદો હોત ને તારા જેવી અલ્લડ યુવતીએ જમીનદોસ્ત કરી દીધો હોત-ને પેલી છોકરી કહેત: 'કાકા! સોરી'...તો તું એને જતી કરત ? જાણી જાણીને મા-બાપે રસ્તા પર ફેંકી દીધાં છે ! છે કોઈને કશી જવાબદારીનું ભાનબાન ? તમારામાં શાન ક્યારે આવવાની ?'

❖❖❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૮ ● ઑગસ્ટ, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## भोगी भमइ संसारे

☐ ભગવાન મહાવીર

### (ભોગી સંસારમાં ભમે છે.)

'ઉત્તરાધ્યયન સૂત્ર'ના 'યજ્ઞીય' નામના અધ્યયનમાં નાની પણ સરસ તત્ત્વબોધક વાત આવે છે.

વારાણસી નગરીમાં ચાર વેદનો જાણકાર એવો વિજયઘોષ નામનો બ્રાહ્મણ યજ્ઞ કરી રહ્યો હતો. તે વખતે એ નગરમાં જયઘોષ નામના એક મુનિ પધાર્યા. તેમણે માસખમણની આકરી તપશ્ચર્યા કરી હતી. પારણા માટે તેઓ ગોચરી વહોરવા નીકળ્યા હતા. તેઓ વિજયઘોષ નામના બ્રાહ્મણના યજ્ઞના સ્થળે આવી રહ્યા હતા. મુનિને વચ્ચે જ અટકાવીને વિજયઘોષે કહ્યું, 'હે મુનિ, યજ્ઞ માટે વિવિધ વાનગીઓ અમે બનાવી છે, પરંતુ અમે તમને ભિક્ષા નહિ આપીએ. માટે બીજા કોઈ સ્થળે જઈ ત્યાંથી ભિક્ષા ગ્રહણ કરો. અમારી યજ્ઞની વાનગીઓ તો બ્રાહ્મણો માટે જ છે. એ બ્રાહ્મણો પણ એવા હોવા જોઈએ કે જેઓ ચારે વેદના જાણકાર હોય, તેઓ યજ્ઞાર્થી હોય, જ્યોતિષશાસ્ત્ર વગેરે છ અંગના અભ્યાસી હોય અને જેઓ પોતાના આત્માનો તથા બીજાના આત્માનો ઉદ્ધાર કરનાર હોય.'

વિજયઘોષનાં આવાં વચનથી જયઘોષ મુનિ નારાજ ન થયા. તેમણે કહ્યું 'હે બ્રાહ્મણ ! મારે હવે તમારી ભિક્ષા નથી જોઈતી. એમ કરવામાં મારે કોઈ દ્વેષ નથી કે સ્વાર્થ નથી. મારે માત્ર એટલું જ તમને કહેવું છે કે તમે વેદોનું, યજ્ઞનું, જ્યોતિષનું અને ધર્મનું મૂળભૂત ગૂઢ રહસ્ય જાણતા નથી.'

જયઘોષ મુનિનો પ્રભાવ એટલો બધો હતો અને એમની નિર્મળ, નિર્દોષ મુખમુદ્રા એટલી તેજસ્વી હતી કે વિજયઘોષ અને ત્યાં યજ્ઞમાં બેઠેલા સભાજનો તેમને જોઈ જ રહ્યા. તેઓને એમ થયું કે આ કોઈ જ્ઞાની મહાત્મા છે. એટલે તેઓએ કહ્યું, 'હે મુનિરાજ ! તમે જ એ રહસ્યો અમને સમજાવો.'

પછી જયઘોષ મુનિએ તેમને વેદો, યજ્ઞ વગેરેનું સૂક્ષ્મ રહસ્ય સમજાવ્યું. સાચો બ્રાહ્મણ કોણ કહેવાય, સાચો સાધુ કોણ કહેવાય, સાચો તાપસ કોણ કહેવાય તથા અહિંસાદિ પંચ મહાવ્રતનું આત્મોદ્ધારમાં કેટલું મહત્ત્વ છે તે તેમણે સમજાવ્યું. એથી વિજયઘોષ બ્રાહ્મણ પર એની ઘણી મોટી અસર પડી. એણે પછી સંસારથી વિરક્ત થઈને જયઘોષ મુનિ પાસે જ પ્રવજ્યા ગ્રહણ કરી. ત્યાર પછી સંયમની ઉત્કૃષ્ટ આરાધના કરીને અને પોતાનાં કર્મોને ખપાવીને જયઘોષ મુનિ અને વિજયઘોષ મુનિ બંને કેવળજ્ઞાન પામ્યા અને કાલાનુક્રમે સિદ્ધગતિને વર્યા.

જયઘોષ મુનિએ વિજયઘોષ બ્રાહ્મણને ત્યારે જે બોધ આપ્યો હશે તે તો બહુ વિગતે હશે. ચર્ચાવિચારણા અને પ્રશ્નોત્તરી પણ થઈ હશે. એ બધી વિગતો પ્રાપ્ત નથી, પરંતુ તેમાંથી સારગર્ભ થોડીક ગાથાઓ ભગવાન મહાવીરે આ અધ્યયનમાં આપી છે. આ ગાથાઓ હૃદયમાં વસી જાય એવી છે. આ ગાથાઓમાં પણ જે કેટલીક ચોટદાર પંક્તિઓ છે તેમાંથી માત્ર ત્રણ શબ્દની પંક્તિ भोगी भमइ संसारे । કેટલી બધી માર્મિક અને અર્થસભર છે !

ઉત્તરાધ્યયન સૂત્રની આખી ગાથા નીચે પ્રમાણે છે :

उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पई ।
भोगी भमइ संसारे अभोगी विप्पमुच्चई ॥

[ભોગોથી ઉપલેપ થાય છે (ભોગી કર્મબંધથી લેપાય છે) અભોગી લેપાતો નથી. ભોગી સંસારમાં ભમે છે. અભોગી વિમુક્ત થાય છે.]

વર્તમાન સાંસારિક જીવન ઉપર દૃષ્ટિપાત કરીએ તો મોટા ભાગના જીવોની દૈનિક પ્રવૃત્તિ તે પોતાની સંજ્ઞાઓને સંતોષવાની છે અર્થાત્ ભોગો ભોગવવાની છે. આહાર, નિદ્રા, મૈથુન, પરિગ્રહ ઇત્યાદિ સંજ્ઞાના બળે જીવ તેવી તેવી પ્રવૃત્તિ કરે છે. તિર્યંચ ગતિના જીવોની પ્રવૃત્તિ તો પોતપોતાની ઈન્દ્રિયો અનુસાર જીવન જીવવા માટેની છે. મુખ્યત્ત્વે તો તેઓ આહારની શોધમાં અને આહાર મળ્યા પછી તે ખાવામાં અને પ્રજોત્પત્તિમાં પોતાનું જીવન પૂરું કરે છે.

મનુષ્યજીવનમાં ભોગવિલાસનું પ્રમાણ વધુ છે. આહાર, વસ્ત્ર, રહેઠાણ, વાહનો ઈત્યાદિ સહિત પાંચે ઈન્દ્રિયોના સુખભોગ માણવા નીકળેલો મનુષ્ય તેવા પ્રકારની પ્રવૃત્તિઓ સતત કરતો રહે છે. વૈજ્ઞાનિક સાધનો વડે તેમાં પ્રગતિ પણ ઘણી થતી રહે છે. આનંદઘનજી મહારાજ કહે છે તેમ 'સયલ સંસારી ઈન્દ્રિયરામી છે.' માત્ર 'મુનિગણ આતમરામી' હોય છે.

દુનિયાની અડધાથી વધારે વસતિ તો જન્માન્તરમાં માનતી નથી. જે જીવન મળ્યું છે તે સુખપૂર્વક ભોગવી લેવું જોઈએ એવી માન્યતા તેઓ ધરાવે છે અને એ દિશામાં જ તેઓનો પુરુષાર્થ હોય છે. આખી જિંદગી સારું સારું ખાધુંપીધું હોય અને સરસ મોંઘા વસ્ત્રો, વાહનો, રહેઠાણો ધરાવતા હોય, મનોરંજનની પ્રવૃત્તિઓ જેમણે માણી હોય તેઓનું જીવ્યું સફળ અને સાર્થક ગણાય એવી તેમની માન્યતા હોય છે. જીવન માટે એ જ તેઓનો માપદંડ હોય છે.

પરંતુ ભૌતિક જીવન સુખી હોય, સર્વ પ્રકારે અનુકૂળતાવાળું હોય, ઈચ્છાનુસાર બધાં કાર્યો થતાં હોય તો પણ એવા જીવનનો અંત આવે જ છે.

આવા કેટલાક લોકોને અંતકાળે અજંપો સતાવે છે. બસ આ બધું વસાવેલું અને ભોગવવા માટે એકત્ર કરેલું બધું જ મૂકીને ચાલ્યા જવાનું ? વળી ભોગવેલું સુખ ક્ષણિક છે. એવું ભૌતિક સુખ ભોગવતી વખતે સ્થૂલ આનંદનો અનુભવ હોય છે. પરંતુ પછી સમય જતાં એની સ્મૃતિ શેષ થતી જાય છે. સારામાં સારું ખાધુપીધું હોય, મિજબાનીઓ માણી હોય, પણ થોડાં વર્ષ પછી એની સ્મૃતિ પણ તાજી થતી નથી. વિસ્મૃતિ બધે જ ફરી વળે છે.

પાંચે ઈન્દ્રિયોના વિષયો સંસારમાં પાર વગરના છે. તે ભોગવતી વખતે ક્ષણિક સ્થૂલ સુખ હોય છે, પણ પછી એ દુ:ખનાં નિમિત્ત બની જાય છે. જો પદાર્થોના ભોગવટાથી માત્ર સુખ જ હોય તો સંસારમાં દુ:ખ હોય નહિ. પણ આ ભોગવટો જ દુ:ખને–ઈર્ષ્યા, દ્વેષ, કલહ, કંકાશ, લડાઈ, યુદ્ધ વગેરેને નોતરે છે. એટલે જ્યાં સ્થૂલ ભૌતિક સુખ છે ત્યાં દુ:ખ પણ છે જ. વળી એ સુખ પણ તત્કાલીન, ક્ષણિક હોય છે.

'ઉત્તરાધ્યયનસૂત્ર'માં ભગવાને કહ્યું છે :

खममेत्तसोक्खा बहुकालदुक्खा पकामदुक्खा अनिकामसोक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया खाणी अणत्थाण उ कामभोगा ॥

આ કામભોગો ક્ષણભર સુખ અને બહુકાળ દુ:ખ આપનારા છે, ઘણુંબધું દુ:ખ અને થોડુંક સુખ આપનારા છે. તે સંસારમુક્તિના પ્રતિપક્ષી-વિરોધી છે અને અનર્થોની ખાણ જેવા છે.

'ભોગી ભમઈ સંસારે' એનો વિપરીત અર્થ કરીને કોઈ એમ પણ માને કે જેણે સંસારના ભોગ ભોગવવા છે એને સંસારમાં બધે ભમવું જોઈએ. જ્યાં જ્યાં ભોગ ભોગવવાનાં સ્થાનો છે ત્યાં પહોંચી જવું જોઇએ. જેણે ભોગ ભોગવવા છે એણે ભમતા રહેવું જોઇએ. વર્તમાન કાળમાં તો ભમવા માટેનાં ઝડપી વાહનો વધ્યાં છે એટલે સમગ્ર દુનિયામાં ભમવાની–ભોગ ભોગવવાની પ્રવૃત્તિ વધી ગઈ છે. પરંતુ આ મોટું અજ્ઞાન છે.

'ભોગી ભમઈ સંસારે' એમ જે ભગવાને કહ્યું છે તે એક જન્મની દૃષ્ટિએ નહિ, પણ જન્મજન્માન્તરની દૃષ્ટિએ, કર્મની જંજિરોની દૃષ્ટિએ કહ્યું છે. જીવનું જન્માન્તરનું પરિભ્રમણ સંસારમાં સતત ચાલતું જ રહે છે. એ ચક્ર ચાલવાનું મુખ્ય કારણ તો ભોગ ભોગવવા માટેની લાલસા છે. અર્થાત્ ભોગો માટેનો રાગ છે, આસક્તિ છે.

જ્યાં સુધી ભોગવૃત્તિ છે, ભોગબુદ્ધિ છે ત્યાં સુધી કર્મબંધની પરંપરા તો ચાલુ જ રહેવાની. જ્યાં સુધી કર્મપરંપરા છે ત્યાં સુધી મુક્તિ નથી. એટલે ભોગી જીવને સંસારમાં પરિભ્રમણ જ કરવાનું રહે છે.

સામાન્ય રીતે લોકો પોતાનું જીવન સુખી બનાવવા માટે ઉદ્યમશીલ રહે છે. સુખની વ્યાખ્યા અને કલ્પના દરેકની જુદી જુદી હોય છે. આહાર, વસ્ત્ર, વસતિ એ માણસનાં સુખનાં પ્રાથમિક સાધનો છે. પરંતુ માત્ર સાધનો કે પદાર્થો જ નહિ, એમાં રહેલી આસક્તિ એ જ મોક્ષમાર્ગમાં મોટો અંતરાય છે.

'આચારાંગસૂત્ર'માં કહ્યું છે:

कामेसु गिद्धा णिचयं करेन्ति, संसिच्चमाणा पुणरेन्ति गब्भं ।

[કામભોગમાં ગૃદ્ધ એટલે કે આસક્તિ રાખનાર જીવ કર્મોનો સંચય કરે છે. કર્મોથી બંધાયેલો જીવ ફરી ગર્ભવાસમાં આવે છે.]

આચારાંગસૂત્રમાં અન્યત્ર કહ્યું છે :

गद्धिए लोए अणुपरियट्टमाणे ॥

[વિષયોમાં આસક્ત જીવ લોકમાં એટલે કે સંસારમાં પરિભ્રમણ કરે છે.]

સ્થૂલ ઈન્દ્રિયોથી માણસો ભોગ ન ભોગવતા હોય તો પણ તેમના ચિત્તમાં તે ઈન્દ્રિયોના પદાર્થો માટેનો અનુરાગ જો હોય તો તેવા માણસો ભોગી જ ગણાય. ક્યારેક સ્થૂલ ભોગવટા કરતાં પણ આવા માનસિક ભોગવટામાં તીવ્રતા વધુ હોય છે. સ્થૂલ ભોગવટો તો પ્રાય: એક જ વાર હોય, પણ માનસિક ભોગવટો તો વારંવાર, અનેકવાર હોઈ શકે છે.

અનેક ગરીબ લોકોને લૂખુંસૂકું ખાવાનું મળતું હોય છે. તેઓ ખાય છે ત્યારે તેમાં તેમને એટલો રસ પડતો નથી. તેઓ ખાતી વખતે રાજીરાજી થાય એવું પણ ઓછું બને છે. પરંતુ તેથી ખાવા માટેની તેમની આસક્તિ ઓછી થઈ ગઈ છે એમ ન કહેવાય. સરસ ભોજન મળતાં તેઓ પ્રસન્ન થઈ જાય છે અને એવું વારંવાર મળે એવી વૃત્તિ પણ રહે છે. મતલબ કે સ્વાદિષ્ટ ભોજન માટેની તેમની આસક્તિ તો અંતરમાં પડેલી હોય છે. લૂખાસૂકા આહાર વખતે તે પ્રગટ થતી નથી. કેટલાક મહાત્માઓએ બીજો બધો ત્યાગ કર્યો હોય છે. ઘરબાર, કુટુંબપરિવાર, માલમિલકત એમણે ત્યાગી દીધાં હોય છે. આમ છતાં ભોજન માટેનો એમનો રસ છૂટતો નથી.

કોઈકને પ્રશ્ન થાય કે અભોગી કર્મથી લેપાતો નથી અને અભોગી કર્મથી મુક્ત થાય છે એમ કહ્યું છે, પરંતુ જીવનના અંત સુધી માણસને ખાવા તો જોઈએ છે, પહેરવાને વસ્ત્ર જોઈએ છે અને ટાઢ, તડકો કે વરસાદથી બચવા રહેઠાણ જોઈએ છે, ઉપકરણો જોઈએ છે. એટલે કે જીવનપર્યંત માણસ વિવિધ પદાર્થોનો ઉપભોગ કરતો રહે છે, તો પછી એને અભોગી કેવી રીતે કહેવાય? એનો ઉત્તર એ છે કે જીવનના અંત સુધી માણસ ખોરાક કે પાણી ન લે તો પણ હવાનો ઉપયોગ તો એને અવશ્ય કરવો જ પડશે. જીવનનું અસ્તિત્વ છે ત્યાં સુધી આહારપાણી લેવાતાં જ રહેશે. વસ્ત્ર, વસતિ પણ રહે છે. પરંતુ જીવની એમાંથી ભોગબુદ્ધિ જ્યારે નીકળી જાય એટલે એ અભોગી થાય છે. જ્યાં સુધી ભોગબુદ્ધિ-સુખબુદ્ધિ છે, રાગ છે, આસક્તિ છે, ગમવા-ન ગમવાના અને અનુકૂળતા-પ્રતિકૂળતાના ભાવો છે, કર્તૃત્વ અને ભોક્તૃત્વની વૃત્તિ છે ત્યાં સુધી જીવ ભોગી છે. ભોગપદાર્થો સાથેનું એનું ભાવાત્મક અનુસંધાન જ્યારે સદંતર નીકળી જાય છે ત્યારે તે અભોગી બને છે. ઊંડી સંયમસાધના વગર આવું અભોગીપણું આવતું નથી અને આવે તો બહુ ટકતું નથી.

દસવૈકાલિક સૂત્રમાં કહ્યું છે :

वत्थगंधमलंकारं इत्थीओ सयणाणि य ।
अच्छंदा जे न भुंजंति न से चाइ ति वुच्चइ ॥

[વસ્ત્ર, સુગંધી મનગમતા પદાર્થો, ઘરેણાં, સ્ત્રીઓ, પલંગ-આસન વગેરે જે પોતાને પ્રાપ્ત નથી અને તેથી માણસ ભોગવતો નથી તેથી તે ત્યાગી ન કહેવાય.]

जे य कंते पिए भोए लद्धे विप्पिठि कुव्वई ।
साहीणे चयइ भोए से हु चाइ त्ति वुच्चई ॥

[જે માણસ મનોહર, પ્રિય ભોગો પામ્યા છતાં અને તે પોતાને સ્વાધીન હોવા છતાં તેના તરફ પીઠ ફેરવે છે એટલે કે તેનો ત્યાગ કરે છે તે નિશ્ચે ત્યાગી કહેવાય છે.]

જ્યાં સુધી સંસારનો ભય લાગતો નથી ત્યાં સુધી ભોગવિલાસ ગમે છે. માણસને એ ગમે છે એમાં મુખ્યત્વે મોહનીય કર્મ કાર્ય કરે છે. જ્યાં સુધી મોહનીય કર્મનો પ્રબળ ઉદય હોય અને માણસની આત્મિક જાગૃતિ ન હોય તો સંસાર એને રળિયામણો લાગે છે, બિહામણો નથી લાગતો. સંસારના ભોગવિલાસ તરફ એની દૃષ્ટિ રહે છે અને એની ભોગબુદ્ધિ સતેજ રહે છે. સંસાર એને બિહામણો લાગે, છોડીને ભાગવા જેવો લાગે ત્યારે જ એની ભોગવૃત્તિ નબળી પડે છે અને ચાલી જાય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'જ્ઞાનસાર'માં કહ્યું છે :

बिभेषि यदि संसाराद् मोक्षप्राप्तिं च काङ्क्षसि ।
तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥

[જો તું સંસારથી ભય પામે છે અને મોક્ષપ્રાપ્તિની ઈચ્છા રાખે છે, તો ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવા માટે દેદીપ્યમાન પરાક્રમ ફોરવ.]

□ રમણલાલ ચી. શાહ

# સેવા મંડળ-મેઘરજ સંસ્થાની મુલાકાત

☐ મથુરાદાસ ટાંક

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ગુજરાતમાં ગ્રામવિસ્તારની કોઈ એક સેવાભાવી સંસ્થાને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ પ્રતિવર્ષ હાથ ધરવામાં આવે છે.

આ વખતે સંઘની કાર્યવાહક સમિતિ તરફથી મોડાસાથી આશરે ૪૦ કિ.મી. દૂર અત્યંત પછાત આદિવાસી વિસ્તારમાં, રાજસ્થાનની સરહદને અડીને આવેલા સાબરકાંઠાના મેઘરજ તાલુકાના કસાણા-મેઘરજમાં આવેલી 'સેવા મંડળ-મેઘરજ' નામની સંસ્થાને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું છે.

સંઘના નિયમાનુસાર જે કોઈ સંસ્થાને આર્થિક સહાય કરવાની હોય તે સંસ્થાની સંઘના હોદ્દેદારો અને સમિતિના કેટલાક સભ્યો પહેલાં મુલાકાત લે છે. આ રીતે સેવા મંડળ-મેઘરજની મુલાકાત સંઘના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ, તેમનાં ધર્મપત્ની પ્રો. તારાબહેન શાહ, સંઘના પ્રમુખ શ્રી રસિકલાલ એલ. શાહ, મંત્રી શ્રીમતી નિરુબહેન શાહ, કોષાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર જવેરી, શ્રી કુસુમબહેન ભાઉ, શ્રીમતી રમાબહેન વોરા, શ્રી જયાબહેન વીરા, કુ. મીનાબહેન શાહ વગેરેએ કેટલાક સમય પહેલાં લીધી હતી.

મેઘરજના મુખ્ય સૂત્રધાર અને સ્થાપક, આજીવન ભૂદાન કાર્યકર અને શાન્તિ-સૈનિક શ્રી ડૉ. વલ્લભભાઈ પૂનમચંદ દોશીએ બધાનું ભાવભીનું સ્વાગત કર્યું. પછાત આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે તેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. આ વિસ્તારમાં પૂ. સંત વિનોબાજી અને લોકનાયક જયપ્રકાશ નારાયણના વિચારો અને આદર્શોને લક્ષમાં રાખીને, લોકસેવામાં લોકોપયોગી કામો કરવાની શરૂઆત ૧૯૫૪માં સંત સંતલાલજીના આશીર્વાદ સાથે મેઘરાજ ગામમાં કરવામાં આવી હતી. સંસ્થાનું નામ રાખ્યું-'સેવા મંડળ.'

સંસ્થાનું મુખ્ય ધ્યેય સાધનશુદ્ધિ, અન્યાય પ્રતિકાર, સ્વાવલંબન અને અસ્મિતાના ઘડતરનું કહ્યું છે. એને લક્ષમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

શ્રી વલ્લભભાઈ દોશી પોતે આયુર્વેદના ડૉક્ટર છે. ૧૯૪૨ની ભારત છોડો ચળવળમાં તેઓ એક યા બીજા સ્વરૂપે સામાજિક કે રાજકીય રીતે ખૂબ જ સક્રિય રહ્યા હતા. તેમના પિતાશ્રી સ્કૂલના શિક્ષક હતા અને શિસ્ત અને સંસ્કારથી તરબોળ હતા. તેમાં જરાયે બાંધછોડ કરવામાં માનતા નહીં. આ બધા જ સંસ્કાર વારસાગત શ્રી વલ્લભભાઈમાં ઊતરી આવ્યા છે, જે તેમને પોતાની સામાજિક અને રાજકીય કારકિર્દીમાં કામ લાગ્યા છે. નાનપણથી કંઈક કરી છૂટવાની ભાવનાને લીધે તેઓ પુરુષાર્થ કરી શક્યા. તેમણે પોતાના કાર્યકરો સાથે ગામડે ગામડે સેવા કરી છે. એમની નિ:સ્વાર્થ અને નિસ્પૃહી સેવાએ ચમત્કાર જેવા પ્રસંગો ઊભા કર્યા છે. પોતે ચુસ્ત મરજાદી વૈષ્ણવ હોવા છતાં પણ હરિજન કે નીચલા વર્ગના લોકો સાથે બેસવામાં અને કામ કરવામાં તેમણે જરા પણ સંકોચ અનુભવ્યો નથી.

મંડળે આદિવાસી અભણ પ્રજા માટે ગામડે ગામડે શ્રમશિબિરો યોજી છે. ભૂદાન, ગ્રામદલ દ્વારા લોકોમાં ચેતના અને જાગૃતિ જગાડવાના કાર્યક્રમો યોજાયા છે. મેઘરજ અને આજુબાજુના નાનાં નાનાં ગામડાઓમાં લોકકલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી છે.

શ્રી ડૉ. વલ્લભભાઈ દોશી દ્વારા ૧૯૫૪માં શરૂ કરવામાં આવેલી પ્રવૃત્તિઓ આજ ૨૦૦૨માં કબીર વડ જેટલી ફૂલીફાલી છે. તેની વિવિધ ડાળખીઓ ઉપર જુદી જુદી ભાત ભાતની પ્રવૃત્તિઓ ચાલે છે. દાનનો પ્રવાહ સતત મળતો રહ્યો છે. એથી શ્રી ડૉ. વલ્લભભાઈ દોશીનો ઉત્સાહ પણ વધતો ગયો છે.

૧૯૬૩માં મુંબઈના સર દોરાબજી ટ્રસ્ટની સ્પોન્સરશિપથી આધુનિક દવાખાનાની શરૂઆત કરવામાં આવી. મેઘરજના આજુબાજુના ૧૫ કિ.મી.ના વિસ્તારમાં એક પણ દવાખાનું ન હોવાને લીધે આ દવાખાનાનો લાભ સારા એવા પ્રમાણમાં માણસો લે છે. ૧૯૭૧માં શ્રી વિશ્વવત્સલ ઉત્તર-બુનિયાદી વિદ્યાલયની સ્થાપના, ૧૯૭૫માં સદ્‌વિચાર પરિવાર તરફથી જમીન મળી, સ્વીટ્ઝરલેન્ડની સેવા સંસ્થા 'સ્વીસ એઈડ એબ્રોડ' તરફથી છાત્રાલય માટે આર્થિક સહાય મળી. ૧૯૭૮માં મુંબઈ વોલ્કાર્ટ ટ્રસ્ટ તરફથી એમ્બ્યુલન્સ ભેટ મળી. ૧૯૮૨માં રાબરી કન્યા વિદ્યાલયની સ્થાપના થઈ. ૧૯૮૬ અને ૧૯૮૮માં દુષ્કાળ વખતે કૂવા ઊંડા કરાવવા, મફત અનાજ વિતરણ, સિંચાઈ, તળાવો ઊંડા કરાવવા જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. ૧૯૯૯માં શાળામાં નઈ તાલીમ-સ્વાયત્ત શિક્ષણના પ્રયોગો થયા છે. પછાત વિસ્તારની આમ આ સંસ્થાનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો છે.

અમારી આ મુલાકાત દરમ્યાન શ્રી ડૉ. વલ્લભભાઈ દોશીએ અને તેમના બીજા કાર્યકર્તાઓએ આવી રીતે સંઘના કાર્યકરોને વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી. મંડળના દરેક વિભાગ બધાંએ ફરીને નિહાળ્યા. હાલમાં પોતાનાં મકાનો, જમીન, ખેતીવાડી, કૂવા વગેરે છે અને ઉત્તરોત્તર વિકાસ થતો જાય છે. વિકાસના દરેક કામોમાં આર્થિક સહાયની જરૂર હોય જ છે. આથી આ સંસ્થાને આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન રાખવાનું સંઘે ઠરાવ્યું છે. એ માટે દાતાઓને ઉદાર હાથે માતબર રકમ આપવાની અપીલ સંઘ તરફથી કરવામાં આવે છે.


## સંઘનાં પ્રકાશનો

સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૩) | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૪) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૫) | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૬) | જૈન ધર્મનાં સ્વાધ્યાય -સુમન | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |

# કેટલીક ભ્રાન્ત ધારણાઓ

□ પૂ. શ્રી વિજયશીલચંદ્રસૂરિજી

ભગવાન મહાવીર જૈન સંઘના પ્રણેતા અને પ્રવર્તક હતા, અને અહિંસાના સર્વ-કલ્યાણકારી વિચાર-આચારોને કેન્દ્રમાં રાખીને તેમણે પોતાનું જિનશાસન પ્રવર્તાવેલું-એ તથ્યો તો જગવિખ્યાત છે. ભગવાનની અહિંસાની નવ કોટિ-કક્ષા આ પ્રકારની હતી:

૧. મન થકી કોઈ પણ જીવની હિંસા કરવી નહીં.

૨. મન થકી કોઈનીય હિંસા કરાવવી નહીં.

૩. મન થકી કોઈ હિંસા કરનારને સમર્થન આપવું નહીં.

આમાં મન થકી પણ કોઈનું અશુભ વિચારવું, દ્વેષ-ઈર્ષ્યા-ક્રોધ વગેરે કરવાં, કોઈનું ખરાબ થાય તેવાં આયોજન ચિંતવવાં વગેરે તમામ પ્રકારની માનસિક સ્થૂલ ને સૂક્ષ્મ હિંસાનો ત્યાગ થઈ જતો હોય છે.

૪. વાણી વડે કોઈ જીવને હણવો નહીં.

૫. વાણી વડે કોઈ જીવને હણવાની પ્રેરણા અન્યને આપવી નહીં.

૬. વાણી વડે કોઈ હિંસા કરનારને અનુમોદન આપવું નહીં.

આમાં અસભ્ય ભાષા, ધમકીની ભાષા, અસત્ય, ભય પમાડનારી વાણી, નિંદા, કલેશ-કંકાસ, વિવાદ તથા વાણીના પ્રયોગ વડે થઈ શકતી તમામ પ્રકારની સ્થૂલ-સૂક્ષ્મ હિંસાનો ત્યાગ કરવાનો આશય હોય છે.

૭. શરીર દ્વારા કોઈને મારવા નહીં.

૮. શરીર દ્વારા કોઈને મરાવવા નહીં.

૯. શરીર દ્વારા કોઈને અન્યને મારવામાં સાથ-સંમતિ આપવાં નહીં.

આમાં શરીરનો, શરીરના કોઈ પણ અંગ-હિસ્સાનો કોઈ પણ પ્રકારે ઉપયોગ કરવા દ્વારા થતી હિંસાનો ત્યાગ કરવાનો અભિપ્રાય છે.

'કોઈ પણ જીવને-કોઈને' એનો અર્થ પણ બહુ મોટો વ્યાપ ધરાવે છે. જેમ હિંસા સ્થૂલ અને સૂક્ષ્મ-બે પ્રકારે થતી હોય છે, તેમ જીવો પણ સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારના લેવાના છે. સ્થૂલ જીવો એટલે જે નરી આંખે દેખાય તે, હાલતાં-ચાલતાં, મનુષ્યથી લઈને કીડી-મંકોડા સુધીના બધા જીવો. સૂક્ષ્મ જીવો એટલે જે નરી આંખે ન દેખાય તેવા તો ખરા જ, ઉપરાંત સ્થૂળ દૃષ્ટિથી જેમાં જીવત્વ કે ચૈતન્યનો અનુભવ થવો મુશ્કેલ લાગતો હોય તેવા તમામ જીવો : જેવાં કે પૃથ્વીના, પાણીના, વાયુના, અગ્નિના અને વનસ્પતિના જીવો. યાદ રહે કે જૈન ધર્મની પરંપરામાં ભગવાન મહાવીર જેવું વિરાટ ચૈતન્ય-દર્શન ત્યાર પછી આ વિશ્વમાં કોઈએ કર્યું નથી, પારખ્યું નથી અને દર્શાવ્યું પણ નથી.

અન્યત્ર સ્વીકારવામાં આવતો મુદ્રાલેખ છે: બહુજનહિતાય બહુજનસુખાય. જ્યારે ભગવાન મહાવીરના શાસનનો મુદ્રાલેખ છે: સર્વજનહિતાય સર્વજનસુખાય. અન્યત્ર સ્વીકૃતિ પામેલો કેન્દ્રીય સિદ્ધાંત છે 'કરુણા'. જ્યારે ભગવાનના ધર્મશાસનમાં સ્વીકૃત કેન્દ્રવર્તી સિદ્ધાંત છે 'અહિંસા'. 'કરુણા' ભાવનાત્મક બાબત જણાય છે, જ્યારે 'અહિંસા' આચાર-આચારણાત્મક પદાર્થ છે. ભગવાનની અપેક્ષાએ 'કરુણા' એ 'અહિંસા'નું એક અંગ છે; સ્વતંત્ર સિદ્ધાંત નહિ.

ભગવાનની અહિંસાને ઘણીવાર મહાત્મા ગાંધીની અહિંસા સાથે સરખાવવામાં આવે છે. ક્યારેક તો એમ પણ કહેવાતું હોય છે કે ભગવાન મહાવીરની અહિંસાનું પરિષ્કૃત અને વધુ સુઘડ રૂપ ગાંધીજીએ સમજાવ્યું. આવી વાત માંડનારા અને ચલાવનારા વસ્તુતઃ અહિંસાના ખરા તાત્પર્યને તો નથી જ સમજ્યા, ઉપરાંત ગાંધીજીના સંદર્ભને પણ તેઓ નથી સમજી શક્યા.

ભગવાનની અહિંસાનો એક જ સંદર્ભ છે: આત્મસ્વરૂપદર્શનનો એટલે કે આધ્યાત્મિક સંદર્ભ. માત્ર માનવજાતનું જ નહિ, પણ સમસ્ત જીવસૃષ્ટિનું સર્વાંગીણ હિત અને કલ્યાણ થાય એવી ભૂમિકા ભગવાન મહાવીરની અહિંસાની છે. પ્રત્યેક જીવને જીવવાનો અધિકાર છે; પરંતુ, પોતાના એ અધિકારને ભોગવવા માટે, કોઈ પણ બુદ્ધિજીવી જીવાત્મા, બીજા જીવોના જીવનનો કે અધિકારોનો ભોગ નહીં જ લે-આ છે ભગવાન મહાવીરની અહિંસા-દૃષ્ટિ. આ સંદર્ભમાં 'જીવો અને જીવવા દો' એ પ્રચલિત સૂત્ર પણ અધૂરું કે અપર્યાપ્ત બની રહેવાનું. મહાવીર સ્વામીની અહિંસાનો સંદર્ભ આનાથી જરા વધુ આગળ છે અને વધુ ઊંડો-સૂક્ષ્મ છે. એ કહે છે: 'જીવો અને જીવાડો.' તમે જીવો જ, અને અન્યનો ભોગ લીધા વિના જીવો; પરંતુ સાથે સાથે અન્યને જીવાડો પણ ખરા; અને તે માટે તમારે તમારા જીવનનો કે અધિકારોનો ભોગ આપવો પડે તો તે આપીને પણ અન્યને જરૂર જીવાડો.

ગાંધીજીનો સંદર્ભ આનાથી સાવ જુદો, સ્થૂલ ભૂમિકાનો છે. તેમની અહિંસાનો સંદર્ભ વિશેષતઃ સામાજિક એટલે કે માનવીય જણાય છે. ગાંધીજીનું માનવતાવાદી વ્યક્તિત્વ છે. તેમના મતે 'મનુષ્ય જ સર્વોચ્ચ સત્ય છે.' બીજી વાત, કોઈ વ્યક્તિ જીવહિંસા કરતી હોય અને તે દ્વારા માંસાહાર કરીને ઉદરપૂર્તિ કરતી હોય તો, તેની પડખે બેસીને, તેને રોક્યા-અટકાવ્યા વિના, પોતાનું ભોજન કરવામાં, અહિંસાનું પાલન મનાય છે. તે વ્યક્તિને તેમ કરતી અટકાવવામાં કે તેને કોઈ રીતે દુભવવામાં ત્યાં સૂક્ષ્મ હિંસા માનવામાં આવે છે.

ભગવાન મહાવીરના દર્શનમાં આ સ્થિતિ સ્વીકૃત નથી ગણાઈ. પેલી હિંસક અને માંસાહારી વ્યક્તિને હેરાન કરવાની કે દુભવવાની કે તેના પર બળજબરી કરવાની વાત ભલે મહાવીર-માન્ય ન હોય; પણ 'તે વ્યક્તિ સુખે પોતાની રીતે વર્તે ને ભોજન કરે, હું તેની પાસે બેસીને જમીશ કે એવો વખત આવે તો તેને માટે તેના જમણનો પ્રબંધ પણ કરાવી આપીશ.' આવી સ્થિતિ મહાવીરના અહિંસા-દર્શનમાં માત્ર અસ્વીકાર્ય બની રહેશે. કરવા ઉપરાંત કરાવવામાં તથા પ્રત્યક્ષ કે પરોક્ષ સમર્થન આપવામાં પણ હિંસા થતી હોવાનું મહાવીર સ્વામીનું દર્શન સ્વીકારે છે.

જે મહાવીર ભગવાને અહિંસાની આટલી આત્યંતિક અને સૂક્ષ્મ સમજ આપી અને આચરણમાં મૂકી, તે ભગવાન ખુદ, માંસાહાર કરવા દ્વારા પરોક્ષ હિંસાને સમર્થન આપે, એ વાત કેટલી બધી વિસંગત લાગે છે ? પરંતુ કેટલીક વાર બાલિશતા ભરેલી રીતે આ વાત ચર્ચવામાં તથા બહેકાવવામાં આવે છે. વિદેશના કેટલાક વિદ્વાનોએ આવી ભૂલ કરી છે એટલું જ નહિ કેટલાંક ભારતીય લેખકો પણ ભગવાન મહાવીરને સમજ્યા નથી.

(૨)

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય એ મધ્યકાલીન ગૂર્જર-રાષ્ટ્રના સંસ્કાર-પુરોધા અથવા સંસ્કારપુરુષ હતા, એ વાત એક ઐતિહાસિક તથ્ય છે. અન્ય રાજ્ય-પ્રદેશોમાં થયેલ ધર્માચાર્યોએ જ્યારે પોતાના ધર્મના અનુયાયીઓ વધે તે માટે, અનેક અયોગ્ય માર્ગો, ધર્મના નામે અપનાવ્યા અને

આચર્યા, ત્યારે હેમચન્દ્રાચાર્યે ગુજરાતમાં અહિંસા, સમભાવ, સમન્વય અને નિર્વ્યસનીપણાનાં ઊંડાં મૂળ રોપીને પ્રજાને અને તેની અનેક પેઢીઓને સંસ્કાર, ઉદારતા અને સહિષ્ણુતા, ધર્મસમભાવ અને પાપભીરુતા જેવાં શુભ તત્ત્વોથી અલંકૃત કરી આપી. એ સાથે જ તેઓએ ગૂર્જર રાષ્ટ્રને પોતીકું સાહિત્ય આપ્યું. પોતીકી ભાષા આપી, અને એ રીતે તેને કાલજયી અસ્તિત્વ પણ અર્પ્યું.

આવા ધર્મપુરુષ માટે કોઈને પણ લખવાનું મન થાય તો તે સમજી શકાય તેમ છે. અને ઘણા ઘણા લોકોએ-લેખકોએ તેમના વિશે લખ્યું છે, અને આજે પણ લખતાં રહે છે. સવાલ માત્ર લેખકો દ્વારા લખાતાં લખાણોની અધિકૃતતાનો છે, અને ઈતિહાસ-સિદ્ધ તથ્યોનો છે. ઐતિહાસિક તથ્યોને ઉવેખ્યા વગર અને એનો લોપ કે દ્રોહ ન થાય તે રીતે, અધિકૃત લખાણ લખાય ત્યારે તો કોઈ આપત્તિ ન હોઈ શકે. પરંતુ તથ્યો સાથે ચેડાં થાય અથવા પોતાના અજ્ઞાનને કારણે તે રીતે અનધિકૃત રજૂઆત થાય તો થોડોક ખેદ પણ થાય, અને તેવું આલેખન કરનારના આશય પરત્વે સંદેહ પણ જાગે. અહીં આવાં બે એક આલેખનો વિશે વાત કરવી છે.

(૧) રજની વ્યાસ એ ગુજરાતના એક જાણીતા ચિત્રકાર છે. હવે તેઓ લેખન-પ્રકાશન ક્ષેત્રમાં પણ ઘણું કામ કરતાં હોવાનું જણાય છે. તેમણે એક સચિત્ર ગ્રંથ 'The Glory of Gujarat' (ઈ. ૧૯૯૮, અક્ષર પ્રકાશન) પ્રસિદ્ધ કર્યો છે. તેમાં પૃષ્ઠ ૧૩૩ પર હેમચન્દ્રાચાર્યનું એક ચિત્ર છાપવામાં આવ્યું છે. આ ચિત્રમાં ત્રણ આકૃતિઓ દેખાય છે. ૧. કાષ્ઠાસન ઉપર બેઠેલા હેમાચાર્ય; ૨. તેમની જમણે પડખે બેઠેલા એક સાધુ; ૩. દરવાજામાં પ્રવેશ કરતો એક યોદ્ધો-કુમારપાળ. આ ચિત્ર, કલાની દૃષ્ટિએ તો રૂડું દીસે છે, પરંતુ તથ્યની દૃષ્ટિએ તે ભૂલભરેલું છે. હેમચન્દ્રાચાર્યના મુખ પર મુહપત્તિ નામનું વસ્ત્ર ચિત્રકારે બાંધ્યું છે, જે તથ્યોનું ઉલ્લંઘન કરે છે.

મોં પર મુહપત્તિ બાંધે અને વધુ પડતો લાંબો ઓઘો (રજોહરણ) રાખે તેવો સંપ્રદાય સોળમા-સત્તરમા શતકમાં પ્રવર્ત્યો છે; બારમા સૈકામાં તેનું કોઈ જ અસ્તિત્વ ન હતું. આ ચિત્રમાં દેખાતો લાંબો રજોહરણ પણ વિચિત્ર લાગે છે. એ સમયમાં રજોહરણ નાનો તો હતો જ સાથે સાથે તેને કાષ્ઠાસન ઉપર, બેસનારના મસ્તકની પાછળના ભાગમાં એક હુક જેવું રાખીને તેમાં તે ભરાવી દેવાની પદ્ધતિ હતી. એમ લાગે છે કે જૈનોના ભિન્ન ભિન્ન સંપ્રદાયો વિશે લેખકને પૂરી જાણકારી નથી.

એક બચાવ કરી શકાય. હાથમાં તાડપત્રની પોથી હોય, તે બેય હાથે પકડવી પડતી હોય, અને તે કારણે આચાર્યે વસ્ત્ર મોં પર બાંધ્યું હોય, તો આ સ્થિતિ તથ્યાત્મક ગણાય. પરંતુ અહીં તો આચાર્યનો એક હાથ આગંતુક પ્રતિ લંબાયેલો છે-અર્થાત્ ખુલ્લો છે, અને બીજા હાથમાં કાગળની બનેલી નાનકડી પોથી છે, તાડપત્રની લાંબી પોથી નથી; એટલે આ બચાવ પણ ટકી શકતો નથી.

કહેવાનું એટલું જ કે ઐતિહાસિક સંદર્ભો આપતો ગ્રંથ આપવો હોય ત્યારે તે આપનારે ઝીણામાં ઝીણી વિગતની પણ જરૂરી સજ્જતા ધરાવવી જ જોઈએ.

(૨) એક અન્ય ગુજરાતી લેખક છે જશવંત મહેતા. તેમણે ઈ. સ. ૨૦૦૧ માં અને ૨૦૦૨ માં અનુક્રમે બે પુસ્તકો પ્રકાશિત કર્યા છે. (૧) 'કલિકાલ સર્વજ્ઞ' (નવલકથા) અને (૨) 'અહિંસા પરમો ધર્મ' (નાટકોનો સંગ્રહ). નવલકથા હેમચન્દ્રાચાર્યના જીવનનું નિરૂપણ કરે છે અને નાટકો પૈકી મુખ્ય નાટક 'અહિંસા પરમો ધર્મ' પણ હેમચન્દ્રાચાર્યના જીવનને જ નિરૂપે છે. બેશક, લેખકને આચાર્ય પ્રત્યે, અને વસ્તુત: તો વિવિધ સંપ્રદાયના સંતપુરુષો પ્રત્યે સદ્ભાવ હોવાથી જ તેઓ આ પ્રકારનાં પુસ્તકો લખતા હશે. પરંતુ આ પુસ્તકોમાં તેઓ ભાવુકતાના આવેગમાં ઠેર ઠેર જૈનાચાર્યની પ્રતિભા અને જૈન ધર્મના સાધુઓની મર્યાદાઓની પ્રણાલિકાને જાણ્યે અજાણ્યે અન્યાય કરી બેઠા છે, તે બાબત પ્રત્યે ધ્યાન અપાવું જ જોઈએ. કેટલાંક ઉદાહરણો જોઇએ.

૧. નવલકથા-પૃ. ૧૪-૧૫ ઉપર, દેવચંદ્રસૂરિના અપાસરાના એક ખંડમાં માતા મીનલદેવીને અને બાળરાજા સિદ્ધરાજને-આરામ કરતાં આલેખ્યાં છે, ચાંગદેવ અને સિદ્ધરાજની ત્યાં મુલાકાત તથા સંવાદ વર્ણવ્યા છે, કુમાર હજી તો 'જયસિંહ' માત્ર છે, તોય તેને 'સિદ્ધરાજ' તરીકે આલેખ્યો છે;-આ આખીયે ઉપજાવી કાઢેલી કથા ન તો વાસ્તવિક છે કે ન તો કલાત્મક. અત્યંત કૃતકતા જ ઉભરાતી રહે છે.

૨. પાંચમા પ્રકરણમાં વાદી કુમુદચંદ્ર સાથેના વાદની વાત છે (પૃ. ૩૬ થી). તે વાદ વાદી દેવસૂરિ નામના આચાર્યે કુમુદચંદ્ર સાથ કરેલો. સોમચંદ્ર તે સમયે સોમચંદ્ર નહિ, પણ હેમચંદ્રાચાર્ય બની ગયેલા, અને તેમના ગુરુ દેવચંદ્રસૂરિને આ 'વાદ' સાથે કશી જ લેવાદેવા નહોતી, હાજરી પણ નહિ. છતાં દેવચંદ્રસૂરિને મંત્રીનું આમંત્રણ, સોમચંદ્ર સહિત આગમન, વાદ અને જય-આ આખી વાત તથ્યોલ્લંઘન-આધારિત બની ગઈ છે. ઉપરાંત, બન્ને પક્ષે થયેલી રજૂઆતો પણ સાવ છીછરી-અતાર્કિક દીસે છે, તો માતાની દખલ અને તેથી બચવા માટે સોમચંદ્રે કરેલી ખટપટ વાળી વાતો (પૃ. ૩૭-૩૮) પણ સાવ વરવું ચિત્રણ હોવાનું પુરવાર કરે છે.

૩. પૃ. ૩૯-૪૦-૪૧ પરની ગુરુ-શિષ્યની પ્રશ્નોત્તરી પણ અત્યંત સપાટી પરની બની રહી છે. તો પૃ. ૪૧ પરની 'અપાસરાના એકાંત ખૂણામાં પડેલા કોલસાના ઢગલા'વાળો સંવાદ પણ અર્થહીન અને અપ્રાસંગિક બની જતો જણાય છે. આ વાત ખરેખર તો એક સરસ ઘટના હતી, જેનો ઉપયોગ લેખક, બીજી રીતે, શ્રેષ્ઠ કરી શક્યા હોત, અને તે પણ તેમાંના 'ચમત્કાર' લાગતાં તત્ત્વને ગાળી-ટાળીને.

૪. ભેટી પડવાની વાત આ કથામાં અનેક વાર આવે છે. જૈન સાધુ રાજાને, અન્ય સંતોને કે શિષ્યને ભેટી પડે તે વાત જ હાસ્યાસ્પદ છે. છતાં લેખકની ભાવુકતા જોતાં તે વાતને બહુ મહત્ત્વ ન આપીએ તો પણ, હેમચંદ્રાચાર્ય પોતાની માતાને ભેટવા માટે ધસી જાય છે (પૃ. ૫૦-૫૨) એ આખો વૃત્તાંત તો તદ્દન અવ્યવહારુ અને અણછાજતો જ આલેખાયો છે. આવું જો કે બન્યું જ નથી. અને ખરેખર બન્યું હોય તો પણ લેખકની કલાકુશળતા આવી ઘટનાને-આવી ક્ષણોને એવી કલાત્મકતાથી રજૂ કરી શકે કે તથ્ય જળવાય અને પ્રતિભા ન નંદવાય. અહીં તો નહિ બનેલી ઘટના ઊભી કરીને લેખકે આચાર્યની પ્રતિભાને ખંડિત થતી દર્શાવી દીધી છે, જે તદ્દન અયોગ્ય છે. આચાર્ય, ઋષભદેવ, તથાગત અને શંકરાચાર્યના દાખલા આપીને જે દલીલ કરે છે તે તો કોઈ વેવલી વ્યક્તિ જ કરી શકે.

અને આચાર્યના પિતા ચાંચદેવે પણ દીક્ષા લીધી હોવાનું (પૃ. ૫૨) તો કદાચ પ્રથમ વાર જ આ નવલકથા દ્વારા જાણવા મળ્યું ! એ નિરૂપણ અસત્ય છે.

૫. 'રાજા દુર્લભદાસ સોલંકી' આ પ્રયોગ મુદ્રણની ભૂલ નથી લાગતી, છતાં રભસવૃત્તિજન્ય ક્ષતિ હોઈ શકે. દુર્લભરાજ કે દુર્લભદેવ હોત તો ઉચિત થાત. આ તો જરા પ્રાસંગિક આડવાત. એવી જ બીજી આડવાત આ પ્રકરણ ૧૦માં પ્રારંભનાં પાનામાં રાજા પાટણ આવી ગયો તેનું

વિગતે બયાન આપ્યા પછી, પૃ. ૭૩ પર 'આપણે તાત્કાલિક પાટણ પહોંચવાનું છે-'નો હુકમ કર્યો-આનો મતલબ શો ? તે સમજાતું નથી.

૬. પૃ. ૭૮ પર વ્યાકરણની પંચાંગી ગણાવવામાં પણ લેખકે ગફલત દાખવી છે. તો પૃ. ૭૮ પર વ્યાકરણ-રચના થવા અંગે વધાઈ આપવા દોડેલો શ્રીધર, પૃ. ૮૦-૮૧ પર ફરીવાર એ જ બાબતે દોડતો વર્ણવાયો છે, તે પુનરાવર્તનનું રહસ્ય સમજાવું પણ મુશ્કેલ લાગે છે. પૃ. ૮૨-૫૨ 'મહારાજ અને અહીં ! સુદામાની ઝૂંપડીએ...' આવા શબ્દો હેમાચાર્યના મોંમાં મૂકીને તેમની ગરિમાને ખાસી લઘુતા અર્પી છે. એક જૈન આચાર્ય આવા શબ્દો બોલે એ કલ્પના જ અસ્થાને છે. આવા જ શબ્દો આ જ વિષયમાં આગળ પણ જોવા મળે છે : 'હું તો એક સામાન્ય મહાવીરસ્વામીનો અદનો સેવક છું.' (પૃ. ૮૪); કેટલા બાલિશ છે આ બધા શબ્દો ! તો આ જ સંદર્ભમાં આગળ લેખક સાવ નવું જ દશ્ય સર્જે છે : 'હેમચન્દ્રાચાર્યે વ્યાકરણ ગ્રંથ પોતાના માથા પર મૂકી રાજસભામાં જ્યારે પ્રવેશ કર્યો...' (પૃ. ૮૪). આવું અનુચિત દર્શન ફક્ત નવલકથાકાર જ કરાવી શકે-એ વાત પાકી.

૭. પૃ. ૯૫ પર, તેરમા પ્રકરણના આરંભમાં જ, લેખકે હેમાચાર્યના મુખમાં મૂકેલા શબ્દ ભારે વિચિત્ર લાગે: 'અરે વિપ્ર ! ...આમ હાંફળાં ફાંફળાં અડધી રાત્રે આ સેવકની કુટિર પાવન કરવા ક્યાંથી આવી ચઢ્યા ?'...અજાણી વ્યક્તિ સમક્ષ પોતાની જાતને આટલી બધી દીન-લાચાર બતાવવાને અધીર હેમાચાર્યનું આ ચિત્રણ જોતાં જ ભારે ગ્લાનિ નીપજે છે. મજાની વાત તો એ છે કે નવલકથામાં 'વિપ્ર'ના રૂપમાં વર્ણવાયેલા આ કુમારપાલને, નાટક 'અહિંસા પરમો ધર્મ'માં લેખકે 'જૈન સાધુ'ના સ્વરૂપે આલેખ્યા છે. (અહિંસા પૃ. ૩૪), અને હેમાચાર્ય તેમને 'અંદર પધારો સૂરિ' એમ કહીને બોલાવે પણ છે. અધિકૃતતા અને અનધિકાર વચ્ચેનો તફાવત અહીં સુપેરે સમજવા મળે છે.

૮. પૃ. ૧૧૫ ઉપર, અન્યોની સાથે હેમચન્દ્રાચાર્ય પણ કુમારપાળને સિંહાસન તરફ દોરી જતા દર્શાવવામાં આવ્યા છે. આ દેખીતો મર્યાદાભંગ લાગે. જૈનાચાર્ય આ હદે કદાપિ રાજ-ખટપટમાં સક્રિય હોય નહિ, તે વાતથી લેખક આટલા બધા બિનવાકેફ હશે ?

૯. પૃ. ૧૭૭-૭૯ માં હેમચન્દ્ર-રામચન્દ્રસૂરિ-એ બે ગુરુશિષ્યનો મૂકેલો સંવાદ કેટલો બધો બેહૂદો લાગે છે ! બન્નેની સમજ, પ્રતિભા અને ક્ષમતા વિશે પ્રશ્ન થાય તેવા છીછરા શબ્દો અને તેવી બાલિશ રજૂઆત છે. એમાંયે-'એકાદ મૂર્તિ એક જ સ્થાને સ્થાપવાની હઠને કારણે કે એક ધર્મસ્થાન એ જ જગ્યાએ સ્થાપવાની જીદને કારણે આખા દેશમાં સર્વનાશ સર્જનારા ધર્મને આપણે ધર્મ કહેશું ?'-આ વાક્યખંડ, અત્યંત ઉઘાડી રીતે અયોધ્યાના પ્રવર્તમાન મંદિર-મસ્જિદના વિવાદ પ્રત્યે સંકેત કરે છે. હેમચન્દ્રાચાર્યના મોંમાં આવાં વાક્યો મૂકીને લેખકે શું સિદ્ધ કરવા ધાર્યું હશે તે તો તેઓ જ જાણે. પરંતુ આ સાવ અનધિકૃત દુ:સાહસ છે તે તો નિ:શંક કહેવું પડશે. લેખક મર્યાદા ચૂક્યા છે.

૧૦. પૃ. ૧૮૨ પર લેખક તદ્દન છાપાળવી શૈલીમાં લખે છે : 'થોડીવારમાં તાસકમાં પાણીના પ્યાલા આવ્યા.'-જૈન ઉપાશ્રય અને જૈન સાધુની ચર્ચા, મર્યાદા અને પ્રણાલિકાનો લગાર પણ અંદાજ હોત તો આવી ઊટપટાંગ વાત લેખકે ન લખી હોત. જૈન સાધુના કેટલાક કડક આચાર-નિયમો છે. તેઓ, ગૃહસ્થોની જેમ પાણીના પ્યાલા ધરીને કોઈનુંય સ્વાગત ન કરે, ન કરી શકે-એટલો ટૂંકો ખુલાસો અહીં નોંધું.

૧૧. પૃ. ૧૯૦માં એક આવી જ ક્ષતિ થઈ છે. ભાવબૃહસ્પતિ હેમચંદ્રાચાર્યને આરતી ઊતારવાનું કહે છે અને આચાર્ય હાથમાં આરતી-જ્યોત લઈને આરતી ગાય છે-ઉતારે છે. ભાવુકતાનો અતિરેક તે વેવલાઈ ગણાય, અને તે કક્ષાએ લેખક પહોંચ્યા હોવાનો સંશય જગાડતી આ રજૂઆત લાગે. હેમાચાર્યે શિવ-સ્તવના કર્યાની ઘટના ઐતિહાસિક છે, જગજાહેર પણ. તેનો આવો અવાસ્તવિક ઉપયોગ કરવો તે નર્યું દુ:સાહસ જ છે.

આ તો અમુક દેખીતાં સ્થાનો પરત્વે અંગુલિનિર્દેશ માત્ર કર્યો. આવું આવું તો નવલકથા અને નાટકમાં ઘણું મળી આવે. આ બધું દેખાડવા પાછળ લેખકને કે તેમની કૃતિને ઊતારી પાડવાનો આશય નથી. પરંતુ આ દ્વારા મારે એટલું જ સૂચવવું છે કે કોઈ પણ ધર્મ, તેની પરંપરા, ઈતિહાસ, આ બધાંનો સર્વાંગી અભ્યાસ અને જાતઅવલોકન કર્યા વિના અને તેની સાથે ઓતપ્રોત થયા વિના, આ પ્રકારનાં આલેખનો કરવાથી કોઈ પણ શિષ્ટ અને સુજ્ઞ લેખકે બચવું જ જોઈએ. અન્યથા ક્યારેક ભારે હાનિ થવાનો સંભવ છે. જૈન સમાજ સિવાયનો સમાજ હોય તો તો આવું આલેખન બહુ મોંઘું પડી જ જાય. જૈનો ખૂબ સહિષ્ણુ છે, ભીરુ ગણાય તે હદે. તેમના આ ગુણનો અજાણતાં પણ ગેરલાભ ન લેવો જોઈએ.

# શ્રી અરનાથ જિન સ્તવન

**□ સુમનભાઈ એમ. શાહ**

પ્રસ્તુત સ્તવનમાં શ્રી દેવચંદ્રજી મહારાજે જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી ઉપાદાન અને નિમિત્ત કારણોની ઓળખાણ આત્માર્થ સાધવા માટે આપેલી છે. નિશ્ચયદષ્ટિએ દરેક ભવ્યજીવમાં ઉપાદાનતા કે સ્વભાવ તો સત્તામાં કાયમી હોય છે અથવા ભવ્યજીવમાં સિદ્ધપદ પ્રાપ્તિની ક્ષમતા હોય છે, પરંતુ તેને પ્રગટ થવા માટે એટલે કે આવરણ રહિત કરવા માટે વ્યવહારદષ્ટિએ ઉત્તમ નિમિત્ત કે શુદ્ધ અવલંબન જરૂરી છે. આત્માર્થ સાધી શકાય એ હેતુથી, યથાર્થ પુરુષાર્થ કેવી રીતે કરી શકાય તે માટે, શ્રી દેવચંદ્રજી મહારાજે ઉપાદાન અને નિમિત્ત કારણોનો સહયોગ કે સદ્‌ભાવ પ્રાપ્ત કરવાની પ્રસ્તુત સ્તવનમાં ભલામણ કરેલી છે. હવે સ્તવનનો ગાથાવાર ભાવાર્થ જોઈએ.

**પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી;**
**ત્રિભુવન જન આધાર, ભવ નિસ્તાર કરોરી...પ્રણમો. ૧**

હે ભવ્યજીવ ! હે સાધક ! ત્રણે લોકના ભવ્યજીવોને સંસારરૂપ ભવરણમાંથી શિવપુર સુધી એટલે મુક્તિ સુધી શ્રી અરનાથ પ્રભુ એક ઉત્તમ અને અનુપમ આલંબન છે, માટે તેઓને ભક્તિભાવપૂર્વક પ્રણામ કર, જેથી તેઓ સાર્થવાહ તરીકે ઉપયોગી નીવડે. આત્માર્થી સાધક જો ગુરુગમે શ્રી અરનાથ પ્રભુને યથાતથ્ય ઓળખે અને તેઓને શરણાગત થાય તો તે ચારગતિરૂપ સંસારમાંથી મુક્તિ મેળવી શિવગતિ એટલે પંચમગતિ પામવાનો અધિકારી થાય. સાધકોને શ્રી દેવચંદ્રજી

મહારાજનું આવું આવાહન છે.

કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી;
કારણ ચાર અનુપ, કાર્યોથી તેહ ગ્રહેરી...પ્રણમો. ૨

કાર્યસિદ્ધિ થવા માટે સાધકે નિયત કરેલાં મોક્ષનાં કારણો કે સત્‌સાધનો સેવવાં ઘટે છે. કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મનો ઉદય અને પુરુષાર્થ એવાં પાંચ સમવાયી કારણોના સહયોગથી કાર્ય નીપજે છે એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. આ પાંચ કારણોના વત્તા-ઓછા સહયોગથી કાર્ય કે પરિણામની નિષ્પત્તિ ઊપજે છે અને આ કારણોનો સમાવેશ ઉપાદાન અને નિમિત્તમાં આપોઆપ થાય છે એવું શ્રી દેવચંદ્રજી જણાવે છે. ઉપાદાન કારણમાં ભવ્યજીવના સત્તાગત આત્મિકગુણો અને તેનું પ્રાગટ્ય જાણવું અને પૂર્વકૃત કર્મના ઉદયાનુસાર જે પણ સંયોગો જીવને પ્રાપ્ત થાય તેમાં સમભાવ વર્તે એવો પુરુષાર્થ ગુરુગમે જાગૃત થાય તે નિમિત્ત કારણ જાણવું.

આત્માર્થી સાધકને ઉપાદાન અને નિમિત્ત કારણો વ્યવહારથી યથાતથ્ય સમજમાં આવે એ હેતુથી તેના ચાર વિભાગો કરવામાં આવ્યા છે, જે અનુપમ છે. (૧) સામાન્ય ઉપાદાન (૨) અસાધારણ ઉપાદાન (૩) નિમિત્ત કારણ (૪) અપેક્ષા કારણ. આવા ચાર વિભાગોની સમજણ હવે પછીની ગાથાઓમાં આવે છે.

જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદેરી;
ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદેરી...પ્રણમો. ૩

'કોઇપણ સત્‌દ્રવ્ય કે વસ્તુ તેના સ્વભાવમાં પરિણમે છે' એવો ત્રિકાળી સિદ્ધાંત સર્વજ્ઞ ભગવંતોએ પ્રરૂપેલ છે. બીજી રીતે જોઇએ તો દ્રવ્ય કે વસ્તુના મૂળભૂત સ્વભાવમાં હોય તો તે પર્યાયો કે અવસ્થાઓ મારફત પરિણામ પામે છે એવી દ્રવ્યમાં ઉપાદાનતા હોય છે. ઉપરાંત એક દ્રવ્યનો ગુણ બીજા દ્રવ્યના ગુણરૂપ થતો નથી તેમજ ગુણો વિખરાઈ જતા નથી એવો અગુરુલઘુ સ્વભાવ છે.

ઉપરની સૈદ્ધાંતિક હકીકતથી સ્પષ્ટ થાય છે કે દરેક આત્મદ્રવ્યમાં મૂળભૂત જ્ઞાનદર્શનાદિ ગુણો સત્તામાં કાયમના રહેલા હોય છે, પરંતુ જીવના વિભાવોથી ગુણો ઉપર કર્મરૂપ આવરણો હોવાથી તે બહુધા ઢંકાયેલા કે અપ્રગટ દશામાં રહેલા હોય છે. આ હકીકતને સમજવા માટે સાદો દાખલો આપતાં શ્રી દેવચંદ્રજી કહે છે કે માટીરૂપ દ્રવ્યની ઉપાદાન ગુણશક્તિનો પર્યાય ઘડો કે અન્ય આકારવાળી વસ્તુ છે. એટલે પર્યાયરૂપ આકારમાં અવસ્થાંતર કે ફેરફાર થાય છે, પરંતુ ગુણ કાયમનો રહે છે. ટૂંકમાં ગુણની પર્યાયાત્મક અવસ્થાઓને કાર્ય કે પરિણામ કહી શકાય જ્યારે અપેક્ષાએ ગુણ કારણ કહેવાય.

ઉપાદાનથી ભિન્ન, જે વિણું કાર્ય ન થાય;
ન હવે કારજ રૂપ, કર્તા ને વ્યવસાય...પ્રણમો. ૪
કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે;
કાર્ય તથા સમવાય, કારણ નિયત ને દાવે...પ્રણમો. ૫

ઉપરની ગાથાઓમાં નિમિત્તનું સ્વરૂપ અને તેની ઉપયોગિતા વિષે ફોડ પાડતાં શ્રી દેવચંદ્રજી જણાવે છે કે જેની સહાયતા કે સદ્‌ભાવ વગર કાર્ય અથવા પરિણામ થતું નથી અને જે ઉપાદાનથી ભિન્ન કે જુદું છે તેને નિમિત્ત કારણ જાણવું.

કાર્યસિદ્ધિ માટે અથવા કાર્ય નિપજાવવાના હેતુએ કર્તા જ્યારે નિમિત્તોનો ઉપયોગ કરે છે-તેનો આધાર કે આશ્રય લઈ પરિણામ ઉપજાવે છે, તેને નિમિત્તકારણની ઉપકારકતા જાણવી. કાર્યસિદ્ધિ કે પરિણામ થવા માટે જે ઉપાદાન અને નિમિત્ત બન્ને કારણોનો સહયોગ થાય છે તેમાં પાંચેપાંચ સમવાયી કારણોનો સમાવેશ થાય છે. આમાં નિમિત્ત કારણનો દાખલો આપતાં શ્રી દેવચંદ્રજી જણાવે છે કે કુંભાર ચક્ર-દંડાદિનો ઉપયોગ માટીનાં વાસણો કે વિધવિધ આકારો બનાવવામાં કરે છે ત્યારે આવાં સાધનો કે નિમિત્તોના સહયોગથી કાર્ય થાય છે એમ સમજવું અથવા નિમિત્તની તે ઉપકારકતા જાણવી.

વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી;
તે અસાધારણ હેતુ, કુંભે થાસ લહ્યોરી...પ્રણમો. ૬

પ્રસ્તુત ગાથામાં ઉપાદાનનો બીજો વિભાગ, જેને અસાધારણ કારણ કહેવામાં આવે છે, તેનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. કોઈપણ સત્‌દ્રવ્યમાં તેના ગુણોથી સદૈવ અભેદતા કે અભિન્નતા વર્તે છે. એટલે ગુણો અને તેના ગુણીને (દ્રવ્યને) છૂટા પાડી શકાતાં નથી. સત્‌દ્રવ્યના ગુણોનું નિર્ધારિત ક્રમમાં પ્રવાહરૂપે સમયે-સમયે પર્યાયોમાં સંયોગોની સાપેક્ષતામાં પરિણમન તે દ્રવ્યનો સ્વભાવ છે, માટે નિશ્ચયદષ્ટિએ તેમાં સ્વતંત્ર કર્તાપણું હોતું નથી. પરંતુ વ્યવહારદષ્ટિએ એવું કહી શકાય કે ગુણો અમુક અપેક્ષાએ કર્તા છે અને પર્યાયોરૂપ અવસ્થાઓ તેનું પરિણામ છે. દાખલા તરીકે જીવને સમ્યક્‌દર્શન પછી મુક્તિમાર્ગમાં ઉત્તરોત્તર ઊર્ધ્વગામી પરિણામો થાય છે તે આત્મદ્રવ્યના અસાધારણ ઉપાદાન કારણતાને લીધે છે, જેમ ઘડો ઉપજાવવા માટે કુંભાર માટીરૂપ દ્રવ્યની ઉપાદાનતાને અનેકવિધ સાધનો વડે વિશેષ પરિણામો ઉપજાવે છે, તેને ઘડાનું અસાધારણ કારણ અપેક્ષાએ કહી શકાય.

જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુભાવી;
ભૂમિ કાલ આકાશ, ઘટ કારણ સદ્‌ભાવી...પ્રણમો. ૭
એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી;
કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી...પ્રણમો. ૮

પ્રસ્તુત ગાથાઓમાં નિમિત્ત કારણનો બીજો વિભાગ, જેને અપેક્ષા કારણ કહેવામાં આવે છે, તેનું સ્વરૂપ સમજાવ્યું છે.

કોઇપણ સત્‌દ્રવ્યમાં જે કાળમાં અને જે ક્ષેત્રમાં પરિણામો ઉત્પન્ન થાય છે તે કાળ અને ક્ષેત્રને અપેક્ષા કારણ તરીકે કહેવામાં આવે છે. આમ કાર્ય કે પરિણામમાં નિશ્ચયદષ્ટિએ નિમિત્તનું સ્વતંત્ર યોગદાન હોતું નથી, પરંતુ વ્યવહારદષ્ટિએ નિમિત્તનું યોગદાન કે સદ્‌ભાવ જરૂરી છે. દાખલા તરીકે દરેક ભવ્યજીવને આત્મિકગુણો કે ઉપાદાન તો સત્તાગત કાયમના હોય છે, પરંતુ ક્ષેત્ર અને કાળનું નિમિત્ત ન હોય તો કાર્યની નિષ્પત્તિ ન પણ થાય કારણ કે ઉપાદાનને નિમિત્તના સદ્‌ભાવનો અભાવ હોય. જેમકે હાલના વર્તમાન કાળમાં ભરતક્ષેત્રથી કોઈપણ ભવ્યજીવ આત્યંતિક મુક્તિ મેળવી શકતો નથી, કારણ કે યોગ્ય કાળ અને ક્ષેત્રના સદ્‌ભાવરૂપ નિમિત્તનો અભાવ છે.

ટૂંકમાં ભવ્યજીવની વર્તમાન આંતરિકદશાનો ઉત્કર્ષ થવા માટે કાળ અને ક્ષેત્ર જેવા નિમિત્તના સદ્‌ભાવનો પણ આધાર હોવો ઘટે છે, જેને અપેક્ષા કારણો કહેવામાં આવે છે.

કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિ પણોરી;
નિજ સત્તાગત ધર્મ તે ઉપાદાન ગણોરી...પ્રણમો. ૯

દરેક ભવ્યજીવમાં સિદ્ધપદ પામવાની ક્ષમતા કે ઉપાદાનરૂપ સ્વભાવ તો અનાદિકાળથી હોય છે, પરંતુ આ ઉપાદાનતાને જાગૃત કરવા માટે સાધકે શમ્-સંવેગ-નિર્વેદ, અનુકંપા, આસ્તિકયાદિ સત્‌સાધનોને સદ્‌ગુરુની નિશ્રામાં સેવવાં ઘટે. સાધકને પોતાના સત્તાગત આત્મિકગુણોની યથાર્થ ઓળખાણ અને તેના પ્રાગટ્ય માટે ગુરુગમે પુરુષાર્થધર્મનું સેવન હિતાવહ છે. આમ સદ્‌ગુરુના સુબોધથી સાધકને સત્તાગત આત્મિકગુણો ઉપરનું

કર્મરૂપ આવરણ દૂર કરવાનું ધ્યેય કે લક્ષ રહેતું હોવાથી તે ક્રમશઃ આત્માના અનુશાસનમાં આવવા માંડે છે અને તેને સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે. શ્રી દેવચંદ્રજી મહારાજે પ્રસ્તુત ગાથામાં સમ્યક્દર્શનની પ્રાપ્તિને સાધારણ ઉપાદાનતા જણાવી છે.

**યોગ, સમાધિ, વિધાન, અસાધારણ તેહ વદેરી;**
**વિધિ આચરણા ભક્તિ, જિણે નિજ કાર્ય સધેરી...પ્રણમો. ૧૦**

પ્રસ્તુત ગાથામાં અસાધારણ કારણ, જે ઉપાદાનતાનો બીજો વિભાગ છે તેનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. અથવા સમ્યક્દર્શનની પ્રાપ્તિ પછી આત્માર્થી સાધકે કેવાં સત્‌સાધનો સદ્‌ગુરુની નિશ્રામાં સેવવાં ઘટે જેથી તેને કાર્યસિદ્ધિ પ્રાપ્ત થાય તેની ઓળખાણ આપેલી છે.

જે સાધકે શુદ્ધ સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ કરી છે અને જે કાર્યસિદ્ધિ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થી થયો છે, તે ગુરુગમે ભક્તિ, યોગ, સમાધિ, વિધિવિધાન, આચરણાદિ આંતરબાહ્ય દશામાં વિધિવત્ આચરે અથવા ભાવસહિત ઉપાસના કરે તો ઉત્તરોત્તર ચઢતા પરિણામે ગુણસ્થાનકોનું આરોહણ કરે છે. આમ સત્‌સાધનો અને યથાર્થ પુરુષાર્થધર્મના સેવનથી સાધક મુક્તિમાર્ગ પામવાનો અધિકારી નીવડે છે. આવા ભવ્ય આત્માર્થીની આંતરબાહ્ય વર્તના શુદ્ધ ઉપયોગથી થતી હોવાથી તે મોક્ષ કે પંચમગતિની પ્રાપ્તિના કારણો સેવે છે, જેને અસાધારણ ઉપાદાનકારણ કહેવામાં આવે છે.

**નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો;**
**નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહ લેખે આણો...પ્રણમો. ૧૧**

પ્રસ્તુત ગાથામાં નિમિત્ત કારણનો બીજો વિભાગ એટલે અપેક્ષા કારણનું સ્વરૂપ સમજાવે છે.

કોઈપણ જીવ મનુષ્યગતિમાં આવ્યા સિવાય આત્યંતિક મુક્તિ મેળવી શકતો નથી એવું જ્ઞાનીપુરુષોનું કથન છે. પહેલાં તો મનુષ્યગતિમાં જન્મ થવો એ મહાપુણ્યશાળીનું કામ છે. આવી દુર્લભ ગતિમાં જન્મ પામેલા અસંખ્ય જીવોમાંથી કોઈ વિરલો સત્‌ધર્મ પામે છે, ત્યારે તે આત્મકલ્યાણ માટેના નિમિત્તોનું યથાતથ્ય અવલંબન કે આધાર લઈ, પોતાની સત્તાગત્ ઉપાદાનતાને જાગૃત કરી, શુદ્ધતા પામવાની શરૂઆત કરે છે. આવો ભવ્યજીવ ઉત્તમ નિમિત્તોનો સદુપયોગ કરી, કર્મરૂપ આવરણોને દૂર કરી, ઉપાદાન કે આત્મિકગુણોને પ્રગટ કરી અક્ષય અને અનંત સહજસુખની પ્રાપ્તિ કરી શકે છે.

આમ આત્મકલ્યાણની તીવ્ર વાંછના અને આયુષ્યાદિ અપેક્ષા કારણોનો આધાર લઈ, તે કારણોની ઉપકારકતા જાણી, મનુષ્યગતિમાં થયેલ અવતરણને સાર્થક કરવાની અમૂલ્ય તક ઝડપી લેવાનું શ્રી દેવચંદ્રજી મહારાજનું ભવ્યજીવોને આવાહ્‌ન છે.

**નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃતખાણી;**
**પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી...પ્રણમો. ૧૨**

શ્રી જિનેશ્વર ભગવંતનું બાહ્યાંતર સ્વરૂપ ગુરુગમે ઓળખી, તેનો સદુપયોગ સાધકથી થાય તો પુરુષાર્થ જાગૃત થાય અને તે વહેલો-મોડો આત્મકલ્યાણ સાધે, એ પ્રસ્તુત ગાથાનો હેતુ છે.

સમતારસથી ભરપૂર અને અનેક અતિશયોથી યુક્ત એવી શ્રી તીર્થંકર ભગવંતની અમૃતમય વાણી સાધકનો પુરુષાર્થ જાગૃત કરાવનારી છે. શ્રી જિનેશ્વરની દેશના કે બોધમાં ગૂઢ મર્મ અને તત્ત્વાર્થ સમાયેલો હોય છે અને તે સાધકને સોંસરો ઊતરી જાય છે. ઉપરાંત તેઓની વીતરાગી મુખમુદ્રાનું અપૂર્વ દર્શન થતાં તેઓ સાધકના હ્રદયમંદિરમાં પ્રતિષ્ઠા પામે છે. જ્ઞાનીપુરુષોએ વીતરાગ ભગવંતનું અવલંબન સાધકોને અત્યંત હિતાવહ છે, એવી પોતાના અનુભવથી ભલામણ કરેલી છે.

ટૂંકમાં આત્માર્થી સાધકને શ્રી જિનેશ્વર ભગવંતનું અવલંબન આત્મકલ્યાણના માર્ગે ઉત્તરોત્તર ચઢતા પરિણામો નીપજાવનાર છે અને એ હેતુથી જ્ઞાનીપુરુષોએ તેઓનો આશ્રય સર્વોત્તમ નિમિત્તરૂપે વર્ણવ્યો છે.

**પુષ્ટ હેતુ અરનાથ, તેહના ગુણથી હળીએ;**
**રીઝ ભક્તિ બહુમાન, ભોગ ધ્યાનથી મળીએ....પ્રણમો. ૧૩**

પ્રસ્તુત ગાથામાં શ્રી જિનેશ્વરનાં ઉત્તમ અવલંબનને કેવી રીતે સાર્થક કરવું તેની પ્રક્રિયા કે વિધિ સમજાવી છે.

પ્રથમ જીવને સંસાર બંધનરૂપ લાગવો ઘટે તો તેમાંથી છૂટવાની રુચિ ઉત્પન્ન થાય. સાધક કોઈ સદ્‌ગુરુની શોધખોળમાં લાગી જાય કે, જેઓને આત્માનુભવ હોય. આવા સદ્‌ગુરુ પાસેથી સાધક શ્રી અરનાથ પ્રભુ જેવા ભગવંતના આત્મિક ગુણોનું યથાતથ્ય ઓળખાણ મેળવે. ત્યાર પછી સાધક શ્રી જિનેશ્વરના આત્મિક જ્ઞાનદર્શનાદિ ગુણોનું શ્રધ્ધાન કરી, તેઓએ પ્રરૂપેલ આત્મકલ્યાણના માર્ગમાં સાધકને રુચિ અને રાગ ઉપજાવે. આવા મૂળમાર્ગનું બહુમાન અને શ્રી જિનેશ્વર પ્રત્યે અહોભાવ વર્તાવી સાધકે પરમાત્મપદની શુદ્ધતાનો પોતાને ભોગી બનાવવો ઘટે. આમ સાધકનું ધ્યાન અને લક્ષ શ્રી જિનેશ્વર ભગવંત પ્રત્યે કેન્દ્રિત થતાં તેને પરમાત્માનું યથાર્થ અવલંબન પ્રાપ્ત થાય છે અને છેવટે તે આત્મકલ્યાણ સાધે છે.

**મોટા ને ઉત્સંગ, બેઠાને શી ચિંતા ?**
**તિમ પ્રભુ ચરણ પસાયે, સેવક થયા નિચિંતા.... પ્રણમો. ૧૪**

બાળકમાં નિર્દોષતા અને લઘુતા હોવાથી તે માતાની ગોદમાં કોઈપણ પ્રકારની બીક કે ચિંતા વગર શાંતિનો અનુભવ કરે છે. આવી રીતે સાધક પોતાની ઈષ્ટ સાધનામાં નિઃશંક ભાવે વીતરાગ પરમાત્માની સમતામય નિશ્રામાં તેઓનો અનન્યાશ્રિત થાય તો નિર્ભયતા પામે. આમ નિઃશંક અને નિર્ભય થવા માટે સાધકે પ્રથમ લઘુતમપણામાં એટલે સેવકધર્મમાં આવવું ઘટે અથવા બાળક જેવી નિર્દોષતા સાધકમાં હોવી ઘટે. શ્રી જિનેશ્વર પ્રણીત સત્‌ધર્મ અને તે પરિણામ પામે એ માટે સાધકથી થતું આજ્ઞાધર્મનું પરિપાલન આત્મકલ્યાણ માટે ઉત્તમ નિમિત્ત છે, સત્‌સાધન છે, નિઃશંક અને નિઃચિંત થવાનો ઉપાય છે. આવી રીતે સાધકનો સઘળો પુરુષાર્થ શ્રી તીર્થંકર ભગવંતના ગુણરાગી થવાનો હોવાથી તેના સ્વાભાવિક ગુણો ઉપરનું કર્મરૂપ આવરણ ક્રમશઃ દૂર થતું જાય છે અને એ અપેક્ષાએ પરમાત્માનું શુદ્ધસ્વરૂપ તેને મુક્તિ માર્ગમાં પુષ્ટિકારક નીવડે છે.

**અરપ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી;**
**દેવચંદ્રને આનંદ, અક્ષય ભોગ વિલાસી...પ્રણમો. ૧૫**

શ્રી અરનાથની પ્રભુતા, તેઓનું ગુણકરણ, તેઓનું શુદ્ધ અવલંબન અને તેઓ પ્રત્યે રુચિ અને રાગ સાધકને જ્યારે થાય છે ત્યારે તેના સત્તાગત આત્મિકગુણો ક્રમશઃ પ્રગટ થતા જાય છે. સાધકને શ્રી અરનાથ જેવા સર્વજ્ઞદેવ પ્રત્યે અનન્યતા થતાં અને તેઓ પ્રત્યે અહોભાવ પ્રગટતાં, તેને જ્ઞાનદર્શનાદિ ગુણોનો આસ્વાદ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, જેનો તેને સહજ આનંદ વર્તે છે. આમ સાધક પોતાના સહજ સ્વાભાવિક ગુણોનો ભોગી બનતાં તે અવસર આવે વહેલો-મોડો અક્ષયપદમાં કાયમી સ્થિરતા પામશે. આમ થવાનું સઘળું શ્રેય શ્રી તીર્થંકર પ્રભુનું શુદ્ધ અવલંબન છે.

❖❖❖

# નેમ-રાજુલ લેખ

□ ડૉ. કવિન શાહ

મધ્યકાલીન જૈન સાહિત્યમાં 'લેખ' સંજ્ઞાથી કાવ્યમાં કેટલાક પત્રો લખાયા છે. પત્ર-કાગળ-લેખ જેવા પર્યાયવાચી શબ્દોથી પત્રોની દુનિયા પણ અન્ય ગદ્ય-પદ્ય સ્વરૂપોની તુલનામાં પ્રભાવશાળી છે.

મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજમાન-વિચરતા શ્રી સીમંધરસ્વામીને વિનંતી કરતો પત્ર શ્રી હર્ષવિજય અને શ્રી કમલવિજયનો પ્રાપ્ત થાય છે. કવિરાજ દીપવિજયનો ચંદગુણાવળીને પત્ર જાણીતો છે. પંડિત દેવચંદ્રજીએ ગદ્યમાં આત્મસ્વરૂપ અને કર્મવાદને સમજાવતા ત્રણ પત્રો લખ્યા છે. મધ્યકાલીન સમયમાં અન્ય લેખો પણ પ્રાપ્ત થાય છે. જયવંતસૂરિ કૃત સ્થૂલિભદ્ર કોશાલેખ, શૃંગારમંજરી અન્તર્ગત અજિતસેન શીલવતી લેખ, જયવિજય કૃત વિજયસેનસૂરિ લેખ, વિનયવિજયના શિષ્ય રૂપવિજયકૃત જીવનચેતના કાગળ અને નેમરાજુલ લેખ, સજન પંડિત કૃત સ્થૂલિભદ્ર કોશા કાગલ વગેરે રચનાઓ ઉપલબ્ધ થાય છે. મોટા ભાગની રચનાઓ હસ્તપ્રતમાંથી મળે છે જે અપ્રગટ છે. પત્ર સ્વરૂપની કૃતિઓ થોડી હોવા છતાં સાહિત્ય સ્વરૂપ અને જૈન સાહિત્યની વિવિધતા-સમૃદ્ધિ માટે નોંધપાત્ર છે.

અત્રે શ્રી વિનયવિજયજીના શિષ્ય શ્રી રૂપવિજયજીનો નેમરાજુલ લેખ, હસ્તપ્રતને આધારે તૈયાર કર્યો છે તેની સમીક્ષા કરવામાં આવી છે.

સામાન્ય રીતે પત્ર સંક્ષિપ્ત અને મહત્ત્વની વિગતો દર્શાવતો ગદ્ય પ્રકાર છે. પત્રલેખન એ અન્ય સ્વરૂપોની જેમ કલાત્મક છે. જૈન સાહિત્યની આ પ્રકારની કૃતિઓ દીર્ઘ છે. ઢાળબદ્ધ કે ૨૫-૫૦ કડીમાં પણ રચાયેલી છે. પણ તેનો આકાર અને વક્તવ્ય પત્ર સાથે સામ્ય ધરાવે છે. જૈન સાહિત્યની એક વિશેષતા છે કે મોટા ભાગના સર્જકોએ નેમ-રાજુલ અને સ્થૂલિભદ્ર-કોશાના યુગલને કેન્દ્રમાં રાખીને ગદ્ય-પદ્યમાં વિવિધ રચનાઓ કરી છે. કવિ રૂપવિજયજીએ ૧૯ કડીમાં નેમ-રાજુલના લેખની રચના કરી છે. તેનો આરંભ પત્ર વિશેનો પરિચય કરાવે છે.

સ્વસ્તિ શ્રી રેવંતગિરિવાલા નેમજી જીવન પ્રાણ રે<br>
લેખ લખ્યું હોંશે કરી, રાણી રાજુલ ચતુર સુજાણ ।।૧।।

નેમકુમાર રાજુલનો ત્યાગ કરીને ગિરનાર ગયા છે એટલે પત્રના આરંભમાં પ્રાચીન પદ્ધતિ અનુસાર સ્વસ્તિ શ્રી રેવંતગિરિ નેમજીને સંબોધન, લખનાર રાણી રાજુલ અને 'લેખ લખું' દ્વારા પત્ર લેખનનો સીધો ઉલ્લેખ થયો છે. આ પત્રમાં રાજુલના હૃદયની ભાવના-વિરહવેદના અને વ્યવહાર જીવનના સંદર્ભોથી કલાત્મક કાવ્ય બન્યું છે. પત્ર અંગત કહેવાય છે પણ ભગવાનને પત્ર લખવાનો હોય તો તે અંગતને બદલે જાહેર બને છે અને સૌ કોઈ હોંશે હોંશે વાંચીને ભક્તિ ભાવમાં મસ્ત બને છે. રાજુલ પોતાના સ્વામીને જણાવે છે કે-

સાહેબ સુખશાતા તણો મુજ લખજો લેખ એ નામ.

પત્ર લખ્યા પછી પ્રત્યુત્તરની અપેક્ષા રાખવામાં આવે તે સ્વાભાવિક છે. રાજુલનો પત્ર કોઈ સામાન્ય કક્ષાનો નથી. કવિની કલ્પનાથી રંગાયેલ આ પત્રનું સૌન્દર્ય ખીલી ઊઠે છે.

સાવ સોવન કાગલ કરું વાલા, અક્ષર સ્વર્ણ રચતરે.<br>
મણિ માણેક લેખન કરું, હું તો પિઉ ગુણ પ્રેમે લિખંત. ।।૪।।

આવી ઉત્તમ વસ્તુઓના ઉપયોગથી પત્ર લખીએ તેમાં તો પ્રભુના ગુણ ગાવાનો જ હેતુ રહેલો છે. પત્ર લખવાનો પ્રસંગ ઊભો થવાનું કારણ દર્શાવતાં કવિ જણાવે છે કે-

તોરણ આઈ પાછા વળ્યા, તેહને કાગલ લખું કેરી રીત રે.<br>
ન રહે મન મારું મોને, સાલે પૂરવ પ્રિત ।।૫।।

પૂર્વ ભવના સ્નેહને કારણે સંબંધ બંધાયા પછી વિક્ષેપ પડ્યો પણ હૃદય તો પ્રણયથી ઉભરાય છે. મને નેમજીના વિરહથી મનની લાગણી એટલી બધી છે કે પત્ર લખ્યા વગર રહી શકાતું નથી. વિરહવેદના ઘણી સાલે છે. તેને શબ્દો દ્વારા પ્રગટ કરવામાં આવી છે. કવિએ વિરહાવસ્થાના વર્ણનમાં પરંપરાગત કલ્પનાનું અનુસરણ કર્યું છે.

દિવસ તે જિમ તિમ નિર્ગમું, મુને રયણી તે વરસ હજાર.

અહીં વિરહાવસ્થાની ઉત્કટ વેદનાનો સંકેત મળે છે. વળી તેના અનુસંધાનમાં જણાવે છે કે-

નવ યૌવન પિઉ ઘર નહિ વસવો તે દુરજન વાસ<br>
બોલે બોલ દાખવું વાલા, ઊંડો મર્મ વિમાસ ।।૭।।

કવિએ રાજુના ચિત્તની વિરહવેદનાને સ્વાભાવિક અને હૃદયસ્પર્શી વાણીમાં વ્યક્ત કરી છે.

વિતી હશે તે જાણશો વાલા, વિરહની વેદન પૂર રે.<br>
ચતુરા મન મેં સમજશો સ્યું જાણે મૂરખ નર. ।।૯।।

પ્રણયનો રંગ ફટકી જાય તેવો નથી. ઉત્તમ પ્રેમ તો ભવોભવ પ્રાપ્ત થાય છે.

પતંગ રંગ દીસે સલોન વિખમ તાવડી રીવ રે<br>
ફાટે પણ ફીટે નહિ હું તો વારી ચોલ મજીઠ ।।૧૦।।

ઉત્તમ પ્રેમ તો જળમાં તેલ પ્રસરે તેવો છે એમ દૃષ્ટાંત આપીને જણાવ્યું છે.

ઉત્તમ સાજન પ્રીતડી, જિમ જલમાં તેલની ધાર રે.

રાજુલની મનોવ્યથાનો ભાવવાહી પરિચય આપવામાં આવ્યો છે. રાજુલ દર્દભરી વિનંતી કરી કહે છે કે સ્વામીનું શીઘ્ર મિલન થાય.

હરખકી ગુણ સાંભળ્યા, તેહ નેમને મિલવાનું થાય<br>
વાલેસર મારી વિનંતી તો તે, જિહાં તિહાં કહી ન જાય. ।।૧૨।।

સાચા પ્રેમીઓ પોતાની વ્યથા ગમે ત્યાં વ્યક્ત કરતા નથી. પ્રિય પાત્રને મનનું દુ:ખ કહેવાય. વિરહિણી સ્ત્રીને આહાર-વસ્ત્ર-શણગાર વગેરે ગમતા નથી. બીજું દૃષ્ટાંત આપીને ત્રણની મહત્તા દર્શાવી છે.

'જો જો તેલ ફૂલ પ્રીતડી રે, જેહથી જગમાં રહી સુવાસ.'

કવિના શબ્દમાં રાજુલના બાહ્ય વ્યવહારનો ઉલ્લેખ થયો છે તે નીચે પ્રમાણે છે.

ખાવા, પીવા, પહેરવાવાલા, મનગમતા શિણગાર રે<br>
ભરયૌવન પિઉ ઘર નહીં તેહનો એળે ગયો જ જમવાર રે ।।૧૪।

કાગળ તો લખ્યો પણ મનનું દુ:ખ એટલું બધું છે કે તેમાં લખી શકાય તેમ નથી. પિઉના સ્મરણથી આ વિરહાવસ્થામાં આંસુની ધારા વહી જાય છે. અંતે રાજુલ લેખ વિશે કહે છે કે-

લેખ લાખીણો રાજુલ લિખ્યો વાલા નેમજી ગુણ અસરાલ રે,<br>
અક્ષય અક્ષર વાંચ્યો, મારી ક્રોડ, ક્રોડ સલામ. ।।૧૮।।

રાજુલની વિરહાવસ્થાના વર્ણન પછી માત્ર એક જ કડીમાં વાતાવરણ બદલાઈ ગયાનો સંદર્ભ મળે છે.

'નેમ રાજુલ શિવપુર મિલ્યા, પુગી રાજુલ કેરી આશ રે'

મધુરેણ સમાપયેત્‌ની માફક રાજુલ શિવપદ પામે છે તેનાથી અપૂર્વ ઉલ્લાસ પ્રગટ થયો છે.

મધ્યકાલીન કવિતામાં આવો લેખ વિરહકાવ્યનું સ્મરણ કરાવે છે. શૃંગાર અને કરુણ રસસભર આ પત્ર ભૌતિક શ્રૃંગારમાંથી નાયિકા આધ્યાત્મિક શૃંગાર-શાશ્વતપદ પામીને શિવપુરમાં શુભ મિલન થાય છે એવી પરમોચ્ચ અને ઈષ્ટ ભાવના વ્યક્ત થઈ છે. કલ્પના, અતિશયોક્તિ, દૃષ્ટાંત, ઉપમા આદિ અલંકારોની સાથે વ્યવહારની રીત-રસમને એકરૂપ કરી લખાયેલો લેખ લેખે લાગે છે.

# મોક્ષમીમાંસા

**□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા**

(ગતાંકથી ચાલુ)

એક શંકા ઉદ્ભવે છે કે શું જીવ-કર્મના અનાદિ સંબંધનો નાશ થઈ શકે ? કેમકે કર્મપ્રવાહરૂપ સંસારમાં જીવ અનાદિ કાળથી છે. કાર્મણવર્ગણાના પુદ્ગલો અનાદિ કાળથી છે. રાગ-દ્વેષની જીવની પરિણતિ અનાદિની છે. જેમ ખીણમાંથી નીકળતું સોનું માટી સાથે સંમિશ્રિત છે. શા માટે તે મિશ્રિત નીકળે ? મૂળભૂત અવસ્થામાં જીવ નિગોદમાં કર્મ સાથે મિશ્રિત હતો. નિગોદની ખાણમાંથી આપણે ઉત્પન્ન થયા છીએ. ૮૪ના ચક્રમાં સિદ્ધ થયેલા જીવના મહાઉપકારથી નિગોદમાંથી નીકળી ફરતા, કૂટતા, અથડાતા, ભટકતા મનુષ્યગતિમાં આવ્યા. આજ સુધી જીવની સાથે કર્મનો અનાદિ સંબંધ ચાલુ જ છે. કનકપાષાણવત્ સોનું તથા માટી અનાદિ કાળથી સંયોગાન્વિત જ છે. પ્રભાસ ગણધર એવું માને છે કે અનાદિનો અંત ન થાય. જો તેમનો વિયોગ ન થાય તો મોક્ષ કેવી રીતે સંભવે ? આગળ જોયું તે પ્રમાણે ધમણ-અગ્નિના સંયોગે માટી અને સોનું છૂટા થઈ શકે. તેવી રીતે પ્રયત્ન વિશેષથી જીવ-કર્મ જે અનાદિ કાળથી ભેગાં છે તે જુદાં થઈ શકે. 'જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષ:' માની સાધનાથી આત્મપ્રદેશ પર લાગેલી કર્મરજકણો ખરી જશે. એક દિવસ સંયોગમાંથી છૂટી મુક્ત થઈ જશે. શ્રી પવિત્ર જિનાગમ નંદિસૂત્રમાં ઉપરનું સૂત્ર આપીને સમ્યગ્ જ્ઞાન-ચારિત્રની સાધનાથી ઘણાં કર્મ ખપી જાય છે. તેથી જ્ઞાની મહાત્મા શ્વાસોચ્છ્વાસમાં કર્મનો કચ્ચરઘાણ કરી શકે છે. આટલા ટૂંક સમયમાં અકલ્પ્ય, અદ્ભુત કર્મની નિર્જરા કરે છે. તેની સાથે સમ્યગ્-ચારિત્ર ક્રિયાથી આશ્રવનો નિરોધથી સંવર કરી નિર્જરા વડે કર્મ ક્ષય કરે છે. તેથી 'ભવ કોડી સંચિયં કમ્મં તવસા નિજ્જરિજ્જઈ.'

શું પર્યાયના નાશથી દ્રવ્યનો નાશ થાય ? દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી એ જીવની ચાર પર્યાય છે. જો પર્યાયનો નાશ થાય એટલે દેવ, મનુષ્ય, નારકી મરી જાય તો જીવ નષ્ટ થઈ જાય ? કેમકે મૃત્યુ પછી જીવ દેખાતો નથી, નષ્ટ થઈ ગયો. જેવી રીતે સોનાની વીંટી ઓગાળી તેમાંથી ચેઈન, બંગડી, નેકલેસ વગેરે બનાવી શકાય છે. અહીં વીંટી પર્યાયનો નાશ થવાથી શું સુવર્ણ દ્રવ્યનો નાશ થાય છે ? ના. કેમકે આ પ્રત્યક્ષ સિદ્ધ વાત છે. બીજું સંસારમાં સોની સુવર્ણના સેંકડો પર્યાયો, ઘાટ, આકૃતિઓથી આભૂષણાદિ બનાવે છે છતાં મૂળ સોનું નષ્ટ થતું નથી. તેવી રીતે જીવાત્મારૂપી મૂળ દ્રવ્યની દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી પર્યાય છે જે બદલાય છે કેમકે તે પરિવર્તનશીલ છે છતાં પણ મૂળ દ્રવ્ય જીવ કાયમ રહે છે. એક પર્યાયનો નાશ, બીજી પર્યાયની ઉત્પત્તિ. મનુષ્ય પર્યાય નષ્ટ થઈ પશુ-પક્ષીની બીજી પર્યાય જીવ ધારણ કરે છે. આ રીતે જીવાત્માએ અનન્ત પર્યાયો બદલી, અનન્ત જન્મ-મરણ ધારણ કર્યા જેમાં પર્યાયાન્તર્ગત જીવ એજ છે, બદલાતો નથી. તેથી પર્યાયના નાશથી દ્રવ્યનો નાશ થાય તે માન્યતા ખોટી છે. જીવની સંસારી પર્યાયના નાશથી ઉત્પન્ન થનારી મુક્તાવસ્થામાં જીવ દ્રવ્યનો નાશ થાય તે માન્યતા ભૂલ ભરેલી છે. દીપકના નિર્વાણની જેમ દીપક ઓલવાતાં તે નષ્ટ થયો તેમ સંસારનો નાશ થતાં દીપકની જેમ જીવનો નાશ થાય તે યુક્તિ સિદ્ધ થતી નથી. કેમકે પર્યાય ઉત્પાદવિનાશશીલ છે, જ્યારે દ્રવ્ય ધ્રુવ સ્વભાવી છે, નિત્ય છે, જેનો નાશ નથી, શાશ્વત છે, અવિનાશી છે. કેમકે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, યુક્તં સત્ પર્યાય માત્ર ઉત્પાદવિનાશશીલ છે, પરંતુ દ્રવ્ય ધ્રુવસ્વભાવી છે, નિત્ય છે. જેનો નાશ નથી તે અવિનાશી શાશ્વત છે. જેથી જીવાત્મા નિત્ય, શાશ્વત તથા અવિનાશી સિદ્ધ થાય છે. મૃત્યુ પછી સંસારપર્યાયના અન્ત પછી જીવની સત્તા, અસ્તિત્વ માનીએ તો મોક્ષ સિદ્ધ થશે. દીપનિર્વાણના બૌદ્ધ સિદ્ધાન્ત પ્રમાણે જીવનો અભાવ મોક્ષ માનીએ તો કોઈના પણ અભાવને મોક્ષ માનવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય. અભાવને મોક્ષ કહેવો તે અભાવને કંઈક છે એમ કહેવાનું થાય. તેથી અભાવ મોક્ષ ન મનાય. સંસારના અંત પછી એટલે કે જીવના મૃત્યુ પછી નિર્વાણ પછી જીવાત્મા નિત્ય રહે છે તો જ મોક્ષનું અસ્તિત્વ થઈ શકે. તેથી જીવાત્માનો મોક્ષ જ સત્ય પક્ષ છે. જીવની નારક-મનુષ્યાદિ ચાર પર્યાયો નષ્ટ થતાં મુક્તિ પર્યાય ઉત્પન્ન થઈ શકે છે, જ્યારે આત્મદ્રવ્ય બંને પરિસ્થિતિમાં એટલે કે પર્યાયોનું નષ્ટ થવું અને મુક્તિ પર્યાયની ઉત્પત્તિમાં આત્મ દ્રવ્ય કાયમ, નિત્ય, અપરિવર્તનશીલ, અવિનાશી શાશ્વત રહે છે.

અત્રે પ્રભાસ ગણધર નવો પ્રશ્ન ઉપસ્થિત કરે છે કે જેમ કર્મના નાશથી સંસારનો નાશ થાય છે તેમ જીવનો પણ નાશ થવો જોઇએ. કેમ કે કર્મ કોની સાથે બંધાય છે ? કર્મ કોના વડે છે ? જીવના લીધે જ ને ? જ્યારે કર્મનો સદંતર નાશ થાય-ક્ષય થાય ત્યારે કર્મના નાશ થવાથી જીવનો નાશ થવો જોઈએ. આથી મોક્ષનો પ્રશ્ન જ રહેતો નથી તેથી મોક્ષનો અભાવ માનવો યોગ્ય છે.

કમ્મકઓ સંસારો તન્નાસે તસ્સ જુજ્જાઈ નાસો ।
જીવત્તકમ્મકયં તન્નાસે તસ્સ કો નાસો ? ।। ૧૯૮૦

જીવાત્મા કર્મનો બનેલો નથી. કર્મો જીવને નથી બનાવતા. ઊલટું જીવે કર્મનું સર્જન કર્યું છે. કર્મ જ્યારે જીવના અસ્તિત્વનું કારણ નથી તો પછી કર્મના નાશથી જીવનો નાશ કયા આધારે માની શકાય ? કારણનાશે કાર્યનાશનો સિદ્ધાન્ત સત્ય છે. પરંતુ કર્મ એ સંસારનું કારણ ખરું પણ કર્મ જીવનું કારણ નથી. તેથી કર્મના નાશ થકી જીવનો નાશ માનવો સદંતર અયોગ્ય છે. કર્મના અભાવથી જીવનો અભાવ નથી થતો. કર્મના નાશ પછી પણ જીવાત્મા રહે છે. મોક્ષ જીવાત્માનો છે નહીં કે કર્મનો. કર્મને લીધે, કર્મના સંબંધ-વિયોગથી, સંયોગના નાશથી મોક્ષ છે જે સિદ્ધ કરે છે કે આપણી વાત કર્મના સદંતર નાશથી સિદ્ધ થાય છે. તેથી જ પૂ. વાચકવર્ય ઉમાસ્વાતિ ભગવંત તત્ત્વાર્થસૂત્રમાં જણાવે છે કે 'કૃત્સ્નકર્મક્ષયો મોક્ષ:' કૃત્સ્ન એટલે સદંતર, સમુચા, સંપૂર્ણ કર્મોનો (આઠે) સર્વથા નાશથી મોક્ષ થાય.

ખાણમાંથી નીકળતું સોનું જેમ પ્રારંભાવસ્થામાં માટીથી મિશ્રિત હોય છે તેમ આત્મા સંસારી અવસ્થામાં નિગોદમાંથી જ કર્મ મિશ્રિત, કર્મબદ્ધ, કર્મસંયુક્ત, કર્મોથી જોડાયેલો હોય છે. જ્ઞાનાવરણાદિ આઠે કર્મોથી સંયુક્ત હતો. તેથી 'ક્ષીરનીરવત્ જીવકર્મસંયોગ: અનાદિ:'. સુવર્ણ પાષાણવત્ સંલગ્ન હતો. જેવી રીતે એક લોખંડનો ગોળો તપાવે ત્યારે તેમાં સોય પણ પ્રવેશી શકતી નથી. પરંતુ તેમાં જેમ અગ્નિ પ્રવેશી લાલચોળ અગ્નિના જેવો બનાવી દે છે તેમ અસંખ્ય પ્રદેશી આત્મા કાર્મણવર્ગણાની રજકણોથી કાળો દેખાય છે. અહીં સુધી આત્માની સંસારી અવસ્થા છે, કર્મજન્ય અવસ્થા છે જે કર્મો સંસારમાં જ બંધાય છે.

અત્યાર સુધી જીવે અનન્તપુદ્ગલપરાવર્ત કાળ વ્યતીત કર્યો પરંતુ

આત્મા ક્યારે પણ કર્મરહિત થયો નથી. પ્રવાહની પરંપરાથી આત્મા કર્મોથી લેપાયેલો રહ્યો છે. નવાં આવે અને જૂના લુપ્ત થતાં રહ્યા; ઉદયમાં આવી ખપી જાય. નષ્ટ થતાં નવાં બંધાયા જ જાય. એકધારી, અવિરત આ ક્રિયા ચાલતી રહી તેથી કર્મોનો સદંતર નાશ, સફાયો ન થયો. તે માટે નિર્જરાની સાહાય્ય લેવી જોઈએ.

જો કે નિર્જરા તે મોક્ષ નથી. મોક્ષ તત્ત્વને જુદું સ્વતંત્ર ગણાવ્યું. બંનેને સ્વીકારી ન શકાય. સ્વીકારીએ તો એકને નિરર્થક માનવું પડે. કોને માનવું ? નિર્જરા અથવા મોક્ષને. પરંતુ એકે નિરર્થક નથી. બંને જુદાં સ્વતંત્ર અલગ તત્ત્વો છે. ધર્મ કરનારને નિર્જરા પ્રત્યેક સમયે પ્રત્યેક દિવસે થાય છે. સાથે સાથ આશ્રવ પણ ચાલુ જ છે. નિર્જરા બે પ્રકારની છે. સકામ અને અકામ, અથવા આંશિક જે રોજ રોજ થતી રહે છે અને સંપૂર્ણ, સદંતર, સર્વથા નિર્જરા થઈ જતાં આત્માના ઉપર કાર્મણવર્ગણાનો અંશમાત્ર, પરમાણુ સુદ્ધાં ન રહે. આવી નિર્જરા જ્યારે થઈ શકે ત્યારે સર્વ સદંતર સંપૂર્ણ નિર્જરાથી આત્મા સર્વ કર્મરહિત, દેહરહિત અશરીરી અવસ્થામાં આવે છે. જેને મોક્ષ કહી શકાય. તેથી નિર્જરા મોક્ષ નથી પણ નિર્જરા વડે મોક્ષ સાધ્ય થઈ શકે. સાધ્ય એવા મોક્ષ તત્ત્વ માટે નિર્જરા સાધન છે. તેથી નવ તત્ત્વમાં બંને સ્વતંત્ર, ભિન્નભિન્ન ગણાવ્યા છે. કૃત્સ્ન કર્મક્ષય: મોક્ષ: એમાં કૃત્સ્ન એટલે સંપૂર્ણ, સદંતર તેથી સર્વ કર્મનો સંપૂર્ણ ક્ષય તે મોક્ષ.

નમસ્કાર મહામંત્ર નવકારમાં સવ્વપાવપ્પણાસણો પણ તે જ અર્થ સૂચવે છે.

વળી એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આઠ કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ સુનિશ્ચિત મર્યાદાવાળો હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, વેદનીય ૩૦ ક્રોડાક્રોડી સાગરોપમ, નામ-ગોત્ર ૨૦ ક્રોડાક્રોડી સાગરોપમ, મોહનીય ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ તથા બધાંનો આયુષ્ય સાથે કર્મની સ્થિતિ ધ્યાનમાં લેતાં તે ૨૩૦ સાગરોપમ+૩૩ સાગરોપમ કુલ ૩૩,૦૦,૦૦૦ સાથે ગણતાં તે થવા જાય છે. જે નિગોદના જીવો માટે શક્ય છે.

આ કાળ તો એક વાર બાંધેલા કર્મોનો છે. આપણે પ્રત્યેક સમયે કર્મ બાંધીએ છીએ. આવક વધારે છે, જાવક તેની સરખામણીમાં ઘણી ઓછી છે. પલકારામાં અસંખ્ય સમયોમાં દર સમયે જીવ સાત સાત કર્મ બાંધે છે. જે સામાન્ય સ્થિતિમાં ઓછી હોઈ શકે; પરંતુ તીવ્ર અધ્યયવસાયમાં ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. રોજ-રોજ આ સ્થિતિ ચાલુ છે. કર્મોનો પ્રવાહ વણરોક્યો વહ્યા જ કરે છે. આશ્રવ, સંવર, નિર્જરા. કર્મો જેમ આ જન્મના છે તેમ ગત જન્મોના પણ છે. તેથી અનન્તા જન્મમાં જીવે અનન્તા કર્મો બાંધ્યાં છે. પ્રથમ ક્યારે બાંધ્યાં તે શોધવું આસાન નથી. નિગોદ અવસ્થામાં અસંખ્ય જન્મો થયા. એક સમયમાં ત્યાં સાડી ૧૭ વાર જન્મ મૃત્યુ થાય છે. ત્યાંથી નીકળી ચારે ગતિમાં ૮૪ લાખ યોનિમાં ભટકતા, કૂટાતા અસંખ્ય જન્મ વીતી ગયા. તેથી તેનો છેડો શોધવો મુશ્કેલ છે. માટે જીવની સાથે કર્મોનો સંબંધ અનાદિ છે. અનાદિ કાળના કર્મો જેમ બાંધ્યા તેમ ક્ષય પણ કરતા ગયા. ચરમકાળમાં પ્રવેશી એક ક્રોડાક્રોડથી અસંખ્ય પલ્યોપમ ઓછાં કરી સુપુરુષાર્થ કરી ચોથા અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ ગુણસ્થાને આગળ વધતાં ક્ષપકશ્રેણિએ જો ચઢવાનું ભાગ્યમાં તથા ભવ્યત્વના પરિપાકે હોય તો ૧૩-૧૪ ગુણસ્થાને અક્ષયસ્થિતિ મોક્ષ સંભવે.

જેમ કૂવા પર રેંટમાં પાણીથી ભરાતો અને ખાલી થતો ઘડો ઉપર નીચે સતત જાઆવ કરે છે તેમ આંશિક નિર્જરા સાથે ફરી બંધની ઘટમાળા ઘડ્યા જ કરી કેમકે જીવની મન-વચન-કાયાની પ્રવૃત્તિ કષાય તથા અધ્યયવસાયાદિથી સતત ચાલુ જ રહી છે. જેમ કર્મોનો સંબંધ અનાદિ છે તેમ નિર્જરા પણ અનાદિ છે. જે સદાકાળથી સતત ચાલુ છે.

એક ભવ્યાત્મા વિરાગવૃત્તિથી પ્રેરાઈ, લગ્ન ન કરી, દીક્ષા લઈ લે તો તેનો વંશવેલો આગળ અટકી જાય; તેમ એક આત્મા કર્મોના પ્રવાહને અટકાવી દે, આશ્રવના માર્ગને બંધ કરે, તે રોકી દે અને સતત પ્રકૃષ્ટ નિર્જરા કરતો જ રહે તો કર્મોનો નાશ શક્ય બને ને ? ઘરના બારી-બારણાં જ સતત બંધ રાખીએ તો કચરો ક્યાંથી ભરાય ? વળી પાણીથી સાફ કરવામાં આવે તો ધૂળ વગેરે ક્યાંથી ભરાય ? જમીન શુદ્ધ સાફસુથરી થઈને રહે. તેવી રીતે એક આત્મા બહારથી પ્રવેશતાં કર્મોના પ્રવાહને બંધ કરે, તેને રોકી દે, સંવરની પ્રક્રિયા પછી સતત સંપૂર્ણ નિર્જરા કર્યા જ કરે તો એક દિવસ તે આત્મા સદંતર, સંપૂર્ણ, સર્વથા કર્મવિહીન થઈ જાય. આ સ્થિતિ તે જ મોક્ષ. આપણે કહી શકીએ કે કર્મમુક્તિ કિલ મુક્તિરેવ.

આત્મા જે આઠ કર્મોના આવરણથી આવરિત થયેલો છે તે આવરણો ખસી જતાં તે આત્મા કર્મથી વિમુક્ત થઈ, મોક્ષ પામે છે, આવરણ રહિત થતાં તે પોતાની મૂળ સ્થિતિ પ્રાપ્ત કરે છે. જેમ વાદળોથી ઢંકાયેલા ચંદ્ર, સૂર્યાદિ વાદળો ખસી જતાં પોતાની મૂળ સ્થિતિએ આવી જાય છે. જેમ કસ્તૂરીમૃગની ડુંટીમાં કસ્તૂરી હોય પણ તેનું ભાન ન હોય તેવો મૃગ જંગલમાં ભટક્યા પછી લોથપોથ થઈ, થાકીને નતમસ્તકે ઊભો રહે ત્યારે તેને ખબર પડે કે કસ્તૂરી તો મારી પાસે જ છે, ભટકવાની જરૂર ન હતી. હવે તે જેમ ન ભટકે તેમ જીવ જ્યારે આત્માની આસપાસ ૮ કર્માવરણો દૂર કરી દે એટલે તે કર્મોના પાશમાંથી મુક્ત બને, પોતાની મૂળ, મૌલિક શાશ્વત સ્થિતિ સંપાદન કરે, કર્મોથી મુક્ત થઈ મોક્ષ મેળવે. મોક્ષ પામવો એટલે આત્માની મૂળભૂત સ્વસંવેદ્ય, સ્વાનુભવથી મળતી પોતાની જ મૂળ સ્થિતિ પ્રાપ્ત કરવાની છે, તે સંપાદન કરી સ્વાનુભવનો વિષય બનાવવાની છે.

કેવી દૃષ્ટિથી કર્મ કરાય છે, વિચારાય છે તે ઘણું મહત્ત્વનું છે. કર્મગ્રંથના રચયિતા દેવેન્દ્રસૂરિએ નિરૂપણ કર્યું છે કે:-

'કિરઈ જીએણ જેણં તો ભન્નએ કમ્મં'. વળી શ્રી ઉમાસ્વાતિજીએ તત્ત્વાર્થ સૂત્રમાં આ વાત આ રીતે રજૂ કરી છે:-

'કાય-વાઙ્મન: કર્મયોગ:' કાયા, વચન, મનની ક્રિયાથી કર્મયોગ છે. વળી 'મન: એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયો:'-પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને તંદુલિયો મત્સ્ય એ બે ઉદાહરણો સુપ્રસિદ્ધ છે.

મોક્ષ મેળવ્યા પછી અશરીરી હોવાથી, શરીરથી સર્વ પ્રવૃત્તિઓ, કષાયો, અધ્યયવસાયાદિના અભાવે કર્મવિહીન અયોગ સ્થિતિ નિત્ય, નિરંતર, શાશ્વત સ્થિતિ ભોગવવાની હોય છે.

આ પ્રમાણે વિચારવિમર્શના સાર સંક્ષેપમાં જણાવવું હોય તો મોક્ષ એ જીવાત્માની એક ચરમાવસ્થા છે. મોક્ષ માનવા માટે આત્માને માનવો જ પડે. આત્માની ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અવસ્થામાંથી પ્રથમ બે એટલે સંસાર અને તેની ધ્રુવાવસ્થા તે જ મોક્ષ. જે આત્મસ્વરૂપે છે તે મોક્ષ છે. માટે મોક્ષમાં આત્મા સદાય ધ્રુવ-નિત્ય સ્વસ્વરૂપે છે. તેથી કર્મસંયુક્ત અશુદ્ધ આત્મા તે સંસારી; જે સંપૂર્ણ કર્મો વિહીન બની જાય ત્યારે તેને મુક્તાત્મા કહેવાય, સિદ્ધાત્મા કહેવાય. આથી આત્માને સ્વીકારીએ તો જ મોક્ષ મનાય, નહીંતર ન મનાય.

હવે જે જે દર્શનો જેવાં કે ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ ધર્મ, ચાર્વાક, બૌદ્ધ-નૈયાયિકાદિ અનાત્મવાદી દર્શનો તેઓ આત્માને જ માનતા નથી તો

પછી મોક્ષની વાત જ દૂર રહી. આત્મ તત્ત્વ સ્વીકારીએ તો જ મોક્ષ તત્ત્વ સ્વીકારાય, બીજી રીતે મોક્ષ તત્ત્વ માનતાં આત્મા તત્ત્વ આપોઆપ સ્વીકૃત થઈ જાય. આર્હત દર્શન આત્મવાદી અને મોક્ષલક્ષી ધર્મ તથા દર્શન છે.

આત્માનો સર્વથા અભાવ માનનારા બૌદ્ધો નિર્વાણ પછી આત્માનું અસ્તિત્વ માનતા નથી, તેઓ નૈરાત્મવાદી છે. જે વ્યાજબી નથી. નિર્વાણ પછી આત્મા ધ્રુવરૂપે નિત્ય રહે છે. સર્વથા તે નાશ પામતો નથી. દીવો ઓલવાયા પછી પરિણામાન્તર પામે છે, અંધકારમાં પરિણમે છે જે જોઈ શકાય છે. જેમકે આ ઓરડામાં અજવાળું છે, અહીં અંધારું છે. દીવો નવા સ્વરૂપે આપણી આગળ આવે છે. તે સર્વથા નાશ નથી પામતો. તેવી રીતે આત્મા પણ જ્યારે મોક્ષ પામે છે, પરિનિર્વાણ પામે છે ત્યારે નાશ ન થતાં અવ્યાબાધ, આત્યંતિક સુખરૂપ નવા જ પરિણામાન્તરને ધારણ કરે છે જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સર્વ પ્રકારના દુ:ખના અભાવની સ્થિતિ પામે છે.

મોક્ષમાં સુખ ખરું અને તે કેવા પ્રકારનું હોઈ શકે. સુખ સામાન્ય રીતે વિષયભોગ વડે અનુભવાય છે જે ઈન્દ્રિયો વડે ભોગવી શકાય. ઈન્દ્રિયો મકાનના બારી-બારણાની જેમ શરીર સાથે સંકળાયેલી છે. મન પણ જરૂરી છે કારણ કે મનથી પણ મનસૂબા ઘડી સુખાનુભ મેળવી શકાય છે. મન સહિત પાંચે ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયોનો અનુભવ લઈ શકાય છે. મુક્તાત્મા અશરીરી છે તો ઈન્દ્રિયો, વિષયો મનાદિ વગર મુક્તાત્મા કેવી રીતે ઉપભોગ કરે ? ભોગ ભોગવ્યા વગર સુખ ક્યાંથી શક્ય બને ? તેને તો અનન્ત, અવ્યાબાધ, કલ્પનાતીત હોવાનું મનાય છે.

જેવી રીતે જંગલના ભીલને ચક્રવર્તીના મહેલમાં ષટ્રસ યુક્ત ભોજનવાળું મિષ્ટાન્ન ખવડાવો અને તે જ્યારે પાછો જંગલમાં જાય અને તેના જ્ઞાતિબંધુઓ પૂછે તો તેનું વર્ણન કેવી રીતે કરી શકે ? તે બતાવવા માટે કોઈ સામગ્રી બતાવી શકતો નથી કેમકે તે જાત અનુભવની વાત બની. એ સ્વાનુભવનો વિષય હોઈ વર્ણાતીત છે કેમકે તે રજૂ કરવા તેની પાસે કોઈ સાધનાદિ નથી. પોતાનો અનુભવ ચીતરી શકે તે માટે વસ્તુ, પદાર્થાદિ નથી. તે અનુભવ સ્વનો છે. વર્ણનાતીત છે. સ્વસંવેદ્ય છે. તેવી રીતે ૮૪ લાખ યોનિઓમાં જન્મ-મરણ કરનારો જીવ અનાદિ કાળથી એક પણ સમય શરીર અને ઈન્દ્રિયો વગેરેનો થયો નથી. નિગોદમાં પણ શરીર તથા એક ઈન્દ્રિય તો હોય જ છે. જેમ જેમ વિકાસ સાધતો જાય તેમ મન-ઈન્દ્રિયાદિ વધુ ને વધુ સારાં મેળવતો રહે છે. જીવ આ પરિસ્થિતિમાં રહેવાથી ટેવાઈ ગયો છે. તેથી મન અને ઈન્દ્રિયોથી ભિન્ન રીતે સુખાનુભવ થઈ શકે તેની કલ્પના સુદ્ધાં તે કરી શકતો નથી. અનાદિ અનન્તકાળની પરિસ્થિતિની એવા પ્રકારની ટેવ પડી ગઈ છે. આ એક મોટો અંતરાય છે, તકલીફ છે, ક્ષતિ છે. આથી મોક્ષમાં પણ શરીર, મન, ઈન્દ્રિયો વગેરે દ્વારા સુખ-દુ:ખાદિ ભોગવાય, અનુભવાય તેવી કલ્પના રૂઢ થઈ ગઈ છે. વિષયોપભોગજન્ય સુખાદિની કલ્પના તે વગર શક્ય જ નથી તેવું માનવું થયું. તેથી માનવી સાંસારિક, વૈષયિક, ભૌતિક, પૌદ્ગલિક સુખાદિની કલ્પના ભવાભિનંદીની જેમ કરે તે સહજ છે. તે સિવાયની, તેનાથી ભિન્ન કલ્પના કરી શકતો જ નથી. તો પછી તે મોક્ષ અને તેથી સંપન્ન સિદ્ધિની કલ્પના કેવી રીતે કરી શકે?

વિચારીએ કે સુખ શું છે ? શેમાં છે ? ક્યાં કેવી રીતે તેનો ઉપભોગ કરાય, કોણ તે ભોગવે ? શું જડ પદાર્થો જેવાં કે પત્થર, ઈંટ, મકાન, મોટર, ગાડી વગેરે ભોગવે ? જેમ નિર્જીવ જડ પદાર્થો સુખદુ:ખ ભોગવી ન શકે તેમ સુખદુ:ખાદિની અનુભૂતિ માત્ર જીવને જ થઈ શકે.

સુખ ભોગવનાર આત્મા છે. શરીર પણ નહીં. મડદાને શરીર છે તે ભોગવે ? આત્માના જે ગુણો ગણાવાય છે તેમાં એક અનન્ત સુખ, અવ્યાબાધ સુખ છે. જડ નિર્જીવથી જુદા પાડનારું તત્ત્વ તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, અનન્તવીર્ય, અવ્યાબાધ સુખ છે. સુખનો ભોક્તા, અનુભવનાર, ફક્ત આત્મા છે. સંસારના સુખ માટે ત્રણ કરણો શરીર, ઈન્દ્રિયો, મન છે. પાંચ ઈન્દ્રિયો દ્વારા ૨૩ વિષયો, ભોગવે તેથી, શરીર દ્વારા માત્ર વૈષયિક સુખો અને મનથી માનસિક સુખો જ ભોગવાય. આ સાધનો દ્વારા જે કંઈ સુખ-દુ:ખાદિ ભોગવાય તેનો ઉપભોક્તા અનુભવનાર માત્ર આત્મા જ છે. મૃતને શરીર, ઈન્દ્રિયાદિ છે છતાં પણ તે કેમ અનુભવતો નથી ? ભોગવતો નથી ? કારણ કે આ બધાંનો અધિષ્ઠાતા ભોક્તા હવે નથી રહ્યો, તે ચાલ્યો ગયો, નવું શરીરાદિ ધારણ કર્યા, ઈન્દ્રિયાદિ જડ બનીને પડી રહી છે. ભોક્તા આત્મા ચાલ્યો ગયો. જૂનાં વાસાંસિ ત્યજી નવાં ધારણ કરવા ચાલી ગયો. ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ ધ્યાનમાં બધી ઈન્દ્રિયો બંધ છે. શરીર સ્થિર કર્યું છે, મનનો નિરોધ કરેલો છે. અત્રે જ્ઞાનયોગમાં જે અનુભૂતિ થાય તે ભોગવનાર આત્મા છે. સુખ સાધન-સામગ્રીમાં નથી. એકને તેથી સુખ થાય બીજાને દુ:ખ. જેવી રીતે સાકર માનવીને પ્રિય, ગધેડાને અપ્રિય. જેની પાસે અઢળક સુખનાં સાધનો, સંપત્તિ, વાડી, ગાડી, લાડી, પુત્ર, પત્ની પરિવાર વિપુલ હોવા છતાં પણ ભારે દુ:ખી. જ્યારે સંસારને સલામ ભરનાર સાધુને કશું તેમાંનું નથી છતાંયે ભારે સુખી છે ને ? તેમની સમતાના સુખ સામે સ્વર્ગ-સંસારના સુખ નગણ્ય છે, તુચ્છ છે. પ્રશમરતિમાં પૂજ્ય વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ જણાવે છે કે:-

સ્વર્ગ સુખાતિ પરોક્ષાણ્યત્યન્ત પરોક્ષમેવ મોક્ષ સુખમ્ ।
પ્રત્યક્ષ પ્રથમ સુખં ન પરવશં ન વ્યય પ્રાપ્તમ્ ।।

હવે કેવું સુખ ગમે, જોઈએ ? જે સ્વાધીન હોય, ક્ષણિક નહીં પણ શાશ્વત હોય. વૈષયિક, ભૌતિક, પૌદ્ગલિક નહીં પરંતુ આત્મિક, આધ્યાત્મિક હોય. શારીરિક, ઐન્દ્રિય, માનસિક નહીં પણ આત્મિક હોવું ઘટે. અનન્ત હોય. અજ્ઞાન કે મોહને આધીન નહીં પરંતુ જ્ઞાનાત્મક હોય. નિજસ્વભાવમાં રમનારું હોય, સચ્ચિદાનંદમય હોય, અમર, નિત્ય, સ્વસંવેદ્ય હોય, અવ્યાબાધ હોય. આવું સુખ માત્ર મોક્ષમાં જ મળે. આવું સુખ જ્યાં મળે તે સ્થાન મોક્ષ છે. આ સ્થળ અજર, અમર, શાશ્વત છે; નથી ત્યાં મોહ કે અજ્ઞાનતા. ત્યાં જ્ઞાનઘન સ્થિતિ હોવાથી રાગ-દ્વેષ નથી, વીતરાગમયતા છે. આનંદઘનરૂપે છે. તે અશરીરી, અતીન્દ્રિય અમન-મનાતીત છે, અનન્ત છે, અવ્યાબાધ છે, સચ્ચિદાનંદ રૂપે ચિદ્ઘન છે, અક્ષય છે, અનન્ત છે, નિત્ય છે, અવ્યાબાધ છે, પરમસુખ છે. આવું સુખ જ્યાં અનુભવાય જે અવસ્થામાં રહી ભોગવાય તે સ્થાન વિશેષનું નામ મોક્ષ છે. પણ વિચારશીલ મનુષ્યને લાગે કે આ તો શબ્દોના સાથિયા પૂર્યા હોય તેવું લાગે છે, શબ્દોની જાળ છે. ભલા ભાઈ આવું વર્ણન મેં નથી કર્યું, કોઈ સાંસારિક વ્યક્તિએ નથી કર્યું, પૂજ્ય એવા તપોનિષ્ઠ મુનિએ પણ નથી કર્યું પરંતુ સાધનાદિથી અષ્ટકર્મોનો કચ્ચરઘાણ કાઢી ત્રણે કાળનું અપ્રતિપાતી કેવળજ્ઞાન મેળવ્યું છે તેવા તીર્થંકરોની અમૃતઝરતી વાણી ઝીલી તેમના પટ્ટધર ગણધર શિષ્યોએ આગમમાં પ્રતિપાદિત કર્યું છે.

મૃત્યુ પછી સંસારપર્યાયના અંતે જીવનું અસ્તિત્વ સ્વીકારીએ તો મોક્ષ સિદ્ધ થાય. બૌદ્ધોના દીપનિર્વાણના સિદ્ધાન્તની જેમ જીવના અભાવને મોક્ષ માનીએ તો કોઈના પણ અભાવને મોક્ષ માનવો પડે. નિર્વાણ પછી જીવાત્મા નિત્ય રહે છે. અભાવને મોક્ષ માનીએ તો અભાવ ભાવ જેવું

સિદ્ધ થાય. તેથી જીવ વિના મોક્ષ કોનો ? જીવાત્માનો મોક્ષ સત્ય પક્ષ ઠરે છે. જીવની દેવ-તિર્યંચાદિ સાંસારિક પર્યાયોનો નાશ થતાં; મુક્તિ પર્યાયની ઉત્પત્તિથી આત્મા કાયમ, નિત્ય, સિદ્ધ રહે છે. કર્મનાશે સંસાર નાશ પણ:-

કમ્મકઓ સંસારો તન્નાસે તસ્સ જુજ્જંઈ નાસો ।

જીવકમ્મકયં તન્નાસે તસ્સ કો નાસો ।। ૧૯૮૦ ।।

કર્મ કોની સાથે બંધાયેલા છે ? કર્મ કોનાથી ? જો કર્મ નાશે જીવનો નાશ સ્વીકારીએ તો મોક્ષનું અસ્તિત્વ ક્યાંથી ? કર્મનો નાશ થવાથી સંસારનો નાશ થાય જે ઉચિત છે. જીવાત્મા કર્મનો બનેલો નથી. કર્મ જીવને બનાવતું નથી. જીવે કર્મ બનાવ્યાં છે. જો કર્મ જીવનું કારણ નથી તો કર્મના નાશથી જીવનો નાશ કયા આધારે થાય ? કર્મના નાશ પછી જીવાત્મા રહે છે. તેથી મોક્ષ જીવાત્માનો છે, નહીં કે કર્મનો. કર્મથી, તેના સંયોગ-વિયોગથી સંયોગના નાશથી મોક્ષ અને કર્મના સમુચા નાશથી સિદ્ધ થવાય. અત્રે કૃત્સ્ન શબ્દનું મહત્ત્વ સાચું સમજાય છે. કૃત્સ્ન એટલે સંપૂર્ણ. નિગોદમાં આત્મા ૮ કર્મોથી સંયુક્ત હતો, કર્મ મિશ્રિત હતો, એક નહીં પણ ૮ કર્મોથી જકડાયેલો હતો તેથી અસંખ્ય પ્રદેશી આત્મા કાર્મણવર્ગણાની રજકણોથી ભરેલો આઠ કર્મોથી આવરિત થયો છે, તેમનું આવરણ છે. જ્યાં સુધી આવરણો છે ત્યાં સુધી સંસારી અવસ્થા ચાલુ, નષ્ટ થાય ત્યારે જ મોક્ષ.

અનાદિકાળથી જીવે અનન્તાનંત ભવો કર્યા. અનન્ત પુદ્‌ગલપરાવર્ત કાળ વ્યતીત થઈ ગયો. છતાં પણ જ્યાંના ત્યાં. પ્રવાહની પરંપરાથી કર્મોનું લાગવું અને ખપવું ચાલુ જ રહ્યું. ઉદયે ખપે અને નવાં બંધાયા જ કરે છે. કર્મક્ષય માટેનો ઉપાય નિર્જરા છે. આંશિક નિર્જરાની સાથે સંપૂર્ણ નિર્જરા થઈ જાય. સર્વથા, સદંતર સર્વ કર્મો ખરી પડે; આત્મા પર કાર્મણવર્ગણાનો એક પણ પરમાણું ન ચોંટેલો હોય ત્યારની અવસ્થામાં મોક્ષ આવે.

કર્મનો બંધ અનાદિ છે, આંશિક નિર્જરા પ્રતિદિન થતી રહે છે; સંપૂર્ણ નથી થતી. સંયોગ હોય ત્યાં વિયોગ હોય જ.

બીજું આત્માને આકાશની જેમ વ્યાપક ન માની શકાય. તેને દેહાકાર જ માનવો ઘટે. જે જે શરીર ધારણ કરે કીડી, હાથી, મગતરું, વ્યાઘ્ર, મોટો મગર, મત્સ્ય તે તે દેહ પ્રમાણે આત્મા વિકાસ કે સંકોચ પામે. આત્મા વિસ્તૃત પણ થઈ શકે છે, સંકોચાઈ પણ શકે છે.

આહારક શરીર ધારણ કરી પ્રશ્નનો જવાબ મેળવવા તે સાધ્ય પુરુષ ૧૪ રાજલોક જેટલો આત્માને વિકસાવી શકે છે ને ? મુક્તાત્માનો વિચાર કરતાં સિદ્ધાત્મા આકાશ જેટલો વિસ્તૃત નથી પરંતુ મોક્ષે જતાં પહેલાં જીવ જે શરીર ત્યજે છે તેના ૧/૩ ભાગ પ્રમાણનો આકાર તે ધારણ કરે છે. આટલી જગ્યા રોકે છે, આટલો આકાશ પ્રદેશને સ્પર્શે છે. આ બધાં મુક્તાત્માઓ ૪૫ લાખ યોજન વિસ્તૃત સિદ્ધશિલા પર એકબીજાને અંતરાય ન થાય તેમ ઉપર જઈ લટકે છે. ગેસથી ભરેલો ફુગ્ગો દોરીથી બાંધી ધીરે ધીરે ઉપર છોડવામાં આવે છે. જો ભૂલેચૂકે દોરી હાથમાંથી છૂટી જાય તો તે ફુગ્ગો સીલીંગની ટોચ પર જઈ લટકે છે. તેવી રીતે મોક્ષે ગયેલો જીવ સિદ્ધશિલાની ટોચ પર લટકે છે. નવા મળેલા સ્વરૂપવાળા બધાં મુક્તાત્માઓ આટલી જગામાં કેવી રીતે સમાઈ શકે તેવો પ્રશ્ન ઉદ્‌ભવે. જેમ ઓરડામાં ૧, ૫, ૧૦, ૧૦૦ દીવડાની જ્યોત સમાઈ શકે, દરેક સ્વતંત્ર રહી શકે છે. જ્યોતમાં જ્યોત ભળેલી લાગે પરંતુ દરેક દીવો આસાનીથી બહાર જ્યોત સાથે લઈ જઈ શકાય તેવી રીતે અનેકાનેક મોક્ષ પામેલા આત્માઓ સંકોચ અને એકબીજાને અડચણ ન કરે તેવી રીતે રહી શકે છે. આવી રીતે નિશ્ચિત સ્થાનમાં પોતપોતાનું શુદ્ધ સ્વરૂપ સાચવી નવી જગ્યાએ, નવી રીતે, નવા ઢબે સંકોચ કે વિકાસાદિ વિકારને વશ ન થતાં, એકબીજાને બાધા ન કરે તેવી રીતે નિત્ય, નિરંતર સદા માટે સ્વતંત્ર તેમજ બધાં સાથે ઘર્ષણ કર્યા વગર રહે તેવું સુંદર સ્થાન તે સિદ્ધશિલા છે.

મુક્તાત્માને કેવા પ્રકારનું સુખ ઉપલબ્ધ હોય ? તેને અકૃત્રિમ, સ્વાભાવિક, પ્રકૃષ્ટ, વર્ણણાતીત સુખ હોય છે. અશરીરી છતાં પણ ભોગવવાનું ન હોવાથી ભોગ વિના પરમ સુખી છે. તેને જન્મ, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ. અરતિ, રતિ, કામ, ક્રોધ, માન, માયા, તૃષ્ણા, રાગ, દ્વેષ, શોક, મોહ, ક્ષુધા, પ્યાસ, શીત, ઉષ્ણ, ચિન્તા, ઔત્સુક્ય કંઈ નથી. સર્વ બાધાની ઉપર ગયેલો અવ્યાબાધ, અખંડ સુખ ભોગવે છે. અત્રેનું સુખ જડ નથી, જ્ઞાનગમ્ય છે. તે પરમજ્ઞાની, સર્વજ્ઞાની, અનન્તજ્ઞાની છતાં પણ વીતરાગી છે. શું તેને કામ-ભોગાદિ પ્રકારનું સુખ હશે ? ના.

તત્ત્વાર્થ ભાષ્યની ટીકામાં લખ્યું છે :-

સવ્યાબાધાભાવાત્ સર્વજ્ઞત્વાચ્ચ જાવતિ પરમ સુખી ।

વ્યાબાધાભાવોડત્ર સ્વચ્છસ્ય જ્ઞસ્ય પરમસુખમ્ ।।

બાધા ન હોવાથી, સર્વજ્ઞ હોવાથી તે પરમ સુખી છે. બાધાના અભાવથી સ્વચ્છ જ્ઞાતા તરીકે પરમ સુખ તેને હોય છે.

નૈયાયિક દર્શનમાં 'એકવિંશતિ દુ:ખધ્વસો મોક્ષ:' આવા પ્રકારની જડ મુક્તિ ૨૧ દુ:ખોના નાશ થકી માને છે તે હાસ્યાસ્પદ છે. તેવી રીતે અનાત્મવાદી બૌદ્ધો દીપનિર્વાણ જેવી જડ મુક્તિ માને છે; જે અજ્ઞાનાત્મક સિદ્ધ થતાં જડ જ રહે છે. ચર્ચાના સાર રૂપે એક વાક્યમાં કહેવું હોય તો જૈનોની મુક્તિ આત્માની કર્મરહિત ચરમ શુદ્ધ કોટિની જ્ઞાનાત્મક શુદ્ધ અવસ્થા છે. આત્માનું અસ્તિત્વ ન રહે તેવો દીપનિર્વાણ જેવો મોક્ષ શા કામનો ?

વ્યક્તિ જેવી રીતે ઘરના બારીબારણામાંથી બહાર જુએ છે તેવી રીતે દેહમાં રહેલો આત્મા ઈન્દ્રિયો રૂપી બારાબારણામાંથી બહારના વિષયાદિનું જ્ઞાન કરે છે. પરંતુ મોક્ષમાં ઈન્દ્રિયોની અપેક્ષા જ નથી કેમકે ઈન્દ્રિયાદિ સહાયક સાધન ત્યાં અનપેક્ષિત છે. તે ત્યાં જ્ઞાનઘન છે. જેમ પરમાણું રૂપાદિ રહિત ન હોય તેમ આત્મા ક્યારેય પણ જ્ઞાનરહિત ન હોય. જેમ માતા અને વંધ્યા અવાસ્તવિક છે, તેમ મુક્તાત્મા જ્ઞાન વિના એટલે કે જ્ઞાનરહિત હોય જ નહીં. મુક્તાત્મા આત્મા હોઈ જ્ઞાનમય જ હોય. સંસારીના જ્ઞાન કરતાં મુક્તાત્માનું જ્ઞાન અનેકગણું હોય છે. તે કેવળજ્ઞાનધારી છે; પૂર્ણજ્ઞાની હોય છે.

શું મુક્તાત્મા અજીવ બને ? દ્રવ્યની મૂળભૂત સ્વાભાવિક જાતિ કોઈ પણ રીતે અત્યંત વિપરીત જાતિરૂપે બદલાય નહીં. જેમ આકાશની અજીવ, જડ, મૂળજાતિ જે સ્વાભાવિક છે તે કદાપિ બદલાય નહીં તેવી રીતે જીવની જીવત્વ, અમૂર્તત્વ, દ્રવ્યત્વ મૂળભૂત સ્વાભાવિક જાતિ બદલાય નહીં. અજીવત્વ જીવત્વથી અત્યન્ત વિપરીત હોઈ બદલાય નહીં. મુક્તાવસ્થામાં જીવની પર્યાયોમાંની આ એક વિશિષ્ટ પર્યાયાવસ્થા છે. સંસારી કે મુક્તાત્મા તરીકે જીવત્વ અને દ્રવ્યત્વ તેનું તે જ રહે છે. મોક્ષમાં જીવ અજીવ બની જાય તેવી મુક્તિ સિદ્ધાન્ત વિરૂદ્ધ છે. જેમ દ્રવ્યત્વ નથી બદલાતું તેમ દ્રવ્યના ગુણ બદલાતા નથી. આત્માના જ્ઞાન-દર્શન-ઉપયોગાત્મક મૂળભૂત ગુણો સનાતન છે, જે અજીવથી જુદાપણું બતાવે છે; જીવની વિભિન્ન અવસ્થા-વિશેષમાં આવરણો આવે ને જાય. જ્ઞાનદર્શનાદિ આવરિત થાય પણ નાશ ન પામે. તેથી મુક્તાત્માને

અજીવ માનવાની આવશ્યકતા નથી. 'જડા ચ મુક્તિ' વાળો મત મુક્તિ જડાત્મક માને છે જે માન્યતા રાખનારા નૈયાયિકો હતભાગી છે. આત્માથી જ્ઞાનને ભિન્ન માની આત્મામાં ઉત્પન્ન પણ થાય અને નષ્ટ થાય; જ્ઞાનવાળો આત્મા જ્ઞાનરહિત થાય તેમ માનવું કૃત્રિમ છે, હાસ્યાસ્પદ છે. તેથી મુક્તિને જડ માનવી અયોગ્ય છે. ગુણો મૂળભૂત દ્રવ્યમાં જ રહેલાં છે, ભિન્ન નથી. જ્ઞાનગુણ આત્મામાં બહારથી નથી આવતો, સ્વદ્રવ્યાંતરગત હોય છે, રહે છે. સંસારી અવસ્થામાં આઠ પ્રકારના આવરણોથી તે ગુણ આવરિત થઈ જાય, આવરણો હઠી જતાં જેમ વાદળો વિખરાતાં સૂર્ય પૂર્ણ સ્વરૂપે પ્રકાશે તેમ આવરણો હઠતાં આત્મા સોળે કળાએ જ્ઞાનાદિ ગુણો વડે ઝળહળે, મૂળ સ્થિતિમાં આવીને જ રહે. પાંચ પ્રકારના જ્ઞાનમાં મતિ અને શ્રુત પરોક્ષ જ્ઞાનમાં આત્મા ઈન્દ્રિયોની મદદથી જુએ-જાણે છે; ઈન્દ્રિયો અને મનથી જ્ઞાન થતું નથી. તેઓ મૂળ સ્રોત નથી, પણ સાધન છે. તે બંને જડ છે. તેને જ્ઞાન નથી. જ્ઞાન આત્માને થાય છે. જોનાર જાણનાર આત્મા છે. જ્ઞાનથી જડનું ભેદક જ્ઞાન થાય છે. અજ્ઞાન એટલે જ્ઞાનનો અભાવ નહીં; જ્ઞાનરહિત નહીં, પણ અહીં અલ્પતા સૂચક છે. તેથી અજ્ઞાન એટલે અલ્પ જ્ઞાન, પૂરું નહીં, અધુરું. જ્ઞાનનો અભાવ (અ-જ્ઞાન) કહેવાથી જીવ અજીવ થઈ જાય. જીવ જડ ન થાય, કેમકે જ્ઞાન અજીવનું નહીં, જીવનું લક્ષણ છે.

જ્ઞાનાદિ જે આવરિત થયેલાં છે તેને પ્રગટ કેવી રીતે કરવાં ? જે મૂળભૂત સત્તામાં હોય તે જ પ્રગટ થાય. બહારથી તે લાવી ન શકાય. વાદળો ખસતાં જેમ સૂર્ય ઝળહળી ઊઠે છે તેમ આવરણો હઠતા મૂળમાં જે હતું તે પ્રગટ થાય છે, દૃષ્ટિગોચર થાય છે. ન હતું અને આવ્યું તેવું નથી. આવરણો હઠતાં કર્મો નષ્ટ થતાં જાય અને આત્મા શુદ્ધ, બુદ્ધ, સિદ્ધ મુક્ત થઈને રહે.

આ માટેની કઈ પ્રક્રિયા છે ? તે માટે આરાધના, વ્રત, નિયમ, પચ્ચકખાણ, તપ, જપ, ભક્તિ, ધ્યાનાદિ દ્વારા ઉત્તરોત્તર આત્માના ગુણો જેમ જેમ પ્રગટતાં જાય, ઝળહળતાં જાય, પ્રકાશિત થતાં રહે જે 'સિદ્ધાણં બુદ્ધાણં' પ્રમાણે પરંપરયા થાય, જેથી ગુણસ્થાનકોની ૧૪ પગથિયાંની સીડી ચઢ-ઊતર કરતાં છેવટે ૧૩-૧૪ સયોગી (૧૩) અયોગી (૧૪) પગથિયા પર ચઢતાં આત્મા શુદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ સચ્ચિદાનંદ સ્વરૂપ જે સ્વસંવેદ્ય છે,જે અનભિલાપ્ય છે, જે વર્ણાતાતીત છે; તે કક્ષાએ નિત્ય, નિરંતર શાશ્વત અવ્યાબાધ સુખાનુભાવ થકી આત્મા અમર, અજર થાય છે. જે માટે શ્રી નમુત્થુણં કે શક્રસ્તવમાં કહ્યું છે કે:-

અપ્પડિહયવર-નાણદંસણધરાણં, વિઅટ્ટછઉમાણં, જિણાંણ, જાવયાણં, તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં બોહિયાણં, મુત્તાણં, મોઅગાણં, સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલમરૂઅમણંત મકખયમવ્વા બાહમપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં'.

આ સિદ્ધગતિ કલ્યાણકારી, અચલ, રોગાદિ રહિત, અનન્ત (અંત વગરની એટલે કે શાશ્વત), અક્ષય, વ્યાબાધા રહિત, જ્યાંથી સંસારમાં ફરી પાછા ચારે ગતિના ચક્રાવામાં ઘૂમવાનું નથી, તેવી સિદ્ધગતિ આત્માની થાય છે. આવા પ્રકારનું કેવળજ્ઞાન ૧૩-૧૪ પગથિયે ૪ પ્રકારના ધ્યાનમાંથી ૧-૨ ને ઓળંગી ત્રીજામાં પ્રવેશ્યા પછી પ્રાપ્ત કરે છે. તે સાથે શું શું પામે ? તે ક્યારે પ્રાપ્ત કરે, કેવી રીતે તેની રીતરસમ છે એ વિશે પૂજ્ય ઉમાસ્વાતિ વાચકવર્યશ્રી તત્ત્વાર્થસૂત્રમાં આમ જણાવે છે :-

'મોહ ક્ષયાત્ જ્ઞાનદર્શનાવરણાન્તરાય ક્ષયાચ્ચ કેવલમ્'

એટલે કે ચારે ઘાતી કર્મોના ક્ષયે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ વાતને તત્ત્વાર્થાધિગમની અંતિમ કારિકાઓમાં નિર્દેશ છે કે :-

સંસારબીજં કાર્ત્સ્ન્યેન મોહનીયં પ્રહીયતે ।।
તતોઽન્તરાયજ્ઞાનાઘ્ન દર્શનઘ્યાનાન્યનતરમ ।
પ્રહીયતેઽસ્ય યુગપત્ ત્રીણિકર્માણિ અશેષત: ।।

સર્વ પાપોના બાપ સમાન મોહનીય નષ્ટ થતાં અવાન્તર કર્મો ચપટી વગાડતાં ક્ષીણ થઈ શકે છે. તે માટેનું ઉદાહરણ આમ છે :-

ગર્ભસૂચ્યાં વિનષ્ટાયાં યથા તાલો વિનશ્યતિ ।
તથા કર્મક્ષયં યાન્તિ મોહનીયે ક્ષયં ગતે ।।

સૂચિ એટલે સોય વડે મધ્યમાં રહેલા તંતુનો નાશ થતાં તાડનું ઝાડ નાશ પામે છે તેમ મોહનીય નષ્ટ થતાં બાકીનાં સર્વ કર્મો ક્ષય પામે છે.

સંસારને કાયમી તિલાંજલિ દઈ મુક્તાત્મા કેવી રીતે સિદ્ધશિલાએ જાય છે ?

ચાર ઘાતી કર્મોના નાશથી. તે નિમ્નલિખિત આમ પ્રાપ્ત થાય છે :-

મોહનીયના ક્ષયે વીતરાગતા પ્રાપ્ત થાય.

જ્ઞાનાવરણીયના ક્ષયે અનન્ત (અક્ષય) કેવળજ્ઞાન પ્રાપ્ત થાય.

દર્શનાવરણીયના ક્ષયે અનન્ત કેવળદર્શન પ્રાપ્ત થાય.

અન્તરાયના ક્ષયે અનન્તાદિ લબ્ધિઓ, સિદ્ધિઓ પ્રાપ્ત થાય.

અશરીરી એવો મુક્તાત્મા કેવો હોય તે વિષે જણાવે છે :-

સિદ્ધાણં નત્થિ દેહો, ન આઉ ન કમ્મં ન પામ જોણિઓ ।
સાઈ અનન્તા તેસિં, ઠિઈ જિણાંદગમે ભણિયા ।।

અનાદિનો ચાલ્યો આવતો કર્મસંયોગ નષ્ટ થયો તેથી શરીર, જન્મ, મરણ, સુખ, દુ:ખાદિ ખતમ થયાં જેથી સર્વગુણો પૂર્ણપણે પ્રગટયા.

ઉપર જોયા પ્રમાણે મોક્ષ માત્ર મનુષ્ય ગતિમાં જ મળે. અહીં સાધનાદિ સર્વ પ્રકારની સામગ્રી હાથવેંતમાં છે. દેવોમાં ઘણા મિથ્યાત્વી છે જેમને સમકિત વગર મોક્ષના ફાંફા. સમકિતી દેવો ઓછા પ્રમાણમાં છે. તેઓ ચોથા અવિરતિ સમકિત ગુણસ્થાનકથી આગળ ન જઈ શકે. પાંચ, છ ગુણસ્થાન વગેરે વગર મોક્ષ કયાંથી સંભવે ? તિર્યંચો જેવાં કે દેડકો, મેરુપ્રભ હાથી વગેરે પણ પાંચમા ગુણઠાણાથી આગળ ન જઈ શકે. નરકના જીવો દારૂણ દુ:ખાદિમાં ક્યાંથી આ માટેનો શેખચલ્લી વિચાર પણ કરે!

વળી મોક્ષે જવા આટલું અત્યંત આવશ્યક છે : અઢી દ્વીપમાં જે ૧૫ કર્મક્ષેત્રો છે તેમાં પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહમાંથી જ મુક્તિ મળી શકે. તેમાંથી ભરત અને ઐરાવતમાં માત્ર ત્રીજા-ચોથા આરામાં જ બંને ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં શક્ય છે જ્યારે મહાવિદેહમાં હંમેશા મોક્ષના દ્વાર ખુલ્લાં છે. અત્યારે પણ ત્યાં ૨૦ વિદ્યમાન, વિહરતા સીમંધર સ્વામી, યુગમંધર સ્વામી વગેરે વિચરે છે. મોક્ષ માટે સૌ પ્રથમ મનુષ્યગતિ, પૂર્ણ પંચેન્દ્રિયપણું, સંજ્ઞીપણું, ત્રસપણું, ભવ્યત્વપણું, તથા ભવ્યત્વનો પરિપાક, ક્ષાયિક સમ્યકત્વ, અણાહારીપણું, યથાખ્યાતચારિત્ર જે દ્વારા વધતાં વધતાં જ્ઞાન, દર્શન, વિરાગીપણું પ્રાપ્ત કરવું જ પડે. ૧૪ માર્ગણામાંથી આટલું તો અવશ્ય જોઈએ જ જોઈએ. એકના પણ અભાવથી મોક્ષ દૂર રહે, ન મળે. કેવળજ્ઞાની તો અવશ્ય મોક્ષે જાય કારણ કે તે અપ્રતિપાતિ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તથા અરિહંત બનીને પણ મોક્ષે જવાય. તે માટે આ ચાર પદ મુખ્ય છે. અનન્તા મોક્ષે જઈ શક્યા છે. સાધુ તો તેને માટે મૂળભૂત પાયાનું પદ છે. અરિહંત થઈને મોક્ષે જનારા ઘણાં થોડા, તેથી વધુ આચાર્ય થઈને, તેનાથી વધારે ઉપાધ્યાય થઈને, સૌથી વધારે સાધુ થઈને. માટે જ કાંકરે કાંકરે સિદ્ધા અનન્તા. પાંચ પરમેષ્ઠિ મોક્ષે જનારામાં પ્રધાન છે. નવકાર

મહામંત્રમાં તેઓ સ્થાનાપન્ન થયેલાં છે. મહામંત્રનું પ્રતિદિન સ્મરણ, કાયોત્સર્ગ, નમસ્કારાદિ કરણીય કૃતિ ગણાવી છે.

મોક્ષે જનારાની મુદ્રા કઈ હોય ? અન્ત સમયે કોઈ પદ્માસનમાં બેઠાં બેઠાં, કોઈ કાયોત્સર્ગ મુદ્રામાં, કોઈ સંથારો કરી તો વળી કોઈક સૂતાં સૂતાં પણ જાય. મોક્ષગમન સમયે અન્તે કાયાને સ્થિર કરી દે. શૈલેશીકરણ કરે, યોગો રૂંધી લે, શરીરના પોલાણના ભાગ પૂરીને આત્મા એક ઘનાકારે સ્થિર બને છે. વળી મોક્ષપ્રાપ્તિ માટે શરીરની જઘન્ય અવગાહના બે હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની હોવી જોઇએ. તેનાથી ઓછી ૧ હાથની કાયા તથા ૫૦૦ ધનુષ્યથી વધારે અવગાહનાવાળા જીવો મોક્ષે ન જઈ શકે. છઠ્ઠા આરામાં જીવની અવગાહના એક હાથની હોવાથી મોક્ષગમને યોગ્યતા ધરાવતા નથી. મોક્ષે જતાં ઉંચાઈ જે હોય તેનો ૧/૩ ભાગ ઘટી જાય. જેમકે ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળું હોય તો તેનો ૧/૩ ભાગ રહે. ૨ હાથની અવગાહના હોય તો ૧ હાથ ૮ અંગુલ પ્રમાણ રહે. ક્ષેત્રદ્વાર પ્રમાણે આ મુક્તાત્માની અવગાહના વિચારી છે.

એક આત્મા સિદ્ધ થાય તેથી નિગોદમાંથી એક જીવ વ્યવહાર રાશિમાં આવે. સામાન્ય રીતે એક સમયે એક આત્મા મોક્ષ પામે. પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના વખતમાં એક સમયમાં ૧૦૮ મુક્તિ પામ્યા. (પોતાના ૯૯ પુત્રો, ભરતના ૮ પુત્રો, અને ઋષભદેવ પોતે એટલે ૧૦૮). બીજા તીર્થંકર અજીતનાથ ભગવાનના સમયે ૧૭૦ મોક્ષે ગયા. પાંચ મહાવિદેહની ૩૨ ચુલિકામાંથી પ્રત્યેકમાંથી ૫, એટલે ૩૨X૫=૧૬૦; ભરતમાંથી અને ઐરાવતમાંથી ૫ કુલ્લે ૧૬૦+૫+૫=૧૭૦.

ચોથા તિજયપહુત્તસ્મરણમાં નવમી ગાથામાં:-પંચદસકમ્મ ભૂમિસુઉપ્પન્નં સત્તરિં જિણાણ સયં (પાંચ કર્મભૂમિમાં ૧૭૦ ઉત્પન્ન થયાં છે), તેની ૨, ૩, ૪, ૫મી ગાથામાં આ જ સંખ્યા છે જેનો એક ચમત્કારી યંત્ર ૧૭૦નો બને છે.

વળી અહીં પણ આ વાત રજૂ કરી છે :-

વરકનકશંખવિદ્રુમ મરકતઘન સંન્નિભં વિગતમોહમ્ ।
સપ્તતિશતં જિનાનાં સર્વામરપૂજિતં વંદે ।।

મોક્ષે જતાં જીવ એકજ સમયમાં સીધી ઉર્ધ્વગતિમાં સિદ્ધશિલાની ટોચે પહોંચી જાય તેવી આત્મા શક્તિ ધરાવે છે. તેથી આગળ કેમ નહીં? અલોકાકાશમાં ગતિસહાયક ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી તેથી આગળ જઈ ન શકે.

૧૪ રાજલોકમાં જીવોનું સતત એક લોકમાંથી બીજામાં, એક ગતિમાંથી બીજીમાં, ઉર્ધ્વલોકમાંથી તિરછાલોકમાં કે અધોલોકમાં ગમનાગમન ચાલુ જ છે. ત્રણે લોકની આ પરિસ્થિતિ છે. મોક્ષે જનાર જીવ સીધો, વાંકો-ચૂકો, તીરછો થયા વગર સીધો ઉપર જાય છે. સર્વ કર્મોનો નાશ થવાથી આત્મા લોકાન્ત, લોકના અંત સુધી ઉપર જઈ સ્થાનાપન્ન થાય છે.

આઠ માટીના થર લાગેલો ઘડો ભારથી ઠેઠ નીચે જાય તેમ આત્મા ૮ કર્મોના ભારથી સંસારમાં ડૂબેલો રહે છે. એક પછી એક થર દૂર થતાં આ ઘડો પાણીની ઉપર આવી તે પર તરે છે તેવી રીતે ૮ કર્મનાં આવરણો વિહીન થયેલો આત્મા ઉપર ને ઉપર ઊર્ધ્વ ગતિ કરતો સિદ્ધ ક્ષેત્રે પહોંચે છે, સિદ્ધશિલાએ સ્થિર થાય છે. તે ઊર્ધ્વગામી, ઋજુ સરલ સીધી ગતિએ લોકના અંત ભાગ સુધી જાય છે, જે માટે એક જ સમય લાગે, સમયાન્તર પણ થાય નહીં. જેમ કુંભાર ઘડી રહેલા ઘડાને ચક્ર પર ગતિ આપી પછી આપ મેળે ગતિ કરે છે, ધનુષ્યમાંથી છોડેલું બાણ આપ મેળે ગતિશીલ રહે. વળી એરંડફળ, યંત્ર અને પૈડાનું બંધન છેદાતાં બીજ, કાષ્ઠ, પેટાપુટની ઉપર ગતિ થાય છે. જેમ પત્થર નીચે પડે, અગ્નિ ઉર્ધ્વ ગતિ કરે તેમ સ્વભાવાનુસાર આત્માનો ઉંચે જવાનો સ્વભાવ છે. 'સ્વભાવ: દુસ્ત્યજ:' ધૂમાડાની જેમ કર્મો બાળી ઉપર જાય છે. નરક તો નીચે છે તો તે નીચી ગતિ કેવી રીતે કરે ? આ ગતિ તેના કર્માધીન છે. પુષ્કળ પાપોનો ભાર કારણભૂત છે. તેથી કર્મયુક્ત સંસારી જીવ ઉપર નીચે અને તિરછી ગતિ કરે છે.

શ્રી ઉમાસ્વાતિ આચાર્ય જણાવે છે: 'તદનન્તરમ્ ઉર્ધ્વ ગચ્છત્યા લોકાન્તાત્'

વળી જેમ એક દ્રવ્યની ક્રિયાની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું) એકી સાથે એક સમયમાં થાય છે તેવી રીતે સિદ્ધના જીવની ગતિ, મોક્ષ અને ભવક્ષય ત્રણે ભાવો એક સાથે જ થાય છે. જે સમયે ભવનો ક્ષય, એ જ સમયે ગતિ અને એક સમયમાં મોક્ષમાં જીવ સ્થિર થઈ જાય. ત્રણે સાથે.

આ માટે આ દ્રષ્ટાન્ત આપે છે :-

ઉત્પત્તિશ્ચ વિનાશશ્ચ પ્રકાશ તમસો રિહ ।
યુગપત્ જાવ તો તદ્વત્ તથા નિર્વાણ કર્મણો: ।।

પ્રકાશની ઉત્પત્તિ સાથે જ અંધકારનો નાશ. તેવી રીતે સર્વ કર્મોનો નાશ (ક્ષય), નિર્વાણ=મોક્ષની ઉત્પત્તિ આ બંને એકી સાથે જ થાય. તેથી કર્મક્ષય, ભવક્ષય, ઉર્ધ્વગતિ અને મોક્ષમાં સ્થિર થવાનું સાથે જ થાય, સમયાન્તર નહીં. બધાં જ કર્મોનો ક્ષય થતાંની સાથે જ સાત રાજલોક જેટલું અંતર એક સમયમાં કાપે છે. લોકમાં તેમ અલોકાકાશ બંનેમાં આકાશ સમાન છે. તો શા માટે અટકી જાય આગળ ન જાય. તેનો ઉત્તર આમ છે :-

તતોડપ્યુર્ધ્વ ગતિસ્તેષાં કસ્માન્નાસ્તિઇતિ ચેન્મતિ: ।
ધર્માસ્તિકાય સ્યામાવાત્ સહિ (હેતુ) ર્ગતે: પર: ।।

વળી ૧૪ રાજલોકની મધ્યમાં રહેલી ત્રસનાડીમાં જે જીવો છે તે આ અઢી દ્વીપમાંથી કર્મક્ષય કરી મોક્ષે જાય ત્યારે ગતિસહાયક ધર્માસ્તિકાય દ્રવ્ય ગતિ કરવામાં મદદ કરે છે.

(ક્રમશ:)


## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ફોન: ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા – ૨૦૦૨

**(આર્થિક સહયોગ : સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ)**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મંગળવાર, ૩-૯-૨૦૦૨ થી મંગળવાર ૧૦-૯-૨૦૦૨ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાનસભાઓ, પાટકર હૉલ, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | નામ | વિષય |
|---|---|---|---|
| મંગળવાર | ૩-૯-૨૦૦૨ | પ્રો. તારાબહેન ર. શાહ | જૈન ધર્મમાં પુણ્યની વિચારણા |
| | | શ્રી શશિકાન્ત મહેતા | નમસ્કાર મહામંત્ર-આત્મસિદ્ધિનું ઉપનિષદ |
| બુધવાર | ૪-૯-૨૦૦૨ | ડૉ. રમણલાલ ચી. શાહ | નમો લોએ સવ્વસાહૂણં |
| | | બ્ર. કુ. શ્રી મનોરમાજી | तनावमुक्त जीवन |
| ગુરૂવાર | ૫-૯-૨૦૦૨ | ડૉ. કલાબેન શાહ | એકત્વ ભાવના |
| | | ડૉ. જે. જે. રાવળ | વિજ્ઞાનમય ધર્મ અને ધર્મમય વિજ્ઞાન |
| શુક્રવાર | ૬-૯-૨૦૦૨ | ડૉ. ધનવંત શાહ | યોગવાસિષ્ઠ |
| | | શ્રી રશ્મિભાઈ ઝવેરી | આધ્યાત્મિક ચિકિત્સા |
| શનિવાર | ૭-૯-૨૦૦૨ | પૂ. સાધ્વી શ્રી રતનશ્રીજી | सतयुग का सूत्रधार-भगवान महावीर |
| | | પંડિત શ્રી રાજેન્દ્ર બંસલ | अहिंसाधर्म |
| રવિવાર | ૮-૯-૨૦૦૨ | ડૉ. નરેશભાઈ વેદ | વાસનાક્ષય, મનોનાશ અને આત્મસાક્ષાત્કાર |
| | | ડૉ. ગુણવંત શાહ | હુલ્લડની જેમ શાન્તિ ફાટી નીકળે તો ! |
| સોમવાર | ૯-૯-૨૦૦૨ | ડૉ. બળવંત જાની | આનંદઘનજીની અપૂર્વતા |
| | | પંડિત શ્રી રાકેશકુમાર શાસ્ત્રી | નિમિત્ત-ઉપાદાન |
| મંગળવાર | ૧૦-૯-૨૦૦૨ | પંડિત શ્રી જતીશચંદ્ર શાસ્ત્રી | ઉત્તમ ક્ષમા |
| | | આચાર્યા શ્રી ચંદનાજી | મહાવીર દર્શન – એકવીસમી સદીમાં |

વ્યાખ્યાનની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૫ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રી લલિતભાઈ દમણીયા, (૨) શ્રીમતી ઈંદિરાબહેન પરીખ, (૩) શ્રીમતી ગીતાબહેન દોશી, (૪) શ્રીમતી પૂર્ણિમાબહેન ધારીયા, (૫) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી, (૬) શ્રીમતી ઉર્વશીબહેન શાહ, (૭) શ્રીમતી અલકાબહેન શાહ, (૮) શ્રીમતી મીરાબહેન શાહ.

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

**ચંદ્રકાન્ત દીપચંદ શાહ**
ઉપપ્રમુખ
**ભૂપેન્દ્ર ડી. જવેરી**
કોષાધ્યક્ષ

**રસિકલાલ લહેરચંદ શાહ**
પ્રમુખ

**નિરુબેન એસ. શાહ**
**ધનવંત ટી. શાહ**
મંત્રીઓ
**વર્ષાબહેન રજજુભાઈ શાહ**
સહમંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફખરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૯ ● સપ્ટેમ્બર, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## બાળકો : ઉપેક્ષા અને દુર્વ્યવહાર

તાજેતરમાં કોલકત્તાની એક હૉસ્પિટલમાં બે-ચાર દિવસમાં જ સંખ્યાબંધ બાળકોનાં મૃત્યુ થયાં. એવી જ રીતે, થોડા વખત પહેલાં થાણા જિલ્લાનાં કેટલાંક ગામોમાં કોઇક રોગને કારણે ઘણાં બાળકો અવસાન પામ્યાં હતાં. હમણાં દિલ્હીની એક શાળામાં પીવાના ગંદા પાણીને લીધે ૬૦ જેટલાં બાળકોને ઝાડા ઊલટી થયાં હતાં. બાળકો પ્રત્યેની આપણી ઉપેક્ષાનું જ આ પરિણામ છે. બાળકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય છે એ લક્ષમાં લઇને આરોગ્યની દૃષ્ટિએ જે સાવચેતીનાં પગલાં લેવાવાં જોઇએ તે લેવાતાં નથી. તે અંગે વિચાર સુદ્ધાં થતો નથી. ઘટના બન્યા પછી દોડધામ થાય છે. વિરોધના મોરચા નીકળે છે, તોફાનો થાય છે. તપાસનો આદેશ અપાય છે. પછી બધું શૂન્ય.

ભારત ગીચ વસતિવાળો દેશ છે. આર્થિક દૃષ્ટિએ પછાત છે. ગામડાંઓના અસંખ્ય લોકોને પીવાનું ચોખ્ખું પાણી મળતું નથી. આરોગ્ય માટે સરકારી સુવિધાઓ પાંખી છે. અજ્ઞાન અને બેદરકારીનો પાર નથી. આ બધું તો ખરું જ, પણ જેમની સત્તાવાર જવાબદારી છે એવો અધિકારી વર્ગ પણ પ્રમાદી, બેદરકાર અને આવડત તથા સતર્કતાના અભાવવાળો છે. શહેરો અને ગામડાંઓના કેટલાયે લોકો પણ ગરીબ, ગંદા અને અશિક્ષિત છે. શારીરિક અને સામાજિક સ્વાસ્થ્યની તેમને કશી સમજણ નથી.

આપણા દેશમાં સ્વચ્છતાના અભિયાનની મોટી જરૂર છે. ગાંધીજીએ સમગ્ર ભારતનું જાતે ફરીને નજરે અવલોકન કર્યા પછી રચનાત્મક કાર્યક્રમોમાં સ્વચ્છતાને પણ મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. જેમાં કશું જ ખર્ચ થતું નથી અને લોકો સ્વેચ્છાએ ફાજલ સમય આપીને પોતપોતાના વિસ્તારમાં સારી સ્વચ્છતા જાળવી શકે એમ હોય છે એવા સ્વચ્છતાના અભિયાનનું આયોજન સામાજિક સ્તરે થવું જોઇએ. અજ્ઞાન, આળસ અને જાગૃતિના અભાવે લોકો ગંદકીમાં રહેવાને ટેવાઈ ગયા છે. ગંદકી તેમને ખૂંચતી નથી. પરિણામે ગંદકીના કારણે વારંવાર રોગચાળાની અને મૃત્યુની ઘટનાઓ બનતી રહે છે. બાળકો ઉપર એની વધુ અસર થાય છે. શરમજનક વાત તો એ છે આપણી કેટલીયે સરકારી કે બિનસરકારી હૉસ્પિટલો પોતે જ ગંદી હોય છે. કોઇક ચેપી રોગની શરૂઆત હૉસ્પિટલથી જ થાય છે. આ દિશામાં સક્રિય પગલાં લેવાવાં જોઇએ. વળી પ્રાથમિક શાળાના બાળકોમાં જો સ્વચ્છતાના અને આરોગ્યના શિક્ષણ ઉપર ઘણો બધો ભાર આપવામાં આવે તો આવા કિસ્સા ઓછા બને. એ માટે કરેલું ખર્ચ અવશ્ય લેખે લાગશે.

કેટલાંયે બાળકો મા-બાપની આર્થિક સ્થિતિને કારણે, તેઓમાંના આપસના ઝઘડાને પરિણામે, દોસ્તારોની ખોટી સોબતને કારણે, ચલચિત્રો-ટી.વી.ની માઠી અસરના પરિણામે ઘર છોડીને ભાગી જાય છે અને ગુનાઓમાં સંડોવાય છે. પછાત દેશોમાં આવા બાળગુનેગારોનું પ્રમાણ વધુ હોય એ દેખીતું છે. બાળકોની ઉપેક્ષાનું એ પરિણામ છે.

કેટલાંક મા-બાપ કે ઘરનાં વડીલો નાનાં બાળકોને નાનીમોટી પરચુરણ નોકરીમાં જોડી દે છે. એથી કુટુંબની આર્થિક ચિંતા થોડી હળવી થાય છે, પણ બાળકનું શોષણ થાય છે અને એક તેજસ્વી કારકિર્દી રગદોળાઈ જાય છે. વિશ્વમાં બાળમજૂરોની સમસ્યા પણ ઘણી મોટી છે. એના નિરાકરણ માટે સમાજહિતચિંતકો વિવિધ ઉપાયો યોજે છે. પરંતુ બેચાર વર્ષમાં સંપૂર્ણ ઉકેલ આવી જાય એવી આ સમસ્યા નથી. એનાં મૂળ ઘણાં ઊંડાં છે અને સ્થાપિત હિતો જબરાં છે.

ઘરમાં વડીલો અને શાળામાં શિક્ષકો દ્વારા બાળકોને માર મારવાના બનાવો ઘણા બને છે. મારની ધાક વગર બાળક સુધરે નહિ એ ખ્યાલ હવે જૂનવાણી થઈ ગયો છે. 'બુધે છોકરું છાનું રહે' અથવા 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમઘમ' જેવી કહેવતો હવે કાલગ્રસ્ત થઈ છે. કેટલાયે પ્રગતિશીલ દેશોમાં આવી શિક્ષા પર હવે પ્રતિબંધ છે. બાળ-માનસ (Child Psychology) નો અભ્યાસ દુનિયાભરમાં થવા લાગ્યો છે અને બાળકોને સુધારવાના, માર સિવાયના, વિવિધ ઉપાયો સૂચવાય છે અને એનો અમલ થાય છે. વસ્તુત: મા-બાપ અને વડીલો બાળકની ઉપેક્ષા કરે તો જ બાળકને માર મારીને સીધા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જ્યાં પ્રેમપૂર્વક બાળકની સંભાળ લેવાય છે ત્યાં એને મારની શિક્ષા કરવાનો પ્રસંગ ઊભો થતો નથી.

અતિશય દુ:ખ, કલેશકંકાસ વગેરેને કારણે કેટલાંક સ્ત્રીપુરુષો પોતે આપઘાત કરે છે અને પોતાના નિર્દોષ બાળકોને પણ મારી નાખે છે. સમાજમાં સમજ અને સંસ્કારિતાનું પ્રમાણ વધે તો જ આવા કિસ્સા બનતા અટકે. એ માટે કેળવણી ઉપર વધુ લક્ષ અપાય એ આવશ્યક છે.

આપણા દેશમાં સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ પ્રત્યે જેટલું લક્ષ અપાય છે તેટલું પ્રાથમિક શિક્ષણ પ્રત્યે નથી અપાતું. દેશ પણ વિશાળ છે અને કાર્ય પણ ઘણું મોટું છે. તો પણ આ દિશામાં નિષ્ઠાથી વધુ કાર્ય કરવાની જરૂર છે. એથી સરવાળે દેશને જ લાભ થશે. જાતે પ્રાથમિક

શિક્ષક તરીકેની નોકરી કરીને અનુભવ લીધા પછી તક મળતાં ઉદ્યોગમાં ઝંપલાવીને ઘણું ધન કમાનાર એક ધનાઢ્ય ભાઇએ પોતાના દાનની બધી રકમ પ્રાથમિક શાળાઓ માટે જ વાપરવાનો સંકલ્પ કર્યો છે એવી જ્યારે એમણે મને જાણ કરી હતી ત્યારે મેં એમને એ માટે ખૂબ ધન્યવાદ આપ્યા હતા.

છેલ્લાં કેટલાંયે વર્ષોથી બાળકોની જાતીય સતામણી (Sexual harassment અથવા Sexual abuse)ના ઘણા કિસ્સા પ્રકાશમાં આવતા જાય છે. નાની ઘટનાને પણ પ્રચાર માધ્યમો મોટું સ્વરૂપ આપી સૌનું ધ્યાન ખેંચે છે. એક રીતે એ બહુ જરૂરી છે અને લોકહિતની દૃષ્ટિએ ઉપકારક છે. બદમાશોને એનો ડર પણ રહેવો જોઇએ. અલબત્ત, પ્રચાર માધ્યમો કવચિત્ વાતનું વતેસર પણ કરતાં રહે છે.

કુમળી વયનાં બાળકોની ચામડી સુંવાળી હોય છે. એમનામાં એક બાજુ અજ્ઞાન અને બીજી બાજુ કૌતુક હોય છે. વળી મોટી ઉંમરની વ્યક્તિ એને ભોળવીને પોતાનો દુરુપયોગ કરે છે એની એને ખબર પડતી નથી. ખબર પડે છે તો લોભ, લાલચ કે ભયને કારણે વશ થઈ જાય છે. પ્રતિકાર કરવાની એનામાં શારીરિક શક્તિ નથી હોતી. ઘટના બન્યા પછી બાળક એ વાત કોઇકને કહે છે અથવા નથી કહેતું. જ્યારે વાત બહાર નથી આવતી ત્યારે એવી જાતીય સતામણીનો દુરુપયોગ વારંવાર થાય છે. કેટલાક કિસ્સા તો જાહેરમાં ક્યારેય આવતા નથી. એ બે વ્યક્તિ જ મનોમન જાણતી હોય છે.

બાળકની જાતીય સતામણીની ઘટના આજકાલની નથી. અનાદિ કાળથી એ ચાલી આવે છે અને ભવિષ્યમાં પણ એ રહેવાની. માણસની અતૃપ્ત કે વિકૃત કામવાસનાનો ભોગ બાળકો બનતાં રહેવાનાં. સારા સુશિક્ષિત, સાધનસંપન્ન માણસો પણ આવા દુરાચાર તરફ ઘસડાય છે. ફરજિયાત અપરિણીત રહેલા એવા કુશીલ સાધુબાવાઓ, ભિખ્ખુઓ, પાદરીઓ વગેરે પણ આવો લાગ શોધતા રહે છે. સજાતીય દુરુપયોગમાં જોખમ ઓછું રહેલું છે એમ તેમને લાગે છે. વારંવાર હળવામળવાને કારણે અને ધર્મસ્થાનકોના એકાન્તને કારણે આવા કિસ્સા વધુ બને છે. સમાજમાં પૂજ્ય કે પ્રતિષ્ઠિત ગૃહસ્થ વ્યક્તિ પણ મદમાં, નશામાં આવી જઈ, ઉત્તેજિત કામવાસનાને વશ થઈ અકૃત્ય ક્યારે કરી બેસે તે કહેવાય નહિ. આપણા દેશમાં આવા ગુનેગારો સામે અદાલતી કાર્યવાહી એકંદરે સામાન્ય રીતે થતી નથી. ઘટના ઓછી જાહેર થાય, ધર્મ ન વગોવાય અને ચકચાર ન ફેલાય એ માટે સાચી કે ખોટી રીતે સમાજહિતચિંતકો પ્રવૃત્ત બને છે.પરંતુ વિદેશોમાં આવી ઘટના જો બને અને જાહેરમાં આવે તો તરત અદાલતી કાર્યવાહી થાય છે. ગુનો સાબિત થતાં વાત વર્તમાનપત્રોમાં, સામયિક વગેરેમાં છપાય છે અને અદાલત ગુનેગારોને સજા પણ કરે છે. નિરીક્ષકો વખતોવખત એના સત્તાવાર આંકડા પણ પ્રસિદ્ધ કરે છે. અમેરિકાના Department of Social Services તરફથી પ્રતિવર્ષ દરેક રાજ્યના આવા આંકડાઓ પ્રકાશિત કરવામાં આવે છે. કુમળી વયના બાળકોનો જાતીય દુરુપયોગ કરવાના ત્યાં સેંકડો કિસ્સાઓ બને છે અને ત્યાં ન્યાય સુયોગ્ય, ઝડપી અને વ્યવસ્થિત હોવાથી સજા થાય છે. સેંકડો મોટી ઉંમરના પુરુષો આવા ગુના બદલ જેલમાં સજા ભોગવે છે.

આપણે ત્યાં અને અન્યત્ર પણ વિકૃત માનસ ધરાવતા પુરુષો, વિશેષત: નોકર-ચાકરો ઘરની બેપાંચ વર્ષની બાળકી સાથે જાતીય અડપલાં કરે છે. એના કુસંસ્કાર બાળક ઉપર ઘણા વખત સુધી, ક્યારેક તો જીવનભર રહે છે. એવી ઘટનાઓ જાહેરમાં બહુ આવતી નથી. પણ માતાપિતા અને સ્વજનો નાની બાળકીઓની વ્યવસ્થિત સંભાળ લે તો એવું ઓછું બને. માણસોએ યુવાન નોકરોનો વધુ પડતો વિશ્વાસ ન કરવો જોઇએ.

કન્યાશાળાઓમાં કામ કરતા શિક્ષકો દ્વારા બાળકન્યાઓની જાતીય સતામણીના કિસ્સા પણ વારંવાર બને છે. એ ક્ષેત્ર જ એવું છે કે ક્યારેક આવી ઘટનાઓ બનતી રહેવાની. કેટલીક પ્રકાશમાં આવે છે, કેટલીક નહિ. પરંતુ વર્તમાન સમયમાં પુરુષ વર્ગની જાતીય વૃત્તિને ઉશ્કેરે એવાં દૃશ્યો ચલચિત્રો-ટી.વી.માં વધતાં જાય છે. સસ્તા મનોરંજન દ્વારા ઝાઝી કમાણી કરવા માટે નિર્માતાઓ-કલાકારો વગેરે વાસ્તવિકતાને નામે આવી અધમ વૃત્તિનો આશ્રય લે છે અને એથી અર્ધનગ્ન પ્રણયચેષ્ટાઓ અને બળાત્કારોનાં દૃશ્યો વધતાં જાય છે. આની ખરાબ વિકૃત અસર બાળકો, યુવક-યુવતીઓ પર પડે છે અને પછી ભાન ભૂલીને તેઓ અપકૃત્ય કરી બેસે છે.

આવા ગુના ન બને એ માટે કાયદેસરની સજા ઉપરાંત લોકમતની જાગૃતિ અને માબાપની સાવચેતીની પણ એટલી જ આવશ્યકતા છે. પોતાનાં કુમળી વયનાં પાંચપંદર વર્ષનાં સંતાનો ક્યાં ક્યાં જાય છે, કોની સાથે રમે છે, ત્યાં અપરિણીત વાસના ભૂખ્યા પુરુષો કે દુરાચારી માણસો કોણ કોણ કામ કરે છે કે બહારથી આવે છે એનું સાવચેતીપૂર્વક ધ્યાન રાખતા રહેવું જોઇએ. આવી એકાદ ઘટનાથી બાળકનું જીવન વેડફાઈ જાય છે. કોઇક માનસિક રોગથી પીડાય છે, કોઇક મૃત્યુ પામે છે, કોઇક આપઘાત કરે છે. છોકરીના જીવનમાં એવી ઘટના બને તો જીવન ધૂળધાણી થઈ જાય છે. કોઈક વેશ્યાવૃત્તિ તરફ ઘસડાય છે. એને ઘસડી જનારા દલાલો પણ હોય છે.

વર્તમાન સમયમાં કેમેરા-વીડિયો આવતાં પ્રલોભનો વધ્યાં છે અને ભયસ્થાનો પણ વધ્યાં છે.

બાળકોના જાતીય શોષણ કે સતામણીની સમસ્યા વધુ વિકટ બનતી જાય છે. એમાં માતાપિતાની કાળજી અને જાગૃતિ ઘણું કામ કરી શકે. સાચો પ્રેમ આપી, વિશ્વાસમાં લઈ પોતાનાં સંતાનોને વખતોવખત પૂછતા રહેવાથી આવાં જોખમોથી વેળાસર બચી જવાય છે.

બાળકો પ્રભુના પયગંબર છે. બાળકો પ્રભુના પ્યારાં છે. આજના બાળકો આવતી કાલના નાગરિકો છે. બાળકોનાં સમય અને શક્તિનું સુંદર, વ્યવસ્થિત આયોજન પ્રત્યેક ગ્રામ-નગરમાં જો થાય તો ભાવિ ઘણું ઉજ્જવળ બને. એ માટે વાત્સલ્યસભર નિવૃત્ત માણસો પોતાના સમયનો ભોગ આપવા તત્પર હોય એવા અવશ્ય મળી રહે જ.

બાળકોની ઉપેક્ષા એ આપણી પોતાની જ ઉપેક્ષા છે. બાળકો પ્રત્યેનો દુર્વ્યવહાર સમાજને પોતાને જ નુકસાનકારક નીવડવાનો છે. સામાજિક તકેદારી જેટલી વધશે એટલો સમાજને પોતાને જ લાભ થવાનો છે.

આપણા દેશમાં ચારે બાજુ સમસ્યાઓ છે. ભ્રષ્ટાચારનો પાર નથી. નિષ્ઠાનો અભાવ ઠેર ઠેર જોવા મળે છે. સરકારી તંત્રોની કાર્યદક્ષતા ઉત્તરોત્તર ઘટતી જાય છે. રાજકારણીઓની ખેંચતાણો હિંસક બની જાય છે. લોકસેવાની ભાવના ઘસાતી જાય છે. આવી વિષમ સ્થિતિમાં ફક્ત બાળકોની સમસ્યા વિચારવાથી શો લાભ એવો પ્રશ્ન કોઇકને અવશ્ય થાય. પરંતુ પોતાની રુચિ અને નિષ્ઠા અનુસાર કોઈક લોકસેવકો ફક્ત બાળકોની સમસ્યા પૂરતું પોતાનું લક્ષ કેન્દ્રિત કરે તો પણ કેટલુંક સંગીન કાર્ય આ દિશામાં અવશ્ય થઈ શકે.

આપણી ભાવિ પેઢીના ઉજ્જવળ નિર્માણ માટે આપણે હંમેશાં સચિંત રહેવું જોઇએ.

□ **રમણલાલ ચી. શાહ**

# મોક્ષમીમાંસા

☐ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

(ગતાંકથી સંપૂર્ણ)

સિદ્ધ ભગવંતોની સ્તુતિ આ પ્રમાણે કરાય છે :-

સિદ્ધાણં બુદ્ધાણં પારગયાણં પરંપરગયાણં ।
લોઅગ્ગમુવગયાણં નમો સયા સવ્વ સિદ્ધાણં ।।

જે મુક્તાત્મા દેહ ત્યજી એક સમયમાં લોકાન્તે સ્થિર થઈ શાશ્વત નિત્ય રહે છે તે સ્થળ સૂક્ષ્મ, મનોહર, સુગંધી, પવિત્ર, પરમ પ્રકાશમય પ્રાગભારા નામની પૃથ્વી લોકાગ્રે આવેલી છે, જેને આપણે સિદ્ધશિલા તરીકે જાણીએ છીએ. એ અર્ધચંદ્રાકાર ૪૫ લાખ યોજન વિસ્તાર ધરાવે છે કેમકે મોક્ષે આવનારા જીવો ૪૫ લાખ યોજન પ્રમાણ વિસ્તારવાળા અઢી દ્વીપમાંથી ૯૦ અંશના કાટખૂણે સીધી દિશામાં જાય છે. આત્મા જે સ્થાનમાંથી જશે તેની સીધો ઉપર જ સ્થિર થશે. જેમકે સમ્મેતશિખર તીર્થથી ૨૦ તીર્થંકરો મોક્ષે ગયા, પાર્શ્વનાથ હિલ પર કાયોત્સર્ગ ધ્યાનમાં પાર્શ્વનાથે અઘાતી કર્મો ખપાવ્યા જે પણ ટૂંકથી સીધા ૯૦° એ છે.

સિદ્ધશિલાનું વર્ણન આમ કર્યું છે.

તન્વી મનોજ્ઞા સુરભિ: પુણ્યા પરમભાસ્વરા ।
પ્રાગ્ભારા નામ વસુધા લોકમુર્ધ્નિ વ્યવસ્થિતા ।।

ખુલ્લી છત્રીવાળા આકારની જે સિદ્ધશિલા છે તે જાણે કે છત્રી સમાન છે જેની નીચે ઊભા રહેવાથી વરસતા વરસાદથી બચી શકાય છે તેમજ હાથમાં પાત્ર રાખ્યું હોય તો તે પાણીથી ભરાઈ જાય; તેવી રીતે સિદ્ધશિલાએ બિરાજતા સિદ્ધાત્માઓની કૃપાવૃષ્ટિ નીચે આવેલી તીર્થભૂમિમાં જેને માટે કાંકરે કાંકરે સિદ્ધાત્માઓનું સાનિધ્ય કે અસ્તિત્વ છે તેને આ રીતે ઘટાવવાનું છે કે આ ઉઘાડી સિદ્ધશિલા રૂપી છત્રીમાંથી સતત અમી દૃષ્ટિ તથા કૃપાનો વરસાદ વરસી રહ્યો છે. તે કૃપા તથા અમી દૃષ્ટિ બંને ઝીલવા માટે પૃથ્વી પર સમ્મેતશિખર, શત્રુંજય, ગિરનાર, તારંગા, આબુ, તથા જેને ૧૪૦૦ સ્તંભો છે તેવું અદ્વિતીય તીર્થ રાણકપુરાદિ આ વૃષ્ટિ ઝીલવાનાં સુવર્ણ પાત્રો છે. એથી કાંકરે કાંકરે તેઓની કૃપાવૃષ્ટિ ઝીલી શકાય છે. કેમકે જે ભૂમિ પરથી આત્માઓ સિદ્ધ થયાં છે તેના શુદ્ધ, પવિત્ર, પાવન કરનારા પરમાણુઓ વિદ્યમાન હોવાથી તીર્થોની મહત્તા વધી જાય છે. તેથી જ આમ કહેવાયું છે કે અન્ય ક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ. માટે જ આવી સુંદર કલ્યાણક ભૂમિઓની તીર્થયાત્રા કરવાનો શાસ્ત્રમાં આદેશ છે !

સિદ્ધશિલા ૪૫ લાખ યોજનની છે તેનું કારણ નીચે મનુષ્ય લોકમાંથી અઢી દ્વીપમાં આવેલાં દ્વીપ-સમુદ્રોનું ક્ષેત્ર પણ ૪૫ લાખ યોજન છે. અઢી દ્વીપમાંથી બહારના સ્થળેથી મુક્તિના દ્વાર બંધ છે કારણ તે દ્વીપ-સમુદ્રોમાં મોટા મોટા તિર્યંચ પશુ-પક્ષીઓ આવેલાં છે. ફક્ત તેમની જ વસતી છે. મનુષ્યેત્તર મોક્ષ પામી શકે નહીં.

એક શંકા થાય છે કે અનાદિ કાળથી અનન્ત જીવો મોક્ષે ગયા છે. અશરીરી છતાં પણ તે સ્થાન યોગ્ય સ્વરૂપ ધારણ તો કર્યું પણ આટલા સંકુચિત સ્થાનમાં એક ઠેકાણે સ્વસ્વરૂપ ધારણ કરી એક બીજાની સાથે સંઘર્ષ ન થાય, અથડામણ ન થાય, એક બીજા ચચડાઈ ન જાય તે કેવી રીતે શક્ય બને ? આગળ જોયું કે ગેસ ભરેલો ફુગ્ગો સીધો છતની ટોચે સ્થિર રહે છે, અનેકાનેક દીપશિખાઓ એક ઓરડામાં જેવી રીતે પરસ્પર બાધાદિ ન કરતાં સ્વતંત્ર તેમજ એકત્રિત એક સ્થાને હોઈ શકે છે. દરેક દીપશિખાને ગમે ત્યારે બહાર લઈ શકીએ, દીપશિખા જેમ ભેગી તેમજ સ્વતંત્ર સમાવિષ્ટ થાય તેવી રીતે સિદ્ધશિલાની ટોચે અનન્ત સિદ્ધાત્માઓ વ્યક્તિગત તથા સામૂહિક રહી શકે.

અનન્તાત્માઓ સિદ્ધશિલાએ પહોંચ્યા તેમને નમો સિદ્ધાણં નમો સયા સવ્વ સિદ્ધાણં એવા ટૂંકા મંત્રથી અનન્તાનંત સિદ્ધોને નમસ્કાર કરી પુણ્યોપાર્જન થઈ શકે. જેવી રીતે અત્રે ઉપસ્થિત રહી સકલતીર્થ વંદુ ઉચ્ચારિયે તો ૧૫ અબજ કરતાં વધુ જિનોને વંદનાદિ થઈ શકે છે.

અહીંથી કોઈ આ પાંચ-છ આરામાં સિદ્ધ ન થઈ શકે, પરંતુ મહાવિદેહમાં સદા ચોથો આરો છે, સિદ્ધો થયા જ કરે છે. તેથી શક્રસ્તવમાં કહ્યું છે કે :-

જે અ અઈઆ સિદ્ધા જે અ ભવિસંતિઅણાગએકાલે ।
સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ।।

શું સંસારમાં બધાં જ મુક્તિ પામી જાય તો સંસાર ખાલી થઈ જાય ? તેના પ્રત્યુત્તરમાં આમ જણાવ્યું છે :-

જઈ આઈ કોઈ પુચ્છા, જિણાણમગ્ગંમિ ઉત્તરં તઈઆ ।
ઇક્કસ્સ નિગોયસ્સ અણંત ભાગો ય સિદ્ધિ ગઓ ।।

અનંતાનંત પુદ્ગલપરાવર્તકાળ પછી આમ હોય તો નિગોદના ગોળાઓ પણ અનંતાનંત છે. વળી જો બધાં જ ભવ્યાત્માઓ સામગ્રી વિશેષથી મુક્તિ પામે તો તેમાં નાખુશ થવાનું કે ખુશ ?

શરીર, ઈન્દ્રિયો, મન વગેરે ન હોવાથી સુખ મુક્તાત્માને કેવું હોઈ શકે ? મુક્તાત્માનું સુખ આવું છે :-

સાદિકમનન્તમનુપમમ વ્યાબાધસુખમુત્તમં પ્રાપ્ત: ।

જૈનો જ મોક્ષ પામે કે અન્ય ધર્મી પણ ? જે કોઈ પરંપરાગત ૧૪ ગુણસ્થાનકના પગથિયાં ચઢે તે સર્વે મોક્ષ પામે, સ્ત્રી કે પુરુષ બંને ? સિદ્ધોના જે ૧૫ ભેદો છે તેમાંના આ પ્રમાણે, અન્ય લિંગે, સ્ત્રીલિંગે, પ્રત્યેક સિદ્ધ, સ્વયંસંબુદ્ધ સિદ્ધને સ્થાન આપ્યું છે. પુરુષલિંગે જેમ હોય તેમ નપુંસક લિંગે પણ જૈન દર્શનમાં થઈ શકે છે. આ દર્શને સર્વે જે ગુણસ્થાનકે ચઢે તેને મોક્ષના અધિકારી ગણ્યા છે. હા, અભવી ન જાય, જાતિભવ્ય કે દુર્ભવ્ય પણ ન જાય, વળી ભવ્ય કે જેનો પરિપાક થયો નથી, સામગ્રીનો ઉપયોગ ન કરતો હોય તથા ભવ્યત્વ નજદિક ન આવ્યું હોય તેઓ મોક્ષ ન જાય. તેથી મોક્ષે જનારાની કતાર લાગે તો સંસાર ખાલી થઈ જાય તેવી ભીતિ રાખવી અશક્ય છે:

સ્ત્રીલિંગે મોક્ષે ન જવાય તેવું દિગંબર સંપ્રદાય માને છે. સ્ત્રી-પુરુષ આકૃતિ તો શરીરની રચનાના ભેદો છે. શરીરમાં રહેલો આત્મા નથી સ્ત્રી કે નથી પુરુષ. કેમકે તે માત્ર બાહ્ય આકૃતિનો ભેદ છે. મોક્ષ આત્માનો થાય છે નહીં કે શરીરનો. શરીરને બાળી નંખાય છે, જીવ અન્ય સ્થળે ચાલ્યો જાય છે. મોક્ષે જનાર આત્મા છે કેમકે શરીરનો તો અગ્નિસંસ્કાર થાય છે. ૧૪ ગુણ સ્થાનકોમાંથી નવમા ગુણસ્થાનકે વેદ અને મોહનીયનો ક્ષય થતાં સ્ત્રી પુરુષનો ભેદ ક્યાં રહે છે ? કેવળજ્ઞાન આત્માને થાય છે નહીં કે શરીરને. મલ્લિનાથ, મરુદેવીમાતા, ચંદનબાળા, મૃગાવતી વગેરે સ્ત્રીઓ જ હતી ને ?

સ્ત્રી મોક્ષે ન જાય, ન જઈ શકે તેવી માન્યતા ધરાવનારો પક્ષ છે. આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકરના કેવળજ્ઞાન કલ્યાણક પછી બાર

વર્ષના દુકાળ પછી સાધુસમુદાય છૂટો છવાયો થઈ ગયો. કંઠસ્થ સાહિત્ય વેરવિખેર થઈ ગયું. ત્રણ વાચના પછી પણ ક્યાંક એકવાક્યતા ન જણાતાં કેટલાકે આગમોના પ્રામાણ્ય વિષે શંકા કરી. તેઓ તેની યથાર્થતા સ્વીકારવા આનાકાની કરવા લાગ્યા. નવું સાહિત્ય સ્વમતાનુસાર રચ્યું. બીજું તેઓ સ્ત્રી મોક્ષે ન જઈ શકે તે દિગમ્બર સમ્પ્રદાય પ્રમાણે શરીર પર વસ્ત્ર પણ ન હોવું જોઈએ. સ્ત્રી દિગંબર ન રહી શકે તેથી દીક્ષા ગ્રહણ ન કરી શકે. અને તેથી પ્રાપ્ત થનારું છઠ્ઠું ગુણસ્થાનક ન હોય. વળી સ્ત્રીની બગલાદિમાં સૂક્ષ્મ જંતુ ઉત્પન્ન થાય તેથી તે માટે લાયક ન ગણાય. પરંતુ 'સિદ્ધપ્રાભૃત' શાસ્ત્રમાં કહ્યું છે કે સૌથી થોડા સ્ત્રીતીર્થંકર સિદ્ધ હોય...સ્ત્રીતીર્થંકરના શાસનમાં નોસ્ત્રીતીર્થંકર સિદ્ધ સંખ્યાતગુણ...નપુસંકલિંગમાં સિદ્ધ તીર્થંકરો થતા નથી, જ્યારે પ્રત્યેક બુદ્ધ તો પુલ્લિંગ જ (સિદ્ધ) હોય સ્ત્રી-નપુંસક સિદ્ધ નહિ. (પરમતેજ ભાગ-૨, પૃ. ૩૪૮.)

પરંતુ નવમા ગુણસ્થાનક પછી લિંગનું મહત્ત્વ જ રહેતું નથી. તેની પેલી પાર આત્માના ગુણનો વિકાસ થઈ ગયો હોય છે. આત્મા નથી સ્ત્રી કે પુરુષ, તે તો માત્ર શરીર રચના પર આધારિત છે.

દિગમ્બર સંપ્રદાયમાં ૧૯મા તીર્થંકર સ્ત્રી હતા તે તેઓ માનતા નથી. તેનો પુરુષ તરીકે સ્વીકારે છે. પરંતુ સૌ પ્રથમ સ્ત્રી તરીકે મોક્ષે જનાર વ્યક્તિ તે આ અવસર્પિણના ભગવાન ઋષભદેવના માતુશ્રી માતા મરુદેવી હતા જેમણે પુત્ર કરતાં પહેલા જઈ મોક્ષમહેલ ખુલ્લો મૂક્યો હતો. આ ૨૪ તીર્થંકરો પૈકી ૧૯મા તીર્થંકર મલ્લિનાથ સ્ત્રી જ હતા. શ્વેતામ્બર સંપ્રદાયમાં ચંદનબાળા, મૃગાવતીજી મોક્ષે ગયાની માન્યતા છે. વળી આગામી ઉત્સર્પિણીમાં સુલસા, રેવતી, નિર્મમ અને સમાધિ નામના અનુક્રમે તીર્થંકરો થશે.

ચાલુ અવસર્પિણીમાં ૧૯મા તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાન સ્ત્રી તરીકે તે પદે બિરાજ્યા. પરંતુ તેની પહેલાંની ચોવીશીના તથા આગામી ચોવીશીના બધાંજ તીર્થંકરો પુરુષો જ હતા. કલ્પસૂત્રમાં જણાવ્યું છે કે ૧૯મા તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાન સ્ત્રી હતા; પરંતુ ત્યાં જણાવ્યું છે કે અનંતાનંત પુદ્ગલપરાવર્તોમાં આવી સ્ત્રી તરીકે હોવાની ઘટના જ્વલ્લે જ બને અને તેને ૧૦ આશ્ચર્યોમાંની એક આશ્ચર્યકારી ઘટના ગણવી જોઈએ. કેમકે નવમા ગુણસ્થાનક પર જ વેદ મોહનીયકર્મની સંજ્ઞાઓ ચાલી જાય છે. આત્માને કોઈ શરીર, લિંગ, ઈન્દ્રિયો, કષાયાદિ નથી. તેથી ભગવાન કે તીર્થંકર થવામાં સ્ત્રી હોય કે પુરુષ હોય એમાં કોઈ શરીર બાધ્ય નથી. તે સમયનું શરીર તો કર્મ ઉદયજન્ય હોય છે. તેથી આત્મા લિંગાતીત છે.

૧૪ પૂર્વધારીમાંના એકે કલ્પસૂત્રની રચના કરી છે. ત્યાં સ્પષ્ટ જણાવ્યું છે કે ૧૯મા તીર્થંકર ભગવાન મલ્લિનાથ સ્ત્રી હતા તથા અનંતાનંત પુદ્ગલપરાવર્તમાં ૧૦ આશ્ચર્યોમાંના એક આવી ઘટના બને તેમ નિર્દેશે છે. વળી આત્માને કોઈ લિંગ નથી, તે લિંગાતીત હોવાથી નથી તે પુરુષ, નથી સ્ત્રી કે નથી તે નપુંસક. તેથી જ ભક્તામર સ્મરણ જે નવ સ્મરણમાંનું ૭મું છે તેમાં આમ વર્ણન ઉપલબ્ધ થાય છે-

ત્વમમામનન્તિ મુનય: પરમં પુમાંસમા-
દિત્યવર્ણમમલં તમસ: પરસ્તાત્।
ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું,
નાન્ય: શિવ: શિવપદસ્ય મુનીન્દ્ર પન્થા: ।। ૨૩ ।।
ત્વામવ્યયં વિભુમચિન્ત્યમસંખ્યમાદ્યં બ્રહ્માર્ણમીશ્વરમનંતમનંગ કેતુમ્ ।
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં જ્ઞાનસ્વરૂપમમલં પ્રવદન્તિ સન્ત: ।।૨૪।।

આત્મા વિષે શું આનાથી સુંદર, સચોટ, વિશ્વસનીય, શ્રદ્ધેય વર્ણન અન્યત્ર ક્યાંક ઉપલબ્ધ છે ખરું?

દિગમ્બરો એમ માને છે કે જેમ સ્ત્રી અમુક નરકથી આગળ જઈ ન શકે તેમ ગુણસ્થાનકની સીડી અમુક પગથિયા સુધી જ જઈ શકે, આગળ નહીં; તેથી સ્ત્રી મોક્ષાધિકારિણી નથી. દિગંબરના કથાગ્રંથોમાં પ્રિયંગુમંજરી, અનંગ સેના વેશ્યા, જ્યેષ્ઠા, દેવવતી વગેરેની દીક્ષા કહી છે. વરાંગચરિત સર્ગ ૩૦-૩૧માં રાજકુમારી, મંત્રી, અમાત્ય, પુરોહિત શ્રેષ્ઠિઓની પત્નીની દીક્ષા, આદિપુરાણમાં બ્રાહ્મી-સુંદરી-સુભદ્રા, ઉત્તરપુરાણમાં પર્વ ૬૮-૭૧-૭૪-૭૬માં જિનદત્ત પત્ની, સીતા, પૃથ્વી સુંદરી, ચંદનાર્યા, સુવ્રતાગણિ, ગુણવતી આર્યા, હરિવંશ પુરાણમાં રાજીમતી, દ્રૌપદી, ધનશ્રી, મિત્રશ્રી, કુન્તિ, સુભદ્રા, સુલોચના વગેરે સાધ્વીઓ થયેલી ગણાવી છે.

ઉપર આપણે અનેક સિદ્ધોની વાત કરી જેમકે ભગવાન ઋષભદેવના સમયમાં ૧૦૮ સિદ્ધ થયા. શાસ્ત્રમાં સિદ્ધોની સંખ્યાનો હિસાબ આપ્યો છે. જો સતત ૮ સમય સુધી સિદ્ધ થતા હોય તો દરેક સમયે ૩૨ સિદ્ધ થાય. જો ૭ સમય સુધી સિદ્ધ થતા હોય તો વધુમાં વધુ ૪૮, જો સતત ૬ સમય સુધી સિદ્ધ થતા હોય તો દરેક સમયે ૬૦ સિદ્ધ થાય...યાવત્ ૧ સમયે સિદ્ધ થાય તો તે વધુમાં વધુ ૧૦૮ એનું કોષ્ટક અને ગાથા આ પ્રમાણે છે...

| સિદ્ધસતત સમયે | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ સુધી થાય તો |
|---|---|---|---|---|---|---|---|---|
| દરેક સમયે | | | | | | | | |
| વધુમાં વધુ | ૧૦૮ | ૧૦૨ | ૯૬ | ૮૪ | ૭૨ | ૬૦ | ૪૮ | ૩૨ સુધી સિદ્ધ થાય |

બત્તીસં અડયાલા, સટ્ઠી બાવત્તરી બોદ્ધ વ્વા ।
ચુલસીઈ છણ્ણવઈ દુરહિય અઠ્ઠુત્તર સયં ચ ।।
'પરમ તેજ ભા.૨.પૃ. ૩૪૯'

હવે આપણે તેમના કેટલાંક મંતવ્યો સામે યાપનીય મત તરફ વળીએ; જે તેમને સુયોગ્ય પ્રત્યુત્તર આપે છે. તે પહેલાં એક નવો મુદ્દો જોઈએ. સ્ત્રી તરફ આવી દૃષ્ટિ થવાનું કારણ આવું હોઈ શકે? મલ્લિનાથ જે તેમના મતાનુસાર સ્ત્રી ન હતા, પરંતુ તેમના ગણધરો સર્વે પુરુષો છે. બધાંજ તીર્થંકરોના ગણધરો પુરુષો જ હોય છે. ૧૪ પૂર્વધારીઓ બધાં પુરુષો હોય છે. સ્ત્રીને ૧૪મું પૂર્વ કે જેમાં મંત્રાદિ ગુહ્ય વિષયો છે તેથી તે ભણી ન શકે. શાસનમાં ચતુર્વિધ સંઘમાં અગ્રગણ્ય સ્થાન આચાર્યનું છે, નહીં કે સાધ્વીનું. વયસ્ક સાધ્વી પણ ઓછી દીક્ષાવાળા સાધુને વંદનાદિ કરે, તે સાધ્વીને વંદનાદિ ન કરે. સમાજમાં, વ્યવહારમાં પણ સ્ત્રીને ઉપરનું સ્થાન અપાતું નથી. તેનું એક કારણ પુરુષ પ્રધાન સમાજવ્યવસ્થાની અસર અહીં પણ થઈ હોય! અનંત કાળે થતા એકમાત્ર સ્ત્રી તીર્થંકરના અપવાદને બાદ રાખો તો તીર્થંકરો પુરુષો જ છે. ગણધરો ૨૪ તીર્થંકરોના સકલ દ્વાદશાંગીના ધારક ૧૪ પૂર્વધરો હંમેશા પુરુષો જ હોય છે. સર્વકાળે ગચ્છાધિપતિ તથા ચતુર્વિધ સંઘના નેતા પુરુષો જ હોય છે. ષટ્ખંડના અધિપતિ ચક્રવર્તી પણ પુરુષ જ બને. ચિરકાળની દીક્ષિત સાધ્વી આજના દીક્ષિત સાધુને વંદના કરે. પુરુષ પ્રધાન ધર્મમાં પણ પ્રથમ નર પદ મૂક્યું. નર-નારી કહેવાય, નારી-નર નહીં ને? છતાં પણ કલ્પસૂત્રમાં નોંધ્યું છે કે અનંતાનંત પુદ્ગલપરાવર્તકાળમાં સ્ત્રી તીર્થંકર થવાની ઘટના ૧૦ આશ્ચર્યોમાંની એક એવી ઘટના છે.

સ્ત્રીને મોક્ષ નહીં, તે માટે તેને અધિકાર નથી તે મતનું ખંડન તથા તેને તે મળે તે યાપનીય મત કેવી રીતે કહે છે તે તપાસીએ. સ્ત્રીને વસ્ત્ર રાખવાં પડે તે પરિગ્રહથી ચારિત્ર જ નહીં તો મોક્ષની શી વાત? આ

યાપનીય મત દિગંબરોની પ્રાચીન શાખા છે. તેની શરૂઆત 'ણો ખલુ ઇત્થિ અજીવો' વગેરે પાઠથી કરે છે. અજીવનો મોક્ષ ન થાય પણ સ્ત્રી જીવ છે. જીવ સાથે ધર્મસાધકત્વનો નિયમ નથી. અભવ્યો ઉત્તમ ધર્મસાધક નથી હોતા તે બરોબર. સ્ત્રી બધી અભવ્ય નથી હોતી. સંસાર પર વૈરાગ્ય, મોક્ષ અને મોક્ષસાધક ધર્મ પ્રત્યે અદ્વેષ, ધર્મશ્રવણેચ્છા વગેરે હોઈ શકે છે. બધી જ સ્ત્રીઓ સમ્યગ્‌દર્શનની વિરોધી નથી હોતી. તે થતાં આસ્તિક્ય-અનુકંપા-નિર્વેદ-સંવેગ-શમ પાંચ લક્ષણ સ્ત્રીમાં દેખી શકાય ને? મનુષ્યેતરમાં મોક્ષ નથી. બધીજ સ્ત્રીજાતિ મનુષ્યેતર નહીં પણ માનુષી હોય છે. મનુષ્યોને હોય તેવાં વિશિષ્ટ અવયવો હોય છે. બધી જ સ્ત્રી અનાર્ય દેશમાં જન્મતી નથી. આર્ય દેશમાં પણ જન્મે છે. આર્ય દેશમાં અસંખ્ય વર્ષના આયુષ્યવાળી યુગલિક નથી હોતી. સંખ્યાતા આયુષ્યની હોઈ શકે છે. સ્ત્રીઓ બધી ક્રૂર નથી હોતી જ કારણકે સાતમી નરકનું કારણ રૌદ્ર ધ્યાન તેમને નથી હોતું. વળી ઉત્કૃષ્ટ શુભ ધ્યાન વાળી હોઈ શકે જેથી સાતમી નરક આયુષ્યના રૌદ્રધ્યાન સાથે વ્યાપ્તિ નથી. સાતમી નરક અતિ સંકિલષ્ટ રૌદ્રધ્યાનનું સ્થાન છે પણ સ્ત્રી ત્યાં જઈ શકતી નથી કેમકે 'ષષ્ઠીં ચ સ્ત્રિયઃ'. સાતમી નહીં તો રૌદ્રધ્યાન પણ નહીં. તો પછી શુભધ્યાન નહીં ને? શુભધ્યાન અને સાતમી નરકને અવિનાભાવ સંબંધ નથી. સ્ત્રીમાં જો વ્યાપકીભૂત અથવા કારણીભૂત પ્રસ્તુત રૌદ્રધ્યાન નથી તો વ્યાપકીભૂત યા કાર્યીભૂત ઉત્કૃષ્ટ શુભધ્યાન ન હોય તો મોક્ષ પણ નહીં. વ્યાપ્તિ સિદ્ધ હોય તો જ આમ રજૂ કરી શકાય. અહીં તેવી વ્યાપ્તિ સિદ્ધ થતી નથી. અતિ ઉત્કૃષ્ટ શુભધ્યાન અને અતિ રૌદ્રધ્યાનને વ્યાપ્તિ નથી. વ્યાપ્ય વ્યાપકભાવ નથી. વ્યાપ્તિ સિદ્ધ થાય તો સ્વકાર્ય મોક્ષકારી ઉત્કૃષ્ટ શુભધ્યાન હોવા છતાં સ્વકાર્ય સપ્તમનરકગમનકારી અતિ તીવ્ર રૌદ્રધ્યાન પણ હોય જ. અતિ શુભધ્યાન કરતાં અતિ તીવ્ર રૌદ્રધ્યાન આવી પડ્યું. એટલે તીવ્ર કર્મબંધ, સકળ કર્મક્ષયરૂપ મોક્ષ બને કેમ? પરમ પુરુષાર્થ મોક્ષ અટકી જાય. કોઈનો મોક્ષ નહિ. સ્ત્રીનો મોક્ષ અટકાવતાં પુરુષનો પણ મોક્ષ નહિ, ઓલામાંથી ચૂલામાં પડ્યાં! જેમ ઉત્કૃષ્ટ શુભ ધ્યાનવાળાને અતિ રૌદ્રધ્યાન નથી, વ્યાપ્તિ નથી, સ્ત્રીને ઉત્કૃષ્ટ શુભધ્યાન માટે બાધા નથી. સ્ત્રીમાં સપ્તમ નરક યોગ્ય ધ્યાનની તાકાત ન હોય તો મોક્ષ પ્રાપ્તિ યોગ્ય ધ્યાનની તાકાત ક્યાંથી હોઈ શકે? ઉપર પ્રમાણે વ્યાપ્તિનો બાધ આવશે.

પાંચમાં આરામાં બીજી નરકથી નીચે લઈ જનારા રૌદ્રધ્યાનની તાકાત નથી તેમ ચોથા દેવલોકથી ઉપર લઈ જનારા શુભધ્યાનની તાકાત પાંચમાં આરામાં ક્યાં છે ? સમજવા જેવું એ છે કે તાકાત એટલે શું? સંઘયણ બળ જ ને? પાંચમાં આરામાં પહેલું વજ્રઋષભનારાચ સંઘયણ નથી તેથી ૭મી નરકનું આયુષ્ય બાંધી શકે નહીં તેમ, શુકલધ્યાન-ક્ષપક શ્રેણિ નહીં.

જે સ્ત્રી ચોથા આરામાં કે મહાવિદેહમાં જન્મેલીને છઠ્ઠી નરકે જવાની યાને વજ્રઋણનારાચ સંઘયણ છે જે હોવાથી તો એનામાં એથી શુકલધ્યાન-ક્ષપકશ્રેણિ માંડવાની તાકાત છે. તો પછી મોક્ષ કેમ નહીં? સ્ત્રી અતિ ક્રૂર મતિયુક્ત ન હોવા છતાં રતિ વિષયાનંદની લાલસાવાળી સારી નહીં જ પરંતુ ઉપશાંત મોહવાળી નથી જ હોતી એવું નથી. ઉપશાંત મોહવાળી અશુદ્ધ ચારિત્રવાળી નિંદ્ય છે. તે શુદ્ધ ન હોઈ શકે એવું પણ નથી. શુદ્ધ ચારિત્રવાળી, ઔચિત્ય જાળવવું, અપકાર ન કરવો, ઉપકાર કરવો વગેરે આચારો તેનામાં હોઈ શકે. પરંતુ તેવી સ્ત્રી અશુદ્ધ શરીરવાળી સારી નહિ. કેટલીક શુદ્ધ શરીરવાળી હોય છે. તેનામાં બગલ, સ્તનાદિ ભાગોમાં કર્મોની અનુકૂળતાવશ ગંદવાડ વગેરે નથી હોતાં. શુદ્ધ શરીરવાળી વ્યવસાય-ઉદ્યમ વગરની ગહ્ય છે. બધી આવી સ્ત્રીઓ વ્યવસાય વગરની નથી હોતી; કોઈક પરલોકસંબંધી વ્યવસાયવાળી હોય છે. શાસ્ત્રાનુસાર વ્યવસાયમાં વ્યસ્ત હોઈ શકે છે. તેવી સ્ત્રીનો નિષેધ કેમ કેવી રીતે કરાય? પુરુષની જેમ મોહ-મોહનીય કર્મ સ્ત્રી માટે લગભગ દબાઈ જવાનું કલ્પી શકાય છે.

બધાં સદાચારના પાયામાં ઔચિત્ય, પર-અપકાર વર્જન, એટલે કે પરોપકાર કરવાની વૃત્તિ, પ્રવૃત્તિ અત્યંત જરૂરી ઉચિત છે. તેથી તે સમજે છે કે પોતાનામાં રહેલી બિનજવાબદારી ધાર્મિક દરજ્જાની વૃત્તિ કે વર્તાવ સૂચવે છે કે તેને તે વિષે માથે ભાર જ નથી. જો ધર્મ પ્રત્યે બહુમાન હોય તો તેની જવાબદારી શિરે કેમ ન ધરાય? નોકરી કરનારી સ્ત્રી પણ પોતાની જવાબદારીનો ભાર રાખે છે ને? ધર્મીએ ઉચિત વર્તાવ રાખવો જોઈએ કેમકે ધર્મ પ્રત્યે બહુમાન ન હોય તો ધર્મનું અધિકારીપણું જ ઊડી જાય. તેથી ઔચિત્ય પાયામાં અત્યંત જરૂરી છે.

પર-અપકાર વર્જન કેમ જરૂરી? શુદ્ધ આચારમાં બીજાને અપકાર કરવાથી, બીજાનું બગાડવાથી, અહિતાદિ કરવાથી દૂર રહેવાનું કહ્યું છે. ઔચિત્યભંગમાં ધર્મની જવાબદારીનું ભાન ન રહેવાથી મૂળભૂત ધર્માભિમાન, બહુમાન ઊડી જાય છે. બીજાનો અપકાર કરવાથી સ્વાર્થાંધતા અને નિર્દયતા પોષવાથી ધર્મનું અર્થીપણું તથા જીવો પર કરવાની દયાનો છેદ ઊડી જાય છે. સ્વાર્થાંધ માણસમાં ધર્મનો રસ ન રહે, ધર્મની ગરજ રહે પણ તેમાં આંધળો ધર્મમાં બેપરવાઈ બતાવે છે. ભીખારીને રોટલી આપવાના બદલે મારી હાંકે તો દિલમાં ધર્મ વસ્યો કહેવાય? તેવી રીતે ઈર્ષાવશ બીજાને નુકસાન પહોંચાડી ખુશ થાય એને ધર્મ સાથે લેવા દેવા રહે ખરી?

સ્ત્રીના બગલાદિમાં સંમૂર્છિમ જૂ વગેરેની ઉત્પત્તિ છે, તે રક્ષા ન કરે તેના પ્રત્યુત્તરમાં જણાવે છે- કોઈ સ્ત્રી શું શુદ્ધ ન હોઈ શકે? શું પુરુષોમાં પણ કેટલાંકને માથામાં જૂ, લીખ વગેરે હોવાથી એમને પણ ચારિત્ર તથા મોક્ષમાં બાધા આવે ને? સ્ત્રી અપૂર્વકરણની વિરોધી છે, પણ તેવું નથી. તેઓમાં અપૂર્વકરણનો સંભવ છે. અપૂર્વકરણવાળી (૬ થી ૧૪ સુધીના ગુણઠાણે). નવમા ગુણઠાણાથી રહિત સ્ત્રી ઈષ્ટસિદ્ધિ માટે સમર્થ નથી. પણ નવમા ગુણઠાણે ન હોય એવું નથી. સ્ત્રીનો તે માટે સંભવ કહ્યો છે. નવગુણ ઠાણા માટે યોગ્ય, પણ લબ્ધિ માટે અયોગ્ય હોય તો? તે આમર્ષોષધાદિ લબ્ધિ માટે અયોગ્ય નથી. આજે પણ કાળની યોગ્યતા પ્રમાણે એ લબ્ધિ હોય છે. તો પછી દ્વાદશાંગનો નિષેધ શા માટે? એનું કારણ એવા પ્રકારનું શરીર દોષરૂપ બને છે. છતાં પણ ક્ષપકશ્રેણી લાગતાં યોગ્ય કાળે ગર્ભની જેમ ઉપયોગરૂપ ભાવથી દ્વાદશાંગના અસ્તિત્વનો વાંધો નથી. તેથી અકલ્યાણનું ભાજન નથી. કેમકે તીર્થંકરને જન્મ આપે છે. આથી વધુ કલ્યાણકારી બીજું શું હોઈ શકે? શા માટે તે ઉત્તમ ધર્મની સાધક ન હોય? જે કેવળજ્ઞાની સાધક છે. વળી કેવળજ્ઞાન હોય એટલે નિયમા મોક્ષપ્રાપ્તિ થાય જ.

સ્ત્રીત્વ સાથે અપૂર્વકરણનો વિરોધ હોય એટલે મિથ્યાત્વ મોહનીય કર્મ અને ચરિત્ર મોહનીય કર્મને તોડનાર સમર્થ અધ્યવસાયનો વિરોધ હોય, તો સ્ત્રીત્વને લીધે કર્મ તોડનાર ન રહેવાથી સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ ન પામી શકે કેમકે સ્ત્રીનું સમ્યક્ત્વ પામવાનું સ્ત્રીમુક્તિ નિષેધવાળા માને છે. સ્ત્રી છઠ્ઠા પ્રમત ગુણસ્થાનકથી ૧૪મા અયોગિકેવળી ગુણઠાણા સુધીના ૯ ગુણસ્થાનક પામવાને અયોગ્ય હોય તો કેવળજ્ઞાન-મોક્ષ ન પામી શકે તેવું નથી. સ્ત્રીને પણ નવગુણ સ્થાનકનો સંભવ શાસ્ત્રે કહ્યો છે :

માણુસિણીંસુ સાસાયણ સમ્મઈટ્ઠિપ્પહુડિ જાવ અજોગિ।
કેવલિન્તિ દવ્વયમાણેણ કેવડિયા? સંખેજ્જા।।
(ષટ્ ખંડાગમ સૂત્ર ૪૯)

મનુષ્ય સ્ત્રીઓ આસ્વાદન અને સમ્યગદૃષ્ટિથી માંડી અયોગી કેવળી સુધીની દ્રવ્યપ્રમાણથી કેટલી હોય? સંખ્યાતી:

મણુંસ્ત્રિણીયું સમ્મામિચ્છાદ્દ્ઠિ-અસંજદસમ્માઈટ્ઠિ સંજદા-સંજદ-સંજદટ્ઠાણે ણિયમા પજ્જત્તિયાઓ (ષટ્ખંડ. સૂ. ૯૩ની ધવલા ટીકા)

એટલે કે મનુષ્ય સ્ત્રીઓ મિશ્ર-અવિરત-સમ્યગદૃષ્ટિ-દેશવિરતિ અને પ્રમત્તાપ્રમત્ત સંયમસ્થાને નિયમા પર્યાપ્ત જ હોય છે. વળી 'ધવલા ટીકા' પુ.૩ પૃ ૪૧૬માં 'સ્ત્રીવેદે ઉપશામક ૧૦, ક્ષપક ૨૦ કહ્યા છે; પૃ. ૪૨૨માં સ્ત્રીવેદે અપ્રમત્તસંયત સંખ્યાતગુણી એમાં જ પ્રમત્તસંયત સંખ્યાતગુણી, સંયોગીકેવલી સંખ્યાતગુણી હોય છે.' ગોમ્મટસાર જીવકાંડમાં કહ્યું છે કે 'મનુષ્ય સ્ત્રી પ્રમત્તવિરતમાં આહારાદિક નિયમો નથી.'

આ બધું સૂચવે છે કે સ્ત્રીને દીક્ષા, શ્રેણિ, સયોગીકેવલ અને અયોગીકેવળીનાં ૬ થી ૧૪મા સુધીના નવગુણસ્થાનક હોઈ શકે છે.

સ્ત્રી લબ્ધિને અયોગ્ય નથી. આજે પણ કાળાનુસાર લબ્ધિ દેખાય છે. દા.ત. સ્થૂલભદ્રની સાત બેનોમાં ૧-૨-૩ ને ૧-૨-૩ વાર શ્રવણે યાદ રહી જતું. કોઈક શીલવતી સ્ત્રીમાં પોતાના હસ્તસ્પર્શ કે કંબળસ્પર્શથી સાપના ઝેર ઉતારવાની તાકાત હોય છે.

જો લબ્ધિ યોગ્યતા છે તો દ્વાદશાંગ ભણી લબ્ધિનો નિષેધ કેમ કર્યો? 'ન સ્ત્રીણામ્' એ સૂત્ર સ્ત્રીને ચૌદ પૂર્વ ભણવાનો અનધિકાર ઠરાવે છે. અહીં લબ્ધિનો નિષેધ નથી. ભણવાનો નિષેધ છે. સ્ત્રીનું શરીર એવું છે કે તે દોષરૂપ થાય. ૧૧ અંગ તે ભણી શકે છે. ૧૨મા દૃષ્ટિવાદમાં વિદ્યા-મંત્ર-નિમિત્તાદી ભણવામાં દોષ ઉત્પન્ન થાય તેથી તે ભણવાનો નિષેધ કર્યો લાગે છે. નિષેધ છે. પરંતુ સ્ત્રી જ્યારે ક્ષપકશ્રેણિમાં આરૂઢ થાય ત્યારે વેદમોહનીય કર્મ ક્ષય થતાં જ્ઞાનાવરણીય કર્મનો એટલે ક્ષયોપશમ થાય ત્યારે દૃષ્ટિવાદાન્તર્ગત પૂર્વનું જ્ઞાન પ્રગટતાં શુકલધ્યાન પર ચઢી કેવળજ્ઞાન પામે છે. આમ શ્રેણીમાં જ્ઞાનોપયોગ થતાં ભલે શબ્દથી દ્વાદશાંગ ન ભણે, તે દ્વારા લબ્ધિધર ન બને, પરંતુ દ્વદશાંગના પદાર્થનો બોધ, જ્ઞાનોપયોગ થવામાં બાધા નથી. આ લબ્ધિ હવે પ્રાપ્ત થઈ.

પરંતુ કેવળજ્ઞાન ધ્યાનાન્તરિકામાં થાય એવું શાસ્ત્રવચન છે. ધ્યાનના ચાર પાયામાંથી પ્રથમ બે માટે પૂર્વનું જ્ઞાન જોઈએ. તત્ત્વાર્થસૂત્ર પ્રમાણે 'આદ્યે પૂર્વવિદ:' અપેક્ષિત બોધી સ્ત્રીને શ્રેણિમાં વેદ મોહનીયના ક્ષય પછી પૂર્વગત બોધ થવામાં વાંધો નથી. કાલગર્ભના દૃષ્ટાન્ત પ્રમાણે સ્ત્રીને ગર્ભ રહ્યો હોય તો અનુમાન કરાય કે ઋતુકાળમાં વીર્યસંયોગ થયો જ હોય. તેમ સ્ત્રીને કેવળજ્ઞાન થયું તો તે શુકલધ્યાનથી તેથી તે દ્વાદશાંગના જ્ઞાનોપયોગથી બન્યું હોવું જોઈએ. તેથી દ્વાદશાંગની સત્તા, ભલે તે શબ્દથી નહીં, ક્ષયોપશન વિશેષથી. પરંતુ સ્ત્રી કલ્યાણનું ભાજન જ નથી. સ્ત્રી તીર્થંકરને જન્મ આપે છે. નવ માસ ગર્ભમાં ઉછેરી જન્મ આપનારી સ્ત્રીને મોક્ષ અને મોક્ષોપયોગી ઉત્તમ ધર્મ સાધવા અયોગ્ય કેમ કહેવાય? સ્ત્રી ઉત્તમ ધર્મસાધક હોય જ તેથી કલ્યાણ ભાજનતા સુધીના ગુણોની સંપત્તિથી યુક્ત હોઈ કેવળજ્ઞાન; કર્મ ક્ષયે મોક્ષ અવશ્ય થાય જ. તેથી 'ઈક્કોવિ નમુક્કારો જિનવરવસહસ્સ વદ્ધમાણંસ્સ સંસારસાગરાઓ તારેઈ નરં વા નારિં વા'. અત્રે સ્ત્રીને બાકાત નથી રાખી, અને તારેઈ સૂચવે છે કે તે મોક્ષ મેળવી શકે છે. ભાવનાનું પ્રાબલ્ય ઘણું બધું કરી શકે છે તેથી 'ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન'.

અરે, આ સ્તુતિને અર્થવાદ ગણવી કે વિધિવાદ? આ વિધિવાદ છે. પૂર્વપક્ષે જે સમ્યગદર્શનાદિ વ્યર્થ જવાનો દોષ બતાવ્યો છે તે વ્યર્થ છે. અત્ર ભાવનાનું એટલું પ્રબળ બળ છે કે તે ક્ષપકશ્રેણિ જે અપૂર્વકરણના ધર્મસંન્યાસ નામના સામર્થ્ય યોગથી નીપજે છે તેથી અહીં જે નમસ્કાર કહ્યો છે તે આ ઉત્તમ સામર્થ્ય યોગના ઘરનો છે. ભાવ નમસ્કારથી ભગવાનની પ્રતિપત્તિની કક્ષા, જે મોક્ષરૂપી ફળની સિદ્ધિમાં અનન્ય-અવન્ધ્ય કારણ છે. આ પ્રમાણે યાપનીયમતે, દિગંબરોએ જે તર્કો રજૂ કર્યા છે તે પાયા વગરના છે જેનો રદિયો તેમના ખંડનાત્મક ઉપરના તર્કો પાયાવિહીન, કાટ્ય, પૂર્વગ્રહપ્રેરિત વગેરે બતાવી તે તર્કોનો છેદ ઉડાવી દીધો. 'અત્રે ઉત્તરપક્ષે જે રદિયો આપ્યો છે તે સુજ્ઞ વાચકગણ સમજી શકે છે અને તે દ્વારા તેઓના પૂર્વ પક્ષનું અનુમાન કરવું રહ્યું. જો તે અત્રે રજૂ કર્યો હોય તો લખાણ ઘણું લાંબુ થઈ જાય.'

ઉપરની ચર્ચા વિચારણાના સારસંક્ષેપરૂપે આટલું ધ્યાનમાં રાખવું મહત્ત્વનું છે. જૈનદર્શન એકેશ્વરવાદી નથી, અનેકેશ્વરવાદી દર્શન છે. હિન્દુ ધર્મમાં અવતારવાદ તથા એકેશ્વરવાદ પુષ્ટ થયો છે. 'સંભવામિ યુગે યુગે' પ્રમાણે ફરી ફરી વારંવાર જન્મ લે છે. ઈશ્વર થવાનો કોઈનો હક્ક રહેતો નથી. ત્રણ પ્રકારના આત્માઓ જૈનદર્શને સ્વીકાર્યા છે જેમકે બહિરાત્મા, અન્તરાત્મા તથા પરમાત્મા. દરેક જીવમાં પરમાત્મા બનવાની શક્તિ ગૂઢ રીતે પડેલી છે. તત્ત્વભૂત પદાર્થોમાં અતૂટ, દૃઢ, અચલાયમાન સંનિષ્ઠ શ્રદ્ધા તથા તે પ્રમાણેના આચરણ દ્વારા મોક્ષનો પાયો જે સમ્યક્‌ત્વ છે તે પ્રાપ્ત થવાથી છેવટ સુધી પહોંચી શકાય છે. આ નવ તત્ત્વો છે :

જીવાડજીવા પુણ્ણં પાવાદ્ધાસવ સંવરો ય નિજ્જરણા।
બન્ધો મુક્ખોડતહા નવ તત્તા હુંતિ નાયવ્વા।।

આ નવ તત્ત્વો જાણી આચરવાથી મોક્ષ સુધી જવાનો રસ્તો ખૂલી જાય છે. આ જાણવા માટે શ્રદ્ધા અતૂટ જોઈએ. તે આ રહી: 'જં જં જિણે હીં જાસિયાઈ તમેવ નિ:સંકં સચ્ચમ્'

'જે કંઈ લખાણ લખી શકાયું છે તેમાં સાધુ મહારાજાના ઉપદેશાત્મક વ્યાખ્યાનો, પર્યુષણપર્વમાં કલ્પસૂત્રનું શ્રવણ અને તેમાં પણ ગણધરવાદ, પં. અરુણવિજયજી લિખિત ગણધરવાદ ભાગ ૧-૨ તથા આચાર્ય ભુવનભાનુસૂરિશ્વરજી લિખિત પરમતેજ ભા.૧-૨નો હું અત્યંત ઋણી છું. રાગદ્વેષનો જેમણે ક્ષય કર્યો છે તે પરમાત્માની સ્તુતિમાં યથાર્થ કહ્યું છે.

પ્રશમરસનિમગ્નં દૃષ્ટિયુગ્મં પ્રસન્નમ।
વદનકમલમંક : કામિનીસંગશૂન્યમ।
કરયુગમપિ યત્તે શસ્ત્રસંબંધ વદ્યમ્।
તદસિ જગતિ દેવો વીતરાગસ્તવમેવ।।
'એગો મે સાસઓ અપ્પા નાણદંસણસંજુઓ।
સેસા મે બાહિરાભાવા: સવ્વે સંજોગલક્ષણા।।'

જેવી રીતે હિંદુ ધર્મમાં અધર્મનો નાશ કરવા તથા ધર્મની પુન: સ્થાપનાર્થે અવતારવાદની કલ્પના કરી છે. ગીતામાં 'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્' એના જેવો એક એવો મત છે કે સિદ્ધબુદ્ધ થયેલો આત્મા સંસાર કે મોક્ષ

બંનેમાંથી એકમાં ન રહેનારો તટસ્થ રહે છે તેથી એમના શાસ્ત્ર પ્રમાણે મહાન પુરુષ ન તો સંસારમાં કે ન તો મોક્ષમાં રહે. જગતની ઉન્નતિ માટે જે આત્મા અકલ્પ્ય, કલ્પનાતીત ચિંતામણિ કરતાં અધિક છે તેવો અભવસ્થ, અમોક્ષસ્થ, અબદ્ધ, અમુક્ત, તત્ત્વની ઉપાસના ચિંતામણિ કરતાં વધુ ફળ આપે છે.

આ મતનું ખંડન કરવા 'પારગથાણં' પદ છે. પાર એટલે છેડો. અંત. શાનો ? સંસાર ભ્રમણનો, ભવ ભ્રમણનો, અથવા પ્રયોજન સમૂહનો. અનાદિકાળથી ભવચક્રમાં ભટકતા ભવ્ય જીવનું તથા ભવ્યત્વ પરિપક્વ થતાં, પ્રયોજન સિદ્ધ થતાં અંતિમ પ્રયોજન મુક્તિ સિદ્ધ થાય છે. કશું સિદ્ધ કરવાનું રહેતું નથી. ૧૩મા ગુણસ્થાનકના અંતે યોગોને તદ્દન રૂંધી પછી ૧૪મા ગુણસ્થાનકે અયોગી આત્માને કશું કરવાનું રહેતું નથી. આવા આત્મા મોક્ષમાં રહેલા કહેવાય; પરંતુ સંસારમાં ય નહીં અને મોક્ષમાં પણ નહીં એમ નહીં. આ બે સિવાય કોઈ ત્રીજી અવસ્થા હોઈ ન શકે ને.

આ સ્વેચ્છાવાદીના મતના ખંડન માટે 'પરંપરગયાણં' પદ મૂક્યું છે. જો તેઓના મત પ્રમાણે ઉપકાર કરવાના હેતુથી કે સન્માર્ગ બતાવવા માટે આમ કરે તો તે વ્યક્તિ રાગવાળી છે એમ માનવું પડે. પરંતુ તેઓ વીતરાગ, વીતદ્વેષ છે. તેમને કશું કરવાનું રહેતું નથી. તેઓ અશરીરી વગેરે ગુણધારી છે. કરવા કરાવવાનું કોઈ પ્રયોજન નથી. કહ્યું છે કે 'પ્રયોજનમનુદિશ્ય મંદોઽપિ ન પ્રવર્તતે'. આથી ઉપરનો મત તદ્દન અવ્યવહારુ, અવાસ્તવિક હોવાથી ટકી શકે તેમ નથી. તેને શરીર નથી, મન, વચન, કાયાથી, કષાયો નથી, દ્વન્દ્વાતીત છે. આત્માના ગુણો વિકસાવી ટોચે પહોંચ્યા પછી નિરર્થક સંસારની જેલમાં શા માટે કેદી થવા આવે ?

હિન્દુઓના ભારતીય ષડ્દર્શનોમાં જૈન દર્શન જેની અને જેટલી વિસ્તૃત, વિધેયાત્મક સર્વાંગીય ચર્ચા થઈ છે તેટલી મોક્ષ વિષે જોવા મળતી નથી. બહુતેક સ્વર્ગ તેજ મોક્ષ એવી માન્યતા સામાન્ય હિન્દુઓમાં દૃષ્ટિગોચર થાય છે. 'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ' એમ કહી સ્વર્ગથી પતિતો માટે કહે છે. નિર્વાણ જેવું ત્યાં નથી. બૌદ્ધ દર્શનમાં નિર્વાણની કલ્પના કરી છે અને તેને જ મોક્ષ સ્વમતાનુસાર માને છે.

જૈન દર્શનમાં અંતિમ બે extreme (છેડાની) કલ્પના કરી છે. નિગોદ જે અવ્યવહાર રાશિ તથા મૂઢતા, અજ્ઞાનતાનો ગોળો છે, જેમાં ત્રસ કે ગતિ નથી તો બીજી બાજુ તેના અંતિમ છેડે સિદ્ધશિલા સ્થિત સિદ્ધલોકના શુદ્ધાત્મા જેવાં સિદ્ધાત્માઓ પણ વ્યવહારમાં નહિ પ્રવેશનાર એવી પરાકાષ્ટાની પ્રકૃષ્ટ ચેતનાવસ્થા, આનંદાવસ્થા, સચ્ચિદાનંદાવસ્થા છે જેને આપણે પ્રકાશ સ્વરૂપ જ્ઞાનાનંદમાં રમમાણ આનંદઘન, ચૈત્યાનંદ ગોળો કહી શકીએ. જો નિગોદ એ નિકૃષ્ટ, અશુદ્ધ જડવત્ દશા છે; તો નિર્વાણ સિદ્ધાવસ્થા એ પરમ પ્રકૃષ્ટ શુદ્ધ ચૈતન્યાનંદાવસ્થા છે. તેથી આર્હતદર્શનમાં નિર્વાણ અને મોક્ષ સમાનાર્થક ગણ્યા છે.

આ દર્શનમાં નવતત્ત્વમાં સ્વતંત્ર મોક્ષ તત્ત્વ આપીને મોક્ષ-નિર્વાણપદને પામેલા જીવો સાદિ અનંતકાળ સુધી ક્યાં છે ? કેવાં સ્વરૂપે છે ? કેવું સુખ કેવી રીતે ભોગવે છે, સાંકડેમોકળે અથડામણ વગર કેવી રીતે રહી શકે છે વગેરેનું નિશ્ચિત સ્વરૂપે વર્ણન કર્યું છે. જ્યારે છદ્મસ્થાવસ્થામાં મૃત્યુ પામેલાં જીવો ક્યાં છે ? કેવાં છે, કેવાં થશે તે વિષે નિશ્ચિત સ્વરૂપે જાણી શકાતું નથી.

મોક્ષ તત્ત્વ એક જ છે, મોક્ષમાર્ગ સદાકાળ માટે એક જ છે. જે કોઈ નિષ્કામ, નિર્મોહી, વીતરાગ-દ્વેષ થાય તે મોક્ષ પામે જ.

નિશાળમાં ભણતાં બધાં વિદ્યાર્થીઓની કક્ષા એક નથી હોતી. જ્યારે મોક્ષમાં સિદ્ધશિલાએ સર્વ સિદ્ધોની સમાન સમકક્ષા અવસ્થા હોય છે. ૧૪ રાજલોકમાં ૧૫ કર્મભૂમિમાંથી પણ ૪૫ લાખ યોજન વિસ્તારમાંથી તથા ભવિતવ્યતાના પરિપાકે સિદ્ધગતિએ પહોંચેલા જીવોની સર્વોચ્ચ સમરૂપ, બંધન રહિત મુક્તાવસ્થા, સચ્ચિદાનંદા વસ્થા છે. બંધન એટલે આધ્યાત્મિક ક્ષેત્રે આવરણ. સંસારી જીવો દુ:ખી છે, તેથી કહ્યું છે કે નિત્ય દુ:ખમુક્તિ એ જ મોક્ષ છે.' અથવા નિત્ય સુખ એ જ મોક્ષ છે.

ષડ્સ્થાનકમાં આત્મા નિત્ય છે એમ બીજે સ્થાનકે જણાવ્યું છે જે મોક્ષ તત્ત્વ છે. પાંચમા સ્થાનકે તેને જ મોક્ષ કહ્યું છે. અનિત્યનો પ્રવાહ કાઢી નાંખવો તે મોક્ષ છે. નવતત્ત્વની વિચારણા કરતાં શાસ્ત્રકાર મહર્ષિ જણાવે છે કે જે અનિત્ય તત્ત્વો છે તેના આશ્રવથી અટકી, સંવરમાં રહી, નિર્જરા કરી, બંધનો તોડી સત નિત્ય શાશ્વત એવાં મોક્ષ તત્ત્વને પ્રાપ્ત કરવું કે જેનાથી જીવ મટીને શિવ થવાય. પરમાત્મ સ્વરૂપ આત્મા પરની અશુદ્ધ અવસ્થા દૂર થતાં શુદ્ધાત્મા પરમાત્મ સ્વરૂપે પ્રગટાવે તે મોક્ષ. પૂર્ણ નિર્જરા એટલે મોક્ષ.

મોક્ષના માર્ગે જ મોક્ષની પ્રાપ્તિ છે. આ માટે તીર્થંકરોએ મોક્ષમાર્ગ માટે આવશ્યક બે સીડીઓમાંની એક જે ૧૪ ગુણસ્થાનકો છે તેનું સુંદર નિરૂપણ કર્યું છે. તેથી મૂળમાં જેના મોહથી દેહભાવ, દેહમમત્વ, અજ્ઞાનવશ છે તે દેહભાવ, દેહાધ્યાસ ત્યજી આત્મભાવમાં રમતાં રમતાં તદાકાર થતાં વિદેહી થઈ અદેહી, અશરીરી થવાનું છે. આવા સુંદર મોક્ષમાર્ગનો સહુને યોગ સાંપડે અને બધાં જ જીવો મોક્ષ સમયાનુસાર પામે તેવી શુભ અભિલાષા.

(શુભાશુભ અધ્યયવસાયોથી કર્મોમાં સ્થિતિઘાત, રસઘાત, સંક્રમણ-અપવર્તના, ઉદ્વર્તનાદિથી તેમાં ફેરફારો અવશ્ય થઈ શકે છે, જેનાથી મોક્ષમાર્ગ બનતો રહે છે. તેથી આત્માના મૂળ ૮ ગુણો જે કર્માવરિત થયેલાં છે તેને કેન્દ્રમાં રાખી સંપૂર્ણ અધ્યાત્મશાસ્ત્ર, યોગશાસ્ત્ર, અથવા સર્વ આગમોએ આત્માને કેન્દ્રમાં, ધ્યાનમાં રાખી સંબોધિત કરે છે.)

સર્વે સન્તુ નિરામયા: સર્વે ભદ્રાણિ પશ્યન્તુ.

❖❖❖


## અસ્થિ સારવાર કેન્દ્ર

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ફોન: ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા
સંયોજક

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ

# યદ્ભવિષ્ય

☐ ડૉ. રણજિત પટેલ (અનામી)

આ વિચિત્ર વિશ્વમાં, વિધવિધ પ્રકૃતિની અગણિત વ્યક્તિઓ હોય છે. એમની વિવિધ પ્રકૃતિઓનું ઘડતર પણ અનેક પ્રકારના સમવિષમ અનુભવોને આધારે થયેલું હોય છે, કેટલીક વ્યક્તિઓ વ્યવહારદક્ષ હોય છે જે વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવીને ભાવિનું આયોજન કરે છે ને તેમાં પ્રાયશ: સફળ પણ થાય છે. કેટલીક વ્યક્તિઓ ઓછી વ્યવહારદક્ષ હોય છે પણ પ્રાપ્ત પરિસ્થિતિનો પ્રતિકાર કરવાની સૂઝસમજ ને શક્તિવાળી હોય છે. જ્યારે મોટાભાગની વ્યક્તિઓ એવી હોય છે કે જે વ્યવહારદક્ષ કે વ્યુત્પન્નમતિ નથી હોતી, પણ કશાકના અવલંબનને આધારે જીવન વ્યતિત કરતી હોય છે. આવી વ્યક્તિઓ દેવવાદમાં પણ માનતી હોય છે...ને 'જેહના ભાગ્યમાં જે સમયે જે લખ્યું તેહને તે સમયે તેહ પહોંચે' એ નરસિંહ મહેતાની વાણીમાં પણ સંપૂર્ણ વિશ્વાસ ધરાવતી હોય છે. આવી મનોવૃત્તિની પાછળ સદૈવ કેવળ દૈવવાદનું અવલંબન કે કેવળ પ્રમાદીવૃત્તિ જ કારણભૂત નથી હોતી પણ, અજ્ઞાન, અંધશ્રધ્ધા અને પરિસ્થિતિના પલટાતા રંગોને પારખવાની અણ-આવડત પણ કારણભૂત હોય છે.

યદ્ભવિષ્યવાળી આવી વ્યક્તિઓ પડકારભરી પરિસ્થિતિનો સમર્થ પ્રતિકાર કરવામાં પીછેહઠ કરતી હોય છે ને સરવાળે નિરાશા અને નિષ્ફળતાને વરતી હોય છે. કવિવર ન્હાનાલાલનું એક સુંદર ગીત છે-

'પૂછશો મા, કોઈ પૂછશો મા
મારા હૈયાની વાતડી પૂછશો મા.'

તેમાં બે પંક્તિઓ આ પ્રમાણેની છે :

'જગના જોદ્ધા! તું આટલું સૂણી જજે,
પ્રારબ્ધનાં પૂર સામે ઝૂઝશો મા,
મારા હૈયાની વાતડી પૂછશો મા.'

કવિ આ બે પંક્તિઓમાં, આ સૃષ્ટિના સમરાંગણમાં જગતના જોદ્ધાને, પ્રારબ્ધનાં પૂર સામે નહીં ઝઝૂમવાની સલાહ આપે છે, કારણ કે, પ્રારબ્ધનાં ઘૂઘવતાં પૂર સામે પુરુષાર્થનો બંધ અકબંધ ન પણ રહે. તો વ્યર્થ પ્રયત્ન કરવાનો અર્થ શો? યદ્ભવિષ્ય મનોવૃત્તિનું આ એક ઉદાહરણ થયું, તો સામે પક્ષે, પ્રારબ્ધનાં ઘૂઘવાતાં પૂરની સામે મર્દાનગીપૂર્વક ઝઝૂમવાનું દૃષ્ટાંત પણ આપણને આપણાં સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

મહાજનકનું વહાણ સુવર્ણભૂમિ જતાં વચ્ચે તૂટે છે. એના બધા સાથીઓ મરી જાય છે. તે એકલો સાત રાત ને સાત દિવસ મથ્યા કરે છે. તે વખતે દરિયાની દેવી પ્રગટ થઈ તેને કહે છે, 'આ કોણ છે જે કાંઠા વિનાના આ સમુદ્રમાંથી ઉગરવા મિથ્યા પ્રયત્ન કરી રહ્યો છે? કયા ભરોસા પર, કયા હેતુથી તું આ ઉધમ કરે છે?' ત્યારે તે જવાબ આપે છે : 'દેવી! હું તો એટલું સમજું કે બને ત્યાં સુધી આ લોકમાં માણસે ઉદ્યમ કરવો જોઈએ. એટલે આ સમુદ્રમાં કાંઠા ન દેખાવા છતાં હું પુરુષાર્થ છોડતો નથી.' ત્યારે દેવી કહે છે : 'જેનો કાંઠો દેખાતો નથી એવા આ ગંભીર અતાગ દરિયામાં તારો પુરુષાર્થ નકામો છે. તું કાંઠે પહોંચ્યા પહેલાં મરી જઈશ.' દરિયાની દેવીની આ દલીલ સામે તે કહે છે : 'હે દેવી! તું આમ શા માટે કહે છે? પુરુષાર્થ કરતાં મરીશ તો પણ નામોશીમાંથી તો બચીશ. જે પુરુષાર્થ કરે છે તે દેવો અને પિતરોના ઋણમાંથી મુક્તિ પામે છે. તેને પાછળથી પસ્તાવો થતો નથી.' આની વિરુદ્ધમાં દેવી કહે છે : 'પણ જે કામ થવાનું નથી, જેનું કોઈ ફળ દેખાતું નથી, એવા પુરુષાર્થથી શો લાભ?' એના પ્રત્યુત્તરમાં-પ્રતિકારમાં તે કહે છે : 'દેવી! મનુષ્ય પોતાની સમજ મુજબ આ લોકમાં પોતાના કાર્યોની યોજના કરે છે ને તેને અમલમાં મૂકે છે. સફળતા મળે કે ન મળે તે જોવાનું કામ તેનું નથી. ઉદ્યમનું ફળ તો, દેવી! મળે જ છે. મારા સાથીઓ ડૂબી ગયા ને હું તરું છું તે તું નથી જોતી? એટલે હું તો ઉદ્યમ કરીશ જ. જ્યાં સુધી મારામાં બળ છે ત્યાં સુધી સમુદ્રને પાર કરવા પુરુષાર્થ કર્યા જ કરવાનો.'

કવિ શામળના 'ઉદ્યમ વડુ કે કર્મ?' સંવાદમાં પણ અંતે તો કર્મનો જ મહિમા ગાયો છે. 'કર્મ' અને 'કરમ'નો ભેદ સમજવાની જરૂર છે. 'કર્મ' એટલે પુરુષાર્થ અને 'કરમ' એટલે ભવિતવ્યતા. ભવિતવ્યતા માને છે કે જે ન થવાનું હોય તે થતું નથી, જે થવાનું હોય તે વિના યત્ને પણ થાય છે, ભવિષ્યમાં... કરમમાં ન હોય તો હથેલીમાં આવેલી વસ્તુ પણ અલોપ થઈ જાય છે.' ભવિતવ્યતાવાળાઓની દલીલ એ છે કે જેમ હજારો ગાયોમાંથી પણ વાછડું પોતાની માતાને ખોળી કાઢે છે તેમ પૂર્વે કરેલું કર્મ તેના કરનારની પાછળ જાય છે. મતલબ કે જેમ છાયા અને પ્રકાશ પરસ્પર સારી રીતે બંધાઈને રહેલાં છે તેમ કર્મ અને તેનો કર્તા પરસ્પર સંશ્લિષ્ટ છે. અહીં પણ 'પ્રારબ્ધ', 'કરમ' કે ભવિતવ્યતામાં પણ 'પૂર્વે કરેલું કર્મ' તો કેન્દ્રમાં છે જ. એક સુભાષિત પ્રમાણે, 'પાણી કોઈવાર આકાશમાંથી આવે છે, ખોદવામાં આવે તો પાતાળમાંથી પણ તે મળે છે. માટે દૈવનો વિચાર કરવો જોઈએ નહીં. ખરેખર પુરુષાર્થ જ બળવાન છે'. પ્રકૃતિમાં પુરુષાર્થનું પ્રબળમાં પ્રબળ પ્રતીક સૂર્યદેવતા છે. 'સૂર્ય જ્યારે તુલા રાશિમાં આરૂઢ થાય છે ત્યારે તે આ લોકમાં વાદળાંના આવરણ ઉપર વિજય મેળવે છે.' સાચો પુરુષાર્થી પણ 'કાર્યમ્ સાધયામિ વા દેહમ્ પાતયામિ' એ સૂત્રને વરેલો હોય છે. સાચા જીવનવીરને માટે તો વિપત્તિઓ એ વિપત્તિઓ નહીં પણ અશક્તિઓને અતિક્રમવાનો ને ગુપ્તસુપ્ત શક્તિઓની અભિવ્યક્તિઓ માટેનો પડકાર ને રૂડો અવસર હોય છે. યદ્ભવિષ્યની હારણદશાને કોઈ ઉજ્જવલ ભવિષ્ય નથી. 'આ ભૂમિનો બનીશ એક દિ હું વિજેતા' એ મંત્રમાં સંસ્કૃતિનો વિકાસ છે.

## નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે અને ચિખોદરાની આંખની હોસ્પિટલના સહયોગથી સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે સ્વ. તારાબહેન ચંદુલાલ ઝવેરીના આર્થિક સૌજન્યથી એક નેત્રયજ્ઞનું આયોજન રવિવાર, તા. ૨૫મી ઑગસ્ટ ૨૦૦૨ના રોજ આણંદ જિલ્લામાં મહેળાઉ મુકામે કરવામાં આવ્યું હતું, જે પ્રસંગે સંઘના કેટલાક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

☐ મંત્રીઓ.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફ્લરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૧૦ ● ઑક્ટોબર, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## सित्थेण दोणपागं, कविं च एक्काए गाहाए ।

□ ભગવાન મહાવીર

**[ એક દાણાથી અનાજની અને એક ગાથાથી કવિની પરખ થઈ જાય છે.]**

ભગવાન મહાવીરે અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે-

परियरबंधेण भडं जाणिज्जा महिलियं णिवसणेणं ।

सित्थेण दोणपागं, कइं (कविं) च एक्काए गाहाए ॥

[પરિકર બંધનથી (એટલે કે કમર કસવાથી) અથવા વિશિષ્ટ પ્રકારનાં (uniform) વસ્ત્ર પહેરવાથી સુભટ (યોદ્ધો) ઓળખાય છે. વસ્ત્ર પરિધાનથી આ મહિલા છે એમ ઓળખાય છે, એક દાણો દાબી જોવાથી દ્રોણના માપ જેટલું અનાજ જાણી શકાય છે અને એક ગાથાથી કવિની શક્તિનો પરિચય મળી રહે છે.]

અનુયોગદ્વારમાં આ ગાથા બે વાર આવે છે. અવયવ નિષ્પન્ન નામના વિષયમાં આવે છે અને ફરીથી 'અનુમાન પ્રમાણ'માં આવે છે.

આ ગાથામાં અનુમાનનાં ચાર ઉદાહરણ આપવામાં આવ્યાં છે : (૧) સુભટ એટલે કે સૈનિક, (૨) મહિલા, (૩) અનાજનો દાણો અને (૪) કાવ્યની ગાથા. સૈનિક સાદા વેશમાં હોય તો કોઈ એને સૈનિક તરીકે ઓળખી શકે નહિ. એ એના ગણવેશમાં શસ્ત્રસજ્જ હોય તો એને તરત ઓળખી શકાય. એવી રીતે સ્ત્રીઓ અને પુરુષોના પહેરવેશ જુદા હોય છે. પહેરવેશ પરથી સ્ત્રી ઓળખાઈ શકે. સ્ત્રીના પહેરવેશ પરથી તો એ લગ્નપ્રસંગે જાય છે કે મરણપ્રસંગે જાય છે તે પણ જાણી શકાય. ક્યારેક શોખ કે આધુનિકતા ખાતર સ્ત્રીને પુરુષનો વેશ પહેરવો ગમે છે. (પુરુષને સ્ત્રીનો પહેરવેશ પહેરવો ગમે એવું જવલ્લે જ બને છે.) સ્ત્રીઓ પુરુષનો પહેરવેશ પહેરે તો પણ એના વાળ, ચાલ વગેરે પરથી પણ તે ઓળખાઈ આવે. ક્યારેક વાળ પણ પુરુષ જેવા કર્યા હોય તો તરત ન ઓળખાય. એક જાણીતો ટુચકો છે કે એક દિવસ કોઈક શાળાનાં નાનાં છોકરા-છોકરીઓનો રમતનો ઉત્સવ હતો અને એમના વડીલો તે જોવા માટે આવ્યા હતા. એ જોતાં જોતાં એક ભાઇથી બોલાઈ ગયું, 'પેલા છોકરાએ સરસ ફટકો માર્યો.' તરત બાજુમાં બેઠેલી વ્યક્તિએ કહ્યું. 'એ છોકરો નથી, છોકરી છે.'

'એમ કે ? તમને કેવી રીતે ખબર ?'

'એ મારી દીકરી છે.'

'ઓહ, મને ખબર નહિ કે તમે એના પિતા છો.'

'હું એનો પિતા નથી. એની મમ્મી છું.'

આ તો સ્ત્રીની આધુનિકતા પર કટાક્ષ છે. ઇસ્લામી દેશોમાં જ્યાં બુરખો પહેરવો ફરજિયાત છે ત્યાં ગુનો કરનારા પુરુષો સ્ત્રીનો બુરખો પહેરીને નીકળતા હોય છે. અલબત્ત, સૂક્ષ્મ નજરે જોનારને તરત ખબર પડી જાય છે કે બુરખો પહેનારની ચાલ સ્ત્રીની છે કે પુરુષની છે.

અનાજ પારખવા માટે એક જ દાણો હાથમાં લઇને તપાસતાં જણાઈ આવે છે કે તેની ગુણવત્તા કેવીક છે. ક્યારેક મૂઠીમાં થોડા દાણા લઇને જોવામાં આવે છે કે એમાં ભેળસેળ તો નથી થઈને ! પહેલાંના વખતમાં અને હજુ પણ કેટલેક ઠેકાણે અનાજની ભરેલી અને સીવીને બાંધેલી ગુણીમાં જે અનાજ છે તે કેવું છે તે જોવા માટે લોઢાની આગળથી અણીદાર પાતળી પોલી નળી (બાંબી) આવતી તે ગુણીમાં ખોસીને પાછી કાઢવામાં આવતી. તરત થોડા દાણા એ નળીમાં ભરાઈ આવતા. ગુણી ખોલવી ન પડે. ગુણીમાં કાણું ન પડે અને જે ગુણીની જે જગ્યાએથી અનાજ જોવું હોય તે જોઇ શકાય. અનાજના વેપારીઓ પચાસ, સો, બસો ગુણીમાં કેવું અનાજ આવ્યું છે તે આવી બાંબીથી તરત જાણી શકે છે.

રાંધતી વખતે ભાત બરાબર થયા છે કે નહિ તે જોવા માટે તપેલામાંથી ભાતનો એક દાણો લઈ દબાવીને રસોઈ કરનાર જુએ છે કે ભાત બરાબર સીઝી ગયા છે કે નહિ.

અહીં 'દોણ પાગ' શબ્દ વપરાયો છે. દોણપાગ એટલે દ્રોણપાક. દ્રોણ એ પ્રાચીન સમયનું એક માપ છે. અનાજની બસો છપ્પન મૂઠી બરાબર એક 'આઢક' અને ચાર આઢક બરાબર એક દ્રોણ. દ્રોણ જેટલા અનાજનો પાક (પકવાન્ન) બનાવ્યો હોય તો તે કેવો થયો છે તે જોવા માટે એક દાણો ચાખી જોવાથી ખબર પડે.

એવી જ રીતે એક ગાથા પરથી કવિની સમગ્ર કૃતિનો, કવિની કવિત્વશક્તિનો ખ્યાલ આવી શકે છે. કવિ પાસે કેવી કલ્પના છે, અલંકારશક્તિ છે, મૌલિકતા છે, અભિનવતા છે, શબ્દપ્રભુત્વ છે એ એક શ્લોક કે કડી વાંચતા જ સમજાઈ જાય છે. ભાષામાં એટલી શક્તિ છે કે વ્યવહારમાં એમ કહેવાય છે કે માણસ એક વાક્ય બોલે ત્યાં એનાં જાતિ અને કુલની ખબર પડી જાય. (યદા યદા મુંચતિ વાક્યબાણાં, તદા તદા જાતિકુલપ્રમાણમ્)

આ સંસારમાં અસંખ્ય કે અનંત પદાર્થોમાં સામ્ય કે વૈષમ્યનાં લક્ષણો જોવા મળે છે. જ્યાં સામ્ય નજરે પડે અને એની પરીક્ષાની જરૂર પડે ત્યારે એના એકાદ નાના અંશને તપાસી જોતાં સમસ્ત ચીજવસ્તુની પરખ થઈ શકે. એક મોટું ફળ હોય તો એની નાની ચીરી કે પતીકું ખાતાં ફળના સ્વાદની ખબર પડી જાય છે. સ્વાદ જાણવા માટે આખું ફળ ખાવાની જરૂર નહિ. તપેલું ભરીને દૂધ હોય તો તે સારું રહ્યું છે કે ફાટી ગયું છે તે જોવા માટે એક ચમચી જેટલું દૂધ લઇને કે આંગળી બોળીને ચાખવાથી ખબર પડે છે કે તે કેવું રહ્યું છે. જમણવારમાં રસોઈઆઓ દાળ, કઢી ઇત્યાદિ કરતી વખતે એકાદ ચમચી જેટલું લઇને સ્વાદ ચાખી જુએ છે કે તે બરાબર થઈ છે કે કેમ.

જ્યાં વસ્તુમાં વિષમતા હોય અથવા વિષમતાની દૃષ્ટિએ એની પરીક્ષા કરવાની હોય તો ત્યાં ઝીણવટભરી પરીક્ષા આવશ્યક બને છે. સરખાં મોતીની એક સરસ માળા બનાવવાની હોય તો એકે એક મોતી જોઈતપાસીને પસંદ કરવું પડે છે. એક બે મોતી જુદા ખોટા રંગ-કદનાં આવી જાય તો આખી સેરની શોભા બગડે છે.

ચીજવસ્તુની પરખ માટે મહાવરાથી માણસોની શક્તિ ખીલે છે. જરાક નજર કરતાં જ માણસ એમાં રહેલી ત્રુટિને પારખી શકે છે. કેટલાક માણસની નજર એવી ઝીણી હોય છે કે એની નજરમાંથી કશું છટકી ન શકે.

નાના બાળકમાં સમજશક્તિનો ક્રમે ક્રમે વિકાસ થાય છે. આગળ જતાં તેનામાં પણ અનુમાનશક્તિ વિકસે છે. પછીથી એક અવયવ પરથી તે અવયવીનું અનુમાન કરી શકે છે. મારા પોતાના અનુભવની વાત કહું તો મારી દૌહિત્રી ગાર્ગી એક-દોઢ વર્ષની હતી ત્યારે એને ગાય, ઘોડો, સિંહ, હાથી વગેરેનાં ચિત્ર દોરીને તેને ઓળખતાં શીખવાડ્યું. પછી હાથીનું માત્ર મોઢું અને દંતશૂળ દોરીએ તો પણ તે તરત કહી આપે કે એ હાથી છે. પશુપક્ષીની થોડીક લાક્ષણિક રેખા જોતાં જ તે તરત કહી શકતી. એ બતાવે છે કે નાના બાળકમાં પણ અનુમાનશક્તિ ખીલવા લાગે છે. ગાર્ગીએ ત્રણેક વર્ષની થઈ ત્યાં સુધી માત્ર ચિત્રમાં જ હાથી જોયો હતો. એને માટે એ જ સાચો હાથી હતો. એણે સાક્ષાત્ હાથી જોયો નહોતો. એક દિવસ રસ્તામાં હાથી આવેલો તે જોવા હું એને લઈ ગયો. હાથીને જોઈ તે અચંબો પામી. એણે પ્રશ્ન કર્યો., 'દાદાજી, હાથી આવો પણ હોય ? હાથી ચાલે પણ ખરો ?' બે ત્રણ વર્ષનું બાળક પહેલાં સાક્ષાત્ પશુપક્ષી જુએ અને પછી એનું ચિત્ર જુએ એ એક સ્થિતિ છે અને પહેલાં ચિત્ર જુએ અને પછી સાક્ષાત્ જુએ એ બીજી સ્થિતિ છે. બંનેમાં ફરક છે. બાળકની અનુમાનશક્તિ બંનેમાં કામ કરે છે.

જૈન ધર્મમાં વિવિધ પ્રકારનાં જે પ્રમાણો બતાવ્યાં છે તેમાંનું એક તે અનુમાન પ્રમાણ છે. 'જ્યાં ધૂમાડો ત્યાં અગ્નિ' એ એનું પ્રસિદ્ધ ઉદાહરણ છે.

'અનુમાન પ્રમાણ'ના પણ જુદા જુદા પ્રકારો બતાવવામાં આવ્યા છે. એમાંનો એક પ્રકાર તે શેષવત્ અનુમાન છે.

શેષવત્ અનુમાનના વળી પાંચ પ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) કાર્યથી, (૨) કારણથી, (૩) ગુણથી, (૪) અવયવથી અને (૫) આશ્રયથી.

કાર્ય જોઇને કારણનું અનુમાન થાય તે કાર્યલિંગજન્ય શેષવત્ અનુમાન કહેવાય છે. ઉ. ત. શંખનો ધ્વનિ સાંભળીને અનુમાન થાય કે આ શંખનો ધ્વનિ છે. કાગડાનો કા....કા અવાજ સાંભળીને મનમાં નક્કી થાય છે કે આ કાગડાનો અવાજ છે. એ જ રીતે વિવિધ પશુપક્ષીઓના અવાજ સાંભળીએ અથવા આપણને પરિચિત હોય એવા માણસોના અવાજ સાંભળીએ કે ચીજવસ્તુઓના ધ્વનિ સાંભળીએ એટલે કે તે કાર્ય થાય અને ત્યારે તેના કારણરૂપ વ્યક્તિ, વસ્તુ કે પશુપક્ષી પરોક્ષ હોય તો પણ આપણે તેને પારખી લઇએ છીએ. આવા અનુમાનમાં બહુ બુદ્ધિશક્તિની જરૂર નથી. થોડો મહાવરો બસ છે. આ અનુમાનને 'કાર્યલિંગજન્ય શેષવત્' કહેવામાં આવે છે.

આવી જ રીતે જ્યારે કારણ પ્રત્યક્ષ હોય ત્યારે કાર્યનું અનુમાન કરીએ ત્યારે તેને કારણલિંગજન્ય શેષવત્ અનુમાન કહેવામાં આવે છે. જેમ કે માટીનો પિંડ ઘડાનું કારણ છે, પણ ઘડો માટીનું કારણ નથી. તંતુઓ પટનું કારણ છે, પણ પટ તંતુનું કારણ નથી. આને કારણલિંગજન્ય શેષવત્ અનુમાન કહેવામાં આવે છે.

ગુણલિંગજન્ય શેષવત્ અનુમાનમાં ગુણ પ્રત્યક્ષ હોય છે અને ગુણી પરોક્ષ હોય છે. સુગંધનો અનુભવ થાય તે વખતે આપણે અનુભવના આધારે અનુમાન કરીએ છીએ કે આટલામાં ક્યાંક ગુલાબ હોવાં જોઇએ. અથવા મોગરો, ચંપો વગેરે હોવાં જોઇએ. ગુલાબ કે મોગરો કે ચંપો પ્રત્યક્ષ નથી પણ સુગંધથી એનું અનુમાન કરીએ છીએ. અમુક પ્રકારની દુર્ગંધ આવતી હોય તો આપણે અનુમાન કરીએ છીએ કે આટલામાં ક્યાંક ગટર હોવી જોઇએ અથવા તેવું કોઈ કારખાનું હોવું જોઇએ. આવા અનુમાનને ગુણલિંગજન્ય શેષવત્ અનુમાન કહેવામાં આવે છે.

આવી જ રીતે અવયવ પ્રત્યક્ષ હોય પણ અવયવી પ્રત્યક્ષ ન હોય તો અવયવ ઉપરથી અવયવીનું અનુમાન કરીએ તે અવયવલિંગજન્ય શેષવત્ અનુમાન કહેવાય છે. ઉદાહરણ તરીકે હાથીદાંત જોતાં હાથીનું, મોરપિચ્છ જોતાં મોરનું, અમુક પ્રકારના પહેરવેશ પરથી તે સૈનિક છે એવું અથવા ધૂળમાં પગલાં પડ્યાં હોય તો તે કોનાં પગલાં છે તેનું અનુમાન કરીએ તો તેવા પ્રકારના અનુમાનને અવયવલિંગજન્ય અનુમાન કહેવામાં આવે છે. પગનો માત્ર અંગૂઠો જોયો હોય અને તેના પરથી વ્યક્તિનું આખું સરસ ચિત્ર દોરી આપનારા ચિત્રકારો હતા.

કેટલીક વસ્તુઓને એના એક નાના અવયવ પરથી ઓળખી શકાય છે કે ઓળખાવી શકાય છે. એ અવયવ એના એક મુખ્ય લક્ષણરૂપ હોવો જોઇએ. એ એની વિશિષ્ટતા દર્શાવતો હોવો જોઇએ. પાંચ પંદર છોકરાઓ હોય અને કોઈ કહે, 'પેલા માંજરી આંખવાળાને બોલાવજો.' તો એમાં માંજરી આંખવાળાને આપણે બોલાવીએ છીએ. એના શરીરમાંનો એક લાક્ષણિક અવયવ તે એની આંખો છે. એ આંખો બીજા કરતાં જુદી છે. એ એની લાક્ષણિકતારૂપ છે. માટે તેને માત્ર માંજરી આંખથી ઓળખી શકાય છે. પશુપક્ષીઓને ઓળખવા માટે પણ એના લાક્ષણિક અંગ કે અવયવનો આશ્રય લઈ શકાય છે.

આશ્રયલિંગજન્ય શેષવત્ અનુમાન એટલે આશ્રયી પરોક્ષ હોય અને તેના આશ્રયે જે વસ્તુ હોય તે પ્રત્યક્ષ હોય તો એથી આશ્રયીનું અનુમાન થઈ શકે. જેમ કે ધૂમાડો દેખાતો હોય, પ્રત્યક્ષ હોય પણ અગ્નિ ન દેખાતો હોય તો ધૂમાડા પરથી અગ્નિનું અનુમાન થાય. એવી રીતે જ્યાં બગલા ઊડતા હોય તો ત્યાં એટલામાં ક્યાંક પાણી હોવું જોઇએ એવું અનુમાન થાય. માણસના ચહેરા પરથી, અરે માત્ર એની આંખો પરથી એના મનમાં કેવા ભાવ કે વિચાર ચાલી રહ્યા છે તેનું અનુમાન કરી શકાય છે.

લોકોક્તિ છે કે 'પુત્રનાં લક્ષણ પારણામાંથી અને વહુનાં લક્ષણ

બારણામાંથી.' મનુષ્યના સ્વભાવની લાક્ષણિકતાઓ એના વર્તનમાં પ્રતિબિંબિત થાય છે. માણસ ચાહે કે ન ચાહે, નાની નાની ઘટનાઓ પણ એના સ્વભાવની ચાડી ખાય છે. કોઇપણ મનુષ્યની લાક્ષણિકતાનો અભ્યાસ કરવા માટે એના સમગ્ર જીવનની તપાસ કરવાની જરૂર નથી. થોડીક કે એકાદ ઘટનાનું વિશ્લેષણ એના જીવનની પારાશીશીરૂપ બની શકે છે.

પહેલાંના વખતમાં એક લોકોક્તિ પ્રચલિત હતી કે 'લશ્કરકા ભેદ પાયા, આગેસે ગદ્ધા આયા.' પ્રાચીન સમયમાં લશ્કરમાં હાથી, ઘોડા વગેરે રહેતાં અને માલવાહક પ્રાણી તરીકે ખચ્ચર, ગધેડાં વગેરે પણ રહેતાં. સૈન્ય આગેકૂચ કરતું હોય ત્યારે આગળ હાથી, ઘોડા વગેરે મહત્ત્વનાં પ્રાણી હોય. સૈનિકો પાસે કેટલા હાથી અને કેટલા ઘોડા છે એના પરથી સૈન્યની તાકાતનું માપ જણાતું. પરંતુ કોઈ સૈન્ય આગેકૂચ કરતું હોય અને મોખરે ગધેડાનું નેતૃત્વ હોય તો એ નમાલું સૈન્ય છે એમ તરત જણાઈ આવે. એવા લશ્કરને જીતવાનું અઘરું ન હોય. માટે જ કહેવત પડી કે 'આગેસે ગદ્ધા આયા.'

આમ, અનુમાનના પ્રકાર ઘણા છે. મતિજ્ઞાનનો આ વિષય છે. જેમ માણસના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વધારે તેમ એની અનુમાનશક્તિ વધારે. કેટલાક માણસોની અનુમાનશક્તિ આશ્ચર્યમુગ્ધ કરી દે એવી હોય છે.

આવી અનુમાનશક્તિ એને વ્યવહારજગતમાં ઉપયોગી થવા ઉપરાંત અધ્યાત્મજગતમાં ઉપયોગી થાય તો જ તે સવિશેષ સાર્થક ગણાય.

☐ રમણલાલ ચી. શાહ

# વૈશ્વિક સંવેદનાનો વિસ્ફોટ

☐ ડૉ. રણજિત પટેલ (अनामी)

આપણા ઋષિમુનિઓએ સમગ્ર વિશ્વને એક નીડની અને વિશ્વ-પ્રજાને એ નીડનાં પંખીઓ તરીકેની અદ્‌ભુત કલ્પના કરી છે...અને વસુધૈવ કુટુમ્બકમ્‌ની ભાવના ભાવી છે. સર્વે જના: સુખિનો ભવન્તુ એ શાંતિ-સૂક્તે સંપ્રદાય, ધર્મ, જાતિ, વર્ણ, વર્ગ વગેરેના ભેદની રાંકડી ને સાંકડી સરહદોને અતિક્રમી છે અને સમગ્ર વિશ્વને વાત્સલ્યના આશ્લેષમાં ભીડ્યું છે. ગુજરાતના ભીષણ ધરતીકંપે આ આર્ષદ્રષ્ટાઓની કલ્યાણકારી વિભાવનાઓને, વૈશ્વિક સંવેદનાના વિસ્ફોટ દ્વારા મૂર્તિમંત કરેલ છે. વ્યષ્ટિ-સમષ્ટિની સામૂહિક પીડાનું આવું અનુકંપાભર્યું અદ્‌ભુત, અદ્વૈત વિશ્વના ઇતિહાસમાં, કદાચ વિરલ ઘટના ગણાશે-ગણાય તો નવાઈ નહીં. વિશ્વના પ્રત્યેક મનુષ્યના રક્તનો રંગ લાલ જ હોય છે તેમ ચૈતન્યની આ એકતાનું પણ છે.

ચારેક દાયકા પૂર્વે મેં એક ચોપડી વાંચેલી જેનું નામ હતું Rivals of Democracy' 'લોકશાહીના હરીફો.' શ્રી જયંત શાહે ગુજરાતી ભાષામાં એનો અનુવાદ કરેલો છે. એ પુસ્તકમાં ભિન્ન ભિન્ન નિમિત્તે વિશ્વમાં થયેલાં યુદ્ધોની તવારીખ હતી. એ તવારીખનું પૃથક્કરણ કરતાં કોઇપણ વાંચક એવું તારણ કાઢી શકે કે વિશ્વની માનવજાતિનો ૩/૪ ઇતિહાસ યુદ્ધોના રક્તે રંગાયેલો છે ને કેવળ ૧/૪ ઇતિહાસ વિશ્વશાંતિનો છે. અન્યની વાત હું કરતો નથી પણ મારો પ્રતિભાવ તો તે કાળે એ પ્રકારનો હતો જ. વિશ્વની સાંપ્રત પરિસ્થિતિનો વિચાર ઉપર્યુક્ત ઘટનાના સંદર્ભમાં કરતાં એ પુસ્તકની વાસ્તવિકતા આજે વિશેષરૂપે પ્રતીત થાય છે. એનો અર્થ એવો સમજવો કે હજ્જારો વર્ષ વીત્યા બાદ પણ માનવજાતિની ગળથૂથીમાં પેલી પશુવૃત્તિ (Animality) ગર્ભિત છે? ને તેનું રૂપાન્તર કે ઉર્ધ્વીકરણ માનવતા (Humanity) પ્રતિ થયું નથી ? શું માણસ હજી એવો જ લોભી, ક્રૂર અને સ્વાર્થપરાયણ છે? એનામાં દિવ્યતા (Divinity)નો કોઈ અંશ જ નથી?

ડાર્વિને માનવીની પતિત દેવદૂત તરીકેની પ્રચલિત માન્યતાનું ઉન્મૂલન કરી એનો નાતો ભીમકાય વાનરજાતિ સાથે જોડી આપતાં અને કાર્લ માર્ક્સે, માનવજાતિની સત્યમ્-શિવમ્-સુંદરમ્‌ની વિભાવનાનો નકાબ ચીરી નાખી અને સર્વ પ્રવૃત્તિઓના મૂળમાં આર્થિક સ્વાર્થ અને પરિણામે વર્ગ વિગ્રહનાં દર્શન કરાવી આપતાં-માનવજાતિ-વિષયક રંગીન કલ્પનાને બદલે નઠોર કઠોર વાસ્તવિકતા સામે આવી ઊભી રહી! એક રીતે જોતાં ભ્રમભંજન એ પણ જ્ઞાનપ્રાપ્તિનું પ્રથમ પગથિયું ગણાય.

ડાર્વિન અને કાર્લ માર્ક્સની વિચારધારાને લક્ષમાં લઇએ તો પણ 'સાયન્સ જર્નલ' માં પ્રગટ થયેલા 'હ્યુમન જેનોન'ના સંશોધન પ્રમાણે તો સમગ્ર માનવજાતિ એક જ આફ્રિકન માતાની સંતતિ છે અને કાળી, ગોરી, ઘઉંવર્ણી કે લાલરંગી બધી જ પ્રજાઓની જનની એક જ છે, 'હ્યુમન જેનોન'ની વિજ્ઞાનની આ શોધ જો સાચી જ હોય તો આપણા ઋષિમુનિઓએ કરેલી વિશ્વની અને પ્રજા-પંખીઓની કલ્પના એ કેવળ રંગીન કલ્પના જ નહીં પણ વૈજ્ઞાનિક વાસ્તવિકતા છે. વિજ્ઞાને નિરીક્ષણ-પરીક્ષણ દ્વારા અને આર્ષદૃષ્ટાઓએ આંતરપ્રેરણા દ્વારા અંકે કરેલું એ સત્ય છે. બધાના મૂળમાં ચૈતન્યધારાનું અદ્વૈત ગર્ભિત છે. આને પરિણામ જ સુખમાં સ્વલ્પ ને દુ:ખમાં વિશેષ વૈશ્વિક સંવેદનાનો વિસ્ફોટ અનુભવવા મળે છે.

વિશ્વના વિભિન્ન ધર્મ-સંપ્રદાય-મત ભલે વિચ્છેદની ભીંત બનતા લાગે, પણ સકલ માનવજાતિમાં રહેલો એક જ આત્મા એ આખરે તો મિલનનો સેતુ બની રહે છે.

રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ક્રાઇસ્ટ, મુહમ્મદ પયગંબર સાહેબ, મહાત્મા ગાંધી વગેરે ગણતર વિભૂતિઓ હજ્જારો વર્ષોમાં ને અબજોની વસ્તીમાં ભલે વિરલ હોય પણ એમની વિરલતા જ માનવજાતિના ઉજ્જ્વલ ભાવિની શક્યતાઓને ઉજાગર કરે છે. આવી વિભૂતિઓ જ આધ્યાત્મિક અનુભૂતિની ગંભીરતા, બહુજન સમાજનું હૃદય તાદાત્મ્ય અને કૃતજ્ઞતાના રાજમાર્ગે સામાન્ય-જનસમાજને દોરવામાં ધ્રુવતારકની ગરજ સારે છે. પ્રત્યેક માનવમાં સામાજિકતાનો સદ્‌ગુણ તો રહેલો જ છે. આવી વિભૂતિઓ એ નૈસર્ગિક-વૃત્તિ કે સદ્‌ગુણને ઢંઢોળી માનવજાતિને સમાજ-અભિમુખ કરી સેવાને માર્ગે પ્રેરે છે, દોરે છે. ગુજરાતના ભૂકંપે વિશ્વના મોટા ભાગના દેશોમાં વૈશ્વિક સંવેદનાનો જે વિસ્ફોટ-ધરતીકંપ-હૃદયકંપ જન્માવ્યો ને સક્રિય સહાનુભૂતિનો ને સાધન-સેવાનો ધોધ વહાવ્યો તે સમગ્ર માનવજાતિના આત્માના અદ્વૈતની-એક જ ચૈતન્યધારાની પ્રતીતિ કરાવે છે. સુખમાં કે દુ:ખમાં, કોઇપણ દેશ કે કાળમાં માનવજાતિની આ સંવિદસંપદા સદા સર્વદા જાગ્રત રહે તો 'સર્વેજના: સુખિનો ભવન્તુ'નો મંત્ર સાર્થક થાય.

❖❖❖

# સંઘ માટે નોંધાયેલી રકમ

વધતા જતા ખર્ચ અને ઘટતા જતા વ્યાજના દરને કારણે સંઘને પોતાને પણ પોતાના વહીવટી ખર્ચને પહોંચી વળવા માટે આર્થિક સહાયની આવશ્યકતા ઊભી થઈ છે. એ માટે દાતાઓને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન અપીલ કરવામાં આવતાં સારો પ્રતિસાદ અમને સાંપડ્યો છે. એ માટે સર્વ દાતાઓના અમે ઋણી છીએ. રકમ અને દાતાઓનાં નામોની યાદી નીચે પ્રમાણે છે : **મંત્રીઓ**

| | |
|---|---|
| ૩,૫૦,૦૦૦ | શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળાના કોરપસ માટે |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ભોગીલાલ હીરાલાલ શાહ પરિવાર હસ્તે રમણીકલાલ જાપાનવાળા |
| ૭૧,૦૦૦ | મે.પી.ડી. કોઠારી એન્ડ કું. હસ્તે શ્રી પીયૂષભાઈ અને ચંદ્રાબહેન કોઠારી |
| ૨૦,૦૦૦ | શ્રી લાલજી વેલજી એંકરવાળા ટ્રસ્ટ પરિવાર |
| ૧૧,૦૦૦ | શ્રી રમાબહેન એન. કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૬,૦૦૦ | શ્રી પ્રભાદેવી એન્ડ રમણલાલ નગીનદાસ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી સેવંતીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી વસંતલાલ કાન્તિલાલ શાહ |
| ૫,૦૦૦ | શ્રી હસમુખભાઈ ગુલાબચંદ શાહ |
| ૫,૦૦૦ | શ્રી પુષ્પાબહેન ભણશાલી |
| ૫,૦૦૦ | શ્રી આશિતા એન્ડ કાન્તિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા |
| ૫,૦૦૦ | શ્રી મધુરીબહેન એમ. વસા |
| ૫,૦૦૦ | શ્રી ઉષાબહેન પ્રવીણભાઈ શાહ |
| ૪,૦૦૦ | ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ |
| ૪,૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૪,૦૦૦ | શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદભાઈ શાહ |
| ૪,૦૦૦ | શ્રી નિરુબહેન અને શ્રી સુબોધભાઈ શાહ |
| ૪,૦૦૦ | ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ |
| ૪,૦૦૦ | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ જવેરી |
| ૪,૦૦૦ | શ્રી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૪,૦૦૦ | શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમીલી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૪,૦૦૦ | શ્રી ઉષાબહેન જે. મહેતા |
| ૪,૦૦૦ | સ્વ. મણિલાલ સોનાવાલા ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી નીતીનભાઈ સોનાવાલા |
| ૪,૦૦૦ | શ્રી દિલીપભાઈ એમ. શાહ |
| ૪,૦૦૦ | શ્રી વિનોદભાઈ જમનાદાસ મહેતા |
| ૪,૦૦૦ | શ્રી સબ અને કિપ્પાલુટી હસ્તે શ્રી કુસુમબહેન ભાઉ |
| ૪,૦૦૦ | શ્રી શાંતિલાલ મંગળજીભાઈ મહેતા |
| ૪,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૪,૦૦૦ | શ્રી મધુસૂદન એસ. શાહ |
| ૪,૦૦૦ | મે. નિર્મળ એન્જિનિયરિંગ કું. |
| ૩,૬૦૦ | શ્રી એ. આર. ચોકસી HUF |
| ૩,૬૦૦ | શ્રી ઉષાબહેન ડી. શાહ |
| ૩,૫૦૧ | શ્રી વિભાબહેન શાહ |
| ૩,૦૦૦ | શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી પુષ્પાબહેન પરીખ |
| ૩,૦૦૦ | શ્રી પ્રવીણભાઈ કે. શાહ |
| ૩,૦૦૦ | સ્વ. રમાબહેન જયંતીલાલ પરિવાર |
| ૩,૦૦૦ | શ્રી રસીલાબહેન જે. પારેખ |
| ૩,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ |
| ૩,૦૦૦ | શ્રી શાંતિલાલ ઉજમશી એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી મુકેશ સાંકલચંદ શાહ |
| ૩,૦૦૦ | શ્રી કુસુમબહેન શાહ |
| ૨,૫૦૦ | શ્રી નિર્મળા રસિકલાલ ચેરિટી ટ્રસ્ટ |
| ૨,૫૦૦ | શ્રી પ્રાણલાલ નાથાલાલ શાહ હસ્તે શ્રી અનિલભાઈ |
| ૨,૫૦૦ | શ્રી મફતલાલ ભીખાચંદ શાહના સ્મરણાર્થે શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન |
| ૨,૫૦૦ | શ્રી આરતીબહેન મધુસૂદનભાઈ વોરા |
| ૨,૫૦૦ | શ્રી સુનીધિ ચેરિટી ફાઉન્ડેશન |
| ૨,૦૦૦ | શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી |
| ૨,૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૨,૦૦૦ | શ્રી મીનાબહેન એન. ધરોડ |
| ૨,૦૦૦ | શ્રી નગીનદાસ પદમશી શેઠ |
| ૨,૦૦૦ | શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨,૦૦૦ | શ્રી અરુણાબહેન અજીતભાઈ ચોકસી |
| ૨,૦૦૦ | શ્રી સુવર્ણાબહેન જીતુભાઈ દલાલ |
| ૨,૦૦૦ | શ્રી બાબુભાઈ જયંતીલાલ શાહ |
| ૨,૦૦૦ | શ્રી રમણીકલાલ ભોગીલાલ ઝવેરી |
| ૨,૦૦૦ | શ્રી નગીનભાઈ ન્યાલચંદ દોશી |
| ૨,૦૦૦ | શ્રી ઉષાબહેન રમેશભાઈ ઝવેરી |
| ૨,૦૦૦ | શ્રી મહેશભાઈ પી. વોરા |
| ૨,૦૦૦ | શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૨,૦૦૦ | શ્રી અપર્ણાબહેન ભૂપેન્દ્રભાઈ શાહ-કોલસાવાળા |
| ૨,૦૦૦ | મે. પાસ્કીન બ્રધર્સ |
| ૨,૦૦૦ | શ્રી પ્રકાશભાઈ ડી. શાહ |
| ૨,૦૦૦ | શ્રી પોપટલાલ ન્યાલચંદ વોરા હસ્તે મહેશભાઈ |
| ૨,૦૦૦ | શ્રી મેટ્રોપોલિટન એક્ષિમ ચેમ (Exim Chem) લિ. |
| ૧,૫૦૦ | શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ |
| ૧,૫૦૦ | શ્રી ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી |
| ૧,૦૦૮ | શ્રી પ્રમોદચંદ સોમચંદભાઈ શાહ |
| ૧,૦૦૦ | શ્રી નટુભાઈ સી. પટેલ |
| ૧,૦૦૦ | મે. ત્રિશલા ઈલેક્ટ્રોનિક્સ |
| ૧,૦૦૦ | શ્રી અલકાબહેન કિરણભાઈ શાહ |
| ૧,૦૦૦ | શ્રી મીનાબહેન કિરણભાઈ ગાંધી |
| ૧,૦૦૦ | શ્રી સંયુક્તાબહેન પ્રવીણભાઈ મહેતા |
| ૧,૦૦૦ | શ્રી વિનોદચંદ્ર હરિલાલ મહેતા |
| ૧,૦૦૦ | શ્રી સુનીતાબહેન રાજેન્દ્રભાઈ |
| ૧,૦૦૦ | શ્રી કુમુદબહેન પટવા |
| ૧,૦૦૦ | શ્રી મનીષાબહેન કિરણભાઈ ભણશાલી |
| ૧,૦૦૦ | શ્રી સારાલાલ નગીનદાસ નગરશેઠ |
| ૧,૦૦૦ | શ્રી સુરેશભાઈ વિજયરાજ |
| ૧,૦૦૦ | મે. પેક પ્રિન્ટ ઈન્ડસ્ટ્રીઝ |
| ૧,૦૦૦ | શ્રી જયાબહેન સુરેશભાઈ કોઠારી |
| ૧,૦૦૦ | શ્રી શર્મીબહેન પ્રવીણભાઈ ભણશાલી |
| ૧,૦૦૦ | શ્રી પ્રદીપભાઈ એ. શાહ |
| ૧,૦૦૦ | શ્રી બીનાબહેન અજિતભાઈ ચોકસી |
| ૧,૦૦૦ | ડૉ. ગીતાબહેન પરીખ |
| ૧,૦૦૦ | શ્રી કેતન શાંતિલાલ ઝવેરી |
| ૧,૦૦૦ | શ્રી મીનાક્ષીબહેન વિજયભાઈ મહેતા |
| ૧,૦૦૦ | શ્રી ઈન્દુલાલ એમ. શેઠ |
| ૧,૦૦૦ | શ્રી ચંદ્રકાંત જે. શાહ |
| ૧,૦૦૦ | શ્રી સુરેશભાઈ પેથાણી |
| ૧,૦૦૦ | શ્રી મમતાબહેન શ્રોફ |
| ૭,૯૭૨ | ૧,૦૦૦થી ઓછી રકમનો સરવાળો. |

### સેવામંડળ મેઘરજ-કસાણાને માટે નિધિ-અર્પણનો કાર્યક્રમ

ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘ દ્વારા સેવામંડળ મેઘરજ-કસાણા માટે એકત્ર થયેલ રકમ આશરે રૂપિયા સાડા પંદર લાખનો નિધિ-અર્પણનો કાર્યક્રમ રવિવાર, તા. પાંચમી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ કસાણા (જિ. સાબરકાંઠા) મુકામે યોજવામાં આવ્યો છે. સંઘના જે સભ્યો, દાતાઓ વગેરે આ કાર્યક્રમમાં જોડાવા ઇચ્છતા હોય તેઓએ રૂપિયા ૪૦૦/- ભરીને સંઘના કાર્યાલયમાં પોતાનું નામ તા. ૩૦મી ઑક્ટોબર સુધીમાં નોંધાવી દેવું. વધુ માહિતી કાર્યાલયમાંથી મળશે.

☐ મંત્રીઓ

# પાશ્ચાત્ય સાહિત્યકારોની અવનવી વાતો

**□ ડૉ. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)**

વિશ્વવિખ્યાત મહાકવિ ડાંટેને બિએટ્રિસ પ્રત્યે પ્રણયાંકુર એમના કિશોર જીવનમાં જ પ્રસ્ફુરિત થયા હતા. અને એ પ્રેમની દિવ્ય આભાથી એમની સમગ્ર કાવ્યસૃષ્ટિ મઘમઘી રહી છે. એની પહેલી અભિવ્યક્તિ વાઈરોનોવામાં થયેલી જોવા મળે છે. ડાન્ટેએ જ્યારે બિએટ્રિસને પહેલવહેલી વાર જોયેલી ત્યારે તેની વય નવ વર્ષની તથા બિએટ્રીસની વય આઠ વર્ષની હતી. એ જ વખતે એ બંનેએ પરસ્પર આકર્ષણનો અનુભવ કર્યો હતો, પણ ડાન્ટેએ કદી પોતાના પ્રેમનો પ્રાદુર્ભાવ બિએટ્રિસની સમક્ષ કર્યો નહોતો. પરિણામરૂપ બિએટ્રીસના લગ્ન કોઈ બીજી વ્યક્તિ સાથે થઈ જવા પામ્યા. એવામાં તો ૨૪ વર્ષની વયે બિએટ્રીસનું નિધન થવા પામ્યું. એને કારણે ડાન્ટેના જીવનમાં પરિવર્તન આવવા પામ્યું. એ બિએટ્રિસની પ્રેરક સ્મૃતિમાં જ ડાન્ટેની મહાન રચના 'ડિવાઈન કૉમેડી' લખાવા પામી છે અને એ કારણથી જ એ રચના ઉદાત્ત ને ભવ્ય બનવા પામી છે. પણ જો ડાન્ટેનું લગ્ન બિએટ્રિસની સાથે થવા પામ્યું હોત તો જગતને 'ડિવાઈન કૉમેડી' તથા 'વાઈરાનોવા' જેવી સુંદર કૃતિઓ મળવા પામી ન હોત, કેમકે બિએટ્રિસના મરણ પછી એક વર્ષ બાદ ડાન્ટેએ એક ખાનદાન કુટુંબની યુવતી સાથે લગ્ન કર્યા હતા, પણ એ લગ્નજીવનમાં એ જરાય સુખી થઈ શક્યા નહોતા અને તે એટલે સુધી કે જ્યારે એ કવિને દેશ છોડીને જવાનો વારો આવેલો ત્યારે એની પત્ની એની સાથે ગઈ નહોતી, પણ ફ્લોરેન્સમાં એના મિત્રો સાથે રહી હતી.

આવી જ જીવનકહાની કવિ પેટ્રાર્કની છે. એનાં અમર પ્રણય કાવ્યોમાં લારાની સ્મૃતિ અંકિત થયેલી છે. કવિ પેટ્રાર્કે લારાને પહેલીવાર એવિગ્નાનમાં આવેલા સેન્ટ-ક્લેયરના દેવળમાં જોઈ હતી અને એ પહેલા દર્શને જ એ લારાથી મુગ્ધ થઈ ગયો હતો અને ત્યારથી માંડીને જીવનપર્યંત તે લારાના સૌન્દર્ય અને સ્વભાવને કાવ્યોમાં ગાતો રહ્યો. એ જ્યાં જ્યાં ફર્યો ત્યાં ત્યાં લારાની સ્મૃતિને લઈને જ ફર્યો. એ ક્યારેક ક્યારેક પ્રસંગે પ્રસંગે એવિગ્નાન આવતો રહ્યો અને છાની છૂપી રીતે લારાને મળતો ય રહ્યો. લારાના પરિણિત પતિને એ સહજ રીતે જ પસંદ નહોતું અને તે લારાને એ અંગે ધમકાવતો પણ હતો. લારાનું નિધન પ્લેગ રોગને કારણે તેની ચાલીસ વર્ષની વયે થવા પામેલું. અને એ પછી વીસ વર્ષ સુધી પેટ્રાર્ક જીવંત રહ્યો ને સતત લારાની સ્મૃતિને તાજી રાખી તે કાવ્યોમાં વ્યક્ત કરતો જ રહ્યો. પેટ્રાર્કના પ્રણયપ્રસંગની બાબતમાં કવિ બાયરને સાચું કહ્યું છે-'જરા વિચારો કે જો લારા પેટ્રાર્કની પત્ની બની હોત તો એ એના જીવનમાં કદીયે સોનેટો લખી શક્યો હોત?'

એ જ રીતે કવિ તાસોનાં કાવ્યો પર પેટ્રાર્કનો ગહન પ્રભાવ પડેલો છે. એ કવિનાં પ્રણયગીતોની પાછળ સૌ પહેલી પ્રેરણા માંટુઆની એક સુંદરીની હતી, પણ એ રૂપાળી સુંદરીએ તરત જ કોઈ બીજા સાથે લગ્ન કરી લઈને કવિ તાસોને નિરાશામાં ધકેલી દીધો હતો. ત્યારે એ કવિ ફેરારાના ડ્યૂકની બહેન ઈલિયોનોરા તરફ આકર્ષિત થયો હતો. ઈલિયોનોરા એ કવિ તરફ આકર્ષિત હતી કે નહિ, તેની તો જાણ નથી, પણ તાસોની કવિતામાં અંકિત ઈલિયોનોરા વિષયક ઘટનાઓ ને પ્રણયપ્રસંગો ઘણા અતિશયોક્તિભર્યા અને કાલ્પનિક હોવાની બાબત તો નિશ્ચિત જ છે. કમનસીબે કવિનાં એ સઘળાં કાવ્યો કોઈકે ડ્યૂકને બતાવ્યાં ને પરિણામે એ ડ્યૂકે એ કવિને ફેરારાના સેન્ટ ફ્રાન્સિસના કોન્વેન્ટમાં કેદ કરી દીધો હતો. પાછળથી કવિ તાસો ત્યાંની કેદમાંથી યુક્તિ કરીને ભાગી નીકળ્યો અને એક વર્ષ પછી પાછા ફેરારા આવ્યો. એટલે પાછાં બીજીવાર તેને કેદમાં નાખ્યો અને પછી તો પાગલ ઠરાવી તેને કોઈ ઈસ્પિતાલમાં દાખલ કરી દીધો હતો. ત્યાં છેવટનાં જીવનનાં સાત વર્ષો પર્યન્ત તે નિરાશ પ્રેમભંગનાં કાવ્યો ગાતો જ રહ્યો હતો.

પોર્ટુગલના કવિ કેમાંસનુ નસીબ પણ કવિ તાસોના જેવું જ હતું. અઢાર વર્ષની વયે તે લિસ્બનની કોઈ ઉચ્ચ કુળવાન યુવતી સાથે પ્રેમ કરવા લાગ્યા. પરિણામે તેમને દેશનિકાલ કરવામાં આવ્યા. એટલે તેઓ સ્વદેશ છોડીને પરદેશી લશ્કરમાં ભરતી થઈ ગયા. એ સમય દરમ્યાન તેમણે અત્યંત માર્મિક કાવ્યગીતોની રચના કરી. પછી કેટલાંક વર્ષો બાદ તેઓ પોર્ટુગલ પાછા આવ્યા, પણ ત્યારે તો એમની પ્રેયસી મરણ પામી હતી.

હંગેરીના કવિ બાઈલેન્ડનો પ્રણયપ્રસંગ પણ નોંધપાત્ર છે. ચાર વર્ષની કઠોર પ્રતીક્ષા પછી તેઓ ઘણી મુશ્કેલીથી પોતાની પ્રેયસી સોફિયાની હથેલી ચૂમી શક્યા હતા, પણ ગરીબાઈને લીધે તેઓ તે પછી આઠ વર્ષ સુધી તેની સાથે લગ્ન ન કરી શક્યાથી સોફિયાએ લાચારીથી બીજા સાથે લગ્ન કરી લીધાં હતાં. આમ છતાં, બાઈલેન્ડનો પ્રેમ તો અકબંધ રહ્યો હતો, પણ છેવટે ઘણા સમય પછી એમણે લગ્ન કર્યા હતા.

જર્મનીના વિશ્વવિખ્યાત કવિ ગેટેનાં જીવનમાં ય પ્રણયનો પ્રભાવ ઓછો નહોતો રહ્યો, પણ તેની બૌદ્ધિક ચતુરાઈએ તેની ઊર્મિશીલતા પર વર્ચસ્વ જમાવ્યું હતું. એ કારણથી એની પ્રણય-અનુભૂતિ પ્રબળ જણાવા પામી નથી. ગેટેના જીવનમાં ગ્રેફોન, ક્લોરફોન, ફ્રેડરિકા, લાટ, લીલી અને બેસ્ટિના આદિ જેવી કેટલીય મહિલાઓ આવી હતી, પણ કવિએ એ પૈકી કોઈની સાથે લગ્ન નહોતા કર્યા. પણ એમની સુંદરતાનો વિનિયોગ કવિએ એમનાં કાવ્યસર્જનમાં કર્યો છે, કેમકે એ પોતાની સ્વતંત્રતા કોઈપણ કિંમતે ગુમાવવા નહોતા ઈચ્છતા, એમાં ય ફ્રેડરિકા જેવી ભોળી ને સંવેદનપટુ યુવતી સાથેનો કવિનો ઉપયોગિતાવાદી દૃષ્ટિકોણ ઘણો અન્યાયી લાગતો હતો, પણ એની સજા કવિને એ રીતે ભોગવવી પડી કે છેવટે એમને ક્રિશ્ચયાને વલપાયસ નામની ઘમંડી, ભાવનાહીન ને ગણતરીબાજ સ્ત્રી સાથે લાચારીથી લગ્ન કરવા પડયાં હતાં. એ સ્ત્રી લગ્ન પછી તો ઘણી સ્થૂળ, બેડોળ ને ક્રોધી બની ગઈ હતી. આમ, જીવનમાં પ્રણયનાં ખાલીપાનું પરિણામ ગેટેને જીવનના મધ્યાહ્ન ટાણે ભોગવવું પડયું ને એથી એમની કવિતા નિર્જીવ, શુષ્ક ને પ્રેરણાહીન બનવા પામી હતી. હેવાર્ડ નામના વિદ્વાનના યોગ્ય કથન મુજબ જ્યારે ગેટેના દિમાગમાં કોઈ સ્ત્રી નહોતી ત્યારે એ વિષયવસ્તુ વિનાના કાવ્ય જેવો બન્યો હતો.

અંગ્રેજ કવિ વિલિયમ કાઉપર કિશોર અવસ્થામાં જ એમના કાકાની બહેન થિયોડોરા સાથે પ્રેમમાં પડયા હતા, પણ એની બીમારીને કારણે તે લગ્ન કરી શક્યા નહોતા. કવિની એ નિરાશા એમની કાળવિષયક કવિતાઓમાં પ્રતિબિંબિત થયેલી નજરે પડે છે. એ પછી કવિ કાઉપર શ્રીમતી અનવિનના સંપર્કમાં આવ્યા અને એના પતિ લડાઈમાં માર્યા

ગયા પછી સંરક્ષકરૂપે કવિ એના કુટુંબમાં જ સાથે રહેવા લાગ્યા. શ્રીમતી અનવિનની સાથે તેનાં એક પુત્ર અને એક પુત્રી એમ બે સંતાનો હતાં. કવિને જીવન-કવનમાં શ્રીમતી અનવિનને કારણે ઘણી પ્રેરણા, પ્રીતિ તથા પ્રોત્સાહન પ્રાપ્ત થયેલ ને વીસ વર્ષ પર્યંત પ્રેમ-સહકારનો તે સંબંધ અતૂટ રહેવા પામેલો. પણ કમનસીબે લકવો થવાથી એનું નિધન થવાથી છેવટે કવિ ભાંગી પડયા હતા ને એ પછી ત્રણ વર્ષમાં કવિ પણ મરણ પામ્યા હતા.

આમ, મહદંશે કવિઓનું લગ્નજીવન સુખદ રહેલું જોવા મળતું નથી. કવિ શેક્સપિયર, મિલ્ટન, બાયરન અને શેલી એના નોંધપાત્ર ઉદાહરણ છે. કવિ શેક્સપિયરને એમની પત્ની એન હેથવે સાથે બનતું નહોતું. કવિ મિલ્ટન પણ એમની પહેલી પત્નીથી અસંતુષ્ટ હતા, પણ એમનુ બીજું લગ્ન સફળ નીવડેલું. કવિ શેલીની બાબતમાં પણ એમ જ કહી શકાય. એ કવિએ બીજું લગ્ન મેરી ગાડવિન સાથે કર્યાથી એમની પહેલી પત્ની હેરિયટે આપઘાત કર્યો હતો.

આનાથી વિપરીત રીતે કવિ પારનેલ, વૉલ્ટર સ્કોટ, ક્રેબ, હૂડ, બ્રાઉનિંગ, વર્ડઝવર્થ, રોમસ મૂર, સધે આદિના લગ્નજીવન સુખદ ને સફળ નીવડવા પામ્યાં હતાં.

જગતના લેખકો અને સાહિત્યકારોમાં એવી કયા પ્રકારની ગ્રંથિ હોય છે કે જેથી બહુધા એકમેક પ્રત્યે ઝેરીલી શાહીથી નિશાન તાકવા ઉપરાંત કદી કદી કલમ-યુદ્ધ છેડી તેઓ અતિશય કટુ ને ઝેરિલા બની જતા હોય છે ? દરેક દેશ અને દરેક ભાષાના સાહિત્યકારોમાં આવું થવા પામ્યાનું જોવા મળે છે. જો આવા લખાણોની મોજણી કરવામાં આવે તો લાગે છે કે જાણે અનેક સાહિત્યક્ષેત્રી મહારથીઓએ કોઈપણ દેશના પોતાના પ્રતિદ્વંદ્વીઓના જાણે જડબાં જ તોડી નાખ્યા જેવી ઘૃણા પ્રગટ કરેલી છે.

હેન્રી જેમ્સ અંગ્રજી ભાષાના પોતાના જમાનાના મહાન નવલકથાકાર હતા, છતાં એમને માટે બીજા શ્રી એચ. એન. મેનેકેન નામના લેખકે આશ્ચર્યજનક રીતે વિધાન કરેલ: 'તેઓ મહામૂર્ખ છે; સંપૂર્ણ રીતે એક 'બોસ્ટન ઈડિયટ' છે અને આ જગતમાં તેનાં કરતાં નિકૃષ્ટ કોઈ જ નથી.'

આ જ મેનેકેન નામના લેખકની તુલના સૂવર સાથે વિલિયમ એલેન વ્હાઈટ નામના લેખકે કરી છે. આ રીતે એક લેખક બીજા લેખકની નિંદા કરતો હોય છે ને તે છપાવતો પણ હોય છે. હકીકતમાં એની પાછળ ઘણી વાર ધંધાદારી હરીફાઈ જ હોય છે. કયારેક તો કોઈ લેખક પાસે આગળ આવવા માટે વિશિષ્ટ શક્તિ ન હોય તો બીજાને આકર્ષવા ને પ્રસિદ્ધ થવા માટેય મોટા ને લબ્ધપ્રતિષ્ઠિત લેખક પર તે આક્રમક વલણ અપનાવીને તેની નિંદા-ટીકા-ટીપ્પણ કરતો હોય છે. ખરેખર સાહિત્યની દુનિયા અજબ ગજબની છે. મોટા ગજાના અમર સાહિત્યકારો પણ પોતાના સાહિત્યકાળ દરમ્યાન અવગણના પામ્યા છે ને તત્કાલીન વિવેચક-વિદ્વાનોનાં વ્યંગ-ટીકા-તીરના ભોગ બન્યા છે અને તેમને મહત્તા તો બહુ મોડી ને કયારેક તો મૃત્યુ બાદ જ મળવા પામી છે.

જગવિખ્યાત કવિ લૉર્ડ બાયરનને તેમની કવિતાઓ પરત્વે જે પ્રતિભાવ સાંપડતા હતા તે સદા હતાશ કરે તેવા હતા. તત્કાલીન અગ્રણી સાહિત્ય-સામયિક 'એડિનબર્ગ રિવ્યૂ'એ તે કવિને સલાહ આપતાં લખેલું: 'તેમણે કવિતા લખવી બંધ કરવી જોઈએ. કાવ્ય લખવાનું તેમનું ગજું નથી.' પુશ્કિનના સમકાલીન કારામજિને એમની કૃતિ 'ડૉન જુઆન'ને ઘૃણિત કવિતાવાળો બેવકૂફીભરેલો સંગ્રહ કહ્યો હતો. વિલિયમ હેઝલિટે કવિ બાયરન વિશે એટલી હદે ટીકા કરી હતી-'તે એકલા જ એવા કવિ છે જે પોતાની પ્રતિભાનો ઉપયોગ વેશ્યાવૃત્તિ જેવો કરે છે.' એ જ રીતે ચાર્લ્સ કિંગ્સલે નામના લેખકે તત્કાલીન બીજા મહાન કવિ શેલીને 'કામુક શાકાહારી' કહ્યાનું કારણ કોઈ બતાવી શકતું નથી.

જગપ્રસિદ્ધ અંગ્રેજ કવિ જૉન કીટ્સ વિશે લૉર્ડ હૌટન નામના વિદ્વાને ઈ.સ.૧૮૪૦માં લખેલું-'તેમની કવિતાઓમાં ન તો ભાવાવેગ છે, ન તો સુંદરતા. એમની રચનાઓ સાવ નિકૃષ્ટ છે.' વળી કેમ્બ્રિજ યુનિવર્સિટીએ પોતાના માર્ચ, ૧૮૪૦ના અંકમાં એ કવિને પ્રતિભાહીન કહીને ભય દર્શાવેલો કે કદાચ જીવનના અંત સુધી તેઓ એવા જ રહેશે.

અંગ્રેજીના સુપ્રસિદ્ધ લેખક ચાર્લ્સ ડિકન્સ વિશે સર જેમ્સ ફિટજેક્સ સ્ટીફન નામના વિદ્વાને ઇ. સ. ૧૮૫૯માં લખેલું : ભલે ડિકન્સને પ્રસિદ્ધિ મળી જાય; પણ એમની કલા નિકૃષ્ટ કક્ષાની છે. એ જ રીતે જ્યોર્જ હેન્રી લિવિસે ઈ. સ. ૧૮૭૨માં લખેલું તેમ ડિકન્સના કૂડીબંધ પુસ્તકોમાં જરાય દમ કે માર્મિક કથન નથી. કવિ ટી.એસ. એલિયટની અતિશય ચર્ચિત રચના 'ધ વેસ્ટલેન્ડ'ની મશ્કરી કરતાં કોઇકે તેને 'વિદ્વતાપૂર્ણ નકલ' કહી છે. ન્યૂયોર્કના 'કાલ' સામયિકમાં ક્લેમેન્ટ ઉડે ઇ.સ. ૧૯૨૩માં કહેલું: 'એ તો બેવકૂફીઓની ધારા' છે. વિદ્વાન એફ. એલ. લૂકસે ઈ. સ. ૧૯૨૩માં 'ધ ન્યૂ સ્ટેટ્સમેન એન્ડ નેશન'માં લખેલું કે એ ન સમજાય તેવી, સસ્તી નકલ જેવી ને વ્યર્થ કથનોયુક્ત લખાયેલ છે.

જગવિખ્યાત નવલકથાકાર આનાતોલ ફ્રાંસ વિશે જાણીતા વિદ્વાન વિવેચક ડબલ્યુ. બી. મેકસવેલે લખેલું તેમ એનામાં ન તો મૌલિકતા છે ન તો ઉદાત્ત વિચાર. લેખક સ્વાર્થી અને નિમ્ન સ્તરનો છે તથા લોકોનું ધ્યાન ખેંચવા માટે તે સાધારણ કક્ષાની તરકીબો યોજે છે.

ટોમસ હાર્ડી અંગ્રેજીના પ્રખ્યાત નવલકથાકાર ગણાય છે, પણ એમની 'જૂડ' નામની વાર્તા વાંચીને એક અમેરિકન વિવેચકે કરેલી ટીકા મુજબ તેમને એટલી બધી ગૂંગળામણ થવા પામેલી કે શુદ્ધ હવા મેળવવા માટે તેમને પોતાના ઓરડાની બધી બારીઓ ખોલી નાંખવી પડેલી. મહાન રશિયન લેખક ટોલ્સટોયને પોતાના જીવનના ઉત્તરાર્ધમાં પોતાને માટે 'વિક્ષિપ્ત અને પાગલ' જેવા વિશેષણો વપરાયેલા વાંચવા પડ્યા હતા અને તેથી 'સેન્ટ પીટર્સબર્ગ હિસ્ટોરિકલ રિવ્યૂ' તેમ જ એવા બીજાં બેએક સામયિકોને ઈ.સ. ૧૮૮૯માં એ અંગે રદીયો આપી લખવું પડેલું કે એ વાત સરાસર જૂઠી છે ને ટોલ્સટોય યોગ્ય મનોદશા સંપૂર્ણ રીતે ધરાવે છે.

તાજેતરના પ્રસિદ્ધ નવલકથાકાર જોન ઇરવિંગે ટોમ વુલ્ફની નિંદા કરતાં તેની રચનાનું લેખન અપઠનીય ગણાવેલું, તો વળતી રીતે ટોમ વુલ્ફે એટલી જ કટુતાથી જણાવેલું કે નવલકથાકાર તરીકે ઇરવિંગ ધોવાઈ ચૂક્યા છે ને લોકોના મનથી ઊતરી ગયા છે. વળી વુલ્ફે પોતાની ટીકા કરનાર નોરમન મેલર તેમજ જોન અપડાઈક જેવા જગપ્રસિદ્ધ લેખકોને ય સકંજામાં લઈ ઉતારી પાડ્યા હતા.

નોર્મન મેલર કૃત 'નેકેડ એન્ડ ધ ડેડ' નામક કૃતિ વાંચ્યા પછી

પ્રસિદ્ધ લેખક ગોર વિડાલે લખેલું: 'આ પુસ્તક ચતુરાઇથી લખાયેલ, જૂઠું, અયથાર્થ ને ધોખારૂપ છે.' એ જ રીતે મિલર કૃત 'ટ્રોપિક ઑફ કેન્સર' માટે ન્યાયમૂર્તિ ડેસમાંડે લખેલું: 'આ પુસ્તક શરૂઆતથી છેવટ સુધી અશ્લીલ, ઉપજાવી કાઢેલ ને કેવળ કામુકતાનાં બેવકૂફી ભરેલાં વર્ણનોથી ભરેલું છે. લેખકને સ્ત્રી-પુરુષના ભાવનાત્મક, આધ્યાત્મિક ને કાવ્યાત્મક પાસાંનો કોઈ જ ખ્યાલ નથી. નથી એમાં ચિંતન, પ્રતિભા ને સૌન્દર્ય-પણ. છે માત્ર નર્યો કીચ્ચડ જ.'

ભારતમાં પણ અંગ્રેજી ભણેલા સુશિક્ષિત લોકોમાં વ્લાદીમીર નોબોકોવ કૃત નવલકથાઓની ચર્ચા થયા કરતી હોય છે, કેમકે એક જમાનામાં એ લેખકની કૃતિઓએ જગતમાં ચકચાર જગાડી હતી, પણ એ કૃતિઓ પ્રગટ થયા પછી તરત જ વિવેચકોનું વલણ ભિન્ન પ્રકારનું જોવા મળ્યું હતું. વિક્ટોરિયા સેકવિન વેસ્ટ નામના લેખકે ૧૯૫૮ના ડિસેમ્બરમાં એ કૃતિઓના પ્રકાશકને લખેલું: 'તમે પ્રગટ કરેલ ઘૃણિત ને અશ્લીલ પુસ્તકો બદલ તમારી હું નિંદા કરું છું. એમાં મને કોઈ સાહિત્યિક મૂલ્ય જણાતું નથી અને એ આપની 'વાઇડેનફેલ્ડ એન્ડ નિકલ્સન પ્રકાશન સંસ્થા' માટે કલંકરૂપ છે.'

'ડૉ. ઝિવાગો' પુસ્તક માટે નોબેલ ઈનામ પ્રાપ્ત કરનાર બોરિસ પાસ્તરનાકને રાજદ્વારી કારણોસર ઘણાં વિવાદોનો સામનો કરવો પડેલો, રશિયન વિવેચન વી. સેમીચાસ્તનીએ પાસ્તરનાકને 'સૂવર'નું બિરુદ આપી જણાવેલું કે તેઓ પોતાની સૂવા, રહેવા ને ખાવાની જગ્યાને મલિન કરે છે. કવિવર ટાગોરને જે વર્ષમાં નોબેલ ઈનામ પ્રાપ્ત થયેલ ત્યારે એ ઈનામની યાદીમાં વિચારાયેલ બીજા સર્જકોમાં સ્થાન ધરાવનાર સર્જક પાઉન્ડની બાબતમાં રોબર્ટ ગ્રેજ નામના લેખકે ટી.એસ.એલિયટ પરના પોતાના પત્રમાં જણાવેલું: 'હું પાઉન્ડને કવિ કહેતો નથી, કેમકે તે એ બિરુદને માટે યોગ્ય નથી.'

એ જ રીતે ઓસ્કર વાઈલ્ડ, બર્નાર્ડ શો, ડાયલન થોમસ અને આયરિશ કવિ ડબલ્યૂ. બી. યીટ્સ જેવા સુપ્રસિદ્ધ લેખક-સર્જકોને ય પોતાના જીવનકાળ દરમ્યાન ઝેરીલી ટીકા-નિંદા વેઠવી પડેલી હતી. આ બધું જોતાં લાગે છે કે એક લેખકની બીજા લેખક પર આક્રમણ-આક્ષેપ કરવાની પરંપરા બાવા આદમના સમયથી ચાલી આવે છે. ટ્રુમેન કેપોટે જેક કેરુએક નામના લેખક માટે એટલી હદે કહેલું: 'એનું પુસ્તક એ કંઈ લેખન નથી, પણ માત્ર ટાઈપિંગ છે.' પણ એ જ રીતે મહાન નવલકથાકાર ગોર વિડાલેએ કેપોટ લેખક માટે કહી નાંખેલુ: 'એણે જૂઠાણાને કલાનું રૂપ આપી દીધું છે-જાણે નાની મોટી સોહામણી કલા.' બીજા નવલકથાકાર જેમ્સ ગોલ્ડ કૉજેન્સને કદાચ દ્રાક્ષ ખાટી હોવાની વાત લાગુ પડતી હોવાનું કથન તેણે કર્યું છે ને વિશ્વવિખ્યાત અમેરિકન લેખક જોન સ્ટાઇનબેક માટે લખ્યું છે-'મને સ્ટાઈનબેકનાં દસ પાના વાચતાંમાં તો એનું પુસ્તક ફેંકી દેવાનું મન થઈ જાય છે.'

કેટલીક વાર લેખક પોતાની નિંદા જાતે કરીને ય પ્રસિદ્ધિ પામવાની ચેષ્ટા કરતો હોય છે. પ્રસિદ્ધ અમેરિકી પત્રકાર રોજર રોર્જનબ્લાટે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર અમેરિકી સાપ્તાહિક 'ટાઇમ'માં ખુદ પોતાની બાબતમાં લખેલું: 'વૉલ સ્ટ્રીટ જર્નલના સંપાદકીય વિભાગમાં પોતાને વિશે કહ્યા અનુસાર મારા જેવો નિકૃષ્ટ લેખક આજ સુધી ઇતિહાસમાં થયો નથી.'

એક બીજા લેખક જ્યોર્જ બાલ્ડવિને કબુલ કર્યા મુજબ પોતે પોતાના સમકાલીન લેખક રિચર્ડ રાઇટ કરતાં વધારે પ્રસિદ્ધિ મેળવવાના હેતુથી એના વ્યક્તિત્વ વિશે ઘસાતું લખ્યું હતું. વળી વીતેલી સદીના સૌથી મહાન કહેવાતા લેખક અર્નેસ્ટ હેમિંગવેએ વિંકમ લિવિસ માટે લખેલું હતું: 'એની આંખો એક સફળતા પ્રાપ્ત બલાત્કારી' જેવી છે. આ કથન એ લખનારના મનમાં રહેલા ઝેરનો ખ્યાલ આપી જાય છે. ઊલટી રીતે હેમિંગવેના વેરવિખેર થયેલ વ્યક્તિગત જીવનનાં ટાણે તત્કાલીન કેટલાક લેખકોએ એને ય નિશાન બનાવીને એની મજાક ઊડાવી હતી-એના લેખન અવરોધ-Writing Block ની ક્ષતિ બદલ. કેટલાકે ત્યારે લખેલું કે ઈ. સ. ૧૯૬૧માં કોઈ સામયિકે જોન કેનેડી વિશે હેમિંગવેને નાનો શો લેખ થોડી પંક્તિઓવાળો લખવાનું નિમંત્રણ આપેલું. તે વખતે હેમિંગવેએ એ લખવા માટે ઘણો સમય સુધી વિચાર કર્યા જ કર્યો. પણ તે કંઈ જ ન લખી શક્યા ને છેવટે તેમને લખવાનું માંડી વાળવું પડ્યું. એ પછી થોડા દિવસો બાદ તા. ૨ જુલાઈ ૧૯૬૧ના રોજ એણે ખુદ આત્મહત્યા કરેલી હતી. કેટલાય નામાંકિત લેખક-સર્જકોની આવી દશા વૃદ્ધાવસ્થાને કારણે અશક્તિ, સ્મૃતિક્ષય, મનોબળનો અભાવ કે વ્યાધિગ્રસ્તતાને લીધે થાય છે ને તેમનું લખવાનું બંધ થઈ જાય છે. નોરમન મેલર અને જોન રસ્કિન જેવા લેખકોની આવી દયનીય દશા એમના આખરી જીવનકાળમાં થવા પામી હતી. ગ્લેડસ્ટનનું મૃત્યુ થયે એની પુત્રી મેરીએ જોન રસ્કિનને થોડુંક લખી મોકલવા જ્યારે જણાવેલું ત્યારે એક કલાકની વિચારણાને અંતે તેઓ એટલું જ લખી શકેલા-'Dear Mary, I am grieved.' પણ ત્યારે એ મહાન લેખક અત્યંત વૃદ્ધાવસ્થાથી લાચાર બની ગયા હતા.

આ રીતે જોઈ શકાય છે કે નિંદાકૂથલીની દૃષ્ટિએ મહાન સાહિત્યકારો પણ સામાન્ય વ્યક્તિની જેમ ક્રોધ, અહંકાર, વેરભાવ, ઇર્ષ્યાવૃત્તિ ને આત્મવંચના આદિ ભાવોના શિકાર બનતા હોય છે. તેની સર્જક તરીકેની મહત્તા તેના વ્યક્તિગત જીવનની ઉચ્ચ નૈતિકતાની કોઈ ખાત્રી આપતી નથી. બિનસલામતીથી ઘેરાય ત્યારે તે પણ ચિડીયાપણું, ઘમંડ, અદેખાઈ-દ્વેષ આદિના સકંજામાં સપડાય છે ને આત્મશ્લાઘા ને આક્ષેપ-પ્રતિ આક્ષેપમાં રાચે છે. ભારતીય લેખકો પર નજર કરીએ તો હિંદી સાહિત્યમાં પાંડેય બેચન શર્મા (ઉગ્ર) ને 'વિશાલ ભારત'ના સંપાદક બનારસીદાસ ચતુર્વેદી વચ્ચેનો વાક્યુદ્ધનો સંબંધ, હરિવંશરાય બચ્ચન ને સુમિત્રાનંદન પંતનો પરસ્પર ટીકાનિંદા કરવાનો સંબંધ, 'અજ્ઞેય' તથા 'મુક્તિબોધ'નો કટુસંબંધ, તથા સિયારામશરણ ગુપ્ત, પ્રયાગનારાયણ શુકલ તેમજ બલદેવ પ્રસાદ આના ઉદાહરણ રૂપ છે. વળી નિરાલા, સુમિત્રાકુમારી સિંહા રાંગેયરાઘવ, ફણીશ્વરનાથ રેણુ તથા અમૃતલાલ નાગર જેવા લેખકોને ય એમના સમકાલીન લેખકોની નિંદા-ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ગુજરાતી સાહિત્યમાં કવિ નાનાલાલ, કવિ ખબરદાર, સાક્ષર શ્રી નરસિંહરાવ દિવેટિયા, પ્રો. જેહાંગીર સંજાના તથા સાક્ષર શ્રી બ.ક.ઠાકોર આદિ વચ્ચેના કટુ સંબંધોનાં ઉદાહરણો પ્રસિદ્ધ છે. સર્જક-લેખકો છેવટે તો ધરતીની માટીનાં જ બનેલા હોય છે ને ?

❖❖❖

# સેવા મંડળ મેઘરજ, કસાણા

## (આર્થિક સહાય કરવા માટે નોંધાયેલી રકમની યાદી)

સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા-૨૦૦૨ દરમિયાન સેવા મંડળ મેઘરજ, કસાણાને આર્થિક સહાય કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અમને જણાવતાં આનંદ થાય છે એ માટે આશરે રૂપિયા સાડા પંદર લાખ જેટલી માતબર રકમ નોંધાઈ છે. એ માટે દાતાઓના અમે ઋણી છીએ. દાતાઓ અને રકમની યાદી નીચે મુજબ છે :

| | |
|---|---|
| ૧,૦૦,૦૦૦ | શ્રી દિવાળીબેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧,૦૦,૦૦૦ | શ્રી કાંતિલાલ નારાણદાસ તળાજાવાળા-કે.એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૧,૦૦૦ | મે. પી. ડી. કોઠારી એન્ડ કું. હસ્તે શ્રી પીયૂષભાઈ અને ચંદ્રાબહેન કોઠારી |
| ૫૧,૦૦૦ | મે. કોનવેસ્ટ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૧,૦૦૦ | શ્રી હીરાબહેન જયંતીલાલ મહેતા-પાલનપુર હસ્તે શ્રી દિલીપભાઈ જે. મહેતા |
| ૩૧,૦૦૦ | શ્રી લાલજી વેલજી એંકરવાળા ટ્રસ્ટ પરિવાર તરફથી |
| ૨૫,૦૦૦ | શ્રી વિક્ટર ફરનાન્ડિસ હસ્તે શ્રીમતી રમાબહેન વિનોદભાઈ મહેતા |
| ૨૫,૦૦૦ | શ્રી અમીચંદ આર. શાહ-HUF |
| ૨૫,૦૦૦ | શ્રી પરીખ ફાઉન્ડેશન |
| ૨૧,૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી આશિતા એન્ડ કાંતિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી કમળાબેન શશિકાંત પત્રાવાળા |
| ૧૫,૦૦૦ | શ્રી ઉમેદભાઈ દોશી |
| ૧૨,૦૦૦ | શ્રીમતી રમાબહેન શાંતિલાલ દેશાઈ સ્વ. કેશવલાલ તથા વિનોદભાઈ તથા ધનકુંવરબેન કે. ચોકસીના સ્મરણાર્થે હસ્તે વર્ષાબેન રજ્જુભાઈ શાહ |
| ૧૨,૦૦૦ | શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન (નાની ખાખરવાલા) પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧,૧૧૧ | શ્રી ખુશાલચંદ સોજપાર ગડા તરફથી સ્વ. રાકેશ કે. ગડાના સ્મરણાર્થે |
| ૧૧,૦૦૦ | શ્રી પ્રવીણભાઈ ભણશાલી (ગિરનાર ચા) |
| ૧૧,૦૦૦ | શ્રી વિભાબહેન શાહ |
| ૧૧,૦૦૦ | શ્રીમતી સરસ્વતીબહેન નિરંજન શાહ |
| ૧૧,૦૦૦ | શ્રી નિરંજન ચીમનલાલ શાહ |
| ૧૧,૦૦૦ | શ્રીમતી ઝબકબેન મોહનલાલ દફ્તરી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૧,૦૦૦ | શ્રી રમાબહેન એન. કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦ | શ્રી પ્રમોદચંદ્ર સોમચંદ શાહ પરિવાર |
| ૧૦,૦૦૧ | શ્રી વસંતભાઈ રસિકલાલ શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી પુષ્પાબહેન ભણશાલી |
| ૧૦,૦૦૦ | શ્રી મધુરીબહેન મનસુખલાલ વસા |
| ૧૦,૦૦૦ | શ્રી શશીબહેન દેવેનભાઈ દોશી |
| ૧૦,૦૦૦ | શ્રી દિપીકાબહેન પંકજભાઈ દોશી |
| ૧૦,૦૦૦ | શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ |
| ૯,૦૦૦ | ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ તથા પ્રા. તારાબહેન ર. શાહ |
| ૯,૦૦૦ | શ્રી રસિકલાલ લહેરચંદ શાહ |
| ૯,૦૦૦ | શ્રી ચંદ્રકાંતભાઈ દીપચંદભાઈ શાહ |
| ૯,૦૦૦ | શ્રીમતી નિરુબહેન અને શ્રી સુબોધભાઈ શાહ |
| ૯,૦૦૦ | ડૉ. ધનવંતરાય તિલકરાય શાહ |
| ૯,૦૦૦ | ડૉ. રજ્જુભાઈ એન. શાહ પરિવાર તરફથી હસ્તે શ્રીમતી વર્ષાબહેન રજ્જુભાઈ શાહ |
| ૯,૦૦૦ | શ્રી ભૂપેન્દ્ર ડાહ્યાભાઈ ઝવેરી |
| ૯,૦૦૦ | શ્રીમતી રમાબહેન જયસુખલાલ વોરા |
| ૯,૦૦૦ | શ્રી કુસુમબહેન નરેન્દ્રભાઈ ભાઉ |
| ૯,૦૦૦ | શ્રી યશોમતીબહેન શાહ |
| ૯,૦૦૦ | શ્રી વનિતાબહેન જયંતભાઈ શાહ |
| ૯,૦૦૦ | શ્રી શાંતિલાલ મંગળજીભાઈ મહેતા |
| ૯,૦૦૦ | શ્રી હર્ષરંજન ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | મે. સ્મીથ ટુલ્સ કોરપોરેશન હસ્તે શ્રી પ્રવીણચંદ્ર શાહ |
| ૯,૦૦૦ | શ્રી હસમુખભાઈ ગુલાબચંદ શાહ |
| ૯,૦૦૦ | મે. કુસુમ ઇલેક્ટ્રીકલ એન્ડ એન્જિનિયરીંગ કું. |
| ૯,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૯,૦૦૦ | શ્રી દિલીપભાઈ એમ. શાહ |
| ૯,૦૦૦ | શ્રી મફતલાલ ભીખાચંદ ફાઉન્ડેશન સ્વ. મફતલાલ ભીખાચંદ શાહના સ્મરણાર્થે |
| ૯,૦૦૦ | શ્રી શરદભાઈ શાહ, સ્વ. સરસ્વતીબહેન રસિકલાલ શાહ, સ્વ. રસિકલાલ છોટાલાલ શાહ, સ્વ. બાજીભાઈ છોટાલાલ શાહના સ્મરણાર્થે |
| ૯,૦૦૦ | શ્રી રમણલાલ નગીનદાસ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | ડૉ. ગીતાબહેન પરીખ |
| ૯,૦૦૦ | શ્રી એ. પી. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૯,૦૦૦ | શ્રી પોપટલાલ ન્યાલચંદ વોરા હસ્તે મહેશભાઈ |
| ૯,૦૦૦ | શ્રી ગુણવંતીબહેન ગુલાબદાસ |
| ૬,૦૦૦ | શ્રી ગાંગજી પોપટલાલ શેઠિયા ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી આશિષ દિલીપભાઈ વીરેન્દ્રભાઈ કાકાબળીયા |
| ૬,૦૦૦ | શ્રી નયનાબહેન એ. શેઠ |
| ૬,૦૦૦ | શ્રી ઊર્મિબહેન આર. શેઠ |
| ૬,૦૦૦ | શ્રી નંદિતા એ. શેઠ અને એન. એચ. મુલ્લા |
| ૬,૦૦૦ | શ્રી એ. આર. ચોકસી HUF |
| ૬,૦૦૦ | ડૉ. સ્નેહલ અને સ્મિતા સંઘવી |
| ૬,૦૦૦ | શ્રી અરુણાબહેન એ. ચોકસી |
| ૬,૦૦૦ | શ્રી મહેતા પરિવાર |
| ૬,૦૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ એમ. શાહ |
| ૬,૦૦૦ | મે. સ્મીથ ઈન્ડસ્ટ્રીયલ એજન્સી |
| ૬,૦૦૦ | સ્વ. દેવકાબેન જેસંગભાઈ રાંભીયા |
| ૬,૦૦૦ | સ્વ. માનભાઈ ડુંગરશીભાઈ શાહ |
| ૬,૦૦૦ | શ્રી હર્ષ વિક્રમભાઈ શાહ |
| ૬,૦૦૦ | શ્રી રમેશભાઈ એ. મહેતા |
| ૬,૦૦૦ | શ્રી ધીરજલાલ એલ. અજમેરા |
| ૬,૦૦૦ | શ્રી રમીલાબહેન આર. મહેતા |
| ૬,૦૦૦ | શ્રી વિનયચંદ્ર ઉમેદચંદ શાહ |
| ૬,૦૦૦ | શ્રી શાંતિભાઈ ઉજમશીભાઈ એન્ડ સન્સ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી દિનેશભાઈ બાલચંદ્ર દોશી |
| ૬,૦૦૦ | શ્રી મણીબહેન ગોવિંદજી હીરજી હરીયા ફાઉન્ડેશન |
| ૬,૦૦૦ | શ્રી આરતીબહેન મધુસૂદનભાઈ વોરા |
| ૬,૦૦૦ | શ્રી પ્રભાદેવી એન્ડ રમણલાલ નગીનદાસ પરીખ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૬,૦૦૦ | શ્રી પ્રકાશભાઈ ડી. શાહ |
| ૬,૦૦૦ | શ્રી ઝેણીબાઈ ટ્રસ્ટ-પાલનપુર |
| ૬,૦૦૦ | શ્રી ઈન્દુમતી અને હરકિશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ |

| | |
|---|---|
| ૬,૦૦૦ | સ્વ. શ્રી કાંતિલાલ મણીલાલ સોનાવાલા તથા સ્વ. શ્રીમતી શુદબહેન કાંતિલાલ સોનાવાલા |
| ૫,૦૦૦ | શ્રી નગીનદાસ પદમશી શેઠ |
| ૫,૦૦૦ | શ્રી મંજુલાબહેન આર. શાહ |
| ૫,૦૦૦ | શ્રી હર્ષાબેન ભરતભાઈ ડગલી |
| ૫,૦૦૦ | શ્રી ડી. એસ. પટેલ |
| ૫,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૫,૦૦૦ | શ્રી અંજની ડાંગરવાલા |
| ૫,૦૦૦ | શ્રી નેમચંદ નાથાલાલ શાહ હસ્તે શ્રી સુમિત્રા નેમચંદ શાહ |
| ૫,૦૦૦ | શ્રી સુરેશભાઈ પેથાણી |
| ૫,૦૦૦ | શ્રી વી. એસ. ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | મે. મેટ્રોપોલીટન એક્ઝીમચેમ લિ. |
| ૩,૦૦૦ | શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી કે. પી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી ઉષાબહેન જે. મહેતા |
| ૩,૦૦૦ | શ્રી પ્રવીણભાઈ કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી તારાબહેન મોહનલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તે શ્રી પુષ્પાબહેન પરીખ |
| ૩,૦૦૦ | શ્રી નટુભાઈ પટેલ |
| ૩,૦૦૦ | શ્રી મીનાબહેન એન. ધરોડ |
| ૩,૦૦૦ | શ્રી અપૂર્વ લાભુભાઈ સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી અલકાબહેન કિરણભાઈ શાહ |
| ૩,૦૦૦ | સ્વ. વસુબહેન બબલચંદ મોદી |
| ૩,૦૦૦ | મે. ત્રિશલા ઇલેક્ટ્રોનીક્સ |
| ૩,૦૦૦ | શ્રી મનહરલાલ જગમોહનદાસ શેઠ |
| ૩,૦૦૦ | શ્રી એ. આર. શેઠ |
| ૩,૦૦૦ | શ્રી વિરલ અરવિંદ ધરમશી લુખી |
| ૩,૦૦૦ | શ્રી બાબુભાઈ ચંપકલાલ તોલાટ |
| ૩,૦૦૦ | શ્રી નિર્મળાબહેન બાબુભાઈ તોલાટ |
| ૩,૦૦૦ | શ્રી મીનાબહેન કિરણભાઈ ગાંધી |
| ૩,૦૦૦ | શ્રી લલિતકુમાર ચીમનલાલ કોઠારી |
| ૩,૦૦૦ | શ્રી નિર્મળાબહેન ત્રિલોકભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી સુરેશભાઈ નાથાલાલ પરીખ ફેમિલી |
| ૩,૦૦૦ | શ્રી કાકુલાલ સી. મહેતા |
| ૩,૦૦૦ | શ્રી રાજેન્દ્રભાઈ અમરતલાલ HUF |
| ૩,૦૦૦ | શ્રી આર. જે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ભારતીબહેન ભૂપેન્દ્રભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી ભારતીબહેન ગજેન્દ્રભાઈ કપાસી |
| ૩,૦૦૦ | શ્રી ચંપાબહેન જયંતીલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી એલ. સી. કોઠારી HUF |
| ૩,૦૦૦ | શ્રી જયંતીલાલ ચુનીલાલ શાહ |
| ૩,૦૦૦ | શ્રી વિનોદભાઈ જમનાદાસ મહેતા |
| ૩,૦૦૦ | મે. વેન્ગાર્ડ સ્ટુડિયો |
| ૩,૦૦૦ | મે. લાલભાઈ કાલીદાસ એન્ડ કાં. |
| ૩,૦૦૦ | શ્રી નગીનદાસ ન્યાલચંદ દોશી |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકાંતભાઈ યુ. ખંડેરિયા |
| ૩,૦૦૦ | શ્રી નિરંજનભાઈ હરગોવિંદદાસ ભણશાલી હસ્તે શ્રી સુશીલાબહેન |
| ૩,૦૦૦ | શ્રી ઈલાબહેન આણંદલાલ સંઘવી |
| ૩,૦૦૦ | મે. મહાવીર ઈલેક્ટ્રોનીક્સ હસ્તે શ્રી પ્રદીપભાઈ તલસાણીયા |
| ૩,૦૦૦ | શ્રી છોટાલાલ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી પ્રતિભાબહેન શાહ |
| ૩,૦૦૦ | શ્રી મધુસૂદનભાઈ એસ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી રસિલાબહેન મહેન્દ્રભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી ચંદ્રકુમાર ગણપતભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી રમેશભાઈ પી. દફ્તરી |
| ૩,૦૦૦ | શ્રી અમરીશભાઈ આર. દફ્તરી |
| ૩,૦૦૦ | શ્રી અનિલાબહેન શશિકાંતભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી શશિકાંતભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી શશિકાંતભાઈ સ્વરૂપભાઈ તિજોરીવાલા |
| ૩,૦૦૦ | શ્રી ઈન્દિરાબહેન શશિકાંતભાઈ તિજોરીવાલા |
| ૩,૦૦૦ | શ્રી મીનાક્ષીબહેન સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી વી. એન. સંઘવી |
| ૩,૦૦૦ | શ્રી રીનાબહેન રાજેશભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી સુવર્ણાબહેન જીતુભાઈ દલાલ |
| ૩,૦૦૦ | શ્રી સતીષભાઈ મોદી |
| ૩,૦૦૦ | મે. એચ. ડી. ઈન્ડસ્ટ્રીઝ |
| ૩,૦૦૦ | શ્રી મેઘાબહેન સચીનભાઈ ગાંધી |
| ૩,૦૦૦ | ડૉ. હેમંત એચ. કુવાડિયા |
| ૩,૦૦૦ | સ્વ. જશુમતીબહેન હસમુખલાલ કુવાડિયાના સ્મરણાર્થે |
| ૩,૦૦૦ | સ્વ. મણીબાઈ હીરજીભાઈ ભેદા |
| ૩,૦૦૦ | શ્રી હિંમાશુ ચોકસી |
| ૩,૦૦૦ | શ્રી રમણિકલાલ ભોગીલાલ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી શારદાબહેન બાબુભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી તનસુખભાઈ કામદાર |
| ૩,૦૦૦ | શ્રી ગુલાબદાસ એન્ડ કાં. |
| ૩,૦૦૦ | સ્વ. રમાબહેન જયંતીલાલ પરિવાર |
| ૩,૦૦૦ | શ્રી નયનાબહેન રાજેશકુમાર ઝવેરીના સ્મરણાર્થે રાજેશકુમાર ઝવેરી હસ્તે હેમીત ઝવેરી અને રીકેન ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી કુમુદબહેન પટવા |
| ૩,૦૦૦ | સ્વ. શ્રીમતી સરલાબહેન શાંતિલાલ દોશીના સ્મરણાર્થે હસ્તે શ્રી આશિષ એચ. દોશી |
| ૩,૦૦૦ | શ્રી પ્રકાશભાઈ એસ. દોશી |
| ૩,૦૦૦ | શ્રી શોભનાબહેન લક્ષ્મીચંદ વિસરીયા |
| ૩,૦૦૦ | શ્રી લક્ષ્મીચંદ નાનજીભાઈ વિસરીયા |
| ૩,૦૦૦ | શ્રી અપર્ણાબહેન ભૂપેન્દ્રભાઈ શાહ |
| | (કોલસાવાળા) |
| ૩,૦૦૦ | શ્રી રસીલાબહેન જે. પારેખ |
| ૩,૦૦૦ | શ્રી દીપાલીબહેન સંજયભાઈ મહેતા |
| ૩,૦૦૦ | શ્રી મંજુલાબહેન નેમચંદભાઈ છેડા |
| ૩,૦૦૦ | શ્રી ઉષાબહેન રમેશભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી રમણીકલાલ ઉમેદચંદ |
| ૩,૦૦૦ | શ્રી ઈશ્વર વિજય ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | મે. રીલાએબલ ઝેરોક્ષ કાં. |
| ૩,૦૦૦ | એક બહેન તરફથી |
| ૩,૦૦૦ | શ્રી કે. સી. નાણાવટી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી સારાલાલ નગીનદાસ નગરશેઠ |
| ૩,૦૦૦ | શ્રી જવલબહેન રામચંદભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી સરોજરાની શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી લલિતાબહેન મનસુખલાલ શાહ |
| ૩,૦૦૦ | મે. પેક પ્રિન્ટ ઈન્ડસ્ટ્રીઝ |
| ૩,૦૦૦ | શ્રી વિક્રમભાઈ આર. શાહ |
| ૩,૦૦૦ | શ્રી રમાબહેન દેસાઈ |
| ૩,૦૦૦ | શ્રી નર્મદાબહેન મગનલાલ શેઠ |
| ૩,૦૦૦ | શ્રી લતાબહેન દોશી |
| ૩,૦૦૦ | શ્રી ક્રિષ્ણાલાલ ઠાકોરદાસ મોદી અને પરિવાર |
| ૩,૦૦૦ | શ્રી સુમનબહેન શાંતિલાલ મોદી |
| ૩,૦૦૦ | શ્રી ભાનુબહેન નવીનભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી માતુશ્રી રતનબેન જેઠાભાઈ માલદે |
| ૩,૦૦૦ | શ્રી પ્રણવભાઈ ઝવેરી |
| ૩,૦૦૦ | શ્રી પ્રવીણભાઈ વીજપાર નીસાર |
| ૩,૦૦૦ | શ્રી મણીબહેન વીજપાર નીસાર |
| ૩,૦૦૦ | ડૉ. કાંતિલાલ કે. શાહ |
| ૩,૦૦૦ | શ્રી ભાઈચંદભાઈ એમ. મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૩,૦૦૦ | શ્રી અંશુબહેન ક્રીષ્ણકાંત પટેલ |
| ૩,૦૦૦ | શ્રી દીપાબહેન શાહ |
| ૩,૦૦૦ | શ્રી કલ્પનાબહેન સુરેન્દ્રભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી દર્શિની શાહ |
| ૩,૦૦૦ | શ્રી ઉષાબહેન દિલીપભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી રામ્યાન પરેશભાઈ શાહ |
| ૩,૦૦૦ | શ્રી કુમુદબહેન આર. ભણશાલી |
| ૩,૦૦૦ | શ્રી જાસુદબહેન નાથાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી ઉષાબહેન |
| ૩,૦૦૦ | શ્રી જગદીશભાઈ જી. માલદે |
| ૩,૦૦૦ | પ્રવીણચંદ્ર જમનાદાસ શાહ |
| ૩,૦૦૦ | મે. વિજય જ્વેલરી સ્ટોર |
| ૩,૦૦૦ | શ્રી ગુણવંતીબહેન મહાસુખલાલ દેવડાવાળા |
| ૩,૦૦૦ | શ્રી મીનાબહેન એમ. શાહ |
| ૩,૦૦૦ | શ્રી અર્ચના કિરીટ શાહ |
| ૩,૦૦૦ | શ્રી સુમનભાઈ છબીલદાસ શાહ |
| ૩,૦૦૦ | શ્રી કનુભાઈ રસિકલાલ શાહ-કોલસાવાળા |

૩,૦૦૦ શ્રી કંચનબહેન ચીમનલાલ અજમેરા
૩,૦૦૦ મે. પારકીન બ્રધર્સ
૩,૦૦૦ શ્રી સોનલ પી. પારેખ
૩,૦૦૦ શ્રી નટુભાઈ પી. પારેખ
૩,૦૦૦ શ્રી ચંદ્રકાંત જે. શાહ
૩,૦૦૦ શ્રી રમેશભાઈ પોપટલાલ શાહ
૩,૦૦૦ ડૉ. જીતેશ નટવરલાલ મહેતા
૩,૦૦૦ શ્રી મૃદુલા કે. શાહ
૩,૦૦૦ શ્રી આનંદીબહેન પ્રેમુભાઈ ટી. ઠક્કર
૩,૦૦૦ શ્રી પ્રીતિબહેન ચોકસી
૩,૦૦૦ શ્રી અંજનાબહેન ઝવેરી
૩,૦૦૦ શ્રી નીના એન. શાહ
૩,૦૦૦ શ્રી જશવંતીબહેન પ્રવીણચંદ્ર વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ મે. નંદુ ડ્રેપર્સ
૩,૦૦૦ શ્રી જે. એન. શાહ અને વી. જે. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી મણીલાલ નારશીદાસ દોશી
ચેરિટેબલ ટ્રસ્ટ
૩,૦૦૦ શ્રી શૈલેષભાઈ આર. મહેતા
૩,૦૦૧ મે. ફ્રેન્ડલી ટાઇપસેટર હસ્તે શ્રી લોપાબહેન મામણિયા
૩,૦૦૦ શ્રી વી. એ. પરીખ એન્ડ કું.
૩,૦૦૦ ડૉ. ડી. વી. શાહ
૩,૦૦૦ શ્રી રજનીકાંત સી. ભણશાલી
૩,૦૦૦ શ્રીમતી પુષ્પાબહેન આર. ભણશાલી
૩,૦૦૦ શ્રી સૌરભ આર. ભણશાલી
૩,૦૦૦ શ્રી સેજલ એસ. ભણશાલી
૩,૦૦૦ શ્રી શ્રદ્ધા એસ. ભણશાલી
૩,૦૦૦ શ્રી શનીન એસ. ભણશાલી હસ્તે શ્રી વસુબહેન ભણશાલી
૨,૦૦૦ શ્રી તરુણાબહેન નીતીનભાઈ શાહ
૨,૦૦૦ શ્રી ઈન્દ્રકુમાર ઝવેરી
૨,૦૦૦ શ્રી ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી
૧,૫૦૧ એક બહેન તરફથી
૧,૫૦૧ શ્રી જયાબહેન સુરેશભાઈ કોઠારી
૧,૫૦૦ શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ
૧,૧૧૧ શ્રી રમણિકલાલ એસ. ગોસલીયા
૧,૧૧૧ શ્રી ભવરલાલ વાલચંદ મહેતા
૧,૦૦૧ શ્રી આર. એ. સંઘવી
૧,૦૦૦ શ્રી સંયુક્તાબહેન પ્રવીણભાઈ મહેતા
૧,૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧,૦૦૦ શ્રી ભારતી બી. શાહ
૧,૦૦૦ શ્રી શરદભાઈ કે. શેઠ
૧,૦૦૦ શ્રી પ્રાણજીવન કરમચંદ શાહ હસ્તે જયાબહેન
૧,૦૦૦ શ્રી સુનીલભાઈ મહેતા
૧,૦૦૦ શ્રી કાંતાબહેન મણીલાલ શાહ
૧,૦૦૦ શ્રી મનીષ વિજય મહેતા
૧,૦૦૦ શ્રી સુરેશ વિજયરાજ
૧,૦૦૦ સ્વ. સુમનબહેન બાબુલાલ ચોકસી
૧,૦૦૦ શ્રી સુનીલ મહેતા
૧,૦૦૦ શ્રી નંદુલાલ વોરા
૭,૬૫૧ ૧,૦૦૦થી ઓછી રકમનો સરવાળો.

# લોકગીતોમાં પ્રકૃતિ વર્ણન

**☐ ગુલાબ દેઢિયા**

લોકસાહિત્ય લોકોના જીવાતા જીવનમાંથી સર્જાય છે. છેલ્લાં થોડાં વર્ષોને બાદ કરીએ તો અગાઉ લોકોના જીવન સાથે પ્રકૃતિ વણાયેલી હતી. માણસ કુદરતને ખોળે જીવતો, ઊછરતો અને પોતાના સુખદુ:ખમાં પ્રકૃતિનાં પ્રતીકોને સંભારતો.

કૃષિસંસ્કૃતિની સીધી અસર માનવીના જીવન પર થતી હતી. ખેતીવાડીની વાત આવે ત્યાં સૌ પ્રથમ વરસાદની યાદ આવે. લોકો વરસાદની રાહ જોતા હોય, મેઘરાજાને વરસવા વિનંતી કરતા હોય, પ્રાર્થના આજીજી કરતા હોય ત્યારે લોકગીતમાં ચિત્ર કેવું આવે છે !

તારી ધરતી ધણિયાણી જુએ વાટ, મેહુલિયા !
તારી વીજળી વહુ જુએ છે વાટ, મેહુલિયા !
તું તો વરસીને કર લીલા લ્હેર, મેહુલિયા !
તું તો વરસી જા દુનિયા બાપ, મેહુલિયા !
તને કીડી મંકોડી દે છે શાપ, મેહુલિયા !
તું તો ઝરમરિયો કર રે અવાજ, મેહુલિયા !
તું તો વરસી જા દુનિયાને કાજ, મેહુલિયા !

મેહુલિયો રીઝે છે અને ઝરમરિયો અવાજ કરતો વરસે છે ત્યારે સર્વત્ર આનંદ આનંદ થાય છે. લોકગીતમાં એ વખતની પ્રકૃતિનું વર્ણન આ રીતે આવે છે :

ઓતર-દખણથી ચડી વાદળી રે લોલ !
ઝીણી ઝીણી ઝબૂકે છે વીજ જો
આજ આનંદ મારે આંગણે રે લોલ !
વાવી જારું ને વાવ્યા બાજરા રે લોલ !
ધરતીએ ઓઢ્યાં લીલાં ચીર જો. આજ.
સરિતાની સેરું ચાલે જોરમાં લોલ !
ગવરી તો ચરે લીલાં ઘાસ જો. આજ.

સાસરિયામાં દુ:ખી વહુ પોતાના ભાઈની વાટ જુએ છે. તે વખતે મનનો ઉચાટ શમાવવા વૃક્ષોનો આધાર લેતાં કહે છે :

મારા ફળિયામાં ઊંચો આંબલો,
આંબલિયે ચડી મેં તો જોયું જો !
ઊંચી ચડું ને નીચી ઊતરું,
જોઉં મારા માડીજાયાની વાટ જો !

મણિયારાને પ્રીતિ કરનાર નાયિકા પ્રિયતમની રાહ જોવામાં જે ઉત્કંઠા દર્શાવે છે તે પણ વૃક્ષોનો આધાર આ રીતે લે છે :

હું તો ચંપે ચડું ને કેવડે ઊતરું રે,
જોઉં મણિયારા તારી વાટ;
હોવે હોવે, જોઉં મણિયારા તારી વાટ.

પ્રિય મણિયારાને જે ઉપમા આપે છે પણ કુદરતની શ્રેષ્ઠ દેનની જ છે. કહે છે :

ઓલ્યો મણિયારો આયો ગામને ગોંદરે
એ તો અષાઢીવાળો મેઘ,
હોવે હોવે, અષાઢીવાળો મેઘ,
જોઉં મણિયારા તારી વાટ.

પ્રિયતમના આંબાની વાત કરતાં નાયિકા એના પ્રેમની વાતને ખૂબીથી કહી દે છે. લોકગીતોની સરળતા આહ્‌લાદક હોય છે.

મારા રે વા'લમનો મીઠો આંબલો,
આંબો ફાલ્યો સે ફાગણ માસમાં રે,
વા'લમનો વીરા, આંબલો.

ફરી અગાઉ આવી તે વાત ભાઈ માટે પણ આવે છે, ભાઈને મળવા જવા બહેન શું કરશે ?

વીર મારો વાડીમાં ઉતર્યા જી રે, ફૂલડાં વીણવા જાઈશ,
ડાબે હાથે ડમરું ને જમણે હાથે ગોયણાં લઈશ.

હો વજેસંગ વાડીમાં ઊતર્યા જી રે !

વનમાં વલવલતી વૈદર્ભીના જેમ કૃષ્ણના વિરહમાં વલખતી ગોપી બહાવરી બનીને વનરાવનના ઝાડ, પાન, પંખીને કૃષ્ણની ખબર પૂછે છે:

વડલા ને પીપળા, આંબાને પૂછે, પૂછે છે શેરડીની વાડને રે.
ગોપી વનમાં પૂછે છે ઝાડો ઝાડને રે.
હંસલા રે, તેં ક્યાંય હરિવર દીઠા ?
તારી ચાલે પ્રભુ પોતે ચાલે છે. ગોપી.
મોર રે, તેં ક્યાંય મહિપતિને દીઠા ?
તારી પીંછીનો પ્રભુ મુગટ ધરે છે. ગોપી.

કૃષ્ણ-ગોપી કે રાધા-કૃષ્ણના લોકગીતોમાં કુદરતનો રંગ છલકાયા કરે છે:

અમો સરોવર પાણી ગ્યા'તાં, બેડલીએ રંગ લાગ્યો,
અમો સરખી સૈયર ગ્યા'તાં, બેડલીએ રંગ લાગ્યો.

વેરણ વાંસળીની વાતમાં વૃક્ષનો ઉલ્લેખ આવે છે.

મારા ઘર પછવાડે લીંબડી, ડાળખડી લળી લળી જાય રે,
વેરણ લાગી છે વાંસળી.

સૌરાષ્ટ્રમાં પશ્ચિમમાં સાગર કાંઠે નાઘેરનો લીલોછમ પ્રદેશ છે. એ પ્રકૃતિને લોકગીતમાં આ રીતે ગૂંથી છે:

ઝીણા મોર બોલે આ લીલી નાઘેરમાં,
લીલી નાઘેરમાં, હરી વનરાઈમાં.
ઉતારા કરો ને આજ લીલી નાઘેરમાં,
દેશું દેશું મેડીના મોલ રાજ. ઝીણા.

લગ્નગીતોમાં પ્રકૃતિની બાદબાકી કરવામાં નથી આવી. વર-કન્યાની વાત કરતાં, લગ્નના જુદા જુદા વિધિ કરતી વખતે પ્રકૃતિને સહજ રીતે જ સાથે મૂકે છે.

વાંકો વડલો ને વાંકી વડવાઈ
વાંકી છે વડલાની ડાળ,
અવસર ઘેર આપણે.

વધાવો આવે ત્યારે પૃથ્વી અને આકાશને લગ્નગીતમાં આ રીતે યાદ કરે છે:

ધરતીમાં બલિહારી બે જણાં, એક ધરતી ને બીજો આભ.
વધાવો રે આવીઓ.
આભે મેહુલિયા વરસાવિયા, ધરતીએ ઝીલ્યો છે ભાર.
ધરતીમાં બલિહારી બે જણાં, એક ઘોડી ને બીજી ગાય.
વધાવો રે આવીઓ.
ગાયનો જાયો હળે જુત્યો, ઘોડીનો જાયો દેશ પરદેશ.

વરને ઉતારો આપવા કુદરતની વચ્ચે કેવી જગા પસંદ કરી છે, તે બતાવે છે કે પહેલાંના સમયમાં લોકો કુદરત સાથે ઓતપ્રોત હતાં.

વાડીએ આંબા ને વાડીએ આંબલી;
વાડીએ દાડમ ને દરાખ રે,
વર વાઘેલા ને વાડીએ ઉતર્યા.

વૃક્ષોની જેમ પંખીઓની વાતો લગ્નગીતોમાં આવતી હતી.

કોયલ બેઠી આંબલિયાની ડાળ
મોરલિયો બેઠો રે ગઢને કાંગરે માણારાજ

બીજા એક ગીતમાં કોયલનો ટહુકો જુદી રીતે આવે છે:

તું તો બોલને રે મારા વનની કોયલ,
તારા રે શબદ સોહામણા.
કોયલ કેમ કરી રે તમે આ વન વસિયાં
કેમ કરી સૂડલો રીઝવ્યો.

લગ્નના પ્રસંગનો આનંદ વ્યક્ત કરવા પ્રકૃતિના જાયા કેકારવ કરતા મોરને આ રીતે પસંદ કર્યા છે:

બોલ્યા બોલ્યા નંદનવનના મોર
બપૈયા રે દીધાં રે વરનાં વધામણાં રે લોલ.

કન્યા વિદાયના પ્રસંગમાં પણ વિદાયની વાત કરતી કન્યા આસપાસની પ્રકૃતિની વાત કરે છે.

દાદાને આંગણ આંબલો, આંબલો ઘોર ગંભીર જો,
અમે રે લીલુડા વનની ચરકલડી ઊડી જાશું પરદેશ જો.

લોકજીવનમાં ચાંદો અને સૂરજ એમના મનના ભાવોને વ્યક્ત કરવામાં ખાસ્સાં કામ લાગતાં.

વનમાં ચાંદલિયો ઊગ્યો,
બાઈ મને સૂરજ થઈ લાગ્યો.

નાયિકા પ્રિયતમને ચાકરીએ જતો રોકવા કેવી વિનવણી કરે છે !

આભમાં ઝીણી ઝબૂકે વીજળી રે
કે ઝીણા ઝરમર વરસે મેઘ
ગુલાબી ! કેમ કરી જાશો ચાકરી રે !

કુટુંબ જીવનની વાત કરતાં જેઠ, જેઠાણી, દિયેર, દેરાણીને ઉપમા આપવા કુદરતની મદદ લેતાં ચિત્ર કેવું વિહંગમ બને છે !

આસો માસો શરદપૂનમની રાત જો,
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં.
જેઠ મારો અષાઢિલો મેઘ જો,
જેઠાણી ઝબૂકે વાદળ વિજળી.
દેર મારો ચાંપલિયાનો છોડ જો,
દેરાણી ચાંપલિયા કેરી પાંદડી.

ગોપીને કૃષ્ણ બોલાવે છે ત્યારે મળવાનું સ્થળ કેવું રળિયામણું છે !

વનમાં હિંડોળો બાંધિયો, સખી શ્યામ બોલાવે.
બાંધ્યો છે વડલાની ડાળ, ગિરધરલાલ બોલાવે.

લોકગીતોમાં કુદરતનું સંતુલન જાળવવા, સૌ જીવસૃષ્ટિને યથેચ્છ રહેવા દેવાની વિનંતી પણ આવે છે. જીવન પરસ્પરાવલંબી છે એ સૂર એમાં ભળેલો છે.

ધન્ય ગોકળ ધન્ય ગામડાં રે
ધન્ય વનરાવન શે'ર મારા વા'લા !
કોયલડી નો મારીએં રે,
આંબલાની રખવાળ મારા વા'લા !

પ્રકૃતિથી વિમુખ થવું એ જીવન નથી, સંસ્કૃતિ નથી, વિકૃતિ છે. પ્રકૃતિ સાથેનો ઘરોબો લોકગીતોમાં વારંવાર વ્યક્ત થયો છે.

મારા ઘર પછવાડે રે વાડિયું
એના ફૂલડાં લેર્યે જાય રે
વાગે છે વેરણ રે વાંસળી !
એનાં ફૂલડાં ફોર્યે જાય રે,
એનાં ફૂલડિયાં કરમાય રે

વાગે છે વેરણ રે વાંસળી !

મધદરિયે બહારવટિયા જેસલની નાવ ઝોલા ખાય છે, ત્યારે જેસલ પોતે કરેલા પાપની કબૂલાત કરે છે, તેમાં એણે પ્રકૃતિનો કેવો વિનાશ કર્યો છે તેની કબૂલાત છે.

વનના મોરલા મારિયા, હરણ હણ્યા લખ ચાર, સરોવરનો પાળ તોડી દીધી વગેરે દુષ્કૃત્યોની વાત ખાસ ધ્યાન ખેંચે છે. કુદરતને કરેલું નુકશાન અંતે તો સમસ્ત જીવસૃષ્ટિને થતું નુકશાન છે.

લોકગીતોમાં આંબો, લીમડો, પીપળો, આંબલી, લીંબુડો જેવાં વૃક્ષો આવે છે. ગુલાબ, ચંપો, ચમેલી જેવાં ફૂલો આવે છે. ખેતર, વાડી, વન, સીમ, ગાય, બળદ, હરણાં, તળાવ, સરોવર, સાગર, નદી, સૂરજ, ચંદ્ર, આકાશ, ધરતી, વરસાદ, વાદળ, મોર, પોપટ, કાગડો, કોયલ, મેના જેવાં પંખી આવે છે. કીડીબાઈની જાનની વાત આવે છે. મહીસાગરને આરે ઢોલ વાગે છે, જમનાજીનાં જળ ભરવા જવાનું છે, વાલમને પહોંચાડવાનો સંદેશો કુંજલડીને આપવાનો છે. સપનામાં ડોલતા ડુંગર દેખાય છે. દાડમડીનાં ફૂલ રાતાં છે. જેમ નદીને નદીના નાથ મળે છે તેમ વરકન્યાના હાથ મળે છે. વનની ચોરી ચીતરી છે, ધરતીનાં બાજોઠ કીધાં છે. આભનો માંડવો બાંધ્યો છે, વીજળીની વરમાળા કરી છે. નવ લખ તારા જોઈ રહ્યા છે. સીતા અને શ્રીરામ પરણે છે.

લોકગીતોમાં પ્રકૃતિની વાતો આવે છે તે સૂચવે છે કે લોકોનું જીવન કુદરતને ખોળે કેવું વીત્યું છે. કુદરતની વાડી વેડવા માટે નથી. સૌનું સ્થાન છે. પર્યાવરણ વિશે આજે સભાનતા આવી છે, જે વખતે એ શબ્દની લોકને ખબર ન હતી પણ પોતાના વ્યવહાર, તહેવાર, ધર્મ, આનંદ, શોક, મિલન, વિરહ, બધે પ્રકૃતિનો સાથ લીધો છે.

પ્રકૃતિના સાથથી અવતાર ધન્ય થયો હોય એમ મનાતું હતું. જો પ્રભુને પૂજ્યા હોય તો અનેક સુખ મળે, એમાંથી એક સુખ તે :

જેને તે આંગણ પીપળો, તેનો ધન્ય અવતાર;
સાંજ સવાર પૂજા કરે, જો પૂજ્યા હોય મોરાર.

આણાં મોકલવાની વિનંતી કરતા બારમાસી ગીતમાં બદલાતી ઋતુઓ સાથે ગોપીના મન પર થતી અસર બતાવી છે:

ફાગણ ફૂલ્યો ફૂલડે ને ફૂલ્યાં કેસર ઝાડ
અબીલ ગલાલને છાંટણે રમે ગોપી ને ગોવાળ.
કે આણાં મોકલને મોરાર !
ચૈતર ચંપો મોરિયો ને મોર્યાં દાડમ દ્રાખ
કોયલડી ટૌકા કરે બેઠી આંબાની ડાળ.
કે આણાં મોકલને મોરાર !
વૈશાખે વન વેડિયાં ને વેડી આંબા શાખ
રસે ભરેલો વાટકો: મને કોણ કે'શે કે ચાખ ?
કે આણાં મોકલને મોરાર !
જેઠ મહિના તાપ ઘણા ને ઘરમાં નવ રે'વાય,
હાથનો ગૂંથેલ વીંજણો : હું કોને ઢોળું વાય ?
કે આણાં મોકલને મોરાર !
આષાઢે ઘમઘોરિયા ને વાદળ ગાજે ઘોર,
બાપૈયા પિયુ પિયુ કરે ને મધુરા બોલે મોર.
કે આણાં મોકલને મોરાર !
શ્રાવણ વરસે સરવડે ને નદીએ બો'ળાં નીર,
આંસુડે ભીંજાય કાંચળી, નવ આવ્યા નણદીના વીર.
કે આણાં મોકલને મોરાર !
ભાદરવો ભલે ગાજિયો ને ગાજ્યા વરસે મેહ,
હું રે ભીંજાઉં ઘરઆંગણે, મારા પિયુ ભીંજાય પરદેશ.
કે આણાં મોકલને મોરાર !
આસોનાં અંજવાળિયાં ને ગોપિયું ગરબા ગાય,
વે'લો વળજે વિઠ્ઠલા ! તારી ગોરી ધાન ન ખાય.
કે આણાં મોકલને મોરાર !

વહેલા પાછા વળવાની વિનંતી ગોપી વિઠ્ઠલને કરે છે, આપણને પણ મન થાય કે માનવીને કહીએ કે તું પ્રકૃતિ તરફ પાછો વળ.

## સંઘનાં પ્રકાશનો

**સંઘ તરફથી નીચેનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યાં છે :**

| | | | કિંમત રૂા. |
|---|---|---|---|
| (૧) | પાસપોર્ટની પાંખે | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૨) | પાસપોર્ટની પાંખે -ઉત્તરાલેખન | રમણલાલ ચી. શાહ | ૧૫૦-૦૦ |
| (૩) | ગુર્જર ફાગુસાહિત્ય | રમણલાલ ચી. શાહ | ૧૦૦-૦૦ |
| (૪) | આપણા તીર્થંકરો | તારાબહેન ર. શાહ | ૧૦૦-૦૦ |
| (૫) | ઝૂરતો ઉલ્લાસ | શૈલ પાલનપુરી (શૈલેશ કોઠારી) | ૮૦-૦૦ |
| (૬) | જૈન ધર્મનાં સ્વાધ્યાય -સુમન | ડૉ. બિપિનચંદ્ર હી. કાપડિયાનો લેખ સંગ્રહ | ૧૦૦-૦૦ |

## પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે માતબર ભેટ

સંઘ તરફથી લગભગ સિત્તેર વર્ષથી પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાતી આવી છે. આ વ્યાખ્યાનમાળાના ખર્ચને પહોંચી વળવા માટે લગભગ બે દાયકાથી શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી આર્થિક સહયોગ સાંપડ્યો છે અને એ માટેના કોર્પસની રકમમાં એમના તરફથી વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. અમને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે હાલ વધતા જતા ખર્ચ અને ઘટેલા વ્યાજના દરને લક્ષમાં રાખીને શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ તરફથી રૂપિયા સાડા ત્રણ લાખની માતબર રકમ કોર્પસ માટે મળી છે અને એ રીતે હવે કોર્પસની કુલ રકમ રૂપિયા દસ લાખની થાય છે. આવું સરાહનીય સૌજન્ય સ્વેચ્છાએ દાખવવા બદલ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ અને એનાં સૂત્રધાર શ્રી જયંતીભાઈ પી. શાહ તથા એમના અન્ય ભાઇઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

☐ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ♦ મુદ્રક, પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ♦ પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૮૨૦૨૯૬. મુદ્રણસ્થાન : ફ્રેમરી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા, મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૧૧ ● નવેમ્બર, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## આફ્રિકામાં 'જયપુર ફૂટ'

દુનિયા ઉત્તરોત્તર નાની થતી જાય છે. રોજનાં હજારો વિમાનો એક દેશમાંથી બીજા દેશમાં જવા લાગ્યાં છે. પ્રતિદિન કરોડો માણસો પોતાનો પાસપોર્ટ લઈ, વિસા વગેરે મેળવી બીજા રાષ્ટ્રમાં દાખલ થવાની ઔપચારિક વિધિ કરતા રહે છે. વેપાર માટે ફરનારા વેપારીઓની સંખ્યા તેમાં વધુ હોય એ સ્વાભાવિક છે. રાજદ્વારી પુરુષો, સરકારી કર્મચારીઓ, પ્રતિનિધિમંડળો, વિદ્યાર્થીઓ, ધર્મપ્રચારકો વગેરેની સાથે સામાજિક કાર્યકરો પણ વખતોવખત પ્રસંગાનુસાર વિદેશયાત્રા કરતા રહે છે.

જેમ વેપાર ઉદ્યોગ માટેની અવરજવર વધી છે તેમ બીજા દેશોને અન્ન, વસ્ત્ર કે ઔષધાદિની સહાય કરવા માટેની પ્રવૃત્તિઓ પણ વધવા લાગી છે. ગુજરાતમાં કચ્છમાં ધરતીકંપ થયો ત્યારે દુનિયાની કેટલી બધી સંસ્થાઓ અને વ્યક્તિઓ વિવિધ પ્રકારની સહાય કરવા માટે દોડી આવી હતી !

આ તો આપત્તિકાળની વાત થઈ, પણ શાંતિના સમયમાં અન્ય રાષ્ટ્રના લોકોને નિયમિત સેવા આપવાની પ્રવૃત્તિ પણ વધવા લાગી છે. જનકલ્યાણની ભાવના પોતાના રાષ્ટ્ર પૂરતી સીમિત કે સંકુચિત રહી નથી. એકવીસમી સદીમાં તો રાષ્ટ્ર, જાતિ, વર્ણ વગેરેના ભેદો ઓળંગીને લોકો આંતરરાષ્ટ્રીય સ્તરે માનવતાનું કાર્ય કરતા રહેશે. વિશ્વબંધુત્વની ભાવનાનાં મૂળ હવે વધુ ઊંડા જવા લાગ્યાં છે.

ભારત એક અર્ધવિકસિત દેશ છે. પરંતુ એની આર્થિક અને ઈતર પ્રકારની સમૃદ્ધિ વધવા લાગી છે. ભારતીય પ્રજાને દુનિયાભરનાં વિવિધ સેવા મંડળો તરફથી સહાય મળવા લાગી છે, તો બીજી બાજુ આપણા ભારત કરતાં ઓછા સમૃદ્ધ દેશોને આપણે પણ વિવિધ પ્રકારની સહાય કરવા લાગ્યા છીએ. ત્રીજા વિશ્વના ઘણા દેશોમાં ભારત કરતાં વધુ ગરીબી છે. આફ્રિકાના દેશોમાં પ્રગતિ નહિ જેવી જોવા મળે છે. ત્યાં વસતી પ્રમાણમાં ઓછી છે, પરંતુ સમસ્યાઓ ઘણી છે. ગુનાખોરી અને હિંસાનું પ્રમાણ ત્યાં વધુ રહ્યું છે. આથી જ જે કેટલીક બાબતોમાં ભારત તરફથી આફ્રિકાને માનવતાભરી મફત સહાય થાય છે એમાંની એક તે 'જયપુર ફૂટ'ની છે. અપંગોને વિવિધ પ્રકારના જે કૃત્રિમ પગ બેસાડી આપવામાં આવે છે તેમાં કેટલીક વિશિષ્ટતાઓ અને ઉપયોગિતાની દૃષ્ટિએ આપણો 'જયપુર ફૂટ' મોખરે છે. એમાં વળી એની બીજી વિશેષતા એ છે કે ગરીબ દર્દીઓને એ મફત બેસાડી આપવામાં આવે છે. આથી જ આફ્રિકાના પછાત દેશોમાં એની માંગ સૌથી મોટી રહી છે.

જયપુરની 'ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ' નામની સંસ્થાના ઉપક્રમે ઘણાં વર્ષોથી દર્દીઓને મફત પગ બેસાડી આપવામાં આવે છે. દેશ-વિદેશમાં આ એક માનવતાભર્યું ઉત્તમ કાર્ય થઈ રહ્યું છે. એથી અનેક વિકલાંગોનાં જીવન પ્રફુલ્લિત બન્યાં છે.જયપુરમાં આ સેવાકાર્યનો આરંભ થયો એટલે એ કૃત્રિમ પગ માટે 'જયપુર ફૂટ' શબ્દ પ્રચલિત થઈ ગયો છે.

આ જયપુર ફૂટના પ્રકારનો કૃત્રિમ પગ પહેર્યા પછી માણસ બરાબર ચાલી શકે છે, દોડી શકે છે, સાઇકલ ચલાવી શકે છે, ઝાડ પર ચડી શકે છે, નૃત્ય કરી શકે છે, પાણીમાં તરવા પડી શકે છે, જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે. પગના આકારનો રબરનો પંજો હોવાથી માણસ ધૂળ, કાદવ, કાંકરામાં પણ સહેલાઇથી ચાલી શકે છે. જયપુર ફૂટની આ કેટલીક વિશિષ્ટતા છે. એથી જ એ વધુ લોકપ્રિય બન્યો છે.

કેટલાક સમય પહેલાં મારા મિત્રો રોટેરિયન શ્રી મહેન્દ્રભાઈ જી. મહેતા અને રોટેરિયન શ્રી મનુભાઈ સંઘરાજકા સાથે આફ્રિકામાં કેનિયા, સુદાન અને બુરુન્ડીમાં ચાલતાં 'જયપુર ફૂટ'નાં કેન્દ્રોની મુલાકાત લેવાનો અવસર સાંપડ્યો હતો. કેનિયાના અમારા કાર્યક્રમમાં ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ (જયપુર)ના પ્રણેતા અને જયપુર ફૂટના મુખ્ય પુરસ્કર્તા શ્રી ડી. આર. મહેતા (સેબીના ચેરમેન) પણ અમારી સાથે જોડાયા હતા.

શ્રી મહેન્દ્રભાઈ મહેતા અને શ્રી મનુભાઈ સંઘરાજકા બંનેએ પોતાના ટ્રસ્ટ 'હેલ્પ હેન્ડિકેપ ઇન્ટરનેશનલ'ના ઉપક્રમે તથા રત્નનિધિ ટ્રસ્ટ અને અમેરિકા, કેનેડા, મુંબઈ તથા આફ્રિકાની સ્થાનિક રોટરી ક્લબોના સહકારથી નાઇરોબી, ખાર્ટુમ અને બુજુમ્બુરાના વિકલાંગ માણસોને મફત જયપુર ફૂટ બેસાડી આપવાની પ્રવૃત્તિ છેલ્લાં કેટલાંક વર્ષથી ચાલુ કરી છે.

જૂના વખતમાં જેટલા લોકો અપંગ થતા હતા તેના કરતાં વર્તમાન કાળમાં અપંગોની સંખ્યા ઘણી વધી ગઈ છે. ગાડી, રેલ્વે, વિમાનના અકસ્માતો, સશસ્ત્ર અથડામણો, જમીનમાં સુરંગો વગેરેને કારણે માણસો મૃત્યુ પામે અથવા હાથપગ ભાંગે એવી ઘટનાઓ વધતી રહી છે. એમાં પણ આફ્રિકાના દેશોની સ્થિતિ તો અત્યંત ખરાબ છે. ત્યાં જુદી જુદી આનુવંશિક જાતિઓ વચ્ચે અથડામણો અને નરસંહારની ઘટનાઓની કહાણી ભયંકર અને કરુણ છે. જાતે ત્યાં જઇએ તો જ એનો વધુ વાસ્તવિક ચિતાર જોવા મળે. આપણા ભારતીય સેવકો, દાતાઓ, કાર્યકર્તાઓ અને આપણી સેવાભાવી સંસ્થાઓ પછાત દેશોમાં લોકસેવાનું કેવું સંગીન કામ કરે છે તેનો સાચો સવિગત ખ્યાલ તો અમને ત્યાં જાતે જઇને જોવાથી મળ્યો હતો.

મુંબઈથી અમે નાઇરોબી પહોંચ્યા ત્યારે ત્યાંના રોટેરિયનોએ અને તેમાં પણ શ્રી કુંદનભાઈ દોશીએ એરપોર્ટ ઉપર અમારું ભાવભીનું સ્વાગત કર્યું હતું. વસ્તુત: અમારા સમગ્ર કાર્યક્રમનું, ભોજન-ઉતારા સહિત, સુંદર આયોજન એમણે કર્યું હતું. અમારા વ્યાખ્યાનો પણ એમણે જ ગોઠવાવ્યાં હતાં. એમના સાથીદારોનો બધાંનો વ્યક્તિગત ઉલ્લેખ અહીં શક્ય નથી, પણ કુંદનભાઇની સુવાસ ઘણી મોટી હોવાથી બધાનો એમને સરસ સહકાર સાંપડ્યો હતો.

કેનિયાના નાઇરોબીમાં ૧૯૯૦માં ત્યાંની રોટરી ક્લબ તરફથી જયપુર ફૂટની સેવાપ્રવૃત્તિ ચાલુ કરવામાં આવી હતી. નાઇરોબીના આ કેન્દ્રમાં કેનિયા ઉપરાંત યુગાન્ડા, ટાન્ઝાનિયા, ઇથિયોપિયા, સોમાલિયા, ઝાંબિયા, સુદાન, બુરુંડી, ઝિમ્બાબ્વે વગેરે ઘણા દેશોમાંથી માણસો પગ બેસાડવા માટે આવે છે. અત્યાર સુધીમાં દસ હજારથી વધુ માણસોને પગ બેસાડી આપવામાં આવ્યા છે અને તેઓ પોતાનું જીવન ફરીથી વ્યવસ્થિત રૂપે જીવવા લાગ્યા છે. તદુપરાંત કેટલાય લોકોને કેલિપર, ઘોડી, ટ્રાઇસિકલ, વ્હીલચેર વગેરે આપવામાં આવે છે.

નાઇરોબી, ખાર્ટુમ અને બુજુમ્બુરા એ ત્રણમાં નાઈરોબીનું વર્કશોપ સૌથી મોટું છે. ત્યાં નિયમિત ઘણું કામ થાય છે. એ નજરે નિહાળવા માટે અમારી મુલાકાતનો ત્યાં ખાસ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. એ પ્રસંગે આ યોજનાનો લાભ લેનાર કેટલાંક અપંગ સ્ત્રીપુરુષો પણ એકત્ર થયાં હતાં. તે સમયે કેલિપર, ટ્રાઇસિકલ વગેરેનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. એક યુવાન જે બંને પગે અપંગ છે તે કૃત્રિમ પગ પહેરીને કેવો સરસ દોડી શકે છે તે ત્યાં જોઇને અમે આશ્ચર્યચકિત થઈ ગયા હતા. એ યુવાને થોડા વખત પહેલાં રોટરીના આંતરરાષ્ટ્રીય સંમેલનમાં આ પ્રયોગ કરી બતાવ્યો હતો. અને બધાંને આશ્ચર્યમુગ્ધ કરી દીધા હતા. એ પ્રસંગની ફિલ્મ પણ અમને અહીં બતાવવામાં આવી હતી. નાઈરોબીમાં આ પ્રસંગે શ્રી ડી. આર. મહેતા, શ્રી મહેન્દ્રભાઈ મહેતા, શ્રી મનુભાઈ સંઘરાજકા, શ્રી કુંદનભાઈ દોશી વગેરેએ તથા અન્ય રોટેરિયનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

નાઇરોબીથી અમે બુરુંડીના પાટનગર બુજુમ્બુરા જઈ આવ્યા હતા. ત્યાંના રોટેરિયન શ્રી રોનાલ્ડ રસ્કીના અમને એરપોર્ટ પર લેવા આવ્યા હતા અને અમારો ઉતારો એમના બંગલે જ હતો. બુજુમ્બુરામાં રોનાલ્ડ અને અન્ય રોટેરિયનો ઉપરાંત ગુજરાતીઓમાં આનંદ રાયરખિયા, શાલીન રાયરખિયા, અશોક દોશી વગેરે ભાઇઓ પણ જયપુર ફૂટમાં સારો રસ લઈ રહ્યા છે.

કેનિયાની પાસે આવેલા બે સાવ નાના દેશો રવાન્ડા અને બુરુન્ડીમાં તુસી અને હુતુ જાતિના લોકો વચ્ચેની પરસ્પર દુશ્મનાવટે પાંચેક વર્ષમાં પાંચ લાખથી વધુ માણસોનો ભોગ લીધો છે અને એક લાખ કરતાં વધુ માણસો અપંગ બન્યા છે. ગરીબી અને એમાં પાછું અપંગપણું એટલે મજબૂરીનો પાર નહિ. વળી સતત ભયભરેલું જીવન. ત્યાં સરકારી સુરક્ષા નહિવત્ છે. એટલે એમનાં ગામડાંઓ સુધી તબીબી રાહત પણ પહોંચી શકતી નથી.

તુસી અને હુતુ લોકો વચ્ચેની દુશ્મનાવટની એક લાક્ષણિકતા એ કે 'માણસને મારી નાખવાની તક ન મળે તો એના પગ ભાંગી નાખો. જીવનભર એને અપંગ બનાવી દો. નાનાં બાળકોના પગ ભાંગો કે જેથી જીવનભર એ યાદ કરતો રહે.' બંને કોમ વચ્ચેની આ યુદ્ધનીતિને કારણે અનેક લોકોના પગ ભાંગી ગયા છે.

વળી, સરકાર તરફથી સંરક્ષણ ન મળે અને અચાનક એક કોમનું મોટું સશસ્ત્ર ટોળું આક્રમણ કરવા આવી ચડે તો નાનાં ગામડાંના લોકોએ શું કરવું ? એટલે તેઓએ ગામની આસપાસ સુરંગો બિછાવી છે. આ સુરંગોને લીધે પણ અનેક લોકો અપંગ થયા છે.

બુજુમ્બુરાના આ પ્રોજેક્ટ માટે ભારતથી શ્રી રણબીરસિંગ અને શ્રીમતી મનીષા સકપાળને બુજુમ્બુરા મોકલવામાં આવ્યાં હતાં. તેઓએ ત્યાં ઘણો લાંબો સમય રહીને સ્થાનિક કર્મચારીઓને જયપુર ફૂટ બનાવવાની અને બેસાડવાની તાલીમ આપી હતી. અને એ રીતે કામકાજની દૃષ્ટિએ કેન્દ્ર સ્વનિર્ભર બની ગયું છે. કાચી સામગ્રી બધી તેઓને ભારતથી વિના મૂલ્યે મોકલવામાં આવે છે.

બુજુમ્બુરામાં શહેરની બહારના એક વિસ્તારમાં 'જયપુર ફૂટ'નું કેન્દ્ર સ્થાપવામાં આવ્યું છે. રોજેરોજ જે જે દર્દીઓ આવે તેમના પગનું માપ લઈ, તે માપના પગ તૈયાર હોય તો તરત બેસાડી આપવામાં આવે છે અને થોડા કલાકમાં દર્દી પોતાની મેળે ચાલતો થઈ જાય છે. ગરીબ અપંગ સ્ત્રીપુરુષને આ રીતે મફત મળતો કૃત્રિમ પગ ખરેખર આશીર્વાદરૂપ બની જાય છે. બુજુમ્બુરામાં અત્યાર સુધીમાં બે હજારથી વધુ સ્ત્રી-પુરુષોને મફત પગ બેસાડી આપવામાં આવ્યા છે.

દુ:ખની વાત એ છે કે ગામડાંઓના હજારો અપંગ લોકોને પગ બેસાડવા છે, પણ અસલમાતીને કારણે તેઓ બુજુમ્બુરા સુધી આવી શકતાં નથી અને અસલામતીને કારણે જ બુજુમ્બુરાના જયપુર ફૂટના કારીગરો બહારગામ જઈ શકતા નથી.

બુજુમ્બુરાથી નાઈરોબી પાછા આવ્યા પછી સુદાનના પાટનગર ખાર્ટુમ જવાનો અમારો કાર્યક્રમ ગોઠવાયો હતો. ખાર્ટુમમાં અમેરિકાથી કામ કરવા આવેલી રોટેરિયન મહિલા શ્રીમતી માર્ગરિટા તથા અન્ય રોટેરિયનોએ અમારે માટે બધી વ્યવસ્થા કરી હતી.

ખાર્ટુમમાં જયપુરના ટેકિનશિયન શ્રી નાથુસિંગે દોઢ વર્ષ રહીને સ્થાનિક માણસોને જયપુર ફૂટની ટેકનિકની તાલીમ આપી હતી, જેથી તેઓ હવે પોતાની મેળે કેન્દ્ર ચલાવતા થઈ ગયા છે. આ વખતે શ્રી નાથુસિંગ ફરી અમારી સાથે આવ્યા હતા. તેઓ છ-બાર મહિના ત્યાં રોકાઇને પગ બેસાડવા માટે વધુ ટેકનિશિયનોને તાલીમ આપવાના છે.

ખાર્ટુમમાં રોટેરિયનો ઉપરાંત ગુજરાતી સમાજના શ્રી ભરતભાઈ ટોલિયા, શ્રી સૌભાગ્યચંદભાઈ, શ્રી ચંદુભાઈ પીતાંબર વગેરે કાર્યકર્તાઓ પણ આ લોકકલ્યાણની પ્રવૃત્તિમાં સારો રસ લઈ રહ્યા છે. સુદાનમાં પણ થોડાં વર્ષોમાં એક હજારથી વધુ માણસોને કૃત્રિમ પગ બેસાડી આપવામાં આવ્યા છે.

સુદાનથી નાઈરોબી આવી, મોમ્બાસા વગેરે સ્થળે વ્યાખ્યાનાદિ કાર્યક્રમોમાં ભાગ લઈ અમે ભારત પાછા ફર્યા હતા.

આફ્રિકાના દેશો ઘણા જ પછાત છે. કેટલાક તો ગરીબીની રેખાની નીચે જીવે છે. બેકારીનું પ્રમાણ ત્યાં ઘણું મોટું છે. ઘણા લોકોને પોષક આહાર પણ પૂરતા પ્રમાણમાં મળતો નથી. રહેઠાણો સાવ સામાન્ય છે. વિકાસ નહિ જેવો દેખાય. એમાં વળી જાતિવિગ્રહ અને ગુનાખોરીને લીધે સામાન્ય જનજીવનમાં બહુ રોનક દેખાતી નથી. વિદેશીઓએ સૈકાઓ સુધી તેમનું જે શોષણ કર્યું હતું તેનું પરિણામ નજરે દેખાય છે. આવા સંજોગોમાં ભારતની સરકાર તરફથી અને સામાજિક સેવાભાવી સંસ્થાઓ તરફથી તેઓને આર્થિક અને અન્ય પ્રકારની જે સહાય થાય છે એ પ્રશંસાને પાત્ર છે. એથી ત્યાં ભારતની સુવાસ વધી છે. ભારત વિદેશી હુંડિયામણની બાબતમાં હવે સ્વનિર્ભર થયું છે. એટલે આવી માનવતાભરી મદદના કાર્યો વધ્યાં છે અને વહીવટી વિલંબ ઘટ્યો છે.

વિશ્વમાં બંધુત્વનો અને માનવતાભરી પ્રવૃત્તિઓનો વ્યાપ વધતો ચાલ્યો છે. સમગ્ર વિશ્વની પ્રજાઓ એટલે 'એક જ માળાનાં પંખીઓ'એ પ્રાચીન ભારતીય આદર્શ ચરિતાર્થ કરવાની ઉજળી તકો ઘણી છે. વિશ્વમાંથી હિંસા-આતંકવાદ દૂર થાય અને પરસ્પર પ્રેમ અને સહકારની ભાવના વધુ દૃઢ થાય તો વિશ્વ કેટલું રળિયામણું બની રહે !

□ રમણલાલ ચી. શાહ

# કેટલુંક ચિંતન

ડૉ. રણજિત એમ પટેલ (અનામી)

## (૧) जायते वर्णसंकरः।

'વિદ્યાકુંજ હાઈસ્કૂલ'-વડોદરાના ભૂતપૂર્વ આચાર્ય શ્રી અંબુભાઈ પટેલનાં ત્રણેય સંતાનો અમેરિકામાં હોવાથી એમનાં પત્ની શાંતાબહેન પટેલ, ત્રણેક માસ માટે અમેરિકા જઈ આવ્યાં. વડોદરે આવી મને મળવા આવ્યાં ને વાતવાતમાં નિર્વેદ ને આક્રોશથી બોલ્યાં : 'અનામીભૈ! આગામી વીસેક વર્ષોમાં પટેલોનું નામ ભુંસાઈ જશે, આશ્ચર્યથી મેં પૂછ્યું : 'ભૂંસાઈ જશે કે વિશ્વમાં વજ્રલેપ સમાન થશે?' તો દુઃખપૂર્વક કહે : 'ત્યાં નાતજાતમાં કોઈ માનતું જ નથી. જેને જ્યાં ગોઠે ત્યાં પરણે.' ચરોતરના છ ગામની છોકરીઓ કાળીઆઓને પરણે છે ને છોકરીઓની હઠ આગળ લાચાર બની મા-બાપ ધામધૂમથી પરણાવે પણ છે. એ બિચારા કરી પણ શું શકે? કાયદો પણ એ લોકોના પક્ષમાં?' મેં કહ્યું : 'આનો કોઈ ઉપાય?' તો કહે : 'છ ગામ, પાંચ ગામ, બાવીસનો ન્હાનો-મોટો ગોળ-આ બધા જ ઊંચનીચના ભેદભાવ મિટાવી દઈ, બધા જ પટેલોએ એક સમાન-સમજી અંદરોઅંદર લગ્નનો વ્યવહાર કરવો જોઈએ.' હજી સુધી એમના મનમાં કેવળ ચરોતરના જ લેઉઆ પટેલો હતા. અને લગ્નની પસંદગીનું ક્ષેત્ર કેવળ લેઉઆ પટેલો પૂરતું જ હતું. એમના સીમિત દૃષ્ટિબિન્દુને કેન્દ્રમાં રાખી મેં પૂછ્યું : 'તો આ વાકળ પ્રદેશ અને કાનમ પ્રદેશના લેઉઆ પટેલોએ પાયમાલી વહોરીને પણ મોટી મોટી ડાવરીઓ આપી, તમારા ચરોતરના અનેક વાંઢાઓને ઉઘલાવ્યા છે એમનું શું? અને ચરોતરના દેસાઈઓ અને અમીનો, ઉત્તર ગુજરાતના કડવા પાટીદારોને 'કણબાં' કહી ભર્ત્સના કરે છે એમનું શું? અને શાન્તાબહેન! તમને ખબર છે કે ચરોતરના છ ગામની કેટલીય શિક્ષિત સંસ્કારી કન્યાઓએ હોંશે હોંશે, એમનાં માતા-પિતાની ઈચ્છા વિરુદ્ધ આ 'કણબાં'ના ઘર માંડી ચરોતરનાં મૂરતિયાઓ કરતાં તુલનાએ વધુ સુખી થઈ છે?' મારા વિધાનના સમર્થનમાં મેં દોઢેક ડઝન કિસ્સાઓ તેમને કહ્યા. છતાંયે, 'ચરોતરની મોટા ગામની છોકરીઓ કાળીઆઓને પરણે છે એટલે વિશ્વમાંથી પટેલો નેસ્તનાબૂદ થઈ જશે' એ એમનું ધ્રુવપદ, ધ્રુવ શું કાયમ રહ્યું!

મારી એક વિદ્યાર્થીની ડૉ. હંસા. એમ. પટેલે તાજેતરમાં ત્રણેક પ્રકાશનો કર્યાં છે એમાંનું એક છે : 'મારાં વ્હાલાં સ્વજનો.' ડૉ. હંસા પટેલ ને પ્રો. મોહનભાઈ પટેલ, આચાર્ય શ્રી ડોલરરાય માંકડ સાથે 'અલિયાબાડા'માં નોકરી કરતાં હતાં. ડૉ. હંસા પટેલ નડિયાદનાં દેસાઈ પણ પટેલને પરણ્યાં એટલે શ્રીમતી પટેલ થઈ ગયાં. 'મારા વ્હાલા સ્વજનો'માં એમણે એક વાતનો ઉચાટ વ્યક્ત કર્યો છે કે એમણે અલિયાબાડામાં જ્યાં સુધી નોકરી કરી ત્યાં સુધી ત્યાંના લોકો એમને પટેલ નહીં પણ 'કણબી' કહેતાં હતાં. હંસાબહેને એ લોકોને, અનેકવાર કહ્યું કે અમે 'કણબી' નથી પણ 'પટેલ' છીએ, પણ પરિસ્થિતિમાં કશો જ ફેર પડ્યો નહીં. આ કિસ્સો વાંચીને મેં હંસાબહેનને પત્ર લખ્યો કે જુઓ બહેનજી! પટેલ કે કણબીમાં કશો જ ફેર નથી. તમારે મન જે જાતે ખેતી કરે તે કણબી ને જે પોતાની જમીન જાતે ન ખેડે અને બીજા પાસે ખેડાવે તે પટેલ-પાટીદાર- આ બંનેય અર્થ ભૂલી જાવ ને કણબીનો વ્યુત્પત્તિગત અર્થ યાદ રાખો. કુટુંબિન શબ્દ ઉપરથી કણબી કે 'કણબી' શબ્દ આવ્યો છે. જેનું ભર્યુંભાદર્યું ઘર છે, મોટું કુટુંબ છે તે કણબી અને જો ખેતી સાથે એ શબ્દને જોડવો હોય તો કહી શકાય કે એકલદોકલથી ખેતી ન થઈ શકે. ખેતીમાં ઘણા માણસોની જરૂર પડે. એકલદોકલ વ્યક્તિ ખેતી કરવા જાય તો ખેતીને બદલે ફજેતી થઈને રહે. એટલે 'કણબી' શબ્દની સાથે જે હીન અર્થચ્છાયા વળગેલી છે તેને તણખલાની જેમ ખંખેરી નાખો. તમારા સંતોષ ખાતર ઐતિહાસિક પુરાવો આપું તો શામળ ભટ્ટને આશ્રય આપનાર સિંહુજના પટેલ રખીદાસને કવિ કેવા શબ્દોમાં બિરદાવે છે તે જુઓ :

'રખિયલ રૂડો રાજવી
ભોજ સમોવડ ભૂપ.' પણ

'સિંહાસન બત્રીસી'ની એક 'ભોભારામ' નામની વાર્તાનો નાયક સિંહુજનો આ રખીદાસ છે. વિક્રમ કરતાં પણ એનાં ગુણ કવિ વિશેષ ગાય છે ને ત્યાં લખે છે :

'કણબી પાછળ કરોડ
કણબી પાછળ કોઈ નહીં.'

ત્યાં રખીદાસને એ પટેલ નથી કહેતો પણ કણબી કહે છે. નડિયાદના દેસાઈઓ અન્યની પાસે ખેતી કરાવે ને જે ખેતી કરે તે ભલે પટેલ હોય પણ એમને મન 'કણબી.' આમ કુટુમ્બિન ઉપરથી ઊતરી આવેલ 'કણબી' શબ્દની ઉચ્ચભ્રૂ વર્ગે એમના જ ભાઈઓની અધોગતિ કરી મૂકી છે. ઉમાશંકરભાઈની એક કૃતિનું નામ છે : 'ઢેઢના ઢેઢ ભંગી', હરિજનોએ પણ પોતાનું 'સ્ટેટસ' જાળવવા 'ભંગીઓ' અનિવાર્ય ગણાવ્યા. 'કણબી'ની કથા હું આવી જ સમજું છું.

હવે શ્રીમતી શાંતાબહેનના કાળિયાઓના મુદ્દાને લઈએ તો દેસાઈઓ, અમીનોને મન આ 'કણબી'ઓ પણ 'સ્વદેશી' કાળિયાઓ જ ગણવા? એ બંનેના એટીટ્યુડમાં મને ખાસ કશો જ ફેર લાગતો નથી. ચરોતરના છ ગામની કન્યાઓ ભાગી જઈને સુથાર, ઘાંચી, ધારાળા, લુહાર, વાઘરી, ખ્રિસ્તી સાથે પરણી ગઈ છે એના મારી પાસે ડઝન દાખલા છે પણ જો કોઈ 'કણબી' આઈ.એ.એસ. હોય કે એમ.બી.એ. હોય તેને છ ગામવાળા, ઉમળકાથી રંગેચંગે પરણાવશે નહીં. છોકરી ભાગી જઈને પરણે ત્યારે ચૂમાઈને રહે. આ 'એંટ' ને કેન્દ્રમાં રાખી, છ ગામના મારા એક મિત્રની બે દીકરીઓ જેમાંની એક ચરોતરમાં પરણેલી ને બીજી ઉત્તર ગુજરતાના કડવા પટેલને પરણેલી-એના અનુસંધાનમાં કહે : 'અનામીજી! પટેલ માઈનસ ઈગો ઈઝ ઈક્વલ ટુ બીગ બીગ સાયફર.' અહમ્ વિનાનો પટેલ એટલે મોટું મીંડું. એ જ મિત્રે મને કહેલું કે ઉત્તર ગુજરાતવાળો મારો જમાઈ લાખ દરજ્જે ઉત્તમ છે. અરે! ચરોતરના પટેલોની આ એંટની ક્યાં વાત કરવી! આપણાં જ પટેલોનું આવું વલણ નથી હોતું? વિરમગામના પરીખો, પાટડીના દેસાઈઓ અને ગોઝારીઆ-બાવળાના અમીનો-ગામડાના પટેલો પ્રત્યે કેવો ભાવ રાખે છે? દશ બાર સાલ પૂર્વે, મારા મિત્રની એક એમ. ડી. થયેલ દીકરીનો વિવાહ કરવા માટે એક દેસાઈ-ડૉક્ટરને જોવા એક અમીન-શુભેચ્છકની સાથે અમે ગયેલા. એમ.ડી. થયેલ દીકરી કેવળ પટેલ હતી-એટલે જ દેસાઈ-ડૉક્ટરની માતાએ ના પાડેલી!

હવે, કાળીઆઓની વાત કરીએ તો એમાં ત્રણ-ચાર પ્રશ્નો સંકળાયેલા છે. આપણે ત્યાં પણ, ભગવાન મનુના સમયમાં લગ્નની બાબતમાં આવા જ પ્રશ્નો ઉપસ્થિત થયેલા હોવા જોઈએ. એટલે તો એમણે આઠ પ્રકારના વિવાહની ચર્ચા કરી છે. (૧) બ્રાહ્મ (૨) દૈવ (૩) આર્ષ (૪) પ્રાજાપત્ય (૫) આસુર (૬) ગાંધર્વ (૭) રાક્ષસ અને (૮) પૈશાચ. આ ક્રમ, એ લગ્નોના ગુણાનુસાર પ્રમાણેનો છે. ઉત્તમમાં ઉત્તમ લગ્નપ્રકાર બ્રાહ્મ છે, જ્યારે અધમમાં અધમ પૈશાચ છે. વૈયક્તિક વૃત્તિઓને ગૌણ ગણી પરણનારથી માંડીને, કેફમાં પડેલી ભ્રમિત મનવાળી સાથે દૈહિક છૂટ લેનાર સુધીનો એમાં વિચાર કરવામાં આવ્યો છે. ઉભયપદી પસંદગીથી લગ્ન કરનાર, બળજબરીથી લગ્ન કરનાર, વિક્રયના માધ્યમ દ્વારા લગ્ન કરનાર-આ સૌનો સમાસ તેમાં કરવામાં આવ્યો છે. ચરોતરની લેઉઆ પટેલની છોકરીઓ અમેરિકામાં કાળીઆઓ સાથે લગ્ન કરે છે એને આપણે ગાંધર્વ લગ્નની કોટિમાં મૂકી શકીએ. જોકે લગ્ન બળજબરી કે છેતરપિંડીથી ન થયું હોય તો. ભારતમાં પણ મારા એક પ્રોફેસરમિત્રની બ્રાહ્મણ દીકરીએ એક નેપાળી યુવક સાથે લગ્ન કર્યું. લગ્ન થઈ ગયાં બાદ ખબર પડી કે એને તો ચાર સાસુઓ હતી ! નેપાળી યુવકે આ વાત છુપાવેલી. ગુજરાતમાં પણ પંડ્યા અને જોષી અટકવાળા, હરિજનોએ પોતે બ્રાહ્મણ છે એમ કહીને બ્રાહ્મણ તેમજ નાગર બ્રાહ્મણ કન્યાઓ સાથે લગ્ન કર્યા છે. આવા ચારેક કિસ્સા મારી જાણમાં છે. આમાંના બે તો એમ.એ.ના મારા વિદ્યાર્થીઓ હતા.

અમેરિકાના કાળીઆઓ પ્રત્યે આકર્ષણનાં ત્રણ ચાર કારણો હોઈ શકે. (૧) કૃષ્ણવર્ણમાં સૌંદર્યનો અભાવ જ હોય એમ માનવાની જરૂર નથી. ઘણી કૃષ્ણકલિકાઓ વધુ પડતી ગૌરવર્ણી ગોરીઓ કરતાં આકર્ષક ને નમણી હોય છે. (૨) કાળીઆઓની સૌષ્ઠવપૂર્ણ દેહ-દૃષ્ટિ પણ આકર્ષણનું કારણ હોઈ શકે. એમને પુરુષની દૃષ્ટિએ ન જોતાં સ્ત્રીની દૃષ્ટિએ જોઈએ તો ? 'સેક્સ સેટીસ્ફેક્શન'નો મુદ્દો કાઢી નાખવા જેવો નથી. અરે ! આપણાં લગ્નજીવનની સફળતામાં પણ ૪૦% શરીર સુખને સ્થાન હોય છે. બાકીના ૬૦% સંતતિ, સંપત્તિ વગેરે. (૩) કાળીઆઓની એવી કોઈક ગુણસંપદા કે સિદ્ધિ હોય જેને કારણે તેઓ આકર્ષણનું કેન્દ્ર બને. (૪) આવી છોકરીઓમાં, વંશપરંપરાગત સંસ્કારોનો અભાવ હોય અથવા કૌટુમ્બિક જીવનનો વિસંવાદ હોય ! એમની જ્ઞાતિમાં યોગ્ય મુરતિયાઓનો અભાવ હોય ત્યારે જ અથવા માતા-પિતાઓએ એમને યોગ્ય સંસ્કાર, સાચું શિક્ષણ ને ઉમદા પરંપરાઓથી વંચિત રાખ્યા હોય ત્યારે આવા કિસ્સાઓ બનવાની શક્યતા વિશેષ હોય. માદક ભૌતિક વાતાવરણ અને વ્યક્તિવાદનો અતિરેક પણ આવા સ્ફોટનાં નિમિત્ત હોઈ શકે. હું કંઈ સમાજશાસ્ત્રી કે સંસારશાસ્ત્રી નથી પણ એક અનુભવી તરીકે કહી શકું છું કે આવાં લગ્નોમાં પુખ્ત વિચાર કે ભાવિની કલ્પના કરતાં, ભોગવિલાસની માદક-મદિરાનો નશો ઝાઝો હોય છે. પુરુષો વિપથગામી બને તો ય વ્યક્તિ અને સમાજને શોષવું પડતું હોય છે પણ એમની તુલનાએ જો નારી ઉદ્દંડ બને, વિપથગામિની બને તો સમગ્ર કુટુંબ ને સમાજ છિન્નભિન્ન થઈ જતો હોય છે ને પ્રજા વર્ણસંકર બની જાય છે. સમગ્રતયા જોતાં નારી ત્યાગ અને સંયમની મૂર્તિ છે, નીતિ અને ધર્મની રક્ષક છે. એ જો છેલછબીલી બની કે શણગારપૂતળી થઈ, સંયમ ને સંસ્કારની મર્યાદારેખા ઓળંગશે તો વિનિપાતને કોઈ રોકી નહીં શકે. યાદ રહે કે પવિત્રતા વિનાનો પ્રેમ ને સંયમ વિનાની સ્વતંત્રતા એ કાચો પારો છે. આનો પૂર્વાર્ધ પુરુષજાતિ માટે છે, ઉત્તરાર્ધ સ્ત્રીઓ માટે. કહેવાતી ભોગપ્રધાન ને વ્યક્તિકેન્દ્રી અદ્યતન સંસ્કૃતિના વિકાસ સાથે બળવત્તર બનતી જતી ભોગભાવના પરિશુદ્ધ નહીં થાય, સંયમિત નહીં થાય, તેનું ઉર્ધ્વીકરણ નહીં થાય ત્યાં સુધી શું સ્ત્રી કે પુરુષ, શું વ્યક્તિ કે રાષ્ટ્ર કોઈનો ઉદ્ધાર નથી બલ્કે 'ભવતિ વિનિપાત શતમુખ:' છે.

પ્રો. શ્રી બલવંતરાય ઠાકોરે 'ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા'નામે એક લેખ લખ્યો છે. એ લેખમાં તેમણે લખ્યું છે : 'ગુજરાતની વસ્તીમાં આપણા દેસાઈ, પટેલ, પાટીદાર ભાયડાઓનું પ્રમાણ મોટું છે. અને એમનું ગૌરવ માત્ર મોટી સંખ્યા વડે નથી. ચારિત્રની દૃઢતા અને લડાયક ગુણો વડે તથા વ્યવહાર રોજગારના અનેક પ્રદેશોમાં એઓ પથરાઈ વિજય મેળવે છે, બેત્રણ ધંધાને જ વળગી રહેલા નથી, એવી એમની સક્રિય ઉપયોગિતાને લઈને એ ગુજરાતી પ્રજાના એક સ્તંભરૂપ છે. પ્રો. ઠાકોરનું આ નિરીક્ષણ સાવ સાચું છે, પણ રોટી બેટીના ચુસ્ત વલણને કારણે સમાજજીવનમાં અનેક પ્રશ્નો સર્જાય છે. કેટલીકવાર તો 'કલ્ચર'માંથી 'એગ્રીકલ્ચર' તરીકે ગતિ થતી લાગે! અનેક પ્રદેશોમાં એ પથરાયેલા છે ને અનેક વ્યવસાયને વરેલા છે એટલે પણ, લગ્નજીવનના આવા પ્રશ્નો સર્જાતા હોય છે. વિશ્વ જ્યારે પ્રતિદિન ન્હાનું થતું જાય છે અને વિશ્વની અનેક પ્રજાઓનો સમાગમ વધતો જાય છે ત્યારે કુટુંબજીવન અને સમાજજીવનમાં આવા સ્ફોટ ન થાય તો જ આશ્ચર્ય! મનોવૃત્તિ અને વલણમાં થોડીક લવચીકતા અપનાવ્યા વિના છૂટકો નથી. બાંધછોડ ને એડજસ્ટમેન્ટ સમાધાન સર્જે! લેખની શરૂઆતમાં શ્રીમતી શાંતાબહેને દર્શાવેલી ભીતિ કેવળ ચરોતરના પાંચ કે છ ગામના પટેલો પૂરતી જ સાચી નથી પણ આ પ્રશ્ન તો સર્વજ્ઞાતિઓને સ્પર્શતો બની બેઠો છે. અલબત્ત, વત્તાઓછા પ્રમાણમાં મેં એ જોયું છે કે આવા કિસ્સા આફ્રિકા, ઈંગ્લેન્ડ કે અમેરિકામાં જન્મેલી ને જેમને ભારતની સંસ્કૃતિનો કશો જ ખ્યાલ નથી એવી યુવતીઓમાં વધુ બનવા પામે છે. એ બાબતમાં મને લાગે છે કે એમનાં માતા-પિતા વિશેષ જવાબદાર છે કે જે આજથી ચાર પાંચ દાયકા પૂર્વે પરદેશ ગયેલા. ભારતીઓએ તો એમની સંતતિને ભારતનો સાચો નહીં પણ ખોટો ખ્યાલ આપ્યો છે. ભારત ગંદો દેશ છે, ગરીબ દેશ છે, ભિખારી દેશ છે, ત્યાં રહેવા જેવું નથી. આવા સંસ્કાર બાલમાનસ કે યુવામાનસ પર સતત પડતા રહે એનું બીજું પરિણામ શું આવી શકે? જે યુવતીઓને ભારતીય સંસ્કારનો પરિચય છે, ભારતીય સંસ્કૃતિ ને અસ્મિતાનું અભિજ્ઞાન ને અભિમાન છે તે આનાથી દૂર રહે છે. બીજું, પરદેશ વસેલ ભારતીઓ પોતાના ભારતમાંના સમાજ સાથેનો નાડી-સંબંધ ખોઈ બેઠેલા છે એટલે લગ્નની બાબતમાં એમને કોઈ સૂઝ પડતી નથી ને પછી અંધારામાં ભૂસ્કા મારે છે. મોટા ભાગનાં આવાં લગ્નો છૂટાછેડાને આરે આવે છે. એમાંય છૂટાછેડા વખતે બાળકો હોય તો એમની સ્થિતિ દયનીય બને છે. આવા છ કિસ્સાઓ હું જાણું છું જેમાં બંને પક્ષ હેરાન પરેશાન થઈ ગયેલ છે. આફ્રિકા, ઈંગ્લેન્ડ અને અમેરિકામાંથી રળેલી સંપત્તિ, એમની સંતતિ પચાવી શકતી નથી. સંપત્તિનો સાંસ્કારિક વિનિયોગ કરવાને બદલે ભોગવિલાસને એશોઆરામમાં એ સંપત્તિ વેડફાય છે. જીવનનાં મૂલ્ય રહ્યાં જ નથી. માબાપ, સંપત્તિની જેટલી કાળજી રાખે છે તેટલી સંતતિની રાખતાં નથી. સાચી સંપત્તિ તો શિક્ષિત ને સંસ્કારી સંતતિ છે. ધનિક માબાપોને જ્યારે આ સત્ય સમજાશે ત્યારે અને તેઓ એમની સંતતિના શ્રેયમાં રસ લેશે તો પરિસ્થિતિમાં પરિવર્તન આવશે.

## (૨) સુભાષિતો

સને ૧૯૩૨માં હું અંગ્રેજી ધોરણ પાંચમામાં ભણતો હતો ત્યારે સંસ્કૃત-અંગ્રેજીના સારા અભ્યાસી અમારા આચાર્યશ્રી બાપુભાઈ ગામી સુભાષિતોનું ગૌરવ કરતો એક શ્લોક બોલેલા જે મને યાદ નથી, પણ એનો ભાવાર્થ બરાબર યાદ છે. ગળ્યામાં ગળી સાકર, ઈર્ષ્યાને કારણે કઠણ ગાંગડો બની જાય, મધુરમાં મધુર દ્રાક્ષ ઈર્ષ્યાને કારણે મ્લાનમુખી બની જાય, ચીમળાઈ જાય અને આ અવનિ પરનું અમૃત, પણ સુભાષિતોના પ્રભાવથી ડરીને સ્વર્ગમાં છૂપાઈ જાય. આવો છે સુભાષિતોનો મહિમા. મધુરમાં મધુર સાકર, દ્રાક્ષ અને અમૃતને ઉપમેય સ્થાને મૂકી, સુભાષિતને ઉપમાનનું ગૌરવ બક્ષવામાં આવ્યું છે. અહીં આપણને કવિ દામોદર ખુશાલદાસ બોટાદકરનું 'જનની' નામનું ગીત યાદ આવ્યા નહીં રહે. એમાં મધુ અને મેહુલાથી પણ જનનીના વાત્સલ્યને વિશેષ ગણવામાં આવ્યું છે :

'મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી છે મોરી માત રે
જનનીની જોડ સખી! નહિ જડે રે લોલ.'

સામાન્ય રીતે, અલંકારશાસ્ત્રમાં સાકર, દ્રાક્ષ અને અમૃતને ઉપમાનને સ્થાને મૂકવામાં આવે. કોઈપણ મીઠી મધુરી વસ્તુને વર્ણવવા માટે પણ અહીં સુભાષિતનો કર્તા અને કવિ બોટાદકર ઉપમાનને ઉપમેય બનાવી દે છે. એક અલંકાર એવો છે કે જેને વર્ણવવા કાજે કોઈ ઉપમાન જ ઉપલબ્ધ ન હોય. દા.ત. :

'રામ-રાવણનું યુધ્ધ રામ-રાવણના સમું.'

જેમાં ઉપમાન ઉપલબ્ધ ન હોય તેને અનન્વય અલંકાર કહે છે. અથવા જેમાં ઉપમેયની અનન્યતા કે અસામાન્યતા દર્શાવવા એની જ ઉપમા અપાયેલી હોય તે અલંકાર. સુભાષિતોનું ગૌરવ કરતો એક સંસ્કૃત શ્લોક જેણે વધુમાં વધુ સુભાષિતો લખ્યાં છે એવા રાજવી કવિ ભર્તૃહરિનો છે. દા.ત. :

'કેયૂરા ન વિભૂષયંતિ પુરુષં હારા ને ચન્દ્રોજ્વલા
ન સ્નાનં ન વિલેપનં ન કુસુમં નાલંકૃતા મૂર્ધજા: ।
વાણ્યેકા સમલંકરોતિ પુરુષં યા સંસ્કૃતા ધાર્યતે
ક્ષીયંતે ખલુ ભૂષણાનિ સતતં વાગ્ભૂષણં ભૂષણમ્ ।।'

એનો ગુજરાતી અનુવાદ જોઈએ :

'ના હારો ત્યમ કંકણો અગર તો ના કાનનાં ભૂષણો,
કેયૂરો, મણિકુંડલો અગર તો આડંબરી વસ્ત્ર ના,
સાચાં મંડન એ નથી નર તણાં આનન્દદાયી કદા,
છે તો માત્ર સુધારસે છલકતાં સુભાષિતો એકલાં.'

અન્ય એક સુભાષિત છે જે સુભાષિતોનું ગૌરવ કરતાં કહે છે :

તેજસ્વી પાંચીકાને છોને રત્નો કહે મૂઢો'
સાચાં તો ત્રણ છે રત્નો: અન્ન, જળ, સુભાષિત.

'પંચતંત્ર'જેવા ગ્રંથમાં તો પશુપક્ષીઓની કથાની સાથે સાથે પુરાણો, શાસ્ત્રગ્રંથો અને અનેક સાહિત્ય-ગ્રંથોમાંથી આવાં સુભાષિત ઉઠાવીને યોગ્ય સંદર્ભમાં મૂક્યાં છે જે વાર્તાઓનો મુખ્ય ભાગ ન હોવા છતાં પણ, ઉપદેશ આપવા કાજે વાર્તાનો આવશ્યક અંશ ગણવામાં આવેલ છે. જ્ઞાનીઓ તેમજ અલ્પજ્ઞાની-ઉભયને-જ્ઞાન તેમજ ઉપદેશ આપતાં આવાં સુભાષિત રોચક ને સુગ્રાહ્ય બની રહેતાં. સંસ્કૃત આપણી ગીર્વાણ ગિરામાં મધુર કાવ્યો ને મીઠાં સુભાષિતોનો કોઈ પાર નથી. મનોહારિ સુભાષિતો કંઠસ્થ હોવાં એ શિક્ષિત ને સંસ્કારી સજ્જનનું આગવું ભૂષણ ગણાતું. એની પ્રાપ્તિ ગમે તે સ્થળેથી ગમે તે રીતે થતી હોય તો પણ કરવી, એ મતલબનું એક સુંદર સુભાષિત છે :

વિષાદપ્યમૃતં ગ્રાહ્યમ્ બાલાદપિ સુભાષિતમ્।
અમિત્રાદપિ સદ્વૃત્તમ્ અમેધ્યાદપિ કાંચનમ્।।

મતલબ કે :

વિષથી યે સુધા લેવી, શિશુથીયે સુભાષિત;
શત્રુથીય સદાચાર, વિષ્ટામાંથી કાંચન.

અમદાવાદની ગુજરાત કોલેજમાં જ્યારે હું ભણતો હતો ત્યારે પાટડી દરબારની સુરજમલની બૉર્ડિંગમાં રહેતો હતો. એ વખતે એ સંસ્થાના કર્તાહર્તા એક સજ્જન હતા જે અમદાવાદ શેરબજારના પ્રમુખ હતા. નામ શેઠશ્રી નંદુભાઈ મંછારામ. જ્યારે બોર્ડિંગમાં કોઈ અવસર હોય ત્યારે નંદુભાઈ અચૂક આવે, વિદ્યાર્થીઓ સાથે જમે, પણ જમતાં જમતાં દરેકને સુભાષિતો બોલવાનો અતિ આગ્રહ કરે ને તેઓ પણ અનેક સુભાષિતો સંભળાવે. ભોજન અને સુભાષિત-બંને અવિનાભાવી સંબંધ સમાન! આજે કોઈને આની કલ્પના પણ નહીં આવે. બ્રહ્મભોજન કરતા ભૂદેવ માટે આ સહજ વાત છે, પણ મોટે ભાગે ખેડૂતના પુત્રો માટે એ સ્વાભાવિક નથી. સ્વ. ડોલરરાય માંકડ સાહેબ જ્યારે વિદ્યાનગર ખાતે હતા ત્યારે ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક-સંઘનું એક અધિવેશન મળેલું. એ અધિવેશનમાં પ્રમુખ સાહેબે દરેક અધ્યાપકને ગમે તે એક કાવ્ય ગાવાનું કહેલું. કેટલાકે ગાયેલું, કેટલાકે ટાળવા પ્રયત્ન કર્યો પણ પ્રમુખ સાહેબે એને ફરજિયાત બનાવતાં એક અધ્યાપકે

'ઓ ઈશ્વર! ભજિયે તને, મોટું છે તુજ નામ,
ગુણ ત્હારા નિત ગાઈએ, થાય અમારાં કામ.'

એ ગાઈને એમનું કામ પૂરું કરેલું. 'હજીયે ન જાગે મારો આતમરામ', 'સૂરજ ઢૂંઢે ને ઢૂંઢે ચાંદાની આંખડી, નવલખ તારાનાં ટોળાં ટળવળે હોજી' અને 'કેસરિયા જોગી! સંયમમાં રહેજો, સાગર હો તો માનવમાં વહેજો'-એ અનુક્રમે પ્રો. રા. વિ. પાઠક, શ્રી ઉમાશંકર જોષી ને કવિવર ન્હાનાલાલનાં ગીત ખૂબ સફળ રહેલાં. પાઠક સાહેબનું ભજન કોણે ગાયેલું તે યાદ નથી પણ ઉમાશંકરભાઈનું યશવંતભાઈ શુકલે ને ન્હાનાલાલનું મેં ગાયેલું.

સંસ્કૃત ભાષામાં, સંસ્કૃત સાહિત્યમાં, સુભાષિતોનું જેટલું વિચારધન છે તેટલું કદાચ જગતની કોઈ પણ ભાષામાં નહીં હોય! આચાર, વિચાર, સંસ્કાર, સંસ્કૃતિ, ઉન્નત જીવન, ધાર્મિક-મીમાંસા, અનેક પ્રાચીન શાસ્ત્રોની માહિતી-આવું ઘણું બધું સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ છે ને એમાંનું કેટલુંક તો સુભાષિતરૂપે છે. વ્યક્તિનાં વ્યક્તિત્વને સમૃદ્ધ કરવા માટે ને પોતાની માતૃભાષાને ગૌરવ આપવા માટે સંસ્કૃતભાષાનું જ્ઞાન પ્રાણવાયુ સમાન છે. આજે ભાષા તરીકે, એક વિષય તરીકે સંસ્કૃત, વિદ્યાલયો ને વિદ્યાપીઠોમાં શિખવાતું હશે પણ આજથી અર્ધી સદી પૂર્વે એની વ્યવહારજીવનમાં જે ઉપયોગિતા હતી, મહત્તા હતી તે આજે દેખાતી નથી; એને ઉત્તેજન આપવા માટે પહેલાં કરતાં વધુ પ્રયત્નો કરવા છતાં સંસ્કૃત સાહિત્યને પ્રતાપે સંસ્કૃત ભાષા, વ્યાકરણ, તર્કશાસ્ત્ર જેવા બુદ્ધિ ને તીક્ષ્ણ ને સતેજ બનાવે તેવા વિષયોનું અધ્યયન પણ આજે ઓછું જોવા મળે છે.

અંગ્રેજી ધોરણ ચોથા, પાંચમામાં અમને લગભગ સવાસો સુભાષિતો કંઠસ્થ કરાવેલાં. વર્ગમાં એનો દરેકને પાઠ કરવાનો રહેતો. એ સુભાષિતો,

ભાવિ જીવનમાં ઉપયોગી થાય એ પ્રકારનાં હતાં. દા.ત.:

પરોપકારાય ફલન્તિ વૃક્ષા: પરોપકારાય વહન્તિ નદ્ય।
પરોપરકારાય દુહન્તિ ગાવ: પરોપકારાર્થમિદં શરીરમ્।।

ફલન્તિ, વહન્તિ, દુહન્તિની ક્રિયાપદોની વર્ણસગાઈ ને પ્રાસ સહજ રીતે મનમાં ઠસી જતો. આ સંસ્કૃત રજ માત્ર ભારે નથી, અલબત્ત અર્થાન્તરન્યાસરૂપે તારવેલો બોધ ખૂબજ ઉપયોગી ને રોચક છે. મોટા થયા બાદ અભ્યાસ ને વાંચન વધતાં, આ સુભાષિત ભર્તૃહરિના 'નીતિશતક' ને કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલ'માં વાંચતા વિશેષ આનંદ થયો. વિદ્યાર્થીકાળમાં, શરીર સ્વાસ્થ્ય ને આરોગ્ય માટે આ સુભાષિત માર્ગદર્શક થઈ પડેલુ.

દિનાન્તે ચ પિબેદ્દ્ દુગ્ધં નિશાન્તે ચ જલં પિબેત્।
ભોજનાન્તે પિબેત્ તક્રં કિં વૈદ્યસ્ય, પ્રયોજનમ્।।

મતલબ કે: દિનાન્તે દૂધ પીવે ને નિશાન્તે જલ જે પિયે,
ભોજનાન્તે પીવે છાશ, એને ખપ શો વૈદ્યનો?

તક્ર એટલે છાશ. ભોજન પછી છાશ પીવાથી આરોગ્યને ઘણો ફાયદો થાય છે એમ કહ્યા પછી અમારા સાહેબ કહેતા-'તક્રમ્ શક્રસ્ય દુર્લભમ્' મતલબ કે છાશ એ તો ઈન્દ્ર જેવા ઈન્દ્રને પણ દુર્લભ છે. 'તક્ર'-'શક્ર'નો પ્રાસ મળે તે લટકામાં. સત્ય વિશે સેંકડો સુભાષિતો છે પણ અમારી પાત્રતા પ્રમાણેનાં સુભાષિતો કંઠસ્થ કરાવતા. એમાનું આ એક:

વિદ્યા દદાતિ વિનયં વિનયાદ્યાતિ પાત્રતામ્।
પાત્રત્વાદ્ધનમાપ્નોતિ ધનાદ્ધર્મસ્તત: સુખમ્।।

મતલબ કે: વિદ્યા વિનય આપે છે,
વિનયે પાત્રતા મળે,
પાત્રતા ધનને આપે,
ધને ધર્મ, ધર્મે સુખ।।

વિદ્યાર્થીકાળમાં મને વિશેષરૂપે ગમી ગયેલું સુભાષિત આ હતું:

પ્રથમે નાડર્જિતો વિદ્યા, દ્વિતીયે નાડર્જિતં ધનમ્।
તૃતીયે નાડર્જિતો ધર્મ, ચતુર્થે કિં કરિષ્યતિ।।

મતલબ કે
બાલ્યે ના મેળવી વિદ્યા, ના કામ્યું યૌવને ધન,
પીઢાપે ધર્મ ના કામ્યો, વાર્ધક્યે કરશો જ શું?

જીવનમાં સર્વથા ને સર્વદા ઉપયોગી થાય એવું એક સુભાષિત ટાંકી આ લેખ પૂરો કરીશ.

શતંવિહાયભોક્તવ્યં સહસ્રં સ્નાનમાચરેત્।
લક્ષં વિહાય દાતવ્યં કોટિં ત્યક્ત્વા હરિં ભજેત્।।

મતલબ કે: જમો સો સો ત્યજી કાર્યો,
ન્હાઓ, ત્યજી હજારને,
દાન દો, લાખ છોડી ને,
કોટિ કર્મો ત્યજી હરિ ભજો.

પાછળ વાઘ પડ્યો હોય ને જીવ બચાવવા જેમ કોઈ દોડી રહ્યો હોય તેમ આજનો યુગ દોડી રહ્યો લાગે છે. યોગ્ય કાળે ભોજન-સ્નાન-દાન-ભગવદ્ભજનની કોઈને નિરાંત જ નથી ને ટેન્શનના માહોલમાં સમગ્ર માનવજાત જીવી રહી છે ત્યારે આવા જીવનવ્યવહાર ઉપયોગી સુભાષિતો કેટલાં બધાં સાર્થક ને સાચવી રાખવા જેવાં લાગે છે! આપણે આપણા એ સંસ્કાર-વારસાને અતંદ્ર જાગ્રતિ દાખવી જીવંત રાખીએ એમાં સૌનું શ્રેય છે.

### (૩) દીર્ઘજીવનની કેટલીક વાતો

લગભગ સાડા પાંચ દાયકાથી (સને ૧૯૪૮) મને હોજરીનું અલસર છે. અનેક ડૉક્ટરો અને વૈદ્યોની દવાથી પણ મટતું નથી. મારા પિતાજીને મારી તબિયતની ખૂબ ચિંતા થતી હતી પણ એકવાર મને ધીરજ ને આશ્વાસન આપતાં સહજ રીતે બોલી ગયા: 'જો બેટા' ! દવા કરાવવાની, પણ ઝાઝી તો પ્રભુમાં શ્રદ્ધા રાખવાની અને તારે ગભરાવવાની કશી જ જરૂર નથી; કારણ કે આપણા કુટુંબમાં કોઈને જલ્દી મરવાની કુટેવ નથી.' મારા ચાર દાદા ને એ ચાર દાદાની ચાર બહેનો, એ આઠમાંથી એક જ દાદા એંશી પહેલાં ગયેલા બાકી સાત જણ એંશીથી છન્નુ સુધી જીવેલા. મારા પિતાજી અઠ્યાસીએ ગયા ને મોટાભાઈ બ્યાસીએ. તા. ૧૨-૧-૨૦૦૨, શનિના રોજ મારા શ્રીમતી અઠ્યાસીએ ગયાં ને છ્યાસીએ હું હયાત છું. મારા શ્રીમતી મારાથી બે વર્ષ 'સીનિયર' હતાં. ચારમાંથી મારી ત્રણ દાદીઓને મેં દીઠેલી. એંશીથી અઠ્ઠાણુની ને મારા બા પણ ચોર્યાસીનાં હતાં. મારો ચોથો ન્હાનો ભાઈ પંચોતેર વટાવી ગયો છે ને સૌથી ન્હાની બહેન પણ સિત્તેરે પહોંચી છે. મારો એક ત્રીજો ભાઈ એકાવને ગયો, કારણ કે એને ઘણાં વ્યસનો હતાં ને આરોગ્યના સામાન્ય નિયમોનું પણ પાલન કરતો નહોતો...ત્રણ ત્રણ વાર ગ્રેજ્યુએટ હતો છતાંય! શતાયુ જીવવાની ઈચ્છા ને શક્તિવાળા મારા પિતાજી પુત્રના અકાળ અવસાને અઠ્યાસીએ ગયા. આ બધું કહેવાનો આશય માત્ર એટલો જ છે કે દીર્ઘાયુષ્ય અને વંશવારસાને નખમાંસ જેવો પ્રગાઢ સંબંધ છે. રોલ્સરોયમાં કોલસા-બાજરી ભરી, 'રફ રોડ' પર બેફામ ચલાવીએ તો વહેલી બગડી જાય, જ્યારે એમ્બેસેડરને પૂરી કાળજીથી ચલાવીએ તો ઝાઝી ટકે ને સારું કામ આપે. જ્યારે રાષ્ટ્રીય આયુષ્યનો આંક (National Span of Life) ખૂબ જ ઓછો હતો ત્યારની અમારા કુટુંબની આ ઉજ્જવળ કથા છે. અમારા કુટુંબની લગભગ ૮૫% વ્યક્તિઓએ ચારથી છ પેઢી જોઈ છે. મારા પિતાજીના લોકિયા ગણિતે મને જીવનમાં ઠીક ઠીક ટકાવી રાખ્યો છે; બાકી મોટા ભાગના વૈદ્યો ને ડૉક્ટરોના કહેવા પ્રમાણે તો અર્ધી સદી પૂર્વે મારા જીવનનો અધ્યાય પૂરો થઈ ગયો હોત ! કેટલાકને હું જીવી રહ્યો છું એનું આશ્ચર્ય છે!

આજથી લગભગ સો સાલ પૂર્વે મારા સૌથી ન્હાના દાદા ગુજરાતી પ્રાથમિક શાળામાં પાંચમા આસિસ્ટંટ શિક્ષક હતા ને એમનો પગાર ત્રણ રૂપિયા હતો. એકવાર હું માંદો પડ્યો તો મારા ૯૦ સાલના એ દાદા-વર્ધમાનરાયજી-મારી ખબર જોવા આવ્યા. એમનું ને અમારું ઘર લગભગ બસો ફૂટને અંતરે. આવીને, મને કહે : 'ભાઈ રણજિત ! તું બીમાર થઈ ગયો છે ? શું થયું છે ? ખાવાપીવામાં સાચવીએ ને લગ્નજીવનમાં, વ્યવસ્થિત રહીએ તો તબિયતને શેના ગોબા પડે ?' દાદાની એ વાત કેટલી બધી સાચી હતી ! નેવું વર્ષે પણ એમની તબિયત રાતી રાયણ જેવી હતી. મેં એમને ભાગ્યે જ પથારીવશ જોયા હશે. અને આમેય મારા ત્રીજા ભાઈ સિવાય વર્ષોથી અમારા કુટુંબમાં જેને ગંભીર બીમારી કહેવાય તેવી આવી જ નથી. મોટે ભાગે સૌનું 'એજિંગ'ને કારણે કુદરતી અવસાન થયેલ છે. મારા પિતાજી ૮૮ વર્ષે ગયા પણ કોઈ દિવસ માંદા પડ્યા નથી ને ઘરમાં ડૉક્ટર દીકરો હોવા છતાં પણ એકપાઈની દવા ખાધી નથી. ૮૨ વર્ષે ગુજરી ગયેલ મારા

મોટાભાઈ પ્રથમવાર જ માંદા પડ્યા ને માંડ એકાદ અઠવાડિયામાં ગયા. ૯૮ સાલના મારા ગંગા દાદી પથારીમાં સૂતાં તે સૂતાં ! નહીં દવા કે નહીં દારૂ, કોઈની સેવા-ચાકરી પણ નહીં. આ બધાંનો વિચાર કરતાં મને જીવનપદ્ધતિ, આરોગ્ય અને દીર્ઘાયુષ્ય સંબંધે બે શબ્દો લખવાનું સૂઝે છે.

મારા દાદા ને પિતાજીના જીવનને મેં નજીકથી જોયું છે ને ઝીણવટથી એનું પરીક્ષણ કર્યું છે. હાડે બંને અસલી ખેડૂત. પ્રભુમાં સંપૂર્ણ શ્રદ્ધા ને જીવતા જાગતા કર્મયોગ જેવું એમનું જીવન. જીવનમાં કોઈ જાતનું 'ટેન્શન' ન મળે. કુદરતને ખોળે નૈસર્ગિક જીવન જીવનારા એ જીવ, આહાર, વિહાર, નિહારમાં ખૂબ ચોક્કસ ને 'આપ ભલા તો જગ ભલા' ને 'કર ભલા, હોગા ભલા' એ સૂત્રમાં ચુસ્ત રીતે માનનાર.

કોઈને કશાનું વ્યસન જ નહીં. હા, દાદા થોડાક સમય માટે હુક્કો ગગડાવતા હતા, પણ એક જૈન મુનિના ઉપદેશથી સદાને માટે એનો ત્યાગ કર્યો હતો. પિતાજીને છાના માના મેડી ઉપર, એકવાર બીડી પીતા જોઈ ગયો તો કહે: 'બેટા ! મને બીડીનું વ્યસન નથી, કોઈકવાર પેટમાં ગોળો ચઢે છે તો બીડી પીવાથી ગોળો ઊતરી જાય છે.' દવા તરીકે બીડી પીતાં, પણ ગુનાહિત માનસ વ્યક્ત કરતા મારા પિતાને કશાનું જ વ્યસન નહોતું...એ કૌટુંબિક સાત્ત્વિક પરંપરા ચાર પેઢી સુધી ઊતરી આવી છે. મેં આગળ ઉપર ટેન્શન-મુક્ત જીવનની વાત કરી એમાં તંદુરસ્ત સંયુક્ત કુટુંબનો ફાળો રજમાત્ર ઓછો નથી. અઠ્ઠાવન સાલનો મારો મોટો પુત્ર મહિના પહેલાં મને કહે : 'પપ્પા ! તમો ચાર ભાઈઓનાં અમો ચૌદ સંતાનો કેમ મોટાં થઈ ગયાં તેની કોઈને કશી ખબર પડી નહીં. જ્યારે આ બે 'ટેણિયાં' (મારા પ્રપૌત્ર, પ્રપૌત્રી)ને ઉછેરતાં ધોળે દિવસે આકાશના તારા દેખાય છે ?! તંદુરસ્ત સંયુક્ત કુટુંબ પ્રથાને આપેલી આ અંજલિ હતી. મારા દાદા-દાદી ને માતા-પિતાએ કોઈ દિવસ હૉટેલ-પ્રવેશ કર્યો ન હતો, બહારનું કશું જ પેટમાં નાખેલું નહીં; હા, પિતાજી કવચિત્ અમદાવાદ ગયા હોય ને ભૂખ લાગી હોય તો ફળફળાદિથી ચલાવી લેતા, કવચિત્ જ 'ચંદ્રવિલાસ'માં જઈ, છ પૈસામાં દાળભાત ખાઈ લે. મને અલ્સર થયું એનું કારણ, જૈન પરિભાષામાં કહું તો મારો 'પ્રજ્ઞાપરાધ' છે. કેમ જે ખાસ્સા એક દાયકા માટે હું મોડરેશનના કામે પૂના જતો હતો ને ત્યાંની 'રીટ્ઝ હૉટેલ'નું ખાતો હતો ને સાચા કે ખોટા ઉજાગરા કરતો હતો; પછી અલ્સર ન થાય તો બીજું શું થાય ? દિવસમાં ૨૦-૨૫ કપ-કોફી ને ૨૫-૩૦ બીડીઓ ફૂકનાર, ત્રણવાર ગ્રેજ્યુએટ થનાર મારા ત્રીજા ભાઈને ચેતવણી આપતા પિતાજીએ અનેકવાર કહેલું: 'સાંભળી લે, તું મારા પહેલાં જઈશ.' દીકરો એકાવને ગયો ને બાપ અઠ્યાસીએ. આ બધું કહેવાનો આશય એ છે કે પ્રજાકીય વારસાની જેમ કૌટુંબિક વારસો પણ-સારો કે ખોટો-ઈચ્છીએ કે ન ઈચ્છીએ તો પણ આપણો લલાટે લખાયેલો હોય છે જ.

આની તુલનાએ મારા એક પરમ મિત્રના કુટુંબના વારસાની વાત કરું. પ્રો. આર. સી. પટેલ, વડોદરાની મ. સ. યુનિ.ના વાઇસ-ચાન્સેલર હતા. વર્ષો પૂર્વે અમો ને એમના બીજા બે ભાઈઓ એક જ ગુરુના વિદ્યાર્થી. આ સમગ્ર કુટુંબના વારસામાં હૃદયરોગ ઊતરી આવેલો ! માતા, પિતા, મોટાભાઈ, ન્હાનાભાઈ ને પોતે-બધા જ હાર્ટ-એટેકમાં ગયા. સાઈઠ પણ પૂરાં ન કરી શક્યા. પ્રો. આર.સી.ના ન્હાના ભાઈ-શ્રી બાબુભાઈનો દીકરો પરદેશ ભણી આવી વડોદરે આવ્યો. એના લગ્નની વાત ચાલી ત્યારે એ નવયુવકે જ કન્યાના માતાપિતાને જણાવી દીધું કે 'જુઓ મુરબ્બી ! અમારા કુટુંબમાં લગભગ બધા જ 'હાર્ટ-એટેક'માં જાય છે. સંભવ છે કે મારું અવસાન પણ એ રીતે થાય...ને હું મારાં દાદા, દાદી, મોટા બાપા, કાકા ને પિતાજીની માફક વહેલો જાઉં તો તમારી દીકરી વિધવા થશે. આ વિગતને ખ્યાલમાં રાખી આગળ વાત કરી શકો છો.' આવો જ એક ડૉક્ટરનો કિસ્સો મને મારા ડૉક્ટર મિત્ર શ્રી રમેશ દેસાઈને દવાખાને જાણવા મળ્યો. પંચાવન સાલના ડૉ. દેસાઈ, ચાલીસ વાર અમેરિકા જઈ આવ્યા છે ને ડૉક્ટરી કરતાં એમને સાહિત્યમાં ઝાઝો રસ છે. કેટલીયે કાવ્યપંક્તિઓ કંઠસ્થ. એમને દવાખાને આવીને એમના એક ડૉક્ટર મિત્ર જેઓ આણંદથી આવેલા, ડૉ. દેસાઈને કહે: 'હવે આપણી આ છેલ્લી મુલાકાત!' એ પછી એ બંને મિત્રોએ એમના કૉલેજ જીવનની વાતો કરી. એમના ગયા બાદ મેં ડૉ. દેસાઈને છેલ્લી મુલાકાતનું રહસ્ય પૂછ્યું તો કહે: 'એમના ચાર ભાઇઓ પચાસ પહેલાં ગુજરી ગયા છે. હમણાં એમને પચાસમું બેઠું એટલે પોતે પણ જશે એ ભીતિ ને આશંકાથી એવું બોલેલા.' બે માસ બાદ હું ડૉ. દેસાઈને દવાખાને ગયો તો એમના ડૉક્ટર મિત્રના અવસાનના દુ:ખદ સમાચાર આપ્યા !

આ બધાં ઉપરથી મને વિચાર આવ્યો કે આપણાં સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્યનાં પરિબળો ક્યાં છે ? આપણે બચ્ચન ને માધુરી દીક્ષિતની કુટુંબકથામાં રસ લઈએ છીએ પણ આપણા કુટુંબની આવી મહત્ત્વની બાબતમાં બેદરકાર રહીએ છીએ. પોષક, સુપાચ્ય, સમતોલ આવશ્યક આહાર, સ્વચ્છ હવાપાણી, મોકળાશભર્યું રહેઠાણ, આનંદપ્રદ વાતાવરણ, ટેન્શનમુક્ત જીવન, આરામ વગેરે આરોગ્ય અને દીર્ઘજીવન માટે અનિવાર્ય આવશ્યકતાઓ છે. આમ છતાંયે કેટલાંક જિન્સ (જીવનાં બીજ) જ એવાં હોય કે ઉપર્યુક્ત સાનુકૂળ પરિસ્થિતિઓને લેખે લગાડી શકે નહીં; ખોરાક-કસરત-આરામને પચાવી શકે નહીં. વાતાવરણનો ઉપભોગ કરવાની ન્યૂનાધિક તાકાતને કારણે જ, એક જ માબાપના સંતાનનાં શરીરમાં ફેરફાર વરતાય. આ ફેરફારનું સાચું ને ન બદલી શકાય તેવું કારણ તેના બીજમાં રહેલી જીવનશક્તિની ભિન્નતા છે. જીવનશક્તિ એટલે પ્રકૃતિનાં કેટલાંક તત્ત્વોને પચાવી આત્મસાત કરી દેવાની શક્તિ, બીજનાં અંગોને વિકસાવી જાતીય સ્વરૂપ દેવાની શક્તિ, હેતુપુર:સર કામ કરવાની જ્ઞાનશક્તિ ને જીવન કલહ-વિગ્રહ-સંગ્રામમાં ઝઝૂમવાની શક્તિ. બીજમાં નિહિત જીવન શક્તિનાં આ તત્ત્વો વિકાસનાં ખરાં કારણો છે. એટલે વિકાસનું ખરું કારણ, ખોરાક, વાતાવરણ ઉપરાંત બીજની આજીવનશક્તિની મૂડી છે. આથી એ પણ સમજાય છે કે કોઈપણ શરીરી તદ્દન સ્વતંત્ર વ્યક્તિ નથી પણ, તેના વંશ ને માતા-પિતાની સુધારાવધારાવાળી આવૃત્તિ છે.

આથી તો સુજનનકળા (યુજેનિક્સ)નું મહત્ત્વ વિશેષ સમજાય છે. અત્યારની બદલાયેલી જાગતિક પરિસ્થિતિમાં આપણે આહારનું મહત્ત્વ ભૂલ્યા છીએ, સાચા આનંદનું સ્વરૂપ સમજ્યા નથી, ટેન્શનયુક્ત જીવન પ્રવાહમાં તૃણવત તણાયે જઈએ છીએ ને વિજ્ઞાન તથા ઔષધોને કારણે ભલે આપણો રાષ્ટ્રીય આયુષ્ય-આંક વધ્યો હોય પણ આપણી જીવનશક્તિનો તો સરવાળે હ્રાસ જ થયો છે, આપણી કાર્યક્ષમતા ઘટી છે ને શ્વસનને જો જીવન કહેવાતું હોય તો શ્વસી રહ્યા છીએ, સાચું જીવન જીવી રહ્યા છીએ એમ ન કહેવાય. ❖❖❖

# ગાંધીયુગના ભાવનાશીલ કવિ સ્વ. રતુભાઈ દેસાઈ

□ ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર

ગાંધીયુગના ભાવનાશીલ કવિઓમાં સ્થાન ધરાવનાર કવિ સદ્‌ગત શ્રી રતુભાઈ દેસાઈનો જન્મ નવસારી ખાતે વેસ્મા ગામના પોલીસ પટેલ પિતા શ્રી નાનુભાઈ ગુલાબભાઈ દેસાઈને ત્યાં તા. ૨૧ નવેમ્બર ૧૯૦૮ના રોજ થયો હતો. તેમની માતાનું નામ ગંગા બા. એમને વસનજી નામના મોટાભાઈ તથા દુર્ગાબહેન, અંબીબહેન અને ઝીણીબહેન નામની ત્રણ મોટી બહેનો હતી. એમણે અગિયાર વર્ષની વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું, અને માતા ગંગામા ૧૯૩૨ના અરસામાં ગુજરી ગયેલા. તે વખતે કવિ રતુભાઈ સત્યાગ્રહની લડતમાં ભાગ લેવાને કારણે વિસાપુર જેલમાં સ્વાતંત્ર્ય સૈનિક તરીકે હતા. સદ્‌ગત માતાની યાદગીરીમાં વિસાપુર જેલમાં ૧૯૩૨માં લખાયેલ માતૃપ્રેમનું શોકપ્રશસ્તિના પ્રકારનું વિશિષ્ટએવું 'જનની' નામક દીર્ઘકાવ્ય ૧૯૪૦ના નવેમ્બરમાં પ્રગટ કર્યું.

તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મદ્રેસા હાઈસ્કૂલ નવસારી ખાતે થયું હતું. ત્યાર પછી મુંબઇની રાષ્ટ્રીયશાળા અને ગુજરાત વિદ્યાપીઠમાં રાષ્ટ્રીય શિક્ષણ પ્રાપ્ત કરી તેઓ સ્નાતક થયા બાદ મુદ્રણ તથા કાગળનો વ્યવસાય મુંબઇમાં તેમણે અપનાવ્યો હતો. ૧૯૪૦-૪૨ દરમ્યાન રાષ્ટ્રીય ગુજરાતી દૈનિક 'જન્મભૂમિ'ના પ્રેસ મેનેજર તરીકે થોડો વખત કાર્ય કરીને ૧૯૪૫થી સ્વતંત્રકાર્ય તેમણે શરૂ કર્યું હતું. ૧૯૫૬થી બિનપક્ષીય રાષ્ટ્રીય ભૂમિકાએ સામાજિક અને રાષ્ટ્રીય સેવાકાર્ય કરવા માંડ્યું હતું. શિક્ષણ, સમાજ તથા રાજદ્વારી ક્ષેત્રે તેમણે અનોખી રીતે ગાંધીજી તથા લોકનાયક જયપ્રકાશનો પ્રભાવ ઝીલીને મુંબઈ અને ગુજરાતમાં વ્યાપક સંગીન સેવાકાર્ય કર્યું હતું.

તેમણે વિજલપુર-નવસારીમાં, અંધેરી તથા વિલેપારલેમાં શિક્ષણ સંસ્થાઓ સ્થાપી તથા તેના સંચાલક મંડળમાં વિવિધ હોદ્દાઓ પર રહી તેને વિકસાવી. વિલેપારલે-અંધેરી-જોગેશ્વરીની સુધરાઈમાં ચૂંટાઈ આવીને તેના સભ્યપદે રહીને લોકોને તથા ખાસ કરીને હરિજનોને અનેકવિધ સુવિધા આપવાની સેવા બજાવી. વિલેપારલેમાં અનાવિલ સેવામંડળ સ્થાપી તેના પ્રમુખપદે રહ્યા ને દહેજના દૂષણને ડામવા અનેક ક્રાંતિકારી પગલાં લીધાં. તેમજ જ્ઞાતિના મુખપત્ર 'જય શકલેશ્વર'ની સ્થાપના તથા તેના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. સમાજમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારના દૈત્યને ડામવા પણ અનેક વાર લડતો આપીને ઘણાયે ભ્રષ્ટાચારીઓને અદાલતમાં ઘસડીને તકસીરવાર ઠરાવી સજા કરાવી. ગાંધીવાદી તરીકે અન્યાય, જુલમ અને એકહથ્થુ સત્તા સામે ઝઝૂમીને ન્યાય પણ તેમણે અપાવ્યો. ખાદીભંડારના કાર્યકરોને થયેલ અન્યાય બદલ ૧૯૩૪માં તેમણે હડતાલનું શસ્ત્ર ઉગામ્યું હતું ને તેમાં ગાંધીજીને લવાદ તરીકે આણી ખાદી કર્મચારીઓને ન્યાય અપાવીને ગાંધીજીની શાબાશી પણ મેળવી હતી. નેતાજી સુભાષચંદ્ર બોઝનું કોંગ્રેસ પ્રમુખ તરીકે વિલેપારલેમાં આગમન થતાં તેમના માન અને સત્કારમાં યોજાયેલી સભાનું પ્રમુખસ્થાન સંભાળવાનું બહુમાન પણ તેમને મળ્યું હતું.

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ૧૯૩૦, ૧૯૩૨ અને ૧૯૩૪ની લડતોમાં સક્રિય ભાગ લઈ તેમણે થાણા, વિસાપુર ને યરવડા જેલોમાં લાંબો વખત કારાવાસ ભોગવ્યો હતો.

૧૯૪૨ના 'ભારત છોડો' આઝાદી સંગ્રામમાં ત્રણ-ચાર વર્ષ સુધી ફરારી રહીને તેમણે ભૂગર્ભ પ્રવૃત્તિ કરી હતી. વળી તેમની સ્વતંત્ર અને નિર્ભીક વિચારધારાને લીધે વડાપ્રધાન ઇંદિરા ગાંધીએ ૧૯૭૫માં લાદેલી કટોકટીને પણ પડકારી તે વિરુદ્ધ સક્રિય કાર્ય કર્યું હતું. તો તે કાળ દરમ્યાન પોલીસ-સી. આય.ડી.ની નજર હેઠળ તેમનો કાવ્ય સંગ્રહ 'કારાવાસના કાવ્યો' ૧૯૭૬માં પ્રકાશિત કર્યો હતો. જેમાં તેમનાં જેલજીવન, સ્વાતંત્ર્યનાદ અને ભૂગર્ભકાળનાં કાવ્યોનો સમાવેશ છે. ૧૯૭૭માં કટોકટી દરમ્યાન લખાયેલી કવિતાઓનો સંગ્રહ 'કટોકટીના કાવ્યોદ્‌ગાર' તેમણે આપણને આપ્યો હતો.

ગાંધીજીની હત્યા પછી તેમણે કોંગ્રેસ છોડી હતી. ૧૯૩૪માં સમાજવાદી પક્ષના અનેક સ્થાપકો પૈકીના તેઓ પણ એક હતા. તેમણે સિદ્ધાંતનિષ્ઠ ને નિર્ભીક રહીને કોંગ્રેસ, સમાજવાદી પક્ષ ને જનતા પક્ષમાં જુદા જુદા હોદ્દા પર રહીને ખાદીકાર્ય, હરિજનકાર્ય, ભાડૂતોનું કાર્ય ને સુધરાઈ કાર્ય કરી અનેકવિધ રીતે સંગીન જનસેવા કરી હોવાથી ૧૯૮૩-૮૪માં તેમને ૭૫ વર્ષ થયાં ત્યારે તેમનો અમૃત મહોત્સવ દબદબાથી મુંબઈ ખાતે વિલેપાર્લેમાં ઉજવાયો હતો. વિલેપારલે નાગરિક સમિતિના તેઓ શરૂમાં સ્થાપકમંત્રી ને પછી પ્રમુખપદે વર્ષો સુધી રહેલા. રાજાજી અને આચાર્ય કૃપલાણી જેવાની ચૂંટણી સમિતિ હોય, મુંબઇમાં નેતાજી જન્મશતાબ્દી સમિતિ હોય કે દુષ્કાળ, પૂર, ધરતીકંપ કે આગ જેવી આફત હોય-એ બધામાં તેમણે અગ્રગણ્ય સેવાકાર્ય કર્યું ને વિદ્યાર્થીઓ, વિધવાઓ, ત્યકતાઓ તથા સ્વાતંત્ર્ય સેનાનીઓને પણ મદદરૂપ થઈ તેમને ન્યાય અપાવ્યો છે. તેઓ ગાંધીજીના સંપર્કમાં આવેલા ને તેથી ૧૯૯૧માં પ્રગટેલ 'સ્વપ્નભંગ' તથા ૧૯૯૪માં પ્રગટેલ 'ગાંધી સવાસો' કાવ્યસંગ્રહોમાં તેમની ગાંધીભક્તિ ને આઝાદીપ્રીતિ પ્રગટ થઈ છે. સ્વાતંત્ર્ય સેનાની તરીકે તેમને ભારત સરકાર તરફથી તામ્રપત્ર એનાયત થયેલું.

તેમની આવી વિવિધ ક્ષેત્રોની સંગીન સેવા ઉપરાંત ખાસ વિશિષ્ટ સેવા તો તેમની સાહિત્યક્ષેત્રની અને તેય ગાંધીયુગના કવિ તરીકેની છે. તેઓ માતૃભાષા ગુજરાતી ઉપરાંત હિંદી, મરાઠી, બંગાલી અને અંગ્રેજીના સારા જ્ઞાતા હતા. હિંદી ભાષામાંય તેમણે જે ગીતકાવ્યો રચ્યાં છે તેનો પુરાવો તેમનો અપ્રગટ હિંદી કાવ્યસંગ્રહ 'એક તિનકા મેરા' છે. બંગાળીમાં પણ તેમણે કાવ્યો રચ્યા છે. ૧૯૩૪થી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા અંતિમ ક્ષણ સુધી જે જારી રહેલી તેમાં તેમણે બત્રીસ જેટલાં માતબર પ્રકાશનો આપ્યાં. તે પૈકી સાત જેટલાં સંપાદનો અને બાકીના મૌલિક કાવ્યસંગ્રહોમાં સંસ્મરણો, ભક્તિકાવ્યો, પ્રવાસ, અંજલિકાવ્યો, શોકપ્રશસ્તિઓ, સ્મૃતિકથા, માતૃપ્રેમ, પ્રભુપ્રેમ, મંગલાષ્ટકો, પ્રાર્થના સ્તવન, દેશભક્તિ કાવ્યો, બાળકાવ્યો, ગઝલ, ગાંધીપ્રીતિ, મુક્તક, પ્રકૃતિ, કાવ્યપ્રીતિ, કટાક્ષ-વિડંબન કાવ્યો આદિ પ્રકાર-વિષયોનું ખેડાણ તેમણે કર્યું છે. તેમણે છંદોબદ્ધ અને અછાંદસ કાવ્યોની સાથે મનોહર કર્ણપ્રિય ગીતો પણ આપ્યાં છે. તેમણે કોલક અને ઇંદુલાલ ગાંધી સાથે 'કવિતા' નામક સર્વપ્રથમ ગુજરાતી કવિતા માસિકનું સંપાદન પણ ૧૯૪૧થી ૧૯૪૭ દરમ્યાન કરેલું, અને ગુજરાતી સાહિત્ય પરિષદના મુંબઈ અધિવેશનોના ટાણે ૧૯૬૩ અને ૧૯૮૭માં તેની સ્મરણિકાઓનું ય સંપાદન ધ્યાનપાત્ર રીતે કરેલું. તેમનું પ્રથમ પ્રકાશન 'સ્મરણ મંજરી'

૧૯૩૪માં પ્રગટ થયેલું ને અંતિમ પ્રકાશન ઇ. સ. ૨૦૦૦માં ગઝલોનો ખ્યાલ કરાવતી રચનાઓનો સંગ્રહ 'નિરાલી જાનિબ' છે. તેમની સાહિત્યિક ગુણવત્તા ને સેવાને ગાંધીજી, મહાદેવ દેસાઈ, રામપ્રસાદ બક્ષી, અનંતરાય રાવળ, 'સ્નેહરશ્મિ', કરસનદાસ માણેક, જ્યોતીન્દ્ર દવે, મનસુખલાલ ઝવેરી, સુંદરજી બેટાઈ, 'સુંદરમ્', વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉલરરાય માંકડ, વિજયરાય વૈદ્ય, ગુલાબદાસ બ્રોકર જેવા વિદ્વાન મહાનુભાવોએ અને મર્મજ્ઞોએ બિરદાવી છે. તેમનાં કટોકટીનાં કાવ્યો અંગ્રેજીમાં અનુવાદ પામીને 'Voice of Emergency' જેવા અમેરિકન પ્રકાશનમાં સ્થાન પામ્યાં છે. તેમનું પહેલું ૧૯૩૪માં પ્રગટ થયેલ પુસ્તક 'સ્મરણ મંજરી' મહાત્મા ગાંધીજીએ વાંચેલું ને ત્યારે તત્કાલીન 'હરિજનબંધુ' પત્રમાં અગ્રલેખ રૂપે મહાદેવભાઈ દેસાઈ મારફતે બિરદાવેલું હતું. તદ્‌ઉપરાંત તેમના ૧૯૮૭માં પ્રકાશિત થયેલ 'સિંધુગાન' સંગ્રહને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'શ્રી અરવિંદ ઘોષ ચંદ્રક' અપાયેલ. તેમના ૧૯૯૫માં પ્રગટ થયેલ 'વિચ્છેદ' કાવ્યપ્રકાશન તથા વિવિધ સેવા બદલ વડોદરાના સંસ્કાર પરિવારનો 'સંસ્કાર' એવોર્ડ મળેલ તો ૧૯૮૬માં પ્રગટ થયેલ 'યાત્રાપથનો આલાપ' નામક વિશિષ્ટ ગદ્યકાવ્ય સંગ્રહને ભાવનગરની સાહિત્યસભા તરફથી સુવર્ણચંદ્રક સમેત સન્માનપત્રથી બિરદાવવામાં આવેલ. પ્રો. અનંતરાય રાવળ જેમને સ્વપ્નવિહારી કવિ કહે છે એવા આ ઉમદા કવિનાં વિશિષ્ટ નોંધપાત્ર પ્રકાશનોમાં માતા ગંગાબાના અવસાન ટાણે ૧૯૩૨માં લખાયેલ ને ૧૯૩૯માં પ્રગટ થયેલ 'જનની' શોકપ્રશસ્તિ દીર્ઘ કાવ્ય, પ્રથમ પત્ની ઇન્દુમતીની યાદગીરીમાં ૧૯૪૧માં પ્રગટ થયેલ 'ઇન્દુ અને રજની' સ્મરણકથા, સાસુમા ઝીણીબહેનના ૧૯૭૯માં થયેલ નિધન બાદ લખાયેલ અને ૧૯૮૧માં પ્રગટ થયેલ 'સાસુમાની ઝાલરી' કાવ્યસંગ્રહ, પત્ની મમતા બહેનના ૧૯૮૮માં નડિયાદ ખાતે થયેલ દુ:ખદ અવસાન ટાણે લખાયેલ ને ૧૯૮૯માં પ્રગટ થયેલ 'ખંડેરનો ઝુરાપો' કાવ્યસંગ્રહ તથા કવિતા, કવિ, કવિજીવન, તેમજ કવિતાની વિવિધ વિભાવનાને અનુલક્ષતાં કાવ્યોના ૧૯૯૧-૯૨માં પ્રગટેલ સંગ્રહો 'કવિની છવિ' ને 'અતેથિ કવિ' મુખ્યત્વે ગણાવી શકાય.

આટલાં પ્રગટ કાવ્યાદિ પ્રકાશનો છતાં તેમનાં કેટલાંય અપ્રગટ પ્રકાશનો જે છે તેમાં ગેયરચનાઓનો સંગ્રહ 'ગાન વિતાન', શ્રદ્ધાંજલિઓનો સંગ્રહ 'અંજલિ અને અર્ઘ્ય', અછંદાસ રચનાઓનો સંગ્રહ 'અછાંદસી', વિદાય કાવ્યોનો સંગ્રહ 'છેલ્લી સલામ', કાવ્યસંગ્રહ 'પૂર્વગાન', ભક્તિ કાવ્યસંગ્રહ 'ભક્તિ સુધા', કાવ્યસંગ્રહ 'આવિષ્કાર', 'અંતિમા', 'લિપ્સા', 'કિમપિ દ્રવ્ય' અને 'શેખા', અભિનંદન કાવ્યોનો સંગ્રહ 'નૂતન વત્સરા', પ્રભુ પ્રેમના કાવ્યોનો સંગ્રહ 'ઘડીક શ્યામની સંગ', હિંદી કાવ્યોનો સંગ્રહ 'एक तिनका मेरा' અને પ્રકીર્ણ રચના સંગ્રહ 'प्रकीर्णा' આદિનો સમાવેશ થાય છે.

તેમની કાવ્યબાની સરળ, શિષ્ટ ને તળપદી છતાં ક્યાંક તત્સમ શબ્દોવાળી છે, અને અક્ષરમેળ વૃત્તો, માત્રામેળ છંદો, અછાંદસ રચના ને ગીતો પર તેમનું સારું પ્રભુત્વ જણાય છે. તેમનાં કાવ્યો ટાગોર, ખલિલ જિબ્રાન આદિની સ્મૃતિ-સંવેદના જગાડી જાય છે. તેમના બધા કાવ્યસંગ્રહ પ્રકાશનોમાં થઇને એકંદરે હજારથીય વધુ કાવ્યગીતો તેમની પાસેથી આપણને મળ્યાં છે. તેમાં બંગાળી અને હિંદી કાવ્યો પણ ધ્યાનપાત્ર ગુણવત્તાવાળાં છે. એક વિદ્વાને કહ્યું છે તેમ કદાચ વ્યક્તિપ્રીતિનાં તેમના જેટલા કાવ્યો ભાગ્યે જ બીજા કોઈ પાસેથી આપણને મળ્યાં હશે.

તેમની કવિતા સાદા શબ્દોમાં સરળ, મૃદુ ગતિએ વહી જાય છે. તેમાં એકધારો પ્રવાહ નિર્વ્યાજ મનોહરતાથી અખંડ રીતે વહી રહે છે. તેમનું પ્રકાશન 'સાસુમાની ઝાલરી' આપણા સાહિત્યમાં કૌટુંબિક જીવનની કવિતાની એક નવી જ બારી ઉઘાડે છે. 'ખંડેરનો ઝુરાપો'માં કવિ જીવન-મૃત્યુની વ્યાખ્યા આપે છે.

જીવનનું બીજું નામ, રસરંગ-દેવને પ્રણામ !
મૃત્યુકેરું બીજું નામ કાળદેવને પ્રણામ !

કોઈ એમને આધુનિક યુગના લોકપ્રિય કવિ કહે છે, કોઈ એમને સમન્વયના કવિ તો કોઈ નખશિખ સજ્જન કવિ કહે છે. તેમણે મરાઠીમાં પણ કાવ્યો લખ્યાં છે અને 'જનની'નું હિંદી ભાષાંતર પણ થયું છે.

ડૉ. જયંત પાઠકના કથન મુજબ તેમની કવિતામાંથી તેમનાં વ્યક્તિત્વનો, જીવનદર્શનનો અને તેમની મુદ્રાનો પરિચય સુપેરે મળે છે. તેમનાં 'સૂર્યનો અંધકાર' કાવ્યનું અંગ્રેજી ભાષાંતર પ્રો. મનસુખલાલ ઝવેરીએ કર્યું છે.

નાનપણમાં પિતા તરફથી લાડમાં 'નેત્રમણિ' નામ પામેલા આ કવિ અનેક પહેલના કવિ છે. તેમના કવિતા વિશેના ઉદ્‌ગારો જુઓ.

કવિતા કેરી હોય ઉજાણી
કવિતાની તો હોય જ લ્હાણી...

'કવિની છબી'

કવિનો શબ્દ જ કવિનું જીવન
કવિનું ચરિત્ર શાશ્વત કોલ...

'સિંધુગાન'

કવિનો શબ્દ
કવિનો શબ્દ શૂન્યમાંથી સરજાતો સભર
સંભરમાં ફેલાય છે

'કટોકટીના કાવ્યોદ્‌ગાર'

જીવનનિષ્ઠ કાવ્ય ને કાવ્યનિષ્ઠ જીવનના
કઠિન છતાં અભીષ્ટ પથના ઓ પથિક !
એક ડગ, માત્ર એક ડગ ભર
તારી અમૃત પ્રકાશિત શબ્દપતાકા લહેરાવા !

x x x

જેને જે કહેવું હોય તે કવિ માટે કહે પણ
ખુદ કવિ તો પોતાને માટે કહે છે-
એકલ દોકલ યાત્રી : હું તો જાઉં મારે પંથે
ફૂટે જેવાં ગીતો તેવાં વહેવા દઉં મુજ કંઠે
હું અલગારી ! એકલપંથી ! મુક્ત મસ્ત અવટંકી
કંઠે મારે નવ મેં કો'ની બાંધી છે રે કંઠી.
શબ્દોને હું ઉપાસનારો અભિનવ અમૃતયોગે !
હું છું આત્મકલાનો ઘેલો, ના હું સોનેટ ચેલો.

x x x

ના મેં સાહીબાહી કો કવિમંડળ વિદ્વદ્‌જનની
હું તો કંડારી જાતો જે કેડી ઉપસે મનની
એકલ દોકલ યાત્રી : યાત્રા મારી એકલપંથી

'એક બુઢ્ઢો'

ગાંધીબૂમ ઝીલનાર
વ્યથાની ચીસ પાડનાર

એક અલ્પ સ્વલ્પ નમ્ર છું હું માનવી:
બન્યો-થયો જ દર્દ ને નિસાસને
વૈફલ્યનો રે ! હું કવિ

'સ્વપ્નભંગ'

એક સ્વરચિત બંગાળી રચનામાં કવિ કહે છે-

આમિ કવિ
આમાર અંતરે નિરંતર કવિતાર છવિ:
આમાર એકિ ધ્યાન, એકિ ગાન:
અત્ર, તત્ર, સર્વત્ર આમાર સ્થાન:
આમાર પ્રાણેર માઝે બાજે
મહા પારાવારેર ગાન
આમાર મને નંદિત, સ્પંદિત, છંદિત
આનંદેર બીનાર ઝંકાર

ગુણવંત શાહ તેમને 'કુસુમિત જીવનના આરાધક' કહે છે તેવા આ કવિનો જીવન સંદેશ છે-

પ્રેમનો મારગ એ જ છે તારક: બીજા મારગ ખોટા,
માણસ કદી માણસ માટે હોય ના છોટા મોટા.

'ગાંધી સવાસો'

ચાડિયો, પડવો, બાવળના ઠૂંઠા, ઘુવડ, શૃંગાલ, ચામાચીડિયું ને કવિ, રેલપાટાના સાદ, ને પ્લેટફોર્મ પર-જેવાં નવા પ્રકારના વિશિષ્ટ કાવ્યો લખનાર, પ્રસન્ન એકલવીરશું જીવન વ્યતીત કરીને કિલ્લોલ કરતા કુટુંબને છોડીને તા. ૬ ફેબ્રુઆરી ૨૦૦૨ના બુધવારના રોજ બપોરે ૪.૧૫ કલાકે ૮૪ વર્ષની વયે આ અલગારી કવિ અનંતની સફરે ઊપડી ગયા, પણ ભલે તેઓ ગયા. તેમની કવિતા દ્વારા આપણી વચ્ચે તેઓ કાયમ રહેનાર છે.

તેમણે જ ગાયું છે-

કવિ કેરા મૃત્યુ કેરે, કવિતાનો નહિ
કોકના કંઠે રમ્યો મુજ ગીતગાનો વારંવાર
ગાન વ્યાપ્ત મારું ધરાધૂલિ કણકણ માંહી
મૃત્યુ કેરે કવિક્ષય, ગીતગાનનો વિજય
અને
કવિતા રિક્તને સભર બનાવે છે
અપૂર્ણને પૂર્ણ ને પૂર્ણને અપૂર્ણ બનાવે છે
અચેતસ્‌માં ચેતસ્ પૂરી જાય છે,
વિષાદને સ્થાને પ્રસાદ અર્પે છે
ડહોળાં આત્મજળને નીતર્યા કરે છે
મૂક હૃદયતંત્રીને મુખરિત કરે છે !...

'પ્રાર્થના પલ્લવી'

એવા કવિને શ્રદ્ધાંજલિ હો.

❖❖❖

# શ્રી દેવચંદ્રજીકૃત શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

□ સુમનભાઈ એમ. શાહ

ખંભાત નગરમાં આવેલ શ્રી સ્તંભન પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન-વંદના કરતાં શ્રી દેવચંદ્રજી મહારાજને જે ઊર્મિઓ અને ભાવોલ્લાસ થયો અને તેઓના ધ્યાનમાં જે આત્મરમણતા પ્રગટી તેનો વૃત્તાંત પ્રસ્તુત સ્તવનમાં થયેલ છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુએ પ્રચંડ પુરુષાર્થ આદરી જ્ઞાનની શુદ્ધતા, ચારિત્ર્યની એકતા અને વીર્યગુણની તીક્ષ્ણતા વડે વિભાવ-પરભાવના કર્તૃત્વનો સંપૂર્ણપણે નાશ કર્યો તથા નિજસ્વભાવમાં કાયમી સ્થિરતા કરેલી છે તેનું સંક્ષિપ્ત વર્ણન સ્તવનમાં થયેલું છે. આવા પ્રભુની પૂર્ણ શુદ્ધતાનું જે જિજ્ઞાસુ સાધક અભેદભાવે ચિંતન કરી, ધ્યાન વડે તેઓના પ્રગટ આત્મિકગુણોમાં નિમગ્ન થાય છે, તેને એવી જ 'પરમાત્મ દશા' પ્રગટ થઈ શકે છે એ પ્રસ્તુત સ્તવનનો મુખ્ય હેતુ જણાય છે. હવે જ્ઞાનગુણની શુદ્ધતા, ચારિત્ર્યગુણની એકતા, અને વીર્યગુણની તીક્ષ્ણતાનું વિવરણ ત્રણ દૃષ્ટિબિંદુથી ગાથાવાર જોઇએ.

સહજગુણ આગરો સ્વામી સુખસાગરો,
જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો;
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,
મોહરિપુ જીતી જયપડહ વાયો...સહજ-૧

શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રગટ ગુણોનું વર્ણન કરતાં સ્તવનકાર કહે છે કે: પ્રભુ સહજ અને સ્વાભાવિક આત્મિકગુણોનું અપૂર્વ ધામ છે. તેઓ અવ્યાબાધ, અવિનાશી અને સનાતન સુખના મહાસાગર છે. તેઓ જ્ઞાનરૂપ હીરાની અખૂટ ખાણ છે. પ્રભુ સર્વોત્તમ અને સવાયા પુષ્ટ નિમિત્ત છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુએ સમ્યક્‌જ્ઞાનની શુદ્ધતા, નિજસ્વરૂપમાં તન્મયતા અને વીર્યગુણની તીક્ષ્ણતા વડે મોહરૂપ શત્રુ ઉપર જ્વલંત વિજય મેળવ્યો છે. આવા શ્રી પાર્શ્વનાથ પ્રભુ અમારામાં પણ 'પરમાત્વ તત્ત્વ' પ્રગટાવવા માટે પુષ્ટ નિમિત્ત થાઓ !

વસ્તુ નિજ ભાવ અવિભાસ નિ:કલંકતા,
પરિણતિ વૃત્તિતા કરી અભેદે;
ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,
સંતતિ યોગને તું ઉચ્છેદે...સહજ...૨

પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ મારફત પરમ શ્રુતજ્ઞાનરૂપ બોધ જીવ-અજીવાદિ સઘળા પદાર્થોનું ભેદજ્ઞાન કરાવતો હોવાથી તે મુક્તિમાર્ગને પ્રકાશિત કરે છે. આવો સુબોધ સત્‌પદાર્થોના દરઅસલ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવતો હોવાથી તેને આત્મિક જ્ઞાનગુણની શુદ્ધતા કે નિર્મળતા કહી શકાય.

અનાદિકાળથી સાંસારિક જીવની પરિણતિ મોહનીય કર્મથી અવરાયેલી હોવાથી તેની ચિત્તવૃત્તિ અને પ્રવૃત્તિ વિષય-કષાયાદિમાં પ્રવર્તમાન હોય છે. આમાંના કોઈ જિજ્ઞાસુ સાધકને પુણ્યોદયે જ્યારે જ્ઞાનીપુરુષનો સુબોધ પ્રાપ્ત થાય છે ત્યારે તે ચિત્તવૃત્તિઓને નિજસ્વરૂપમાં વાળી, અભેદભાવે એકાગ્ર કરી, તેમાં સ્થિરતા પ્રાપ્ત કરે છે. એટલે સાધક નિજસ્વભાવમાં સ્થિરતા કરે છે. આ ચારિત્ર્યગુણની એકતા છે.

આત્માનો વીર્યગુણ અત્યંત શક્તિશાળી છે. આ વીર્યગુણના

ઉલ્લાસભર્યા ઉપયોગથી, તેની પ્રબળતા અને તીક્ષ્ણતાથી અનાદિકાળની ચાલી આવતી કર્મપરંપરા છેદાઈ જાય છે. આવો સાધક મુક્તિમાર્ગનો અધિકારી થાય છે અને તેના જન્મ-જરા-મરણના ફેરા ટળે છે. આ વીર્યગુણની તીક્ષ્ણતાનું પરિણામ છે.

દોષગુણ વસ્તુની લખીય યથાર્થતા,
લહી ઉદાસીનતા અપરભાવે;
ધ્વંસી તજ્જન્યતા ભાવ કર્તાપણું,
પરમપ્રભુ તું રમ્યો નિજસ્વભાવે...સહજ...૩

હે પાર્શ્વનાથ પ્રભુ ! આપે વસ્તુ, પદાર્થ કે સત્તત્ત્વના ગુણદોષને જેમ છે તેમ યથાર્થપણે પ્રથમ તો જાણ્યા, ત્યારબાદ સંજોગો કે ઉદયકર્મોમાં ઉદાસીનતા સેવી નિજસ્વભાવમાં રહ્યા અને વીર્યગુણની તીક્ષ્ણતાથી વિભાવિક કર્તૃત્વનો કાયમી નાશ કર્યો. આપશ્રી હે પ્રભુ ! હવે શુદ્ધ સ્વરૂપ અથવા આત્મસ્વભાવમાં કાયમી રમણતા કરી રહ્યા છો.

શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતાનું બીજા દૃષ્ટિબિંદુથી વર્ણન કરતાં સ્તવનકાર જણાવે છે કે : પ્રથમ તો પ્રભુએ સર્વ સત્‌પદાર્થોના ગુણદોષને યથાર્થપણે જાણ્યા જે આત્મિક જ્ઞાનગુણની શુદ્ધતા કે નિર્મળતા પ્રકાશિત કરે છે. વળી હે પ્રભુ ! આપ જ્ઞાનદર્શનાદિ ગુણોના જ ઉપયોગમાં રહ્યા જેથી આત્મસ્વભાવમાં સ્થિરતા કરી, જે ચારિત્ર્યગુણની એકતા પ્રકાશિત કરે છે. હે પ્રભુ ! આપે વીર્યગુણની તીક્ષ્ણતા કે પ્રબળતા વડે ઉદયકર્મો પ્રત્યે ઉદાસીનતા સેવી જેથી વીતરાગતા પ્રગટી અને વિભાવિક કર્તૃત્વનો કાયમી ધ્વંસ થયો. હે પ્રભુ ! છેવટે આપને કેવળ જ્ઞાન-દર્શન-ચારિત્ર્યાદિ ગુણોનો જ સહજાનંદ કે પરમાનંદ સદૈવ વર્તે છે.

શુભ અશુભ ભાવ અવિભાસ તહકીકતા,
શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો;
શુદ્ધ પરિણામતા વીર્યકર્તા થઈ,
પરમ અક્રિયતા અમૃત પીધું....સહજ-૪

હે પ્રભુ ! આપે શુભ, અશુભ અને શુદ્ધ ભાવની નિશ્ચિત ઓળખાણ કરી. આપે શુભ કે અશુભ ભાવોમાં રાગ અને દ્વેષ ન કર્યો પરંતુ જ્ઞાનગુણની શુદ્ધતામાં જ રહ્યા. હે પ્રભુ ! આપે શુદ્ધ સ્વભાવની સ્થિરતામાં જ કાયમી નિવાસ કર્યો. હે પ્રભુ ! ઉદયકર્મો ભોગવતી વખતે આપે વીર્યગુણ પ્રવર્તાવ્યો, ઉદાસીનતા સેવી અને સંવરપૂર્વકની નિર્જરા થઈ જેથી સંપૂર્ણ વીતરાગતા પ્રગટી અથવા શુદ્ધ પારિણામિક ભાવમાં રહી અકર્તાપદનું અમૃત પીધું. ટૂંકમાં હે પ્રભુ ! આપે સહજ સ્વાભાવિક આત્મિકગુણોના અમૃતરસનું સેવન કર્યું.

શુદ્ધતા, એકતા અને તીક્ષ્ણતાનું આ ત્રીજા દૃષ્ટિબિંદુથી સ્તવનકારથી વર્ણન થયું છે.

શુદ્ધતા પ્રભુતણી આત્મભાવે રમે,
પરમ પરમાત્મા તાસ થાઓ;
મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,
ત્રિગુણ એકત્વ તુજ ચરમ આએ...સહજ-૫

શ્રી પાર્શ્વનાથ પ્રભુની પૂર્ણ શુદ્ધતાનું જે ભવ્યજીવ આત્મસ્વભાવમાં રહી અભેદભાવે ચિંતન કરે છે અને તેઓના ગુણોમાં રમણતા કરે છે તે 'પરમાત્મદશા' પામવાનો અધિકારી નીવડે છે એ પ્રસ્તુત ગાથાનો હેતુ છે. અર્થાત્ જેવી પાર્શ્વનાથ પ્રભુની શુદ્ધતા પ્રગટપણે વર્તે છે એવી જ શુદ્ધતા સાધકના સત્તાગત આત્મસ્વરૂપમાં બહુધા અપ્રગટ દશામાં છે એવો ભવ્યજીવને નિશ્ચય વર્તે છે. પ્રભુની શુદ્ધતાનું ભક્તિભાવપૂર્વક ગુણકરણ અને ધ્યેય પ્રાપ્તિનો લક્ષ સાધકને વર્તે તો તે વહેલો-મોડો પ્રભુના જેવી પરમાત્મદશા પામી શકે છે. જો કે આવા સાધકને શરૂઆતમાં ક્ષયોપશમ ભાવમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર્યાદિની ભિન્નતા હોઈ શકે છે, પરંતુ નિશ્ચય પ્રબળ થતાં, સત્‌સાધનોનો ગુરુગમે ઉપયોગ, ભક્તિ, પ્રીતિ, અનન્યતા ઇત્યાદિ થતાં સાધકને ક્ષાયિક સમ્યક્‌ચારિત્ર્ય પ્રગટ થાય છે. એટલે ત્રણેય ગુણોની એકતા પ્રભુના ચરણાધીનપણામાં અને આજ્ઞાધીનપણામાં સાધકને પ્રગટ થાય છે.

ઉપશમ રસભરી સર્વજન શંકરી,
મૂર્તિ જિનરાજની આજ ભેટી;
કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તેણે ભવભ્રમણની ભીડ મેટી...સહજ-૬

શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિનું દર્શન થતાં સ્તવનકાર ઊર્મિઓ વ્યક્ત કરે છે કે, 'સર્વ જીવોને સનાતન સુખ આપનારી, સર્વ જીવોનું આત્મકલ્યાણ કરનારી અને સુધારસથી ભરપૂર એવી પ્રભુની મૂર્તિનું મને આજે અપૂર્વ દર્શન થયું છે. તેઓને ભક્તિભાવપૂર્વક વંદના અને સેવના કરતાં એવી દૃઢ પ્રતીતિ ઉત્પન્ન થઈ છે કે મુક્તિમાર્ગના પુષ્ટ નિમિત્તકારણ જિનદર્શન અને સેવાનો મને આજે યોગ પ્રાપ્ત થયો છે. આનાથી મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ અવશ્ય વહેલી-મોડી થશે એવો નિશ્ચય વર્તે છે. હે પ્રભુ ! આવી દૃઢ શ્રદ્ધા પ્રગટ થતાં મારો ભવભ્રમણનો ભય સદાને માટે ટળ્યો છે.'

આવી રીતે પુષ્ટ નિમિત્તકારણનો સહયોગ લઈ, સાધક પોતાની ઉપાદાન શક્તિ જાગૃત કરી પંચમગતિ પામવાનો અધિકારી થઈ શકે છે.

નયર ખંભાયતે પાર્શ્વ પ્રભુ દર્શને,
વિકસતે હર્ષ ઉલ્લાસ વાધ્યો;
હેતુ એકત્વતા રમણ પરિણામથી,
સિદ્ધિ સાધક પણ આજ સાધ્યો...સહજ-૭

શ્રી સ્તંભન તીર્થમાં બિરાજમાન શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન-વંદનાદિ કરતાં સ્તવનકારને રોમેરોમ અપૂર્વ હર્ષોલ્લાસની ઊર્મિઓ પ્રગટ થઈ. શ્રી અરિહંત પરમાત્માના આત્મિકગુણોનું ધ્યાન અને તેમાં તન્મયતા વર્તતાં આત્મરમણતા પ્રગટ થઈ. આવી એકત્વ ભાવના થતાં સ્તવનકારને નિશ્ચય વર્તવા માંડ્યો કે કાર્યસિદ્ધિની પાત્રતા તેઓનામાં પ્રગટ થઈ છે.

આજ કૃતપુણ્ય ધન્ય દીહ મારો થયો,
આજ નરજન્મ મેં સફળ વંદિયો,
દેવચંદ્રસ્વામી ત્રેવીસમો વંદિયો,
ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો...સહજ-૮

દેવોમાં ચંદ્રથી પણ અધિક ઉજ્વળ એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુને સ્તવનકારે ભક્તિભાવપૂર્વક વંદન-સેવનાદિ કર્યું જેથી તેઓની ચિત્તવૃત્તિઓ પ્રભુના પ્રગટ આત્મિકગુણોમાં રમણ કરવા લાગી. આજનો દિવસ તેઓ માટે ધન્ય બન્યો કારણ કે તેઓનો ભવ્ય પુણ્યોદય પ્રગટ થયો. તેઓનું મનુષ્યગતિમાં થયેલ અવતરણ આજે સફળ થયું છે. કારણ કે પુષ્ટ નિમિત્તકારણરૂપ પાર્શ્વનાથ પ્રભુને વંદના કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

❖❖❖

# કેવા એ દિવસો હતા !

□ મહેન્દ્ર મેઘાણી

પૂરાં ૪૯ વરસ થયાં 'ભૂમિપુત્ર'ને; આ છે 'ભૂમિપુત્ર'નું સુવર્ણ જયંતી વરસ.

'ભૂમિપુત્ર'ના ઉદ્‌ભવ સાથે મુખ્યત્વે ત્રણ વ્યક્તિ સંકળાયેલી છે: પ્રબોધ ચોકસી, નારાયણ દેસાઈ અને ચુનીભાઈ વૈદ્ય. આ ત્રણમાં પ્રબોધભાઇનો ફાળો વિશેષ છે. નારાયણભાઇ અને ચુનીકાકા, બંને આજીવન સમાજ-સેવકો, આજે પણ સક્રિય છે અને પોતાના વાર્ધક્યને ઉજાળી રહ્યા છે. પ્રબોધભાઈ થોડા વહેલા ચાલ્યા ગયા. પણ એમનો પરિચય મેળવવા જેવો છે. નારાયણભાઇની કલમે તે એક વાર નીચે પ્રમાણે આલેખાયેલો છે:

સ્વરાજ્ય આવ્યું ત્યારે, ૧૯૪૭માં પ્રબોધભાઇની ઉંમર વીસ વરસની હતી. ઘટમાં થનગનતા ઘોડાઓ લઇને તેમણે આઝાદી વિશે મીટ માંડી હતી. એ ઘોડલાઓ દોડાવવામાં એમનું શેષ જીવન વીત્યું. એ માર્ગે સીધાં ચઢાણ આવ્યાં હશે, પણ તેમના અશ્વો હાંફ્યા નહીં; ઊંડી ખીણો આવી હશે, પણ તેમણે ઘોડાને કદી અટકાવ્યા નહીં. આઝાદી મળી ત્યારે જે લોકો જુવાન હતા, તેમના મનોરથો, તેમના અજંપાના પ્રબોધભાઈ પ્રતીક હતા. 'ભૂમિપુત્ર' ગુજરાતને પ્રબોધભાઇની સૌથી મોટી દેણ. પ્રબોધભાઇએ 'ભૂમિપુત્ર'ને વિકસાવ્યું. 'ભૂમિપુત્રે' પ્રબોધભાઇના વ્યક્તિત્વને વિકસાવ્યું. કોઇપણ સંપાદક પોતાનું કામ સત્યનિષ્ઠાથી કરે, તો તેનું પત્ર તેની આત્મોન્નતિમાં મદદરૂપ થાય જ.'

'ભૂમિપુત્ર' એટલે પ્રબોધભાઇને મન વિનોબાનું છાપું. વિનોબાએ એમના દિલનો કબજો લઈ લીધેલો. કોઇપણ ભાષામાં વિનોબાનું પહેલું જ પ્રમાણભૂત ચરિત્ર આપનાર પ્રબોધભાઇ હતા. એ 'સામ્યયોગી વિનોબા'ની ૪,૦૦૦ નકલ ત્યારે ત્રણેક મહિનામાં ખપી ગયેલી. ભૂદાન યજ્ઞના આરંભ બાદ જવાહરલાલજીના બોલાવ્યા વિનોબા દિલ્લી ગયેલા, ત્યારે પ્રબોધભાઈ દિલ્લીમાં હતા. વિનોબાના પ્રથમ દર્શનની ઝાંકી એમના જ શબ્દોમાં જોઇએ:

'નવેમ્બર ૧૯૫૧ના એ દિવસો ! બ્રાહ્મ મુહૂર્તે ધુમ્મસની ધાબળી ઓઢી બેઠેલા રાજઘાટની ઝૂંપડીમાં વિનોબાની કુલવધૂ સમી શીલવતી પ્રજ્ઞા જોઇ. કિશનગંજની સભામાં, કાપેલા લાલ જમરૂખ જેવી એની હથેળીઓ અને સ્ત્રીનેય શરમાવે તેવા લાલ લાવણ્યથી ઝળકતી એની કાનની લાળીઓ ને નાસિકાની છટા જોઇ ! શું આ જ હથેળીઓ ધખતે ધોમે કોદાળો ચલાવી શકતી હશે ? શું આ જ લજ્જા-લાવણ્ય-સંપન્ન મુખમાંથી અગ્નિશિખા જેવી વાણી ઝરી રહી છે ? અને એ અમોઘ તીવ્રતા સાથે કેવી ભીષણ અનાસક્તિ હતી ! 'હું તો અગ્નિ બનીને આવ્યો છું. તમારે જોઇએ તો ખીચડી પકાવી લ્યો, જોઈએ તો ઘર બાળી લ્યો !' બીજાની ખબર નથી, મેં તો હૈયે સગડી વહોરી લીધી.'

'ભૂમિપુત્ર'નો જન્મ થયો છે વિનોબાના ભૂદાનયજ્ઞમાંથી. ૧૯૫૨ના જૂનમાં ૨૭ વરસના તરવરિયા જુવાન નારાયણ દેસાઇએ પદયાત્રા આરંભી ત્યારે ગુજરાતમાં ભૂદાન યજ્ઞનો આરંભ થયો. નારાયણ અને પ્રબોધ સાબરમતી આશ્રમના બાળગોઠિયા. ગામડાં ખૂંદતા નારાયણને દિલ્લીથી પ્રબોધભાઇએ લખ્યું કે 'પદયાત્રા એકલા પગથી (= પદથી) ન ચાલે, શબ્દથી (= પદથી) પણ ચાલવી જોઇએ.' અને પ્રબોધ-પ્રેષિત 'વિનોબાની વાણી' નામની કટારો ગુજરાતનાં છાપામાં શરૂ થઈ.

વિનોબાની પદયાત્રા ચાલે, તેમાં રોજનાં બે-ત્રણ પ્રવચનો થાય. તેના હેવાલ ઠેરઠેરથી દિલ્લીમાં પ્રબોધભાઇને મળતા રહે. તેને આધારે 'વિનોબાની વાણી'ની કટાર તૈયાર કરે. 'ભૂમિપુત્ર'ની માતા સમી એ કટાર વરસેક ચાલી હશે.

કેવા એ દિવસો હતા ! જાત ઘસીને ઉલટભેર કામ કરનારાં મળી રહેતાં. નારાયણભાઈ નોંધે છે: 'લગભગ રોજેરોજ દિલ્લીથી આવતા રહેતા એ લખાણની ત્રીસેક નકલો કરીને ગુજરાતનાં છાપાંને મોકલી આપવાનું કામ ઉપાડી લીધું વિઠ્ઠલ કન્યા વિદ્યાલય (નડિયાદ)ની કેટલીક છોકરીઓએ. પન્ના તમાકુવાળા (હાલ ફરસોલે) તેમાં મુખ્ય હતી. નકલો કરી-કરીને એની આંગળીઓમાં આંટણ પડી જતાં, પણ એણે કદી ફરિયાદ કરી નથી.'

દિલ્લીનું કામ કાંઈ ગોઠ્યું નહીં, અને પ્રબોધભાઈ ગુજરાત આવી ગયા. નારાયણને કહે: 'આ એકાદ કોલમથી શું વળે ? આપણે છાપું જ કાઢવું જોઇએ.' અને આમાંથી જન્મ થયો 'ભૂમિપુત્ર'નો. ગુજરાત ભૂમિદાન સમિતિએ બે હજાર રૂપિયાની મૂડી આપી. સંપાદકો તરીકે નારાયણ અને પ્રબોધ. દર પંદર દિવસે પ્રકાશન થાય. વાર્ષિક લવાજમ બે રૂપિયા હતું. ગ્રાહક થવાની અપીલ રવિશંકર મહારાજે કરી. આઠ પાનાનો પહેલો અંક પ્રગટ થયો અમદાવાદથી વિનોબા-જયંતીએ, ૧૯૫૩ની ૧૧મી સપ્ટેમ્બરે. પહેલો અંક પ્રગટ થયો તે પહેલાં જ ૨૭૧૩ની ગ્રાહક-સંખ્યા નોંધાઈ ગઈ હતી ! અને પછીયે એટલી માંગ આવી કે એ અંક ફરી છાપવો પડેલો. લોકોએ ઉમળકાભેર તેને વધાવી લીધું. ભૂદાનયજ્ઞનો વિચાર ત્યારે લોકમાનસને સ્પર્શી ગયેલો.

પ્રબોધભાઇ માટે વિનોબા અને 'ભૂમિપુત્ર', એમના જ શબ્દોમાં, 'એક ઘેલછા જ થઈ પડ્યાં !' સર્વોદયનો સંદેશો સર્વત્ર કેમ પહોંચાડી દેવાય, તેની જ એમને લગન. એમને માત્ર પક્ષીની એક આંખ જ દેખાય. એવા પ્રબોધભાઇને 'ઉપનિષદો' શીખવાની ઇચ્છા થઈ. એમણે વિનોબાને પૂછ્યું, તો ઉત્તર મળ્યો: 'તું તારું 'ભૂમિપુત્ર'નું કામ કર્યે જા. એ જ તને 'ઉપનિષદ' શીખવશે.'

પ્રબોધભાઈ એક પરિપાટી પાડી ગયા છે, એ આજ સુધી ચાલી આવી છે. વિચારને નિરંતર પરિશુદ્ધ કરતા રહેવો, તેને સાકાર કરવા થાય તેટલું કરી છૂટીને કાળપુરુષને સમર્પિત કરી દેવું, તેમાં જ 'ભૂમિપુત્ર'ની કૃતાર્થતા છે.


**અસ્થિ સારવાર કેન્દ્ર**

સંઘના ઉપક્રમે હાડકાનાં નિષ્ણાત ડૉ. જમશેદ પીઠાવાલા દ્વારા હાડકાનાં દર્દીઓને મફત સારવાર દર રવિવારે સવારના ૧૦-૩૦ થી ૧-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં (૩૮૫, સરદાર વી. પી. રોડ, પ્રાર્થના સમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ફોન: ૩૮૨૦૨૯૬) અપાય છે. હાડકાનાં દર્દીઓને તેનો લાભ લેવા વિનંતી છે.

જયાબેન વીરા — સંયોજક

નિરુબહેન એસ. શાહ
ડૉ. ધનવંત ટી. શાહ
મંત્રીઓ


માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ◆ મુદ્રક પ્રકાશક : નિરુબહેન સુબોધભાઈ શાહ ◆ પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪ ફોન : ૩૮૨૦૨૯૬, મુદ્રણસ્થાન : ક્રિએટ્રી પ્રિન્ટિંગ વર્ક્સ, ૩૧૨/A, ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દાદાજી કોંડદેવ ક્રોસ રોડ, ભાયખલા મુંબઈ-૪૦૦ ૦૨૭.

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57 Licence to post without prepayment No. 271
● વર્ષ : (૫૦) + ૧૩ ● અંક : ૧૨ ● ડિસેમ્બર, ૨૦૦૨ ● ● Regd. No. TECH / 47-890 / MBI / 2002
● ● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/- ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. ભંવરલાલજી નાહટા

કેટલાક મહિના પહેલાં આપણા મૂર્ધન્ય જૈન સાહિત્યકાર શ્રી ભંવરલાલજી નાહટાનું ૯૧ વર્ષની વયે કલકત્તામાં અવસાન થયું. આપણા સાહિત્યાકાશનો એક તેજસ્વી તારલો ખરી પડ્યો.

શ્રી ભંવરલાલજી નાહટા એટલે આપણા અગ્રગણ્ય સાહિત્ય-મનીષી, લબ્ધપ્રતિષ્ઠ ઇતિહાસકાર, નામાંકિત પુરાતત્ત્વવેત્તા, બહુભાષાવિદ્, પ્રાચીન લિપિઓના જ્ઞાતા, શિલ્પાદિ કલાઓના અભ્યાસી, કવિ, સંશોધક અને માર્ગદર્શક, જૈન ધર્મ અને દર્શનના મર્મજ્ઞ, સરળહૃદયી, વિનમ્ર અને ઉદાચરિત સંઘ સ્થવિર. એમના સ્વર્ગવાસથી જૈન વાઙ્‌ગમયના ક્ષેત્રે ન પૂરાય એવી ખોટ પડી છે.

શ્રી ભંવરલાલ નાહટાનો જન્મ રાજસ્થાનમાં બીકાનેર શહેરમાં વિ. સં. ૧૯૬૮ના આસો વદ ૧૨ તા. ૧૯-૯-૧૯૧૧ ને મંગળવારના રોજ થયો હતો. તેઓ બીકાનેરના તે સમયના જાણીતા શ્રેષ્ઠી શ્રી શંકરદાનજી નાહટાના પરિવારમાં જન્મ્યા હતા. એમના પિતાશ્રીનું નામ ભૈરુદાનજી અને માતુશ્રીનું નામ શ્રીમતી તીજાદેવી હતું. સુપ્રસિદ્ધ વિદ્વાન શ્રી અગરચંદજી નાહટા તેમના કાકા થાય.

બાળલગ્નોના એ જમાનામાં શ્રી નાહટાજીનાં લગ્ન ચૌદ વર્ષની વયે શેઠશ્રી રાવતમલજી સુરાણાની સુપુત્રી શ્રી જતનકંવર સાથે થયાં હતા. એમને બે પુત્ર પારસકુમાર અને પદમચંદ તથા બે પુત્રી શ્રીકાન્તા અને ચન્દ્રકાન્તા એમ ચાર સંતાનો થયાં હતાં.

શ્રી નાહટાજીએ શાળાનો અભ્યાસ ફક્ત પાંચ ધોરણ સુધીનો કર્યો હતો. હાયર સેકન્ડરી સ્કૂલ કે કૉલેજમાં એમણે અભ્યાસ કર્યો નહોતો. પોતે વ્યાવહારિક ઉચ્ચ શિક્ષણ લીધું ન હોવા છતાં એમણે પોતાના પુરુષાર્થથી જૈન સાહિત્ય અને ઇતિહાસનો એટલો ઊંડો અભ્યાસ કર્યો હતો અને ગ્રંથો લખ્યા હતા કે યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના માર્ગદર્શક અને પરીક્ષક તરીકે એમને સ્થાન મળ્યું હતું.

જૈન સાહિત્યના ક્ષેત્રે શ્રી અગરચંદજી નાહટાનું નામ જેટલું સુપ્રસિદ્ધ છે તેટલું શ્રી ભંવરલાલજીનું ત્યારે ન હતું. વસ્તુત: અગરચંદજી એમના સગા કાકા થાય, પરંતુ બંને લગભગ સમવયસ્ક જેવા હતા. તો પણ ભંવરલાલજી અગરચંદજી પ્રત્યે પૂરો પૂજ્યભાવ ધરાવતા. સાહિત્ય અને સંશોધનના કાર્યમાં એમને રસ લગાડનાર શ્રી અગરચંદજી હતા. અગરચંદજીના કેટલાયે લેખોની સામગ્રી ભંવરલાલજીએ પૂરી પાડી હતી, કેટલીયે હસ્તપ્રતો પરથી લેખનકાર્ય કરી આપ્યું હતું. તો પણ તેમાં પોતાનું નામ મૂકવાનો ભંવરલાલજીનો કોઈ આગ્રહ રહેતો નહિ.

ભંવરલાલજીનું વ્યક્તિત્વ એટલું નિર્મળ અને નિસ્પૃહ હતું કે તેઓ પોતાના નામ માટે ક્યારેય ઝંખના રાખતા નહિ. પોતાનું નામ ક્યાંક છપાયું તો ઠીક અને ન છપાયું હોય તો પણ ઠીક. તેઓ તે માટે કોઇને ટોકતા નહિ કે ઠપકો આપતા નહિ. એમના કેટલાક લેખો બીજા પોતાને નામે છપાવી દેતા. એમણે 'કીર્તિલતા' અને 'દ્રવ્યપરીક્ષા'નો હિંદી અનુવાદ કર્યો હતો. એના ઉપરથી એ બેનું અંગ્રેજીમાં ભાષાન્તર કરીને એક વિદ્વાને તે પોતાને નામે છપાવી માર્યું, પણ તે માટે નાહટાજીએ એ લેખકને ક્યારેય ઠપકો આપ્યો નહોતો.

યુવાન વયે તેઓ પોતાના કાકા શ્રી અગરચંદજી સાથે જે સાધુ મહાત્માઓના સંપર્કમાં આવ્યા હતા અને જેઓની પ્રેરણા અને માર્ગદર્શનથી તેઓને જૈન સાહિત્યના લેખન-સંશોધનની લગની લાગી હતી તે હતા આચાર્ય શ્રી સુખસાગરજી મહારાજ અને આચાર્યશ્રી જિનકૃપાચંદ્રજી મહારાજ. આથી જ તેઓ બંને સુખી પરિવારના હોવાથી તથા ગુજરાન માટે આર્થિક ચિંતા ન હોવાથી સાહિત્યિક પ્રવૃત્તિમાં રસ લેવા લાગ્યા હતા અને ધનકમાણીને જીવનમાં ગૌણ સ્થાન આપ્યું હતું.એમાં પણ શ્રી અગરચંદજી નાહટા તો આઠ નવ મહિના સતત લેખન-અધ્યયનમાં ગાળતા અને ત્રણચાર મહિના પોતાના કાપડના વ્યવસાયમાં ધ્યાન આપતા. શ્રી ભંવરલાલજી નાહટાએ કલકત્તા જઇને પોતાનો કાપડનો વ્યવસાય બરાબર જમાવ્યો હતો અને વેપારી કુનેહ તેમનામાં ઘણી હતી, પરંતુ દીકરાઓએ એ જવાબદારી સ્વીકારી લીધી તે પછી તેઓ પણ સાહિત્યિક પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ પોતાનો સમય ગાળતા.

સ્વ. ભંવરલાલજી નવ ભાષા સારી રીતે લખી-વાંચી શકતા. એ ભાષાઓ તે સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી, અપભ્રંશ, રાજસ્થાની, ગુજરાતી, મરાઠી, હિંદી અને બંગાળી. વળી તેઓ આમાંની કોઇપણ ભાષામાં શ્લોકબદ્ધ પદ્યરચના પણ કરી શકતા. ભાષા ઉપરાંત બ્રાહ્મી, ખરોષ્ઠી, દેવનાગરી, જૈન દેવનાગરી, બંગાળી એમ વિવિધ લિપિઓના પણ તેઓ જાણકાર હતા. કિશોરવસ્થાથી જ હસ્તપ્રતો વાંચવાનો તેમને એવો સરસ મહાવરો થયો હતો કે ઝીણા અક્ષરે સળંગ શબ્દોમાં લખાયેલી હસ્તપ્રત પણ તેઓ ઝડપથી વાંચી શકતા.

કોઈ જૂનો શિલાલેખ વાંચવો હોય તો નાહટાજીને વાર લાગતી નહિ. બ્રાહ્મી લિપિના અક્ષરો-શબ્દો પણ તેઓ તરત વાંચી શકતા.

સિક્કા વગેરે પરનું લખાણ તેઓ ઉકેલી શકતા. પ્રાચીન સિક્કાઓ, મૂર્તિઓ, અન્ય શિલ્પાકૃતિઓ, ચિત્રો, હસ્તપ્રતો ઇત્યાદિ જોતાં જ તેઓ એની શૈલી, રચનાકાળ, અર્થ, રહસ્ય વગેરે સમજાવી શકતા.

એક વખત શ્રી અગરચંદજી નાહટા પાસે એક પ્રાચીન હસ્તપ્રત આવી. પણ તેની લિપિ કોઈ ઉકેલી શકતું નહિ. એમણે ઘણા જાણકાર વિદ્વાનોને એ હસ્તપ્રત મોકલી. પણ કોઈ ઉકેલી ન શક્યું નહિ. છેવટે શ્રી ભંવરલાલજીએ એ કામ હાથમાં લીધું. તેઓ હસ્તપ્રતની બારાખડી મેળવવા લાગ્યા. એક એક અક્ષર મળતો જાય. એમ કરતાં કરતાં ઘણા પરિશ્રમને અંતે એમણે એ આખી હસ્તપ્રત વાંચી આપી હતી. કોઈ પણ લિપિ ઉકેલવાની એમનામાં કોઠાસૂઝ હતી.

ઘણા વખત પહેલાં હિંદી સાહિત્યના ઇતિહાસમાં એવો મત વિદ્વાનોમાં પ્રવર્તતો હતો કે હિંદી સાહિત્યની પ્રથમ ગદ્યરચના તે જટમલ નાહરકૃત 'ગોરા બાદલ'ની કથા છે. પરંતુ આ કૃતિ ક્યાંયથી મળતી નહોતી. શ્રી ભંવરલાલજીને થયું કે આ કૃતિની ભાળ મેળવવી જોઇએ. એની હસ્તપ્રત ક્યાંય હોય તો તેની શોધ કરવી જોઇએ. સામાન્ય રીતે રાજસ્થાનના કવિની કૃતિની હસ્તપ્રત રાજસ્થાનના કોઈ ભંડારોમાં હોવી જોઇએ, પણ ત્યાં મળી નહિ. એટલે નાહટાજીએ અન્ય પ્રાંતોમાં પણ એની તપાસ આદરી. એમણે કલકત્તામાં સ્વ.પૂરણચંદજી નાહરને વાત કરી. પૂરણચંદજીનો સંગ્રહ પણ ઘણો મોટો હતો, પરંતુ એમાંથી કોઈ પ્રતિ મળી નહિ. ત્યાર પછી એમણે કલકત્તાની રોયલ એશિયાટિક સોસાયટીના ગ્રંથાલયમાં રહેલી હસ્તપ્રતો જોઇ અને સદ્‌ભાગ્યે ત્યાં રજિસ્ટરમાં જટમલજી નાહરકૃત 'ગોરા બાદલ'ની હસ્તપ્રતનો ઉલ્લેખ હતો. એટલે એમણે એ હસ્તપ્રત કઢાવી અને વાંચી ત્યારે ખબર પડી કે એ ગદ્યકૃતિ નથી પણ પદ્યકૃતિ છે. એ વિશે એમણે તરત લેખ લખ્યો અને 'ગોરા બાદલ' વિશે હિંદી સાહિત્યમાં ચાલતી ભ્રાન્તિ દૂર થઈ.

એક ભાષામાંથી બીજી ભાષામાં કોઈ પણ કૃતિનો ગદ્યમાં કે પદ્યમાં અનુવાદ કરવો એ નાહટાજી માટે ડાબા હાથના ખેલ જેવું હતું. તેઓ મૂળ કૃતિ સાથે એવા તન્મય બની જતા કે પછી અનુવાદની એક પછી એક પંક્તિ અવતરવા લાગતી. એક વખત એમને 'ભક્તામર સ્તોત્ર'નો હિંદીમાં પદ્યાનુવાદ કરવાનો ભાવ થયો. એ ભાવ એટલો ઉત્કટ હતો કે પછી એમનાથી રહેવાયું નહિ. રાત્રે તેઓ પદ્યમાં અનુવાદ કરવા બેસી ગયા અને આખી રાત જાગી, સવાર થાય એ પહેલાં ૪૪ શ્લોકનો હિંદીમાં પદ્યાનુવાદ કરી લીધો.

શ્રી નાહટાજીએ આવી રીતે 'કલ્યાણમંદિર સ્તોત્ર', 'રત્નાકર પચ્ચીસી' વગેરે કેટલીક કૃતિઓનો પણ પદ્યમાં હિંદીમાં અનુવાદ કર્યો છે.

શ્રી નાહટાજીએ સેંકડો લેખો લખ્યા છે અને અનેક ગ્રંથો સંશોધિત-સંપાદિત કર્યા છે. જ્યાં સુધી કાકા શ્રી અગરચંદજી વિદ્યમાન હતા ત્યાં સુધી એમણે ઘણુંખરું અગરચંદજીની સાથે સંશોધન-સંપાદનનું કાર્ય કર્યું હતું. જિનદત્તસૂરિ, જિનચંદ્રસૂરિ, જિનકુશલસૂરિ, સમયસુંદર વગેરે વિશે અને એમની કૃતિઓ વિશે એમણે સંશોધન-સંપાદન કર્યું છે.

તીર્થસ્થળો વિશે ઐતિહાસિક માહિતી એકત્ર કરવી એ નાહટાજીની એક પ્રિય પ્રવૃત્તિ હતી. એમણે કાંગડા, જાલોર, શ્રાવસ્તી, ક્ષત્રિયકુંડ, રાજગૃહી, વારાણસી, કાંપિલ્યપુર, ચંપાપુરી વગેરે તીર્થો વિશે ગ્રંથો લખ્યા છે. ઠક્કર ફેરુ કૃત 'દ્રવ્યપરીક્ષા', બીકાનેર જૈન લેખસંગ્રહ, 'વિવિધ તીર્થકલ્પ' ઇત્યાદિ ગ્રંથોમાં એમની ઐતિહાસિક દૃષ્ટિ જોઇ શકાય છે.

શ્રી નાહટાજી પત્રકાર પણ હતા. વિવિધ સામયિકોમાં લખવા ઉપરાંત તેઓ 'કુશલનિર્દેશ' નામનું એક હિંદી માસિક પત્ર ચલાવતા. એમાં તેઓ પોતાના લેખો પ્રકાશિત કરતા અને કેટલીક વાર પોતે જે વાંચ્યું હોય અને ગમ્યું હોય તેનો હિંદીમાં અનુવાદ કરીને 'કુશલનિર્દેશ'માં પ્રકાશિત કરતા. 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત થયેલા મારા કેટલાક લેખોના અનુવાદ કરીને એમણે 'કુશલનિર્દેશ'માં પ્રગટ કર્યા હતા.

નાહટાજીનો પહેરવેશ તદ્દન સાદો હતો, પહેરણ અને ધોતિયું, ક્યારેક ઉપર લાંબો કોટ હોય. બહાર ઉઘાડા માથે જાય નહિ. માથે કેસરી રંગનો બીકાનેરી સાફો કે પાઘડી અવશ્ય હોય જ. તેઓ ચાલ્યા જતા હોય તો કોઈ મારવાડી વેપારી શેઠિયા જેવા લાગે. એમના ચહેરા ઉપર નિતાન્ત સ્વાભાવિકતા હોય. પોતાની વિદ્વતાની સભાનતા જરા પણ નહિ. કશો દેખાવ કરવાની વૃત્તિ નહિ. મોટાઈ બતાવવાનો ભાવ નહિ. એમને જોઇને કોઈ એમ કહે નહિ કે આ બહુ મોટા વિદ્વાન હશે. ઘણાં વર્ષો પહેલાં ખંભાતના જૈન સાહિત્ય સમારોહમાં તેઓ પ્રમુખસ્થાને હતા. તે પ્રસંગે તેઓ બોલવા ઊભા થયા ત્યારે કેટલાક સ્થાનિક આગેવાનો કે જેઓએ એમને પહેલાં ક્યારેય જોયેલા નહિ તેઓને આશ્ચર્ય થયું. ખંભાતના નગરપતિએ તો પોતાના વક્તવ્યમાં કહ્યું કે મેં તો ધાર્યું હતું કે આ કોઈ મારવાડી શેઠિયા છે, પણ તેઓ આવા મોટા પંડિત હશે એવી કલ્પના એમને જોઇને આવેલી નહિ.

નાહટાજીને જેમ ઈતિહાસ અને સાહિત્યમાં રસ હતો તેમ તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મમાં રસ હતો. એમાં ખરતરગચ્છના દેવચંદ્રજી મહારાજના સ્તવનાદિનો પ્રભાવ ઘણો મોટો હતો. તદુપરાંત સમગ્ર નાહટા પરિવાર ઉપર પૂ. શ્રી ભદ્રમુનિ કે જેઓ પાછળથી પૂ. સહજાનંદઘનજીના નામે વધુ જાણીતા થયા હતા તેમનો પ્રભાવ બહુ રહ્યો. પૂ. શ્રી ભદ્રમુનિએ જ્યારે બીકાનેરમાં ચાતુર્માસ કરેલું ત્યારે શ્રી અગરચંદજી અને શ્રી ભંવરલાલજી તેમની પાસે નિયમિત જતા. શ્રી અગરચંદજીને તો પૂ. શ્રી ભદ્રમુનિ પાસે દીક્ષા લેવાના ભાવ થયા હતા.

કચ્છના શ્રી ભદ્રમુનિ ઉપર શ્રીમદ્‌ રાજચંદ્રનો ઘણો મોટો પ્રભાવ હતો. એટલે એ પ્રભાવ નાહટા પરિવાર પર પડ્યો હતો. પૂ. શ્રી ભદ્રમુનિ શ્રી અગરચંદજી પાસે શ્રીમદ્‌ રાજચંદ્રકૃત 'અપૂર્વ અવસર' વારંવાર ગવડાવતા. એમણે એ કંઠસ્થ કરી લીધેલું અને બુલંદ મધુર સ્વરે ગાતા. પૂ. શ્રી ભદ્રમુનિએ પાછલાં વર્ષોમાં સમુદાય છોડીને દક્ષિણમાં હંપીમાં સ્થિરવાસ કર્યો હતો અને પોતાનું નામ છોડી 'સહજાનંદઘન' એવું નવું નામ રાખ્યું હતું. આથી નાહટા પરિવાર માટે હંપી તીર્થસમાન બની ગયું હતું. શ્રી ભંવરલાલજી ત્યાં નિયમિત જતા. પૂ. શ્રી ભદ્રમુનિનાં સંસારી કાકી શ્રી ધનદેવીજી પણ હંપી આવીને રહ્યાં હતાં. શ્રી ભંવરલાલજીએ 'સિરિ સહજાનંદઘન ચરિયં' નામનું ચરિત્ર અપભ્રંશમાં લખ્યું હતું અને 'આત્મદષ્ટા માતુશ્રી ધનદેવીજી' નામનું ચરિત્ર હિંદીમાં લખ્યું હતું. તદુપરાંત એમણે આત્મસિદ્ધિશાસ્ત્રનો બંગાળી ભાષામાં પદ્યમાં અનુવાદ કર્યો હતો.

શ્રી ભંવરલાલજીનો અવાજ બુલંદ હતો. તેમને કેટલાંયે સ્તવન-સજ્ઝાય કંઠસ્થ હતાં. વળી શાસ્ત્રગ્રંથોના કેટલાયે શ્લોકો તેઓ વાતચીતમાં ટાંકતા. જૈન-જૈનેતર સાહિત્યની હજારો પંક્તિઓ એમની જીભે વસી હતી. સરસ્વતી માતાની એમના ઉપર મોટી કૃપા હતી.

ભંવરલાલજીના હસ્તાક્ષર સુંદર અને મરોડદાર હતા. કોઈ હસ્તપ્રત ઉપરથી પ્રતિલિપિ કરવી હોય તો એવી સ્વચ્છ અક્ષરે લખે કે ક્યાંય

છેકછાક જોવા ન મળે. ઝીણા પણ સુંદર, સુવાચ્ય, મરોડદાર અક્ષર પણ તેઓ કાઢી શકે. એક જ પોસ્ટકાર્ડમાં ઝીણા અક્ષરે ઘણી બધી વિગતો એમણે લખી હોય. એમણે 'ભક્તામર સ્તોત્ર'નો ગૂર્જર અનુવાદ કર્યો હતો અને તે એમણે ફૂલસ્કેપથી પણ નાના એક જ પાનામાં સુંદર અક્ષરે ઉતાર્યો હતો. એમની આવી કૃતિઓ સંગ્રહાલયમાં સાચવી લેવા જેવી છે.

મારે પહેલો પરિચય શ્રી અગરચંદજી નાહટા સાથે ૧૯૫૬ની આસપાસ થયેલો. એ અરસામાં નળદમયંતી વિશે રાસકૃતિઓની હસ્તપ્રતોની જાણકારી મેળવવા માટે પત્રવ્યવહાર થયેલો. ત્યારપછી બીકાનેર એમને ઘરે જઇને રહેલો. એ પરિચય ઉત્તરોત્તર ગાઢ થતો ગયો હતો અને તે એમના સ્વર્ગવાસ સુધી રહેલો. એ વર્ષો દરમિયાન શ્રી ભંવરલાલજીને મળવાનું થયું હતું, પરંતુ શ્રી અગરચંદજીના સ્વર્ગવાસ પછી મધ્યકાલીન જૈન સાહિત્યના ક્ષેત્રમાં પૂછવા જેવું સ્થળ તે શ્રી ભંવરલાલજી હતા. એટલે એમની સાથેનો પરિચય ગાઢ થતો ગયો હતો. એમની પાસે પિતાતુલ્ય વાત્સલ્ય અનુભવવા મળતું. તેઓ મુંબઈ આવે ત્યારે મારે ઘરે શ્રી રૂપચંદજી ભણશાળી સાથે અચૂક પધારતા અને મારે કલકત્તા જવાનું થાય ત્યારે સૌથી પહેલાં એમને ઘરે કે દુકાને મળવા જવાનું થતું. અમે મળીએ એટલે પરસ્પર જૈન સાહિત્યની ગોષ્ઠી થાય. શું નવું લખ્યું, શું નવું વાંચ્યું એની વાતો થાય. શ્રી અગરચંદજી સાથે 'મૃગાવતી ચરિત્ર ચૌપાઈ'નું સંપાદન મેં કર્યું ત્યારે એમાં શ્રી ભંવરલાલજીની મુખ્ય સહાય હતી. ત્યાર પછી શ્રી ભંવરલાલજી સાથે 'થાવચ્ચાસુત રિષિ ચોપાઈ'નું સંપાદન કર્યું હતું.

ખંભાત, રાજગૃહી, સમેતશિખર વગેરે સ્થળે જૈન સાહિત્ય સમારોહ નિમિત્તે કે જૈન ઇતિહાસ સંમેલનને નિમિત્તે નાહટાજીને નિરાંતે મળવાનું થયું હતું. એક જ સ્થળે સાથે રહેવાનું હોય એટલે સાહિત્યગોષ્ઠી બરાબર જામતી. બીજા વિદ્વાનો અને સાહિત્યરસિક મિત્રો પણ જોડાયા હોય. એ વખતે શ્રી નહાટાજી પાસેથી એમના વિશાળ વાંચન અને અનુભવની ઘણી રસિક વાતો સાંભળવા મળતી. તેઓ એક બહુશ્રુત પંડિત છે એની સર્વને પ્રતીતિ થતી.

ભંવરલાલજી અચ્છા કવિ પણ હતા. તેમણે નાનીમોટી વિવિધ પ્રકારની રચનાઓ કરી છે. 'ક્ષણિકાએં'માં થોડાક શબ્દોમાં નર્મ-મર્મયુક્ત કથન એમણે કર્યું છે. તેઓ શીઘ્રકવિ પણ હતા. પ્રસંગ કે પરિસ્થિતિ અનુસાર તેઓ તરત કાવ્યપંક્તિઓની રચના કરતા. કેટલીક પંક્તિઓ સ્વયમેવ એમને સ્ફુરતી.

શ્રી નાહટાજીની સેવાઓ બિકાનેર, કલકત્તા, પાલીતાણા, દિલ્હી વગેરે સ્થળોની વિવિધ સંસ્થાઓને વિવિધ પ્રકારે મળતી રહી હતી. ધર્મ અને સાહિત્યના ક્ષેત્રે તેઓ જૈન ભવન, જૈન શ્વેતામ્બર સેવા સમિતિ, જૈન શ્વે. પંચાયતી મંદિર, શંકરદાન નાહટા કલાભવન, અભય જૈન ગ્રંથાલય, જિનદત્તસૂરિ સેવાસંઘ, ખરતરગચ્છ મહાસંઘ, રાજસ્થાની સાહિત્ય પરિષદ, દેવચંદ્ર ગ્રંથમાલા, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ (હંપી), શાર્દૂલ રાજસ્થાન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ વગેરે ઘણી સંસ્થાઓમાં તેમણે હોદ્દેદાર તરીકે સેવા આપી હતી.

શ્રી નાહટાજી રાજસ્થાન છોડી બંગાળમાં વેપારાર્થે કલકત્તામાં જઇને વસ્યા, પરંતુ એમણે પોતાનો પહેરવેશ, પોતાની ભાષા અને પોતાના ધાર્મિક તથા સામાજિક સંસ્કાર ન છોડ્યા. એમના પરિવારમાં એ જ રાજસ્થાનનું વાતાવરણ જોવા મળે.

શ્રી નાહટાજીની લેખનપ્રસાદી અનેક સામયિકોમાં પ્રસિદ્ધ થતી રહેતી એથી તેઓ ઘણા બધા વિદ્વાનોના સંપર્કમાં આવ્યા હતા. એ સમયના ધુરંધર વિદ્વાનો શ્રી રાહુલ સાંકૃત્યાયન, ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી, ડૉ. મોતીચંદ્ર, મુનિ જિનવિજયજી, પંડિત સુખલાલજી, પૂરણચંદ નાહર, મોહનલાલ દલીચંદ દેસાઈ, દલસુખભાઈ માલવણિયા વગેરે સાથે તેઓ અંગત ગાઢ પરિચય આવ્યા હતા.

શ્રી ભંવરલાલજી નાહટાનું વિવિધ સંસ્થાઓ દ્વારા ભિન્નભિન્ન સમયે અભિવાદન થયું હતું અને 'સાહિત્ય વાચસ્પતિ', 'જિન શાસન ગૌરવ', 'જૈન સમાજરત્ન' વગેરે પદવીઓ વડે તેઓ સન્માનિત થયા હતા.

પંચાસી વર્ષની ઉંમર સુધી નાહટાજી વિવિધ કાર્યક્રમો માટે, તીર્થયાત્રા માટે પરિભ્રમણ કરતા રહ્યા હતા. એમનું શરીર એવું નિરામય, સશક્ત, સ્ફુર્તિમય હતું. ૧૯૯૭માં તેઓ પોતાના વતન બીકાનેર ગયા હતા કારણ કે પ. પૂ. આચાર્ય શ્રી તુલસીજી અને પ. પૂ. સાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજીનો બીકાનેરમાં પ્રવેશ હતો. બીકાનેરના આ રોકાણ દરમિયાન એક દિવસ નાહટાજી દેરાસરમાં દર્શન કરવા જતા હતા ત્યારે પડી ગયા. પગે ફ્રેક્ચર થયું. ઉપચાર કરાવી તેઓ કલકત્તા પાછા આવ્યા. પણ હવે એમનું જીવન ઘર પૂરતું સીમિત થઈ ગયું. અલબત્ત ઘરે તેઓ સ્વાધ્યાય, લેખન વગેરેમાં મગ્ન રહેતા. કેટલાયની સાથે તેમનો પત્રવ્યવહાર ચાલતો. મારા ઉપર પણ તેમના અવારનવાર પત્રો આવ્યા. તેઓ પોતાના નવા પ્રકાશિત ગ્રંથો મોકલાવતા.

આ વર્ષો દરમિયાન એક વખત મારે કલકત્તા જવાનું થયું હતું ત્યારે હું એમને ઘરે મળવા ગયો હતો. તેઓ શારીરિક રીતે અશક્ત થઈ ગયા હતા, પરંતુ એમની માનસિક સ્ફુર્તિ અને સ્મરણશક્તિ પહેલાંના જેવી જ હતી. એમની લેખનપ્રવૃત્તિ સતત ચાલતી રહેતી.

છેલ્લા થોડા કાળમાં એમનું શરીર વધુ વ્યાધિગ્રસ્ત બન્યું હતું. પરંતુ તેઓ આત્મરમણતામાં રહેતા. 'તનમાં વ્યાધિ, મનમાં સમાધિ' એ એમની આધ્યાત્મિક દશા હતી. આત્મા અમર છે, દેહ નાશવંત છે એની સતત પ્રતીતિ-સંવેદના એમને રહેતી. તેઓ શ્રીમદ્ રાજચંદ્રની 'આત્મસિદ્ધિ શાસ્ત્ર'ની અને અન્ય મહાત્માઓની પંક્તિઓનું રટણ કરતા રહેતા.

૧૧મી ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સવારે એમણે કહ્યું કે પોતાને હવે થાક બહુ લાગે છે. હવે જવાની તૈયારી છે. તે દિવસે એમને સ્તવનો, સ્તોત્રો વગેરે સંભળાવવામાં આવ્યા. તેઓ પૂરી જાગૃતિમાં હતા. સાંજે ચારેક વાગે તેઓ ધ્યાનસ્થ અવસ્થામાં આવી ગયા અને દસ મિનિટમાં એમણે દેહ છોડ્યો.

એક મહાન આત્માની જીવનલીલા પૂર્ણ થઈ ગઈ.

શ્રેષ્ઠ શ્રાવક તરીકે જીવન જીવી જનાર આવા આપણા સાહિત્યમનીષીને નતમસ્તકે વંદના.

☐ રમણલાલ ચી. શાહ

## મેઘરજ-કસાણાનો કાર્યક્રમ

પર્યુષણ પર્વ દરમિયાન એકત્ર થયેલ રકમ સેવામંડળ મેઘરજને આપવાનો કાર્યક્રમ રવિવાર, તા. ૫મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ કસાણામાં બપોરે ૩-૦૦ વાગે યોજવામાં આવ્યો છે.

☐ મંત્રીઓ

# પારંપરિક દુહામાં કાળનું મહત્ત્વ અને જીવનની અનિશ્ચિતતા

☐ પ્રો. જશવંત શેખડીવાળા

કાળ અથવા સમય સતત સરતો રહે છે. તે ક્યારેય, કોઇને માટે, જરા વાર પણ રોકાતો નથી. જતો રહેલો કાળ કદી પાછો ફરતો યા મળતો નથી. અનિશ્ચિત જીવન આવા કાળનો ક્યારે કોળિયો બની જાય, તે કોઈ જાણતું નથી. સમજદાર માનવીએ તેથી તેનો સદા સદુપયોગ કરી લેવો જોઇએ. પોતાના અને અન્યના કલ્યાણની પ્રવૃત્તિ માટે કાલની યા ભવિષ્યની વાટ જોવાનું ઇષ્ટ નથી. જે શુભ કાર્ય કરવું હોય તે આજે, તન-મન જીવંત અને સક્રિય છે ત્યારે, જ કરી લેવું જોઇએ.

આ સનાતન સત્ય અને હિતકારી શિખામણનું નિરૂપણ પારંપરિક દુહામાં, વિવિધ રૂપમાં અને વેધક રીતે, વખતોવખત થયું છે. અજાણ્યા લોકકવિઓએ સીધી સાદી સરળ છતાં જીવંત અને માર્મિક બોલીમાં તેનું આલેખન કર્યું છે. જીવન અને જગતનાં વર્ષોનાં અનુભવ-નિરીક્ષણ-શ્રવણનો નિચોડ તેમાં લાઘવયુક્ત વાણીમાં રજૂ થયો છે. લાગણી, કલ્પના, વિચારનો તેમાં સુયોગ સધાયો છે. શબ્દ-ભાવ-અર્થની સુંદરતા અને સચોટતા તેમાં અનુભવાય છે. જુઓ :

ઝંખા હો જો સુખ તણી બન્ને ભવની માંય;
કાલ ભરોસે સૂઇશ મા, કર જે હમણાં થાય.

આજ મને અવકાશ નઈં, કારજ કરશું કાલ,
જે મૂરખ એવું બકે, તેના હાલ બેહાલ.

એક ઘડી પર ભાવ કાં, કોણે દીઠી કાલ ?
કાલ કાળ લઈ આવશે, ઊડી જાશે સાંસ.

પલક ઘડી કી ખબર નહીં, કરે કાલકી બાત;
જીવ ઉપર જમડા ફરે, જ્યમ તેતર પર બાજ.

મનુષ્યને આ ભવ અને પરભવ-બેઉમાં જો સુખની ઝંખના હોય, તો તેણે કરવા જેવાં કાજ, કાલ પર મુલતવી ન રાખતાં, આજે જ કરી દેવાં જોઈએ. આજે વખત નથી, કાલે કામ કરીશુ–એવું તો મૂરખ જ બોલે. કામને કાલ પર છોડી દેનાર વ્યક્તિના બેહાલ જ થાય છે. કાલની રાહ જોનાર કાલ આવતાં પહેલાં કાળનો કોળિયો બની જાય છે.

કાલ યા કાળની બાબતમાં કચ્છના શૂર-દાન-પ્રેમવીર રાજવી લાખા ફુલાણીના જીવનની એક ઘટના ઘણી પ્રચલિત છે. તેની સાથે તેની ચતુર રાણી ઉમાદે, શાણી દાસી પૂગડી અને વિચારવંત કુંવરીનાં નામ પણ જોડાયેલાં છે. લાખો ફુલાણી કહે છે કે-પ્રેમાળ સજણ સાથે હોય છતાં જે તેની સાથે પ્રેમ માણી લેતો નથી તે અભાગિયો છે. તે માટે થોડા દિવસની રાહ જોવામાં, તો શું નું શું થઈ જાય ! તે સાંભળી રાણી ઉમાદે કહે છે: થોડા દિવસ તો બહુ થઈ ગયા. સવાર જોઈ; પરંતુ સાંજે શું થશે, તે કોણ જાણે છે ? પૂગડી દાસીને રાજા અને રાણી બેઉની વાત અધૂરી, ભૂલ ભરેલી લાગે છે. તે કહે છે: અરે, એકાદ પહોર પછી બીજા પહોરે શું થશે, તે પણ કોણ કહી શકે તેમ છે ? પરંતુ કુંવરી રાજા-રાણી-દાસી ત્રણેયને, કાળની ગતિ સમજવામાં, 'ભૂલ્યાં' ગણે છે. તે કહે છે: આંખ પલકારો મારે એટલી વારમાં પણ શું થશે, તેની કોને ખબર છે ? પ્રેમ હોય, દાન હોય કે કલ્યાણકારી કામ હોય-તે સત્વરે સંપન્ન કરી દેવાં જોઇએ:

(લાખો ફુલાણી) લાખો કિયે ન માણિયાં, છતે હુએ જે શેણ;
દયાડા દશ-આઠમાં, કો જાણે કે કેણ ?

(રાણી ઉમાદે) દયાડા દશ-આઠમાં, ફુલાણી ! બવ ફેર;
ઊગતો તો નિરખિયો, આથમતો કે કેણ ?

(દાસી પૂગડી) લાખો ભૂલ્યો લખપતિ, ઉમા ભૂલી એણ;
પહોર પછી શું થશે ?-કો જાણે કે કેણ ?

(કુંવરી) લાખો, ઉમા, પુગડી–ત્રણે ભૂલ્યાં એણ;
આંખ મૂંદે ફરૂકલે, કો જાણે કે કેણ ?

કાળની ગતિ આવી અકળ અને અફર હોવાથી, ચતુર વ્યક્તિ મળેલ અવસરને કામ માટે કદી ચૂકે નહીં. ફરીથી એવો અવસર કદાચ ન આવે. સમય પલટાઇ જાય. દશા નબળી થઈ જાય. આજની સમૃદ્ધિ કાળના પ્રવાહમાં તણાઈ જાય. તેવી વિષમ વેળાએ ધાર્યું કશું ઇષ્ટ કાર્ય થાય નહીં; જેમ કે-

નર તે ચતુર સુજાણ, સર અવસર ચૂકે નહીં;
અવસરનાં એંધાણ, રહે ઘણા દિ', રાજિયા !

જાય પોરો પલટાઈ, વાય વંટોળા નબળા;
ભેયે ભાગ્યા જાય–ગણાતા જે ભડ સબળા.

ઈ ભોંયું ઈ ભોંયરાં, ઈ મંદિરિયાં માળ;
કાળે કીધો કોળિયો, હાથે દેતો તાલ.

જે કરવું તે આજ કર, કાલે શો અવકાશ ?
વધે કામ કાલે નડે, કાલનો નહિ વિસ્વાસ.

ટૂંકી મુદત માનવી, નિત્ય માગણી થાય;
વધે કામ પળ પળ જતાં, આયુષ્ય ઘટતું જાય.

મનુષ્યની જુવાની, શક્તિ કે સમૃદ્ધિ-કશું કાયમ રહેવાનું નથી. બધું જ અહીં-પૃથ્વી પર છોડી ભલભલા પળવારમાં જતા રહ્યા. કંઈ કેટલાય જબરા મનુષ્યો રાખ થઈ ગયા, ધરતીની ધૂળમાં દટાઈ ગયા. કાલ પર મુલતવી રખાયેલ તેમનાં કામ અધૂરાં રહી ગયાં. તો આપણે કોણ ? એટલે, જે કંઈ કરવું હોય, તે આજે કરી લો, કાલ યા કાળ પર મુલતવી ન રાખો. અનુભવી લોકકવિઓ તેમના દુહામાં આવું-વારંવાર કહે છે. દા. ત.

સદા ન જોબન સ્થિર રહે, સદા ન લક્ષ્મી નેહ;
જોબન પલ, સંસાર ચલ, ચલ વૈભવ, ચલ દેહ.

કાહે ચુનાવે મેડિયાં, કરતે દોડાદોડ ?
ચિઠ્ઠી આઈ રામકી, ગયે પલકમેં છોડ.

કબીરા ! થોડા જીવના ! માંડ્યા બહોત મુંડાન;
સબહી છોડ કે ચલ બસે: રાજા-રંક-સુલતાન.

કંઈ થયા, કંઈ થઈ જશે, કંઈ રાણા, કંઈ રાય;
કંઇક બળી રખ્યા થયા, કંઇક ધૂળમાં ઢંકાય.

કાળ ઝપાટે લેય, સ્થાવર જંગમ તીર્થને;
તખતો બદલી દેય, મૂળગાં જાયે, માનડા !

આ ધરતી પર રાજતા અને ગાજતા લાખા ફુલાણી જેવા તો લાખ નરવીર, ઉનડ જેવા કંઈ કેટલાય દાનવીર અને હેમ હેડા જેવા ધનકુબેર પણ હાલી નીકળ્યા. તેમાંનો કોઈ આ વાટે ફરી પાછો ફર્યો નથી. કાળની ગતિ આવી છે, તો જીવનમાં કરવા જેવાં કામ સત્વરે કરી નાંખો: કિશોરવયમાં વિદ્યા, યુવાનીમાં ધન અને વૃદ્ધાવસ્થામાં 'ધર્મ'ની કમાણી કરી લો; અન્યથા જીવન એળે ગયું એમ સમજી લો. પારંપરિક દુહામાં તેવું સ્પષ્ટ કહેવાયું છે:

લાખા જેડા લખ વિયા, ઉનડ જેડા અઠ;
હેમ હેડા ઉન હાલિયા, ફરી ને ઇણી વઠ.

વિદ્યા પહેલી વય વિશે, બીજી વયમાં ધન;
ગ્રહ્યો ન ધર્મ ત્રીજી વયે, એળે ગયું જીવન.

પારંપરિક દુહામાં કાળના મહત્ત્વનું, જીવનની અનિશ્ચિતતાનું અને સત્કાર્યો સત્વરે કરી દેવાના બોધનું કેવું માર્મિક નિરૂપણ થયું છે, તે આ બધાં ઉદાહરણ પરથી સ્પષ્ટ સમજી શકાશે. ❖❖❖

# સાહિત્ય-ચિંતન

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

## (૧) 'પડઘો ક્યાં પડ્યો રસબાલ?'

કવિવર ન્હાનાલાલની આ સૂચક પંક્તિ છે. શું કવિતામાં કે શું સ્નેહમાં આઘાત-પ્રત્યાઘાતના પડઘા નિરંતર પડતા જ રહે છે. ગમે તેવો સમર્થ કવિ હોય પણ જાણતાં કે અજાણતાં એ કો'ક ભાવ, વિચાર કે એકાદ ધ્રુવપદ જેવી પંક્તિથી ઝલાઈ જતો હોય છે ને કો'ક અણમોલ ક્ષણે એ પોતાના કાવ્યના પાયામાં પેલા ભાવ વિચાર કે પંક્તિ-પદાવલિને, ગોઠવી દેતો હોય છે. ન્હાનાલાની જ વાત કરીએ તો એમણે સને ૪-૩-૧૯૪૪ના રોજ, શ્રી સંસ્કૃતિ કેન્દ્ર, મુંબઈના ઉપક્રમે, 'ગુર્જર સંસ્કૃતિના રંગો' એ વિષય ઉપર ભાષણ આપેલું જેમાં એમણે એકરાર કર્યો છે કે :-'જૈનોના ધર્મટંકારવમાંનો એક જૈન-ગુંજારવ મ્હારા શ્રવણોમાં અખંડ ગુંજ્યા કરે છે કે: 'દેવરિયા મુનિવર સંયમમાં રહેજો.' આ પંક્તિ, સર્જકના સંવિદ્‌માં એટલી બધી એકરસ થઈ ગઈ છે કે, ભાઈ અને ભગિનીના નિર્મળ સ્નેહને નિરૂપતું નાટક-'સંઘમિત્રા' લખતાં કવિ અસંપ્રજ્ઞાતપણે પેલી પંક્તિનો પડઘો પાડે છે. 'કેસરિયા જોગી સંયમમાં રહેજો.' અહીં 'દેવરિયા મુનિવરને બદલે કેસરિયા જોગી' થઈ ગયા! મૂળ વાત તો સંયમની છે. દેવરિયા મુનિવર'વાળું પદ કે ભજન મારી પાસે નથી, પણ જેમને તુલના કરવી હોય તેમને માટે હું કવિવર ન્હાનાલાલનું ઉદ્‌બોધન ગીત મારી સ્મૃતિમાંથી રજૂ કરું છું. પ્રસંગ એવો છે કે, બૌદ્ધ ધર્મમાં સંયમના બંધ શિથિલ થઈ ગયા ત્યારે એક રમણીય સંધ્યાકાળે, એક બૌદ્ધ ભિખ્ખુ, પોતાની પોયણી નામની ભિખ્ખુણીને જલવિહાર માટે આજીજી કરે છે ત્યારે પોયણી બોલે છે :-

'કેસરિયા જોગી' સંયમમાં રહેજો
સાગર હો તો માઝામાં વહેજો
કેસરિયા જોગી...
જલને તો ઘાટ હોયે નિર્મળા દેહો
ધર્મને ઘાટ હોયે નિર્મળા નેહો:
કાળને જીવનની કથની કહેજો
કેસરિયા જોગી...
પુણ્યથી ધોઈ ધોઈ પગલીઓ ભરજો,
ધર્મથી ધોઈ ધોઈ કર્મ આચરજો:
સ્મરણોના ડંખ સાધુ ! સ્હેજો
કેસરિયા જોગી...
'બોલો', પડઘો ક્યાં પડ્યો રસબાલ?'

સંભવ છે કે કવચિત્, મૂળ અવાજ કરતાં પડઘો વધુ પ્રબળ ને સ્મરણીય પણ હોય ! આના સમર્થનમાં કવિવર ન્હાનાલાલની જ વાત કરીશ. કવિવર ન્હાનાલાલ અને શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ કવિ 'કાન્ત'. બંને સારા મિત્રો હતા. એકબીજાની પોતાની કૃતિઓ વંચાવવા-સુધારવા-મઠારવા-મોકલતા હતા. 'કાન્ત' ૧૯૨૩માં ગુજરી ગયા. એ પછી પચ્ચીસ સાલ બાદ ન્હાનાલાલ ગુજરી ગયા. કવિશ્રી ન્હાનાલાલની પંક્તિ છે :-

'હૈયાનાં હેત વહેતી વાંસળી વાગી.'

આ પંક્તિના સંસ્કાર ઝીલીને, સંભવ છે કે અસંપ્રજ્ઞાત રીતે, 'કાન્તે' ગાયું:-

'હેત હયાનાં વહતી વાગે વાંસળી.'

'હૈયાને' બદલે કાન્તે 'હયાનાં' કર્યું.

'વહેતી'ને બદલે 'વહતી' કર્યું. હૈયાની વાંસળી તો અકબંધ રહી. પણ બંનેય કવિઓની તુલના કરતાં, ન્હાનાલાલ કરતાં 'કાન્ત'ની પંક્તિમાં 'હ' અને 'વ'ની જે વર્ણસગાઈ છે તે વધુ રોચક, સરલ ને સંગીત-મધુર છે. વળી, ન્હાનાલાલની પંક્તિની દ્રુત ગતિ કરતાં 'કાન્ત'ની લીલયા અવકાશમાં પ્રસરતી સેલારા મારતી ગતિ વધુ પ્રભાવક લાગે છે. આ તો મારો અંગત પ્રતિભાવ છે.

પ્રાચીન સાહિત્યની વાત કરીએ તો આવા પડઘા અનેક કવિઓમાં સંભળાશે. દા. ત. આદિ કવિ નરસિંહનું આ પદ :-

'ભોળી રે ભરવાડણ ! હરિને વેચવા ચાલી,
સોળ સહસ્ર ગોપીનો વ્હાલો, મટૂકીમાં ઘાલી.'

આની સાથે સરખાવો મીરાનું આ પદ :-

'હાં રે ! કોઈ માધવ લ્યો, માધવ લ્યો...
વેચ'તી વ્રજનારી રે,
માધવને મટૂકીમાં ઘાલી
ગોપી લટકે લટકે ચાલી રે.'

નરસિંહની કૃતિ, મીરાંને માટે નિ:શંક પ્રેરણારૂપ બની છે પણ ઉભયની પ્રતિભાનું ફળ સ્વતંત્ર છે. 'હાં રે કોઈ વસંત લ્યો, વસંત લ્યો' એ ન્હાનાલાલની કૃતિને પણ આ જ વર્ગમાં મૂકી શકાય.

'મુખડાની માયા લાગી રે' એ મીરાંના પદમાં બે પંક્તિઓ આમ છે :-

'સંસારીનું સુખ કાચુ, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર શીદ જઈએ રે ? મોહન પ્યારા'.

આની સાથે સરખાવો દયારામના 'વરિયે તો શામળિયો વરિયે રે, વરિયે તો પાતળિયો વરિયે રે.'-એ પદમાંની આ બે પંક્તિઓ:-

'સંસારીનું સગપણ કાચુ, પરણીને રંડાવું પાછું,
એને ઘેર શીદ પાણી ભરીએ રે ?

અહીં તો દયારામે મીરાંના અર્થબોધને પંક્તિક્રમ ઉલટાવી અન્ય રીતે ઝીલ્યો છે. એ અર્થ-ઝીલણ, શબ્દ-સામર્થ્ય અને ભાવાભિવ્યક્તિ મૂળ જેટલી સમર્થ નથી, છતાંયે સમગ્રતયા વિચાર કરતાં જણાશે કે મીરાં અને દયારામ કવિ તરીકે બંનેય અનન્ય છે. કાવ્યને અંતે, કવિનું નામ આપ્યા વિના જ જો નરસિંહ મહેતા, રામકૃષ્ણ મહેતા, રાજે અને દયારામની કૃતિઓ છાપી હોય તો કર્તૃત્વનો સંભ્રમ થાય એવા આ કવિઓ છે; પણ આ ચારમાં નરસિંહ ને દયારામ એ બે તો ઘણા જ સારા ને અતિ લોકપ્રિય કવિઓ છે પણ રામકૃષ્ણ મહેતા અને રાજે પણ અભ્યાસ માંગી લે તેવા ખમતીધર ધ્યાનાર્હ કવિઓ છે.

પરંપરાનું સુવર્ણ તો સૌ સર્જકોને કાજે છે પણ એનો સુડોળ ઘાટ ઘડવામાં ને આકર્ષક રીતે એમાં યથાસ્થાને નંગ જડવામાં સર્જકની મૌલિકતાનો સાચો ઉન્મેષ પામી શકાય.

ભારતની ભગિની ભાષાઓના સાહિત્યમાંથી પણ આવાં પડઘાનાં દૃષ્ટાંતો મળી રહે. આપણા એક લોકગીતની પંક્તિઓ આ પ્રમાણે છે :-

'અમે રે દાદા ! ઉડણ ચરકલડી !
આજ દાદાજીના દેશમાં
કાલે ઉડી જાશું પરદેશ જો.'

હવે આની સાથે એક પંજાબી લોકગીતની પંક્તિઓ સરખાવો.

'સાડા ચિડીઆં દા ચંબા વે
બાબલ અસી ઉડ જાણા
અસી ઉડીઆં સો ઉડીઆં વે
બાબલ કિસે દેશ જાણા.'

મતલબ કે :- 'હે પિતા ! અમે તો ઊડણ-ચરકલડી!'. પંખીના મેળા જેવાં છીએ. હે પિતા ! અમે તો એક દિવસ ઊડી જઈશું. ઊડી ઊડીને હે પિતા ! અમે કોઈ પરાયા દેશમાં જઈશું.'

ગુજરાતી લોકગીતમાં આપણે દીકરાને માટે ગાઈએ છીએ.

'ભાઈ તો મારો દહીંનો ફોદો'

તો એ જ ભાવ પંજાબી લોકગીતમાં નિરૂપાયો છેઃ-

'ઈક્ક વેરી તોર બાબલા,

દોહતા લિઆંઉગી દહી દે ફટ્ટ બરગા!'

અર્થ :- હે પિતાજી ! આપ મને એકવાર (સાસરિયે) મોકલો, જો એકવાર સાસરિયે મોકલશો તો હું આપને માટે 'દહીના ફોદા જેવો દૌહિત્ર લાવીશ.'

દેશકાળ ભિન્ન હોવા છતાં પણ સાહિત્ય કૃતિઓમાં આવા સંવાદના પડઘા સંભળાતા હોય છે. તેનું એક કારણ માનવહૃદયની મઝિયારી ભૂમિ છે. અમુક ઊંડાણ પછી જેમ પાણીના પ્રવાહો એક સપાટી પર વહે છે, તેમ જ ચિંતન પ્રવાહોનું પણ સમજવું રહ્યું. એકવાર હું શેક્સપિયરનાં સાનેટો વાંચતો હતો તેમાં મને આ પંક્તિઓ વાંચવા મળીઃ-

'My eye and heart are at mortal war,

How to divide the conquest of thy sight.'

અને સ્તવરે વિચાર સાહચર્યને કારણે અરે ! વિચાર સામ્યને કારણે ભક્ત કવિ દયારામની 'લોચન મનનો ઝગડો' કૃતિ યાદ આવીઃ-

'લોચન મનનો રે કે ઝઘડો લોચન મનનો,

રસિયા તે જનનો રે કે ઝઘડો લોચન મનનો,

પ્રીત પ્રથમ કોણે કરી ? નંદકુંવરની સાથે

મને કહે લોચન તેં કરી, લોચન કહેતા રે હાથ.

શેક્સપિયરમાં Heart છે, દયારામમાં મન. બંનેયમાં Eye અને લોચન સરખાં છે.

ક્યાંના પડઘા ક્યાંના ક્યાં પડે છે. સાહિત્યની એ તો મઝિયારી બલિહારી છે !

xxx

## (૨) મધુદર્શી વિવેચકની ગદ્યકવિતા

સને ૧૯૮૩માં મેં જ્યારે મારો સાતમો કાવ્યસંગ્રહ નામે 'રટણા', આપણા મૂર્ધન્ય-મધુદર્શી વિવેચક પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીને 'અર્પણ' કરેલો ત્યારે આ બે પંક્તિઓ લખી હતીઃ

'નીરક્ષીર વિવેકે જે હંસના મુગ્ધ છું હું તે-

બુદ્ધિ-ઊંડા, સદા શાન્ત-સ્વસ્થ વિષ્ણુ પ્રસાદને.'

આજથી સાડા છ દાયકા પૂર્વે જ્યારે હું અમદાવાદની ગુજરાત કૉલેજમાં ભણતો હતો ત્યારે અમારી એ જ વિદ્યા સંસ્થામાં ત્રિવેદી સાહેબ મારાથી બાવીસ સાલ સીનિયર હતા ને તે કાળના બંનેય ત્રિવેદીઓ-શ્રી વિ. ર. ત્રિવેદી અને શ્રી રતિલાલ મો. ત્રિવેદી-આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવના પટ્ટશિષ્યો સમા હતા. શ્રી રતિલાલ ત્રિવેદીએ અમદાવાદમાં ન્યૂ એજ્યુકેશન હાઈસ્કૂલ શરૂ કરી અને શ્રી વિ. ર. ત્રિવેદી સાહેબે, સુરતની એમ.ટી.બી.કૉલેજમાં સેવાઓ આપી-જીવનભર.

એક સમયે દાદો બા, દુર્ગારામ અને દલપતરામની સમાજ-સુધારકો તરીકે ગણના થતી હતી ત્યારે એ ત્રણ દદ્દાની જેમ ત્રણ નન્નાઓની સાહિત્ય ક્ષેત્રે નામના હતી. એ ત્રણ નન્ના તે નવલરામ, નર્મદ ને નંદશંકર. આ ત્રણ દદ્દા ને ત્રણ નન્નાની જેમ, એક સમયે પ્રો. રામનારાયણ પાઠક-સમેત-વિવેચન-ક્ષેત્રે પણ 'વિ'ની બોલબાલા હતી. એ ત્રણ 'વિ'-એટલે પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, પ્રો. વિજયરાય વૈદ્ય ને પ્રો. વિશ્વનાથ ભટ્ટ. આ બધા જ બ્રાહ્મણો. આ વિવેચક-ત્રિપુટીના વિવેચન-ગદ્યમાં, વધુમાં વધુ ગદ્ય-કવિતાનો અનુભવ થતો હોય તો તે પ્રો. વિ. ર. ત્રિવેદીમાં. એક સમય એવો પણ હતો જ્યારે ત્રિવેદી સાહેબ વાર્તાઓ, નિબંધો અને ગુજરાતી તેમજ અંગ્રેજી ભાષામાં કાવ્યો પણ લખતા, પણ એમણે કરેલા એકરાર પ્રમાણે તેઓ નિષ્ફળ નીવડેલા કવિ છે...સફળ વિવેચક, કવિ તરીકે નિષ્ફળ જ નીવડે એવો તર્ક ટકી શકે તેમ નથી પણ આત્મનિરીક્ષણ કરતાં એમને લાગ્યું હશે કે કાવ્યસર્જન કરતાં વિવેચન-ક્ષેત્રે એમની વ્યુત્પત્તિ ને પ્રતિભા વિશેષ સફળ થઈ શકે તેમ છે. એક સમય એવો પણ હતો કે કેટલાક વિવેચકો વિવેચનને સર્જનાત્મક સાહિત્યની કોટિમાં મૂકવા ઉધુક્ત થયેલા..તત્સંબંધે ઠીક ઠીક ઊહાપોહ પણ થયેલો. પ્રો. રામનારાયણ પાઠકે તેમના એક વિવેચનસંગ્રહ ઉપર બે હંસનાં ચિત્ર મૂકેલાં...જેમાંના એક હંસની ડોક બીજા કરતાં સ્હેજ ઊંચી રાખેલી. એકવાર મેં એમને આનું રહસ્ય પૂછ્યું તો કહે: 'આ સ્હેજ ઊંચી ડોકવાળો હંસતે સર્જક ને બીજો વિવેચક.' સર્જકની સર્જનકૃતિ પર વિવેચક વિવેચન કરે છે, તત્પૂરતો તે સર્જક કરતાં સ્હેજ નીચે છે. અલબત્ત વિવેચનને સર્જનની સરહદે પહોંચવાની કે અતિક્રમવાની કોઈ મર્યાદા નથી.' મધુદર્શી-મૂર્ધન્ય વિવેચક પ્રો. વિ. ર. ત્રિવેદી સાહેબના ઘણા બધા વિવેચન-લેખોમાં આનાં અનેક દૃષ્ટાંત ઉપલબ્ધ છે. વિવેચનમાં સર્જનાત્મક આનંદની ઉપલબ્ધિ સંબંધે તેઓ લખે છે:

'સાહિત્ય વિવેચનમાં આનંદ પ્રભવમાં હોય, આનંદલક્ષણ તેના આવિર્ભાવમાં હોય, વિવેચનવાચક એ આનંદની સાક્ષી પૂરતો હોય, અર્થાત્ વિવેચનકૃતિ પણ આનંદ નિષ્પન્ન કરતી હોય તો એ વિવેચનને સર્જનાત્મક સાહિત્યની પ્રતિષ્ઠા આપવામાં દોષ જણાતો નથી. હા, સર્જન તરીકે તેની મર્યાદા છે. સર્જનાત્મક નિબંધની મર્યાદા તે બધી સર્જનાત્મક વિવેચનની પણ ખરી.' એમના આ વિધાનમાં એક સ્વ-સ્થ ને તટસ્થ વિવેચકની અચ્છી પ્રતીતિ થાય છે.

गद्यम् कवीनाम् निकषम् वदन्ति । અહીં 'કવીનામ્' એટલે મનીષી લોકોમાં. બંનેય અર્થમાં આ પ્રાચીન કસોટીમાં ત્રિવેદી સાહેબ પૂરા ઉત્તીર્ણ થાય છે. સંસ્કારી ગદ્યની બધી જ છટાઓ ત્રિવેદી સાહેબના વિવેચનાત્મક લખાણોમાં જોવા મળે છે. એમના રોચક, રમણીય અને સૌષ્ઠવયુક્ત ગદ્યના ત્રણેક નમૂના હું આપવા માગું છું. 'ભાવનાલોક'ના સર્જક પ્રો. ત્રિવેદી સાહેબમાં કવિનો આત્મા ધબકે છે. એમના 'આશ્ચર્યવત્' ગ્રંથમાં, 'શીદ સોની ઘેર જઇએ રે'-એ નાનકડા લેખમાં આપણને સૌંદર્યદર્શી, પ્રકૃતિ-પ્રેમી કવિની ઝાંખી થાય છે. માણો આ ગદ્ય-કવિતા: 'આ નિસર્ગમાં આભરણ અને અલંકારની ક્યાં ખોટ છે ? આ વિસ્મૃતિ-કૂપમાં अप्रकेत सन्तिन्ते માં અનિલ જેવો હું-અર્થાત્ લિંગરૂપ સત્ત્વ, આત્મા-તમે સાંભળો છો તે બુલબુલ સાંભળું છું: કહે છે-'ક્વાઈટ ટ્રુ' 'ક્વાઈટ ટ્રુ.' 'સોની ઘેર શીદ જવાનું ? ઘર સામે બોરસલ્લી છે. એના ફુલની સુગંધમાં હું છું. એની રૂપરચનામાં હું છું; એ તમારે હૈયે જ છે. સમજો એટલી વાર. સક્કરખોરો નીચો વળી ફૂલનું મધુ ચૂસે છે. આ ઉત્પલ અરણ્યાનીને અંબોડે છે. અરણ્યાનીને જુઓ એટલે તમે જ અરણ્યાની; અને તમારે જ અંબોડે અનવદ્ય સરસિજ, મોગરાના કંદોરા અને જપાકુસુમનાં ઝૂમખાં; વેલની વેણી ને ચંપાનાં કુંડળ, સૂર્યમુખી સાંકળાં ને પારિજાતની અંગૂઠીઓ; અહો દૂરદૂરથી સંસારનો ઘોર સંભળાય છે. દૂર દૂર તેજના અરુણપટમાં ગિરિશિખરો ડોકાય છે. આ અહીં જ કોકિલા હૃદયને પલાણે છે. આ હાલતી ચાલતી નાચતી ગાતી અરણ્યાની, આભરણવંત અરણ્યાની પ્રત્યક્ષ છે !

'તો, શીદ સોની ઘેર જઈએ રે ?'

સર્જક-કવિ પણ આથી શું વિશેષ સિદ્ધ કરવાનો હતો ? મીરાંબાઇએ આભૂષણોની બાબતમાં આવું રૂપકાત્મક કવિતાઈ-કૌશલ દાખવ્યું છે. ત્રિવેદી સાહેબની પ્રેરણાનો સ્રોત મીરાંની એ પંક્તિમાં રહેલો છે.

મારી સ્મૃતિ સાચી હોય તો, સને ૧૯૪૯ના જૂનાગઢ ખાતેના, ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે 'અનુભાવના' વિષય ઉપર એમણે જે ભાષણ આપેલું તે વિદ્વત્તાપૂર્ણ તો હતું જ પણ એમાં જે શૈલીની શિષ્ટતા-ચારુતા ને કવિત્વ હતાં તે મને ખૂબ જ સ્પર્શી ગયાં હતાં. એમાંય એ ભાષણના સમાપનમાં, જે આર્દ્રતા ને ઉદ્બોધકતા હતાં તે તો કોઈ પ્રથમ કક્ષાના કવિને જશ આપે તેવાં હતાં. આપણે ત્યાં મહાકાવ્યનો અભાવ છે એના અનુલક્ષમાં એમણે કહેલું:-'હું કવિને સ્મરણ કરાવું છું કે આ સો વરસનો ભારતનો ઇતિહાસ તો દશ મહાભારત લખાવે એવડો છે. આ ગાંધીજીનું ભવ્ય મૃત્યુ નગાધિરાજ ડોલે ને સાત સમુદ્ર ગાય એવું કવિતાભર્યું છે. બીભત્સતા, ભીષણતા, ભયાનકતા, ક્રુરતા, નીચતા, સ્વાર્થ અને વિલાસ

સામે ઉચ્ચ માનવતા, સત્ય ને સંયમ ઝૂઝી રહ્યાં છે. એક ક્રૌંચયુગલના વધ નિમિત્તે રામાયણ પ્રગટ્યું; લાખ લાખ કુટુંબ દાઝી રહ્યાં છે ને કોઈ મંહાકવિનો કંઠ નહીં ખૂલે ? હું ચારે કોર જોઉં છું. આ ઉષાઘેણને લઈ આવતાં પંખીઓનાં ગાન વનોપવનમાં સંભળાય છે. હું પર્યુત્સક બનું છું. આ સંધ્યાની જવનિકા સામે સુરખીમાં સુરખી રેડતાં ને વાયુ સાથે ડોલતાં અસંખ્ય કમળો જોઉં છું..અને મારું હ્રદય નાચી ઊઠે છે. હું સુંદર બનું છું. આ રાત્રિ ખેડતા અસંખ્ય તારાઓ મને નોતરે છે ને તેમની સાથે અંધારી કેડીઓમાં હું ટમકું છું. હું સાહસ પલાણું છું છતાં હું શોધું છું ચન્દ્ર ને સૂર્ય. મારે ગંગાના પ્રવાહમાં ઝીલવું છે.'

નિત્ય-અભ્યાસી અધ્યાપક શ્રી ત્રિવેદી સાહેબે એમની શરૂઆતની કારકિર્દીમાં દોઢેક દાયકા સુધી તો અંગ્રેજી ભાષા-સાહિત્યનું અધ્યાપનકાર્ય કર્યું ને શેષ વર્ષોમાં ગુજરાતી-ભાષા-સાહિત્યનું; એટલે એમનામાં પાશ્ચાત્ય તેમજ પૌર્વાત્ય વિવેચનની ઐતિહાસિક તેમજ તુલનાત્મક દૃષ્ટિનો સુપેરે વિકાસ થયો. ધર્મના કાંટા જેવું એમનું બહુધા તટસ્થ વિવેચન ગુણદર્શન ને દોષ-પ્રદર્શનમાં સમતા ને સંવાદ સાચવે છે. વિવેચક ને વિવેચનના આદર્શને રજૂ કરતો તેમજ એમના કવિતાઈ ગદ્યને ઉજાગર કરતો રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ અંગે આપેલ વ્યાખ્યાનમાંનો આ અંતિમ ફકરો માણો: 'વિવેચક માટે

એ આદર્શ સ્થિતિ છે. એ દુ:સાધ્ય છે, પણ અશક્ય નથી. લોકશાસ્ત્ર-કાવ્યાદિ-અવેક્ષણાત્ નિપુણતા તેણે પ્રથમ પ્રાપ્ત કરવી જોઇએ. ભિન્ન ભિન્ન પ્રજાઓના ગ્રંથમણિઓનું પરિશીલન, તેમાંથી કાવ્યશાસ્ત્રીઓએ તારવેલા સિદ્ધાંતોનું પર્યેષણ, શિષ્ટગ્રંથોના સ્વકીય વિમર્શના પ્રકાશમાં પરંપરા પ્રાપ્ત સિદ્ધાંતોનું શોધન, એ બધી પ્રાથમિક તૈયારી માટે અભ્યાસીએ સુરુચિ કેળવવી અને દૃઢ કરવી જોઇએ. સુરુચિ કેળવાય અને તે અંત:કરણનો ગુણ બને ત્યાં સુધી અભ્યાસી સહૃદય સાહિત્ય-વિષયક નિર્ણયો મોકૂફ રાખે અથવા શોધનયોગ્ય ગણે. સુરુચિ દૃઢ થતાં એટલે કે વિવેચન નેત્ર ઊઘડતાં, સિદ્ધાંતોનો સીધો વિનિયોગ કરવો રહેશે નહીં. ગ્રંથમણિ એને વારંવાર સંભારવા પડશે નહીં. વિવેચકનું અખંડ વ્યક્તિત્વ વિવેચન વિષયથી સહજ સ્ફુરી આનંદપર્યવસાયી, સત્યપ્રતિપાદક ને સૌષ્ઠવયુક્ત વિવેચનોમાં પ્રકટ થશે. વિવેચકની એ ધન્યતા હશે; વિવેચનની એ ગરવી પ્રતિષ્ઠા હશે.'

xxx

## (૩) દુર્બોધતા: ભાષાની કે વિચારની?

સને ૧૯૩૮માં મારી સાથે અમદાવાદની ગુજરાત કૉલેજમાં ભણતા મારા એક મિત્રને મળવાનું થયું ત્યારે વાતવાતમાં તેમણે ગુજરાતી સાહિત્યના પલટાતા ગદ્યની વાત કરી. એ કહે : ગાંધીજીનું લખાણ ગદ્ય મને સુપેરે સમજાય છે, પણ ગાંધીજીના પ્રશ્નોના આપેલા શ્રીમદ્ રાજચંદ્રના જવાબનું ગદ્ય મને નથી સમજાતું! મેં પૂછ્યું: 'ગદ્ય નથી સમજાતું કે ગદ્યમાં વ્યક્ત થયેલો વિચાર નથી સમજાતો?' તો કહે : 'વિચારણાનો વિષય સમજાય છે પણ એની અભિવ્યક્તિ સંકુલ હોય છે એટલે પૂર્ણ અર્થ પામવામાં વ્યવધાન થાય છે.' મે કહ્યું: જુઓ સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, સુપ્રજનનશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, વિવેચનશાસ્ત્ર-આ અને આવાં અનેકાનેક શાસ્ત્રોમાં આપણને રસ હોય પણ એમાં આપણને એની સંપૂર્ણ ગતાગમ ન પણ પડે, જ્યાં સુધી આપણે એની ટેકનિકલ વૈજ્ઞાનિક પરિભાષા ન સમજીએ. અધ્યાત્મનું પણ એક શાસ્ત્ર છે, ગહન શાસ્ત્ર છે, એની પરિભાષા પણ વિશિષ્ટ હોય છે; જ્યાં સુધી એ પરિભાષાથી આપણે પરિચિત ન થઈએ ત્યાં સુધી સંભવ છે કે આપણને એમાં ગમ ન પણ પડે; કિન્તુ જો જે તે વિષયમાં ઊંડી જિજ્ઞાસા હોય, રસ હોય તો પરિભાષાને અતિક્રમવામાં ખાસ મુશ્કેલી પડવી ન જોઈએ. સોયના નાકામાંથી આખો હાથી પસાર થઈ જાય ને એનું પૂછડું ભરાઈ રહે એવું ભાગ્યે જ બને. મૂળ વિચાર હાથી છે, અભિવ્યક્તિ એ પુચ્છ છે. કેટલીકવાર વિચાર એટલો બધો ગહન હોય કે એની અભિવ્યક્તિમાં ભાષા લથડે; પણ અધ્યાત્મના વિષયમાં જેઓની ગતિ આરપારની છે, જેઓની અનુભૂતિ ઊંડી સ્પષ્ટ ને સ્વાનુભવના પુટે રંગાયેલી છે તેમને એમની અભિવ્યક્તિ શ્વાસોચ્છ્‌વાસની સ્વાભાવિક પ્રક્રિયા સમાન લાગે છે. શ્રીમદ્ રાજચંદ્રની જ વાત કરું તો એકી બેઠકે લખાયેલું એમનું અધ્યાત્મ-અનુભૂતિનું અનોખું પદ : 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે, જ્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો' આમાં 'અપૂર્વ' શબ્દ ભારે નથી પણ અહીં જે રીતે એનો વિનિયોગ થયો છે તે અપૂર્વ છે. દયારામભાઈએ આવો જ એક શબ્દનો અપૂર્વ વિનિયોગ કર્યો છે. 'અઘરો દિવસ' એટલે કે પરમની સમીપે જવાનો. જીવને શિવમાં ભળવાનો 'મંગલ મૃત્યુનો દિવસ'. શ્રીમદ્ દિવસને બદલે 'અવસર' શબ્દનો પ્રયોગ કરે છે. 'બાહ્યાન્તર નિર્ગ્રંથ' શબ્દનો નખશીખ, સાંગોપાંગ અર્થ ન સમજાય ત્યાં સુધી એ પ્રથમ પંક્તિનું આધ્યાત્મિક મહત્ત્વ-ગૌરવ ન સમજાય. શબ્દ સાવ સહેલો હોય પણ એની અનુભૂતિ ગહન હોય. દા.ત. મીરાંનું આ પદ જુઓ:

'ઉપાડી ગાંઠડી વેઠની રે કેમ મે'કી દેવાય?
એ તો છે શામળિયા શેઠની રે કેમ મે'કી દેવાય?'

આમાં ગાંઠડી શબ્દ-પ્રયોગ કેટલો બધો સૂચક ને અર્થવાહી છે? શ્રીમદ્‌નો નિર્ગ્રંથ શબ્દ-પ્રયોગને મીરાંની 'ગાંઠડી'ની અર્થચ્છાયા કેટલી બધી સૂચક છે અને સુંદરમ્‌ની 'બાંધ ગઠરિયાં મૈં તો ચલી'માં 'ગઠરિયાં'નો પ્રયોગ કેટલો બધો અર્થવાહી છે! ને શ્રી ચંદ્રવદન મહેતાનાં અનેક ગઠરિયાં અહીં યાદ આવી જવાનાં! મીરાંના ઉપયુક્ત પદની અંતિમ પંક્તિ 'હવે લાગી છે મને ઠેઠની રે કેમ મે'કી દેવાય?'માં 'હવે' અને 'ઠેઠ' શબ્દ કેવા તો ગદ્યાળવા છે પણ આ પદમાં એ ગદ્યાળવા મટી જાય છે પણ બલિષ્ઠ બને છે ને આધ્યાત્મિક અનુભૂતિ માટેની અણબૂઝ અભીપ્સાના ભાવવાહક બની જાય છે. ગાંધીજી પરના એક પત્રમાં શ્રીમદ્ રાજચંદ્ર લખે છે 'ભક્તિ જ્ઞાનનો હેતુ છે, જ્ઞાન મોક્ષનો હેતુ છે.' આમાં ભક્તિ, જ્ઞાન અને મોક્ષ શબ્દો ન સમજાય એવા નથી પણ એક શાસ્ત્ર તરીકે ભક્તિનો વિચાર કરીએ, અધ્યાત્મ-જીવનના ઉત્કર્ષમાં સમર્થ માધ્યમ તરીકે જ્ઞાનનો મોક્ષ સિદ્ધિનાં સોપાન તરીકે વિચાર કરીએ ત્યારે એ શબ્દોની ગહનતાનો, વ્યાપકતાનો અને કાર્ય-કારણભાવનો ખ્યાલ સ્પષ્ટ થાય છે. મતલબ કે શબ્દ સહેલા હોય પણ એ સહેલા શબ્દોમાં વ્યક્ત થયેલો વિચાર એટલો બધો ઘન સંકુલ અને સ્ફોટક હોય કે સંપૂર્ણને સહજ અર્થબોધ ન થાય. ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રને પ્રશ્ન પૂછ્યો: 'આત્મા શું છે? તે કંઈ કરે છે? અને તેને કર્મ નડે છે કે નહીં?' આ પ્રશ્નના લાંબા પ્રત્યુત્તરમાં જ્ઞાનદશામાં આત્મા નિજસ્વરૂપને પામે છે તેનું સ્પષ્ટીકરણ ન કરતાં તેઓ કહે છે, જ્ઞાનદશામાં-પોતાના સ્વરૂપનાં યથાર્થ બોધથી ઉત્પન્ન થયેલી દશામાં-તે આત્મા નિજભાવને એટલે જ્ઞાન, દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજસમાધિ પરિણામનો કર્તા છે, અજ્ઞાન દશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્તા છે અને ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગોવશાત્ ઘટપટાદિ પદાર્થોનાં મૂળ દ્રવ્યોનો તે કર્તા નથી પણ તેને કોઈ આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્તા છે. એ જે પાછળ તેની દશા કહી તેને જૈન 'કર્મ' કહે છે. 'વેદાંત' ભ્રાન્તિ કહે છે, તથા બીજા પણ તેને અનુસરતાં એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી. માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાનપરિણામનો જ કર્તા એ સ્પષ્ટ સમજાય છે. જોઈ શકાશે કે આ 'પેરેગ્રાફ'માં વપરાયેલા કોઈપણ શબ્દનો અર્થ ન સમજાય એવો કે અસ્પષ્ટ નથી પણ એનો વિચારવૈભવ એટલો બધો સઘન ને સમૃદ્ધ છે કે જૈનશાસ્ત્ર, વેદાન્તશાસ્ત્ર, તર્કશાસ્ત્રના પાયારૂપ જ્ઞાનને અભાવે તે સરળ રીતે બોધગમ્ય ન થાય. બેરિસ્ટરીનો અભ્યાસ કરતાં, ખ્રિસ્તીધર્મ ને આર્યધર્મને ઝૂલે ઝૂલતા ગાંધી-ચિત્તને સ્થિર કરી સમતાની સ્થિતિએ લાવવામાં શ્રીમદ્ રાજચંદ્રના અધ્યાત્મજ્ઞાને મોટો ને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, પણ ગાંધીજીની અભીપ્સા એટલી બધી જીવંત ને પ્રજ્વલિત હતી કે તેમને ભાષાનું વ્યવધાન નડયું નથી. આપણને નડે છે, કારણકે આપણી જિજ્ઞાસા અને અભીપ્સા ઉત્કટ ને જ્વલંત નથી.

❖❖❖

# આવો, અંતરનાં કમાડ ઉઘાડીએ !

**□ શ્રી મહેન્દ્ર મેઘાણી**

ગ્રેગરી સ્ટોકના અંગ્રેજી પુસ્તક 'ધ બુક ઓફ ક્વેશ્ચન્સ'માંથી નમૂના રૂપે અહીં કેટલાક પ્રશ્નો આપ્યા છે. 'ન્યૂયોર્ક ટાઈમ્સ' દૈનિકમાં દર અઠવાડિયે અમેરિકામાં વધુમાં વધુ વેચાતાં પુસ્તકોની યાદી પ્રગટ થાય છે, તેમાં આ પુસ્તકે પહેલું સ્થાન મેળવેલું.

સામાન્ય જ્ઞાનની કસોટીઓમાં પુછાતા હોય છે તેવા સવાલોના જવાબ આપવા માટે આપણે અમુક માહિતી કે આંકડા યાદ કરવાં પડે છે. પણ આ પ્રશ્નોનો ઉત્તર આપતી વખતે આપણે વિચાર કરવો પડે છે, અંતર-નિરીક્ષણ કરવું પડે છે. આ પ્રશ્નોના કોઈ અમુક જ સાચા જવાબ નથી. એક પ્રશ્નના વિવિધ જવાબો મળવાના અને તે બધા સાચા હોવાના, કારણ કે તે પ્રામાણિક હૃદયોએ આપેલા હશે.

આ પ્રશ્નપત્રની થોડીક નકલો કઢાવીને એક સાંજે સહુ કુટુંબીજનો ભેગાં બેસે અને દરેક જણ એક એક સવાલનો પોતાને સૂઝે તે જવાબ બોલતું જાય, તો પોતાના ઘરનાં જ માણસોની કેટલીક નવી પિછાન પરસ્પરને મળતી જશે અને એ નિખાલસતા વિશેષ નિકટતા પેદા કરશે. બીજે દિવસે, આગલી સાંજની વાતો સંભારીને દરેક જણ એક કાગળ પર કે નોટબુકમાં પોતાના જવાબો ક્રમાંક મુજબ લખી નાખી શકે.

શાળા-કૉલેજના વર્ગોમાં દરેક શિક્ષક પોતાના જવાબો વિદ્યાર્થીઓ સમક્ષ વાંચી બતાવે, તો તેમાંથી પ્રેરણા મેળવીને ઘણા વિદ્યાર્થીઓ ઘેરથી પોતાના ઉત્તરો લખી લાવીને પછીના દિવસોમાં વર્ગમાં વાંચી સંભળાવી શકે. તેમાંથી શિક્ષકો પસંદ કરે તેવા કેટલાક સ્થાનિક કે પ્રાદેશિક છાપાં-સામયિકોને પ્રકાશન માટે મોકલી શકાય. ગ્રેગરી સ્ટોકના પ્રશ્નો નીચે મુજબ છે:

૧. તમે ભૂતપ્રેતમાં માનો છો ? ન માનતા હો, તો 'ભૂતિયા બંગલા' તરીકે ઓળખાતા કોઈ છેવાડાના મકાનમાં તમે એક રાત એકલા ગાળવા તૈયાર થશો ?

૨. આજથી એકસો વરસ પછીની દુનિયા આજના કરતાં વધારે સારી હશે કે ખરાબ ? તમને શું લાગે છે ?

૩. તમને સૌથી વધુ માન કોને માટે છે ? એ વ્યક્તિ પાસેથી તમને કઈ જાતની પ્રેરણા મળે છે ?

૪. તમારું સૌથી મૂલ્યવાન સ્મરણ કયું છે ?

૫. અઠવાડિયા પછી પરમાણુ-યુદ્ધ થવાનું છે એમ તમે જાણતા હો તો તમે શી તૈયારી કરો ?

૬. તમારા જીવનની મોટામાં મોટી સિદ્ધિ કઈ છે ? હજી એના કરતાંય વધુ સારું કશુંક કરવાની આશા તમને છે ?

૭. તમારા નિકટના મિત્રો સામાન્ય રીતે તમારા કરતાં ઉંમરમાં મોટા હોય છે કે નાના ?

૮. છેલ્લે ક્યારે તમારે કોઇની સાથે ઝઘડો થયેલો ? તેનું કારણ શું હતું ?

૯. તમારું બહુ નજીકનું કોઈ સ્વજન પીડા ભોગવી રહ્યું છે, એમનાં અંગો લકવાનો ભોગ બન્યાં છે, અને મહિનામાં એમનું મરણ થશે એમ દાક્તરો કહે છે. એ સ્વજન તમને કહે છે કે, 'આ વેદનામાંથી મારો છુટકારો થાય તે માટે મને ઝેર આપો !' તો તમે આપો ?

૧૦. છેલ્લે ક્યારે તમે એકલા એકલા તમારી જાતને કોઈ ગીત સંભળાવેલું ? અને બીજા કોઇને ક્યારે ગાઈ સંભળાવેલું ?

૧૧. તમારું મૃત્યુ કઈ રીતે આવે તે તમને ગમે ?

૧૨. તમારા જીવનની કઈ બાબત માટે તમે વધુમાં વધુ આભારની લાગણી અનુભવો છો?

૧૩. દેખીતી રીતે સાવ અચાનક થયેલી કોઈ બહારની અસર હેઠળ તમારા જીવનમાં જબરદસ્ત પરિવર્તન ક્યારેય આવેલું ?

૧૪. આવેશમાં આવીને તમે કોઈની સામે ઘાંટા પાડ્યા હોય, એવું છેલ્લું ક્યારે બનેલું ? શા કારણે ? પાછળથી તમને તેનો પસ્તાવો થયેલો ?

૧૫. તમે માંસાહાર કરો છો? કતલખાના પર જઇને કોઈ પશુની કતલ કરવા તમે તૈયાર થશો ?

૧૬. એકાદ વરસમાં અચાનક તમારું મૃત્યુ થવાનું છે એવી તમને ખબર હોય, તો અત્યારે તમે જે રીતે જીવો છો તેમાં કશો ફેરફાર કરો?

૧૭. તમારે જરૂર હોય ત્યારે કોઈ મદદ મળે, તો એ તમે સહેલાઇથી સ્વીકારી શકો છો ? તમે સામેથી સહાય માગો ખરા ?

૧૮. તમને પ્રખ્યાત થવું ગમે ? કઈ રીતે વિખ્યાત બનવાનું તમે પસંદ કરો ?

૧૯. અમુક કાર્ય કરવાનું તમારું લાંબા કાળનું સપનું છે ? અત્યાર સુધી તે કાર્ય કેમ નથી કર્યું ?

૨૦. તમે જેનાથી બચી શકતા ન હો, એવી તમારી કઈ આદતો છે ? તેમાંથી છૂટવા માટે તમે નિયમિત મથામણ કરો છો ?

૨૧. જીવનમાં શાને માટે તમે વધુમાં વધુ પ્રયત્નો કરો છો ?-કોઈ સિદ્ધિ, પ્રસિદ્ધિ, સલામતી, પ્રેમ, સત્તા, જ્ઞાન કે બીજા કશાક માટે ?

૨૨. તમારી એ ફરજ ન હોય છતાં કોઈને માટે તમે કશુંક કરો, અને પછી એ તમારો આભાર પણ ન માને, ત્યારે તમને શી લાગણી થાય છે?

૨૩. દુનિયાભરમાં તમારા મનપસંદ સ્થળે જઇને મહિના સુધી ત્યાં રહી શકો તેમ હો, અને પૈસાની કશી ચિંતા કરવાની ન હોય, તો તમે ક્યાં જાવ અને ત્યાં શું કરો ?

૨૪. આપઘાત કરવાનો વિચાર તમને કદી આવ્યો છે ? જેના વિના જિંદગી જીવવા જેવી ન રહે, એટલી બધી મહત્ત્વની કઈ વસ્તુ તમને લાગે છે ?

૨૫. તમારા મિત્રો તમારે વિશે ખરેખર શું ધારે છે એ નિખાલસપણે કઠોર થઇને તમને કહેવા મિત્રો તૈયાર હોય, તો તમે એવું ઇચ્છો તેઓ તમને એ જણાવે ?

૨૬. તમારા જીવનમાં સૌથી મહત્ત્વની વ્યક્તિ કોણ છે ?

૨૭. અદાલતે કોઈ માણસને મોતની સજા કરી હોય અને પછી એ સજાનો અમલ કોણ કરે તેની ચિઠ્ઠી નાખી હોય તેમાં એ કામગીરી તમારે બજાવવાની આવે, અને તમે તે ન બજાવો તો એ માણસને છોડી મૂકવામાં આવનાર હોય, તો તમે તેની ડોકમાં ફાંસીનો ગાળિયો નાખવા તૈયાર થાવ ?

૨૮. તમારા અવસાનની ચોક્કસ તારીખ જાણવાનું મન તમને થાય કે ?

૨૯. જેને વિશે રમૂજ ન કરી શકાય એટલી બધી ગંભીર કોઈ વસ્તુ તમને લાગે છે ? કઈ ?

૩૦. બીજા કોઇની સમક્ષ તમે છેલ્લે ક્યારે રડેલા ? અને એકલા એ ક્યારે રડેલા ?

૩૧. કોઈની સાથેના સંબંધમાં સૌથી મૂલ્યવાન વસ્તુ તમને કઈ છે ?

૩૨. કોઈ માણસને ફાંસી આપવાની હોય ને તેનું દૃશ્ય ટી.વી. બતાવે, તો તમે તે જુઓ ખરા ?

૩૩. બીજાઓ સાથે જેની ચર્ચા ન કરી શકાય, તેવી અતિ અંગત બાબતો તમને કઈ લાગે છે ?

❖❖❖

Printed & Published by Nirubahen Subodhbhai Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Publis. at 385, S.V.P. Road, Mumbai-400 004. Editor: Ramanlal C. Shah